
C

ઔલાસીમ

પોતાની ઔરતનો કબજો
લેવાનો કેસ

For Reference See Pages: 78, 79, 116, 132.
For page numbers, see the page footer. Page numbers are in 'Page x of y' format


realpatidar.com
C
પોતાની ઓરત ને કબજે
લેવાનો કેસ
realpatidar.com

રાણાવાવના ખોજા કાસમ કાનજીનો પોતાની ઓરત નુરબાઈને કબજે લેવાનો કેસ.

(ભાગ પહેલો)

જુનાગઢ દીવાની અદાલતનો મો. મુ. નં. ૧૦૯/૭૦

છપાવી પ્રગટ કરનાર.

એદલજી ધનજી કાબા.

અમરેલી—કાઠીયાવાડ

ઈ. સ. ૧૯૧૫ સં. ૧૯૭૨

ધી ખોજા પ્રકાશ પ્રીન્ટીંગ પ્રેસ માંડવીરોડ અમરેલીમાં એદલજી ધનજી કાબાએ પોતાને માટે છાપ્યું. અને ખોજા મોહલામાં આવેલી ઓફીસમાંથી પ્રગટ કર્યું. તા. ૨૫– ૩–૧૯૧૫

કીમત છ આના.

ખોજા સાહિત્યના નવા પુસ્તકો

ખોજા પંથ દર્પણ ભા. ૧ લો—

ખોજા લોકોનો અસલ ધર્મ ઇસમાઇલી કે ઇસિનાઅશરી તે બાબતની ચોખવટ માટેનું આધાર અને દલીલ વાળું આ પુસ્તક છે. આગાખાન સાથેના બારભાયા કેસના ફેસલા ઉપરથી, મહુવા કમીશન કેસના ફેસલા ઉપરથી, ઢોળ ખોજા ખાના કેસ ઉપરથી, આગાખાને ખોજા પંથના લખેલા પુસ્તકો ઉપરથી, આગાખાનના કુટુંબીઓએ રચેલા પુસ્તકો ઉપરથી તથા પીરોના ગીનાનો ઉપરથી ખોજાનો અસલ ધર્મ કયો નીકળે છે તેનું સવિસ્તર લખાણ આપ્યું છે કીંમત આઠ આના.

ખોજા પંથ દર્પણ ભા. ૨ જો—

આ ભાગમાં પણ જુદાજ આગાખાનના રચેલાં પુસ્તકો ઉપરથી, બાવા અલીમહંમદે લખેલી કીતાબ ઉપરથી, ખુમ્સના મસલા ઉપરથી, સુન્ની–વોહરા–ઇસ્નાઅશરી તથા આગાખાની ખોજાઓના અકાયદ ઉપરથી, તે જુદા જુદા અકાયદોના મુકાબલાથી, પીરોના ધર્મ ઉપરથી તથા મોમિન કોમના ઇતિહાસ ઉપરથી ખોજાનો અસલ ધર્મ કયો નીકળે છે? તેની સંખ્યાબંધ દલીલો મુળ પુસ્તકોનાં ઉતારા સહ આપી છે. કીંમત આઠ આના.

ખોજા પંથ દર્પણ ભા. ૩ જો—

ખોજા કોમનો અસલ ધર્મ કયો છે તે સિદ્ધ કરનારા પુસ્તકનો આ ત્રીજો ભાગ છે. તેમાં હાજી બીબી વિરૂદ્ધ આગાખાન વાળા કેસના ફેસલા ઉપરથી અને મહુવા ખોજા કમીશન કેસની ખોજા તથા પર કોમના સાક્ષીઓની જુબાનીઓ ઉપરથી, ખોજાનો અસલ ધર્મ કયો તે સિદ્ધ કર્યો છે. વળી મી૦ કાસમઅલી લધાભાઇ તથા મી૦ હાશમ બોધા મ. ના લેખોના જવાબો આપી ખરૂં શું છે તે બતાવમાં આવ્યું છે. કીંમત આઠ આના.

ખોજા પંથ દર્પણ ભા. ૪ થો—

ખોજા કોમનો અસલ ધર્મ કયો તે સિધ્ધ કરવા માટે મહુવા ખાતે આગાખાન તથા મસજીદીઆ ખોજાઓ વચ્ચે ચાલેલા કેસમાં વાદી પ્રતિવાદીના વકીલો મી. નાનજી અભારામ તથા મી. દયાળજિ કરશનજિના ભાષણો, દસ્તાવેજિ આધારો અને ગીનાનોના પુરાવા અપાએલા તે ટાંકી સાબીત કરી બતાવવામાં આવ્યું છે કે ખોજાનો અસલ ધર્મ કયો નીકળે છે કીંમત આઠ આના.

ખોજા પંથ દર્પણ ભા. ૫ મો—

મી. હાશમ બોધા માસ્તરે લખી છપાવેલી "અસલિયતે ખોજા' નો સંતોષકારક જવાબ આપી તેમના ગેરવાજબી અને ધર્માન્ધ લખાણોની પોલ ખોલવામાં આવી છે અને સાથેજ તેમણે અમારા પર તથા ઇમામીયા મઝહબ ઉપર જે ગેરવાજબી હુમલાઓ કીધા છે તેના જવાબો આપી ખોજાનો અસલ ધર્મ કયો એ સિધ્ધ કરવામાં આવ્યું છે.

કીંમત આઠ આના.

મફત ખોજા પંથ દર્પણના પાંચે ભાગો સાથે લેનારને ૧ આગાખાન કેસનો ફેસલો, ૨ આગા હસનઅલીનું વૃતાન્ત, ૩ ખોજા ખુન આરોપ અને ૪ આગા જંગીશાહનો રીસાલો એમ ચાર પુસ્તકો કી. ૧–૮–૦ ના મફત આપવામાં આવે છે.

એદલજી ધનજી કાબા

અમરેલી—કાઠિયાવાડ

૭૮૬

રાણાવાવના ખોજા કાસમ કાનજીનો પોતાની ઓરત નુરબાઈને કબજે મેળવવા બાબતનો

કેસ.

(જુનાગઢની દીવાની અદાલતમાં)

શ્રી સોરઠ સરકાર બાબી બહાદુરની
મે. દિવાની અદાલતમાં
મો. મુ. નાં. ૧૦૫/૭૦

દાવા અરજીનો ઉતારો.

ખોજા કાસમ કાનજી રે. રાણાવાવ તાબે પોરબંદર	વાદી
વિરૂદ્ધ	
ખોજણ નુરબાઇ મેઘજી રે. જામનગર તથા શેઠ હબીબભાઈ કાસમ રે. જુનાગઢ	પ્રતિવાદી

ઓરત કબજે લેવા તથા લગનના હક પુરા કરવા બાબત.

વાદીની [illegible] અરજ કે, નાં. ૧ ની પ્રતિવાદીબાઈ મારી ઓરત છે અને તેની સાથે મારા કાયદેસર લગ્ન સં. ૧૯[illegible] ની સાલમાં થયેલ છે. અને લગ્ન પછી તે મારે ઘેર રહેતી અને અમો ધણી ધણીઆણી તરીકે વર્તતા હતા.

ત્યાર બાદ હું ધંધા અર્થે આફ્રીકા ગયો; ત્યારે મારી ઓરત મારા ઘરમાં મારા બાપ સાથે રહેતી હતી. પાછળથી સં. ૧૯૬૮ ની આખરની સાલનાં [illegible] મારી ઓરતનો દાદો ગોવા ડાહ્યા મારી ઓરતને આંટો દેવાના બ્હાનાથી તેડી ગયો અને પાછી મોકલી નહીં. મેં આફ્રીકેથી આવ્યા પછી, મારે ત્યાં આવવા કહેવરાવ્યું; અને તેડવા ગયા છતાં, આવી નહીં; તેથી સ્વ. જામનગરના ગામ કલ્યાણપુરની મુનસફ કોર્ટમાં મેં તેણીને કબજે લેવા તેણી ઉપર તથા તેના દાદા ઉપર મુ. નાં. ૬૨/૬૯-૭૦ મેં દાવો કર્યો. તેમાં તેમણે કાંઇ વાંધો બતાવ્યો નહીં; એટલે એક તરફ કામ ચાલી તા. ૯-૬-૧૩ ના રોજ મારા લાભમાં હુકમનામું થયું છે; તેની ખરી નકલ સાથે છે,

સદરહુ હુકમનામું બજાવવાનો પ્રસંગ આવ્યો એટલામાં, નાં. ૧ ની પ્રતિ. ત્યાંની હુકમત છોડી ભાગી જઈ અહીં આવતી રહી છે. [illegible]

 છે. જેથી અહીં દાવો કરવા જરૂર પડી છે માટે દાદ માગું છું કે:–

૧. નાં. ૧ ની પ્રતિ. મારે કબજે થઇ લગ્નના હક પુરા કરે તેવું તથા–

૨ નાં. ૨ ના પ્રતિ. તેને રોકે નહીં તેવું તથા

૩ કાયદેસર બીજી જે દાદ અપાવી શકાય તેવું ખર્ચ સહિત હુકમનામું કરી આપવા મે. કરશોજી.

આ દાવાનું કારણ પ્રતિ. નાં, ૧ ની હુકમનામું થયા છતાં મારે કબજે નહીં થતાં અહીં ભાગી આવી. અને નાં. ૨ ના પ્રતિ. એ રોકી રાખી; ત્યારથી અહીંની હુકમતમાં ઉત્પન્ન થયું છે એટલે દાવો મુદતની અંદર છે.

ધારાસર લવાજમનો સ્ટાંમ્પ રૂા. ૫) નો તથા પ્રોસેસ ફી નો સ્ટાંમ્પ રૂા. ૧) એકનો ચોડવામાં આવ્યો છે તથા વકીલાતનામું સાથે છે. એજ

તા. ૧૨ મી ડીસેમ્બર સં. ૧૯૧૩.

વાદીની જુબાની.

જુ. દી. અદાલત રૂબરૂ લખાવું છું કે—

હબીબ કાસમને નામે ઓળખું. નુરબાઇ મેઘજી મારી ધરવાળી છે. નુરબાઇ સાથે નીકા સં. ૧૯૬૧ માં થયા. હાલ નુરબાઇ અહીં આવેલ છે તેવા ખબર થયા છે. તેનો દાદો લાવેલ છે એમ સંભળાય વાત સાંભળી છે. અહીં હબીબભાઇને ત્યાં સંબંધ છે. અમે પરમેશ્વરને પરમેશ્વર કહીએ છીએ તે તે પીરને પરમેશ્વર કહે છે. ફાવી ન શકે તે રૂ તેને ત્યાં તેનો દાદો મુકી ગયો છે. આહીં ત આઠ મહીનાથી ભાગી આવેલ છે ડીકી બજાતે દીવસની આવેલ છે તારીખ. ૧૩–૧૨–૧૩

વાદી તરફનો દસ્તાવેજી પુરાવો નં. ૬

હુકમનામું

મહાલ કલ્યાણપર મુનસફ કોર્ટ.

દિ. મુ. નં. ૬૨ / ૬૯–૭૦ સ. ૧૯૧૩

...મ કાસમ કાનજી રે. રાણાવાવ	વાદી
વિરૂદ્ધ.	
...જી નુરબાઈ મેઘજી તથા ખોજા ડાહ્યા રે. ખાખરડા	પ્રતિવાદી

દાવો

નં. ૧ ની પ્રતિવાદણના કબજે મળવા.

વાદીએ એવો દાવો કર્યો છે કે, નં. ૧ ની પ્રતિવાદણનું મારી સાથે સં. ૧૯૬૧ ની સાલમાં અમારી જ્ઞાતિ મુજબ તથા કાયદેસર લગ્ન થયું છે જેથી મારી ઓરત થાય છે અને લગ્ન થયા પછી મારે ઘેર લાંબી મુદત રહી લગ્નના હક પુરા કર્યા છે વાદી પરદેશ હતો, અને પાછળથી ગયા છ માસ ઉપર વાદીને ઘેર નં. ૨નો પ્રતિવાદી આવી માવતરે આંટો દેવા કહી તેડી ગયેલ છે અને ત્યાર પછી મોકલી દેવાનું કહેતા ના. ૨ નો પ્રતિવાદી મોકલતો નથી. વાદી દેશમાં આવી પ્રતિવાદણને તેડવા જતાં; ના. ૨ નો પ્રતિવાદી કેટલાક ખર્ચ સબબના નકામા વાંધા લઈ તે મારી ઓરતને મોકલતો નથી. ના. ૧ લાની ઇચ્છા છતાં ના. ૨ નો પ્રતિવાદી જે તેનો દાદો થાય તેથી તેની શરમ રાખી. તેની મરજી ઉપરાંત આવી શકતી નથી. જેથી અરજ કે ના. ૧ ની પ્રતિવાદણને લગ્નના હક પુરા કરવા વાદીને કબજે અપાવવાનું તથા આ દાવાનું ખર્ચ ના. ૨ ના પ્રતિવાદીની જાત મીલકતથી અપાવવાનું હુકમનામું કરી આપશો.

આજ તા. ૯ માહે જુન સને ૧૯૧૩ ના રોજ વાદીના વકીલ મી. લાધા વલભજીની અને પ્રતિવાદીયો એક તરફીની સમક્ષ આ મુકરદમો આખર નીકાલ સારૂ નીકળ્યો. તેમાં એવો હુકમ કરવામાં આવ્યો કે, ના. ની પ્રતિવાદણ નુરબાઇએ વાદીને કબજે થવું અને લગ્નના હક પુરા કરવા. ના૦ ૨ ના પ્રતિવાદી પાસેથી આ દાવાનું ખર્ચ વાદીએ તેની જાત મીલકતથી વસુલ કરવું.

નં ૧ ની પ્રતિવાદણનો જવાબ.

હું પ્રતિવાદેણ નુરબાઈ મેઘજી માનસર અરજ કરૂં છું કે, વાદીના આ દાવાનો મ્હારો જવાબ નીચે મુજબ છે.

(૧) વાદીનો દાવો ખીલાફ યાને જુઠો છે. હું તે ઇનકાર કરૂં છું.

(૨) પર રાજ્યના એક તરફી મેળવેલા હુકમનામા ઉપરથી વાદીનો દાવો ચાલી શકતો નથી તેમજ એક તરફી રીતે મેળવેલું હુકમનામું આ રાજ્યની હુકમતમાં મને બંધન કારક કે અસર કરતા નથી.

(૩) વાદીએ લગ્નના કરારોમાં ભંગ કરેલો છે. એટલે તે મને પોતાની ઓરત કહેવાને અને મારી ઉપર તેણીની માંગણી કરવાને હકદાર નથી.

(૪) હાલ હું એની ઓરત નથી અને તે મ્હારો પતિ નથી.

(૫) અમારી જ્ઞાતિ રિવાજથી તેમજ ન્યાય નીતિથી હમે અમારા વચ્ચેનો સબંધ બંધ પડેલ છે

(૬) અમારી જ્ઞાતીએ મને લગ્નની ગાંઠથી છુટા પણ કરેલ છે.

(૭) જ્ઞાતિના રિવાજ અને જ્ઞાતિના ઠરાવ સિદ્ધ હોઇ કરવામાં વાદીને એસ્ટોપલનો બાધ નડે છે.

ઉપલી હકીકત ધ્યાનમાં લઇને વાદીનો દાવો ખર્ચ સાથે રદ કરવા અને મને થયેલ ખર્ચ તેના પાસેથી અપાવવા કૃપા કરશો. તારીખ ૬ જાનેવારી ૧૯૧૪

નં ૨ ના પ્રતિવાદી શેઠ હબીબ કાસમનો જવાબ.

હું પ્રતિવાદી શેઠ હબીબ કાસમભાઇ વાદીએ કરેલા આ દાવાનો જવાબ નીચે મુજબ આપું છું

(૧) વાદીનો દાવો જુઠો યાને ખીલાફ છે.

(૨) દાવા અરજી વાંચવાથીજ જણાઇ આવશે કે, મ્હારા સામે વાદીને દાવાનું કારણ નથી. મને ખોટી રીતે પક્ષકારમાં દાખલ કરી ખર્ચમાં ઉતારેલ છે તેમજ આબરૂને હાની પહોંચાડી છે

(૩) પ્રતિવાદેણુ તુરબાઇ મ્હારે ત્યાં અત્યારે છે તેટલાજ ઉપરથી દાવાનો જવાબદાર થાઉં છું એ કહેવું વાસ્તવિક કે કાયદેસર નથી.

(૪) પ્રતિવાદેણુ તુરબાઇને મેં કદી રોકી કે અટકાવી નથી. એટલે તેવી દાદ વાદીને મળી શકતી નથી.

(૫) દાવા અરજી અપુર્ણ છે. મોઘમ છે. રદ થવા તેવી છે.

(૬) મ્હારી સામે જુદું લવાજમ લીધા સિવાય વાદીનો દાવો ચાલી શકે નહીં.

(૭) જુદા જુદા પ્રતિવાદી સામેના જુદા જુદા દાવાના કારણો આ એક દાવામાં સામેલ થઇ શકતા નથી. ઉપરના કારણો ધ્યાનમાં લઇને વાદીનો દાવો ખર્ચ સાથે રદ કરવા અને મને થયેલો ખર્ચ તેની પાસેથી અપાવવા કૃપા કરશો. એજ અરજ તા. ૪ જાનેવારી સં. ૧૯૧૪

કેસના મુદ્દાઓ.

૧ વાદી સાથે પ્રતિવાદેણુના કાયદેસર છુટા છેડા થયાનું સાબીત છે કે કેમ ?

૨ વાદી ખાનાઇ મટી મસીદીયો થવાથી ધર્મ ભ્રષ્ટ થયો ગણાય કે કેમ ?

૩ તેમ સાબીત થાય તો, વાદી પ્રતિવાદી વચ્ચેના લગ્ન સંબંધને કાંઇ અસર થાય છે કે કેમ ? અને શું. ?

૪ વાદીને કાંઇ દાદ મળી શકેછે કે કેમ ? અને શું. ?

પ્રતિવાદીના સાક્ષીઓ.

૧ વાદી ખુદ રહેવાશી રાણાવાવ.

૨ ખોજા હીરાભાઇ રામજી મુખી રે. રાણાવાવ તે મુખીના કેસ સાથે.

૩ ખોજા ઇસ્માઇલ ભાઇ જુમા રે. સુપેડી ગોંડલ તાબે

૪ ખોજા શરીફભાઇ વેલજી રે. માંગરોળ

૫ કામડીયા તલકસી રવજી રે. જુનાગઢ નીચેના કાગળો સંઘાત જુનાગઢ કૌન્સીલના કેસની ફાઇલ સાથે

૬ કામડીયા કાનજી પરધાન રે. રાણાવાવ

૭ ખોજા કાનજી ડાયા રે. રાણાવાવ.

૮ ખોજા ડાહ્યાભાઇ લાલજી, પોરબંદર ડીવીઝનલ ઇસ્માઇલી કૌન્સીલના ચેરમેન રે. પોરબંદર નીચેના કાગળો સાથે

ખોજા કાસમ કાનજીને નાતબહાર કર્યા બાબતના ઠરાવ સાથે, તેમજ કાનજી કુરજીની આવેલી નોટીસ વગેરે કાગળો સહીત.

૯ ખોજા હાસમ માવજી રે. પોરબંદર

૧૦ કામડીયા જેસા સાજુ જામનગર ઇસ્માયલી કૌન્સીલના ચેરમેન રે. જામનગર

૧૧ ખોજા કાસમ સવજી રે. કેશોદ સબડીવીઝન ઇસ્માઇલી કૌન્સીલના ચેરમેન રે. કેશોદ

૧૨ ખોજા દેવસીભાઇ નથુ ભાયાવદર ઇસ્માઇલી કૌન્સીલના પ્રેસીડેન્ટ રે. ભાયાવદર.

૧૩ ખોજા જાનમહમદ વીરજી રાજકોટ સબડીવીઝન ઇસ્માયલી કૌન્સીના ચેરમેન રે. રાજકોટ

૧૪ ખોજા પીરભાઇ તેજા ગોંડલ સબડીવીઝન ઇસ્માયલી કૌન્સીલના ચેરમેન રે. ગોંડળ

૧૫ ખોજા કાસમભાઇ કુરજી જુનાગઢ સબડીવીઝન કૌન્સીલના ચેરમેન રે. મંઝેવડી

૧૬ ખોજા મામદભાઈ જીવા અમરેલી સબડીવીઝન ઇસ્માયલી કૌન્સીના પ્રેસીડેન્ટ રે. અમરેલી

૧૭ ખોજા રતનસી રાજાણી રે. જાંબુડા તાબે જામનગર

૧૮ ખોજા વાલજીભાઈ નથુ ખાંભા સબડીવીઝન ઇસ્માયલી કૌન્સીલના ચેરમેન રે. ખાંભા (અમરેલી તાબે)

૧૯ ખોજા રામજીભાઇ દેવજી મુખી રે. ગવરીદડ

૨૦ ખોજા રતનસી ભાણજી રે. સણોસરા માણાંવદર

૨૧ ખોજા ભલુ રામજી રે. માલીયા (મીયાણાના)

પ્રતિવાદી નુરબાઇની જુબાની

અદાલતના સવાલના જવાબમાં—

કાસમ કાનજીને ઓળખું છું. તે મારો ધણી થાય. ની સાથે પરણ્યા દસેક વર્ષ થયાં હશે. તેને ઘેર ઢ વરસ થયા નથી. મારો ધર્મ નથી પાળતો એટલે તેને ત્યાં જતી નથી. અમે આગાખાનનો ધર્મ ળીએ છીએ અને તે મસીતીઆનો ધર્મ પાળે છે રો ધણી પાંચ વર્ષ થયા મસીતીયો થયો છે માચાર જાણ્યા એટલે મ્હારો દાદો તેડવા આવ્યો ની ભેગી આવી છું. મેં મારા ધણીથી છુટા છેડા રબંદરમાં મેલવ્યા છે. પોરબંદરની કાઉન્સીલમાં ફરીયાદ કરી હતી. મારા ધણીએ મારા પર રીયાદ કર્યાની મને ખબર નથી. મસીતીયો થયો તે માટે તેના ઘરમાં જવું નથી. બીજુ કાંઇ રણ નથી. મસીતીયા બધા નાત બહાર ગણાય છે.

વાદી વકીલના સુચવેલા—

હાલ હું હબીબ શેઠને ત્યાં વરસથી છું. અહિં મારૂં કોઇ સગું નથી મારા માવતર દુબળાં છે; ટલે પેટ ભરવા અહિં આવી છું. હબીબ શેઠને નોકરી કરૂં છું અને પેટ ભરૂં છું. પેટ વડીયે છું. મારો દાદો જામનગર સુધી ભેગો હતો અને ત્યાંથી ગાડીએ બેસાડી અહીં આવી. જુનાગઢ આવીને જમાતખાને ઉતરી. જમાતખાનાના વારસ હબીબ શેઠ છે. કાઠીયાવાડની કૌંસીલના મુખ્ય તે છે; કે કેમ તે ખબર નથી. જમાતે હબીબ શેઠને ત્યાં જવાનું કહ્યું; એટલે હું હબીબ શેઠને ત્યાં ગઈ અને તેણે રાખી. મારો ધણી અસનાસરી થઇ ગયો તેથી આવી છુ; તો કહે રોટલા ખા ને બેસ. મારો દાદો હઇયાત છે. પુરાતન છે, તેમનું નામ ગોવા ડાહ્યા. તે મને તેડવા આવ્યો હતો. આંટો દેવા તેડવા આવ્યો લતો તેની સાથે હું ખાખરડે ગઇ હતી. તે ગામ જામનગરનું છે કલ્યાણ પરની કોર્ટમા દાવે કર્યાની મને ખબર નથી. ખાખરડે દસ મહીના રહી વરસ દીવસથી અહીં છું. મારો ધણી અગાઉ આગાખાનનો ધર્મ પાળતો નહોતો; એટલે મારે તેને ઘેર ન જવું એમ ઇરાદો થયો. ખાખરડે ગયા પછે તે તીનાસરી થઇ ગયાની મને ખબર નથી. ગણાવાવમાં મસીતીયા હશે, મને ખબર નથી. મસીતીયા હોય છે ખરા. મસીતીયા ને ખાનાઇની દીકરી પરણાવેલ હશે ખરી. એવા કોઇના છુટા છેડા થયા એવા દાખલા છે કે કેમ તે મને ખબર નથી હું તો મારા પંડની માલીક. ન પોસાય તો, ધણીની મંજુરી વગર પણ છુટા છેડા થાય. નાતનો મોટો હોય તે કાઉન્સીલ કરે. પોરબંદરના કાઉન્સીલના મુખી હરજી વલી, ડાહ્યા લાલજી અને હાસમ માવજી છે. તેની પાસે હું પોતે ફરીયાદ કરવા ગઇ હતી. તે કહે કે, તારે પોસાય તો રહે, નહીતર તું છુટી છે. કાઉન્સીલે રૂબરૂમાં કહ્યું હતું. લખીત ઠરાવ નથી. પોરબંદરની કાઉન્સીલે હબીબ શેઠ ઉપર લખાણ કર્યું કે નહી તે મને ખબર નથી. નાતના ધોરણ પ્રમાણે થતું જોઇએ. મારે માથે દાવો થયો નથી. તે મને બીલકુલ ખબર નથી.

પ્રતિવાદી વકીલના સુચવેલા—

હું મારે સાસરે હતી, ત્યારે મારો ધણી પરદેશમાં હતો. ક્યાં તે ખબર નથી, તે મસીતીયો પરદેશમાં થયો તે મને ખબર મારો દાદો તેડી લાવ્યો પછે પડી. ધર્મમાંથી બદલાય જાયતો બાયડી માથે હક્ક રહે છે કે કેમ તે મને ખબર નથી. તા. ૨-૨-૧૪

વાદી કાસમ કાનજીની જુબાની

વાદી વકીલ મુખ્ય તપાસ:— પ્રતિવાદીયણ નુરબાઇ મારી ઓરત થાય. તેની સાથે લગ્ન થયા હતા

[illegible] પછે ૭-૮ વર્ષ મારે ત્યાં રહી; પછે તેનો [illegible] તેને તેડી ગયો. મારા બાપ પાસેથી તેડી [illegible] હું પરદેશ હતો. તેડી ગયા પછે હું નવ મહીને [illegible] આવ્યા પછે હું તેડવા ગયો હતો. તે લો- [illegible] નહી. બીજી વખત તેડવા ગયો તો પણ [illegible] એટલે દાવો કર્યો. કલ્યાણપરની કોર્ટમાં [illegible] મેળવતાં તે લોકોએ ભગાડી મુકી [illegible] રીપોર્ટ બેલીફે કર્યો હતો. અમે દાવો [illegible] ત્યાં ભાગી ગઇ છે. તે કેસમાં તેના દાદા- [illegible] લેવાઈ હતી. તેને દાદે જુનાગઢ ભાગી [illegible] છે; જુનાગઢની કોર્ટમાં મેં દાવો કર્યો [illegible] તે હબીબ ભાઈ શેઠને ત્યાં માલુમ પડી. [illegible] વ્હાલા નથી. અહીં જામીનની અ- [illegible] આવે તો ભાગી જાય તેમ છે. ક- [illegible] મારા લાભમાં હુકમનામું થયું છે.

[illegible]—સંવત ૧૯૬૧ માં મારી ઓરતની ઉમર [illegible] અને મારી ૨૦ વર્ષની હતી. લગ્ન [illegible] હું [illegible] હતો. પાંચ છ વર્ષથી હું [illegible] પરણ્યા પછે હું વર્ષ દીવસે પર- [illegible] હું આફ્રીકે હતો. મારો બાપ [illegible] નહોતો. મારા બાપને નાત બહાર [illegible] મારી સાથે છે. નુરબાઇને અને મારે [illegible] તે ધર્મને લઇને તે લોકોએ કીધી છે. [illegible] તેને આગલે દીવસે અમે ખાખરડા [illegible] અને ભાગતાં જોઈ નહતી. કલ્યાણપરમાં [illegible] ચાલ્યો છે. તે કેસને દસેક મહીના [illegible] તે જુનાગઢમાં હોવી જોઇએ. અ- [illegible] મલ્યા. દાવો કરતાં પહેલાં અમે [illegible] નથી. ભાગી જશે એવા ભયથી [illegible] કરી છે.

[illegible]દી કાસમ કાનજીની જુબાની.

[illegible] વકીલ મુખ્યઃ-

[illegible] બાપદાદાના વખતથી રહું છું. હું સં. [illegible] ૧૯૬૨-૬૩ માં પરદેશ ગયો હતો. હું પાછો [illegible] આવ્યો, મારા લગ્ન સં. ૧૯૬૧ માં [illegible] મારા લગ્ન થયા ત્યારે હું ઇમામી ઇસ્માઇલી ધર્મ પાળતો હતો. મારી ઉમર આશરે ૧૯-૨૦ [illegible] વર્ષની હશે. મારા બાપ પણ ઇમામી ઇસ્માઇલી [illegible] પાળતા હતા. મારા દાદા પણ તેજ ધર્મ પાળતા [illegible] રાણાવાવમાં ખોજાના સો ઘર છે લગ્ન થયા ત્યારે સોએ ઘર એકજ ધર્મ ઇમામી ઇસમાઇલી [illegible]ળતા હતા. લગ્ન થયા ત્યારે રાણાવાવમાં મારો [illegible] ૫ કામડીયા તરીકે ઘણું કરીને કામ કરતા હતા. [illegible] નજી વાલા અમલદાર તરીકે કામ કરતો નહીં; પ[illegible] મામદ પુંજા કરતો. કાનજી અને મામદ બંને મ[illegible] જાનમાં આવ્યા હતા. મારા લગ્ન ખાખરડે થયાં હ[illegible] તે ગામ જામસાહેબનું છે. રાણાવાવની જમાત [illegible] કાગળ ખાખરડાની જમાત પર લઇ ગયા હતા. [illegible] ઇમામી ઇસમાઇલી હતો ત્યાં સુધી આગાખાનને [illegible] જર ઇમામ તરીકે પણ માનતો નહી, પણ મુરશ[illegible] એટલે ધર્મગુરૂ ખરા. આગાખાનને હું ધર્મગુરૂ ત[illegible] કે માનતો હતો. આગાખાનનો કારભાર હું દેશ[illegible] આવ્યો ત્યાં સુધી આલ્યો છે. કારભારમાં છઠ્ઠી [illegible] બાબતો લેવાય છે. સગપણની બાબત, સસુરતા[illegible] પરણેતરની અને મરણની બાબતો લેવાય છે. તે [illegible] વાય કમાણીમાંથી દશાંસ પણ લેવાય છે. તે સિવ[illegible] ચંદ્રાકી અગર માયરો લેવાય છે. આણું કરવા [illegible] આવે તો જેટલી કીંમતનુ આણુ હોય તેનો દશ[illegible] (આઠમો ભાગ) લેવાય છે. સસુર્તાનું દશાંશ લે[illegible] તુ નથી. પેરામણી સામા વાલો કરે તેની દશાંશ [illegible] વાય છે. આગા સાહેબની સાલગરી થતી. દાવો [illegible] તાં પહેલાં તેમાં હું આવતો. ઉપરનો કારભાર ગઇ સાલ[illegible] માર્ચમાં હું આવ્યો ત્યાં સુધી આપ્યો છે. મારી [illegible] રહાજરીમાં મારો બાપ દેતા. ઇમામી ઇસ્માયલી [illegible] મેં વાળા ઇમામની ગાદી ચાલી આવે છે એમ મ[illegible] છે તે ગાદી પર હાલના આગાખાન સુલતાન મહં[illegible] શાહ ૪૮ ના ઇમામ છે એમ માને છે અને અ[illegible] નાસરી થયા તેમાં ૫ સાત વર્ષ થયા. હું અસના[illegible] શરી થયો છું એ વાત રાણાવાવમાં અને કાઠીઅ[illegible] વાડમાં ત્રણેક વર્ષ પર જાહેર થઇ હશે, હું પરદેશ [illegible] તુલીયારને મુરંદાવા હતો. તે માડાગાસ્કરમાં છે, [illegible] ફ્રેંચને તાબે છે, માડાગાસ્કરમાં ઇમામી ઇસમાઇ[illegible] ખોજા છે [અમે હતા ત્યાં ઇમામી ઇસ[illegible] ઇલી ન હતા પોતાથી] અસનાસરી [illegible] થયો તેના ખબર જામનગર જમાતને મેં આ[illegible] હતા. લેખી તે ખબર આપ્યા હતા. આફ્રીકામાં [illegible] જમાત નથી. એટલે ત્યાં કોને ખબર આપું. નોટ[illegible] કઇ સાલના કયા મહીનામાં મોકલી હતી તે [illegible] નથી. જામનગરના કામડીયા જેસા સાજુપર મો[illegible] હતી. મારી પાસે નકલ નથી. ત્યાં બીજા અસના[illegible] શરી મોરંદાવાના છે તે નોટીસ મેં મોકલ્યાનું [illegible] છે. ખમીસ સુમાર રે. સણાવાવ; મેરાલી જાદ[illegible] રે. નાંદ્રોરી અને પીરભાઈ રામજી રે. હડીયાણા

જાણું છે બીજાના નામ યાદ નથી ખમીસ સુમાર ૩૦-૪૦ વર્ષથી અસનાશરી છે. મેરાલી મારા પહે-લાં અસનાશરી થયો છે; પણ ક્યારે તે ખબર નથી પીરભાઇ મેરાલી સાથે થયો. હતો નોટીસ મોકલે અઢી પોણાત્રણ વર્ષ થયાં હશે. નોટીસનો જવાબ મને આપ્યો નથી. હું આવ્યા પછે. મારા બાપને જમાતે મારી સાથે બોલવા ચાલવાનો વ્યવહાર રાખવા મનાહ કરી. મારા બાપે મારી સાથે બોલવા ચાલવાનો વ્યવહાર મહીનો દોઢ મહીનો બંધ રાખ્યો હતો તે પછી તે મારી ગરવાલીને તેડવા ગયો. તેને બ લોકોએ મોકલી નહીં. મારા બાપને પણ નાત બહાર કરી વ્યવહાર બંધ કર્યો. હું ઇમામી ઇસ્મા-ઇલી હતો ત્યાં સુધી ધર્મ ક્રિયા કરવા ખાનામાં જતો. ખાનામાં જઇને ધુવા પડતા. હું પોતે શીખ્યો હોતો. પણ બીજા પડાવે એમ. પડતા તેમાં ૪૮ નામ અને ૧૦ અવતારના નામ આવે છે હું ધુવા પડવા કોઇ દી ગયો નથી. એકાદ વખત ગયો હોઉં તે કહી શકું નહિં પણ ધુવા દીવસમાં ત્રણ વખત પડે છે. સાંજે રાતે નવ બજે અને પરોઢીએ કુર દ આગા સાહેબને આપતા હતા. આ નાતની રીત પ્રમાણે દેતા. સવાબ મળશે એમ માની તે આપતા હતી. ઇમામી ઇસ્માઇલી ઇમામની ગાદી કયામત સુધી રહેશે. એમ માનતા હશે. હિંન્દુમાંથી ખોજા પીર સદરદીને બનાવ્યા એમ સાંભળવામાં છે. પીર સદરદીનના જ્ઞાન બતાવેલાં છે અને તેનું નામ તેમાં આવે છે. જ્ઞાનને ઇમામી ઇસ્માયલી માને છે. ને આસરા પડયા પછે જ્ઞાન બોલે છે. પીર સદરદીન ઇમામી ઇસ્માયલી હતા કે નહિ તે જાણતો નથી, નુરી નીકા ખોજાએ પડાવી હતી. નીકા આગાખાન કે કેમ તે ખબર નથી. રાણાવાવથી જાન ગાજતે વાજતે જોડી હતી. ગીત ગાતા હતા. હીન્દુનાં ગીતને ગાતાં હતાં ખાખરડામાં પરણીને વરકન્યા ખાને લાગવા વાજતે ગાજતે ગયા હતાં. છેડા છેડી બાંધી હતી. ગીત ગવાતાં હતાં. રાણાવાવમાં ખાને લાગવા ગયા ન હતા; પણ પરબારા ગયા હતા ઇમામી ઇસ્માયલીમાં એક ઓરત પર બીજી ઓરત કરવી હોય તો આગળ જુનાગઢ પરવાનગી લેવા જતા. જુનાગઢના વારસ પાસે પરવાનગી લેવા જતા વારસ કાસમ શેઠ હતા. વારસનું પદ આગા ખાને આપ્યું હતું એમ સાંભળવામાં આવે છે.

આવે ને છેડા છુટકો કરવા હોય તો તેમાં વારસની પરવાનગી જોઇએ. ધણી અને વારસ બંનેની પરવાનગી આપી અને ધણીએ ના પાડી એવો દાખલો બન્યો મારા જાણ્યામાં નથી. ધણીને પુછયા વગર વારસ પરવાનગી ન આપે. ઇમામી ઇસ્માયલી ધર્મવાળા નાત રિવાજ મુજબ કામ કાજ કરતા. તે કાનુનો લખેલા હતા નહીં. હાલ લખેલા બહાર પડયા છે. પ્હેલાં એવું ધોરણ હતું કે, જેને ફરીયાદ હોય તે પોતાની જમાતમાં ફરિયાદ કરે તેનો જમાત ફડચો કરે. ફડચો કરવામાં વાંધો આવે તો જમાત વારસને પુછે.

અસનાશરી ધર્મવાળા બાર ઇમામને માને છે. બાર ઇમામોનાં નામો નીચે પ્રમાણે—

૧ હજરત અલી, ૨ હસન, ૩ હુસેન, ૪ હજરત જેનાલાબદીન, ૫ મહમદ બાકર, ૬ જાફર સાદીક, ૭ મુસા કાઝીમ, ૮ અલી ઉર્ફે મુસારેજા, ૯ મહમદ તકી, ૧૦ અલીય નકી, ૧૧ હસન અસકરી, ૧૨ ઇમામ મહમદ મેહેંદી. બારમો ઇમામ ગેબ થઇ ગયો છે એમ અસનાશરી માને છે બારમા ઇમામથી ઇસલામની ગાદી બંધપડી છે એમ પણ માને છે. રોજ કયામતને દિવસે બારમા ઇમામ પ્રત્યક્ષછે એમ માને છે. જે હાલ અદ્રસ્ય હાજર છે એમ માને છે.

અસનાશરી લોકો હાલ દુનિયા પર કોઇ ઇમામ હાજર છે એમ માને છે કે નહીં તે હું માહેતગાર નથી. એટલે દરજે હું માહેતગાર થયો નથી. અસનાશરી લોકો ધુવા પડતા નથી. ધુવાને માનતા નથી. નીમાજ પડે છે (ઇસ્માયલી લોરો ધુવા ઉપ-રાંત—નીમાજ પડે છે. ઇમામી નીમાજમાં મહંમદ પેગંબરને ખુદાનું નામ આવે છે. કોઇ પણ ઇમામ-નાં નામ આવતાં નથી. અસનાશરી લોકોમાં કોઇ ધર્મ ગુરૂ નથી. કુરાન સરીફને માને છે પોતાની) અસનાશરી લોકો આગાખાનને ધર્મગુરૂ અથવા ઇમામ તરિકે માનતા નથી. અસનાશરી લોકો પીર સદરદીનના જ્ઞાનને મ[illegible] હાલ જે જ્ઞાન બોલાય છે તે ખોટાં છ ત અમ[illegible]ના નથી. અસલ જ્ઞાનને માનીયે છીએ. પીર સદરદીનના અસલ જ્ઞાનની ચોપડી મેં કોઇ વાંચી નથી. હાલના જ્ઞાન અસલ જ્ઞાન નથી જુદાં છે એમ લોકોના કહેવાથી જાણું છું. અસનાશરી લોકો પાસેથી મેં તે બાબત સાંભળ્યું નથી; પરંતુ ખાને જાય છે તે લોકો કહે છે કે અસલ જ્ઞાન બોલતા નથી. કોની પાસે સાંભ-ળ્યું તે કરી શકું નહિં. અસલ જ્ઞાન મેં કોઇ પાસેથી સાંભળ્યાં નથી. અસનાશરી લોકો દસ અવ-તારને માનતા નથી ચોરાસી લાખ યોનીમાં ફરવું પડે છે એમ ઇસ્માઇલી માને ને અસનાશરી ન

[illegible] એ મને ખબર નથી. એટલે ઉડૌ હું ઉતર્યો [illegible]. અસનાઅશરી લોકોમાં લગ્ન ક્રિયા જમાત [illegible] કુરાન સરીફ જાણતો હોય તે કરાવે. અસનાશ[illegible] [illegible] ક્રિયા મેં જોયેલી નથી; પણ કુરાન સરીફ [illegible] તે [illegible] ક્રિયા કરાવે છે એમ સાંભળ્યું છે. [illegible] નાસર માવજીનો દીકરો અને [illegible] બ્હેનના નીકામાં ગયો હતો. નીકા [illegible] કુરાને સરીફ બણેલો હતો એવો [illegible] હતો.

[illegible] ક્રીયા વખતે ઢોલ નહતો. ફોનોગ્રાફ [illegible] જુદી બેઠક હતી; ત્યાં માંડવા નજીક [illegible] અસનાસરી ધર્મમાં લગ્ન વખતે વાજા [illegible] પ્રતિબંધ હોવાનું ધ્યાન નથી. જેને [illegible] તે વગાડે. મેં ઇસમાઇલી ધર્મ મારા [illegible] છોડ્યો. ઇમામી ઇસ્માયલીમાં જ્યાં [illegible] છે ત્યાં મુખી કામડીયાની અમલદારી [illegible] કામડીયા આગાખાન [illegible] અસનાઅશરીમાં તે પ્રમાણે નથી, [illegible] પોતાની ધર્મ ક્રિયા મસજીદ અગ[illegible] કરે. અસનાસરી ખોજાંઓ સાથે ઇસ્મા[illegible] ચાકરીનો અને બીજો વ્યવહાર બં[illegible] છે. અસનાસરી અને ઇસ્માયલી વચ્ચે હવે [illegible] નથી. પણ થયેલાં સગપણ તુટયાં જા[illegible] સગપણ થયાં પછે ફરી જાય તો સ[illegible] એવો હવે દસ્તાવેજ લે છે. ઇ[illegible] કયા ઇમામથી જુદા પડે [illegible] નથી. ઇમામી ઇસ્માઇલી લોકો [illegible] ઇમામ તરિકે માને છે. શાહ ઇસ્મા[illegible] દીકરા થાય. ઇસ્માઇલીએ [illegible] ઇમામ માન્યા. અને અસનાસરીએ [illegible] ઇમામ માન્યા. હું ઇમામી [illegible] ત્યારે આગાખાનના દરશન કરવા હું [illegible]. મારી અવસ્થા નાની હતી. મા [illegible] ક્યાં જતા તે યાદ નથી. હું [illegible] ગયો. તે વખતે મારાં લગ્ન [illegible] હું દર્શન કરવા ગયો ત્યારે મારી ઉમર [illegible] સંવત ૧૯૫૬ માં આંહી ન હ[illegible] આગાખાનના દર્શન કરવા ગયો નથી એક [illegible] કરવા પરવાનગી લેતી વખતે કાંઇ [illegible] કે કેમ, તેમજ છેડા છુટકા વખ[illegible] કે કેમ તે માહેતગારી નથી [illegible] અમારાંમાં થતો નથી. પો[illegible] અસનાસરી થઇ જાય

અને ઓરત છેડા છુટકો કરવા માગે તો ઇસ્માઇલીએ છેડા છુટકો આપ્યો એવું મારા જાણ્યામાં નથી. નુ-રબાઇએ પોરબંદરની કૌન્સીલમાં અરજ કરી હોય અને તેણે છેડા છુટકો કર્યો એવું તે મને ખબર નથી. અમે પોરબંદરની કૌન્સીલમાં બે ત્રણ અરજો કરી પણ જવાબ ન દીધો. અને અમને ન્યાત બહાર કર્યા. મારા બાપ દેવા ગયા હતા. મારી પાસે નકલો નથી. હું અરજી લખાઈ ત્યારે હાજર નહતો, અરજી આપ્યાનું મારા બાપના કહેવાથી જાણું છૂં ત્યાં બે ત્રણ વખત મારો બાપ કમેટીમાં ગયા હતા આફ્રિકામાં મીજંગામાં ઇસ્માયલી જમાત છે. મીજંગા માડાગાસ્કરને તાબે છે. મીજંગામાં કૌન્સીલ છે કે કેમ તે મને ચોકસ ધ્યાન નથી. કેમકે તે બહુ મોટું છે. મીજંગાની કૌંસીલે હું અસનાસરી થયાની કાઠીયાવાડમાં ખબર આપી તે મને ખબર નથી. ધારસલા અને મોંબાસામાં તડા બે છે એમ જાણું છું જંગબારમાં પણ તેજ પ્રમાણે છે. ધારસલા જર્મન તાબે હોવું જોઇએ. જંગબાર ઇંગ્લીશને તાબે છે મોંબાસાની ખબર નથી. ઉપર કહેલી જગ્યાએ મેં અસનાસરીના ખબર આપ્યા નહતા.

વાદી વકીલ ઉલટ—

આગાખાનની મા અસનાસરી ધર્મ પાળે છે?

આ સવાલ સામે પ્રતિવાદી વકીલે વાંધો લીધો તે રદ કરી સવાલ પુછવા દીધો.

આગાખાનની ઘરવાળી પણ અસનાસરી છે. આગાખાનના બીજા સગાં વ્હાલાં અસનાસરી છે. [illegible]સમાઇલીમાંથી અસનાસરી થયો તેની ઓરત [illegible]ડાવી દીધી એવું હજી સુધી બન્યું નથી. ખોજા[illegible] મુસલમાની શરેહ મુજબ ચાલે છે અસના[illegible]રીમાં ગીત ગવડાવવા વાજા વગડાવવા પ્રતિબંધ [illegible] નથી કલ્યાણપુર કોર્ટમાં મેં દાવો કર્યો હતો તે [illegible] વખતે નુરબાઈ ખાખરડે હતી, અમે વારંટ બ[illegible]જાવવા ગયા અને તે ભાગી ગઇ અને પછી [illegible] જુનાગઢના વાવડ થયા, તુલીયારમાં એકાદો ઇ[illegible]સ્માઇલી છે તે ઉપરના ગામમાં જ્યાં હું બેસતો ત્યાં ઇસ્માઇલી નથી, મીર્જગા હું જે ગામ રહેતો હતો ત્યાંથી પાચ સાત દિવસ નીકળતો અને એક દિવસનો મછવાનો રસ્તો છે.

વાદી વકીલ ફેર તપાસ—

આગાખાનની મા અને ઓરત ને ધર્મ ક્રિયા કરતાં તે જોયેલી નથી પણ હાજી બીબીના કેસમાં વાચ્યું છે. તે અમારા લોકો ભેગા થાય તે કહે છે અમારા ધર્મમાં છે. આગાખાનને પણ ધર્મ ક્રિયા કરતાં જોયા નથી [illegible]

છોકરાની દીક્ષાના દાખલાની મેં તજવીજ કરી નથી ખોજા લોકો ખતના કરાવે છે. રોજા રાખે છે. મોહરમ કરે છે. ઇદ-બરાત પાળે છે ને પરથી બીજા શરેહી મુજબ ચાલતા કહું છું.

અદાલતના સવાલના જવાબમાં—

ઇસ્માંઇલી અને અસ્નાશરી નીકા સરખી રીતે મુસલમાનની રીત મુજબ પડાય છે. તાં. ૫-મે ૧૯૦૪

પ્રતિવાદીયણ નુરબાઇ મેઘજીની જુબાની

પ્રતિવાદી વકીલ મુખ્ય—

હું ઇસમાઇલી આગાખાનનો ધર્મ પાળું છું. વાદી હાલ મસીતીયાનો ધર્મ પાળે છે

હું મારે માવતરે આવી ત્યારે દોઢક વરસે મને ખબર પડી કે, મસીતીયાનો ધર્મ પાળે છે, હું વાદીને ત્યાં જવા માગતી નથી વાદીને અમારી નાતે નાત બહાર કર્યો છે તે નાત બહાર છે; એટલે હું જવા માગતી નથી મારો છેડા છુટકો કરવા મેં પોરબંદરની કાઉન્સીલમાં અરજ કરી હતી, પોરબંદરની કાઉન્સીલે કહ્યું કે તારે ન પોસાતું હોય તો કામ કરીને ખાજે. તારે ઘર કરવું હોય ત્યારે ઘર કરજે,

મને પરણે દસ વર્ષ થયાં. પરણીને સાસરે ગઇ હતી. હું પરણ્યા પછી મારો ધણી છ માસ રહી પરદેશ ગયો ને પછી હું પણ સાસરે હતી. દોઢક વરસ પહેલાં મારે માવતર આવી; ત્યાં સુધી ત્યાંજ હતી. માવતરે મારો દાદો તેડી ગયો. આંટો દેવા તેડી ગયો હતો મુકી જવાનું કીધું ન હતું. તેડવા આવવા કહયું હતું. મારો ધણી ત્યારે હજી પરદેશથી આવ્યો ન હતો. મને મારો ધણી મસીતીયો થયાની ખબર પડી એટલે હું ન ગઇ. મસીતીયો થઇ ગયો તે ખબર પોરબંદરની નાતનો કાગળ આવ્યો હતો તેથી ખબર પડી. કાગળ નાતમાં હશે. કાગળ મારા બાપ પર આવ્યો હતો. ખાખરડામાં આ મારી નાતનાં આઠ ખોરડાં છે. મુખી લાલજી છે. માહા માસમાં આવ્યો હતો. મારો ધણી ફાગણ માસમાં આવ્યો હતો. મારો ધણી અને માસે સસરો તેડવા આવ્યાની મને ખબર નથી. હું તે પછે અહિં આવતી રહી હતી. મારો સસરો ઉપર કહ્યા મુજબ એકજ વખત તે વાર આવ્યો હતો. મારો ધણી પરદેશથી આવ્યા પછી મારા ભેગો પણ થયો નથી. મને રૂા. ૨ આપ્યા નથી. મારા દાદાએ મારા કપડા માટે મારા સસરા પાસેથી રૂપિયા ૧૦ લીધાની મને ખબર નથી. ભીભાજી કે કોઇ સાથે મેં મારો ધણી તેડી જાય તો જાઉં એમ કહેરાવ્યું નથી.

સ. તમે ઘરેણાં લુગડાં સાથે લઇને ગયા હતા કે કેમ? અને પાછા આપ્યાં છે કે કેમ?

આ સવાલો સામે પ્રતિવાદી પક્ષે વાંધો લીધો કે તે સવાલો લગતા નથી.

વાદી વકીલ કહે છે કે, છુટા છેડા થયાનું કહેવામાં આવે છે અને છુટા છેડા થયા હોય તો ઘરેણાં લુગડાં પાછા દેવા જોઇએ; તેમ થયું હોય તો પહેલાં છુટા છેડા ન થયાનું અનુમાન લઇ શકાય માટે રેલેવન્ટ છે રૂલીંગ સવાલ પુછવા દેવામાં આવે છે. સાસરેથી ગઇ ત્યારે હું હાથની કડલી; નાકનું ફુલ, ઢોળીઆં, બે વેઢલા બે, કરડા ૩, પાંદડી ૧, લઇ ગઇ નથી કપડાં મને કંઇ પહેરવાં દીધા નથી. કલ્યાણપર કોર્ટમાં મારા પર દાવો કર્યાની મને ખબર નથી. મારા દાદાની રજા લઇને ગઇ હતી. મેં કહ્યું. રોટલો દો તો ભલા; નહિં તો કામી ખાઇશ. તે કહે અમારે ત્રેવડ નથી મને કહ્યું; દીકરી જા, કામી ખા ખાખરડેથી જામનગર ગઇ. ત્યાં એક રાત રહી. ગાડીમાં બેસીને અહિં આવી. આહિં ખાને ઉતરી. ત્યાંથી પછે હબીબ શેઠનું ઘર પુછી ત્યાં ગઇ અને હાલ [illegible]ાં છઉં. મારા મા બાપની શકિત મને રોટલા પુરે [illegible]લી નથી. મારી પાસે મીલકત નથી. દાવાનો ખ[illegible] આગા સાહેબ દેશે. ઇસ્માઇલી ધર્મમાં ખાને જ[illegible]બે અને નીમાજ પઢીએ. મસીતીયા નીમાજ પઢ કે નહી તે મને ખબર નથી ઇમામી ઇસ્માઇલી અને મસીતીયામાં શું તફાવત છે તે મને ખબર નથી. પોરબંદર અરજી આપવા હું પોતે ગઇ હતી.

ખાખરડેથી આંહી આવ્યા પહેલાં પોરબંદર મહીના કદી મોર અરજી આપી હતી. મારો દાદો ભેગો આવ્યો હતો. છેડા છુટકાનો લેખીત હુકમ આવ્યો છે. મારા પાસે નથી. ખાખરડામાં જાદવજી વાલજી નામનો ખોજો છે તે ઇમામી છે. તેની બેનો મસીતીયામાં છે. હશે મને ખબર નથી. શામજી નાનજી પરદેશ છે. તે ખાનાઇ છે. આગા સાહેબનો ધર્મ પાળેછે. જાદવજી વાલજીના ઘરમાં ખાનાઇની દીકરી છે. અમારામાં નીકા પડે કાસમને નાત બાર કર્યો[illegible]

[illegible] આવ્યો હતો. કાસમ ઇમામી [illegible] તે [illegible] હું તેને ઘેર જવા ખુશી નથી.

[illegible]—

[illegible] મહીનામાં તેડી આવ્યા [illegible] કાગળ ખાનામાં વંચાયો [illegible] ધર્મ ક્રિયા અમારો મુખી લાલજી [illegible] કરાવે છે. તે આગા સાહેબની [illegible] કરાવે છે. નીમાજ એટલે અમારી દુવા. [illegible] છે. મારા દાદાની ઉમર ૮૦ [illegible] મે. ૧૯૧૪

[illegible] બાપ કાનજી કુરજીની જુબાની

[illegible] મુખ્ય તપાસઃ—કાસમ મારો દીકરો [illegible] તેની ઓરત થાય. લગ્ન ૧૯૬૧ માં [illegible] નુરબાઈ અમારે ઘેર હતી. સં. [illegible] સુધી મારે ત્યાં રહી. તેનો દાદો ગોવો [illegible] મોકલવાનું કહી તેડી ગયો. મારો દી- [illegible] પાછા વરસાદના દી આવી ગયા. [illegible] હું ગયો. તો કહે કે, તમારો દી- [illegible] મોકલશું. મહા મહીને તેના ધણી [illegible] તેડવા ગયો. તેને કહે ઇસ્માઇલી જમાત [illegible] તે પાછો આવ્યો એટલે અમે ગયા. [illegible] અમને જમાત અટકાવે છે. પોરબંદરની [illegible] કરી કે મારા દીકરાને ઇસ્માઇલી [illegible] ત્યાં તો તેણે મુદત નાંખી ને કહે [illegible] આવશે એટલે પરવાનગી આપશું. પછે [illegible] નાત બહાર મુકયા પછે કલ્યાણપરે [illegible] કર્યો ત્યારે બાઈ ખાખરડે હતી. જ- [illegible] હતી. અહીંથી માણસ બાતમી લઇ ગયો [illegible] ત્યાં બાઇ કે તેનો દાદો નહોતા. બહાર [illegible] ગયાં. કલ્યાણપરની કોર્ટમાં તેના દાદાની [illegible] હતી. પછે અહીંઆ ખબર પડયા એટલે [illegible] અહીં તે બાઇનું કે અમારે સગુ [illegible] નથી. [illegible] ત્યારે હબીબ શેઠને ત્યાં હતી [illegible] જાગી જશે.

ઉલટ:—અમારી સાગી નાતવાળા કહે છે કે [illegible] જરી, [illegible] કાનજી દામા કહેતા હતા. [illegible] પછે તેણે કહ્યું હતુ. અહીંના વાતો [illegible] છે. કોઇને ઓળખતા નથી. અહીં લાલજી [illegible] વાળાને ત્યાં ઉતર્યો. હોટેલમાં બાઇ થતી હતી [illegible] મેં નજરે જોઈ નથી.

દાવો માંડ્યો ત્યારે હું ને કાસમ ખાખરડે ગયા હતા. કલ્યાણપરમાં કેસ એક તરફી ચાલ્યો છે. મારો દીકરો પરણ્યો ત્યારે અમે ઇસ્માઇલી હતા. મારો દીકરો આવ્યો ત્યારે ચાર મહીના સુધી હું ઇસ્માઇલી હતો ગઇ દીવાળીએ મસીતીયો થયો લગ્ન પછે વર્ષ સવા વર્ષે તે આફ્રીકે ગયો. ત્યાં મસીતીયો થયો. અમને ખ- બર ન હતી. મેં દંડ રૂ. ૧૦॥ ભર્યો છે, મને જ- માતમાં લીધો છે મને જમાતમાં જવા આવવા છુટ આપી. કન્યા માટે બીલકુલ ઠરાવ આપ્યો નથી.

જામનગરની ઇસમાઇલીયા કૌન્સીલના ચેરમેન જેસા સાજનની જુબાની.

હું આગાખાનની નોકરી કરૂં છું. આગાખાનનું કૈ. મુ. નામું મારા પાસે છે. જામનગરમાં કાઉન્સીલ છે. તે કાઉન્સીલ જામનગર સબડીવીઝન કાઉન્સીલ તરીકે ઓળખાય છે. હું તેનો ચેરમેન છું. હું શીઆ ઇમામી ઇસ્માયલી આગાખાનનો ધર્મ પાળું છું. તે ધર્મ પુર્વતોથી પાળું છું. ખોજા મુળ હીંદુ હતા. હીંદુમાંથી ખોજા પીર સદરદીને બનાવ્યા. પીર સદરદીન પોતે શીઆ ઇમામી ઇસ્માઇલી ધર્મના હતા ખોજાઓને તેમણે તે ધર્મના બનાવ્યા. ઇસ્માયલી ધર્મનો પહેલો ઇમામ અલી. અલીની ગાદી કાયમ છે અને હાલના હાજર ઇમામ સર સુલતાન મહંમદશાહ ૪૮ મા ઇમામ છે; એમ અમે માનીએ છીએ. તે ગાદી રોજ કીયામત સુધી રહેવાનીછે એમ અમે માનીએ છીએ. આગાખાનને અમે કારભાર આપીએ છીએ. સગાઇ વીવા, કારજ, સસુરતાં. દરેક ચંદા- ફી તથા સુકરા, છઠી એ વીગેરે બાબતો આપીએ છીએ. તે બાબતો આપવામાં અમને સવાબ મળશે એમ માનીએ છીએ. કમાણીમાંથી આઠમો ભાગ આપીએ છીએ. તેને દશાંશ કહેવામાં આવે છે આણુની સાર આપવામાં આવે છે. બાયડી વાળ તરફથી જે મળે તેના આઠમો ભાગ વર વાળા ત[illegible] ફથી લઇએ, તે બધી બાબત આગાખાનને જાય છે ધર્મ ક્રિયા ખાનામાં કરીયે છીએ. તેમાં અમે દુવા પડીએ, ગાન પડીએ તે તસબી પડાએ. ગાન પી[illegible] સદરદીનના બોલીએ. રાતે, સવારે, સાંજે ગાન બો[illegible] લીએ. પ્રથમ દુવા પડાયે. પછી ગાન પડીએ, પછ[illegible] તસબી પડીએ. પાછા દુવા પડીએ. દુવા પડવા રાતમાં ત્રણ વખત પડીયે. સાંજે, અધરાત પહે[illegible]

 સવારે દીવસ ઉગ્યા પહેલાં એ પ્રમાણે ત્રણ વખત પડીએ. દુવામાં અડતાલીશ ઇમામના નામ આવે છે. દરેક ચુજદે હાલના હાજર ઇમામ સર સુલતાન મહંમદ શાહનું નામ આવે છે. દસ અવતારને અમે માનીયે છીએ. દસ અવતારનું પુસ્તક પીર સદરદીનનું બનાવેલું છે. દુવામાં દસ અવતારના નામ આવે છે.

અસનાસરી બાર ઇમામને માને છે. જાફર સાદકના બે દીકરા, એક શાહ ઇસ્માઇલ અને બીજા મુસા કાજમ. અમે શાહ ઇસ્માઇલનાથી હાલના હાજર ઇમામ સુધી માનીયે છીએ. અને અસનાસરી મુસા કાજમથી બારમા ઇમામે અટકે છે. અસનાસરી હાલના હાજર ઇમામને માનતા નથી. તેનામાં કોઇ ધર્મ ગુરૂ નથી. તે બારમા ઇમામ ઇમામ મહંમદ મહેદી ગેબ થઇ ગયા છે એમ માને છે. અસનાસરી પોતાની ધર્મ ક્રિયા મસીદ અગર મેહફીલમાં કરે છે દુવાને માનતા નથી, સદરદીનના જ્ઞાનને બીલકુલ માનતા નથી. દસ અવતારને માનતા નથી. લક્ષ ચોરાસી યોનીમાં ફરવું પડે છે એમ અમે માનીએ છીએ અસનાસરી તેમ માનતા નથી. અમારામાં સગપણ કરવું હોય તો ખાનામાં દસ્તુરી દઇને રજીષ્ટરમાં નોંધાવવું જોઇએ. ન નોંધાવ્યું હોય તો સગપણ ન ગણાય. સગપણ તોડવું હોય તો અરજી હાલ કૌન્સીલને કરે, કૌન્સીલ થયા પહેલા તેવી અરજ જુનાગઢમાં, તેમ જામનગરમાં થતી. તેવી અરજ જુનાગઢમાં કાસમ શેઠ વારસને થતી. તેને વારસની પદવી આગાખાને આપી હતી. વારસ એટલે આગાખાનના વજીર. જામનગરમાં દફતરના ઉપરી કામડીયાને થાય અરજી આવે એટલે સામાવાળાને બોલાવી તપાસ કરી પીર સરકારની ગુન્હેગારી લઇ, તોડવું હોય તો તોડી નાખે. પરવાનગી વગર કરે નહીં. પરવાનગી વગર તોડે તો તેને નાત બાર કરીએ. બીજે સગપણ ન થાય. અમારી તરફ પરવાનગી વગર સગપણ તોડવાનો દાખલો બન્યો નથી.

અમારા લગ્ન થાય ત્યારે લગ્ન લખવામાં આવે છે. લગ્ન કન્યાવાળા વરવાળા પર લખે. વરનો તે ગામની જમાતનો કાગળ કન્યા જે ગામની હોય તે ગામની જમાત પર જોઇએ. કાગળ ન હોય તો કામ અટકી પડે. લગ્ન વખતે જે ગામમાં લગ્ન થાય ત્યાંની જમાતના મુખી કામડીયા અમલદારો રૂબરૂ હાજર થાય. જમાતને નીકા સંબંધે પુછવામાં આવે; એટલે જમાતવાળા એક માણસને પોતાના નીકાની પરવાનગી માટે બાઇને પુછવા મોકલે. બાઇને ઘરમાં પુછી આવે. પછી વર તરફથી એક સાહેદ રાખે. તે બાઇનો વકીલ ગણાય. તે તેના તરફથી બેસે. નીકા મુકરર કરેલ માણસ હોય તો તે પડાવે. નહિં તો આગાખાનની રચેલી ચોપડીમાંથી જેને આવડતું હોય તે પડે. નીકા પડતા પહેલાં દસ્તુરી મુકરર થાય અને રોકડ આપે તો લઇ લઇએ; નહિં તો જામીન આપે એટલે સવારે લઇ લે. ગાજતે વાજતે વીવા થાય. હીન્દુના જેવા ગીત ગવાય. છેડા છેડી બાંધવાનો રીવાજ ખરો. લગ્ન થઇ રહ્યા પછે છેડા છેડી બાંધી વર કન્યા ખાને પગે લાગવા જાય. તે પણ વાજતે ગાજતે જાય. વર પરણીને જાય ત્યારે સામૈયું તેને ગામ વાજતે ગાજતે થાય. ત્યાં પણ ખાને જાય અમારામાં ખોબા ખોબી રમે, અસનાશરીઓ ગાજતે વાજતે વીવા ન કરે, એમ તે કહે છે; પણ જુની રૂઢીને વળગી રેહનારા બઇરાં તે પ્રમાણે ત્યાં વગાડે છે. એક પર બીજી કરવી હોય તો પરવાનગી જામનગરની અથવા જુનાગઢના વારસની લેવી જોઇએ. પરવાનગી લીધા વગર એક પર બીજી થઈ શકે નહિં. પરવાનગી આપવામાં પીર સરકારની ગુન્હેગારી લેવામાં આવે અને આગલી બાયડી સબંધમાં બંદોબસ્ત કરવામાં આવે. પરવાનગી વગર કોઇ બીજી બાયડી કરે તો નાત બાર કરીએ.

પરવાનગી વગર બીજી બાયડી કરનારને [illegible] બાર મુક્યાનો દાખલો જામનગરમાં બન્યો છે. જામનગરના બોઘા રેમતલાએ પરવાનગી વગર બીજી કરી; તેથી તેને નાત બાર કર્યો હતો ત્યારે પછે નાતમાં આવ્યો ત્યારે નાત બહારની ગુનેહગારી આપી. નાતમાં છક મહીના રહ્યો. તા. ૬ મે ૧૯૧૪

પ્રતિવાદી મુખ્ય વકીલ તપાસ શરૂ—

બીજી કરવાની પરવાનગી આપવામાં આવે ત્યારે બીજી કરવાના કારણ સંબંધે તપાસ કરીએ. બીજી કરવા માટે યોગ્ય કારણ જણાય તો પરવાનગી આપીએ; નહિં તો ન આપીએ. સોક માટે બીજી કરવા રજા ન મળે. કોઇને છેડા છુટકો કરવો હોય તો, કાઉન્સીલને અરજી કરે. તે પહેલાં જુનાગઢના વારસને અગર જામનગરના દફતરીને અરજી કરે. અરજ કરે એટલે સામા ધણીને રૂબરૂ બોલાવી પુછીએ બંનેને સમજાવીએ કે, છુટકો ન થાય તો સારૂં. છુટકો થવા જેવા કારણ ન હોય તો અરજી

[illegible] કરીએ. [illegible] રાજી ખુશીથી છુટકો [illegible] સુન્હેગારી લઇને છુટકો કરીયે [illegible] ન હોય, પણ વાસ્તવિક [illegible] હોય. ને જણાય કે છુટકો [illegible] વિપરિત થશે તો છુટકો [illegible] રાજી ખુશીથી પણ વગર [illegible] કરી શકે નહિં. તે પ્રમાણે પરવા- [illegible] કરે તો નાત બહાર મુકીએ. જામન- [illegible] પરવાનગીએ છેડા છુટકો થયાનો [illegible] પ્રમાણે બન્યો નથી. પરવાનગી [illegible] થવાના ઘણા દાખલા બન્યા છે [illegible] નહિં. જામનગરની જમાતમાં [illegible] આપ્યાનો દાખલો બન્યો નથી. [illegible] તેની ઓરત જામનગરની [illegible] નામ ઘણું કરીને જેનાં છે; તેને [illegible] કાસમે ન્યાત બહાર કર્યો હતો. [illegible] જામનગરની જમાત મારફત [illegible] રદ કરીને નથુની અરજી [illegible] પ્રમાણે છેડા છુટકો કર્યો. કાઠી- [illegible] ૧૯૬૦ પછી ઇસ્માઇલીમાંથી [illegible] માંડયા. ઇસ્માઇલી કોઇ અસનાસરી [illegible] જ્ઞાતિ વ્યવહાર બંધ કરાએ. [illegible] તો ઘરવા ન દઇએ. ઇસ્માઇલી [illegible] થનારને ત્યાં સગપણ થયું હોય [illegible] તુટયાના એવા દાખવા જાણું [illegible] ખોજા રાજન મામદના દીકરા [illegible] રાજકોટના ખોજા હીરજી મુલજીની [illegible] વેરે થયું હતું. ઝીણો અસનાસરી [illegible] તે બાઇ કરાંચી દેવાણી. હડીયાણા [illegible] ઝીણાના દીકરીનું સગપણ નાંદુરીના [illegible] રાજનના દીકરા વેરે થયું હતું. [illegible] અસનાસરી થઇ જવાથી તે સગપણ [illegible] કુતીયાણે જમાલ પરધાનના દીકરા [illegible]

[illegible] મોતી દામાની દીકરી, તે બાઇ [illegible] નાંદુરીવાળા અસનાઅસરી થઈ જ- [illegible] તે બાઇ વાનાવડના ખોજા જે આફ્રિકે હાલ [illegible] તેને દેવાણી.

[illegible] દામા ડુંગરના દીકરા કાળુનું સગ- [illegible] કુરજીના કુટુંબમાં થયું હતું. [illegible] અસનાઅસરી થઈ જવાથી, તેણે પરણાવી [illegible]

જમાલ હીરા હડીયાણા વાળાના દીકરાનું, જામ ખંભાળીયાના પંજુ ડોસાની દીકરી સાથે સગપણ થયું હતું. હડીયાણાવાળા અસનાસરી થઈ જવાથી જામ ખંભાળીયા વાળાએ પરણાવી નહિં; જે મેંમદે આપી. હરીપરના ખોજા કાસમ પ્રેમચંદની દીકરી ગવરીદડના ખોજા મોતી લખુના દીકરા વેરે આપી હતી. ગવરી- દડવાળા અસનાસરી થવાથી હરીપરવાળે દીકરી ફારકે આપી, કરાંચીના ખોજા કુરજી લવજી જે હરીપર રહેતા હતા, તેની દીકરી નાંદુરીના ખોજા રાજન વાલજી કે વાલજી રાજનના દીકરા વેરે આપી હતી. નાંદુરીવાળા અસનાસરી થઈ જવાથી એ બાઈને ઘણું કરી રાવળ ઝીણા રામજીના દીકરા વેરે આપી. હરીપુરના ખોજા સુંદરજી જીવણનો દીકરો અને નાના ખડબાવાળા ખોજાની દીકરી હતી. નાના ખડબાવાળો અસનાસરી થઇ ગયો, એટલે દીકરી હરીપુરવાળાને પરણાવી નહિં.

કુરજી જેઠાની દીકરી નાંને ખડબે આપી હતી. નાના ખડબાવાળા અસનાસરી થઇ જતાં તે બાઇને જામનગરના ભીમા રાજન વેરે આપી હતી. તેમ છે. કુરજી જેઠા પણ અસનાસરી થઇ ગયો છે.

બાઇ પરણ્યા પછી તેનો ધણી અસનાસરી થાય તો તે લગ્ન સંબંધ તુટી જાય છે.

જામનગરના કામડીયા હાજીની દીકરી ખતીજા બાઇનો ધણી સાલે મહંમદ અસનાસરી થઇ જતા તે બાઈ માળીએ નુરમહંમદ વેરે અપાઇ. હાજી કામડીયો આગાખાનનો મુખ્ય કારભારી છે.

કામડીયા હાજી નજરઅલી હાલાર ડીવીઝનના કાઉન્સીલના પ્રેસીડેન્ટ છે. તેનું સ્થાન જામનગર જામનગરમાં ડીવીજન કાઉન્સીલ પણ ખરી; ને સબ ડીવીજન કાઉન્સીલ પણ ખરી. રાણાવાવ એ જામ નગર ડીવીઝનને તાબે નથી. પણ પરગણા કામડીયા તરીકે હું ત્યાં ફરેલો છું. જામનગરમાં આગાખાનના એજંટ તરીકે કામડીયા તરિકે કામ કરૂં છું રાણાવાવ તરફ પરગણા કામડીયા તરિકે સને ૧૯૫૨ થી ૬૦ સુધી હતો. વાદી અસનાસરી થયા બાબતનો કાગળ કે નોટીસ મારા પર આવ્યાં નથી પોરબંદર કાઉન્સીલ તરફથી આવ્યા હતા તે પરથી વાદીને અને તેનો બાપ અસનાસરી થઈ ગયા જાણું છું.

...પાસઃ—

પહેલા ઇમામ અલી તે અરબસ્તાનમાં થયા અને તે આરબ હતા તેનો મુસલમાન ધર્મ ખરો. ઇમામ હુસેન માને કે નહીં તે હું કહી શકું નહીં. એહલએ તનો અર્થ શું તે હું સમજતો નથી. ઇમામોને નીમાજ પડતાં મેં જોયા નથી. આગાખાનને અમારા ધર્મ પ્રમાણે હું માનું છું. તે પ્રમાણે ચાલે છે. ઇમામોમાં તલાક દેવાય છે કે કેમ તે હું જાણતો નથી આગાખાનના વીવામાં મેં કોઈ દી હાજરી આપી નથી એટલે તેમાં કોઇ દીએ છે કે નહિ તે ખબર નથી. ખોજાને હીંદુમાંથી મુસલમાન શીયા ઇમાગી ઇસ્માઇલી કર્યા. ખોજા અસનાસરી થયા પહેલાં કોઇ નીમાજ પડતા નહી. મેં જોયા નથી હું પોતે રોજો રહેતો નથી. બીજા રહેતા હોય તો હું જાણતો નથી. મોહોરમમાં કીસ્સા આગળ વંચાતા. હાલ વંચાતા નથી. જામનગરમાં ચાર પાંચ વર્ષથી વંચાવા બંધ છે. ઇમામ હુસેન શકિત વાળા માણસ હતા તે કોઇ દી મરતા નથી. જેની પાછળ રોવું કુટવું શું ? એમ માની પડતા નથી. બીજા મુસલમાનો પડે છે કે કેમ ? તે હું જોવા જતો નથી; એટલે જાણતો નથી. મુસલમાનમાં બે વર્ગ છે. શીયાના પેટા ભાગમાં અમે ખરા. મુસલમાનના નીકા કેમ પડાય છે તે હું જાણતો નથી. અમારામાં લગ્ન ક્રિયામાં જેવી વીધી થાય છે તે કોઈ પુસ્તકમાં લખેલ છે કેમ તે મારા ધ્યાનમાં નથી, ગીત ગવરાવ્યા વગર, વાજાં ગાજાં વગર, છેડાછેડી વગર કોઇ લગ્ન થયા એવો બનાવ બન્યો નથી. સગા સગામાં કોઇ ગુજરીગયું હોય તો શોક પાળે. સોગના કારણથી વાજાંગાજાં ન વગાડે એમ બનેતો બને. સુલતાન મહમદશાહ આગાખાન એ સૈયદ છે એમનું વતન ઇરાનમાં છે.

સ. સુલતાન મહંમદશાહ શું ધર્મ પાળે છે? ખોજા ઇસ્માઇલનો કે મુસલીમાન ?

પ્રતિવાદી તરફથી આ સામે વાંધો લીધો કે, આગાખાનના ધર્મ સાથે કાંઇ સબંધ નથી. પરંતુ ખોજા ધર્મ સાથે સબંધ છે

વાંધો રદ કરી પુછવા દીધો.

જવાબ—સુલતાન મહંમદશાહ શીઆ ઇમામી ઇસ્માઇલી ધર્મ પાળે છે. ખોજા સિવાય વોરા ઇસ્નાઅશરી ઇમામી છે. કેટલાક આરબો કેટલાક ઇરાની પણ ઇસ્માઇલી છે બીજા પણ ઘણી જાત હોય છે.

એ લોકો પૈકી જે આગાખાનનાં મુરીદ છે તે, આગાખાનને આપે છે. ઉપરમાં જે દાદ જણાવ્યા તે આપે છે પણ બધાને આપે છે કે કેમ તે હું કહી શકતો નથી. અસનાસરીનો ધર્મ ઘણા વર્ષથી છે. જે ઇરાનીનો ધર્મ છે. દસ વર્ષ પહેલાં જાહેર નહિ કે કોઇ ખોજો અસનાસરીમાં ન હતો.

સ. આગાખાનના કુટુંબમાં કોઇ અસનાસરી ધર્મ પાળે છે એમ જાણો છો ?

આ સવાલ સામે વાંધો લેવામાં આવ્યો

વાંધો રદ કરી પુછવા દીધો.

જ. એ સબંધે મારી જાત માહેતી નથી; દસ અવતારના નામ મચ્છ, કોરવ, વરાહ, નરસંગ, વામણ, પરસુરામ, રામ, કાન, બુધ, નકલંકી મોલા મુર્તની અલી છે ખાનામાં ભાગવતને રામાયણ વંચાતા નથી. પીર સદરદીનના ગાન વંચાય છે. નગર પરગણામા સ્વામિ નારાયણનો ધર્મ પાળતા નથી સ્વામિ નારાયણ થાય તો ન્યાત બહાર કરી. વેદાન્ત ધર્મ શું તે હું જાણતો નથી જામનગરમાં સગપણનું રજીષ્ટર પરંપરાથી છે. નગર વસ્યું ને ખોજા આવ્યા ત્યારથી છે, ગામડાના સગપણ ગામડામાં નોંધાય. રજીષ્ટર થયા વગર સગપણ થયા તેનો દાખલો બન્યો નથી. મને પગાર માસીક રૂ. ૬૦) મળે છે. આગાખાન તરફથી મળે છે. આ દાવો આગાખાનને ખર્ચે લડાય છે કે કેમ તે મને ખબર નથી

છેડા છુટકાની અરજ થઇ ધણીની સંમતિ નહિ છતાં છેડા છુટકો કર્યો એનો એકે દાખલો મારા રૂબરૂ થયો નથી. નથુ ખમીસાએ તલાક આપી હતી તે દસ બાર વર્ષની વાત હશે. બાઇની અરજી નગરની જમાત પાસે આવી હતી. તે વખતે હું કામદો ન હતો. અરજી આવી ત્યારે હું પાસે હતો કે નહિ તે હું કહી શકું નહિ. અરજી આવી હતી એ ખબર છે.

જામનગરના દફતરમાં તે દાખલો છે કે કેમ તે મારા પહેલાંની હકીકત છે, એટલે હું કહી શકું નહિ. આગલાં દફતરો મારી પાસે છે. જ્યારે હું કામદો ન હતો ત્યારે જુનાગઢ તરફના કાગળો પત્રોમાં મારી સહી લેવાતી નહોતી જુનાગઢમાં શું દંડ કર્યો તે મારી જાત માહીતી નથી. દંડ થયો હતો. જુનાગઢથી આવેલા હુકમો દફતરમાં છે કે કેમ તે જોઉં તો ખબર પડે. જામનગરમાં અસનાસરી છે

[illegible] છે તે સંવત ૧૯૬૦ પછી થયાં છે. અ[illegible] ઘરમાં ઇસ્માઇલી દીકરીઓ [illegible] અસનાસરી થઇ ગઇ છે હીરજી [illegible] દાગીના ચડાવ્યા હતા કે કેમ તે [illegible] કોર્ટમાં કેસ થઇને સગપ[illegible] બીજે દઇ દીધી; પછે નુકસાની [illegible] હતો. તે સગપણ તુટયાના [illegible] તે કોર્ટમાં દાગીના ચડયા હતા કે કેમ [illegible] નથી. અસનાસરી થઇ ગયો એટલે [illegible], અને અમે દફતરમાં નામ નોં[illegible]. [illegible] તકરાર જમાતમાં આવી ન [illegible] તરફથી વર વાળાને પાછા [illegible] તે ખબર નથી. સગપણ તુટયાના મેં [illegible] તે બધા મારા જામનગરના કા[illegible] દરમીયાનના છે. ખતીજા બા[illegible] જાતની ફરિયાદ મારા પોતા [illegible] મદે તે બાઇને કબજે [illegible] હું જાણતો નથી. હું ત્રીશ વ[illegible] છું. રૂ. ૭–૮ ના પગારથી હા[illegible] નોકરી સિવાય બીજો કાંઇ ધંધો ક[illegible] થયો એટલે ખોજાની ગણત્રી [illegible]. નામનો ખોજો રહયો. ખરેખરો [illegible].

[illegible] અસનાસરી સવંત ૧૯૦૦ પહેલાં પાંચ [illegible] હોય તો કોણજાણે. દસોંદ કમાતો [illegible] દીઠ લાગે. જો આપે તો [illegible].

[illegible] રૂપીયો દરેક માથે લાગે [illegible] માથે ચંદ્રાકી ભરવાની ફરજ નહીં. [illegible] પરણેલો ન હોય ને સગાઇ થઇ હોય [illegible] પરણ્યા પછે આખું લેવાય. ધણીને [illegible] એક માથું ગણાય. અસનાસરી થતાં [illegible] છેડા છુટકો થઇ જાય એવું પુસ્તકમાં [illegible]; કેમ હોવા સંભવ નથી. અમારી જમા[illegible] મુકરર થયા છે. ધારામાં અહીની જમાતની [illegible] નથી. પણ તે પાસ થવા માટે આગાખાન [illegible]. અમે મોટાએ સહી કરી હતી.

[illegible] જે ધારાનીચે સહી કરી તે મંજુર [illegible]. જે મારા પાસે હાલ નથી. મુંબઇ છે. બુકે [illegible] જેમાં તેની સહી છપાવી નથી. સહી થયા [illegible] કાંઇ ફેરફાર કર્યા નથી. સહીવાળા ધારા[illegible] મારા પાસે નથી.

વાદી વકીલ ફેર સવાલઃ—

આગાખાનની સહી છપાવવાની જરૂર નહીં એટલે છપાવી નથી.

ખતીજા બાઇનો જ્યારે કેસ થયો ત્યારે હું કામડીયો નહતો. જામનગરના કામડીયાનો પોતાનો કેસ હતો; એટલે જુનાગઢ કેસ આવ્યો હતો. હાજી કામડીયા અમારા ઉપરી, તેથી અને તેની સાથે જે ખતીજાંબાઇ સાથે વાતચીત થાય તેથી જાણ્યું. સીયાના બે પેટાભાગ ઇસ્માયલી અને અસનાસરી. મુસ્તેનસરબીલ્લા ઇમામ સુધી અમેને વોરાતે માન્યતાથી જુદા પડયા. વીસમાં એકવીસમાં ઇમામથી અમે જુદા પડ્યા. નીજારને અમે માનીએ. ને મુસ્તે અલીને વોરા માને તા. ૭–૫–૧૪

ગોંડલની ઇસમાઇલીઆ કાઉન્સીલના પ્રમુખ પીરભાઇ તેજાની જુબાની

પ્રતિવાદી વકીલ મુખ્યઃ—

ગોંડલની સબડીવીઝનલ કાઉન્સીલનો હું પ્રેસીડંટ છઉં. કાઉન્સીલ થઇ તે પહેલાં ગોંડલમાં વારસ તરીકે હું કામ કરતો. ગોંડળીઆ પરગણાના મચ્છુકાઠાં પરગણામાં વારસ તરીકે કામ કરતો. વારસ એટલે આગાખાનના વજીર. આગાખાન તરફથી વારસ. નાત સબંધી કામ કાજ કરૂં. હું ઇમામી ઇસ્માયલી ધર્મ પાળું છું. પરંપરાથી એ ધર્મ પાળું છઉં ઇમામી ઇસ્માયલી ધર્મ વાળા હાજર ઇમામને માને છે. હાલ હાજર ઇમામ આગા સુલતાન મહંમદશાહ છે તે ૪૮મા ઇમામછે. પહેલા ઇમામ હજરત અલી. હજરત અલીની ગાદી તે હાજર ઇમામની ગાદી તે ગાદી રોજ ક્યામત સુધી ચાલશે. આગાખાનને કર દાદ આપીએ છીએ. કર દાદ અમને સવાલ મળે એ હેતુથી આપીએ છીએ. છઠી, સગાઇ, સમુર્તું વીવા, મરણ, કારજ એટલે વખતે અપાય. કમાણીમાંથી આઠમો ભાગ આપીએ. તેને દસોંદ કહીએ છીએ. માથા દીઠ જણ. ચંદ્રાકી તે બધું હાજર ઇમામને જાય અમને હીંદુમાંથી ખોજા પીર સદરદીને બનાવ્યા, સદરદીન ઇમામી ઇસ્માયલી ધર્મના હતા. દસ અવતાર માનીએ. તેનું પુસ્તક પીર સદરદીનનું બનાવેલું છે. લક્ષ ચોરાશી યોનીમાં ફરવું પડે છે, એમ માનું છું ધર્મ ક્રીયા ખાનામાં કરીએ છીએ. [illegible]

એ. તે પછે ગ્નાન પીર સદરદીનના બોલીએ. પાછ બીજી વખત ધુવા પડીએ. ધુવા ત્રણ વખત પડીએ. સાંજ પછે બે વખત ને એક દીવસ ઉગ્યા પહેલાં. પીર સદરદીનના ગ્નાનને હું માનું છઉં, ઇસમાઇલીમાં થી અસનાસરી થયા છે. સં. ૧૯૬૦ ની સાલ ૫ છીથી થયા છે. ઇસ્માઇલી અસનાસરી થાય તો તે ને નાત બહાર કરીએ છીએ. અસનાસરી છઠ્ઠા ઇમામ જાફર સાદક પછીથી છુટા પડયા છે. જાફર સાદકને બે દીકરા મુસા કાઝીમ અને શાહ ઇસ્માઇલ, ઇસ્મા ઇલીઓ શાહ ઇસ્માઇલને માને. અસનાસરી વાળા મુસા કાઝીમને માને. અસનાસરી વાળા બાર ઇમામને માને છે. બારમા ઇમામ ગેબ થઇ ગયા છે એમ માને છે. હાજર ઇમામ છે એમ તે માનતા નથી. ધર્મ ગુરૂને તે માનતા નથી. અસનાસરી થઈ ગયા પછે આગાખાનને ધર્મ ગુરૂ કે હાજર ઇમામ તરીકે માનતા નથી, ધુવાને તેઓ માનતા નથી. પીર સદરદીનના ગ્નાન અને દસ અવતાર માનતા નથી. લક્ષ ચોરાસીયોનીમાં ફરવું પડે છે એમ તે માને છે.

સગપણ કરે તેનું જમાતમાં આવીને ચોપડામાં નામું મંડાવે. સરકાર સાહેબનો દાદ આપીને નામું મંડાવે. નોંધ ન કરાવ્યો હોય તો સગપણ ગણાય નહીં. નોંધાવ્યા વગર સગપણ થયાનો કોઇ દાખલો મારા જાણ્યામાં નથી. વીવાહ થાય ત્યારે લગ્ન થાય માંડવો નંખાય, માણેક સ્થંભ રોપાય. વીવાહ ગાજતે વાજતે થાય. વરવાળા જાન લઇને જાય ત્યારે જમાતનો કાગળ કન્યાના ગામની જમાતપર લઇજાય ઇસ્માયલી છે તેની ખાત્રી જે સરકારની દાદ ચુકવીછે તેની ખાત્રી માટે કાગળ લઇ જાય. હું વારસ થયો ત્યારથી મારા જાણ્યામાં છે અસનાસરી હોય તો નીકા ન થાય. અને કન્યા પણ ન આપી એ. માટે ઇસ્માયલી હોવાની ખાત્રી માગીએ. વર માંડવે આવે પછે મુખી કામડીયાને જમાત ભેગી થાય, તેની પાસે કાગળ માગે. કાગળ લીધા બાદ વરને કન્યા પાસે ઘરમાં પરવાનગી લેવા મોકલે. તે પછે વરના બાપને કન્યાના બાપનો સરકાર સાહેબની દાદ લેવાનો જામીન લે, વરવાળા પાસે પરણવા આવે ત્યાં માંડવે બીજો દાદ લેવાય *માંડવે વરવાળા તથા કન્યાવાળા* બંનેએ દાદ આપવી જોઇએ. બેમાંથી એકેય દાદ ન આપે તો નીકા ન પડાય. દાદ આપ્યા વગર જામીન આપે એટલે મુખી કામડીયા નીકા પડાવવા પરવાનગી આપે. નીકા પડાવતાં જેને આવડતી હોય તેને પડાવવા મુખી કામડીયો રજા આપે. પોખણું શું તે ખબર નથી. છેડા છેડી બાંધે. જાને પગે લાગવા જાય; ત્યારે પણ છેડા છેડી હોય. પરણીને જાય ત્યારે સામૈયું થાય. ગાજતે વાજતે થાય. બઇરાં ગીત ગાય તે ગીત હીંદુને મળતાં છે, એકપર બીજી કરવી હોય તો પરવાનગી મળવા કાઉંસીલને અરજી આપે. તે પહેલાં જુનાગઢ વારસને અરજી કરતા. અરજી પરથી સામા વાળાને નોટીસ કરી બોલાવીએ. તેનો તપાસ કરીને યોગ્ય લાગે તો પરવાનગી આપીએ. સરકાર ગુન્હેગારી લઇ પરવાનગી આપીએ. પ્રથમની બઇરી માટે ખોરાકી પોષાકીનો બંદોબસ્ત કરીએ, ગોંડલ પરગણાવાળા પણ કાઉંસીલ થયા પહેલાં જુનાગઢ વારસની પરવાનગી લેતા. પરવાનગી લીધા સીવાય કોઇ બીજી કરે તો નાત બહાર કરીએ, નાતમાં આવવાની ગુન્હે ગારી આપે ને આગલી બાયડી માટે બંદોબસ્ત કરે ત્યારે નાતમાં આવે. બીજી વખતના નીકા ર્ક્યા હોય તેનો પણ દંડ તેને આપવો પડે, છેડાછુટકો માગવો હોય તે કાઉંસીલને અરજી કરે કાઉંસીલ નહોતી ત્યારે જુનાગઢ અરજી કરતા. અરજી થાય એટલે નોટીસ કરી બંને પક્ષને બોલાવે. છેડા છુટકા ન થાય ને સમાધાન થાય તો સારૂ એમ તજવીજ કરે. પણ તપાસમાં ન ચાલે એવું જણાયતો સરકાર ગુન્હેગારી ઠરાવીને છેડા છુટકો કરે. વગર પરવાનગીએ છેડા છુટકો થઈ શકે નહી. પરવાનગી લીધા વગર બારોબ.ર કરેતો નાત બહાર કરીએ, નાતમા આવવું હોયતો કસુરનો દંડ આપીને અરજી કરે, અંદર અંદર કરેલો છેડા છુટકો વાસ્તવીક ન જણાય તો કબુલ ન રહે (વીચાર કરીને). અમારામાં તલાક આપીશકાય નહી, ઇસ્માયલી અસનાસરી થઇ જાયતો તેના દીકરા કે દીકરીનું સગપણ તુટીજાય, શીસાંગના વશરામ જમાલની દીકરી ગવરી દડ વાળા વાલજી રતનશીના દીકરા પરધાન વેરે આપી હતી, સગપણ થયા પછે બે વેવાઇઓને અંદર અંદર તકરાર થઇ એટલે પોતાની કન્યા ન પરણાવવા સારૂ વશરામ અસનાસરી થઇ ગયો ને સગપણ તુટી ગયું અને દાગીના વરનો બાપ પાછા લઇ આવ્યો, પોતે બે વરસ અસનાસરી રહો; પછે તેણે ઇસ્માઇલીમાં દાખલ થવા ગોંડલ કાઉંસીલમાં માગણી કરી, ગોંડલ કાઉંસીલે તેમને નોટીસ કરી જુબાની લીધી; ઠરાવ કરી ગોંડલ કાઉંસીલ તરફ મોકલ્યો, ગોંડલ કાઉંસીલે તેને પાછો અસનાસરી થવાના રૂપીઆ ૫૦૦ ના જામીન લીધા અને પરધાન હજી કુંવારો હતો એટલે તેની સાથેંનુ સગપણ કાયમ રહ્યું, ગુન્હેગારી પીર

[illegible] દાખલ કર્યો, પરણ્યા [illegible] થએ હોય ને તેની બાયડી [illegible] થાય, એનીરીતે છુટા છેડાનો [illegible] બોદારાજનની દીકરી [illegible] વેરે પરણાવી હતી, [illegible] અને ત્યાં તેને મુકી [illegible] અસનાસરી થઇ [illegible] એટલે બાઇનો છેડાછુટકો [illegible] કે તે અસલ બતાવી ન- [illegible]

[illegible]—

[illegible] છે. કાઉન્સીલ ન હતી ત્યાં [illegible] તાબે હતું. મને પગાર [illegible] કાઉન્સીલ સંવત ૧૦૩૬ થી [illegible] એ ધર્મ શીઆના પેટામાં [illegible] શીયાના પેટામાં આવે અમે [illegible].

[illegible] ઇસ્માઇલથી અમે ઇસ્માઇલી કહેવાયા. [illegible] માનનારા અસનાસરી. બાર ઇમામને [illegible] માને છે તે મને ખબર નથી. લક્ષ [illegible] ફરવું પડે છે. જે પીર સદરદીનના [illegible] માનીએ છીએ લગ્નમાં વાજાં વગડા- [illegible], [illegible] કરવો, થંભ રોપવો એવો રીવાજ [illegible] છે. [illegible]માં આનંદ આનંદ કરવો લખ્યું છે. [illegible] થયું હોય ને લગ્ન પ્રસંગ આવે તો [illegible] વગર લગ્ન થાય.

સોગ અમારામાં ત્રણ દિવસ રહે. ત્રણ દિવસમાં હોય તો સામૈયું પણ ન થાય. હું વારસ સંવત ૧૯૩૬ ની સાલથી થયો. કાઉંસીલનો પ્રેસીડંટ ૧૯૩૯ માં નીમાયો. સબડીવીઝનલ કાઉંસીલ ગોંડલમાં ૧૯૩૯ થી થઇ. સંવત ૧૯૩૬ પહેલાં હું ભાગ લેતો નહિં. સંવત ૧૯૩૬ થી આજ સુધીમાં પર ગામની જાન ગોંડલમાં પરણવા આવી હોય એવા દાખલા બન્યા છે. વરવાળા જે કાગળો લાવે છે તે આંહિં મારા પાસે નથી. સુનત અમારામાં કરે છે. નીકા વખ્તે મહોર ઠરે છે. મહોર ઠરાવવી સુનત કરાવવી. એ ઇસ્માઇલી સીવાયના બીજામાં થાય કે નહિં તે ખબર નથી.

ચાર વર્ષ દરમીયાન બીજી બાયડી કરવા માગ- ણી કરીને કેસ ચાલ્યો એવો દાખલો મેંમણીના ખોજા પરધાન ધનજીના દીકરાનો થયો છે. ચાલતી સાલમાં તે માગણી થઇ હતી. ચારેક મહિ- ના થયા હશે, છોરૂને ખોટે બીજી માગણી કરી હતી. તેની પરવાનગી આપી હતી. બીજો દાખલો મારા પાસે નથી.

આગલી ઓરતની સંમતિથી બીજું ઘર કર્યાનો કીસ્સો બંને જણ ધણી ધણીયાણીએ છેડા છુટકો રાજી ખુશીથી કર્યો એવો દાખલો મારા પાસે આવ્યો નથી. મુંબઇની કાઉંસીલના તાબામાં અમે નહિં. સામજી પોતાની બઇરીને રોટલા લુગડાં આપી શકે એવી સ્થિતિનો ન હતો બાઇના બાપે પહેલી માગણી મારે ત્યાં મારી દીકરી બેઠી છે માટે તેનો ધણી તેડી જાય એમ કરી આપો. એવી માગણી કરી હતી. સામજી તેની ઓરતને તેડવા આવ્યો નથી ધણી બાઇડીને રાખવા ખુશી છતાં તે અસનાસરી હોવાને કારણે નાતે છેડા છુટકો કર્યો એવો દાખલો મારા જાણ્યામાં નથી. અસનાસરી થઇ જાય એટલે બાઇને દાગીના ચડયા હોય તે પરથી ધણીનો હક ઉઠી જાય. વશરામ જમાલ પોતે દાગીના દઇ આવ્યો હતો. વશરામે સગપણ તોડવા માટે જમાત ની પરવાનગી માગી ન હતી. અસનાસરી થવાથી સગપણ તુટી જાય એવા બીજા દાખલા મારા પાસે બન્યા નથી.

વાદી વકીલ ફેર તપાસ—

ધણી ધણીયાણીએ રાજી ખુશીથી છેડા છુટકો કર્યો હોય એવો દાખલો બન્યો નથી.

અદાલતના સવાલના જવાબમાં—

અસનાસરી થનારનો બાયડીને ચડાવેલા દાગીના પરથી હક ઉડી જાય એમ રીવાજ છે. શા કારણથી તે ખબર નથી. તા. ૮—૫—૧૪

ખોજા શરીફ વેલજી રે. માંગરોળની જુબાની.

પ્રતિવાદી વકીલ મુખ્ય—

માંગરોલ કેસોદ કાઉનસીલનાં તાબામાં છે. તે કાઉનસીલના તાબામાં હું મેમ્બર છું. માંગરોલમાં બે વરસ કામડીયા તરીકે કામ કરૂં છું. મુખી તરીકે બે વરસથી દુરમામદ આમદ કામ કરે છે. [illegible]

દસબાર વર્ષ હું કામ કરતો. હું ઇમામી ઇસમાઇલી ધર્મ શરૂઆતથી પાળું છઉં. હીંદુમાંથી ખોજા પીર સદરદીને બનાવ્યા. પીર સદરદીન પોતે ઇસમાઇલી ધર્મના હતા. અમે હાજર ઇમામને માનીયે. હાલ હાજર ઇમામ આગા સુલતાન મહંમદ છે. તે હજરત અલીથી ૪૮ મા ઇમામ છે. ઇમામની ગાદી કુદરતી ઉત્પતી ચાલી આવે છે તે રોજ કયામત સુધી કાયમ રહેશે. દસ અવતારને માનીયે છીએ. તે દસ અવતારમાં પેહલા નવ અવતાર હીંદુ લોકોનાં. દસમો અવતાર મોલાં મુર્તજા અલીનો થયો. તે નીકલંકી અવતાર થયો, એમ અમો માનીયે છીએ. દસમા અવતારનું પુસ્તક પીર સદરદીને બનાવ્યું છે. અમે ધર્મ કીયા ખાનામાં કરીયે. ધુવા પડીયે. સાંજે મગરબ વખતે, પછે દોઢ કલાક પછે ને, ત્રીજી વખત સવારમાં વહેલાં. ધુવામાં દસ અવતારને ઇમામનાં નામ આવે છે. ઇસમાઇલીમાંથી કેટલાક અસનાશરી થયા છે. ૮–૧૦ વર્ષથી થયા છે. જે ખોજા અસનાશરી થાય તેને અમે નાત બહાર કરીયે. મુળ ધર્મ તેણે છોડી દીધો ને ધર્મ ભ્રષ્ટ થયા, વાસ્તે નાત બહાર. ઇસમાઇલી કોઇ ખોજો કે બાઇ અસનાશરી સાથે વહેવાર રાખે તો તેને પણ નાત બાહાર મુકીયે. અસનાસરી ઇમામ જાફર સાદક પછે. અમે શાહ ઇસમાઇલને માનીયે ને અસનાશરી મુસા કાજીમને માને. અસનાશરી એકંદર બાર ઇમામને માને છે હાજર ઇમામને તે માનતા નથી. તેઓ હાલ તેમનાં ધર્મ ગુરૂ કે બોધ ગુરૂ તરીકે કોઇને મારા સમજ્યા પ્રમાણે માનતા નથી. બારમા ઇમામ તેઓ એમ માને છે કે ગેબ થઇ ગયા છે. અસનાશરી દુવાને માનતા નથી. ને ધુવા પડતા નથી. દસ અવતારને માનતા નથી. હાજર ઇમામને અમે કારભાર આપીયે છીએ. અસનાસરી થઇ ગયા તે આપતા નથી. અસનાઅશરી થઇ ગયા પહેલાં આપતા. ઇમામી ઇસમાઇલીમાં સીરબંધી થાય છે. જે પોતાની તમામ મીલકત હાજર ઇમામને બક્ષીસ કરે તે સીરબંધી કહેવાય. જમાત મીલકતની અમુક કીંમત ઠરાવીને તે કીંમત લઇને તે મીલકત તેને પાછી આપી દે. શીરબંધી જેટલી વખત થવું હોય તેટલી વખત થવાય. હાજર ઇમામને કારભાર આપવાથી અમને મોક્ષ થાય; એમ અમે માનીએ છીએ. અમારામાં સગપણ થાય તેની નોંધ થાય છે. સગપણ વખતે હાજર ઇમામને કારભાર આપવો પડે. નોંધ ન કરાવી હોય તો સગપણ થયું ન જાનીએ. એક વખત સગપણ થયુંહોય તે પોતાંની એક પક્ષકાર તોડી શકે નહીં. ઇનસાફની કાઉન્સીલ હોય કે વારસ હોય ત્યાં જઇને અરજ કરે; એટલે તે તપાસ કરીને તોડી આપે. એક સગપણ કાયમ હોયતો બીજું સગપણ થઇ શકે નહી. અમારામાં લગન લખવામાં આવે છે. તેમાં રૂમાલ, હાર, હળદર, ચોખા, સોપારી અને કંકુ અગર કેસર નખાય. કન્યાના બાપ ને ત્યાં લખાઇ વરનાં બાપને ત્યાં મોકલાય. લગ્ન લખાય ત્યારે ગીત ગાવા રીવાજ છે. તે હીંદુ લોકોનાં ગીતથી વધારે મળતાં આવે છે. લગનમાં તારીખ નીમાઇ હોય તે તારીખે ઘર તરફનાં જાન લઇને કન્યાનાં માવતરને ત્યાં જાય. બીજે ગામથી જાન જવાની હોય ત્યાંની જમાતનો વર વાલા હાજર ઇમામનો કારભાર ધોરણ મુજબ ચુકવી તે ચુકવ્યાનો કાગળ લઇ જાય ને જે ગામ જાય તેની જમાતનાં મુખી કામડીયા પાસે તે રજુ થાય લગન વખતે જમાતનાં માણુસ ભેગાં થાય. વર વાલાનો કાગળ રજુ થાય છે. પોતાની જમાતના ધોરણ મુજબ ત્યાંના કારભારનાં બન્ને પક્ષ પાસેથી જામીન લે ને પછે કન્યાને જમાતને પુછી ને નીકા પડાવી આપે. માણેકથંભ રોપવા રીવાજ છે. કન્યાને ત્યાં માંડવો નાંખે અને ત્યાં નીકા પઢાવે. જેને આવડતી હોય તેને મુખી કામડીયા હુકમ કરે, તે પઢાવે. નીકા અમારા હાજર ઇમામની બનાવેલી છે. છેડા છેડી બાંધવાનો ચાલ છે. ખોબા ખોબી રમે છે. નીકા થયા પછી સવારે જમાંન કારભાર ચુકાવે છે વરને ઉતારે કન્યાને વળાવવા વખતે ખાને પગે લાગવા વર કન્યા જાય. છેડા છેડી બાંધે વાજાં ગાજાં વાગે. કન્યા એક ગામ હોય, વર બીજે ગામ હોય ને લગન કરનાર કાજી ત્રીજે સ્થળે એ પ્રમાણે લગન ન થાય. ઇમામી ઇસમાઇલીમાં અમુક મુદતને માટે લગ્ન થતાં નથી. અમારામાં બીજી સ્ત્રી એક સ્ત્રી છતાં કરવી હોય તો પહેલી સ્ત્રીની મંજુરી જોઇએ અને કાઉન્સીલ અગર વારસ હોય તો તેની પાસે અરજ કરવી જોઇએ. તપાસ કરી યોગ્ય લાગે તો આગલી સ્ત્રી માટે બંદોબસ્ત કરી અગર રકમ લઇ પરવાનગી આપે. પરવાનગી આપતી વખત સ્થીતી પ્રમાણે ગુનેહગારીની રકમ લે. કાઉનસીલ કે વારસની પરવાનગી વગર કોઇ કરે તો નાત બહાર કરીયે. જે કાઉનસીલે તેને નાત બાહાર કર્યો હોય તેને અરજ કરે, અને કસુર બદલ ગુનેહગારી આપે, ને નાતનાં ધોરણ મુજબ આપવાની કબુલત કરે તો પાછો નાતમા લે.

[illegible] કરેલ લગ્નની ગુન્હેગારી બમ [illegible] ફરનારની મરજી મુજબ લેવાય

[illegible] સ્ત્રી મારા કાકા આમદ [illegible]એ કરી હતી. તેણે મરહુમ [illegible] ટેઇની પરવાનગી લીધી હતી. [illegible] કે, મારા ભાઇ રેમતલાની ઓ- [illegible] તેનાં આંખ એક ગઇ ને શરીરે [illegible] કરવાપરવાનગી માંગી. વા- [illegible] કર્યો કે, બે વરસ રાહ જોઇ પાછે [illegible] અગલી બાઇનાં દાગીના અને [illegible] કરીને રજા આપી. વારસની [illegible] કેઇએ બીજી કરી હોય ને નાત બ- [illegible] હોય, એવો દાખલો મને યાદ નથી.

[illegible] આપી શકાય નહી. છેડાછુટકો [illegible] હોય તે વારસ સાહેબને અરજ કરે. તે બં- ને [illegible] કરે ને યોગ્ય લાગેતો ગુન્હે- [illegible] કરે. ધણીની મરજી છેડાછુ- [illegible] હોય, ને સ્ત્રીની ન હોય ને બન્નેની [illegible] હોય તોપણ પરબારો છેડાછુટકો ન થાય. પ્ર- [illegible] ન થાય. પરબારો છેડાછુટકો ક- [illegible] નાત બહાર કરીયે, અમારા ગામમાં તેવો દાખલો [illegible] કાસમ જીવાનો તુરમામદ આંગરોલના [illegible]ની વીધવા બાઈ અવલની દીકરી સાથે [illegible]. તે બંનેએ અરસપરસ મળીને ફારકતી [illegible]. તે બધાને નાત બાર કર્યા. કાસમે [illegible] હતું તો ગુનેહગારી દઇ ફારકતી [illegible] કરાવી. નાતમાં આવી બાઇએ મુંબઇની [illegible] દંડ ભર્યો. તે બાઈ તે વખતે મુંબઈ [illegible] હતી, બંનેને ગુન્હેગારી આપવી પડી હતી. [illegible] જીવાને ગુન્હેગારી દેવા મુદત દીધી હતી, તે [illegible] ન ભરતાં વારસે તેને નાત બહાર કર્યો. [illegible] સ્થીતી ગુન્હેગારી દઈ શકે તેવી ન [illegible] મેં ભલામણ લખી હતી; તે પરથી જુનાગ- ઢની કાઉંસીલે હાલમાંજ તેને નાતમાં લીધો-

કોઇ ખોજો અસનાસરી થઇ જાય ને બાઇ ઇસ્માઇલી હોય તો, બાઇને અસનાસરી થવું ન હોય તો તેનાં ઘરમાં રહે નહીં તો તેના ઘરમાં ન જાય. અસનાસરી થયા પછે બાઈ તેને ત્યાં જાય તો નાત બહાર કરીએ,

ઇસ્માઇલી બાઇના અસનાસરી સાથે લગ્ન ૨૬ થાય, બાઇ કુલબાઇને સુપેડીના ખોજા જુમા જેઠાના દીકરા વેરે ૧૫-૧૭ વર્ષ પહેલાં પરણાવેલી હતી. તેનો ધણી એક વરસ આફ્રીકા ગયો. ત્રણ ચાર વર્ષ સુધી તે આવ્યો નહિં, તે તપાસ કરતાં જણાયું કે અસનાસરી થઇ ગયો છે ને આવે તેમ નથી. એમ મરહુમ વારસ કાસમભાઇ પાસે ફરીયાદ કરી કે, અસનાસરી થઇ ગયો છે, વાસ્તે આફ્રીકાની જમાત- માં તપાસ કર્યો. કરીમ પણ આવ્યો હતો. તેણે પણ કબુલ કર્યું ને જમાત તરફથી ખબર આવ્યા. પછે વારસે કુલબાઇને બીજે દેવા અમને પરવાનગી આપી તે બાઇને અમે લાલજી ભોધા વેરે આપી. તા. ૭-૧૧-૧૪

તા ૭-૧૧-૧૪ બપોરે

ફરી પ્રતિજ્ઞા આપી તપાસ શરૂ

વાદી વકીલની ઉલટ તપાસ શરૂ

ઇમામી ઇસમાઇલી શીયા ધર્મનો ભાગ છે. અ સનાસરી પણ શીયા ધર્મનો ભાગ છે. અમારા ખુ- દા અમારા હાજર ઇમામ છે. તે આગાખાન સુલતા ન મહંમદશાહ. મહંમદ પેગમ્બર કોણ હતા તે મને બરાબર યાદ આવતું નથી. ઇસમાઇલી ધર્મ પીર સદરદીને ચાલુ કર્યો. પીર સદરદીન મહંમદ પેગમ્બ રને ખુદા તરીકે માનવા ફરમાન કરે છે કે કેમ તે યાદ નથી. મુસલમાની ધર્મનાં બે ભાગ શીયા અને સુની. પીર સદરદીન શાહ ઇસમાઇલને ખુદા તરીકે મા નતા હતા. ઇસલામ શાહ કોને ખુદા તરીકે માનતા તે હું જાણતો નથી. ખુદાની શકતી દુનીયા પેદા કર વાની છે એમ હું માનું છું. મારવા જીવાડવાની શ- કતી ખુદામા છે એમ અમે માનીયે છીએ.

સવાલ—આગાખાનમાં તે શકતી અમે માનીએ છીએ ?—જવાબ પહેલા ઇમામ મહોલા મુર્તજાની શકતી હતી તે, શકતી હાજર ઇમામમાં છે એમ અમે માનીએ છીએ. અને તેથી અમે તેને ખુદા માનીયેછીએ.

આગાખાંનને કોઇ ખુદા છે કે નહી તે મને ખ બર નથી, અસનાસરીનાં ખુદા કોણ તે હું જાણતો નથી. ને સુનીના ખુદા કોણ તે હું જાણતો નથી.

હાજર ઇમામ એટલે હાલ છે તે ઇમામ. ઇસમાઇલીઓ અને અસના અસરીનાં ધર્મમાં શું તફાવત છે તે હું થોડું ઘણું જાણું છઉં

ઇસ્માઇલી અમે દુવા પડીએ છીએ.

અસનાસરી નીમાજ પડે છે.

અમે હાજર ઇમામને ઇમામ તરીકે માનીયે છીએ.

તે તેને માનતા નથી.

અમે તેને કારભાર આપીએ છીએ.

તે તેને આપતા નથી.

વીગેરે વીગેરે તફાવતો તેથી ધર્મમાં ફેર છે; એમ માનુ છઊં" પીર સદરદીન નીમાજ પડતા કે નહિં તે મને ખબર નથી. આગા હસનઅલી નીમાજ પડતા કે કેમ તે મને ખબર નથી. અમારા ધર્મની દુવા પડે તેને અમે અમારા ધર્મનો કહીએ છીએ. અમારા ધર્મની દુવા પડતો હોય તે નીમાજ પડતો હોય એમ જાણ્યું નથી.

અમારા ધર્મની દુવા પડે તો અમારી નાતમાં ગણાય. નીમાજ પડવાથી નાત બહાર થતો નથી. અમારો ધર્મ તજી દે તો નાત બહાર થાય. ૮–૧૦ વરસ પહેલા કોઇ ખોજા અસનાસરી હતા કે નહિં તે હું જાણતો નથી. ૮–૧૦ વર્ષ પહેલાનો કોઈ દાખલો મારા જાણવામાં આવ્યો નથી.

અમારો ધર્મ તજી દે તેને નાત બાહાર કરવો એવો ઠરાવ વારસને કાઉંસીલ તરફથી થયો છે. હાલ અમારા કાયદા કાનુનની બુક થઇ છે. તેમાં જો હશે તો તે ઠરાવ હશે. બીજો તેવો ઠરાવ લખેલ નથી.

આગા સાહેબનાં ફરમાન મુજબ નથી વર્તતા ને અમારો ધર્મ નથી પાળતા, તેથી અસનાશરીને નાત બહાર મુકી દઇએ. કારભાર ન ભરે એટલા સારૂ નહીં

સ. શીરબંધી થાય તેના દીકરા દીકરી આગા ખાનને અર્પણ કરો છો?

આ સવાલ સામે સાહેદે વાંધો લીધો છે અને બેશક તે સવાલ યોગ્ય નથી" સીરબંધીનો અર્થ મુખ્ય તપાસમાં નકી થઈ ગયો છે.

શીરબંધી થતી વખતે મીલકત આપી દઇએ. તેની કીંમત મુકરર થાય તે અમે કમાઇને આપીયે.

નીકા અમારામાં પડાવે છે. આગાખાનની બનવેલી છે તે મુજબ પઢાવે છે. મુસલમાનીમાં સરેહર્ન નીકા શું છે તે મને ખબર નથી.

અસનાસરીનાં લગ્નમાં ગીત ગવાય છે કે નહીં તે મને ખબર નથી. વાજાં ગાજા વગાડે કે કેમ તે હું જાણતો નથી. નીકાનો કર ચુકાવ્યા સિવાય કન્યા વળાવવાની રજા ન આપે. ખાનામાં જવા પ્રતિબંધ નથી. કોઇ ધર્મમાં અમુક મુદતને માટે લગ્ન થાય છે કે કેમ? તે ખબર નથી. અલી અમારા પહેલા ઇમામ હતા. અલી ઇમામને એક કરતાં વધારે સ્ત્રી હતી કે કેમ તે યાદ નથી.

આગા હસન અલી ઇમામને કેટલી સ્ત્રી હતી તે મને ખબર નથી.

એક સ્ત્રી હોય ને બીજી કરવી હોય તો, પરવાનગી લેવાનો રીવાજ. હું તો સમજણો થયો ત્યારથી હું જોઉં છઉં. તેવા દાખલા કેટલા છે તે હું આપી શકું નહિં. મને યાદ હતા તે મેં કહ્યા.

મારા ભાઇનો દાખલો મારી ૩૪ વર્ષની ઉમર હતો ત્યારે જોયો. તે પહેલાં મારા કાકાનો દાખલો જોયો. તે પહેલાં ગુલામ મહંમદ ખેતશીએ પરવાનગી મેલવી બીજી કર્યાનો દાખલો હું ૧૫–૧૬ વર્ષનો હતો ત્યારે જોયો છે.

અમારા ઇમામો પોતાની સ્ત્રીઓને તલાક આપતા હોવાનું હું જાણતો નથી,

નુરમામદ અને તેની ઓરતે અંદર અંદર ફારકતી કરી તે એક બે વરસનો દાખલો છે,

ગયા દસ વરસમાં કેટલા ખાનાઇ ઇસનાસરી થયા હશે તે હું કહી શકું નહીં. અમારા પરગણામાં કોઈ ઇસનાસરી થયો નથી. ઇસિનાસરી થયાથી બાયડી ઉપરના હક મુકી દેવા પડયા તેવો ફુલબાઇ સીવાયનો બીજો દાખલો અમારા પરગણામાં બન્યો નથી એટલે તે મને ખબર નથી. ફુલબાઈ મારી બેન થાય અને તે અમારા પરગણાની. કરીમે ફુલબાઇને છુટી કરવા સબંધમાં કાંઇ વાંધો લીધો હતો કે કેમ તે મારા જાણવામાં નથી. બાઇડી અસનાસરી થાય તો ઇસમાઇલી ધણી તેને મુકી દે. ઘરમાંજ ન રાખે

ખોજા સિવાય બીજી નાત ખાનાઇ બીજા મુલક માં હશે. ખોજા ખાનાઇ ને ઇસમાઇલી છે તેનો ધર્મ એકજ. નીકા પડવાની રીત ઇસમાઇલીની તો એકજ છે. નીકાની બધી રીત હાજર ઇમામે નકી કરી તે હું જાણતો નથી.

પીર સદરદીને ખોજા કર્યા ત્યારે લગ્નની કઇ વીધી ચાલતી તે મને ખબર નથી.

લગ્ન વખતે ધણી ધણીયાણીની લેખીત કબુલત લેવી કે નહીં તે સબંધે તેમાં કાંઇ કહેલું છે કે નહી તે મને ખબર નથી,

લેખીત કાયદા ગઇ સાલથી શરૂ થયા છે. આગા સાહેબ ને ઇસમાઇલી ખોજા એ બધાનો ધર્મ એકજ છે. આગા સાહેબને નીમાજ પડતા મેં જોયા નથી. અમારી ધર્મ ક્રીયા કરે છે. મારા બનેવી સીવાયનો બીજો દાખલો મને ખબર નથી. એટલે ઘરેણાં લુગડાં સહિત બઇરી છોડી દેવી પડયાનો દાખલો મને ખબર નથી.

ફુલબાઇ પાસે દાગીનાં જુજ હતા. તે દાગીના વારસ સાહેબને સોંપ્યા હતા. તેણે તેની શું વ્યવસ્થા કરી તેની મને ખબર નથી.

અમારે અને બીજા મુસલમાનોને ભાણે વહેવાર છે. ઇસમાઇલીને અને અસનાસરીને ભાણે વહેવાર નથી તેની સાથે ભાણા વહેવાર ઇસનાઅશરી થયા ત્યારથી બંધ થયો.

બીજાં મુસલમાન અસનાસરી હોય તેની સાથે ભાણાં વહેવારનો વાંધો અમારે નથી.

અમારો ધર્મ મુકીને જાય તેની સાથે વહેવાર નરાખવો એ હાજર ઇમામનું ફરમાંન છે. ઘણાં વખતથી છે કયાઇમામથી તે મને ખબર નથી.

અમારા બાપ દાદા હીંદુ હતા અને હવે અમે મુસલમાન. સ્વામીપંથ ખોજા હોવાનું મને ખબરનથી આગા સાહેબની મા અસનાસરી ધર્મ પાળે છે કે નહી તે મને ખબર નથી.

આગા સાહેબનાં ઘરવાળાં અસનાસરી ધર્મ પાળે છે કે નહીં તે મને ખબર નથી.

અમારા જ્ઞાન વંચાય. દુવા પડાય.

આગા હસનઅલીની બેટી ખંભાતના નવાબ સાહેબનાં ઘરમાં હોવાની મને ખબર નથી.

સીયા ઇમામી ઇસમાંઇલી કહેવાય છે; તેથી શીયાનો ભાગ કહુંછઉં.

અમો કલમો પઢીયે, કલમો પડવો એ હજરતઅલીના વખતથી ફરમાન ચાલ્યું આવે છે.

અમારા ઇસ્માઇલી ધર્મનો આધાર પીર સદરદીનનાં જ્ઞાનપર અને હાજર ઇમામનાં ફરમાનપર છે, અમારામાં લગ્ન વખતે ફેરા ફરતા નથી,

નીકા જુદી ભાષામાં છે, પછે તે અરબી હોય કે ફારસી હોય, ગુજરાતી નથી,

નીકા વખતે તે મહેર બાંધવામાં આવે છે

વકીલ ને સાહેદ થાય છે,

ફેર તપાસ

શાહ ઇસ્લામ શાહ જેના વખતમાં પીર સદરદીન થયા તે ત્રીશમાં ઇમામ હતા, ઇસિમાલ શેઠને વારસ આગાખાન હસનઅલીએ નીમ્યા હતા, ને તે પછે ઉતરોતર ચાલે, વારસની નીમણુક તે હાજર ઇમાંમ કરે

અમારામાં મૌલા મુરતજા અલીને નકંલકી અવતાર તરીકે માનીયેછીએ. અને તેની પછી દર પેઢીઅમે તે પ્રમાણે માનીએછીએ. દુવામાં તે પ્રમાણે છે. પરમેશ્વરનાં નવ અવતાર થયા ને દશમો નકલંક રૂપે-ક મૌલા મુરતજા અલીનો. તે પછી દર પેઢીને માનીયે છીએ. આગા હસનઅલી તેજ હાલના ઇમામ સુલતાન મહંમદનાં દાદા.

ઇમામ કરે તેમ અમારે કરવાનું નથી પરંતુ તે ફરમાવે તે પ્રમાણે અમારે કરવાનું છે.

અદાલતનાં સવાલનાં જવાબમાં

સ્રીનો છેડા છુટકો લેવાની મરજી હોય અને ધણીની મરજી ન હોય; તો બાઇ કાઉંસીલમાં અરજ કરે ને છેડા છુટકો કરાવી આપે તો થાય, એવા દાખલા મારા જાણવામાં નથી.

અમે સ્વામીપંથી ખોજા છે એમ ખબર પડે તો તો તેની સાથે વહેવાર ન રાખીયે. ભાણાં વહેવાર કન્યા વહેવાર કાંઇ ન રાખીયે તા. ૭-૧૧-૧૪

ખોજા રતનશી રાજા રે. જાંબુડાની જુબાની.

પ્રતિવાદી વકીલના સુખ્ય.

હું જાંબુડામાં વેપાર કરૂં છઉં. ઇસમાઇલી ધર્મ પાળું છઉં. પરા પુર્વથી પાળું છું. હાજર ઇમામને

અમે માનીયે છીએ. હાલ હાજર ઇમામ આગા સુલતાન છે, તે ૪૮ મા ઇમામ છે. હઝરત ઇમામની ગાદી, શાહ અલીની ગાદી રોજ કયામત સુધી ચાલશે એમ અમે માનીએ છીએ. દસ અવતારને માનીયે છીયે. દસમો અવતાર મોલા મુર્તજા અલીનો માનીયે છીએ. તે નકલંક અવતાર થયો માનીયે છીએ. દસ અવતારનું પુસ્તક અમારામાં પીર સદરદીનનું કરેલું છે. પીર સદરદીને હીંદુમાંથી ખોજા ઇસમાઇલી ધર્મના બનાવ્યા. સદરદીન પોતે ઇસમાઇલી ધર્મનાં હતા. પીર સદરદીન ઇમામ મુસ્તન સર બીલા ૩૦ માં ઇમામના વખતમાં થયા. બધા ઇમામના નામ બરાબર યાદ નથી. ૩૦ માં ઇમામનું નામ મારા ધારવા પ્રમાણે ઉપર કહ્યું તે છે. ચોકસ કહી શકું નહીં. અમારી ધર્મ ક્રીયા અમે ખાનામાં કરીયે છીએ. ધર્મ ક્રીયામાં ખાને ત્રણ વખત દુવા પડીયે છીએ. ને પીર સદરદીનના ગ્નાન બોલાય છે. દુવા સમી સાંજમાં રાતે નવ બજે, ને સવારે પડીયે. હાજર ઇમામને કર ભરીયે છીએ.

અમારામાં સીરબંધી થાય છે. પોતાની મીલકત હાજર ઇમામને દઇદે તે સીરબંધી. ખોજા હમણા કેટલાક અસનાસરી થયા છે. મારા જાણવા પ્રમાણે ૧૦–૧૨ વર્ષથી થયા છે. ખોજા અસનાસરી તેને ને અમારે વહેવાર બંધ થાય. તે અમારી નાતમાં નહીં અસનાસરી સાથે ઇસિમાઇલી ખોજો વહેવાર રાખેતો તેને નાત બહાર કરીએ. આ કામનો વાદી કાસમ કાનજી હાલ અસનાસરી ધર્મ પાળે છે. તે કયારે અસનાસરી થયો તે મારા જાણવામાં નથી. તે નાત બાહારછે. તેની ઓરત નુરબાઈ તેની સાથે રહે તો, તેને નાત બહારકરીયે. અસનાસરી લોકો બાર ઇમામને માનેછે. અમારા ધર્મને લોપે ને ગુરૂને છોડે; માટે તેને નાત બાહાર કરીયે. ઇસિમાઇલી–અસનાસરી ઇમામ જાફર સાદક પછીથી જુદા પડે છે. ઇસમાઇલી લોકો જાફર સાદક પછે શાહ ઇસમાઇલને માને છે ને અસનાસરી મુસા કાજીમને માને છે. શાહ ઇસમાઇલને મુસા કાજીમ જાફર સાદકનાં દીકરા થાય છે. અશનાશરી હાજર ઇમામ તરીકે કોઇને માનતા નથી. તેઓ કોઇને ધર્મ ગુરૂ તરીકે માનતા નથી. બોધગુરૂ તરીકે પણ માનતા નથી. તેમનો કોઇ હેયાત ગુરૂ નથી. અસનાસરી થયા પહેલાં તેઓ અમે માનીએ છીએ તેને હાજર ઇમામ તરીકે માનતા અને કારભાર આપતા. અસનાસરી દસ અવતારને માનતા નથી. પીર સદરદીનનાં ગ્નાનને નથી માનતા. દુવાને પડતા નથી ને માનતા નથી. ઇસિમાઇલી લોકો ચોરાસી લક્ષ યોનીમાં ફરવાનું માને છે. અસનાસરી નથી માનતા પહેલા નવ અવતાર હીંદુ ધર્મનાંછે. દુવામાં દશ અવતારનાને ૪૮ હાજર ઇમામનાં નામ આવે છે. દરેક સુજીદા અંતે હાલના હાજર ઇમામ શાહ સુલતાન મહંમદનું નામ આવે છે. અમારામાં રોજા રેવાની ફરજ નથી રહેતો ના નથી.

અમારામાં સગપણની નોંધ કરવામાં આવે છે નોંધ ન કરાવી હોય તો સગપણ ના ગણાય. જમાતમાં નોંધાવેલું સગપણ પોતાની મરજીથી ત્રોડી શકે નહીં. વારસને અરજી આપે; ને વાજબી કારણ લાગે તો પરવાનગી આપે.

લગ્ન વખતે વરવાળા જમાતનો કાગળ લઇ જાય પીરસાહેબનો કારભાર ચુકાવ્યાની ખાત્રી માટે જમાતનો કાગળ લઈ જાય. વરવાળા જમાતનો કાગળ ન લઇ જાય તો નીકા અટકે. નીકા વખતે ગામની જમાત હાજર રહે.

જમાત વરવાળા પાસે કાગળ માગે ને કાગળ રજુ થયા પછે ત્યાંની બાબતના જમાંન લઇને નીકાની રજા આપે. અમારામાં એકપર બીજી ન થાય પણ કારણસર કરવી હોય તો, વારસ સાહેબને અરજ કરે અને તે તપાસ કરી વાજબી કારણ હોય તો આગલી ઓરતને માટે રોટી કપડાં ગુજરાન વીગેરેનો બંદોબસ્ત કરી પરવાનગી આપે.

બીજી કરવા પરવાનગી આપે ત્યારે પીરસરકારની ગુન્હેગારી લેવાય.

પરવાનગી વગર કોઇ કરી સકે નહીં; ને કરેતો નાત બાહાર કરવામાં આવે.

સવરીદડ દડનાં ખોજા મોતી લખુ ગોંડલમાં હીરજી વારસની દીકરીવેરે પરણ્યા હતા. તેણે પરવાનગી સીવાય બીજી સ્ત્રી કરી હતી. બીજી લાવનારને વારસે નાત બાહાર મુકયો, ને જામનગરનાં કામડીયાને ખબર આપી કે, મોતી લખુને નોટીસ આપો કે, તમે બીજી વગર પરવાનગીએ કરી, માટે નાત બહાર શાને ન મુકવા? હડમતીયાનો તે મુલ વતની હતો, તેટલે ત્યાં લખ્યું. હાલાર જમાતમાં ઠરાવમાં હું હાજર હતો તેથી હકીકત જાણું છઉં હાલાર જમાતે તેને નાત બહાર ન થવા દેવા બીજી વારનાં લગ્નની આગલી તારીખનો ઠરાવ કોરી ૧૨૫ કોરી ગુન્હેગારીની

કઇ વારસને લખ્યું. વારસે કબુલ ન કર્યું, એટલે તે હાલાર જમાતે પીર સરકારને અરજ કરી. ત્યાંથી વારસ સાહેબને હુકમ થયો કે, નાત બાહાર ન કરવો, ને ગુન્હેગારી કોરી ૩૭૫ લેવી.

મોતી લખુનું કુટુંબ હડમતીયામાં ખીમજી પુંજાનાં કુટુંબ તરીકે લેખાતું. તે સારી સ્થિતીનું ગણાતું ને એટ ડીવીઝનનું ઉપરી હોય તેવું ગણાતું. હાલાર જમાતમાં હડીયાણું, જાંબુડું, જોડીયા, મેંમાંણુ, નાંદુરી, ખડબા.

છેડા છુટકો કરવો હોય તો પણ અમારામાં પરવાનગી લેવી જોઇએ. પરવાનગી વગર ધણી ધણીયાણી છેડા છુટકો કરી શકે નહીં. વગર પરવાનગીએ છેડાછુટા જો કરે તો નાત બાહાર કરી દે.

વગર પરવાનગીએ છેડાછુટકો કર્યો હોય તેવો કોઇ દાખલો મારા જાણવામાં નથી. મારા પરગણામાં એવો કોઇ દાખલો બન્યો નથી અમારામાં તલાક આપી શકાય નહી.

અસનાસરી થાય તેનું ઇસ્માઇલીમાં સગપણ હોય તો સગપણ તુટી જાય.

તેવાં સગપણ તુટયાનાં દાખલા જાણુંછઉં.

જાફરી પોતાની દીકરી જાનબાઇને જોડીયે જેઠા ઇબ્રાના દીકરાને આપી હતી. તે અસનાસરી થઇ ગયા એટલે સગપણ તુટીગયું. તે બાબત જેઠાએ અમારા ઉપર ફરીયાદ કરી હતી.

જેઠાને નુકશાની બાબત ફરીયાદી કરી હતી તેથે ઘરેણું અમે આપી દીધાં ને તેણે લખી દીધું.

હડીયાણાનાં ખોજા હીરજી ઝીણાના દીકરા ને આપેલ હતી. તેનાં સાસરીયાવાલાં અસનાશરી થઇ જતાં સગપણ તુટયું ને બાઇને કુતીયાણે આપી. માહેલી પોતાની દીકરી શામજી હાજીનો દીકરો તુરમામદ વારસ સાહેબનો ભાણેજ છે તેને દેવાણી.

બોરસદનાં ખોજા સામજીનાં દીકરાની દીકરી હડીયાણે ડભાડુંગરનાં દીકરા વેરે આપેલ. તે ડભા ડુંગરનો દીકરો અસનાસરી થઈ જતાં, સગપણ તુટયું ને બાઇને બીજે દેવાણી.

જાંબુડાના જમાલ રતનાણીના દીકરાનું સગપણ મેમાણીમાં થયું હતું. જમાલ રતનાણી અસનાસરી થતાં તે સગપણ તુટી બાઇ બીજે દેવાણી.

હડીયાણાનાં મોતી કમ:ના દીકરી લાલપુર દેવાણી હતી. લાલપુર વાળો અસનાસરી થઇ જતાં, સગપણ તુટયું, ને બાઈ બીજે દેવાણી. લગ્ન થઇ ગયા પછી ધણી અસનાસરી થઇ જાય તો બાઇ જુદી રહે છે ને ધણીને ત્યાં જતી નથી. એ હું જાણું છઉં. બીજુ ઘર કર્યાનું હું જાણતો નથી.

ઉલટ—

ઇસમાઇલીને અસનાસરી બંને શીયા ધર્મના છે. ખુદા તો આખી જાહાનનો એકજ છે. મહંમદ પેગમ્બરને માનીયે છીએ. અસનાસરી મહંમદ પેગંબરને માને છે કે કેમ તે ખબર નથી. હઝરત અલીને અમે ને અસનાસરી ઇસમાઇલી હતા ત્યારે માનતા. હવે તે માને છે કે નહીં તે ખબર નથી. દુનીયા પેદા કરવાની અને નાશ કરવાની શકતી ખુદા સિવાય બીજા કોનામાં હોય.

આગા સાહેબ સબંધમાં ખુદાનો અંશ છે, એમ અમે માનીયે છીએ. અવતાર જેટલા થયા છે તેટલામાં ખુદાનો અંશ છે. આપણામાં ખુદા વ્યાપક છે ખુદાની શકતી આપણામાં નથી.

ખુદાનો સહુ જહાંન માને છે. ખુદાનું નામ નથી. તે તો નીરાકાર છે નિરંજન છે. મને ધુવા પડતાં આવડે છે. ૩૦ મો ઇમામ કયાં હતા તે જાણે યાદ નથી. ગુન્હેગારીની જે રકમ અમારામાં લેવાય છે તે આગા સાહેબને મોકલી દેવામાં આવે છે અને બધા મુસલમાનો સાથે ભાણે વ્યવહાર રાખીએ છઇએ. અસનાસરી ખોજા સીવાયનાં બીજા મુસલમાનો સાથે જમવાનો મારે પ્રસંગ આવ્યો નથી; પણ તેની સાથે ભાણા વહેવારમાં વાંધો નહીં. અસનાસરી સાથે ભાણાં વહેવાર રાખીયે નહીં. તેણે નાત નામે પોતાનો ધર્મ તજ્યો માટે તેની સાથે વહેવાર રાખીયે નહીં.

દરેક મુસલમાનના પીર મુરસદ જુદા જુદા હતા હાલ અસનાસરી થાય છે. તેઓને અમારો પીર મુરસદ એક હતો. ધર્મ એક હતો. તે ધર્મને પીરને તેણે તજ્યા, તેની સાથે વહેવાર ન રાખીયે.

હાજર ઇમામ પોતાની હયાતીમાં જે પોતાની પાછલ ઇમામ નીમે તે ઇમામની ગાદીએ બેસે.

કાસમ અસનાસરી થયાનું સાંભળ્યું હતું; ને માહારથી લખાઇ આવ્યું હતું; કે કાસમ અસનાસરી થઇ ગયો.

અસનાસરીનાં કાયદાને ધોરણ શું છે તે જાણતો નથી, અસનાસરી ધર્મ અમારાથી જુદો છે. તે બા ૨ ઇમામને માને અને અમે અડતાલીસ ઇમામને માનીયે. અસનાસરી ધુવા નથી પડતા એમ અમે જોઇએ છીએ. અમારા ધર્મની કોઇ બાબત તે પણ કરતા હોય એમ અમારા જાણવામાં નથી.

મુસલમાન સરેહ અમારામાં બતાવી છે તે મુજબ માનીએ. અમારા નીકા હાજર ઇમામે આપી છે મુજબ થાય છે. મુસલમાનો કેવી રીતે કરે છે તે ખબર નથી.

અમારા નીકા ગુજરાતી ભાષામાં પડીએ છીએ અરબી ભાષા અમે સમજીયે નહીં.

અમારા ખોજા કોઇ રોજા રાખે ને કોઇ ન રાખે, રાખવાની કાંઇ ફરજ નથી. નીમાજ હું પડતો નથી. નીમાજ પઢવાનો અમને હુકમ નથી. કુરાન અમે પડતા નથી. પડવાનો હુકમ નથી.

હાલાર જમાતનાં ગામોનાં થોડા ઘણા ખોજા અસનાસરી થયા છે. હડીયાણામાં ૩૫ ઘર ખોજાનાં હતાં. તેમાં ૫ ઇસમાઇલી અને ૩૦ અસનાસરી થઈ ગયાં છે. જોડીયામાં ત્રણ ઘર હતાં તેમાં ત્રણે ઘર અસનાસરી થઈ ગયાં. નાંદોરીમાં ત્રણ ખોરડાં હતાં તેમાં એક ઇસમાઇલી છે. મેંમાણામાં બે હતાં; તેમાં એક ઇસમાઇલીને એક અસનાસરી છે. ખડબાં-દસ ઘર તેમાં બે અસનાસરી થયાં. તેમાં નાની બાઇઓ હતી. તે પોતાને ઘેર રહી અને મોટી હતી તે ધણી ભેગી રહી.

કેટલીક ધણી ભેગી નથી ગઇ તે નોંધ નથી, નગરમાં ચાર પાચ બેઠી છે. બીજે છે.

પેથા રત્નાણી નગરનો તેનાં દીકરાની વહુ બાઇ ...ી, તેનો ધણી અસનાસરી થવાથી તેનાંથી જુદી છે અને પોતાનો દીકરો પણ પોતા પાસે છે.

તે સિવાયનાં બાઇઓનાં ધણી કે બાપનાં નામ ...ડતાં નથી. મોતીએ બીજું ઘર કર્યું નથી. પણ પાસે દાગીનાં છે તેમાંથી ખાય છે તે બાઇ જંગબાર ગઇ છે. ને તેનાં ધણીથી જુદી રહે તેનાં ધણીએ બીજી કરી લીધી છે.

ધણી અસનાસરી થવાથી સ્ત્રી એ બીજો ધણી કર્યો. એવું મારા જાણવામાં નથી ને એવો દાખલો અમારી નોંધમાં બન્યો નથી.

કોઇ ઇમામે પોતાની સ્ત્રી ને તલાક આપ્યાની મને ખબર નથી. મેં સગપણ ફુટયાનાં દાખલા બતાવ્યા તે મારા ગામનાં ને બીજા ગામનાં પણ છે. બીજા ગામનાં દાખલા છે તે અમારા સગાં છે. તે સગપણોમાં હું સામેલ હતો તેથી જાણું છું.

અસનાસરી થવાય છે. ઇસમાઇલી તેને પોતાની દીકરી પરણાવે તો તેને નાત બાહાર મુકીયે

સ્વામીપંથી ખોજા અમારામાં કોઈ નથી. મારા જાણવામાં નથી. કોઇ વેદાન્તી ખોજો અમારા પંથકમાં નથી. આગા સાહેબને ખોજા સિવાયનાં બીજા ઘણાઓ માને છે. તે લોકો અરબસ્તાનમાં છે હીંદુસ્તાનમાં ખોજા સિવાયનાં આગા સાહેબને બીજા માનનારા છે કે નહીં તે મને ખબર નથી. નીકા ભણવાની અમારા ધર્મમાં રીત એક. માહારા ધર્મથી હું માહેતગાર છઉં. અમારા નીકા વખતે કબુલત લેવામાં આવે છે. બાઇની મોહોર ઠરે ને વકીલ બાઇને જઇને કહે કે, તે નીકા કબુલ કરે. તે કબુલત પરાપુરવથી લેવાય છે.

આગા સાહેબ અમને બતાવે તે ધર્મ અમે પાલીયે. તેને અમારે પુછવા શું જરૂર કે તમારો ધર્મ શુ ? પોતાનો હોય તેજ તે બતાવે.

અસનાસરી ખોજા મુસલમાન. હીંદુ નહીં. મુસલમાનથી હીંદુ થવાતું નથી.

ખોજા કોઇ સુન્ની નથી.

હું મુસલમાંન છઉં. પીર સદરદીને અમને હીંદુમાંથી મુસલમાન કરે ૫૦૦–૭૦૦ વર્ષ થઇ ગયાં હશે.

અસનાસરી સાથે ભાણાં વહેવાર ન રાખવાનું આગા સાહેબનું ફરમાન છે. અમારા પોતાથી પણ અમે વહેવાર ન રાખીયે.

અમારી નાતનાં લેખીત કાયદા થયા છે. આ મુલકમાં બે વર્ષથી થયા છે. આફ્રીકામાં પાંચ સાત વર્ષથી થયા છે. રીવાજ તેનાં તે છે પણ તકરાર થવા માંડયા એટલે લેખીત ધોરણ કરવા પડયા.

[illegible] આ મુલકમાં કોઈ ખોજા [illegible] ન હતા.

[illegible] આસરે ૧૦૦–૧૫૦ ઘર અસના [illegible].

[illegible] અસનાસરી ધર્મ પાળે છે કે [illegible] નથી. તેની વહુ તે ધર્મ પાળે [illegible] તે [illegible] નથી. ઇસમાઇલી કોઈ મકે હુ [illegible] નથી.

[illegible] અસનાસરી પોતાના ધણી સાથે જાય તો [illegible] તેનાં બાપ વહેવાર ન રાખે. મારો [illegible] અસનાસરી થાય તો તેને નોખો [illegible].

[illegible]—

[illegible] નીસ જાંબુડામાં પઢાવીયે છીએ. [illegible] નીસ લખી છે. પણ બોલીયે ગુજ- [illegible] ઇસમાઇલીનો ભાગ અસનાસરી ક [illegible] અમે ઇસિમાઇલી મુસલમાન કહેવાઇએ.

[illegible] ૮ [illegible] ૧૯૧૪

———

[illegible]સિમાઇલી મીશનરી તલકસી લવજીની જુબાની.

[illegible] હું આગાખાનનો નોકર છઉં. ને કેલવણી [illegible] નોકર છઉં. ગુજરાતી સ્કુલનો હેડમા- [illegible]. તે ખાતામાં બાવીસ વર્સ નોકરી કરી. [illegible] વર્ષથી હક રાખીને રજા ઉપર છઉં. આગાખા- [illegible] હુકમથી કાઠીયાવાડ આખામાં ઇસમાઇલી ધર્મનો [illegible] કરું છઉં.

[illegible]ગાખાનના હુકમથી કાઠીયાવાડ આખામાં ઇ- [illegible] ધર્મનો બોધ કરૂંછઊં જમાતમાં તકરાર ફી- [illegible] તો સમાધાન કરવા જાઉંછઊં. સીવાય હ- [illegible] પાસે જમાતનાં દફતરનું કાર કરૂંછઊં. ઉ- [illegible] જમાતી કામ કોરટમાં કે સરકાર દરબારમાં હોય [illegible] તરીકે જાઊંછઊં. હુ સીહા ઇમામી [illegible] ધર્મ પાળુંછઉં. મારા પુર્વજો વંશપરંપરા [illegible] આવે છે ને હું પણ તેજ પાળુંછઉં. અમે હીન્દુમાંથી ખોજા. પીર સદરદીને શીયા ઇમામી ઇસ- માઇલી ધર્મના હતા. જ્ઞાનમાં ઠેકાણે ઠેકાણે તે વાત આવે છે. તેથી પીરસદરદીન તે ધર્મનાં હતા એમ હું કહુંછઉં. તેવું જ્ઞાન મને યાદ છે. પીર સદરદીન શાહ ઇસલામ શાહ ૩૦ માં ઇમામનાં વખતમાં થયા. અમે હાજર ઇમામને માનીયેછીયે હાલમાં હાજર ઇમામ આગા સુલતાન મહંમદ શાહ છે. તે ૪૮ માં ઇમામ છે. ઇમામની ગાદી મુર્તજાઅલીથી શરૂ થઈ તે ગાદી રોજ કયામત સુધી ચાલશે. અમે દસ અવતારને મા- નીએ છીએ દસે અવતાર વીસ્નુનાં અવતાર છે એમ માનીયે છીએ. તે દસ અવતારનાંનામ આવડે છે.

મચ્છ, કચ્છ, વરાહ, નૃસિંહ, વાયમણ (વામન) પરસીરામ (પરસુરામ) રામ, કૃષ્ણ, બુદ્ધ, નીકલંક, જે- ને અમો મૌલા મુર્તજા અલી કહીયેછીએ. તે દશ- અવતારનું પુસ્તક પીરસદરદીનનું બનાવેલું છે. જ્ઞાનમાં પણ દસ અવતારની વાત આવે છે. ધુવાપડીયે છીએ તેમાં પણ દસ અવતારનાં નામ આવે છે. હાજર ઇ- મામને કારભાર આપીયેછીએ છીએ. છોકરૂં જન્મે એટલે છઠ્ઠીનો દાદ. દીકરા દીકરી બંને માટે. પછે સ- ગાઇમાં દાદ આપીયે છીએ. સસુરતાનો દાદ, માંડવા- નો દાદ, લગ્નનો દાદ, આણાંની સાર, આપવામાં આવેછે. આણાંની સાર એટલે જેટલી કીમતનું આણું હોય તેનો આઠમો ભાગ આણું લેનાર આપે; તેને દસોંદ કહેવામાં આવે છે. પહેરામણી કરી હોયતો પહેરામણી પહેરનાર આઠમો ભાગ આપે. મરણ વખતે દાદ આપીયે છીએ જેને સમર કહેવામાં આવે છે. તેનો અર્થ ભાથું થાયછે. કારજ વખતે પણ દાદ અપાય છે. કારજ કરનાર આપે.

સમર ઘરધણી સીવાય બીજા પણ આપે. તે સી- વાય ચંદ્રાકી દર માસની બીજે અપાય છે; જેને માપરૂં કહેવાય. ને દશોંદ આપે. દસાંશ આપે ને આ- ઠમો ચોખ્ખો આપે, તે બીજે આપે, અગર રોજને રોજે આપે. ચોખ્ખી દશોંદ આતે. દશોંદી કહેયાય માયરૂં કે ચંદ્રાકી આપે તે પેટાંદી કહેવાય. તે સિવાય થાલ સુફરા વીગેરે શ્રધા પ્રમાણે કરે છે. દેવ પાસે જેમ થાળ મુકાય તેમ અમે મુર્તજા અલીને કે હા- જર ઇમામને થાળ ધરીયેછીએ. અમારામાં શીરબંધી થાય છે. પોતાની મીલકત હાજર ઇમામને અર્પણ કરવી તે સીરબંધી. સીરબંધી હાજર ઇમામ, વારસ, ધર્મનો બોધ કરનાર અને જમાતનાં મુખી કામડીયા પાસે થઇ શકાય. જેણે સીરબંધી કર્યાં હોય તે મીલકતની

કીંમત સમાવહાલામાંથી લઇને ભરેથી; અગર હદ્દતા કરાવીને અગર ખાતે મંડાવીને મીલકત પાછી લઇ શકે

કારભાર અમે આપીએ છીએ; તે એમ સમજી ને આપીએછીએ કે, તેથી અમને સવાબ થાય, ને જીવની મુક્તી થાય. ને બહેશ્ત થાય. તે બધું અમે હાજર ઇમામને આપીએછીએ. ધર્મ ક્રીયા અમે અમારા ખાનામાં કરીયેછીએ. ધર્મ ક્રીયામાં દરેક સાંજે ખાને જઇ, પહેલી ધુવા પડીયે. ધુવામાં ૪૮ ઇમામને દસ અવતારનાં નામ આવે છે. દરેક સુજીતાને અંતે હાજર ઇમામનું નામ આવે છે. પીર સદ્દરદીનનાં ગ્નાન બોલાવીયે. ફરી ૮–૯ બજે ધુવા પડીયે. ને પાછા પરોડીયે. કેટલાક ખોજા અસનાસરી થઇ ગયા છે. કાઠીયાવાડમાં ધોલેરા ભાવનગર ને મહુવા તરફ ૨૫–૩૦ વર્સથી ને, બાકીનાં ભાગમાં ૧૦–૧૨ વર્સથી થયા છે. મુંબઇમાં પણ અસનાસરી થયા છે. તેને મારા સમજવા પ્રમાણે ૩૦–૪૦ વર્સ થયા હશે અશનાસરી અમારાથી છઠા ઇમામથી જુદા પડે છે. છઠા ઇમામ તરીકે અમે શાહ ઇસમાઇલને માનીએ છીએ ને તેઓ મુસા કાજમને માને છે.

પહેલા ઇમામ મુર્તજા અલી, બીજા હુસેન, ત્રીજા જેમ અલાઉદ્દીન, ચોથા મહંમદ બાકર, પાંચમાં જાફર સાદીક. શાહ હસનને અમે ધર્મ ગુરૂ તરીકે માનીયે છીયે. અસનાસરી તેને ઇમામ તરીકે માને છે. એટલે તેની ગણતરીયે જાફર સાદીક છઠા ઇમામ થાય. શાહ હસનને તે બીજા ઇમામ માને છે. હાલના હાજર ઇમામ ઇમામની અને ધર્મ ગુરૂની બંને પદવીઓ છે. ધર્મ ગુરૂ તરીકે તે ૪૯ માં આવે છે અસનાસરી હાજર ઇમામને નથી માનતા.

ઇસમાઇલી.		અસનાસરી.
૧	હાજર ઇમામને માને.	૧	હાજર ઇમામને ન માને.
૨	ગુરૂ માનીયે.	૨	ગુરૂને ન માને.
૩	પીર સદરદીનનાં ગ્નાનને માને.	૩	પીર સદરદીનનાં ગ્નાનને ન માને.
૪	દસ અવતારને માનીયે.	૪	એકે અવતારને નથી માનતા.
૫	અમે ધર્મ ક્રીયા ખાનામાં કરીયે	૫	ધર્મ ક્રીયા મેહફીલ યા મસજીદમાં કરે.
૬	અમે ધુવા પડીયે.	૬	તે નીમાજ પડે છે
૭	અમે આગાખાનને કારભાર દઇએ.	૭	તે આપતા નથી.
૮	અમે વીવામાં વાજાં ગાજાં વગડાવીએ	૮	તેમનામાં બનતા લગી તેમ થતું નથી.
૯	અમારામાં લગ્ન વરને કન્યાની હાજરીમાં અને સાહેદને વકીલથી પુછાવીને થાય છે.	૯	વર કન્યાની હાજરીમાં તેમનામાં થાય છે, અને વખતે વર એક ગામ હોય, કન્યા બીજે ગામ હોય, ને તેમનાં કાગલ પરથી કાજી બીજે ગામ નીકા પડે ને લખે કે નીકા પડયા એટલે તે નીકા કબુલ રાખે છે.
૧૦	અમારામાં નીકા કાયમને માટે થાય છે,	૧૦	તેમનામાં મારા સમજવા પ્રમાણે અમુક મુદ્દતના પણ નીકા પડાય છે. જેનું નામ "મુત્તા" લગ્ન કહે છે.

જીણા જીણા બીજા તફાવત ઘણા હશે, પણ મોટા મોટા ઉપર પ્રમાણે છે. અસનાશરી લોકો બારમા ઇમામથી ગાદી ખતમ થઇ છે એમ માને છે.

જે ખોજા અસનાસરી થાય છે તેને અમે નાત બહાર મુકીએ છીએ. તેની સાથે ખાવા પીવા કે રહેવાને વહેવાર રાખે તેને પણ અમે નાત બાહાર મુકીએ છીએ. આ કામનો વાદી કાસમ કાનજી નાત બહાર છે. તે આફ્રીકામા અસનાસરી થયો છે. નુરબાઈ તેની સાથે રહે તો તેને પણ નાત બાહાર કરીયે. મુળ તેઓ ઇસ્માઇલી હતા. અમારી નાતના હતા. ઇસમાઇલીમાં તેનો જન્મ હતો; છતાં અસનાસરી થવાથી તેઓ ધર્મ ભ્રષ્ટ થયા ગણી તેને નાત બાહાર મુકીયે છીએ.

મહુવા, ધોલેરા, ભાવનગરમાં અસનાસરી થઈ ગયા છે. તે બધા નાત બહાર છે. તેની સાથે ઇસ્માઇલીને વહેવાર નથી. ધોલેરામાં મારા સગા છે. તે તરફ મારો જાવરો આવરો ઘણો છે; તેથી હું જાણું છઉં. મુંબઇમાં અશનાસરી છે, તે પણ નાત બહારછે મુંબઇ મારો ઘણો જાવરો આવરો છે ને ત્યાં ઘણું રહું છઉં. અસનાશરી દફન ક્રીયામાં ઇસ્માઇલી જાય તો તે ગુન્હેગાર થયો. ને તેને સજા થાય છે. અને

નાતબહાર થાય છે. ખોજા અસનાસરી થાય અને તેનું ઇસમાઇલીમાં સગપણ હોય તો તે સગપણ તુટી જાય. મારા જાણવામાં તે દાખલા છે. મુંબઇ તીથવાને હાલ થાનના રહેવાસી કાસમ પ્રેમજીની દીકરી જોડીયામાં રાઘવજી ધનજીનાં દીકરાને તેનો સગો ભાણેજ થાય, તેને દીધી હતી. રાઘવજી ધનજીવાળા અસનાસરી થઇ જતાં કાસમ પ્રેમજીએ પોતાની દીકરીને રાજકોટ સોમજી જીવાના દીકરા વાલજી વેરે પરણાવી દીધી.

તીથવાના કરીમ જેસાની દીકરી ઘણું કરીને દ હીસરાનાં કાળાનાં દીકરા વેરે સગપણ થયું હતું તે અસનાસરી થતાં કરીમે પોતાની દીકરી ઝાલાવાડમાં બજાણાના તાબાનાં ગામ પીપળીમાં પરણાવી. સામજી આવજી તીથવા વાળાની બેનને તેનાં સાસરીયા અસનાઅસરી થતાં ઇસમાઇલીમાં પરણાવી.

કાંઢનાં ઇસમાલ ગાંગજીની દીકરી સાંકુનું માળીયા મીયાણામાં સગપણ કરેલું હતું. તે અસનાસરી થતાં સાંકુને વાંકાનેર તાબાનાં ગામ પંચાસીયાનાં ખોજા જેમા વાલજીનાં દીકરા વેલશી વેરે પરણાવી.

ખીરસરાનાં કરસન સામજીની દીકરીનું સગપણ હડીયાણાનાં દમા ડુંગરનાં પુત્ર ઇબ્રામ વેરે કર્યું હતું. તે અસનાશરી થઇ જતાં બાઇને ઇસમાઇલીમાં કરસને પરણાવી.

મેંગણીના ખોજા અમરસી જમાલની દીકરી જાંબુડામાં જમાલ રતનસીનાં દીકરા વેરે આપી હતી. તે અસનાસરી થતાં અમરસીએ તે બાઇને વીરપુરનાં ખોજા કાનજી વેરે પરણાવી.

હડીયાણાનાં મોતી દમાની દીકરીનું સગપણ લાલપુરમાં કર્યું હતું. તે અસનાસરી થવાથી તેને મારા સમજવા પ્રમાણે વાનાવડમાં ઇસમાઇલીને ત્યાં પરણાવી.

મારી જાત માહેતીનાં આટલા દાખલા છે. તે બાબત મેં મારી પોતાની હાથ દસ્તથી નોંધ કરી છે. તેમાં જોઇને આ દાખલા લખાવ્યા છે.

પરણ્યા પછે ખોજો અસનાસરી થાય તો ઇસમાઇલી બાઇ સાથેનાં નીકા તુટી જાય. ને બાઇ ઇસમાઇલીને તેને મરજી હોય તો જાય. તેવા દાખલા પણ બન્યા છે. મારી જાત માહેતીનાં છે તે હું લખાવું છું.

આગાખાનનાં હજુરી આલી જાહ હાજી મહમદ નજર અલીની દીકરી જેનું નામ ઘણું કરી ખતીજાં હતું; તેને પરણાવ્યા પછે સાસરીયાં અસનાસરી થતાં તે બાઇને સુલ હડમડીયું ને હાલ મુમ્બાસાના ઇસ્માઇલી નુરમામદ સલેમાન વેરે આપી.

ગોંડલના ખોજા ખોદા રાજનની દીકરીને સીસાંગમાં પરણાવી હતી. તેનો ધણી અસનાસરી થતાં તે બાઇને ઇસ્માઇલીમાં દીધી. મારા ધારવા પ્રમાણે ગોંડલ કાઉંસીલે નીકા તોડી પરવાનગી આપી છે. જસબાઈ વેરસી રાવલની તેનો ધણી પરણ્યા પછે અસનાસરી થતાં તેનાં નીકા તુટયા; ને બીજે ઇસ્માઇલીમાં જવા મારા સમજવા પ્રમાણે પોરબંદર કાઉન્સીલે પરવાનગી આપી છે. હું પોરબંદર ઘણી વખ્ત જાઉં છઉં. તેથી જાણું છઊં.

મુખી તલકસી મોતીની દીકરી નુરબાઇને લીંમડીના પુંજા ગોવાના દીકરા મોહન વેરે પરણાવી હતી. તે મોહન અસનાસરી થતાં નુરબાઇને ઇસ્માઇલીમાં દીધી.

એટલા દાખલા મને યાદ છે. બીજા મારી નોંધ જોઈ કહીશ. કરેલો નોંધ જોઇ હું કહું છું કે—

પાનેલીના મુખી ઝીણા પુંજાની દીકરીને ઘણું કરીને સરોદડમાં પરણાવી હતી. તે અસનાસરી થતાં તેથી ઝીણાએ પોતાની દીકરીને ઇસ્માઇલીમાં દીધી.

રાવળવાળા રવજી સરીફની દીકરી તે રાવળમાંજ પરણાવી હતી. સાસરીયાં અસનાસરી થતાં ઇસ્માઇલીમાં દીધી.

જેતલસરમાં જીવરાજ પ્રેમજીની દીકરીને કોયલી વાળા ડોસા રતનશીના દીકરા વેરે પરણાવી હતી. તે બાઇનો ધણી પરદેશ અસનાસરી થઈ ગયો; તેથી જીવરાજે પોતાની દીકરીને મોવૈયાના બાવા રૂપાના દીકરા વેરે આપી.

સુપેડીના ઇસમાલ જુમાનો ભાઇ કરીમ જુમા માંગરોળના જમાત કામડીયા સરીફ વેલજીની બહેન વેરે પરણાવ્યો હતો. કરીમ અસનાસરી થતાં સરીફ પોતાની બહેનને ઇસમાઇલીમાં આપી દીધી.

જામનગર હાલ ડાંડીયાના ખોજા લખુ મેઘજી પોતાના ગુજરી ગયેલા ભાઇ ડાયા મેઘજીની દીકરી અમરને મોરબી તાબે શાહપુરના ખોજા રવ[illegible] અલાનના દીકરા કરીમ વેરે પરણાવી હતી. કરીમ અસનાસરી થયાનાં ખબર મળતા અમરને લખુ જામનગર તાબે લુસ ગામમાં ઇસ્માઇલીને આ[illegible] દીધી. મારી માહેતીના આટલા દાખલા

તા. ૯-૧૧-૧૪

પ્રતિવાદી વકીલ મુખ્ય તપાસ—

કોઇ ઇસમાઇલી ખોજો પોતાની કન્યા અસનાસરીને પરણાવે તો તેને નાત બાહાર મુકીયે. એવા દાખલા બનેલા છે. હળવદના ભલુ તેજસીના દીકરા પીરભાઇની દીકરીનું માલીયામાં સગપણ કરેલું, તે અસનાસરી થઇ ગયો છતાં તેને પરણાવી, તેથી તેને નાત બહાર કર્યો હતો.

કીર્ડીવાળા જમાલ કુંવરજીનાં ભત્રીજાની દીકરીનું માલીયામાં સગપણ કરેલું. તે અસનાસરી થઇ ગયા પછી પણ તેને પરણાવી તેથી તેને પણ નાત બહાર કર્યો હતો. તે કામમાં હું પોતે ફરીયાદી હતો. બંને કેસોમાં હું ફરીયાદી હતો. બંનેના કેસો થયા છે જજમેન્ટની નકલ રજુ કરું છઉં.

જે કેસો હું રજુ કરૂંછું તે વારસ સાહેબનાં જમાતી દફતરમાંથી હું લાવ્યો છઉં. તે દફતરનું કામ કાજ કરૂંછઉં.

માંડવાવાળા વીરજીએ પોતાની દીકરીને અસનાસરીમાં દાધી તેથી તેને નાત બહાર કર્યો. તે બાબતનું જા. નં $\frac{૭૪}{૬૨}$ ના બતાવી નકલ રજુ કરૂં છઊં.

અસનાસરીની દીકરી કોઇ ખોજો પરણે તો તેને પણ નાત બહાર મુકીયે.

અસનાસરી બાઈ ઇસમાઇલી થવા અરજ કરે; ને તે ઇસ્માઇલી થાય ત્યાર પછે તેના નીકા ઇસ્માઇલી રીત પ્રમાણે થાય ત્યાર પછે તે નાતમાં આવે.

જમાતી કેસના $\frac{૧૬૧}{૬૦}$ ઠરાવ તારીખ ભાદરવા સુદી ૫ નો કેસ જજમેન્ટની નકલ રજુ કરૂં છઉં.

કોઇ અશનાસરી ઇસમાઇલી થવા માગે તો તે અરજ કરે એટલે પાછો અસનાસરી થવાનાં સારા જામીન અગર ડીપાઝીટ લઇ મુચરકો લઇ, ગુન્હેગારી લઇને ઇસમાઇલી કરીયે. ને બે વરસ ઇસમાઇલી રહે પછે તેનાં સાદી, સગપણ થાય અને તે ખબર બધે આપવામાં આવે. વખતે છાપા દ્વારા પણ ખબર અપાય, તેવીરીતે થોડું બને છે. રેકર્ડપર ઘણાં દાખલા છે પણ ચારપાંચ લાવ્યો છઉં. જમાતી કેસના $\frac{૪}{૬૫}$ તારીખ કાર્તીક સુદી ૧૫ નાં ઠરાવની નકલ રજુ કરૂં છઉં. સુપેડીવાળા રેમતલા ભાણજીનો તે કેસ છે. જમાતી કેસના $\frac{૫૦}{૬૫}$ પોરબંદરના ગુલામ અલી સોમજીનો વેસાક તા ૭ નાં ઠરાવની નકલ રજુ કરૂંછઉં.

જમાતી કેસના $\frac{૧૭૯}{૬૫}$ રાવકીના ડાયા કેસવજીનો પ્રથમ શ્રાવણ તા ૧૦ ના ઠરાવની નકલ રજુ કરૂં છઉં. અસનાશરીનાં મરણ પરણમાં કોઇ ઇસમાઇલી જાયતો તેને નાત બહાર કરીયે ને તેને નાતમાં આવવું હોય તો, ફરી તેવું વર્તન નહીં કરવાનાં જમાંન કે મુચરકો આપે; એટલે ગુન્હેગારી લઇને નાતમાં લઇએ એવા દાખલા બનેલા છે.

જમાતી કેસના $\frac{૭૮}{૬૦}$ બાલંભાનો, સામજીને ત્યાં નીકા વખતે તેનાં નવ સગા ગયા હતા. તેને નાત બહાર મુકયા હતાં. તેમને તેમની અરજ ઉપરથી રૂપીયા ૨૫૪ દંડ લઇ નાતમાં લીધા હતા. ઠરાવની નકલ રજુ કરૂંછઉં.

વાદી વકીલ આ કેસો દાખલ થવા સામે વાંધો લેછે અને તે કોઇ ઇસ્યુમાં લગતા નથી એમ કહેછે.

ધર્મો જુદા જુદા છે કે કેમ? એ નકી કરવામાં આ સવાલો અને બે ધર્મોના લોકોની માન્યતા અને મતભેદ નકી કરવાનાં દાખલા રૂપે તે લગતા છે અને દાખલ કરવા પરવાનગી આપી.

જમાતી કેસ નાં. $\frac{૨૫}{૬૫}$ ક્રોળ વાળા લાલજી લાધાની ઓરત રાજુનો પોસતા ૯ ના ઠરાવની નકલ રજુ કરૂં છું

જમાતી કેસ નંબર વગરનો ક્રોળ વાળા જીવરાજ લવાનનો આસુ તા $\frac{૧}{૬૫}$ નાં ઠરાવની નકલ રજુ કરૂં છઉં.

ઇસમાઇલી ખોજો બીજી મુસલમાન કોમમાંથી કન્યા લાવે તો તેને નાત બાહાર મુકીયે. બાઇ પોતે ઇસ્માઇલી થાય અને ગુનેહગારી આપે અને ફરી નીકા થાય ત્યારે નાતમાં લઇએ. ઇસ્માઇલી ખોજો હિંદુમાંથી કે પર કોમમાંથી તેમાંથી કન્યા લાવે તો નાત બહાર મુકીએ.

મોરબી તાબે શાહપુરમાં કરસન કરીને ખોજો છે તે ઘરમાં બ્રાહ્મણ તરગાળી લાવ્યો હતો; તેથી તેને નાત બહાર મુકયો. જસદણ તાબે પુંદણીમાં સીદી નામે ખોજો ઘરમાં કોલણ લાવ્યો હતો. માટે નાત બહાર થયો હતો. ત્યાર પછે બે ત્રણ વરસે બાઈ પોતે ઇસ્માઇલી થઈ ગુન્હેગારી આપીને લગ્ન ફરી થયું ને નાતમાં આવ્યો. રેકર્ડમાં બીજા દાખલા છે.

પુનાનો ખોજા તલકસી મેરાલી સુની જમાતમાં દાખલ થયા. ને સુની સાથે લગ્ન કર્યાં, અને તેને પુના કાઉંસીલે નાત બહાર મુકી જુનાગઢ ખબર આપ્યા; એટલે વારસ સાહેબે જા. નં ૯૩૭/૬૮ થી તેને કાઠીયાવાડમાં નાત બહાર કર્યો. તેની નકલ રજુ કરૂં છઊં.

રાણાવાવનો સુરા જમાલ સુની જમાતમાં દાખલ થવાથી નાત બહાર જા નં ૩૬૨/૬૦ થી થયો. તેની નકલ રજુ કરૂં છઉં. અમારામાં સગપણની નોંધ જમાતખાનામાં ચોપડામાં રાખવામાં આવે છે તે ચોપડાની માલકી આગાખાનની ને જમાતના વહીવટનો ચોપડો તે કહેવાય. સગપણ થયા પછે તોડવું હોય તો પોતાની મેળે કદી તોડી શકે નહિં; પણ તોડવું હોય તો હાલ કાઉંસીલને અરજ કરે અને આગળ વારસ સાહેબને અરજ કરે. પછે મુદત આપી ને બંનેને બોલાવે. બંનેની સંમતી લઇને અગર પોતાને યોગ્ય લાગેતો તોડવાની સંમતી આપે.

સાહેદે પ્રતિવાદી વકીલને પુછ્યું કે તમે એક ઉપર બીજી કરવા માટે મને પુછ્યું ? આ સવાલનો નોંધ લેવા વાદી વકીલ એમ કહીને માંગ્યું કે સાહેદ વકીલને પણ સવાલ સુચવે છે. હિત વાલો છે. વાદી વકીલની માગણીથી તેનો નોંધ લેવામાં આવે છે.

એક સગપણ કાયમ હોય ને બીજું કરે તો એમ તે કરનારને નાત બહાર મુકીએ નાતમાં આવવું હોય તો અરજ કરે એટલે તજવીજ કરી એમાંથી એક સગપણ ત્રોડી ગુન્હેગારી લઇને નાતમાં લે.

જમાતી કેસના ૩૨/૪૭ સીયાળવાળા કુંવરજી સુંદરજીની દીકરી સોનબાઇના કેસને તારીખ વૈશાક ૨૦ નો ઠરાવ બતાવી નકલ રજુ કરૂં છઊં.

સગપણ થયું હોય ત્યાં ન પરણાવતાં બીજે પર ણાવે તો નાત બહાર મુકીયે.

સગંપણ તોડવાનું યોગ્ય ન વાગે તો ના પાડી પરણાવવાની ફરજ પાડે.

જમાતી કેસ નંબર વગરનો સંવત ૧૯૫૨ નાં ચૈત્રનો ઉપલેટાનાં ખોજા રાજા હાજીનાં દીકરા અભરામનું સગપણ ઉપલેટાનાં રહીસ કાળાની દીકરી અલ વેરે કરેલું હતું. બાઇનાં બાપે તોડવા અરજ કરી તે નામંજુર કરી પરણાવવા ફરજ પાડી. તે ઠરાવની નકલ રજુ કરૂં છું.

જમાતી કેસ નાં. ૧૦૫/૫૬ અસાડતા ૯ નો ઠરાવની નકલ રજુ કરૂં છું. તેમાં નહીં પરણાવતાં નાત બાહાર કર્યો હતો. બીજા દાખલા ઘણા છે એક ઉપર બીજી કરવી હોય તો કાઉંનસીલને અરજી આપે. આગળ વારસની મેળવવી જોઇએ. મેળવે નહીં તો નાત બાહાર મુકે.

લાંઘણનો ખોજા પ્રેમજી મનજીએ પરવાનગી વગર એક બાઇડી પર બીજું સગપણ કર્યું, તે સારૂ નાત બાહાર. પ્રેમજી, સગપણ કરવા જનાર હકા અને દીકરી આપનારને નાત બાહાર મુક્યો. પ્રેમજી મારો સગો છે તે મારો મત લેવા મારી પાસે આવ્યો હતો તેથી જાણું છઉં. પ્રેમજી મારા ભાઇનો સાળો છે સગપણ કર્યા પછે મારા પાસે આવ્યા હતા. મેં તેને કહ્યું કે જુનાગઢ જઇ ઇનસાફ લ્યો ને નાતમાં આવો

સેજલપુરનો ખોજા નીમજી નાગજી એક પર બીજી ઓરત વગર પરવાનગીએ કરી તે પણ મારી સલાહ લેવા આવ્યો હતો. તેને પણ જુનાગઢ આવી ઇનસાફ લેવા બતાવ્યું હતું. તેનો કેસ નાં. ૮૨/૬૫ નો ઠરાવ અસાડ તા ૫ નો બતાવી નકલ રજુ કરૂં છું.

મુલી વાળા લવા રામજીએ વગર પરવાનગીએ એક પર બીજી કરી, તેથી તેને નાત બહાર કર્યો. સાયલા જમાતમાંથી તે ધારાસર નાતમાં આવ્યો પણ તેને અખતીયાર ન હોવાથી જુનાગઢ વારસે સાયલા જમાતને ઠપકો આપ્યો ને તેને રીતીસર નાતમાં લીધો. હું તે વખતે મુલીમાં માસ્તર હતો તેથી જાણું છઉં. રેકર્ડમાં બીજા ઘણાં છે. (સાક્ષી કહે છે બે ચાર સુકાવોને)

અમારામાં તલાક આપવાનો રીવાજ નથી. તલાક આપે તો નાત બાહાર કરાયે. ને તલાક રદ જાય તેવા દાખલા રેકર્ડમાં છે.

કેસ નંબર વગરનો ૧૯૫૯ નાં અસાડ તા ૧૭ નો ઠરાવ પોરબંદરનાં ખોજા નથુ ખમીસાએ આપેલી તલાક સબંધે છે. તેની નકલ રજુ કરૂં છઉં.

સંવત ૧૯૪૩ ના આસુ સુદી ૧૨ નો ઠરાવ ભેંસાણના ખોજા પરધાને આપેલી [illegible] બતાવી નકલ રજુ કરૂં છઉં.

જમાતી કેસના $\frac{૮૭}{૬૫}$ નાં અસાડતા ૨૧ નો અસાડતા ૨૧ નો ઠરાવ ભલગામનાં ખુસાલ રામજીએ આપેલી તલાક બાબતનાની નકલ રજુ કરૂંછઉં.

જમાત્તી કેસ સંવત ૧૯૫૯ નો વેસાક તા ૨૮ નો ઠરાવ તીથવાનાં ખોજા જમાલ ભલુએ આપેલી તલાક સંબધી ઠરાવની નકલ રજુ કરૂં છઉં.

છેડા છુટકો કરવો હોયતો કાઉનસીલ કે વારસને અરજી આપે. બંન્ને પક્ષને સાંભલે યોગ્ય લાગે તો છેડા છુટકો કરે. તે દાખલા છે. પરબારો છેડા છુટકો કરેતો નાત બહાર મુકે. પછે તે અરજ કરે તો વ્યાજબી લાગે તો છેડા છુટકો આપે; નહીં તો ઘર વસાવવું પડે ને ગુન્હેગારી લે.

જમાતી કેસના $\frac{૭૬}{૬૦}$ ભાદરવા સુદ ૧૪ નાં ઠરાવની નકલ રજુ કરૂંછઉં, જમાતી કેસની $\frac{૩૪}{૬૫}$ માહા તારીખનાં ઠરાવની નકલ રજુ કરૂં છુઉં.

પરવાનગી લઇને છેડા છુટકો કર્યાનાં ઘણા દાખલા છે. સંવત ૧૯૪૫ નાં ચૈત્ર તા. ૨૭ નો કેસ, માવજી વાલજી ભાયાવદરવાળા સંબધીનો ઠરાવની નકલ રજુ કરૂં છઉં.

સં. ૧૯૪૪ નાં માગશર તા. ૧૫ નો કેસ બાઇ રાજુની અરજીનાં ઠરાવની નકલ રજુ કરૂં છઉં.

જમાતી કેસના $\frac{૩૪}{૫૬}$ નો ઠરાવ તા ૨૨ પોસનો કોટડામાં હાસમ ભાઘાને તેની ઓરત ફુલબાઇની અરજ પરવાનગીની નકલ રજુ કરૂંછઉં.

સંવત ૧૯૪૪ નાં આસુ ૪ બીલખાના કાનજી ગોવાની અરજીનાં ઠરાવની નકલ રજુ કરૂં છઉં.

જમાતી કેસના $\frac{૩૮}{૬૫}$ મહા તારીખ ૧૮ નો ઠરાવ કહાઝાવાલા હાસમ જમાલની અરજ બાબતની નકલ રજુ કરૂં છઉં.

એ સિવાય બીજા કેસો છે.

બાઇ અપંગ થઇ હોય અને ઘરનું કામ અટકી પડયું હોય છોરૂની ખોટ હોય, એવા ખાસ કારણે બીજી કરવા પરવાગી આપવા યોગ્ય કારણ ગણાય.

નાતની પરવાનગી વગર ઘરથી આવે તો પણ નાત બહાર કરીયે.

જમાતી કેસના $\frac{૧૯}{૬૫}$ વાંકાનેરનાં જુશ કરીમનો તા. ૧૯ શ્રાવણનાં ઠરાવની નકલ રજુ કરૂં છઉં

આઠમો ભાગ લઇએ છીએ તેમાં દસટકાને અઅઢીટકાઇમામ અને ગુરૂને આપવાનાં છે

તે બાબતનાં જ્ઞાન હું લખીને આપુ છું. ગુરૂ અને ઇમામ બંન્નેનો હોદો હાજર ઇમામ પાસેછે. તેથી સાડાબાર ટકા કાપવામાં આવે છે.

ઉલટ તપાસ—

ઇસ્માઇલી અને અસનાઅસરી બંને શીઆ ધર્મના ભાગો છે. કુરાન સરીફને અમે માનતા નથી. અને અમારા ગુરૂએ કોઈ દી કુરાન સરીફનું કહ્યું નથી. મહંમદ પેગમ્બરને અમે માનીયે છીએ. (શા માટે માનીયે છીએ. તે બતાવું પોતાથી) મહંમદ પેગંબરે અમને બોધ કર્યો. તે અમારે માન્ય છે. અમે ઇસમાઇલી દીનને માનીએ છીએ. ઇસ્માઇલી દીનના ચાર ભાગ નથી.

એકવીશમાં રોજાને દીવસે ખુસી પડે તે કામ બંધ કરે. ફરજ નથી. હું પંડે કામ બંધ કરતો નથી એકવીશમો રોજો રાખવાની ફરજ અમારા ગુરૂએ નાખી નથી. ખુશી પડે તે રાખે. હું પોતે રોજો રાખતો નથી.

રોજા અને બકરી ઇદના તેહવારો ખુશી પડે તે પાલતા હોય તો પાલે, ઘણે ભાગે નથી પાલતા.

ફાતેહો અમે રોજ લઈ જઇએ. અમે રોજંદા ઇદજ માનીયે. ઇદને દીવસે વીશેષ લઈ ન જઇએ. મોહરમમાં કીસ્સો ને જગનામું વાંચતા નથી. પેહેલાં કોઇ વાંચતા હોય એમ મારા જાણ્યામાં નથી.

“ પજેતન પાક ” ને અમે માનીયે છીએ. તેમાં મુરતજાઅલી, નબી મહંમદ મુસ્તફા, બીબી ફાતમા જોહરત, ઈમામ હુસેન ને ઇમામ હસન એમ આવે છે. ખુદાએ પહેલાં પંજેતનને પેદા કર્યા. ખુદા પોતે પંજેતન રૂપ હતા. પેગંબરો એક લાખને ચોવીશ હજાર થઇ ગયા છે તે બધા પેગમ્બરોને અમે માનતા નથી.

નબી મહંમદ મુસ્તફા એકને માનીયે છીએ.

ચાર પેગંબરો પર આસમાનમાંથી પુસ્તકો આવી એમ કહે છે. અમે અથર્વ વેદ એકને માનીએ કઇ કીતાબો આવી તે મને ખબર નથી. નામ આપવાથી યાદ આવતા કહું છું કે તોરેત, ઝબુર, ઇન્જલ અને કુરાન, એ ચાર આવ્યાનું સાંભલ્યું છે મને કલમો પડતા આવડે છે.

“ લાઇલાઇલ અલ્લા, મહંમદ રસુલ અલાહ, ”

“ અમીરલમોમેની અલીસહીઅલ્લા

આ કલમો અમારા ઇસમાઇલી દીનના છે. આગા સાહેબે કલમા સંબંધમાં આજ સુધી મને કાંઇ બોધ કર્યો નથી. આ કલમાની પહેલી લીટી બધા મુસલમાનો બોલતા હશે તો પણ બોલે છે કે કેમ તે મને ખબર નથી. વખ્તે બોલતા હોય પણ મને બરાબર વહેમ નથી. ધુવા પડીયે છીએ તેમાં કલમો આવે છે. કુરાનના મંત્રો શું છે તે મને ખબર નથી " મંત્રો " એટલે શું તે ખબર નથી.

ધુવામાં કુરાનના ફકરા આવે છે. કે નહિં તે હું જાણતો નથી. મારા ધર્મમાં હું બોધ કરૂં છઉં. બીજા મુસલમાની ધર્મમાં શું છે તે ખબર નથી. એટલે તે ધર્મ અને અમારા ધર્મ વચેનો ફેર કહી શકું નહિં.

મૈયતના જનાજાપર અમે નીમાજ પડતા નથી. અમારા ગુરૂના કહેવા મુજબ મરણ કીયા કરીએ છીયે ધુવામાં " દરૂદ અથવા સલવાત " મારા જાણ્યા મુજબ નથી આવતી. દસમો અવતાર મુસલમાંની અવતાર છે. અમારામાં સીરબંધી ઘણા થયા છે. હું એક વખત થયોછઉં. અમારી ધુવામાં ગુરૂની પેઢીમાં હસનનું નામ આવે છે. ગુરૂની પેઢી સીવાય ખુદામાં ઇમામ હસનનું નામ આવતું નથી.

અમારા પહેલા ધર્મ ગુરૂ નબી મહંમદ મુસ્તફા તેજ મહંમદ પેગમ્બર. મુસલમાનોની બીજા કોમોમાં ધર્મ બદલનાર સાથે વહેવાર રાખે છે કે કેમ તે મને ખબર નથી. આશરે પણ કહી શકું નહીં. અસનાસરી હીન્દુસ્તાનમાં કેટલા હશે તેનો આશરો પણ કહી શકાય નહીં મહુવાને ભાવનગરમાં કેટલા તે કહી શકું નહી. પણ મહુવા ઇસમાઇલી કરતાં અસનાસરી વધારે છે. ને ભાવનગર ધોલેરામાં અસનાસરી કરતાં ઇસમાઇલી વધારે છે. અમારા ભાગમાં સંવત ૧૯૬૦ ની સાલથી અસનાસરી થયા છે. ત્યારથી તે કારણે સગપણો તુટયા છે. ને કારણે લગ્ન તુટવાના દાખલા કાઠીયાવાડનાં તે પછે બન્યા છે. કાઠીયાવાડ બહારની મને જાત માહેતી નથી.

કોર્ટમાં દાવો થયો હોય ને કોર્ટે લગ્ન રદ કર્યા બદલનો દાખલો બન્યાની મારી માહેતી બરાબર નથી

અસનાસરી સેંકડે ટકા ૨ાા ટકા જકાત કાઢેછે કે કેમ તે મને ખબર નથી.

ખુમસ એમ અસનાસરી બોલે છે પણ કાઢે છે કે કેમ તે ખબર નથી. (ખુમસ એટલે કમાણીનો પાંચમો ભાગ) પીર સદરદીન થયા તે પહેલાનાં ઇસમાઇલી નીમાજ પડતા કે કેમ તે હું જાણતો નથી પીર સદરદીન પહેલાં ઇસમાઇલી ઇમામો હતા. મુરીદ હતા કે કેમ તે હું જાણતો નથી.

આગા હસનઅલી સુધી ખોજાનાં નીકા સુની કાજી પડાવતા હોવાનું હું જાણતો નથી.

જે જે અસનાસરી થયા છે તેમાં કેટલાક નોટીસો આપે છે ને કેટલાક નોટીસ નથી દેતા. અમને ખબર પડે એટલે અમે નાત બહાર મુકીયે. નોટીસ અમે વાંચી નથી.

થાનમાં ખોજા કાસમ ધનજીનો કેસ જમાતમાં આવ્યો નહતો.

રામજી ધનજીએ અસનાસરી થયા પહેલાં પોતાતાની સ્ત્રીને તજી દીધાનું મારા જાણવામાં નથી.

અમે અસનાસરી હતા પણ હવે ખુલ્લી રીતે બહાર પડીયેછીએ એમ અસનાસરી થાય છે તે લખતા હશે એમ જણાય છે. તારીખ ૧૦-૧૧-૧૪

તારીખ ૧૧ નવેમ્બર સ. ૧૯૧૪

ફરી પ્રતિજ્ઞા આપી તપાસ શરૂ

વાદી વકીલ ઉલટ તપાસ ચાલુ

ધર્મ બદલાવાને કારણે છુટા છેડા કરવા માટે જમાત પાસે અરજી અપાય છે. તેવી કોઇ અરજી વારસ સાહેબને દફતરે મારાના સમજવામાં આવી નથી.

જે કેસમાં છેડા છુટા આપવામાં આવ્યા છે. તે કેસમાં અરજીઓ આવી છે.

સંવત ૧૯૪૪ ના માગશર તા. ૧૫ ના કેસની બાઇ રાજીની અરજીની નકલ રજુ કરૂં છઉં.

શામજી માવજી તીથવા વાલાની બહેનનું નામ યાદ નથી તીથવામાં હું પોતે વહીવટ કરવા જતો તેથી તે જાણું છઉં. કયા ઇસમાઇલીને તેને પરણાવી તે પણ મને ખબર નથી.

ખીરસરાના કરશન શામજીની દીકરીનું નામ યાદ નથી.

મેંગણીના અમરશીની દીકરીનું નામ ધણું કરીને સાંકળી હતું પણ બરોબર યાદ નથી.

હડીયાણાના મોતી હામાની દીકરીનું નામ યાદ નથી અસનાસરી થવાને કારણે સગપણ કરવા અરજી કરે, ને ન કરે ને એમને એમ બીજે દઇ દે તો પણ વાંધો નહિં.

હાજી મામદ નજર અલીની દીકરી ખતીજાનાં લગ્ન તુટયા, તે કઇ સાલમાં તે કહી શકું નહિં. ૭–૮ કે ૧૦ વર્ષ થયાં હશે. ખરૂં કહી શકું નહિં. ખતીજાનો કેસ થયો ત્યારે કાઉંસીલ હતીજ નહિં. જમાતમાં આવ્યો કે નહિં તે મને ખબર નથી. હાજી મહંમદે જમાતને પુછીને કર્યું કે પુછ્યા વગર તે ખબર નથી. જામનગરમાં હાજી મહંમદે પોતે વાત કરી હતી.

મોદા રાજનની દીકરીનું નામ આવડતું નથી. તે બાઇના પહેલા ધણીએ બાઇ માટે દરકાર કર્યાની મને યાદ નથી, ગોંડલ કાઉંસીલે સીસાંગવાલાને નોટીસ કરી હતી એમ મને યાદ આવે છે.

જસબાઇના ધણીએ ઘણી દરકાર કરી હતી. ને મમત પણ ઘણી કરી હતી. જંગબારનો પીરભાઈ ખોજો તેના તરફથી ગયો હતો. અને તેને ધણી માગતો નથી. એમ તે કહેતો હતો. તે કેસ પોરબંદર કાઉંસીલમાં હતો.

તલકસી મોતીની દીકરી નુરબાઇને કયા ઇસમાઇલીને દીધી તે મને ખબર નથી.

નોંધ જે પરથી મેં દાખલા આપ્યા છે તે નોંધ મેં સંભારી સંભારી એકી બખતે લખી છે. તે નોંધો મારી યાદ દાસ્ત પરથી કરી છે. કાગળની મદદ લીધી ન હતી. લખીને બીજા કોઇને બતાવી ન હતી. મહારા વકીલને મેં દાખલાઓની વાત મોઢેથી કરી હતી. તેણે નોંધ કર્યો કે નહીં તે મને ખબર નથી. વકીલને પણ સંભારી સંભારીને વાત કરી હતી. (કોર્ટમાં વાર ન લાગે માટે નોંધ કરી હતી પોતાથી) ઝીણા પુંજાની દીકરીનું નામ યાદ નથી. તેનાં ઇસમાઇલી ધણીનું નામ પણ યાદ નથી.

રવજી શરીફની દીકરીને તેનાં જમાઈનાં નામ યાદ નથી. જીવરાજ પ્રેમજીની દીકરીનું નામ યાદ નથી. શરીફ વેલજીની બહેનનું કે તેના વરનું નામ યાદ નથી. અમરના ધણીનું નામ આવડતું નથી ભલુ તેજસી અત્યારે અમારી નાતમાં છે. તેનો દંડ લીધો ને દીકરીને વેવાઈ સાથેનો કોઈ જાતનો સંબધ ન રાખવાનાં જામીન લીધા પછે નાતમાં લીધો તે બાઇ કે તેનાં ધણીનું નામ યાદ નથી.

જમાલ કુંવરજીનાં ભત્રીજાની દીકરીનું નામ યાદ નથી. તેમાં જાહેર કરનાર હું હતો.

જ્ઞાન અને ધુવામાં ખુદા આગળ નીરંજન નીરાકાર હતા એમ લખ્યું છે. જ્ઞાનમાં કુરાનને માનવા મારા ધારવા પ્રમાણે લખ્યું નથી, મેં જ્ઞાન ઘણાં વાંચ્યા છે. કુરાનને માનવાનું જ્ઞાનમાં કાંઇ લખ્યું નથી. એમ ચોક્સ કહું છઉં. જ્ઞાનમાં ઇમામની આલને માનવા લખ્યું છે; તે ઇમામનાં ગાદી વારસ; અમે માનીયે છીએ. ઇમામની આલને આરાધવા લખ્યું છે.

મહંમદ નજરઅલી હજ પડી આવ્યા નથી પણ તેનું નામજ હાજી હતું. મોટા થયા પછે મહંમદ થયું છે

મુંબઇ કાઉંનસીલના મેમ્બરો હાલ આવ્યા હતા. તેમાં હાજી આહમદ દેવજી આવ્યા ન હતા.

પોરબંદરના હાજી અહમદ દેવજીને ઓળખું છઉં. તે ખોજામાં ગૃહસ્થ ગણાય છે. તેમ કે હજ પડી આવ્યાનું હું જાણુતો નથી. તે હાજી શાપરથી લખાય છે તે હું જાણતો નથી. ખોજા કોમનો ઇતીહાસ જાફરભાઇ રેમતલાનો કરેલો છે તે હું માનતો નથી. તે ચોપડી આજે નજરે જોઉં છઉં. જ્ઞાનમાં નીમાજ પડવાનું લખ્યાનું મેં કોઇ જગ્યોએ વાંચ્યું નથી. નીમાજ પડવાનું, રોઝા રહેવાનું ને હજ પડવાનું પુસ્તકો છાપીને આગા સાહેબે ફરમાવ્યાનું મારા જાણ્યામાં નથી. જ્ઞાનને ધુવામાં એક લાખ ચોવીસ હજાર પેગમ્બર ઓલીયા થઇ ગયાનું લખ્યું છે. તેને માનવાનું લખ્યું નથી.

હજરત મહંમદ પેગંબર એકનેજ અમે નબી માનીયે છીએ. પછે છેલા કહો કે પહેલા. હજરત મહંમદને મુર્તજા અલી, ધુવા પડતા કે નીમાજ પડતા તે મને ખબર નથી. હું જોવા ગયો નથી.

ઇમામ હુસેન કરબલામાં નીમાજ પડતા કતલ થયાનું હું જાણુતો નથી.

કયામત આવશે ત્યારે દુનીયાનો અંત આવશે. ને ખુદા હીસાબ લેશે એમ અમે માનીયે છીએ.

ગુજરનારની કરણી મુકતી જેવી હશે તો મુક્તિ થશે; નહિં તો કર્માનુસાર ફેરા થશે.

કીયામત પુરી થયા પછી પાપી પોતે દોઝખમાં અને બાકીને જીનતમાં નાખશે. એમ અમારા જ્ઞાનમાં છે.

કાયમ મહેંદી જાગશે એમ જ્ઞાનમાં છે.

મહેદી એટલે છેલ્લી વારનો ઇમામ. હીસાબ લેવા વાળો અને નિર્ણય કરવાવાળો અને તે અલી નીકલંક અવતાર.

દોઝખમાં જેને નાખવામાં આવશે તેનો કોઇ દી છુટકારો નહિં થાય, એમ ચોકસ કહી શકું નહિં.

મુંબઇના ખોજા કબ્રસ્તાનમાં નેવું વર્ષથી મસ્જીદ છે એમ જાણતો નથી. ક્યાંઇ વાંચ્યું નથી. મુંબઇ ઘણી વખત ગયો નથી. કબ્રસ્તાન જોયું નથી. જોવાને કોઇ કારણ નહતું.

લાસને કરબલા મોકલવાથી સવાબ થાય છે. એમ હું નથી માનતો અમારા જ્ઞાનમાં તે ક્યાંઇ લખ્યું નથી. અમારામાં જ્ઞાન તેજ અમારો ધર્મ. આગા સાહેબના પીતાની લાસને કરબલા દાટવા મોકલ્યાની મને ખબર નથી. તે લાસને ક્યાં દાટી તે મને ખબર નથી.

આગા સાંહેબ કુરાનને નીમાજ પડે છે એમ હું જાણતો નથી. આગા સાહેબ અસનાસરી ખોજા સાથે મારા જાણવા પ્રમાણે વ્યવહાર રાખતા નથી.

અસનાસરી ખોજા સાથે ખાવું પીવું નહિં એમ મારી માન્યતા પ્રમાણે તો આગા સાહેબ પાળે છે.

આગા સાહેબે પોતે પોતાને ખુદા તરીકે માનો એમ કોઇ દી કહ્યું નથી; પરંતુ તેના ફરમાનો પરથી તેને અમે ખુદા તુલ્ય માનીયે છીએ. તેના ફરમાનોને અમે ખુદાના ફરમાનો તરીકે માનીયે છીએ.

દસ અવતારના પુસ્તક અને ઘણા જ્ઞાનો પરથી અમે એમ માનીયે છીએ. તે પુસ્તકો આગા સાહેબના બનાવેલાં નથી.

અસનાસરીના ધર્મ ક્રીયામાં અમે મદદ ન કરીયે અમારા ધર્મના પુસ્તકોમાં દસ અવતારનું પુસ્તક ને જ્ઞાનો ઘણા ગુજરાતીમાં છે. અમારામાં ધર્મનો ઇતિહાસ છાપેલો હોવાનું મારા જાણ્યામાં નથી અમારા ધર્મમાં મહા પુરૂષોના જીવન વૃતાંતો છાપેલાં નથી. આગા સાહેબની જીંદગીનો હેવાલ અમારા ગુરૂએ છાપેલો નથી. અમારા ગુરૂનાં પુસ્તકોમાં દસ અવતાર અને જ્ઞાનો છે.અમે વાંચ્યા હોય પણ માનતા નથી.

બીજાં પુસ્તકો અમે ધર્મ પુસ્તક તરીકે વાંચતા નથી. અમારો ધર્મ જાણવાનું દસ અવતારને જ્ઞાનો સીવાય બીજું સાધન નથી.

ઇસમાઇલી અસનાસરી સાથે બોલે ચાલે તો તેને કસુરવાન ગણીયે. ખાવા પીવાનો વહેવાર કરે તો નાત બહાર મુકીયે.

અમરેલીવાળા અલીભાઇ દેવરાજને આંહીની જમાતે નાતબહાર મુકવાની મને ખબર નથી.

આંહીનો કામડીયો મહંમદ મનજી છે. કામડીયો બનતા લગી એક હોય. મોટું શહેર હોય તો વધારે હોય; માલીયામાં ત્રણ મુખી ને ત્રણ કામડીયા છે. હું આહીની જમાતનો કામડીયો નથી. પણ કાઠીઆવાડનો બોધ કામડીયો છઉં.

ધર્મ ભ્રષ્ટ થયો હોય તેની સાથે ખાવા પીવાથી અભડાવાનું અમારા ધર્મમાં લખ્યુ છે. માજી વારસ ઇસમાઇલ ગોંગજીને નામથી હું ઓળખું. તે સુન્ની બાઇને ઇસમાઇલી કરીને પરણ્યા હતા. સુન્ની ઇસ્માઇલીહોય તો; તેની આગણીપરથી ગુન્હેગારી લઇ ફરી બીજી કોમમાં ન જવાની ખાત્રી લઇને ઇસમાઇલી કરે.

આ બાઇને ઇસમાઇલી આગાસાહેબ પાસે કરી હતી. એમ હું વાતપરથી જાણુંછું. તેનો ઉપરી આગાખાનસાહેબ ને તેણે ગુન્હેગારી લીધી હોય, તેનું રેકર્ડ રહેતું નથી. ક્યા આગાસાહેબે ક્યાં ઇસમાઇલી કરી હતી તે મને ખબર નથી. ઇસમાઇલી ખોજો આગા સાહેબને આપ્યા વગર રહે નહી.

ઇસમાઇલી ધર્મ પાળવા માગે તે અમારા કાયદા કબુલ કરે તોજ બની શકે; નહીતર નહિં.

કાયદો બધો કબુલ કરેતો અમો તેને ઇસમાઇલી કરીયે. કાયદાનો અમુક ભાગ ન માને તો ન રાખીયે. ઇસમાઇલી ખોજો ઇમામ અને ધર્મગુરૂનાં પૈસા આપેજ. અમે તેને સમજાવી લઇએ. બધા બીજા ધારા પાળતો હોય તો પૈસા ના આપે એટલા સારૂ અમે નાત બહાર કરતા નથી. અને તેવો દાખલો બંન્યોજ નથી. ગરીબને ઉલટાનાં મદદ દઇએ છીએ.

જન્મ કે મરણ સુધીનાં પ્રસંગો જેમાં આગાસાહેબનો લાગો નીકળે છે તે મેં બતાવ્યા છે.

સમર અમે જે આપીયે તે મૈયતનાં રૂહને મળે એ માન્યતાથી અમે આપીએ છીએ.

ખાટલાને ગોદડાને અમે આપીયે છીએ. તે અમને ત્યાં સવાબ મલે એવા હેતુથી આપીયે છીએ

ગુન્હા માફીની ચીઠી લખવાનો રીવાજ અમારામાં નથી. થાલ સુફ્રો અમે લઇ જઇએ. તેની અમે ખાનામાં નાંદી કરીયે છીએ. નાંદી કરીએ છીએ તેનો અર્થ એ કે જે વધારે પૈસા આપે તેને તે માલ મળે. સવાબ માટે તે પૈસા આપે છે.

સ. દીકરી, વહુ બીમાર પડે ત્યારે પીરને અર્પણ કરો છો અને સાજી થાય ત્યારે તેની કીંમત તમે આપો છો? આ સવાલ સામે સામા પક્ષ તરફથી વાંધો લેવામાં આવ્યો. સવાલ પરથી immoral viw જણાતો નથી એટલે પુછવા દીધો નથી. પીરની માનતા મનાય છે કે દીકરી સાજી થાય તો જમાત કે હેશે તે આંકડો હાજર ઇમામને દેશું (એવી માનતા દીકરા, ઢોરો, ભેંસો, ઘોડો, બધાં માટે લેવાય છે પોતાથી)

કાસમને નુરબાઇનાં નીકા અમારા ધારા ધોરણ પ્રમાણે થયા હતા.

અસનાસરીમાં અમુક મુદત માટે નીકા થાય છે એમ માહરા સાંભળવામાં આવ્યું છે. માલીયામાંથી સાંભલ્યું છે. દાખલો બતાવી શકું નહીં. અસનાસરી ખોજા સીવાયનાં બીજા મુસલમાનો સાથે ખાવા પીવાનો વહેવાર રાખીએ છીએ.

અલ્પ ધાર્મીક ગુન્હા ફરી ન કરવાની શરતે નાંણાં દંડ લઇને માફ કરી શકે. મોટા ગુન્હા કરોડોનો દંડ દે તો પણ માફ થઈ શકે નહીં. એવા કોઇ ધાર્મિક ગુનાહ છે કે કેમ તે માટે આગા સાહેબ પણ માફ ન કરી શકે તે મને ખબર નથી.

અમારામાં અલ્પ ગુનાહની માફી જમાત મોઢે આપી શકે.

નથુ ખમીસાની તલાક દંડ લઇ કાયમ રાખી નથી. પણ તલાક રદ કરી બે અઢી વરસની ખોરાકી પોશાકી અપાવી છે. તે પછે ફરી ફારકતી થઇ છે. તલાક અપાવ્યા પછી બે વરસ ભેગી રખાવી હતી.

બોઘે કામડીયાની ત્રણ વરસથી ને તે પહેલાં ૪ વરસથી પરગણા કામડીયા તરીકે નોકરી કરતો. મારો કુલ ખર્ચ રૂપ) રૂપિયાને એક માણસનો ખર્ચ ને પગાર એટલું મને મળે છે.

સુપેડીવાળા રેમતલા ભાણજીને અસનાશરીમાંથી ઇસમાઇલી કરવા માટે તેની પાસેથી કાંઈ ગુનેહગારી લીધી નથી. (કેમકે તેની પાસેથી પરચુરણ રૂપિયા ર૩૧ લીધા હતા) પોતાથી) તેણે રૂ. ૫૦૦) પાંચસો ડીપોઝીટ મુક્યા હતા એટલે જમાન લીધો ન હતો.

ડીપોઝીટની રકમ ખાનામા જમાતની તેજુરીમાં રહે; નહિં તો વારસની ખુશી પડે ત્યાં રાખે. અસનાસરી થયેલા જોડાં પાછા ઇસ્માઇલી થયાના દાખલા બન્યા છે.

તે જોડાંના નીકા થયા ત્યારે તે ઇસમાઇલી હતી એટલે ફરી નીકા કરવાપણું રહેતું નથી.

ધર્મ બદલવાથી બાઇ જુદી પડવા માગે તો તુટી જાય છે. ઘરધણી ગુન્હેગારી આપે તેમાં તેની ઓરત બચ્ચાં બધાં આવી જાયછે.

જેના નીકા ઇસમાઇલી મુજબ થયા નથી એવું જોડું ઇસમાઇલીમાં આવે તો નીકા કરી થાય. એવો દાખલો આપી શકું.

તીથવાનો કરીમ જીવણ રળવા માટે આફ્રીકે ટાંગા ગયો હતો. ત્યાં મોરબીના દામજીની દીકરી માનબાઇ વિધવા તરીકે નોખો વેપાર કરતી હતી. બંનેએ લામુમાં આવી અસનાસરીમાં નીકા કરાવ્યા; પછે દેશમાં આવ્યા બંને નાત બહાર મુકાયા. બંને ઇસમાઇલી થયા અને લીંમડી આગાખાનના મેળામાં ફરી નીકા થયા અને ગુન્હેગારી દીધી.

આંહિંના વારસ સાહેબનાં રેકર્ડમાં તે કેસ ઘણું કરીને છે. ધોલેરા ડીવીઝનમાં તે કેસ પાછલથી ગયો હોય તો મને ખબર નથી.

બીજા દાખલા યાદ નથી, રેકર્ડમાં મલી આવે ખરા તે કેસ આંહિં હશે તે રજુ કરીશ.

કાશમને અમારામાં લઇએ તો ફરી નીકા ન કરીયે. આ જોડાંના નીકા પોરબંદર તુટી ગયા છે. એટલે કાસમ ઇસમાઇલી થાય તો પણ ફરી નીકા કરવા પડે. (પોતાથી)

કુંવારા લગ્ન થાય તેમા માણેકથંભ રોપાય એમાં તે ન હોય. નીકા પઢવામાં હું સાથે હતો. એક વખ્ત પરણ્યું તેનું બીજી વખ્ત પરણેતર ન હોય પણ નીકા ફરી કરાવીએ. અસનાસરી લગ્ન દરમીયાન થયેલા છોકરાં ઇસમાઇલી થયા પછે પણ હલાલ ગણાય. તા. ૧૧-૧૧-૧૪

તા. ૧૨ નવેમ્બર ૧૯૧૪

ફરી પ્રતિજ્ઞા આપી તપાસ શરૂ

વાદી વકીલની ઉલટ તપાસ ચાલુ.

નોટ

તીથવાના કરીમ જીવણ તથા માનબાઇનો કેસ સં. ૧૯૬૯ નો ઠરાવ તા. ૧૮-૧-૧૩ વાળો છે. તે ગઇ કાલની ઉલટ તપાસમાં પુછાયો છે. તે વાદી વકીલની માગણી પરથી પ્રતિવાદીનાં વકીલે આંહિંનાં વારસના દફતરમાં તે કેસ હશે તો રજુ કરવા કબુલ કરેલું અને ધોલેરે ગયા હશે તો ત્યાંથી મંગાવી દેવા કબુલ કર્યું હતું. તે કેસ આજે

વાદી વકીલ તરફથી રજુ થાય છે. વાદી વકીલ તે પોતે જોયો નથી અને સાહેદ તરફથી નહિં જ સામા પક્ષના વકીલ તરફથી રજુ થાય છે. તે પોતાના પુરાવ તરીકે પોતે મુકાવવા માગતા નથી એમ કહી મુકાવવા ના પાડે છે.

વારસા મેળવવા સબંધમાં અમારામાં કાંઇ ખાસ રીવાજ હોવાનું અત્યારસુધી જાણવામાં આવ્યું નથી

વારસ કે લેણદારનાં સવાલો બંનેપક્ષની કબુલતથી કાઉન્સીલ ફેસલો કરે. અમારા જુના ચાલતા આવતા રીવાજનો દાખલો લાગુ કરીયે.

બાપ અસનાશરી થઇગયા પછી મરી જાય અને એકજ દીકરો ઇસમાઇલી હોય તો કાઉંસીલની મંજુરી મળેતો તે મરણ ક્રીયા કરે; નહીંતો કાયદા મુજબ તો ન કરી શકે.

ઇસમાઇલી બાપ અસનાસરી દીકરા પાસેથી કાઉન્સીલની રજા વગર પૈસા ન લઈ શકે.

ભલગામનાં ખોજા ખુસાલ રામજીએ કાઉંનસીલે તલાક રદ કર્યા પછે તેની ઓરતને ઘરમાં રાખી હતી. કે કેમ તે હું કહી શકું નહીં.

વારસ સાહેબ પાસે કામ ચાલી ધોરણ સર છેડા છુટકો થયો છે.

અમારા હાલના કાયદા છાપવામાં આવ્યા છે.

સને ૧૯૧૩ માં છાપવામાં આવ્યા છે. જુનાં રીવાજ હતા તેજ છપાય છે. જુજ સુધારો થયો હશે.

અસનાસરી ખોજા બાબતમાં સુધારો થયો છે.

કાઊનસીલો સંવત ૧૯૬૬ થી સ્થપાઇ છે. હેડ વારસની નીમણોક ગાંગજી ભાઇથી થયાનું હું જાણું છું. કેટલા વરસથી થાય છે, તે હું આસરે પણ કહી સકું નહી. કાયદા ગઇ સાલમાંજ છપાયા છે એટલે વખતો વખત ફેરફાર કયાંથી થાય.

એક લાખ ચોવીશ હજાર પેગમ્બરને માનવાનું ધુવામાં લખ્યું નથી. પણ તેના હકમાં ધુવા ગુજારીયેછીએ.

અડતાલીશ ઇમામ અને ૪૯ ઓગણપચાસ પીરનાં વૃતાંતનું કોઇ પુસ્તક ધુવા સીવાય અમારા ગુરૂનું બનાવેલું નથી.

અસનાસરી બાપ ભયંકર બીમારીમા પડયો હોય ને ઇસમાઇલી દીકરો ચાકરી કરેતો પણ તેણે કાયદો તો તોડયો. સજા કરતી વખતે સંજોગો ધ્યાનમાં લેવાય

પહેલાં ઇમામ અલી મુર્તજાને નવ બાઇડી હોવાની મને ખબર નથી. ઇમામ હસનને અઢીસો બાઇડી હોવાની મને ખબર નથી. નબીમહંમદને અગીયાર સ્ત્રીઓ હોવાની મને ખબર નથી રસુલના અમારાં દીનમાં ચાર સ્ત્રી કરવાની છુટ નથી. રસુલનાં દીનની માન્યતા શું છે તે હું અમારા દીનની જાણું છું. આગા હસન અલીને સાત સ્ત્રીઓ મહારા સમજવા પ્રમાણે ન હતી. આગા અલીશાહને મહારા સમજવા પ્રમાણે પાંચ સ્ત્રીઓ ન હતી.

સ. ખોજાની જુદી જુદી પાર્ટી (અસનાસરી ઇસમાઇલી) માં કન્યા આપલે કરવાનો વહેવાર મુંબઇ માં હોવાનું જાણો છો. ?

જ. મુંબઇની મને ખબર નથી. કાઠીયાવાડનું જાણું. કરબલાની માટીની તકતી મેં નજરે દેખી નથી. કેટલા પીરોએ જ્ઞાન રચ્યા છે. તે મને ખબર નથી. સતગુરૂનુર, ઇદ્રિ ઇમામ દીન, પીર શમસ, પીર હસન કબીરદીન અને સદરદીન એટલાએ જ્ઞાનને રચ્યાનું હું જાણું છું. બીજા પીરોએ જ્ઞાન નથી રચ્યાં એમ હું કહી શકતો નથી. હું ઉપરના પીરો નાં જ્ઞાન છે એમ જાણું છઊં.

૪૯ પીર સીવાય બીજા પીરો થયા નથી. પીરની ટીપમાં નામ ન હોય તેવાના રચેલા જ્ઞાન હોય તો તે માનીયે નહિં. તે આધાર રૂપ નહિં.

પીર હસન કબરદીન એ સદર દીનનો દીકરો થાય. તે તેની પછે થયો છે. તે સીવાયના ઉપર કહ્યા પીરો સદરદીન પછીના થયા છે.

આગલા પીરોના જ્ઞાન પીર સદરદીનના જ્ઞાનને મળતાં હોય તેટલા માનીયે. આગલા પીરોના જ્ઞાનો અને પીર સદરદીનના જ્ઞાનો મેળવ્યા વગર તે તફાફાવતવાળા છે કે કેમ તે હું કહી શકું નહિં. અમારી જમાતમાં લેખકો છે. કોઇએ ધર્મ સબંધી પુસ્તકો લખ્યાં છે કે કેમ તે ખબર નથી. કેમકે તે વાંચવામાં મારૂં ધ્યાન નથી. મેં કોઇ પુસ્તકો લખ્યા નથી. મેં પીરાણા આખ્યાન નામનું પુસ્તક લખ્યું છે. પણ તે દી અજ્ઞાન હતું એટલે મેં બહાર પાડયું નથી. તે પુસ્તકમાં અને જ્ઞાનમાં ફેર છે. એટલે હું કહું છઉં કે તે દી અજ્ઞાન હતો.

દસ અવતાર અને જ્ઞાન અમને જે રસુલનો દીન બતાવ્યો છે. તે પ્રમાણે છે. પીર સદરદીન અને નબી મહંમદ અમારા જ્ઞાનમાં તો એકજ છે. જુદા જુદા

મહંમદ પેગંબરને પીર સદરૂદીન એકજ એમ અમારા જ્ઞાનમાં આવે છે. બ્રહમાનો અવતાર નબી અને નબીનો અવતાર પીર સદરદીન. પીર સદરદીન એ મહંમદનો અવતાર ફરી થયો. દેહ રૂપ એક નથી.

વિષ્ણુનો દસમો અવતાર અલી. વિષ્ણુ અને અલી. એકજ નીકાના મંત્રો કઈ ભાષામાં છે તે હું જાણુતો નથી.

પીર સદરદીને રસુલનો દીન બતાવ્યો છે. તે મુજબ અમે અમારા નીકા પડીયે છીએ.

અમારી માન્યતાથી ઉલટું બોલે તો તેને સમજાવીએ. નાત બહાર ન મુકીયે.

અમારા ધર્મથી ઉંધું લખે એવો બનાવ હજુ બન્યો નથી, અમારી જમાતના માણસ જમાત વિરૂદ્ધ બોલે તો કસુરવાન ગણાય.

આગા સાહેબને ખુદા તરીકે ન માને તો તેને સમજાવીયે. ઇસમાઇલી આગખાન ખુદા નથી એમ સમજાવવા કરતો હોય તો તેને સમજાવીયે.

હબીબ શેઠ બારસે "રેમતલા" પેપરને અસનાસરી સાથે વાત કરવાની પરવાગી આપવામાં આવશે નહીં એમ લખ્યું હોય પણ યાદ નથી.

"રેમતલા" પત્રના અધિપતી અને વારસ વચ્ચે મારા સાંભળવા પ્રમાણે પત્ર વહેવાર ચાલ્યો છે. શું તે ખબર નથી. ઇસમાઇલી ખોજા વાદી તરફથી સાક્ષીમાં આવે તેને અમે સજા ન કરીયે.

અમારામાં શાસ્ત્રની વીરૂદ્ધતાવાલો કોઇ નથી. ધર્મની બધી શંકાનો ખુલાસો કરી શકે તેવો કોઇ વિદ્વાન મારા જાણવામાં નથી.

નબી મહંમદ અને મુર્તજા અલી પોતેજ અવતાર હતા; પછે તે બીજા કોને માને.

સ. રસુલનાં દીન પ્રમાણે નીકા કરવામાં આવશે એમ લગ્ન પત્રીકામાં લખવામાં આવે છે?

જવાબ—એમ નથી લખતા.

નબી મહંમદને ખતીજાં અને મુર્તજા અલી અને ફાતમાંના નીકા થયા તેવા આ નીકા થાય છે એમ અમારા નીકામાં પડવામાં આવતું નથી.

પ્રતિવાદી વકીલ ફેર સવાલ.

મહંમદ પેગંબરને અમે અમારા ગુરૂ તરીકે બ્રહમાનું સ્વરૂપ માનીયે છીએ.

પ્રથમ બંધાણુ પછી માણુસોની વસ્તી થયા કેડે વીષ્ણુના હુકમથી બ્રહમા બોધ દેવા આવ્યા, જેનું નામ સત્ બ્રહમા હતા. તે પહેલા જુગ માંથયા. બીજા જુગમાં તેજ બ્રહમાએ વશીષ્ટ બ્યાસ, જેને હીન્દુ વશિષ્ટ કહે છે તેનું રૂપ લીધું. તે બોધગુરૂ ત્રીજા જુગમાં. તેજ બ્રહમાએ વિદુર બ્યાસનું રૂપ લીધું અને તે યુગને માટે તે ધર્મ ગુરૂ. ત્રણે જુગમાં બ્રહમા બ્રામણ સ્વરૂપે હતા, ચોથા જુગમાં વીષ્ણુએ મુસલમાનનો અવતાર લીધો, એટલે બ્રહમાએ પણ મુસલમાનનો અવતાર લીધો, વીષ્ણુનો નીકલંક અવતાર મુર્તજા અલીને, બ્રામણમાંથી બ્રહ્મા ગયા, તે અવતાર નબીમહંમદ થયા. તે પછેનાં પીરોને મહંમદને દરજે અમે મહંમદનાં અંશ તરીકે માનીએ છીએ,

ફાતેહો એટલે થાલ સુફરો,

મુર્તજાઅલી નબી મહંમદને પીત્રાઇ ભત્રીજા થાય તેમજ જમાય થાય. બીબી ફાતમા તે મહંમદની દીકરી. તે અલીની ધરવાળી. ઇમામ હુસેનને હસન એ અલીના બીબી ફાતમાથી થએલા દીકરા, તે બંને મહંમદની હયાતીમાં જન્મા હતા. આખા પંજેતનને અમે ખુદા ગણીયેછીએ.

એક લાખ ચોવીશ હજાર પેગમ્બરોને અમે ખુદાનાં સારા ભગત તરીકે ગણીયે. પેગમ્બરને કે નબી તરીકે ગણુતા નથી.

પીર સદરદીન પહેલાનાં ઇસમાઇલીઓએ હુસેનને ત્રીજી ઇમામ માનેલ છે તેથી ઇમામ હસન એવું નામ થઇ ગયું છે. ધુવામાં પંજેતન પાકની ધુવા આવે છે. તે ધુવામાં પાંચે નામ છે. તે સિવાય હસનનું નામ બીજા પીર તરીકે માનવામાં આવે છે

ચાર કીતાબો આસમાંનમાંથી આવી એમ બધા મુસલમાનો કહે છે અમે તેમ માનતા નથી. કુલ વેદ ચાર. તેમાં કલીયુગનો અથર્વ વેદ છે; માટે તેને અમે માનીયે છીએ.

અથર્વ વેદનાં ટાંચણુ અગર તત્વો જે પીર સદરદીને દસ અવતાર તથા જ્ઞાનમાં કહયા તે ઉપરથી હું બોધ કરૂં છઉં.

"દરૂદ અથવા સલવાત" ધુવા પુરી થયા પછી આવે છે. ચઉદ નામ આવે છે. પેટા ધુવા છે તેમાં સલવાતની ધુવા નથી; એટલે તે ધુવામાં નથી એમ કહું છઉં.

સલવાતમાં—

"અલાહુમેં સલેલા મહંમદ વ આલ મહંમદ" એ શબ્દો સલવાત તરીકે અમે ચઉદ વાર બોલીએ છીએ. તેનાં અર્થ હું કરૂં છું કે—

"અલા કહે છે કે, હું પવીત્ર મહંમદની આલમાં છઉં"

આખા કાઠીયાવાડમાં ઘણી સંખ્યા ઇસમાઇલીની જ છે. ને જુજ અસનાશરી છે.

ધર્મ ભેદના કારણથી છુટા છેડા કરવાની અરજી લેજીસ્લેટીવ કાઉંસીલમાં આવી છે. ને બે અરજી પોરબંદર કાઉનસીલમાં આવી હતી.

પૃથ્વી આસમાન ન હતા ત્યારે ખુદા નીરંજન નીરાકાર હતો; એમ જ્ઞાન પરથી હું કહું છઉં.

કાયમ મેહદી તે વખતે જે હાજર ઇમામ હશે તે અલીનું રૂપ લઇને જાહેર થશે.

કયામતનો દીવસ જે હાજર હશે તે પઇકી પાપી દોજખમાં જશે ને પુણ્યવાન જીનતમાં જશે

ઇમામ હુકમ કરે અને મુરીદ તેનો અમલ કરો મામદ મનજી વગર પગારના જમાતના કામડીયા છે

સ. ધર્મ ભ્રષ્ટ થવાથી ખાવા પીવાનો વહેવાર રાખવો નહીં એમ તમારા દીનમાં છે.

જ. હા. (શાહેદ જ્ઞાન બોલી બતાવે છે.)

અસનાસરી સબંધમાં પ્રથમ ધારાસર ધોરણ મુજબ લગ્ન તુટી જાય પણ ઘરેણા ગાઠાં મરજી પડે તો પાછા અપાવતા, હવે તે પર પણ હક રાખ્યો નથી. આગળ એમ હતું કે સગપણ અને નીકા તુટી જાય. અને હવે સગપણ નીકા વખ્તે એગ્રીમેન્ટ કરવું ઠર્યું છે. આગળ એગ્રીમેન્ટ થતાં નહીં.

કલમ ૫૯ની પેટા કલમ અ. બ. ક. ડ. કાઉંસીલનું છેવટનું બંધારણ દોઢ બે વર્ષથી નકી થયું છે, અમે પીર સદરદીનના જ્ઞાન મોટે ભાગે માનીયે છીએ. તા ૧૨-૧૧-૧૪

જુનાગઢ વારસના જમાતી દફતરના કાગળોની નકલો સાક્ષી તલકશી લવજીએ રજુ કરેલી તેના ઉતારાઓ.

(નકલ પહેલી.)

વારસ કાસમભાઇ વારસ અસમાલભાઇ

જમાતી કેસના નં. ૧૩ સં. ૧૯૬૫

પીરસરકારના હક બાબત કામડીયા તલકસી લવજી	ફરીયાદી

વિરૂદ્ધ.

હલવદના ખોજા ૧ ભલુ તેજસી તથા ૨ પીરભાઇ ભલુ તથા કોડીવાળા ૩ ખોજા જમાલ કુરજી તથા ૪ હાસમ પુંજા	જવાબદાર

ફરીયાદ.

મજકુર જવાબદારો મધે નંબર ૨-૪ વાળાની દીકરીનું સગપણ મીયાણાંના માળીયાના, તીનાસરી લોકો સાથે થએલ છે. તેની સાદી ન થવા બાબત.

દાખલ સં. ૧૯૬૪ ના માહા તા. ૧૦

ફેસલ સં. ૧૯૬૪ ના માગશર સુદ ૧

જજમેન્ટ સાથે ઠરાવ.

આ ફરીયાદ ફરીયાદી તરફથી થતાં; જવાબદારો તરફ દાખલની તારીખે જાવક નંબર ૨૦૫/૬૪ ના. ૨૫૨/૬૪ ની નોટીસો કરતાં, તે કામડીયા મજકુર મારફત બજી આવતાં, તે આ કેસમાં દાખલ આંક ૧-૨

આ આસામીઓને ઉપર પ્રમાણે લખીને નોટીસ આપેલ છતાં, હલવદ વાળા ભલુ તેજસી તથા તેના દીકરા પીરભાઇ ભલુ જે કે નાં. ૧-૨ ના જવાબદારો છે તેણે પીરભાઇની દીકરી પ્રેમબાઇ મીયાણાંના માળીયાવાળા જેઠા દામજી અભરામ જે કે તીનાસરી થઇ ગયેલ છે તેના દીકરા વેરે પરણાવી દેતાં, તેમજ કોડીવાળા જમાલ કુંવરજી તથા તેના ભત્રીજા હાસમ પુંજા કુંવરજી જે કે નંબર ૩-૪ ના જવાબદારો છે; તેણે હાસમની દીકરી દીવાલી મીયાણાના માળીયાવાળા અલીભાઇ પરબાન કુંવરજીના દીકરા વાલજી જેઓ પણ તીનાસરી થઇ ગયેલ છે; તે વેરે પરણાવી આપેલ છે. તથા [illegible] મીજલસમાં ફરીયાદી કા[illegible] [illegible]

તે મીજલસના મેમ્બરોને ચોકસ ખબર થતાં, તે જવાબદારો ને નાત બહાર કરાવી તેઓના તરફથી કાગળ આવ્યા તે આ કેસમાં આંક ૩-૪ મે છે.

ફરીયાદી લખે છે કે, મજકુર જવાબદારોને વાંકાનેર વારસીક મીજલસ કમેટીના મેમ્બરોએ એવી રીતે નાત બાર મુકયા છે કે, તેઓ જુનાગઢ આવી અંદર ન લેવાય ત્યાં સુધી નાત બાર રહે. તેમ તેને નાત બાહાર કરેલછે.

આ ઉપરથી હળવદ અને કીડીયાળા બંને ઉપરે જાવક નંબરની નોટીસો કરેલ છે કે તેઓ નોટીસો પોંહચ્યા પછી દસ દીવસ સુધીમાં અહિં આવી આ બાબતનો ખુલાસો નહિં કરી જશે તો, તેને નાત બાર કર્યાના પરગણામાં કાગળો લખી મોકલવામાં આવશે.

આ ઉપરથી સદરહુ મુદત પુરી થયા પછી, વળ તે દીવસે નંબર ૧ વાળો હળવદવાળો તેજસી તથા નંબર ૩ વાળો કીડીવાળો જમાલ કુંવરજી, અહિં હાજર થતાં, તેઓને રૂબરૂ પુછતાં, તેઓ ઉપર પ્રમાણે નાતના ધારા વિરૂધ્ધ કૃત્ય કર્યાનું કબુલ કરી, હવેથી તેઓ તીનાસરીથી અને તેઓની દીકરી પ્રેમબાઇ તથા દીવાળીથી કોઇ પણ જાતનો સબંધ નહિ રાખવાનું કહે છે પણ આ જવાબદારો પ્રથમ સરકયુલર પ્રગણાવાર કાસડીયા મારફત કાઢી ખબર આપેલ, અને ફરી ઉપર પ્રમાણે લેખીત નોટીસ આપ્યા છતાં, ગેર કાયદે વરતી અહીના હુકમનો અનાદર જાણી જોઇને ઇરાદા પુર્વક કર્યો છે. તો પણ જ્યારે જવાબદારોએ તીનાસરી લોકોથી સંગ ન કરવાની, ને કોઇ પણ જાતનો સબંધ નહિં રાખવા ઉપર પ્રમાણે કહે છે. તે ઉપરની ઠરાવ કરવામાં આવે છે કે—

ઠરાવ.

મજકુર જવાબદારો ઇસનાસરી લોકોથી બોલ ચાલ કે નાત વહેવાર કરે નહી, તેમ તે લોકોને ઘરે પોતે જાય નહી, તેમ તે લોકો તેને ઘરે આવે તો તેને ઉતરવા આપે નહી, તેમ તેની પરણાવેલી દીકરીઓને પણ તે લોકોને ઘરે જઇ તેડીઆવે નહી; મતલબ ઇસનાસરી લોકોથી કોઇપણ જાતનો સબંધ રાખે નહી, તેમ સંગ કરે નહી, તેની ખાત્રી માટે તેઓ એટલે નંબર ૧-૨ વાળા હલવદવાળા તથા નંબર ૪ વાળા કીડીવાળાએ દરેક ગામવાળે ડીપોઝીટના રૂપીઆ ૨૫૦ અકે અઢીસો પચાસ પ્રમાણે બંન્ને ગામડાવાળાએ રૂપીઆ ૫૦૦ પાંસસો પાંચ વરસ સુધી રાખવા; ડીપોઝીટના રજુ કરશે તો તેઓ પાસેથી મુનાસબ જણાવ્યા પ્રમાણે ગુન્હેગારીની રકમ લઇ, તેને નાતમાં લીધામાં આવશે. તથા તે બંન્ને ગામવાળાને આ ઠરાવના ખબર આપી સહી લેવી ઠરાવી. બે ગામમાંથી એક ગામવાળા ડીપોઝીટના રૂપીઆ રજુ કરશે તો એક ગામવાળાને પણ નાતમાં ઉપર પ્રમાણે લેવાશે તા. સદર

ઉપર પ્રમાણે અહિં હાજર થયેલા નંબર ૧-૩ વાળા જવાબદારોને આ ઠરાવ સંભળાવતા, તેઓ માગણી કરે છે કે, અમો તીનાસરી લોકોથી બોલ ચાલ કરીએ નહી. તેમ તેનાથી કોઇ પણ જાતનો સંબંધ રાખીયે નહિં. તેમ તેનો સંગ ન કરીએ. એમ લખી આપીએ અને તે પ્રમાણે રજુ ન રહીએ તો નાત બાર થઇએ. એમ લખી આપીયે પણ પાંચ વરસ સુધી ડીપોઝીટ રાખવાના રૂપિયા રજુ કરી શકીયે તેવી અમારી સ્થિતિ નથી; એમ તેઓ જાહેર કરતાં તેની ખાત્રી બદલ આ નીચે સહી લેવામાં આવી. તા. સદર

૧ ભલુ તેજસીની સહી દઃ પોતે

૨ ઠકર જમાલ કુંવરજીની સહી દઃ પોતે

ઉપર પ્રમાણે જવાબદારો માગણી કરે છે, પણ તેઓ ઉપર પ્રમાણે સરકયુલર અને નોટીસ અનુસાર રજુ રહ્યા નથી એટલે તે કારણથી તેમજ નાતનો ધારો જાળવવા ડીપોઝીટની રકમ, પછે તે રોકડ રકમમાં અને તેમ ન બને તો સોના રૂપાના દાગીનાથી રખાવ્યા સીવાય, તેમ નાતમા લેવાય તેમ નથી. માટે ઉપર પ્રમાણે ડીપોઝીટની રકમનું નહિં કરે તો તેને નાત બાર કર્યાના પ્રગણામાં કાગળો લખી વાળવામાં આવશે એમ તેઓને રૂબરૂ ખબર આપ્યા; ઉપરાંત ડીપાઝીટની રકમ સબંધમાં એમ જણાવવામાં આવ્યું કે, તેઓ આપેલી કબુલત પ્રમાણે બરોબર પાંચ વરસ સુધી વરતશે તો તેની ડીપોઝીટની રાખેલી રકમ તેને પાછી આપવામાં આવશે અને તેવી ખાત્રી નહિં ન થશે તો, ડીપોઝીટની રકમ ખુદાવીંદ હાજર ઇમામની ઉપજમાં ખાલસા કરવામાં આવશે. એમ જણાવી દેવામાં આવ્યું. તા. સદર

 (નકલ બીજી.)

જા નં. ૭૪/૬૨

પંચેગામ જમાત

દીગર માંડવાવાળા વીરજી માવજીની દીકરીને બાબરાવાલા પુંજા જસાનાં દીકરા વેરે વરાવેલ છે. મજકુર બાઇનો તેનો બાપ વીરજી મુંબઇ જઇ અસનાસરીમાં આપી દીધેલ છે તે બાબત તેને નાત બહાર કરેલ છે માટે તેની સાથે કોઇ બોલે ચાલે કે નાત વેવાર કરવો નહિં. કરશે તે પીર શાપીરનો ગુન્હેગાર છે. સં. ૧૯૬૨ ના માગસર તા. ૬

(નકલ ત્રીજી)

વારસ કાસમભાઇ વારસ અસમાલભાઇ રૂબરૂ
નાતમાંની તકરારનો કેસ નંબર

બાઇ વીરબાઇ તે માળીયાના ખોજા કાનાની દીકરી રે. વેરાવળની તે માળીયા.	ફરીયાદી

વિરૂધ્ધ

ખોજા અલી પ્રધાન રે. વેરાવળ	જવાબદાર

ફરીયાદ

ફરીયાદી જવાબદાર વેરે પરણેલ છે તેની તથા તેના દીકરા કાસમની પેટ ખાય અપાવવા બાબત.

ફાઇલ સં. ૧૯૬૦ ના કારતક શુદ ૧૫

ફેસલ સં. ૧૯૬૦ ના ભાદરવા સુદ ૫

આ કેસની કેફીયત એવી છે કે, પ્રથમ જવાબદાર ફરીયાદી બાઇનો વાંક કાઢી તે ઉપરે બીજી ઓરત કરવાની પરવાનગી મળવા અરજ કરેલ, તે ઉપરની ફાઇલની તારીખે મફ્રેવડી મુકામે રજુવાતની મુદત નીમેલ. તે તારીખે જવાબદાર તેની ફરીયાદીમાં ખોટો પડવાથી ફાઇલની તારીખથી મજકુર બાઈને તેના દીકરાનો રીતસર જમાન આપી તેડી ન જાય ત્યાં સુધી તે બાઇને તેના માવતરે બેઠા ૧ માસે રૂ. ૪ા લેખે ખોરાકી પોશાકીના આપવા હુકમ ફાઇલની તારીખે થએલો છે.

પરંતુ જવાબદાર તે પ્રમાણે રજુ રહેલો ન હોવાથી, જવાબદાર ઉપરે નાતના ધારા પ્રમાણે તાકીદ કરવામાં આવી હતી. દરમીયાન જવાબદાર મુંબઇ જઇ ત્યાં મહુવાના તીનાસરી ખોજા જીવા નથુની બેન માનબાઇ વેરે કાજી સાથે નીકા પડાવી વેરાવળ લઇ આવી, તે તેના કૃત્યની કબુલત અહીં ગયા અસાડ માસનીજ તા. ૨૮ મી એ આવી પોતાથી જાહેર કરતાં, તે તેની કબુલત આ કેસમાં દાખલ આંક

આ બાબતમાં તેની નાતના કાયદા મુજબ્ સજા તથા તેની ઉપરની ફરીયાદીની પેટખાઇ ન આપવા બાબતમાં નાત બાર થએલજ હતો અને ફરી ઉપરના કારણથી નાતબાર રાખવામાં આવ્યો હતો. પરંતુ તેણે ફરીયાદીને તેડાવી તેનું મન માનતું કરી દેવા અને હાલ તેણે તીનાસરીમાંથી ઓરત કરી છે તે ઓરત ઇસમાયલી ધર્મમાં આવવા ચાહના રાખે છે. માટે આ તેના કૃત્યને માટે ગુનેહગારી આપવા અને ઇસ્માયલી જમાથમાં નાતના ધારા પ્રમાણે ફરી નીકાહ પડાવવા અને તે બાબત પીર સરકાર તથા જમાતનો દાદ ધરા પ્રમાણે આપવાનું કબુલ કરી નાતમાં આવવાને ઘણી આજીજી કરતાં આ તીનાશરીની લાવેલ કન્યાને રહેવા દેવી કે કેમ, તે વીશે મુંબઇ જમાતનો અભિપ્રાય મંગાવતાં, મુંબઈ જમાતનો કાગળ આવ્યો જે કે, આ કેસમાં આંક મેં દાખલ રાખવા આવેલ છે. તેમાં તેની ગુનેગારી લઇ છાંટો નાખવાની મતલબે આવેલ છે.

આ ઉપરથી ફરીયાદી અને જવાબદાર અને જવાબદારે નવી લાવેલ કન્યા માનબાઇને રૂબરૂ બોલાવતાં આજે સહુ હાજર થાતાં, તીનાસરીની દીકરી માનબાઇની આજે જુબાની લેવામાં આવી, જે કે આ કેસમાં આંક મેં દાખલ રાખવામાં આવેલ છે તે જુબાનીમાં તે ઇસમાયલી ધર્મમાં આવવાને અને ઇસમાઇલી રીત પ્રમાણે નીકાહ પડાવવાને ખુશી બતાવે છે એટલુંજ નહી પણ તેની મા અને બાઇ જે કે તીનાસરી છે તેનાથી કોઇ પણ જાતનો સંબંધ નહીં રાખવા અને તેને ત્યાં નહીં જવાનું કહે છે તેમ જવાબદારને બીજી ઓરત છે છતાં તેને વેરે નીકાહ પડાવવાનું કબુલ કરે છે

આ ઉપરથી ફરીયાદીને રૂબરૂ પુછી તેમ જવાબદારને પણ રૂબરૂ પુછી તેઓની કબુલત અનુસાર નીચે પ્રમાણે ઠરાવ કરવામાં આવે છે કે

ઠરાવ.

૧ જવાબદારે આ નાતના ધારા વિરૂધ્ધ કરેલા કૃત્યને માટે ગુનેગારીની રકમ રૂપીયા ૫૦) અંકે પચાસ તથા એક ઉપરે બીજી ઓરત કરવાની રકમ રૂા. ૫૦) મળી કુલ રૂપીયા ૧૦૦) અંકે એકસો જવાબદારે હાલ રજુ કરવા.

૨ ફરીયાદીના બંદોબસ્તને માટે નીચે પ્રમાણે.

૧ મજકુર વીરબાઈના દુઃખ સુખમાટે રૂા. ૧૨૫) એકસો પચીશની રકમ મુકરર કરવામાં આવે છે અને તે રકમ સ્ત્રી ધન તરીકે પીર સરકારમાં રાખવી ઠરી છે. તે રકમ આજની તારીખથી ચાર માસે આપવાનું હાસમ સવજી માંગરોળ વાળાને ધરધરાઉ જમાન આપતાંહાસમ સવજીની કબુલત બદલ આ નીચે સહી લેવી.

૨ મજકુર વીરબાઈની ખોરાકી પોશાગી છોકરા સહીતની માસીક રૂપીયા ચાડાચાર પ્રથમ ઠરેલી છે. તે મુજબજ મુકરર કરવામાંઆવે છે, પરંતુ હાલ બાઈ નોકર હોવાથી તેની હાલ સુધીની ચડી પેટ ખાય તથા હવે પછી તે નોકર રહેતાં સુધી, દર માસે રૂપીયા સાડાત્રણ પ્રમાણે તથા નોકરી આળશી જાય તો તે પછી માસ એકના રૂપીયા સાડા ચાર પ્રમાણે આપવાનો ઠરાવ કરવામાં આવે છે, અને તે બાબતમાં પણ જમાન મજકુર હાસમને જવાબદારે જમાન આપતાં હાશમ શવજીની કબુલત બદલ આ નીચે સહી લેવી,

૩ મજકુર બાઈ પાસે નીચે લખ્યા દાગીના છે તે પણ સ્ત્રી ધન તરીકે તેની પાસે રહેવા દેવાનો ઠરાવ કરવામાં આવે છે.

રૂપાના કડાંની જોડ ૧ એક, રૂપાનીહથેરી જોડી ૧ એક. રૂપાની કારેલી ૧ એક, હેમનું કુલ ૧ એક. હેમનું એકદાણીયું ૧ એક હેમના માદલીયાં નગ ૬ છ. હેમનું ઢોળીયું ૧ એક.

૪ બાઈ વીરબાઈ અને તેના છોકરાને રહેવા માટે મકાન હાલ ભાડે લઈ દેવું અને જવાબદારના મકાનમાં મેડી હાલ ગીરવી છે અને નીચે મકાન છે તેમાં જવાબદાર રહે છે; પરંતુ તેના દીકરાની સાદી થાય ત્યારે મેડી ગીરવી છુટી હોય તો મેડી, નીકર નીચેનું મકાન ફરીયાદીના હીસ્સાનું તેને સોંપી દેવું અને તે મકાન મજકુર વીરબાઈ તથા તેના દીકરાને સોંપવા ઠરાવ છે.

૫ મજકુર વીરબાઈના દીકરાની સુનત શાદી, સગાઈ તથા શાદી વીગેરેના ખરચ જવાબદારને શીરછે

ખોજા હાશમ શવજીની સહી દા. પોતાના

ખોજા અલી પ્રધાન સહી દા. પોતે

સાથેના કાગળમાં લખ્યા મુજબ પાંચ કલ[m] મજકુર વીરબાઈ અને તેના દીકરાના બંદોબસ્[ત] ને માટે લખી છે અને તે બાબતમાં જમાન હાશમ સવજી ઠરેલ છે.

૩ મહુવાવાળા તીનાસરી જીવા નથુની બેન માનબાઈ ઇસમાઇલી ધર્મમાં આવવાનું અને ઇસમાઇલી રી[ત] પ્રમાણે નીકા પઢવાની માંગણી કરતાં, નાતના ધા[રા] પ્રમાણે પીરસરકાર તથા જમાથનો દાદ લઈ નીકા પઢાવવાનો ઠરાવ કરવામાં આવે છે અને ગુનેહગારી બાબત કલમ એકમાં લખ્યા મુજબ ઠરી [છે]

૪ ફરીયાદી વીરબાઈને માટે કલમ બેની પેટા કલમ પાંચમાં લખ્યા મુજબ ઠરાવ થએલછે. તે ઉપરાંત છોકરાને લૂગડાં જવાબદારે આપવા અને ફરીયાદીનું પીસણું બે પાલી પીસી દેવાની સરતે રૂપીયા સાડાચાર માસીક આપવાનો ઠરાવ કરવાંમાં આવેછે.

૫ ફરીયાદીની ચડેલ પેટખાઇમાં તેને મળી છે એટલે હાલ સુધીના ઉધડા રૂપીયા ૧૫ અંકે પંદર હાલના જવાબદારે રજુ કરવા અને હવે પછેથી મજકુર વીરબાઇ નોકરી બીજે રહેતો, દરમાસે રૂપીયા અઢીનો, નોકર ન રહેતો બે પાલી પીસણું પીસી દેવાની શરતે માસીક રૂપીયા સાડાચાર લેખે અને તે ઉપરાંત ખોરડાંનું ભાડું સીખે આપવા ઠરાવ છે

૬ ગીરવી મકાન જવાબદારનું છે. તે છોડાવી લીધેથી અરધ ફરીયાદીના છોકરાને સોંપવા અગર અરધ રોટી છોકરાના નામથી પીરસરકારમાં અનામત રાખવા ઠરાવ કરવામાં આવે છે.

૭ જવાબદારને હાલ આ છોકરો છે. તે ઉપરાંત જવાબદારની નવી ઓરતને છોકરો થાય તો બાકીની મીલકત છોકરાના હીસ્સે વરાડે વેચવા સરતછે

ઉપર મુજબ ઠરાવ કરવામાં આવે છે તેની કબુલત બદલ બન્ને પક્ષકારની આ નીચે સહી લેવી.

૧ ખોજા અલી પ્રધાનની સહી દા. પોતે

વીરબાઇની સહી દા. કાના હરજી

૧ ખોજા હાશમ સવજીની સહી દા. પોતે

મારી રૂબરૂ કાશમ ઇસ્માલ

(નકલ ચોથી)

વારસ કાશમભાઇ વારસ અસમાલભાઇ રૂબરૂ નાતમાંની તકરારનો કેસ ૪/૬૫ સં. ૧૯૬૫

શીયા ઇમામી ઇસમાઇલીયા કૌન્સીલ મીજંગા
} ફરીયાદી

વિરૂદ્ધ

ખોજા રેમતુલા ભાણુજી રહેવાશી સુપેડી
} જવાબદાર

જવાબદાર સુપેડીથી વરસ નવ થયાં આફ્રીકાના જીલ્લા માડાગાસ્કરમાં આવેલ, તે આપણો કદીમી ધર્મ શીઆ ઇમામી ઇસ્માઇલી ધર્મ સુકી ઇસિનાસરી ધર્મ પાળે છે. તે દેસમાં આવે છે માટે તે નાતથી દુર રાખવા બાબત

ફાઇલ સં. ૧૯૬૪ ના આસો તા. ૧૪
ફેસલ સં. ૧૯૬૫ ના કારતક સુદ ૧૫

જજમેન્ટ સાથે ઠરાવ.

આ કેસની ફરીયાદ ફરીયાદી તરફથી તા. ૩૧ સપ્ટેમ્બર સને ૧૯૦૮ ના કાગળથી દાખલ થઇ તે દાખલ આંક. ૧

આ ઉપરથી મજકુર જવાબદારને નાતથી દુર કરેલ, તે નાતમાં આવવા ઘણા રોજ થયા આંહી જુનાગઢ મુકામે આવેલ; પરંતુ તેને નાતમાં લેવાની ના પાડવામાં આવી હતી. તે પણ તે ઘણો લાગુ રહી આજની તારીખે તેની થએલી ભુલને માટે માફી માગી ઘણી જાતની કબુલત આપી તે તેની કબુલત દાખલ આંક ૨ બે

આ ઉપરથી મજકુર આસામીની આપણા શીયા ઇમામી ઇસમાઇલી ધર્મ પાળવાની વધારે લાગણી જણાતાં, તેમ તેની ઉમ્મર પણ નાની છે અને જો કે તેની ભુલ થએલી છે તે તીનાસરી લોકોમાં નોકર રહેવાથી થએલી જણાય છે. હવે તે લોકોમાં નોકર હોવાનું પણ તે કબુલ કરે છે. તે ઉપરથી ઠરાવ કરવામાં આવે છે કે

ઠરાવ.

નીચેની સરતો પુરેપુરી પાળવાની સરતે જવાબદારને આપણા શીયા ઇમામી ઇસમાઇલી ધર્મમાં લેવાનું ઠરાવવામાં આવે છે.

૧ મજકુર આશામીની કમાણી રૂા. ૧૬૫૦) ની થઇ છે. તેમાં રૂપીઆ બસો દેશમાં તેનાં બાપને મોકલેલ તેની દસોંદ રૂા. ૨૫) પચીશ તેના બાપ ભાણુજીએ સુપેડી જમાથમાં ભર્યાનું કહેવામાં આવે છે. તે જતાં બાકી રૂા. ૧૪૫૦) ના આઠમે ભાગે રૂા. ૧૮૧ા તથા રૂપીઆ ૫૦ પચાસ પેટબાય બાબતના ઉધડા મળી ૨૩૧ા બસો સવા એકત્રીશ હાલ રોકડા આપે.

૨ મજકુર આશામી હવે પછી ઇસનાશરી ધર્મ ન પાલે, તેમ ઇસનાસરી લોકો સાથે ભાગથી કે નોકરથી રહે નહિં તેમ

તેની ખાત્રી માટે ડીપોઝીટ ના રૂપિયા ૫૦૦) અંકે પાનસો રોકડા હાલ આપે અને તે રૂપિયા પાંચ વરસ સુધી તે આશામી ઉપર પ્રમાણે વરતી, બરોબર શીયા ઇમામી ઇસિમાઇલી ધર્મ પાળે છે તેમ શીયા ઇમામી ઇસમાઇલી જમાથના કાયદા કાનુન પ્રમાણે પુરે પુરો વરતે છે તેની ખાત્રી થશે, તો તેને પાછા આપવામા આવશે, નીકર તે રૂપિયા ઉપર તેનો કોઈ પણ જાતનો હક રહેશે નહિં. એટલે તે રૂપિયા આપણા શીયા ઇમામી ઇસમાઇલી નાતના હાજર ઇમામની ઉપજમાં ખાલસા કરવામાં આવશે.

૩ મજકુર જવાબદાર રેમતુલા હાલ બે વરસ સુધી દેશમાં રહે ત્યાં સુધી, ઉપરની કલમો મુજબ વરતવાની સરતે તેને નાતમાં બોલ ચાલ કરવાની તથા જમવાની તથા ખાને જવાની છુટ આપવામાં આવે છે. ને તે પ્રમાણે બે વરસ સુધી પુરે પુરો આપણા ધર્મમાં વરતશે તો તેને આપણી નાતમાં સગપણ કરવાની છુટ આપવામાં આવશે.

૪ મજકુર જવાબદાર ઉપરની કલમો પ્રમાણે વરતે ને બે વરસ પછી આપણી સીયા ઇમામી ઇસિમાઇલી નાતમા સગપણ કરી કન્યા પરણે, તે પછી પણ કોઇ પણ વખતે મજકુર આશામી ઇસનાસરી ધર્મ પાળે તો તે તેની પરણેલી કન્યાને વગર તલાક આપે તલાક છે તેમ તે કન્યા ઉપરે તેના ધણીપણાનો કે ખર્ચ બાબતનો કંઇપણ હક રહેશે નહીં; એવી તે જવાબદારે સ્પષ્ટ કબુલ દાખલ કરીછે ને તે મુજબ આ કલમ લખવામાં આવીછે.

ઉપર પ્રમાણે ઠરાવ કરવામાં આવે છે તેમાં જવાબદારની કબુલતની સહી લઇ તેને ઉપરની કલમોની શરતો અનુસાર નાતમાં લીધામાં આવ્યો છે તા. સદર

(સહી) લી. રેમતુલા ભાણુજીની સહી દા: પોતે

(સહી) ભાગુજી વીરજીની સહી દા: પોતે

ઉપર લખ્યા રૂ. ૫૦૦) અંકે પાંચસો ડીપોઝીટના ખાસ ટંકશાલે દા. પા. ૫

(નકલ પાંચમી.)

વારસ કાસમભાઇ વારસ અસમાલભાઇ રૂબરૂ
નાતમાંની તકરારનો કેસ નંબર
પીર સરકારના હક.

વિરૂધ્ધ

ખોજા અલી માધા રે. ફેદરા { જવાબદાર

ચાર્જ

જવાબદારે અહીની મંજુરી વીના તેની ઓરત
નામે પુતળી જે કે સરગવાડા વાળા મોતી
ડોસાની વીધવા ડાઇની ભાણેજ
થાય, તેનું લખાણુ કર્યા બાબત

ફાઇલ સં. ૧૯૫૯ ના આસો તા. ૨૮

ફેસલ સાં. ૧૯૬૦ ના ભાદરવા સુદ ૧૪

જજમેન્ટ સાથે ઠરાવ.

આ કેસની હકીયત એવી છે કે, જવાબદાર અલી માધા જે તેની ઓરત નામે પુતળીનું અમારી મંજુરી વીના લખાણું કરી આવ્યાની હકીકત ફાઇલની તારીખે વઢવાણ કાંપમાં અમોને જાહેર થતાં તે બાબત જવાબદારને નાતથી દુર કરવામાં આવેલ છે.

આ બાબતમાં જવાબદારની તેની તથા તેના ભાઇ મોહન ડુંગર આજરોજે કા. રૈમતલા પુંજાના કાગળ સાથે હાજર થઇ જાહેર કર્યું કે-

જવાબદારે જે કન્યા પુતલીને લખી આપેલ તે કન્યા શ્રી ભાલના ગામ શ્રી ભોલાદના ખોજા ચતુર મુળજી વેરે નીકા કરી ગઇ છે. એટલુંજ નહીં પણ સદરહુ લખણું ફેદરા જમાથ મારફતે લખાણુ બાબતની ગુનેગારીની પીર સરકારની રકમ ફેદરા જમાથમાં આપી લખાણું કરેલ છે. હકીકત એવી છે કે આ લખણાં બાબતમાં આપની મંજુરી માગવામાં અમારી અને ફેદરા જમાથની ભુલ થઇ અને તે બાબતમાં ફેદરા જમાતે સં. ૧૯૬૦ ના પોસ વદી ૭ ના કાગળથી આપની પાસેથી માફી માગેલ છે તે કાગળ કેસમાં મોજુદ છે તેમ જીકર વાળી કન્યાના બીજે નીકા પણ થઇ ગયા તેની ખાત્રી માટે આજરોજે કા. રેમતલા પુંજાનો કાગળ રજુ કરૂં છુ માટે નાતમાં લેવો જોઇએ.

એ જાહેર કરતાં તે હકીકત કેસમાં પડેલા કાગળ અને આજરોજે કા. રૈમતલા પુંજાનો આ કેસમાં રજુ થએલો કાગળ વાંચતાં ખરી માલુમ પડે છે એટલે હવે આ કેસ આગળ લંબાવવો જરૂર નહીં જણાતાં ઠરાવ કરવામાં આવે છે કે

ઠરાવ.

જવાબદારે અહીની મંજુરી વીના લખણું કરેલ તે બાબતની ગુનેહગારીની રકમ રૂ. ૧૫ા તથા કંટીજંન્ટ રૂ. ાાાાાન્ના મળી રૂ. ૧૬) ન્ના જવાબદાર ઉપરે રાખવામાં આવે છે તે રજુ કરેથી તેનેનાતમાં લેવો.

આ જવાબદાર નાત બહારે રહયો છે પરંતુ તે મુદતમાં તેણે દસોંદ ભરેલી છે એમ તેની સાથે આવેલ ફેદરાવાળા ભાઇમોહન ડુંગર જાહેર કરે છે એટલે ઉપર મુજબ ઠરાવ જવાબદારને વાંચી સંભળાવ્યો તા, સદર

૧ ખોજા અલીભાઈ માધા સહી દ. પોતે
મારી રૂબરૂ
કાશમ ઇસમાલ

રૂ. ૧૬) ન્ના ગુનેગારીના રોકડા રજુ થયા તે દફતર પા. ૧૯૪ મે જમે કરાવ્યા છે.

(નકલ છઠી)

સં. ૧૯૬૫ ના વૈશાક તા. ૭

આજરોજ મજકુર ગુલામ અલીની રૂબરૂની દલીલ સાંભળી ઠેરાવ કરવાગાં આવે છે કે

ઠરાવ

૧ મજકુર ગુલામ અલીની નવ વરસની પેટખાઇ તથા કમાણી કુલ રૂ. ૯૬૦) ઠેરાવવામાં આવે છે. તેની દસોંદના રૂ. ૧૨૦) એકસો વીશ ઠેરાવવામાં આવે છે તેમાં રૂ. ૪૦) ચાલીશ હાલ મજકુર ગુલામ અલીના બાપ શામજીએ રજુ કરવા તથા રૂ. ૪૦) સં. ૧૯૬૬ ના કારતક સુદ ૨ ના રોજ ને રૂ. ૪૦ ચાલીશ સં. ૧૯૬૭ ના ફાગણુ વદ ૨ ના રોજ રજુ કરવા એમ ઠેરાવવામાં આવેછે. ને સદરહુ હફતા ભરી આપવા માટેનો જમાન પોરબંદર જમાથની પસંદગીનો મજકુર શામજીએ રજુ કરવો એમ ઠરાવવામાં આવે છે.

૩ મજકુર ગુલામઅલીએ પરદેશ જવાનું નથી; પણ કદાપી પરદેશ જવાનુ થાય તો, અમારી રજા લીધા બાદ ગુલામઅલીએ પરદેશ જવું. તે પાછા આવતી વખત સી. ઇ. ઇ. જમાથના કાગળ સાથે લેતાં આવવું એમ ઠરાવવામાં આવે છે

૨ મજકુર ગુલામઅલીનું વેશવાળ ખોજા વેરસી કુરજી રે. વેરાવળવાલાને ત્યાં તેની દીકરી વેરે કરેલ છે; પણ અમારી મંજુરી મેળવ્યા વગર આજથી વરસ ૨ સુધી સાદી કરવી નહીં. ને સદરહુ મુદત વીતે અમારી મંજુરી મેળવ્યા બાદ સાદી કરવી એમ ઠેરાવવામાં આવે છે

૪ મજકુર ગુલામઅલીને બોલચાલ તથા ખાને આવવા જવાની છુટ આપવામાં આવે છે.

૫ મજકુર ગુલામઅલી કાંઇ કમાવી આવેલ નથી. ફક્ત રૂા. ૧૦૦) તેના બાપને મોકલેલા છે એમ તેણે જાહેર કર્યું છે ને રૂા. ૧૦૦ પોતે આફ્રીકામાંથી આવ્યો તેમાં ગોર ખર્ચ બાબતમાં ખર્ચ થઇ જવામાં છે તેથી કલમ ૧ માં જણાવેલી રકમ એટલી પેટ ખાઇની મુકરર કરવામાં આવેલ છે તેથી ઠરાવવામાં આવે છે કે ઉપર લખ્યા સીવાય વધારે ગુલામઅલીએ કમાઈ કરી હશે તે સાબીત થાશે તો તેની ઉપર લખ્યા સીવાય તથા તેની કમાણી મુજબ દસોંદ લેવામાં આવશે.

૬ મજકુર ગુલામઅલીએ આયંદે કોઇ તીનાસરી સાથે નોકર રહેવું નહિં અને તેવા લોકોથી બોલ ચાલ તથા નાત વહેવાર કરવો નહિં. તથા તીનાસરીમાં સહી આપવી નહિં એમ ઠરાવવામાં આવે છે ને કદાપી ઉપર પ્રમાણે વરતવામાં ગુલામ અલી કસુર કરે તો, તેની ખાત્રી માટે રૂા. ૨૦૦) બસોનો સાહુકાર જામીન પોરબંદર જમાથની પસંદગીનો ગુલામઅલીએ રજુ કરવો એમ ઠરાવવામાં આવે છે.

૭ ખુા. પીર સરકારની ગુનેગારી રૂા. ૨ાા અઢી મજકુર ગુલામઅલીએ રજુ કરવા એમ ઠરાવવામાં આવે છે.

ઉપર પ્રમાણે ઠરાવ કરવામાં આવ્યો. તે વાંચી સંભળાવી સહી લઇ દફતરે દાખલ તા. સદર

૧ ખોજા ગુલામઅલીભાઇ શામજી દઃ પોતાના

૧ શામજી આમદની સઇ દઃ પોતાના

મારા રૂબરૂ

કાશમ ઇસમાલ

(નકલ સાતમી)

સં. ૧૯૬૫ ના અષીક શ્રાવણ તા. ૧૦

મોજે રાવળ વાળા ડાયા કાનજી આફ્રીકામાંથી આવેલ છે તે મજકુર ડાયો તીનાસરી છે એમ જંગબાર કૌંસીલે તા ૧૮ જુન સં. ૧૯૦૮ ના કાગળથી જાહેર કરતાં તે કાગળ આ કામમાં દાખલ આંક ૧ મેં રાખી સદરહુ કાગળ ઉપરથી રાવલ જમાથ ઉપર જા. ની. $\frac{૮૪૩}{૬૫}$ થી મજકુર ડાયાથી બોલ ચાલ તથા નાત વ્યવહાર બંધ કરવાનું લખાણ કરવામાં આવ્યું. તેનું છેવટ પરિણામ આવવા ઉપર આ કામ મુલતવી રહેલ. જા. નં. ૯૪૩ નું લખાણ રાવળ જમાથ ઉપર કર્યા બાદ રાવળ જમાથનો કાગળ દા. આંક ૨ ડાયાના રૂબરૂ આવવા ઉપર મુલતવી રહેલ આજરોજ મજકુર ડાયો હાજર છે તેની જુબાની લેવામાં આવી તે દા. આંક ૩

આંક ૩ વાળી જુબાની વાંચી ખ્યાલમાં લેતાં. મજકુર ડાયાની ઉમર વરસ ૧૪ ની માત્ર છે તેમ પોતે મુદલ વરસ ૨ તુલીયાર ગામે રહેલ છે. તેનો શેઠ તીનાસરી ધર્મ પાળતો હોવાથી તે તેના સાથે નોકર રહેલ. તેથી મજકુર ડાયોં તીનાસરીથી ઓળખાયો છે. એમ ડાયો જાહેર કરે છે. ઉપરાંત હવે પોતે તીનાસરી થવા ખાયસ ધરાવતો નથી. ને પોતાનો શેઠ તીનાસરી હોવાને સબબેજ દેસમાં આવતું રહેવું પડ્યું છે એમ જાહેર કરે છે તે ઉપરથી ઠરાવ કરવામાં આવે છે કે—

ઠરાવ.

૧ મજકુર ડાયો ગરીબ સ્થીતીનું માણસ, ફરી આફ્રીકામાંથી રૂા. ૫૦) પચાસ વરસ ૨ ના તેને મળ્યા છે. એટલે તેની ગરીબ સ્થીતી ઉપર ખ્યાલ રાખી તેના ઉપર ગુનેગારીના રૂા. ૭ાા તથા કન્ટીજન રૂા. ૦ ૭ાા મળી જમલે રૂા. ૭ાા ૭ાા પોણા આઠ સાડા ત્રણ આના મજકુર ડાયા ઉપર રાખવામાં આવે છે. તે તેણે રજુ કરવા.

૨ મજકુર ડાયાને ખાને આવવાની તથા ડાયાથી બોલ ચાલ કરવાની પરવાનગી આપવામાં આવે છે. એટલે તે બાબત રાવળ જમાથને જુદા જાવકથી લખવું.

૩ મજકુર ડાયાનું શગપણ તેના મામા નારણ વેલાણીની દીકરી રામબાઇ વેરે કરેલ છે. તે સાદી એટલે ડાયાની સાદી અમારો બીજો હુકમ મળ-

તા સુધી ડાયાએ કરવી નહિં એમ ઠેરાવવામાં આવેછે.

૪. મજકુર ડાયો આ પછે તીનાસરી લોકોથી કોઇ પણ જાતનો સંગ ન કરે, તેમ તીનાસરી થઇ ન જાય તે બાબતનો સાહુકાર જામીન રાવળ જમાથની પસંદગીનો ડાયાએ રજુ કરવો

ઉપર પ્રમાણે ઠેરાવ કરવામાં આવ્યો. તે વાંચી સંભળાવી સહીઓ લઇ દફતર દાખલ તા. સદર

૧ દઃ ડાયા કેશવજીની સહી દઃ પોતે

સાખ

૧ માધવજી કાનજી

(નકલ આઠમ)

સં. ૧૯૬૦ ના અસાડ વદ ૧૩ ભોમવાર

ખોજા મધુ શામજી ગાહા ગામનો રહીશ તેણે પોતાની સગાઇ બાલભાના ખોજા નથુ ભાણજીની દીકરીવેરે આશરે ચાર પાંચ વરસ પહેલાં કરેલ; તે પછે પરદેશ એટલે આફ્રીકામાં મોઝાંબીકના ગામે ગએલ. ત્યાં ઇસમાઇલી દીનમાંથી ફરી જઇ તીનાસરી મજહબમાં ભળ્યો. અને તીનાસરી દીન પાળતો. હાલ આશરે બે માશ થયાં પોતાની સાદી કરવા દેશમાં આવેલ અને બાલભા ગામે જઈ તેના સસરા નથુ ભાણજી પાસેથી મજકુર ગામની જમાથની રજુવાતે અમુક તારીખના લગન લખ્યાના ખબર જામનગર દફતરના કામડીયા જેસા સાજુને ખબર થાતાં; મા-ધુ શામજી તથા નથુ ભાણજીને નાત બહાર કરીને બાલભા ગામની જમાથને ખબર લખ્યા કે, આપણી નાતનો ધારો છે કે તીનાસરી વાળાને કન્યા દેવી નહીં તેમ લેવી નહી અને વહેવાર કરવો નહીં. આ વાત તમારા જાણવામાં છે માટે મધુ શામજી તીનાશરી છે; તો તેના નીકા કરવા નહી. ત નીકા પડાવશો તો, નાતના કાયદા પ્રમાણે નાત બહાર કરવામા આવશે; તની તેના નીકામાં કોઇએ ભાગ પણ લેવો નહીં માં આશામી ભાગ લેશે તેને પણ જ્ઞાતિ ધોરણ પ્રમાણે સજા કરવામાં આવશે. આ પ્રમાણે ખબર આપ્યા છતાં, બાલંભાવાળાએ પોતાની સીરજોરીથી મજકુર મધુ શામજી ની દીકરી આપવાના જામનગર દફતરના કામડીયા જેસા સાજુને ખબર થાતાં; મજકુર મધુ શામજીની નીકાના કામ વીશેમાં તપાસ કરવા માટે જીવાપર ગામે જઇ, કંઠી જમાત ભેગી કરી અને તેનો તપાસ કરી; નીચે લખ્યા આશામીને ખાત્રી કરી ગુનેગાર ઠરાવી નાત બહાર મુક્યા. તે આશામીના [illegible] અને જુનાગઢથી વારસ સાહેબની મંજુરીના શરતે.

૧ પેથા ડાયા બાલંભાવાળા.
૨ દેવા ડાયા સદર.
૩ ધરમશી ખોધા સદર.
૪ ધરમશી શરીફ સદર.
૫ ઝીણા ખોધા સદર.
૬ નાથા તેજા બાલંભાવાળા.
૭ વીરા ભાણજી તથા તેનો દીકરો સદર.
૮ ઇસમાલ ડાયા તથા તેની મા નાનબાઇ જાંબુડા
૯ જમાલ મોના.

ઉપર લખ્યા આશામી જણુ અગ્યારને નાત બહાર મુકી જુનાગઢ વારસ સાહેબને કામડીયાએ ખબર આપ્યા; તો તેણે નાતના ધારા ધોરણ વીરૂદ્ધ કામ કરવાથી તેમ કરવું બહાલ રાખેલ.

ઉપર લખ્યા નાત બારાઓમાંથી એક બેને પાંચ નંબર વાળાં આશામી જણ ત્રણે જુનાગઢ આવી વારસ સાહેબને રૂબરૂમાં અરજી લઇ આપી કે, અમો ત્રણએ અરજદાર નાત બહાર છીએ અને અમારા ઉપર રહેમ લાવી નાતમાં લઈ નાતનો તીરસ્કાર દુર કરશો અને ગુનેગારીનો જે બોજો રાખશો તે અમારે કબુલ મંજુર છે હાલ અત્રે ત્રણ મુખ્ય માણસ આવ્યાછીએ; તો બીજાને માટે પણ ગુનેગારીનો બોજો રાખશો તે પણ કબુલ છે વીગેરે હકીકતની અરજી રજુ કરી; તે ઉપરથી જામનગર માણસ આવી તપાસ કરવા મતલબે શેરો લખી અરજદારને વાંચી સંભળાવી આ કેસમાં દાખલ આંક

જે ઉપરથી કાશમ પ્રેમજી જામનગર આવી કામડીયા હાજી માંમદ નજર અલી તથા જેસા સાજુની ની સાનીધ તપાસ ચલાવવા માટે આજની તારીખે હાજર થવા નાત બહાર, એ તથા કંઠી જમાતને ખબર આપવાથી આજે ગુનેગારો તથા જમાથોના મુખી કામડીયા વીગેરે હાજર થયા.

ગુનેહગારોમાંથી નથુ ભાણજી બાલંભાવાળાએ જે નાતના ધારા ધોરણ એક બાજુ મુકી તેમજ તીનાસરી મધુ સામજી સાથે તેની દીકરીની સાદી કરી આપી, એ નાતના કાયદા કાનુનથી પણ ગેર વ્યાજબી કામ કરવાના સબબથી હાલ તેને નાતમાં લેવા દુરસ્ત નહિં ધારી, તેને બોલાવેલ નહિં. બાકીના તમામ ઉપર લખ્યા નાત બહારોને બોલાવતાં; હાજર થઇ અરજ કરી કે, અમોએ નાતના હજાર ગુના કર્યા. અમો અમારા ગુનાની તોબા ભણી અરજ કરીએ છીએ કે; આ બાબતમાં જે ગુનેગારી

તે આંકડો મુકે તે અમારે કબુલ મંજુર છે તે ઉપરથી તે લોકોને કેવામાં આવ્યું કે; હવે પછી ગેર જમાતની નાતના કાયદા વિરૂધ્ધ કોઇ દીવસ આવું કામ ન કરો તેમ તથા નથુ ભાણજીએ તીનાસરી વાલુ સામજી વેરે તેની દીકરીની સાદી કરી આપી તે નાત બહારથી કોઇએ બોલચાલ કે નાત વહેવાર ન કરવો; તેમજ હવે પછે વારસ સાહેબના કાગળ [illegible] કોઇ પ્રદેશી ખોજાની સાદી અગર સગપણ [illegible] ભાગ નહિં લેવો અને તેથી ઉલટા વરતો તો દરેક જણ રૂપીયા ૧૨૫) પીર સરકારને ગુનેગા-રીના આપવાની કબુલત લઇ આપો; તે પ્રમાણે તે લોકોએ કબુલત લઇ; તે જામનગર દફતરે કામડીયા [illegible] સાજુ મારફત દફતર દાખલ રાખી એટલે હવે તેની કબુલત ઉપરથી કેસમાં વધારે તજવીજ કરાવવું નહિં રહેતાં; તેઓની કબુલત અનુસાર ઠરાવ કરવામાં આવ્યો કે—

ઉપર લખેલા નાત બહારાઓનો તમામનો એક સરખી રીતે ગુનો હતો નહિં; એમ કંઢીની તમામ જમાતના મુખી કામડીયાઓને પુછતાં સીધ થાય છે. નથુ સામજી તીનાસરીની સાદીના કામમાં કોઇએ થોડો ભાગ લીધેલ ને કોઇએ જાસ્તી ભાગ લીધેલ તેથી ગુનેગારીનો આંકડો પણ સરખી રીતે ઠરાવવો વાજબી ન ગણાય; એટલે તે ઉપરથી કંઢી જમાત-ના મુખી કામડીયાઓની રજુવાતે ગુનેગારીનો નીચે પ્રમાણે ક્રમવાર આંકડો ઠરાવ્યો રૂપીયા શું કે—

[illegible] ઘેલા ડાયા
[illegible] દેવા ડાયા
[illegible] ધરમશી ભાંધા
[illegible] જીણા ભાધા
[illegible] માધા તેજા
[illegible] વીરા ભાણજી
[illegible] જમાલ મેના

કુલ રૂપિયા

૨૫૩ાા બસો પોણા ચોપન રૂપિયા

બસો પોણા ચોપન રૂપીયા ગુનેગારીના ઉપર [illegible] વીગતે રોકડા લઇ નાતમાં લેવાનો ઠરાવ કરી [illegible] રૂપીયા રોકડા જામનગર દફતર ભરે એટલે નાતમાં લેવાની વાત. તે પ્રમાણે ઘણા ખરાએ રોકડા [illegible] બાકીનાએ કાંઇ રોકડા આપ્યા અને કાંઇકની [illegible] માણસની જામનગર દફતરે કબુલત કરાવી એટલે તેઓને નાતમાં લેવામાં આવ્યા તા. સદર

ઉપર લખ્યા રૂપીયાનું જામનગર દફતરમાં ના[illegible] માંડવું; તેની કબુલત બદલ સહી લેવામાં આ[illegible] તા. સદર

ઉપર લખી બાબતમાં કેટલાક દસ્તાવેજ તેઓ[illegible] સહીવાળા જામનગર દફતર મારફત લેવાયાછે તા. સદ[illegible]

વારસ સાહેબના હુકમથી
કાશમ પ્રેમજી

ઉપરનો અહીના હુકમથી કાશમ પ્રેમજીએ કરે[illegible] ઠરાવ ફેસલ ઠરાવ ગણી દફતરે દાખલ કરવો તા[illegible] સદર સવંત ૧૯૬૦ ના શ્રાવણ સુદ ૨

કાશમ ઇસમાલ
પ્રેસીડેન્ટ ખોજા ગ્નાતી

(નકલ નવમી)

સં. ૧૯૬૫ ના પોસ તા ૯

આજરોજ મુળ ધ્રોળનો હાલ મુંબઇવાળા પીર ભાઇ વલીએ પોતે ઇસમાઇલી છે તેની ખાત્રીના કા-ગળો મુંબઇવાળા કા. વીરજી ઇસમાલ તથા આગા શાહા હસનઅલીની વાડીના પંજે ભાઇઓનો કાગળ એમ બે કાગળો રજુ કરી જાહેર કર્યું કેઃ—

મારી બેન રાજુ તે લાલજી લાધાની વિ. રાજુ તીનાસરી લોકોથી સંગ કરેલ; તે માટે નાત બાર થ-એલ છે. હવે તેનો નાતમાં લેવા બાબત આપ જે ઠરાવ કરો તે મારે કબુલ છે ને તેને નાતમાં લેશો.

ઉપર પ્રમાણે જાહેર કરતાં ઠેરાવવામાં આવેછે કે મજકુર રાજુ તીનાસરી લોકો સાથે આયંદે સંગ ન કરે, તે બાબતનું દસ્તાવેજ મજકુરબાઇ રાજુ ની વતી પીરભાઇએ પોતાની કબુલતનું દસ્તાવેજ લખી આપ્યું તે આ કામમાં સામેલ રાખવામાં આવ્યું.

રાજુએ કરેલી કસુર માટે રૂા. પા સવાપાંચ ગુ-નેગારીના ઠેરાવવામાં આવે છે. તે મજકુર પીરભાઇએ રજુ કરવા.

ઉપર પ્રમાણે ઠેરાવવામાં પીરભાઇની કબુલતથી આવ્યું તેની ખાત્રી માટે આ નીચે સહી લેવી તા. સદર.

૧ લી. પીરભાઇ વલી સહી દ. પોતના

ઉપર પ્રમાણે રહેલ રૂા. પા રજુ કર્યા તે ખાસ ટંકશાલ પા. જમા કરાવ્યા.

રૂપીયા રજુ કરવાથી નાતમાં લીધાનો કાગળ ધ્રોળ જમાથ ઉપર લખી દેવામાં આવ્યો તા. સદર.

(નકલ દશમી)

ખુા. હાજર જો જે ધણી સલામત [illegible] ગા મુલતાન મહંમદ શાહ દાતાર.

વારસ કાશમ વારસ ઇસમાલભાઇ જોગ લી. ખોજા જીવરાજ ભવાન રે. ધ્રોળના હું આ દસ્તાવેજ લખી આપી બંધાઉંછું કે, આપણો કદીમી ધર્મ પીર સારદીનના ગીનાન પ્રમાણે ઇસમાયલી (આગાખાંની છે) તે આપણા કદીમી ઇસમાઇલી ધર્મમાંથી કેટલાક ખોજાઓ આપણા ધર્મને પુરી રીતે નહી સમજવાથી તીનાસરી થઇ ગયેલ છે. તેઓનાથી મેં સંગ કરેલ. તેની કસુર માટે હું નાતબાર થયેલો છું તે બાબતનો બંદોબસ્ત માગતાં હું આ દસ્તાવેજ લખી આપી બંધાઉં છું કે. મારે તીનાસરી લોકથી કોઇ દીવસ બોલ ચાલ કે નાત વહેવાર કરવો નથી તેમ તે લોકો અમારે ત્યાં આવે તો તેને અમારે ઉતરવા કે ખાવા દેવું નથી. તેમ તેવા લોકોને ત્યાં મારે જવું નથી તેમ તેના ઘરનું ખાવું નથી મતલબ એ તીનાસરી લોકોથી કોઇ પણ જાતનો સબંધ રખવો નથી. જો કે ઉપર પ્રમાણે વરતવામાં હું કસુર કરૂં તો ખુા. પીર સરકારમાં ગુનેગારી રૂા. ૧૨૫) અંકે એકસો પચીશ મારે ધરધરાઉ આપવા છે. ઉપરાંત આપ જે સજા કરો તે મુજબ મારે રહેવું છે.

આ દસ્તાવેજ મેં મારી રાજી ખુશીથી લખી આપ્યું છે. તેની ખાત્રી બદલ આ નીચે મેં મારી સહી કરી આપી છે.

સં. ૧૯૬૫ ના આસુ

૧ ભાઇ ખોજા જીવરાજ ભવાન પોતે.

(નકલ અગીઆરમી)

જા. નં $\frac{૬૬૭}{૬૮}$

શ્રી જુનાગઢ કૌન્સીલ

દીગર લખવાનું કે પુના કૌન્સીલ જા. ની. $\frac{૨૬૭}{૬૮}$ તા. ૧૨–૮–૧૨ થી લખે છે કે, પુનાના રહીશ ખોજા તલકસી મેરાલી તા. ૨૫–૮–૧૯૦૭ ના રોજ સુની જમાથમાં ગયો ને, એક ઓરત સાથે તેણે સુની જમાથમાં નીકા કરી; તેના પેટના બે છોકરા હયાત છે. તેને પુના કૌન્સીલે તા. ૨૫–૮–૧૯૦૭ ના રોજ નાત બહાર કરેલ છે એમ લખેલ; માટે તમને લખવાનું કે આ બાબતના ખબર તમારા પરગણાના ગામોની જમાતોને આપી દેશો. સંવત ૧૯૬૮ ના ભાદરવા તા. ૧૦

(નકલ બારમી)

જા. ની. $\frac{૩૩૨}{૬૧}$

રાણાવાવ જમાથ

દીગર તુરા જમાલે સુની દીન અખત્યાર કર્યાથી તે નાત બહાર; તેને ત્યાંની બાયડીને જમાથમાંથી કેટલાક શખસો બોલચાલ કરે છે એવું જાહેર થયું છે તો તે બાબતમાં પકી તપાસ રાખવી. તેમજ ત્યાંના ખોજા મીઠા મેઘજી નાત બહાર તેને અહિંની પરવાનગી મેળવ્યા વગર રૂા. ૧૨) લઇ નાતમાં લીધો છે. એમ જાહેર થતાં તે બાબત તમારો શું ખુલાસો છે તે તુરત લખી મોકલશો. સંવત ૧૯૬૦ ના પ્રથમ જેઠ તા. ૧૪

કા. હ

(નકલ તેરમી)

રોજ કામ

સં, ૧૯૪૭ વૈશાખ તા. ૨૦ બાટવા

શ્રી શીયાળનાં ખોજા કુંવરજી સુંદરજીની દીકરી સોનબાઇ સાથે શ્રી ત્રોઇકાના ખોજા ડુંગર વીરજીના દીકરાનું સગપણ સં. ૧૯૩૮ ના ભાદરવા માસમાં કરેલું તે સગપણ પડતું મુકી તે ડુંગરે નાતની પરવાનગી રીતસર અમારે ત્યાંથી મેળવ્યા વીના બીજું સગપણ કરવાનું કારણ નહી છતાં, તેણે ભારદના ખોજા ધારસી ટકાને ત્યાં સગપણ કર્યું છે. આથી તે પરગણામાં કે બીજે ઠેકાણે આપણી નાતમાં સગપણ કરેલ તે કુંવારા પડતું મુકી, બીજું સગપણ વગર મંજુરીએ થઈ શકતું નથી પરણ્યા પછે તે બાઇમાં કોઇ જાતની દુઃખ અથવા બીજું તેવું ખાસ કારણ જણાએ તો, એપકર બીજું ઘર કરવા ગુનેગારી લીધા પછે રજા મળે છે. તેમ કરવું રીતસર હતું પણ ઉપર પ્રમાણે વગર મંજુરીએ જે પ્રથમ કરેલ સગપણ વગર કારણે પડતું મુકી કર્યું તે નાતમાં કાયદા પ્રમાણે તે ગુનેગાર છે.

બાદ તે ડુંગર વીરજી તરફ જાવક ના. ૧૦૭૩ મેં લખાણ કરવામાં આવ્યું કે; તમોએ સગપણ વગર મંજુરીએ એક પર બીજું કર્યું તેનો જવાબ દેવા દીવસ પંદરમાં હાજર થવું વીગેરે લખતાં, તે પણ કસુર કરી હાજર થયાં નથી તે વીશેનો તેની માનો કાગળ કારતક સુદ ૪ નીશાની (ક) વાળો રજુ થયો તેમાં લખ્યું કે અમે શીયાળ વાળા કુંવરજીને

ત્યાં સગપણ કરેલ ને બીજું બાદર કર્યું છે તો શીયાળ ઘરેણાં રૂા. ૧૨૫) ના કર્યા છે. તે અપાવશો ને પછે તેની દીકરી બીજે આપે તેમ કરશો વીગેરે કાગળ આંક ૧ મે છે.

ને પછી ડુંગર વીરજીનો ખુદનો કાગળ કાર્તક સુદ ૮–૪૭ નો માંડવી બંદરથી રજુ થયો. તેમાં લખે છે કે, અમે પ્રથમ શીયાળ કુંવરજીને ત્યાં સગપણ કરેલ, તેને વરસ ૮ થયાં; પણ તે કુંવરજી એ અમારા માથે જુલમ ગુજાર્યો; તે કારણથી અમે બારદ બીજું સગપણ કર્યું છે તો અમે શીયાળ દાગીનારૂ. (૧૩૫) ના તથા ૪૦ રૂપીયાના લુગડાં ચડાવ્યા છે. તે પાછા અપાવશો ને પછે બીજે સગપણ કરે તે પ્રા. કરશો વીગેરે રજુ થયો તે નીશાની (ખ) આંક.ર. મે છે– આ ઉપરથી તે ડુંગરે વગર કારણે ને વગર મંજુરીએ સગપણ કર્યું છે તેમ બાઇમાં કોઈ જાતનો અવગણુ બતાવતો નથી. ત્યારે વગર મંજુરીએ સગગણ કર્યું છે તે નાતનો ગુનેગાર થાય છે. ને તે કારણનો નીકાલ બાટવા મુકામે રૂબરૂ ચલવી ફેસલો આપવા વૈશાખ વદ ૨ ની તારીખ મુકર કરી, બને પક્ષકારોને હાજર થવા જા. નં. ના લખાણો મોકલ્યાં; તેમાં ડુંગરનો કાગળ વૈશાખ વદ ૧૩ નો રજુ થયો. તેમાં લખે છે કે વૈશાખ વદ ૨ મારાથી પહોંચાશે નહી. તો વૈશાખ વદ ૭ મે હું અગર અમારા માણસો તમારી પાસે હાજર થાશે. તેમ કાગળ લખેલો આવ્યો. તે આ સાથે આંક ૩ નીશાની (ગ) મે છે.

મુદતસર વૈશાખ વદ ૨ ઉપર ફરીયાદી હાજર થયો છે; પરંતુ પ્રતિવાદી ડુંગરની આજ વૈશાખ ૭ ની સાંજ સુધી રાહ જોતાં હાજર થયો નથી. એક તરફી તપાસ ચલાવવામાં આવ્યો.

ફરીયાદી કુંવરજી સુંદરજીની જુબાની લેતાં તેની દીકરી ઉપર વગર કારણે બીજું સગપણ કર્યું છે. તેની તેને સજા કરી અને સગપણ વીગેરેમાં પેરામણી તથા ખાધા ખરચના રૂા. ૧૦૦ ખરચ થયું છે. તે અપાવશો અને અમારી દીકરીનું બીજે સગપણ કરવાની પરવાનગી દેશો વીગેરે મતલબે જુબાની આપી. ને બોઇકાવાળાનાં ચડાવેલા દાગીના હેમની કાંડલી એક રૂા. ૪૫ ની હેમની પાંદડી ૨ ૩૦ રૂપાની ચુડી ૭, રૂા. ૭ ને રૂપાના મકોડા ૩ રૂા. ૪॥ ના એવી રીતે દાગીના રૂા. ૮૬॥ ના આશરાના રજુ કરી બતાવ્યા તે જુબાની આંક ૪ મે છે.

હવે આ કેસમાં જોવાનું એછે કે, પ્રતિવાદી ડુંગરે બીજું સગપણ કર્યું ને આ કન્યા મુકી દેવા તેના કાગળોથી સીધ થાય છે ને ઘરેણાં મળવા દાવો ફક્ત રાખે છે એટલે તે કન્યાનો સગપણનો દાવો રદ કરી બીજે સગપણ કરવા ફરીયાદીને રજા દેવી, તે ઠેરાવ કરવો વ્યાજબી છે.

ડુંગર વીરજીએ એકતો એક સગપણ પડતું મુકી કારણ નહી છતાં ને વગર મંજુરીએ બીજું સગપણ કર્યું. તે નાતમાં ચાલતાં રીવાજ પ્રમાણે ગુનેગાર છે તેથી ઠરાવ કરવામાં આવે છે કે:—

ઠરાવ.

ડુંગર વીરજીએ પ્રથમ શીયાળાવાળા કુંવરજી સુંદરજીની દીકરી સોનબાઇ વેરે સગપણ કરેલ, તે સગપણ ડુંગરનું રદ કરવામાં આવે છે ને બીજે સગપણ કરવાની કુંવરજીને પરવાનગી દેવામાં આવે છે.

ડુંગરે જે પ્રમાણે કસુર કરી છે તેની પીર સરકારની ગુનેગારીના રૂા ઠરાવવામાં આવ્યા છે તે ડુંગરે વસુલ કરવા. ને ત્યાં લગણ ડુંગરના દાગીનાં ઉપર પ્રમાણે છે તે ગુનેગારી રજુ કરતાં સુધી તે દાગીના કુંવરજીને ત્યાં અનામત રાખવા. ને લખીએ ત્યારે રજુ કરવાની કુંવરજીની સહી લેવી.

કુંવરજીને જે ખરચ થયું છે તે ખાધા વિગેરે ખરચ તો સામસામો કેવાથી જે થયેલ હશે તે વાત ધ્યાન પર લેવામાં આવતી નથી; પરંતુ પેરામણી આપ્યાના જે રૂપીયા છે તે ડુંગર ગુનેગારીના રૂપીયા વસુલ કરે ત્યારે તે રકમ મુનાસબ જાણીએ તેટલી કુંવરજીને અપાવવી; ને ત્યાં લગણ તે દાગીના અનામત રાખવા; એ રીતે ઠરાવ કરવામાં આવ્યો. સવંત. ૧૯૪૭ના વૈશાખ તા. ૨૦

કુંવરજી સુંદરજી સહી દઃ પોતાના

(નકલ ચઉદમી)

વારસ કાશમભાઇ વારસ અસમાલભાઇ

રૂબરૂ. નાતમાંની તકરારનો કેસ

સંવત ૧૯૫૨

ખોજા રાજન હાજી ઉપલેટાવાળા હાલ ઘાટમાં ગામ મુળ } ફરીયાદી

વિરૂદ્ધ

ખોજા રહીમ કાલા રેહેવાશી ઉપલેટા } જવાબદાર

દાવો

ફરીયાદીનો દીકરો અભરામનું સગપણ જવાબદારની દીકરી અવલ વેરે કરેલ છે તેની સાદી કરાવી દેવા બાબત

ફાઇલ સં. ૧૯૫૨ ના ફાગણ તા.

ફેસલ સં. ૧૯૫૨ ના ચૈત્ર તા.

આ કેસની કેફીયત એવી છે કે, આ દાવાની ફરીયાદ ફરીયાદી તરફથી ફાઇલની તારીખે કરતાં તેની ફરીયાદ અરજી દાખલ આંક ૧

આ ઉપરથી ચૈત્ર તા. ૮ ની મુદત ઠરાવી બંને પક્ષકારોને સમન્સ કર્યા; પણ તે તારીખે અમારો મુકામ મુંબઇ હોવાથી આ કામની ફેર મુદત ચૈત્ર તા. ૧૭ ને ગુરૂવારની મુદત ઠરાવી, બને તરફ સમન્સ કરતાં, મુદતસર બને પક્ષકારો હાજર થતાં, તેમાં ફરીયાદીની જુબાની લઇ જવાબદારને તપાસ્યા. તે તેની જુબાનીયો દાખલ આંક ૨-૩.

કેસમાં પડેલા કાગળો ધ્યાનમાં લઇ, બાદ ફરીયાદી તરફે રૂબરૂ પુછતાં, તેને કેવું કે, એક વરસ પછી વીવા કરવાનું જવાબદાર માગણી કરે છે તે ગેરવ્યાજબી છે; કારણ કે અભરામને હાલ અમો રજુ કરીએ છીએ, તેમાં તેની એક આંખે સુદલ હરકત નથી. તેમ તેના શરીરમાં કંઇ કસર નથી તે છતાં જવાબદાર એકજ વરસે સાદી કરી દેવાનું કીએ તો તે આવતી સં. ૧૯૫૩ ની સાલમાં વીવા નથી. માટે સં. ૧૯૫૪ ના કારતક માસમાં સાદી કરવાનો ઠરાવ કરવો જોઇએ. તેને સં. ૧૯૫૪ ના કારતક માસમાં મારા દીકરા અભરામને માણાવદર ભા. ડાયા જેસાને ઘરે મોકલીશ. ને તે મુદત દરમીયાનમાં મજકુર અભરામની બીજી આંખે કઇ નુકશાન ન થયું હોય. તેમ તેના શરીરમાં બીજી કાંઇ કસર ન થઇ હોય તો, સાદી કરાવી આપશો એમ ફરીયાદી માગણી કરે છે બાદ જવાબદારને હાલ તેની દીકરીને માટે ઘણો સારો બંદોબસ્ત કરાવી દેવાશે. માટે હાલજ સાદી કરી દેવા શમજુત આપતાં છેવટ તેનું કેવું કે, સાદી એક વરસ સુધી કરાવવી મોકુફ રાખવી જોઇએ ને તે મુદતમા મજકુર અભરામની બીજી આંખે નુકશાન ન થાય તેમ તેના શરીરમાં બીજી કાંઇ નવી કસર ન થાય તો, મારે બીન તકરાર પરણાવી દેવી છે. ને છેવટ સં. ૧૯૫૪ ના કારતક માસમાં ફરીયાદીની માગણી મુજબ ફરીયાદી તેના દીકરાને દેશમાં મોકલી આપે. તો તે મુદતે પણ સાદી કરી દેવા સામે મારો વાંધો નથી. તે ઉપરથી બંને તરફની માંગણી ધ્યાનમાં લઇ ઠરાવ કરવામાં આવે છે કે—

ઠરાવ.

ફરીયાદી તેના દીકરા અભરામને સં. ૧૯૫૪ ના કારતક માસમાં માણાવદર ભા. ડાયા જેસાને ઘેર મોકલે એટલે તેની બીજી આંખે નુકશાન ન થયું હોય તેમ તેના શરીરમાં બીજી નવી કંઇ કસર થઇ હોય તો, જવાબદારે તેની દીકરીના લગ્ન આપી તરત પરણાવી દેવી ને તેમાં જવાબદાર કસુર કરે તો તેને નાતના કાયદા મુજબ સજા કરવી. ને ફરીયાદી ઉપર લખી કોઈ પણ બાબતમાં રજુ ન રીએ તો મજકુર અવલ ઉપરથી ફરીયાદીના દીકરા અભરામનો ધણીપણાનો હક રદ બાતલ કરવામાં આવશે એમ ઠરાવ કરવામાં આવ્યો. તે બંનેને રૂબરૂ વાંચી સંભળાવ્યો તા. સદર.

૧ ખોજા રાજન હાજી દ. ખુદ

ખોજા રાજન હાજી તથા ઇભરામ રાજન સહી દ. ઇભરામ હાજી.

૧ ખોજા રહીમ કાલાની સહી દ. ભાણુજી લધા તેના કહેવાથી.

(નકલ પંદરમી)

સં. ૧૯૬૫ ના જેઠ વદ

મોજે સુદાવગ જમાતે જાહેર કર્યું કે—

સેજકપુર વાલા નીમજી નાગજીએ, એક ઓરત ઉપર બીજી ઓરત છોરૂની ખોટે કરી, તેમ જુની ઓરતના રાજીપાથી તેની ગુન્હેગારી અમોએ રૂ. ૫૧ લીધા છે, નેતેની જુની ઓરતનો બંદોબસ્ત કરવો છે એ જાહેર કરતાં તેને જા. નં. ૯૨૦ થી લખવામાં આવ્યું કે—

તમોએ જે ઉપર લખ્યું કૃત્ય કરેલ છે તે ગેર વ્યાજબી કરેલ છે. માટે આયંદે કોઇ કાળે તેવી હીલચાલ કરવી નહીં. આ કૃત્ય તમોએ કરીને તમોએજ જાહેર કર્યું. ફરી જમાતે મલીને કર્યું છે એટલે કેટલાક કારણને લઇ દર ગુજર કરવામાં આવે છે. માટે તમોએ જે રૂપીયા લીધા છે તે તથા બંદોબસ્તનાં કાગળો તથા આયંદે તેવા કામમાં સામેલ પણ નહીં રહેવાની પોંચ માટે જા. નં. ૯૨૦ વાળા લખ્યાંનું

નીચે સહી કરી મોકલી આપવામાં તથા લખાણુ કરી આ કામ ફેસલામાં નોંધવામાં આવ્યું તા. સદર સં. ૧૯૬૫નાં અસાડ તા. ૫

મારા રૂબરૂ

(નકલ સોળમી)

શેરો.

કેટલા કારણને લીધે આ કેસ ફરી આગળ તપા સ માટે હાલ મુલતવી રાખવામાં આવેલ છે તા. સદર

મજકુર નથુ ખમીસાની જે દીકરી છે બાઇની કદી ફારગતી થાય, તો પણ સાત વરસની છોકરી થાય ત્યાં સુધી તેની મા પાસે રહે. ને પેટ ખાઇ નથુ આપે. ઘણે નાતના ધોરણે પણ હાલ ફારગતી તો થઇ નથી એટલે છોકરીની પેટ ખાઇ નથુએ આપવી જોઇએ; જેથી ઠરાવ કરવામાં આવે છે કે આજની તારીખથી દરમાસે રૂા, દોઢ નથુ વસુલ કરે. ન કરે તો નાતનાં ધોરણસર વસુલ લેવો.

અને મજકુર નથુની ઘરવાળીના લુગડાં જે હોય તે નથુ પોરબંદર જમાતમાં રજુ કરે તા. સદર

૧—નથુ ખમીશાની—ફેર કહે છે કે

મારી છોકરીની પેટ ખાઇના રૂા. ૧ાા આજની તારીખથી દેવા ઠરાવો; પણ હું દર મહીને દોઢ રૂપીઆ આપું તેવી મારી સતા નથી. એટલુંજ નહિ પણ ફારગતી કદી થાય અને તેની મા ભેગી સાત વરસની ઉમર થાય ત્યાં સુધી પણ હું દર મહીને રૂ. ૧ાા દોઢ રોકડા આપી શકું તેમ નથી ને મારી ભેગી રહે તો રોટલો લુગડાં આપું. આ પ્રમાણે રૂબરૂમાં કહેતા ઠરાવ કરવામાં આવે છે કે—

ઠરાવ.

મજકુર નથુ ખમીસાની હાલત દર મહીને દોઢ રૂપીઆ આપી શકે તેવી છે એમ પોરબંદરના ખોજા ડાયાલાલજીથી કરતાં ચોકસ થયું છે. આ પ્રમાણે ગેર આજબી શુકન બોલવાથી તેને નાતથી દુર કરવામાં આવે છે. આ ખબર નથુ ખમીસાને આપવામાં આવ્યા તા. સદર

મારા રૂબરૂ

કાસમ ઇસમાલ

સં. ૧૯૫૫ નાં આસો સુદ ૯ શુકર

આજરોજ નથુ ખમીસાએ પીર સદરુદ્દીન સુ

નેગારીની જે રકમ ઠરાવો તે તથા દીકરીની પેટખ આપવા કબુલ કરી રૂબરૂમાં અરજ કરી, તે મંજુર કરવામાં આવી. જેથી ઠરાવ કરવામાં આવે છે કે

ગુનેગારીના રૂ. અઢી ઠરાવી તેની કબુલાત ડાયાલાલજીએ કરતાં, તેની આ નીચે સહી લેવામાં આવી તેની દીકરીની પેટખાઇનો રૂ. દોઢ દર માસે એટ સં. ૧૯૫૫ ના આસો સુદ ૨ થી મજકુર નથુ ખીમસા આપે, તે સં. ૧૯૫૭ના આસો સુદ ૨ સુધી વરસ બે સુધી લુગડાં સહીત ... તે પછે સં. ૧૯૫૭ તથા સં. ૧૯૫૯ ના આસો, સુદ ૨ સુધી વરસ બે દર મહીને રૂપીઆ બે પ્રમાણે આપે; એટલે ઉપર વીગતે વરસ ૪ ચારની પેટખાઇ દર માસે ચડે ચડે પોરબંદરની જમાતમાં ભરવા, પોરબંદરના ખોજા ડાયા લાલજીએ આપવા કબુલ કરૂં છે. માટે તેની કબુલાત બદલ આ નીચે સહી લેવામાં આવી.

નથુએ પોતાની ઘરવાળીને તલાક આપેલ છે સબંધનો કેસ ચાલે છે. ને તે કેસની તારીખ મુકરર થાશે તે તારીખે હાજર થાય. તેમજ કેસનો અમે જે ઠરાવ કરીએ તે પ્રમાણે વરતવા ડાયા લાલજીએ કબુલ કર્યું છે. તેની પણ કબુલત બદલ સહી લેવામાં આવી.

સં. ૧૯૫૫ ના અસાડ સુદ ૧ શુકર

ડાયા લાલજીની સહી દ. પોતે.

સંવત ૧૯૫૮ ના શ્રાવણ તારીખ ૫ રવીવાર

પોરબંદર વાળા ખોજા નથુ ખમીસાએ પોતાની ઘરવાળીને તલાક આપવી એ જાહેર કરવાથી, તે બાબત ઉપર પ્રમાણે સં. ૧૯૫૫ ના આસો સુદ ૧ શુકરવારના ઠરાવથી ચોકસ નીરણય થયેલ નથી. એટલે તેણે તલાક આવા સબંધની હકીકતપરથી ફારગત થયેલી નથી. તેમ તેને જણાવી આપેલ છે અને એ બાબત કેસ ચાલે તે વખતે રજુવાતે નીરણય થવાપર મુલતવી રહેલ છે.

હાલમાં નથુ ખમીસા તરફથી ડાયાલાલજીની નથુની મા બાનુ જાન મારફ઼દ ગુજરી જતાં તેમ બીજું ઘર કરવાની હવે જરૂર બતાવી, સોહોર તથા ગુનેગારીની રકમ મુકરર કરી ફારગતી નીચે ઠરાવ થઇ બીજું ઘર કરવાની પરવાનગી મળવાને સં. ૧૯૫૮ ના જેઠની તા. ૧૦ ગુરૂવારના કાગળથી માગણી કરી. તે ઉપરથી અસાડ તા. ૧૫ અને ત્યારબાદ આજરોજની એટલે શ્રાવણ તારીખ ૫ ની મુદત મુકરર કરી જાવકમાંના હુકમો લખી બંને પક્ષકારને રૂબરૂ બોલાવવામાં આવ્યા

તે પરથી પોરબંદરવાળા નથુ ખમીસા અને ડાયા લાલજી બંને હાજર થએલા છે અને જામનગરવાળા મેરાલી મોનાંણી તથા તેની દીકરી હાજર થએલાં નથી; પરંતુ તેણે ફારગતી લેવાને ઇનકારીયત બતાવી બધાની પોશાકી બાબત મરજી પ્રમાણે ઠરાવ કરી બીજી કરવાની રજા આપવાને અસાડ તા. તથા શ્રાવણ તા. ના કાગળથી માગણી કરે છે તે માગણી અનવયે મુનાસબ રીતે ઠરાવ કરવાને નથુ ખમીસા તથા ડાયા લાલજીને જણાવતાં, તેઓ જાહેર કરે છે કે પોતાની ઘરવાળીને ખોરાકી પોસાકી આપીને બીજું ઘર કરવાની મારી સત્તા નથી. ઘરનો ગરીબછું ને મારી ઓરતથી મારૂં ઘર ચાલે તેમ નથી. જો કે એ પ્રમાણે ચાલવાનું હત તો અથવા મારે બીજી કરવાથી સતા હત તો, સં. ૧૯૫૫ ના આસો સુદી નો ઠરાવ થએલ છે તેને લગભગ પોણા ત્રણ વરસ થયાં છે. તે દરમીયાન મારૂં સલુક થાત અથવા હું બીજી કરવાની યોજના કરત; પરંતુ મારી શકતી ન હોવાથી આજ લગી કશું થએલ નથી. માટે મારી ઘરવાલીને ફારગતી આપી બીજી કરવાની રજા મળવી જોઇએ; ને એ બાબત આપ જે હુકમ કરો તે ઉઠાવવા ખાયસ બતાવી. આ જાહેર થએલી હકીકત થએલ ઠરાવને પોણાત્રણ વરસ થએલાંછે તે દરમીયાન તેના તરફથી કશી હીલચાલ થઈ નથી. તેથી અભીપ્રાય બાંધવાને કારણ મળે છે. વળી આજરોજ પોતાની ઘરવાળીને મોર તથા તે સીવાય બીજી રકમ યોગ્ય જણાએ તે પ્રમાણે મુકરર કરી અપાવવા અને મુનાસબ જણાયા પ્રમાણે ગુનેગારીની રકમ મુકરર કરી ફારગતીનો ઠરાવ થવાને અરજ કરી. એ રકમ મુકરર કરવામાં આવે તે ડાયા લાલજીએ ઘર ઘરાવ આપવાને કબુલત આપતાં તે કબુલત બદલ તેઓની આ નીચે સહી લેવી અને જામનગર વાલા મેરાલી મોનાણીને રૂબરૂ હાજર થવા છેવટ ની સં. ૧૯૫૮ ના શ્રાવણ તા. ૨૫ ની મુદત મુકરર કરી બોલાવી, હકીકત તપાસી ઠરાવ કરવા પર મુલતવી તા. સદર

નથુ ખમીસાની સઇ દઃ પોતે
ડાયા લાલજીની સહી દઃ પોતાના
સંવત ૧૯૫૯ ના અસાડ તા. ૧૭

ઉપરના પ્રોસીડીંગમાં જણાવ્યા પ્રમાણે આ કેસની હકીકત હોવાથી સં. ૧૯૫૮ ના શ્રાવણ તા. ૨૫ મી હતી અને ત્યાર બાદ સં. ૧૯૫૯ ના ચૈત્ર સુદ ૫ ની મુદત નીમી. જામનગરવાલા મેરાલી મોનાણીને હાજર થવા જાવક નં. $\frac{૧૧૩૫}{૫૮}$ તથા જા. નં. $\frac{૩૬૩}{૫૯}$ મે ખબર આપેલા હતા; છતા અહીં હાજર થએલા નથી અને આજરોજ ફરીયાદી નથુ ખમીસાએ પોતાના તા. ૧૨–૭–૩ ના કાગળ સાથે જવાબદાર જોડે ઘર મેલે અંદર અંદર સમજુત કરી ફારગતી લેવા માટે મેરાલી મોનાણીની દીકરીએ તથા તેની મા જાનબાઈ પાસેથી અસાડ તા ૧૬ રવીવારનો કાગળ લખાવી મોકલતાં તે બંને કાગળો આ સાથ સામેલ રાખી બંને પક્ષકારોએ પોતાથી અંદર અદર કરેલી સમજણ પ્રમાણે ઠરાવ કરવામાં આવે છે કે—

ઠરાવ.

૧ પોરબંદરના ખોજા નથુ ખમીસાનો તેની ઘરવાલી જેના (મેરાલી મોનાંણીની દીકરી) પરથી ધણીપણાનો હક રદ કરવામા આવે છે.

૨ ખુદાવીંદ પીર સરકારની ગુનેગારીના રૂ. ૬૦) તથા કોર્ટ ફી ટીજન્ટ ના રૂ. ૩॥ મલી રૂ. ૬૩॥ પોણી ચોસઠ નથુ ખમીસાની કબુલત પ્રમાણે તેના પર રાખવામાં આવેલા છે તે રજુ કરવા, એટલે બીજી કરવાની પરવાનગીનો કાગળ લખી મોકલવામાં આવશે.

૩ જવાબદાર મેરાલી મોનાંણીને ફરીયાદીને નીચે પ્રમાણે રકમ દેવાને કબુલ કરે છે તો તે પ્રમાણે આપવી.

૧૦૦ બાઇએ પોતાની સં. ૧૯૫૫ ના આસુ સુદ ૯ થી ચડત થતી ખોરાકી અને મોહરની રકમ બદલ ઉઘડા

૭૨) ફરીયાદી નથુ ખમીસાની થએલ છોકરી રહેમતની ઠરાવ પ્રમાણે બરસ ૪ ની શક્તી ખોરાકીના વારસીક રૂ. ૧૮ પ્રમાણે.

૮। બાઇએ પોતાને તેની માએ આપેલ લુગડાંના

૧૮૦। એ પ્રમાણે રૂપીયા એકસો સવા એંશી ફરીયાદીએ જવાબદારને આપવા માટે અહીં રજુ કરવા.

૪ ફરીયાદીની છોકરી રહેમત ઉપરથી માલીકી હક તે પોતાથી ઉઠાવી લેવાને કબુલ કરે છે એટલે તે છોકરી તેની મા જેનાના વર વાલામાં રહે ને તેની સગાઇ વીવા વગેરે કરવાની જવાબદારી તેની મા જેના પર રાખેલી છે.

૫ ફરીયાદી અને જવાબદાર વચ્ચે દાગીના લુગડાં સબંધે કંઇ હકીકત તેઓએ જણાવેલ ન હોવાથી નીરણય કરવાનો નથી.

ઉપર પ્રમાણે ઠરાવ કરવામાં આવ્યો. તેમાં બને પક્ષકારોની ત્યાંની જમાત દ્વારા સહીયો મંગાવી દાખલ રાખવો. સં. ૧૯૫૯ ના અસાડ તા. ૧૭

મારા રૂબરૂ

કાસમ ઇસમાલ

બાઇ મેરાલી મોનાણીની સઇ દઃ સાલેમાંમદ જેઠા તે બાઈ મોનાણીના રૂબરૂ તેના કેવાથી બાઇ જેનાબન તે મેરાલીની દીકરીની સઇ દઃ સાલેમાંમદ જેઠા ધણીના કેવાથી

૧ ખોજા તેજસી ખમીસાની સઈ દઃ પોતાના

સ્વ. નવાનગર જાઇન્ટ ન્યાયાધીશ કોર્ટના દી. મુ. ની. $\frac{૬૬}{૧૯૬૨}$ ના કામમાં રજુ કરી તા. ૧૦-૧-૧૩

(નકલ સતરમી)

જજમેન્ટ તથા ઠરાવ

ફાઇલ સં. ૧૯૪૩ ના જેઠ તા. ૧૪

ફેસલ સં. ૧૯૦૩ ના આસુ સુદ ૨

બાઇ વીરબાઇ તે રવનીના ખોજા કરીમ ખીમજીની દીકરી } ફરીયાદી

વિરૂદ્ધ

ખોજા પરધાન મીઠા રહેવાસી ભેસાણના } પ્રતિવાદી

દાવો છુટા છેડા થવા બાબત

આ ફરીયાદની કેફીયત એવી છે કે મજકુર વીરબાઇ આજ આશરે સાત વરસ થયા, મજકુર પરધાન વેર પરણેલ છે. તે બેઉં માણસ વચ્ચે અણુબનાવ તો સુલથીજ ચાલ્યો જાય છે. છેવટે આશરે દોઢ વરસ થયાં મજકુર પરધાને તલાક આપી તે બાઇને કાઢી મુકી છે. તે બાબતની ફરીયાદની અવલ સુતાવણીમાં મજકુર પરધાન તથા વીરબાઇની જુબાની જેઠ તા. ૧૪ ના રોજ બાટવા મુકામે લીધી. તે દાખલ આંક ૧-૨

આ કામનો છેવટ ફેસલો દેવાની આજની ગણોદના મેળાની મુદત હોવાથી, બંને પક્ષકાર હાજર છે. પરધાનની ફરી જુબાની લીધી; તે દાખલ આંક ૩, તેમજ ભેસાણના મુખી રાજન સામજીની તે બાબતમાં જુબાની લીધી, ને દાખલ આંક ૪. તેમજ બાઇને રૂબરૂ પણ આજ રોજ પુછતાં પરધાન સાથે તેનો ઘર ચાલે તેમ નથી. તે બાબતમાં ઉજર બતાવી હવે ઘર ચલાવવા ઇનકાર બતાવે છે.

હવે આ બાબતમાં બાઇએ જે છુટા છેડા થવા તલાક આપ્યા ઉપરથી માગણી કરી છે; પરંતુ એવી રીતે તલાક આપ્યાથી કાંઇ છુટા છેડા થઈ શકે નહીં; પરંતુ આ બે માણસ વચ્ચે અણુબનાવ પ[...] થમથીજ છે. તેમ પરધાને જે વખત તલાક આપ[...] તે વખત તે બાઇને પાછી તેના ઘરમાં રાખવા તેનો વીચાર નહોતો, તેમ ચાલેલ કામની હકીકત ધ્યાનમાં લેતાં બંને માણસનો ઘર પણ ચાલે તેમ ન હોવાથી, ઠેરાવ કરવામાં આવે છે કે—

ઠરાવ.

મજકુર વીરબાઇ ઉપર પરધાનનો કાંઇ પણ હ[...] ન રાખી છુટા છેડા કરવામાં આવે છે. તે બાબતમ[...] પરધાન મીઠાને તેના જે ઘરેણા બાઇ પાસે છે [...] સરવે દાગીના હાલ આપે, તેમ તેને આંહીના થએલ ખરચ માટે રૂા. ૪૦+૧૦=પચાસ તથા આ કા[...]ગતી બાબત પીર સરકારની ગુનેગારીના રૂા. ૪[...] ચાલીશ પણ બાઈ ઉપરે રાખવામાં આવે છે; એટ[...] કુલ રૂા. ૯૦) અંકે નેવું મજકુરબાઇ જે વખ[...] બીજાથી ઘર કરે તે વખતે આપે એટલે તે રૂપીય[...] વસુલ થયા પછી, તે બાઇની બીજાથી નીકા પ[...] એમ ઠરાવ કરવામાં આવે છે. તે બંને પક્ષકારો[...] વાંચી સંભળાવી આ ફરીયાદ ફેસલમાં કાઢવી સ[...] ૧૯૪૩ ના આસુ સુદ ૨

લી. કાશમ ઇસમાલ

૧ બાઇ વીરબાઇ ઉપર લખ્યું સહી દાઃ કુર[...] તે બાઈ વીરબાઇના કહેવાથી

ખોજા પરધાન મીઠાની સહી દાઃ પોતે

(નકલ અઢારમી)

સંવત ૧૯૬૫ ના અસાડ તા. ૨૧

મોજે લીંબડી વાળા ખુશાલ રામજીની સા[...] સીથા વાળા તારબાઇ ભાણજીની વી. નાનબાઇ[...] દીકરી સતબાઇ વેરે કરેલ. તે બાઇ સતબાઇને [...] શાલ એ પોતાથી તલાક આપેલી છે ને સતબ[...] ઉપર રૂા. ૨૭ા છે એ પ્રમાણે ફરીયાદ થવાથી [...] દરહુ કેસ છેવટ કરવાની મુદત સં. ૧૯૬૫ના મ[...]

તા. ની મુદત નીમી, બંને પક્ષકારોને રૂબરૂ તેડાવેલ તે મુદતસર મજકુર નાનબાઇ હાજર થએલ તે ઉપરથી તેની દલીલ સાંભથી મજકુરે નાનબાઇને મહા તા. ૧૮ ના રોજ કામથી સતબાઇને બીજે દેવા પરવાનગી અપાઇ જવામાં છે. ખુશાલ મુદતસર હાજર નહીં થવાથી તાર કરેલ છતાં પણ હાજર થએલ નહીં; તે તેની કસુરને લઇ નાત બાર કરવામાં આવેલ. તે ઉંપરથી આજ રોજ મનજી વીરજી તેને સાથે લઇ હાજર થાતાં તેની રૂબરૂની દલીલ સાંભળી ઠરાવ કરવામાં આવે છે કે—

૧ ભલગામડા જમાતે રૂ. ૨૭ાા સાડી સતાવીશ રહેલ છે. ને બાઇની મહોર કાંઇ રહેલ નથી. એટલે મહોર અપાવ્યા વગર ફારકતી થઇ શકતી નથી. એટલે જે રૂપીયા બાઇ માથે રાખેલા છે.

તે રૂપીયા બાઇનો મહોરના કહી બાઇ ઉપરથી સદરહુ રકમ ઉપાડી લેવામાં આવે છે. તે મજકુર ખુશાલ ઉપર ખુા. પીર સરકારી ગુનેગારીના તથા કંકીજન્ટ વીગેરે મળી જમલે રૂ. ૪૧ા સવા એકતાલીસ રાખવામાં આવે છે તે મજકુર ખુસાલે રજુ કરવા.

૨ ખુશાલના કાંઇ દાગીના લુગડાં તેની ઓરત પાસે રોકતા નથી એમ ખુશાલ કબુલ કરે છે એટલે તે વીશે નીરાકરણ કરવા પણું નથી.

ઉપર પ્રમાણે ઠરાવ કરી મજકુર ખુશાલને નાતમાં લેવામાં આવ્યોં ને આ ઠરાવ ખુશાલને વાંચી સંભળાવી સહી લઇ દફતરે તા. સદર

૧ ખોજા ખુશાલ રામજીની સહી દ. પોતાના

(નકલ ઓગણીશમી)

વારસ કાશમભાઇ વારસ ઇસમાલભાઇ

રૂબરૂ

ખોજા જાદવજી નાગજી રેહેવાશી ગવરીદડ હાલ કરાચી તેના તરફથી તીથવા જમાયત } ફરીયાદ

વિરૂદ્ધ.

ખોજા જમાલ ભલું રહેવાશી તીથવા } જવાબદાર

ફરીયાદીની બેનને જવાબદાર સાથ પરણાવેલ છે તેને ખોરાકી પોસાગી આપવા બાબત.

ફાગ્ણ સા. ૧૯૫૯ ના

તીથવા જમાયત તરફથી માહાવદ $\frac{૨}{૫૯}$ ના કાગળથી એવી હકીકત જાહેર કરવામાં આવી કે. જવાબદાર પોતાની ઓરત બીમાર થવાથી કરાં[...] તેના ભરઇ જાદવજીને ત્યાં મુકી આવેલ છે. તે[...] ખોરાકી પોસાકી જવાબદાર જમાલ ભલુ પાસે[...] અપાવવાને કાગળ લખતાં, જમાલ ભલુ ઇનકાર ક[...] ફારગતી આપવા કહે છે. તેને બે દીકરા છે. તે બ[...]માર છે. માટે ખોરાકી પોસાકી આપે તેમ બ[...]સ્ત થવો જોઇએ વીગેરે તે દાખલ આંક ૧

જવાબદારે પોતાથીજ એક પત્ર લખી પોતા[...] ઘર વાળીને તલાક આપ્યા સબંધી પત્ર લખ્યો [...] દાખલ આંક ૨

તે ઉપરથી જવાબદાર તરફ ગ્નાતી ધોરણસર [...]હીથી ફારગતીનો ઠરાવ થયા સીવાય તલાક આ[...] શકાતી નથી; માટે કરાંચીથી બોલાવી લાવી ફારગતી દેવાની હશે તો, ચૈત્ર તા ૫ લગી હાજર થા[...] તે પરથી મુનાસબ થશે અને તે પ્રમાણે અમલ ક[...]વામાં નહીં આવે તો, તેના માવતરે બેઠાં ગ્નાતી ધોરણસર ખોરાકી પોસાકી લાગુ થવા મતલબે [...]વકની નોટીસ કરવામાં આવી તે બજી આવ[...] દાખલ આંક ૩

સં. ૧૯૫૯ ના ફાગણ તા. ૨૪

આજરોજ જવાબદાર જમાલ ભલુ પોતા[...] હાજર થયો, ને તેણે પોતાની ઘરવાળી ઘરમાં સારી [...]તણુંકથી ચાલતી નથી તેમ મા બેન કહી મુકી આ[...]વેલ છું એમ જણાવતાં, તેને જણાવ્યું કે એ પ્રમા[...] કહેવાથી ફારગતી થઇ શકે નહીં; માટે અમારા હુ[...]કમ પ્રમાણે તેડી આવી બંનેની રજુવાતે મુનાસ[...] થશે. તે પરથી તેણે તેડવા માટે નહીં જતાં પોતાની ઘરવાળીને આંહી બોલાવી દેવા અને તેને ખરચ થા[...] તે, આપવા, તથા તે કરાંચીથી આંહી આવ્યા બા[...] રજુઆત કરી હુકમ થાય, તે પ્રમાણે રજુ રહેવા કબુલ કર્યું. તે કબુલત બદલ સહી લેવી અને ફરીયાદીને તેની બેનને અહીં મોકલી દેવા ત્રણ માસની મુદતની તીથવા જમાયત મારફતે જાવકની નોટીસ કરી, ફરીયાદી મુદત સર હાજર થતાં લગી કેસ મુલ[...]તવી તા. સદર

ખોજા જમાલ ભલુ દ. પોતાના

સંવત ૧૯૫૯ ના વૈશાખ તા. ૨૮ મંગળવાર

આજ રોજ પાંચે દુવારકાવાળા જમાલ ભલુ અને તે સાથ તેની ઘરવાળીને સાથે લઇ તેનો ભાઇ જાદવજી નાગજી બંને હાજર થયાં. જવાબદાર જમાલ ભલુ પોતાની ઘરવાળીને બે ફરજંદ, [...]

કાજલ નામે ૭ વરસનો ને ગુલામ હુસેન નામે વરસ ૩ ની ઉંમરનો છે. તેને પોતાની પાસે રાખી પોતાની ઘરવાળાની ગેરવર્તણુંકને કુસંપ વખતો વખત થયા કરે છે તેવા હેતુથી ફારગતી આપવા અથવા બીજી કરવાની પરવાનગી મળવા જણાવી તેના ભાઇ જાદવજીને ત્યાં કરાંચી મોકલી આપેલી છે. ફરીયાદી જાદવજી નાગજી તથા તેની બેન ફુલ બાઇ પોતાને બે ફરજંદ હોવાથી ફારગતી લેવાને ચાહતી નથી. અને જો કે પોતાની મરજીની વીરૂદ્ધ વર્તવામાં આવે તથા સારી વર્તણુંકથી નહિં વરતે તો, બીજી કરવાની પરવાનગી દેવા અગર ફારગતી આપવાનો ઠરાવ કરવામાં આવે; તે પ્રમાણે કબુલ કરવાને જાહેર કર્યું. બંને પક્ષકારોની જાહેર કરેલી હકીકત ધ્યાનમાં લેતાં, જમાલ ભલુએ પોતાની ઘરવાળીને સારી વર્તણુંકથી રહે તો પોતાને બીજી કરવાની હાલ જરૂર નહિં બતાવી સબબ તેઓને સમજ આપી એવું ઠરાવવામાં આવે છે કે—

૧ ફરીયાદી ફુલબાઇએ તેના ધણીની મરજી સાંચવી સારી વર્તણુકથી રહેવું; જો કે એક વરસ લગીમાં સારી વર્તણુંકથી વરતવામાં નહીં આવે ને તે હકીકત અહીં જાહેર થશે તો, પછી તેનીજ કસુર હોય ને ફારગતી આપવાનો અથવા તેના પર બીજી કરવાનો અહિંથી મુનાસબ જણાશે તેમ હુકમ આપવામાં આવશે તે બાબત કંઇપણ અરજ એહવાલ સંભલાશે નહિં.

૨ જમાલ ભલુએ પણ તેની ઘરવાલીને સમજ આપવામાં આવી છે અને સારી રીતે વરતશે; માટે તેના છોકરાને તેનાં પાસે રાખી સલાહ સંપથી વરતવું અને જો તે રીતસર ન વરતે તો, હકીકત અમારી પાસે જાહેર કરવી એટલે તે પરથી તપાસ કરી ગેર વર્તણુક સાબીત થશે તો તે બાબતમાં ફારગતી આપવા અથવા બીજી કરવાને અહિંથી મુનાસબ જણાએ તે પ્રમાણે હુકમ આપવામાં આવશે તે પ્રમાણે કબુલતમાં ઉજર કરવાની નથી. એ પ્રમાણે બંને પક્ષકારોએ કબુલ કર્યું. તેની કબુલત બદલ સહી લેવી અને ઠરાવ દાખલ રાખવો સંવત ૧૯૫૯ ના વૈશાક તા. ૨૮

ખોજા જમાલ ભલુ સહી દાઃ પોતાના

બાઇ ફુલબાઇ નાગજીની સઇ દાઃ અસમાલ કરમાલી ધણીના કહેવાથી

જાદવજી નાગજીની સહી દાઃ અસમાલ કર ધણીના કહેવાથી નગરવાળા

(નકલ વીશમી)

સવંત ૧૯૫૫ ના માગશરની તારીખ ૯ ને ગુરૂવાર

આજરોજ આ કામનો ફરીયાદી ખોજા રવજી જન રહેવાશી પાનેલીવાળાએ રૂબરૂ હાજર થઇ જ કર્યું કે, જીકરવાળી બાઇ મોંઘી જેણીનું મારા દી અલીસાથે સગપણ થએલ તે મોંઘીનો જવાબદાર બાપ ખોજા મેઘા કાના રે- ભાયાવદર વાળાએ બ જગોએ નીકા કરાવી લીધા.

વીગેરે હકીકત જાહેર કરી તેને લગતી હકી શ્રી નગર દફતરી કામડીયા તરફથી પણ લખાઇ અ જેવી સદરહુ મેઘા કાનાએ ઉપર મુજબ ધોરણ રૂધ્ધ કૃત્ય કર્યું. જે તેની કસુર માટે ઠરાવ કરવ આવે છે કેઃ—-

ઠરાવ.

સદરહુ જવાબદાર મેઘા કાનાને પોતાની દીઃ નામે મોંઘીને મતવી જુલેખા પાસેથી પોતાને કબ લેવા ફરજ પાડતાં તેણીએ પોતાની નબળી હાલત લીધે સદરહુ મોંઘીનું પાલણ કરનાર મજકુર મ વીને કંઇ પણ આપવું જોઇએ, તે તેણીની પા નથી. એવો જવાબ સદરહુ જવાબદારે આપતાં, મ કુર મતવાને આપવા સારૂ જામશાઇ કો ૪૦૦ ચાર અત્રેથી આપવી કબુલ કરી, જવાબદારને કહ્યું કે, કોરી ચારસો લઇ સદરહુ મતવીને દઇ તારી દીકરી કબજે લઇ ફરીયાદીના દીકરા સાથે નીકા કરાવી આ એટલે મતલબ કે, ઉપર મુજબ તેને કોરી ૪૦૦ ચ રસો અહીંથી દેવાનું કહ્યું; તો પણ તેણે નહીં માન હુકમનો અનાદાર કર્યાથી, કસુરથી તેને નાતથી દુ કરવામાં આવ્યો. જેનું રોજ કામ સં. ૧૯૫૫ કારતકની તા. ૧૦ ને વાર શુકરની મીતીનું સાથે દ

સદરહુ જવાબદારને ઉપરની કસુરથી નાતથી દુ કરવામાં આવ્યો; તેમાં નાત બારનામાં પ્રમાણાગ પ્રસીદ્ધ કરેલ નથી; કેમ જે આટલેથી સદરહુ જવ બદાર સમજી જાયતો આગળ પગલું ન ભરવું; પ તેની કમનસીબીને લીધે તેણે ઉપરની ફરીયાદીન જણાવ્યા મુજબ સદરહુ મોંઘીને બીજી જગોએ ની કરાવી એટલે તે નાત રીવાજ મુજબ પુરતી દસ્ત

ગણી ધારાસર કરવું જોઇએ. જેથી સદરહુ જવાબ-દાર ખોજા મેઘા કાનજીને નાતથી દુર કર્યાની નાત બાર નામા પ્રગણામાં પ્રસીદ્ધ થવા રવાના કરવો. તે-મજ સદરહુ મોંત્રીની કયે ગામે નીકા થઈ તે વીશેનો તપાસ કરી હકીકત મેળવવી.

જવાબદારે મજકુરે ફરીયાદીના દીકરા નામે અલી સાથે પોતાની દીકરીનું સગપણ કરી, બીજે નીકા ક-રાવી; તેના ફરીયાદીને થયેલ નુકસાની જવાદાર પા-સેથી અપાવવા ઠરાવ કરવામાં આવે છે. માટે સદરહુ જવાબદાર નાતમાં આવવા જ્યારે અરજ કરે, તે વ-ખતે ઉપરની હકીકત ધ્યાનમાં રાખી હાલમાં આજ-રોજ કામ કેસમાં સામેલ રાખવું. તા. સદર

કાસમ ઇસમાલ.

સંવંત ૧૯૬૫ ના માહા તા. ૨

આજરોજ કા. રેમતલા મીઠાએ લેખીત કાગળ-થી ટપાલ દવારાએ જાહેર કર્યું કે

સીયાલ વાલા ગલડ મોતીના દીકરા સુખલાલની સાદી ગુંદીવાળા મગનલાલ કેસવજીની દીકરી મણી વેરે કરેલ, તે બાઇ મણીને બીન કસુરથી સુખલાલે લખી આપી, પોતાનું વેસવાળ બોટાદ વાળા હરજી ગણેશને ત્યાં કરેલ છે માટે બંદોબસ્ત કરશો. તે કાગળ આ કામમાં દાખલ આંક ૧

ઉપર પ્રમાણે કાગળ આવતાં તે ઉપરથી નીચે પ્રમાણે લખાણો કરવામાં આવ્યાં.

જા નં. $\frac{૩૯૦}{૬૫}$ થી શીયાળ જમાત ઉપર લખ-વામાં આવ્યું કે, ઉપર લખી બાબતમાં સુખલાલનો ખુલાસો પુછવો, કે શા માટે ફારકતી આપી બીજે વેસવાલ કર્યું. તે બાબતનો ખુલાસો પુછી લખી મો-કલશો.

જા. નં. ૩૯૨ બોટાદ જમાત ઉપર લખાણ કરવામાં આવ્યું કે, હરજી અમારી મંજુરી મેળવ્યા વગર તેની દીકરીની સાદી સુખલાલથી કરી ન આપે તેવી હરજીને સુચના આપવી. એ પ્રમાણે લખાણ બોટાદ કરવામાં આપ્યું.

જા. નં. ૩૮૯ થી ગુંદીવાળા મગનલાલ કેશવજી ઉપર લખાણ કરવામા આવ્યું કે–

તમારી દીકરીને તમારા જમાઇએ ફારકતી લખી આપી છે તેમાં તમારૂં શું કહેવું છે તે લખી મોકલવું.

ઉપર પ્રમાણે લખાણો કરવામાં આવ્યાં. તેના જ-વાબ આવવા ઉપર મુલતવી તા. સદર

સં. ૧૯૬૫ના માહા તા ૭

આજરોજ મગનલાલનો કાગળ આવ્યો, તે પો-તાની ગરીબી હાલત જણાવે છે પણ તેની માંગણી શું છે તે કાંઈ લખતો નથી તે કાગળ આ કામમાં દાખલ આંક ૨.

ઉપર લખ્યા કાગળનો જવાબ મજકુર મગનલાલને જા. નં. $\frac{૪૦૩}{૬૫}$ થી આપવામાં આવ્યો કે,

તમારી માંગણી શું છે તે લખતા નથી, માટે લખી મોકલવી. ઉપરાંત લખવામાં આવ્યું કે ગુનેગારી સુ-ખલાલ ઉપર રહેશે. બાઇને મહેર રૂા. ૨૫ મળશે. તથા તેના દાગીના પાછા સોંપવા પડશે; એ પ્રમાણે લખાણ કરવામાં આવ્યું. તેનો જવાબ આવતાં લગી મુલતવી તા. સદર

સંવંત ૧૯૬૫ ના માહા તા. ૬

આજરોજ બોટાદ વાળો હરજી ગણેશ બોટાદ જમાતના કાગળ સાથે હાજર થયો. તે કાગળ દાખ-લ આંક ૩

મજકુર સુખલાલનો ભાઈ હરજી ત્રીકમ સીયાળ વાળા નુરમામદ કુંવરજીના કાગળ સાથે હાજર થયો તે કાગળ દાખલ આંક ૪

મજકુર હરજીની જુબાની લેવામાં આવી. તે દા-ખલ આક ૫

મજકુર હરજીની જુબાની ઉપરથી તથા કેસમાં પડેલા કાગળો તપાસી ઠરાવ કરવામાં આવે છે કે–

ઠરાવ.

૧ મજકુર સુખલાલે તેની ઓરતને લખી મોકલેલી ફારકની બાબતમાં સીયાળ જમાયે રૂા. ૨૭॥ સાડા સતાવીશ લીધા છે, એમ હસન પોતાની જુબાનીમાં જાહેર કરે છે તથા આંક ૪ વાળા કાગળ ઉપરથી પણ તે હકકીતખરી છે એટલે તે રૂપીયા સાડી સતાવીશ સીવાય ગુનેગારીના રૂા. ૧૦। સવાદસ મજકુર સુખલાલ ઉપર રાખવામાં આવે છે તે હસન ત્રીકમે રદ્દ કરવા.

૨ મજકુર બાઈ મણીની મહેરના રૂા. ૧૦। સવાદસ ઠેરાવવામાં આવે છે. તે મજકુર સુખલાલે રદ્દ કરવા.

૩ સુખલાલના દાગીના કાંઇ મગનલાલને ત્યાં રહેલ નથી એમ હસન કબુલ કરે છે. એટલે તે વીશે મુકરર કરવાપણું રહેલ નથી

૪ મજકુર હીરજી ગણેશને તેની દીકરીની સાદી કરી આપવાની પરવાનગી આપવામાં આવે છે.

ઉપર પ્રમાણે ઠરાવ કરવામા આવ્યો. તે વાંચી સંભળાવી સહીઓ લઇ દફતરે દાખલ તા સદર

૧ ઠકર હસન ત્રીકમની સહી દઃ પોતે
૧ ઠકર હરજી ગણેશની સહી દઃ જીવન

(નકલ એકબીજાની)

ખોજા ધનજી દેવરાજ ઝીઝમેરવાળા તથા ખોજા માવજી વાલજી ભાયાવદરવાળા વચ્ચેની તકરારનો છેવટ ઠરાવ

સં. ૧૯૭૫ ના ચૈત્ર તા. ૨૭ વાર રવિવાર

આજરોજ મુદતસર બંને પક્ષકાર હાજર છે. આ તકરારમાં મુખ્ય જુબાની ભા–મામદ રવજીની લીધી છે. તે ઉપરથી માલમ પડે છે કે, ધનજી દેવરાજે તેની બેનની ફારગતી બાબત માવજી વાલજીથી મામદ રવજી મારફત રૂા. ૬૦ સાઠ તથા કરીયાવરના ઠામ તથા લુગડાં તથા કટેસરી ધનજીને સોંપવાની વાત કરેલ હશે. હવે તે બાબત છેવટ બંને પક્ષકારની રજુવાતે નીચે મુજબ ઠરાવ કરવામાં આવ્યો.

ઠરાવ.

આ બાબતની પીર સરકારની ગુનેગારીના રૂપીઆ ૭૦) સીતેર કુંપની ભા–માવજી વાલજી ઉપરે રાખવામાં આવે છે. તે તથા આ બાબતમાં ભા–ધનજી દેવરાજને નીચે મુજબ વાલજી પાસેથી અપાવવું ઠર્યું તેની વીગત.

૮૦ રૂા. ૮૦) એંશી કુંપની બાઇ મીઠીની મહેરના.
૦ કરીયાવરમાં કરેલ કટેશરી બાઇ પાસે છે તે ઉપર વાલજીનો હક રદ કરવામાં આવે છે.
૦ લૂગડાં હતાં તે ધનજીને સોંપેલ છે. તે બાબત બંને પક્ષકાર તરફથી તકરાર નથી.
૦ નાકનું ફુલ માવજીનું બાઇ પાસે છે. તે ઉપરથી માવજીનો હક રદ કરવામાં આવે છે.

વાસણ નીચે મુજબ બાઇ મીઠીને કરીયાવરમાં આપેલ તે ધનજીને પાછા આપવાં, ઠર્યા તેની વીગત.

ત્રાંબાની ગોળી ૧ એક
પીતળનો કળશીયો ૧ એક
કાંસાની વાટકી ૧ એક
ત્રાંબાની લંગરી ૧ એક
કાંસાની તાંસળી ૧ એક
જમલે નંગ ૫ પાંચ

તે વાસણ સુપેદી ભા–મામદ રવજીને ત્યાં છે એમ મામદે પણ જુબાનીમાં કબુલ કરેલ છે તો તે મામદ પાસેથી ભાઇ ધનજીને સોપાવવા. જમલે રૂા. ૧૫૦ એકસો પચાસ તેમાં રૂા. ૬૦ સાઠ માવજીએ ભા. મામદ હરજીની દુકાને આ બાબતના રાખ્યા છે તે મામદે પણ પોતાને ત્યાં પહોચ્યાનું તેની જુબાનીમાં કબુલ કરેલ છે તે રૂપીયા સાઠ મામદ પાસેથી પીરસરકારમાં વસુલ લેના. બાકી રૂા ૯૦ નેવું ભા. માવજી રજુ કરે તથા માવજીના નીચે મુજબ દાગીના ધનજીની બેન બાઇ મીઠી પાસે હોવાનું માવજી લખાવે છે તેની વીગત.

હેમનું ઠોળીયું એક, રૂપાની પોલી કડલી જોડ ૧ કીંમત આશરે રૂા. ૮ આઠ, હેમના વેઢલા ત્રણ કીંમત આશરે રૂા. ૨૪ ચોવીશ. એ દાગીનામા હેમના ઠોરીયાંનું ધનજી કબુલ કરે છે બાકી રૂપાની કડલી તથા હેમના વેઢલા બાબતમાં ઇનકાર કરે છે તો તે બાબતમાં ભા. માવજી પુરાવાથી ધનજી ઉપરે સાબીત કરી આપે તો તે દાગીના ઠોરીયાં સીખે ભા. ધનજીએ માવજીને સોપવા. કદાપી વેઢલા તથા કડલી બાબતમાં પુરાવાથી સાબીત ન થાય. તેમ બંનેજણા દેતલ લેતલ સમ ખાય તો તેની કીમતના રૂા. ૩૨ બત્રીશને બદલે અરધ રૂા. ૧૬ સોળ ધનજીએ માવજીને આપવાનો ઠરાવ કરવામાં આવે છે

હવે ઉપર લખ્યા રૂા ૧૫૦ એકસો પચાસ. બાકીના રૂા. ૯૦ નેવું જે વખત ભા. માવજી રજુ કરે ત્યાં સુધીની ખોરાકી પોસાગી બાઇ મીઠીને પરથમથી એ દસ્તાવેજમાં લખ્યા ઠરાવ મુજબ ખોરાધર પાસેથી અપાવવામાં આવશે. મતલબ ત્યાં સુધીની ખોરાકી પોસાગી બાઇ મીઠીની માવજી ઉપર ચડે છે.

ઉપર મુજબ ઠરાવ કરી બાઇ મીઠી ઉપરનો ભા. માવજીનો ધણીપણાનો હક રદ કરી છુટા છેડા કરવામાં આવે છે તે બંને પક્ષકારે કબુલ રાખતાં તેની કબુલત બદલ આ નીચે સહી લેવી તા. સદર

લી. ભાઈ માવજી વાલજી ઉપર લખ્યું તે સહી છે. દા. પોતાના

ખોજા ધનજી દેવરાજ ઉપર લખ્યું તે સહી છે દા. પોતાના

(નકલ બાવીશમી)

ઠરાવ નંબર સં. ૧૯૪૪

સં. ૧૯૪૪ના માગશર તા. ૧૫ ગુરૂવાર

આજરોજ ભાઇ મામદ મુળજી શ્રી થાણા પીપળી વાળો તેની જુની ધરવાળી તે સણોસરાના ખોજા રામજી દેવાની દીકરી રાજીને, તથા મજકુર મામદને તકરાર સબબ આંહી આવતાં, તેની સાથે સણોસરા વાળા ભાઇ રામજી દેવા પણ આંહી આવતાં તે બંને પક્ષકારોની રજુવાત કરી આજરોજ નીચે મુજબ ઠરાવ કરવામાં આવ્યો.

ઠરાવ

આ બાબતમાં ભાઇ મામદ મુળજીને થએલ ખરચ પેટે રૂ. ૧૬૦) અંકે એકસો સાઠ તથા આ બાબતની પીર સરકારની ગુનેગારીના રૂ. ૪૧) અંકે એકતાળીશ જમલે રૂ. ૨૦૧) અંકે બસે એક કુંપની મજકુર બાઇ રાજી ઉપરે રાખવામાં આવે છે. એટલે ઉપર લખ્યા રૂપીયા વસુલ ભાઇ રામજી દેવા ઠરાવે એટલે મજકુર રાજી ઉપર ભાઇ મામદ મુળજીનો કાંઇ પણ હક કે દરદાવો નથી. એટલે અભરામી નદાવા ફારગતી છે એમ આજરોજ ઠરાવ કરી બંને પક્ષકારોને વાંચી સંભળાવી તેની કબુલત બદલ આ નીચે સહી લેવી તા. સદર

આ બાબતમાં ભાઇ મામદ મુળજીની અરજકે મજકુર રાજી શ્રી થાણા પીપળી વાળા વીરા જીવણ તથા ઝીંઝરાના ખોજા મામદ લાધાને તથા વાલા પરધાન વસપગ વાલાને ત્યાં ન દેવાઇ તેમ બંદોબસ્ત કરી ઠરાવ કરી દેવા કેહતાં તે અરજ તેની મંજુર રાખી તે બાબત પણ ઠરાવ કરવામાં આવે છે કે તે કન્યા ઉપર લખ્યા આસામીને ન દેવા ભાઇ રામજી દેવાને ખબર આપી. તે બાબત પણ તેની કબુલત આ નીચે સહી લેવી. તા. સદર

લી. ખોજા મામદ મુળજી ઉપર તે સહી દ. પોતાના

સાક્ષી

ખોજા જીવા કાનજી શ્રી ઝાંઝરી વાળા.

શાખ દ. પોતે તે મામદ મુળજીના રૂબરૂ કહેવાથી.

લી. મામદ મુળજી ઉપર લખી મારી ઓરત તેને ફારગતી આપેલ તે બાબત રૂ. ૧૬૦) મારા ઠરેલ તે વખતે મુને વારસે કહેલ કે, વખતે રૂા. પાંચ દસ તુંને ઓછા અપાવવા જરૂર પડે તો, અપાવશું. તેમ કબુલ રાખેલ. હાલમાં મજકુર કન્યા માણાવદરના ખોજા જીવા દામા વેરે ધરથી તે પાસેથી રૂ. ૨૦૧) લેવા ઠર્યા તેની વીગત.

૧૦૦ હાલ રોકડા

૧૦૧ સં ૧૯૪૫ ના કારતક સુદ ૨ લેવા.

(નકલ ત્રેવીશમી)

વારસ સાહેબની રૂબરૂ

સં. ૧૯૫૯ ના પોસની તારીખ ૨૨

આજરોજ મોજે કોટડા (સાંગાણી) ના રહીશ ખોજા હાશમ લાધાએ પોતાની ઓરત નામે કુલબાઇને ફારગતી આપવા હકીકત જાહેર કરી તેમજ સદરહુ તથા પોતે તથા તેણીના બાપે નામે નાનજી રે. રાજકોટ એ પણ તેજ પ્રમાણે સદરહુ ખોજાથી ફારગત થવા પોતાની ખાયસ જણાવી. મતલબ કે બંને પક્ષકારની સંમતીથી તે ફારગતી બાહાલ રાખવામાં આવે છે. ને તેની ખુા. પીર સાહેબની ગુનેગારી મજકુર ખોજા હાશમ લાધાના ઉપર રાખવામાં આવે છે. તથા બાઇને કળને મોરની બાબત વીશે પુછતાં તેણે પોતાની ખુશીથી મોરની બાબત માફ કરેલ છે. સદરહુ ખોજા હાશમ લાધાના કંઈ દાગીના તે બાઇને કબજામાં નથી ફક્ત એક લુગડાની જોડ છે તે બાઇને સુપ્રત થયેલ છે.

સદરહુ ફારગતી તે બાઇના વર નામે હાશમે પોતાની ખુશીથી લીધી તેની ખાત્રી બદલ આ રોજ કામમાં બંને પક્ષકારની સહી લેવામાં આવી તા. સદર

૧ ખોજા હાશમ લાધાની સહી દઃ પોતાના

૧ ખોજા નાનજી તેજાની સહી દઃ નાનજી તેજા

શેરો.

ઉપરમાં જણાવ્યા મુજબ અરસ પરસ બંને પક્ષકારોએ આ ફારગતી પોતાની સંમતીથી કર્યાની હકીકત જાહેર કરી; જેથી તે વીશેની ખુા. પીર સરકારની ગુનેગારીના રૂપીયા ૫૧। અંકે સવા એકાવન સદરહુ ખોજા હાશમ લાધા ઉપર રાખવામાં આવેલ, જે આ વખતે રજુ કરવાથી ભરણાદારની

દુકાને ભરી તેની પહોંચ કેસમાં સામેલ રાખવામાં આવી. તેમજ સદરહુ હાશમને પોતાનું બીજે સગપણ કરવા પરવાનગીનું લખાણ આપવામાં આવ્યું. તેમજ સદરહુ બાઇ ફુલબાઇને તેણીનો બાપ બીજે તેની ખુશી પડે ત્યાં આપે તેમાં ખુ. પીર સરકાર તરફથી મંજુરી સમન્સ એવી મતલબનું લખાણ તે બાઇના બાપ નામે નાનજી ને જાતે આપવામાં આવ્યું તા. સદરે

ખાત્રી બદલ બંને પક્ષકારની સહી લેવામાં આવી તા. સદરે

૧ હાશમ લાધાની સહી દઃ પોતે

૧ નાનજી તેજાની સહી દઃ પોતે

૧ બાઈ ફુલબાઇની સહી દઃ નાનજી તે બાઇ ફુલબાઇના કહેવાથી

(નકલ ચોવીશમી)

જજમેન્ટ તથા ઠરાવ.

બીલખાના ખોજા કાનજી ગોવા શ્રી ધોરાજીના ખોજા મુલજી લાધાની દીકરી વેરે પરણેલ, તે બને માણસ વચ્ચે મુળથીજ અણબનાવ ચાલતો આવ્યાને લીધે મજકુર કાનજીએ મજકુર તેની ધરવાળીને તેને માવતરે મોકલી દીધી છે. તે હવે પછી તેને તેડવા ઇનકાર કરી તેને ફારગતી આપવા તેની જુબાનીમાં કબુલત આપી છે. તે દાખલ આંક ૧.

આ બાબત કન્યાના માવતરને પુછતાં તેણે પણ કબુલત લખી આપી કે પીર સરકારની ગુનેગારી કાનજી ગોવા ઉપરે રાખી ફારગતી કરો, તે અમારે કબુલ છે. તે તેની કબુલત દાખલ આંક ૨

ઉપર લખી બંને પક્ષકારોની કબુલત રજુ થયા ઉપરથી ઠરાવ કરવામાં આવે છે કેઃ—

ઠરાવ.

મજકુર મુલજી માધાની દીકરી લાડુ ઉપરથી મજકુર કાનજી ગોવાનો કંઇ પણ હક ન રાખી છુટા છેડા કરવામાં આવે છે. તો તેને બીજે ઠેકાણે દેવા તેના માવતરને છુટ આપવામાં આવે છે. આ બાબતની પીર સરકારની ગુનેગારીના રૂા. ૪૦ અંકે ચાલીશ ભા. કાનજી ગોવા ઉપરે રાખવામાં આવે છે તે પીર સરકારમાં વસુલ દેવા ભા. કાનજી ગોવાને આદેશ સંભળાવી આ કેસ ફેસલામાં નોંધયું. સંવત ૧૯૪૪ ના આસુ સુદ ૪ સુ. અણોદનો એેજો.

ખોજા કાનજી ગોવાની સહી દ. પોતે

બાઇ લાડુની સઇ દ. બીલાલ ફુરજી

સાક્ષી

ખોજા જેઠા માધાની સાખ દા. અસમાલ

અસમાલ દેવજીની શાખ

રીમાર્ક

ઉપર લખ્યા રૂપીયા ચાલીશ જે કાનજી ગોવા ઉપરે ઠર્યા છે તે રૂપીયા પીર સરકારમાં વસુલ થયા પછી મજકુર કાનજીનું બીજે સગપણ થાય તેમ ઠરાવ છે; પરંતુ કોઇ કારણસર તેનું સગપણ મોડું થાય તો પીર સરકારના રૂપીયા ૨૦ વીશ પોસ સં. ૧૯૫૪ ફાગણ વદ બીજે લેવા છે તથા રૂપીયા વીશ સં. ૧૯૪૬ ના ફાગણ વદ ૨ ના લેવા છે તે, તે મુદત પહેલાં સગપણ થાય તો તે પહેલા તે લેવા છે તા. સદર.

ખોજા કાનજી ગોવાની સહી દા. પોતાના

(નકલ પચીસમી)

સંવત ૧૯૬૫ના માહા તા. ૧૮

મોજે કણુજા વાળા હાશમ જમાલની સાદી બીલખા વાળા લાખા ગોવાની દીકરી મોંધી વેરે કરેલ તે બંનેમાં અંટેશ પડતાં તે બંને પક્ષકારોની કબુલત અનુસાર ઠરાવ કરવામાં આવે છે કે—

ઠરાવ.

૧ મજકુર હાશમ જમાલનો મજકુર લાખાની દીકરી મોંઘી ઉપરનો ધણી પણાનો હક રદ બાતલ કરવામાં આવે છે.

૨ મજકુર બાઇની મહોર બાઇ પોતાથી માફ કરે છે. એટલે હાશમની મહોર માફ કરવામાં આવે છે

૩ ખુદ. પીરસરકારની ગુનેગારી મજકુર હાશમ ઉપર રૂ. ૨૧। સવા એકવીશ તેની ગરીબી હાલતે લઇ રાખવામાં આવે છે. તથા કંટીજન્ટ રૂા. ૧।ના મળી જમલે રૂ. સાડી બાવીશ સવા આનો મજકુર હાશમ ઉપર રાખવામાં આવે છે તે મજકુરે હાશમે રજુ કરવા,

ઉપર પ્રમાણે ઠરાવ કરવામાં આવ્યો તે વાંચી સંભળાવી સહીઓ લઇ દફતરે તા. સદર

૧ હાશમ જમાલની સહી દ. પોતાના

૧ મોંઘી લાખાની સહી તેના કહેતાથી

(નકલ છવીંશમી)

સંવત ૧૯૫૩ ના શ્રાવણની તા ૧૬ સોમ

આજરોજ સદરહુ કેશના જવાબદાર ભુરાનો બાપ રજુ થયોને તેના સાથે બીલખાના રહીશ ખોજા મનજી ડોસા આવેલા આ બંને આશામીએ જવાબદાર ભુરો નાત બહાર છે તેને નાતમાં લેવા અરજ કરતાં તેને આગળનો ઠરાવ સંભળાવ્યો તે મુજબ રજુ રહેવા કહેતાં, તેણે કબુલ કર્યું, જેથી ઠરાવ કરવામાં આવ્યો.

ઠરાવ.

કેસમાં પડેલા કાગળો ઉપરથી જણાય છે કે, આ ભુરાએ જે ઓરતને ઘરમાં રાખી છે, તે બાઇ વીધવા છે એટલે તેના ઉપર કોઇનો હક નથી. જેથી તો પણ પરવાનગી સીવાય ભુરાએ ઘરમાં રાખી તે કસુર બદલ તેના પાસેથી રૂા. ૫૫ા સવા પંચાવન લેવાનો ઠરાવ કરવામાં આવે છે. તેમાંથી રૂા. ૨૦ વીશ સદરહુ મનજી ડોસાએ રોકડા આપ્યા તે બાદ જતાં, બાકી રૂા. ૩૫ા સવા પાંત્રીશ રહ્યા તેમાંથી રૂા. ૫ા સવા પાંચ વાંકાનેરની જમાતમાં આપે ત્યાર પછે જમાત જવાબદાર ભુરાને નાતમાં લઈ સદરહુ ઓરત સાથે નીકા કરવા છુટ આપે તેવો કાગળ વાંકાનેરની જમાથ ઉપર આંહીના જા. નં. ૧૬૬૪ નો લખી આપ્યો. બાકીના રૂા. ૩૦) ત્રીશ રહ્યા તે કારતક સુદ ૨ ને ભરવા. સદરહુ મનજી ડોસાના નામનું દસ્તાવેજ લખાવી લઇ કેસમાં સામેલ રાખ્યું છે; એટલે હવે આ કેસ ફેસલ થયો છે. કબુલત બદલ આ નીચે મનજી તથા જવાબદાર ભુરાના બાપ કરીમની સહી લેવામાં આવી તા. સદર

૧ (સહી) ખોજા મનજી ડોસાની સહી દાઃ પોતાના

૧ (સહી) ખોજા કરીમ ડોસાની સહી તથા મનજી ડોસા

(નકલ સતાવીશમી)

વારસ કેસ રૂબરૂ

જમાતી કેસ સં. ૧૯૬૫

૧ ઇસમાઇલી ધારા ધોરણ	} ફરીયાદી

વિરૂધ્ધ.

૧ ખોજા કરીમ જીવણ રે. અમદાવાદ ૨ ખોજી બાઇ નાનબાઇ દામજી રે. મોરબી	{ જવાબદાર

બાબત.

ઇસનાઅશરીમાંથી ઇસમાયલી બનવા બાબત.

આ કામની એવી હકીકત છે કે, કરીમ જીવણ અને માનબાઇ દામજી નામની ઓરત બંને જણાં ઠાંગાથી જંગબાર આવેલાં અને જંગબારની કૌન્સી લે માનબાઇ દામજી સાથે કોઈ પણ જાતનો વહેવાર નહીં રાખવા કરીમ જીવણને હુકમ કરેલો, છતાં કરીમ જીવણ માનબાઇ દામજીને લઇ લામુ ખાતે ગયો ને ત્યાં ઇસનાઅશરી થઇ ઇસનાઅશરી જમાતમાં માનબાઇ દામજી સાથે નીકા કર્યા, જેથી જંગબાર કાઉંસીલે નાત બહાર કરેલા. ને તે બંને આશામી દેશાવર ખાતે આવતાં; જંગબાર કાઉંન્સીલના લખાણથી તેમને નાતબાર કરવામાં આવેલાં, જેથી કરીમ જીવણ તથા માનબાઇ દામજી ઇસમાયલીમાં દાખલ થવા માટે જુનાગઢ આવતાં, તેમને એક બીજાથી જુદા પડવાનું કહેતાં, તે વાત કબુલ કરી જેથી તેની હકીકત લખી લેવામાં આવી દરમીયાન પાછળથી કરીમ જીવણે માનબાઇ દામજીથી છુટા પડવાનું ઇનિકાર કરતાં, તે ઇસનાસરીજ છે તેમ ગણી તેને રજા આપવામાં આવેલી. ફરી તેના પાસે જંગબાર કાઉન્સીલનો અભિપ્રાય માગતાં તેમણે જણાવ્યું કે, તમારા તરફ તેને બીલકુલ નાતમાં લેશો નહિં. જેથી કરીમ જીવણનો કેસ બાકીમાં હતો. ને ખુદાવીંદ ધણી સલામત દાતાર લીંબડી મુકામે કદમ મુબારક કરતાં, મેલો ભરાતાં, કરીમ જીવણ તથા માનબાઇ દામજી હાજર થઇ ઇસમાઇલીમાં દાખલ થવા માટે અરજ કરતાં ખુદાવીંદ ધણી સલામત દાતારના હજુર ફરમાનથી કરીમ જીવણ તથા માનબાઇ દામજીને ઇસનાસરીમાંથી ઇસમાયલીમાં દાખલ કરવા માટે નીચે પ્રમાણે ઠરાવ કરવામાં આવે છે

ઠરાવ.

૧ કરીમ જીવણને ઇસનાસરીમાંથી ઇસમાયલીમાં દાખલ કરવાની ગુનેગારીના રૂ. ૫૧ા અંકે સવા એકાવન રોકડા રજુ કરવાનું ઠરાવવામાં આવે છે ને ફરીથી ઇસમાયલી ધર્મ નહીં બદલાવવા બાબત રૂ. ૫૦૦) પાંચસોહોની રકમનો લાયક જામીન રજુ કરવાનું ઠરાવવામાં આવે છે.

૨ કરીમ જીવણને જંગબાર કાઉંસીલે માનબાઇ દામજી સાથે કોઇ પણ જાતનો સબંધ નહીં. રાખવા હુકમ કરેલો છતાં; કરીમ જીવણ માનબાઇ

દામજીને જંગબારથી લઇ નાશી ગયો, જેથી જંગબાર કાઉંસીલના હુકમનો અનાદર કરીમ જીવણે કર્યો, જેથી તે કસુર બદલ રૂ. ૨૫l સવા પચીશ ગુનેગારીના કરીમ જીવણ ઉપર રાખવામાં આવે છે તે રોકડા રજુ કરવાનું ઠરાવવામાં આવે છે.

૩ કરીમ જીવણની જુની ધરવાલી માણેકબાઇ મનજીને જંગબાર મુકી કરીમ જીવણ ચાલ્યો આવ્યો છે જેથી તેની આજ દીવસ સુધીની ખોરાકીના તથા જંગબારથી આપવાના નોર ભાડા વીગેરેના મળી રૂ. ૨૦૦) બસો ડીપાઝીતના કરીમ જિવણે રોકડા રજુ કરયાનું ઠરાવવામાં આવે છે.

૪ કરીમ જિવણે માનબાઇ દામજિ સાથે ઇસનાસરીમાં નીકા કરેલી છે. જેથી તે નીકા રદ કરવામાં આવે છે. ને કરીમ જિવણને એક ઓરત છે તે ઉપરે બીજિ ઓરત કરવાની પરવાનગી માગતાં પીર સરકારની ગુનેગારીના રૂ. ૬૧l સવાએકસઠ કરીમ જિવણે રોકડા રજુ કરવાનું ઠરાવવામાં આવે છે.

૫ કરીમ જિવણે માનબાઇ દામજિ સાથે ઇસમાયલી ધોરણ પ્રમાણે નીકા કરવાનું ઠરાવવામાં આવે છે. તેના પીર સરકારી સગાઇ તથા નીકા વીગેરેના દાદના રૂ. ત્રીશ કરીમ જિવણે રોકડા રજુ કરવાનું ઠરાવવામાં આવે છે.

૬ કરીમ જિવણ હાલ નાત બાર છે તેને નાતમા લેવાની કસુર બદલ ગુનેગારીના રૂ. ૫l સવાપાંચ કરીમ જિવણે રોકડા રજુ કરવાનું ઠરાવવામાં આવે છે

૭ કંટીજંટ ખર્ચના રૂ. ૧૦l સવા દસ કરીમ જિવણે રજુ કરવાનું ઠરાવવામાં આવે છે,

૮ માનબાઇ દામજિને આગલા ધરની બે દીકરીઓ છે તે મુંબાસામાં જ્યારે માનબાઇ દામજિએ નીકા કરેલા ત્યારે રૂ. ૫૦૦) પાંચસોના દાગીના મોંબાસા કાઉંસીલમાં દીકરીયોના ઠરાવી નીકા કરેલા છે. તે દાગીના માનબાઇએ કરીમ જિવણને આપેલા, ને તે કરીમ જિવણ મારફત વેચાણાં છે જેથી રૂ. ૫૦૦) પાંચસોહો કરીમ જિવણે રોકડા રજુ કરવા. તે રૂપિયા દીકરીઓની સાદી વીગેરેના કામ માટે અનામત રાખવાનું ઠરાવવામાં આવે છે.

૯ માનબાઇ દામજિને ઇસનાઅશરીમાંથી ઇસમાયલીમાં દાખલ કરવાની ગુનેગારી બદલ તથા જંગબાર કાઉંસીલ અને ડાંગા કાઉંસીલના હુકમનો અનાદર કર્યા બદલ ત્રણ કસુરો છે, પણ તેના ઉપરે રેહેમીયત કરી રૂ. ૩૧l સવા એકત્રીશ રોકડ લેવાનું ઠરાવવામાં આવે છે તે કરીમ જીવણે રજુ કરવાનું ઠરાવવામા આવે છે. તે માનબાઇ ફરીથી ઇસમાયલી ધર્મ બદલાવશે નથી તે બાબતના રૂ. ૨૫૦) અઢીસોનો લાયક જામીન રજુ કરવાનું ઠરાવવામાં આવે છે.

૧૦ ઉપરની કલમોમાં ૯૧૪ll અંકે નવસો સાડ ચૌદ રોકડાં રજુ કરવાને, રૂા. ૭૫૦) સાડ સાતસો એના ત્રણ લાયક જામીન રજુ કરવા ઠરાવવામાં આવે છે.

૧૧ કરીમ જીવણને જુની ઓરત માણેકબાઇ મનજિ છે. તે કરીમ જિવણથી છુટા છેડા કરાવ માગણી કરે તો, આજ દીવસ સુધીની ખોરાક ના તથા જગબારથી આવવાના ખરચ વીગેરે મળી રૂા. ૨૦૦) બસો કરીમ જિવણ પાસે લઇ ડીપાજિટ રાખવાનું કલમ ૩ જિ માં ઠર વેલું છે. તે રકમ તથા રૂા. ૫૧l સવા એકાવ માણેકબાઇને કરીમે મોરના રહેવા આપવાનું ઠર વવામાં આવે છે ને રૂા. ૨૫l સવા પચી પીર સરકારની ગુનેગારીના લેવાનું ઠરાવવા આવે છે.

૧૨ કરીમ જિવણની જુની ઓરત માણેકબ કરીમથી છુટા છેડા કરવા ના ખુશી બતાવે કલમ ૩ માં બતાવેલા રૂા. ૨૦૦) બસો આ સુધી ખોરાકી ખરચ વીગેરેના માણેકબાઇ આપવાનું ઠરાવવામાં આવે છે. ને માણેક બ કરીમ જિવણ સાથે રહે તો, તેની જિંદગી સુ ખોરાકી પોશાકીનો કાઉન્સીલની પસંદગી લા જામીન રજુ કરવાનું ઠરાવવામાં આવે છે તેને પેરવા માટે રૂા. ૨૦૦) બસોના દાગી કરીમે કરી આપવાનું ઠરાવવામાં આવે છે. માણેકની જિંદગી સુધી તેના કબજામાં રહેવ પણ ઠરાવવામાં આવે છે.

૧૩ માણેકબાઇ કરીમ જિવણ સાથે ન રહે તો ખોરાકી પોસાકી માટે દર માસે રકમ કાઉન્સ ઠરાવે તે રજુ કરવાની જિંદગી સુધીનો કે જિવણના જામીન રજુ કરવાનું ઠરાવવા

આવે છે માણેકબાઇને રહેવા માટે કરીમે જુદું ઘર આપવાનું પણ ઠરાવવામાં આવે છે.

કરીમ જિવણની જુની ઓરતને તથા માનબાઇને ફરજંદ થાય તો, કરીમ જિવણની મીલકત ના બંને છોકરા સરખે દરજે હકદાર હોવાનું ઠરાવવામાં આવે છે.

માનબાઇને આગલા ઘરની બે દીકરીયો છે તે સાથે લઇ કરીમ જિવણ સાથે લાસુમાં નીકા કરેલી છે. જેથી તે છોકરીયોને માન બાઇ સાથે રાખવાનું ઠરાવવામાં આવે છે ને ભરણ પોષણ કરીમ જિવણે કરવાનું કરાવવામાં આવે છે, ને બંને છોકરીયોનું સગપણ તથા સાદી વીગેરે કાઉન્સીલની મંજુરી લઈ કરીમે કરવાની છે. ને તે કામ કરવા માટે રૂા. ૫૦૦) પાંચસોહો બંને છોકરીયોના નામે અનામત રાખવાનું કલમ ૮ માં ઠરાવેલ છે તેમાંથી કાઉન્સીલની મંજુરી લઇ કરવાનું છે.

કરીમ જિવણે કોઇ વરસની ચંદ્રાકી ઠાંગામાં અથવા જંગબારમાં ભરેલી ઠરે તો તેની પોંચ રજુ કરવી. ને ન ભરી હોય તો, આહીં જમાતમાં ચંદ્રીકા ભરવાનું ઠરાવવામાં આવે છે

ઉપર પ્રમાણે ઠરાવ વાંચી સંભળાવવામાં આવ્યો સં. ૧૯૬૯ ના પોસ તા. ૯ તા. ૧૮-૧-૧૩ મુ. લીંમડી

૧ કરીમ જિવણની સહી ઉપર છાપ્યું સહી દઃ પોતે

માનબાઇ દામજિની સહી દઃ પોતે

૧ રહેમતુલા અલીભાઈ

૨ પીરભાઇ તેજાની સહી દઃ પોતે

૩ દેવસી નથુ સહી

૪ મામદ જિવાની સહી દઃ પોતે

મારા રૂબરૂ

હબીબ કાશમ

વીરપુર પોસ તા. ૨૧ ગુરૂવાર

આ કેસની માનબાઇની છોકરીયો બે પરણીધીટી કરવાળા ધણીની થએલી. મોરબી તેના મામા સરીફ લવજિ પાસે હતી. તેમાં જે અમારી રૂબરૂ સરીફ દામજિને કરીમ જિવણની થવા માનબાઇ દામજિને સોંપવામાં એવી છે એજ તા. સદર

કરીમ જિવણ દઃ પોતે

ખોજા સરીફ દામજિની સહી દઃ મામદ તે ધણીના કેવાથી

અમારી રૂબરૂ

હબીબ કાશમ

ભાગ પહેલો સમાપ્ત.

આ કેસનો બીજો ભાગ પોરબંદર વાળા ડાયા લાલજીની જુબાનીથી છાપવો કર્યો છે. માટે અગાઉથી ગ્રાહક થઈ નામ નોંધાવો.

એદલજી ધનજી કાબા

અમરેલી—કાઠીયાવાડ

ખોજા કોમના પુસ્તકો.

ખોજા કોમની તવારીખ—ખોજા કોમની ઉતપત્તીથી લઇ તેને લગતા સઘળા ઇતિહાસો સાથેનું વર્ણન. નમુનેદાર કીતાબ છે. રૂ. ૨ા

ઈબરત અફ્જા—આગા હસન અલી શાહે પોતે પોતાનું લખેલું જીવન ચરિત્ર રૂ. ૦ાા

આગાખાન કેસનો ફેસલો—મુંબઇમા બાર ભાયા ખોજાઓ તથા આગાખાન વચ્ચે ચાલેલા મુકર્દમાનો ફેસલો રૂ. ૦ાા

આગા જંગી શાહનો રીસાલો—આગા જંગીશાહે પોતાના તથા ખોજા કોમના અકાયદો ઉપર લખેલું પુસ્તક રૂ. ૦ા

ઇસમાઈલીઆ કાઉન્સીલના કાયદાઓ—ખોજા ઇસામાઇલીઆ કાઉન્સીલના જુનાગઢ ડીવીઝનના કાયદાઓ ઉપર રીવ્યું રૂ ૦ા

હાજી બીબીના કેસનો ફેસલો—આગાખાનના કુટુમ્બી વારસા હિસ્સા બાબતના કેસનો ફેસલો રૂ. ૦ાાા

ઇસનાઅશરી આરસી — ઇસના અશરી ઇમામોની તવારીખ તથા ખીલાફતના સવાલ ઉપર દલીલો સાથની તપાસ રૂ ૧ાા

ઇસના અશરી ખુબીઓ—ઇસના અશરી મઝહબના ઉસુલેદીન તથા ફારૂએદીનની અકલી ખુબીઓ રૂ. ૧)

ખોજા પંથ દર્પણ ભા. ૧-૨-૩-૪-૫ ખોજા કોમનો અસલ ધર્મ કયો તેની દલીલોના પુસ્તકો. દરેક ભાગની કીંમત આઠ આઠ આના

ચેરાગે ઈસના અશરી—ઇસના અશરી સારી રીતભાતની હજારો હદીસોનો સંગ્રહ રૂ. ૧)

દ્રુઝ કોમના અકાયદા—મીસરના ફાતમી ખલીફ હાકમ બઅમ્રલ્લાને ખુદા માનનારા લોકોના અકાયદ ૦)=

હસન બીન સબ્બાહ—બાતીન્યા ધર્મના દાઇ અને એક મહાન ખુની માણસનું કમકમાટ ઉપજાવારૂં જિવન ચરિત્ર કિં ૦ાા=

ફીરદોસે બરીં—બાતીન્યા ધર્મના દગલબાજિ ભરેલાં ખુની કાવત્રાંના ઇતિહાસને ઘણીજ ખુબીથી વાર્તામાં ગોઠવેલ છે. કિ. ૧-૮-૦

ખોજા ખુન આરોપ—ખોજાઓ માણસ મારી તેના લોહીમાં ચોખા પલાળી ખાય છે તેવી જુઠી અફવાનું ખંડન કિં. ૦-૪-૦

ઇસના અશરી તવારીખ—હજરત ચહારદા માસુમ અ૦ ના જિવન ચરિત્રો તથા ખીલાફતના ખરા હકદારની તપાસ કિં ૧-૦-૦

મોહરમની ખુબીયો—મોહરમની દસ મજલીસમાંથી ફુન્યવી ૭૧ સબકો તારવી કાઢી તે ઉપર વિવેસન કરવામાં આવ્યું છે. કિં. ૦-૬-૦

ઈસલામી સીતારો—ઇસનાઅસરી દીનની ફીલસુફી સાથે ઢોંગી ધર્મ ગુરૂઓના ધુરીં ઉડાવી દીધા છે. કીં. ૦-૩-૦

હૈદર હુલાસ—કવી વરતેજીનું રચેલું કીં. ૦ાા

કુવ્વતે ઝુલ્ફેકાર—હજરત અબ્બાસ અલમ બરદારની મીજલસ કિં. ૦-૪-૦

લખો.

એદલજી ધનજી કાબા

અમરેલી—કાઠીયાડ

સર સઇયદ એહમદના લેખો

(ભાગ પહેલો)

ઇસલામીઓના મહાન સુધારક અને અલીગઢ કોલેજના સ્થાપક સરસઇયદના લેખો કે જે લેખોથી હીન્દની ઇસલામી કોમ જાગ્રત થઇ જવા પામી છે તે લેખોનું ગુજરાતી ભાષાન્તર કરી છપાવ્યું છે. લેખો જાદુઇ અસર કરનારા અને ઇસલામનો નવીન પ્રકાશ દેખાડનારા છે.

લેખોનું સાંકળીયું.

ઉંચા સાઠ રતલી ગ્લેઝ કાગળો. ૩૨૫ પાન. સુંદર છપાઈ અને પાકું બાઇન્ડીંગ છતાં કીંમત માત્ર એક રૂપીઓ પો. બે આના

સર સઇયદના લેખો ભા. ૨ જો છપાય છે કીંમત એક રૂપીઓ. અગાઉથી ગ્રાહક થઇ નામ નોંધાવો

એદલજી ધનજી કાબા

અમરેલી—કાઠીઆવાડ

૭૮૬

રાણાવાવના ખોજા કાસમ કાનજીનો પોતાની ઓરત નુરબાઈને કબજે લેવાનો કેસ.

(ભાગ બીજો.)

જુનાગઢ દીવાની અદાલતનો મો. મુ. નં. $\frac{૧૦૭}{૭૦}$

વાદી—કાશમ કાનજી, રહેવાશી રાણાવાવ.

વાદીના વકીલ—છગનલાલ નાગજી ચીતાઇ બી. એ. એલ. એલ. બી.

પ્રતિવાદીયણ—ખોજણ બાઇ નુરબાઇ મેગજી.

પ્રતિ૦ ના વકીલો—પુરૂશોત્તમ માવજી એજન્સી પ્લીડર તથા મુનશી ગુલામમહંમદ બેરીસ્ટર એટલો.

છપાવી પ્રગટ કરનાર

એદલજી ધનજી કાબા.

અમરેલી—કાઠીયાવાડ

ઈ૦ સ૦ ૧૯૧૬ હી૦ સ૦ ૧૩૩૪

ધી ખોજા પ્રકાશ પ્રીન્ટીંગ પ્રેસ, માંડવીરોડ—અમરેલીમાં મેનેજર એદલજી ધનજી કાબાએ પોતાને માટે છાપ્યું. અને ખોજા મહોલ્લામાં આવેલી ઓફીસમાંથી પ્રગટ કર્યું. ૧-૪-૧૯૧૬

કીમત ૭ આના.

—આગાખાની મતના રક્ષણના પુસ્તકો.—

તૈયાર છે.

પચીસ સવાલોના જવાબો.

પેશાવર વાળા આગાખાન મતમાંથી નીકળી આર્યસમાજમાં જઇ મળેલા પંડીત રાધા કૃષ્ણે ના[illegible] આગાખાન તથા તેમના મુખી કામડીયાઓ જોગ આગાખાન મત સબંધેના પચીસ સવાલોનો રીસા[illegible] છપાવ્યો છે અને તેમાં આગાખાન મત સબંધે બહુજ નિર્દયપણે હુમલાઓ કીધા છે તેના આ રીસાલ[illegible] અમોએ દંદાં શીકન જવાબ લખી છપાવ્યો છે. જે આગાખાન મત ઉપર હેરતભર્યું અજવાળું પા[illegible] સાથે પંડીત રાધા કૃષ્ણના લખાણની પુરે પુરી પોલ ખોલવામાં આવી છે. આ બુક દરેકે દરેક આ[illegible] ખાની, ઇસલામી તથા હીન્દુએ વાંચવા લાયક છે. કી. ત્રણ આના.

ખુલ્લી ચીઠ્ઠીનો જવાબ.

આગાખાની મતમાંથી નીકળી જઇ હમણાં આર્યસમાજી થએલા પેશાવર વાળા પંડોત રાધા કૃષ્ણે [illegible] ગાખાન ઉપર ખુલ્લી ચીઠ્ઠી નામે રીસાલો છપાવી તેમાં તેમના ઉપર અંગત, આગાખાન મત ઉપર તથા [illegible] સાથે ઇસલામ ઉપર ઘણાજ નિર્દય હુમલાઓ કરેલા છે. અને અંદર ખાનેથી આગાખાની મતના લોક[illegible] દીલમાં ધાર્મિક શંકાઓના ગુંચવાડા ઉભા કરી પોતાનો હેતુ સાધી જવાની નેમ રાખી છે. અમોએ ખ[illegible] ઇસલામની હિમાયત માટે તેના અસલ લખાણ સાથે ખુબી ભર્યા ધોરણે જવાબ છપાવ્યો છે. જે દરેકે ખ[illegible] વાંચવા તથા વિચારવા લાયક છે. કીમત પાંચ આના.

—પીરાણા મતના રક્ષણના પુસ્તકો.—

તૈયાર છે.

આર્યપ્રકાશની અજ્ઞાનતાનું ખંડન.

(ભાગ પહેલો.)

મુંબઇ ખાતે પ્રગટ થતા અઠવાડીક પત્ર આર્ય પ્રકાશના તંત્રીએ પોતાના પત્રમાં "પીરાણામત સમક્ષ[illegible] " સત્યપંથ પ્રકાશક મહા મંડળ ,, તથા આર્ય સમાજીઓની ઉશ્કેરણીથી છપાયેલા હેન્ડબીલો વીગેરે છ[illegible] તથા ગેરવાજબી ટીકા કરી પીરાની દરગાના વારસો, કાકાઓ, કારભારીઓ તથા સેવકોની લાગણી દુખા[illegible] હતી. તે સઘળા લેખોનું આ પુસ્તકમાં ખુબી ભર્યા ધોરણે ખંડન કરવામાં આવ્યું છે અને સાથેજ આર્ય[illegible] માજીઓના વર્તનનું આબાદ ચીત્ર દોરી બતાવ્યું છે. કીમત છ આના.

છપાય છે. !

દયાનંદ પંથ દર્પણ. યાને આર્યપ્રકાશની અજ્ઞાનતાનું ખંડન.

(ભાગ બીજો.)

આર્યસમાજીઓની ભુલવણીમાં નાંખનારી બાબતોથી સઘળા હીન્દુ મુસલમાનોને સાવચેત કરી આ[illegible] માટે આર્યસમાજીઓના કપોલ કલ્પિત અકાયદોનું આબાદ ચીત્ર દોરવામાં આવ્યું છે. જે કોઇ તેને એક[illegible] વાંચે તેને આર્યસમાજના નિર્બળ અકાયદો તુરતજ જણાઇ આવતાં, તે તેમના હથકંડાથી મુક્ત થઇ જ[illegible] ખરેખર દરીયાને કુંજામાં ભરી આપ્યો છે. સતપંથ ઉપરના આક્ષેપોનું પણ તેમાં ખંડન કરવામાં આ[illegible] છે. ખરેખર દરેકને ખાસ મનન કરવા જેવું પુસ્તક છે. કી. છ આના.

—લખો—

એદલજી ધનજી કાબા.

અમરેલી—કાઠીઆવાડ

રાણાવાવના ખોજા કાસમ કાનજીનો પોતાની ઓરત નુરબાઇને કબજે મેળવવા બાબતનો કેસ.

(ભાગ બીજો)

પોરબંદરવાળા ખોજા ડાયા લાલજીની જુબાની

પ્રતિવાદી વકીલ, મુખ્ય તપાસ—

પોરબંદરની કૌંસીલમાં પ્રેસીડેન્ટ હાસમ માવજી છે તે પહેલાં હું હતો. હાસમ ગયા જુનની તારીખ ૧૬ થી કામ કરે છે. કાઊનસીલનાં મેમ્બર તરીકે હાલ હું કામ કરૂં છું પ્રેસીડેન્ટ બાર માસે બદલાય છે. હું ઇસમાઇલી ધર્મ પાળુછું. અમારા બાપ દાદાનાં વખતથી આદી કાલથી ઇસમાઇલી ધર્મ પાલીએ છીએ. હીન્દુમાંથી ખોજા પીરસદરદીને બનાવ્યા છે. તે પોતે ઇસગાઇલી ધર્મનાં હતા. અમે હાજર ઇમામને માનીયે છીએ. સુલતાન મહમદશાહ હાલનાં હાજર ઇમામ છે. તે અડતાલીસમાં ઇમામ છે. પહેલા ઇમામ હઝરત અલી. હઝરતઅલીની ગાદી ચાલી આવે છે, એમ અમે માનીયે છીએ. તે ગાદી રોજ કયામત સુધી કાયમ રહેશે એમ અમે માનીયે છીએ. દસ અવતારને માનીયે છીએ. પહેલા નવ અવતાર હીન્દુનાં છે. દસમો અવતાર હઝરતઅલી ને માનીયે છીએ દસ અવતારનું પુસ્તક છે ને તે પીરસદરદીનનું બનાવેલ છે. તે પુસ્તકને અમે માનીયે છીએ. અમે અમારી ધર્મ ક્રીયા ખાનામાં કરીયે છીએ. રોજ ત્રણ વખ્ત કરીયે છીએ. એક સમી સાંજમાં એક સુવાને વખ્તે અને એક સવારમાં. ત્રણે વખ્તની ધર્મ ક્રીયામાં અમે ધુવા પઢીયે છીએ, પહેલી વારની ધુવા પછી પીરસદરદીનનાં જ્ઞાન બોલીયે છીએ અને ત્યાર પછી બીજી વખતની ધુવા પડીએ છીએ. ધુવામાં અડતાળીસ ઇમામનાં નાંમ આવેછે. ધુવાના દરેક સુજદાને અંતે હાજર ઇમામ સર સુલતાંન મેહમદશાહનુ નામ આવેછે ધુવાની અંદર દસ અવતારનાં નામ આવેછે અમે હાજર ઇમામનો કરભાર આપીયે છીએ. અમને સવાબ અને મુકતી મળશે એમ સમજીને આપીએ છીએ. અમારામાં કોક ખોજાઓ સીરબંધી થાય છે સીરબંધી એટલે પોતાની તમામ મીલ્કત અર્પણ કરવી તે. અમારામાં કેટલાક ખોજા અસનાઅશરી થયાછે તેમાં કેટલાક દસ વર્સ અગાઉ થયાછે અને કેટલાક હાલ થયાછે અશનાઅશરી થાય તેને અમે નાત બાહાર કરીયે છીએ. અસલ અમારી સાથે ઇસમાઇલી ધર્મ પાળતા ને તે ધર્મ છોડી દેવાથી ધર્મ ભ્રષ્ટ થયા એટલે નાત બાહાર કરીયે છીએ. અસનાઅશરી થાય તેની સાથે તેની ઓરત જાય તો તેને પણ નાત બાહાર કરીએ. છીએ અસનાઅશરી લોકો બાર ઇમામને માનેછે એ અમારાથી છઠા ઇમામથી જુદા પડેછે એટલે અમે છઠા ઇમામ તરીકે શાહ ઇસ્માઇલને માનીયે છીએ અને તેઓ મુસાકાઝીમને માનેછે. તે (અસ્નાસરી) લોકો હાજર ઇમામને નથી માનતા. તેઓમાં હાજર ધર્મગુરૂ કે બોધગુરૂ છે નહી. અસનાઅશરી લોકો અમારા હાજર ઇમામને કોઇ કરભાર આપતા નથી. અમારામાં અમુક ખોજા અસનાઅશરી થયા પહેલાં હાજર ઇમામને કરભાર આપતા ને પધરામણી પણ કરતા હતા. જીવોને પોતાનાં કર્યાં પ્રમાણે લક્ષ ચોરાસી ફેરામાં ફરવું પડે છે એમ અમે માનીયે છીએ. અસનાઅશરી લોકો ધુવા પઢતા નથી. તેઓ દસ અવતારને માનતા નથી. અમારામાંથી કોઇ ખોજો અસનાઅશરી થઇ જાય ને તેનું સગપણ થયુ હોય તો સગપણ તુટી જાય. બીજી જગ્યાએ દાખલા બન્યાછે પણ પોરબંદર કાઉન્સીલની હકુમતમાં સગપણ તુટયાનો દાખલો બન્યો નથી. સગપણ તુટયાના બીજા દાખલા મારી જાત માહીતીના નથી. ઇસ્માઇલી બાઇનો ધણી લગ્ન થયા પછી અસનાઅશરી થઇ જાયને બાઇની, ઇચ્છા ધણી ભેગી જવાની ન હોય તો, નીકા તુટી જાય. એવી રીતે નીકા તુટયાના બે દાખલા અમારી કાઊનસીલ પાસે આવેલાછે. રાવળની જસબાઇ વેરશીનો ધણી માડાગાસ્કરમાં તુલ્યાર ગામમાં અસનાશરી થઇ ગયો તેના નીકા અમે તોડી નાંખ્યાછે. તે બાઇ હજી બીજે ગઇ નથી તેને માવતર બેઠીછે. આ બાબતનો કેસ અમારી કાઊનસીલમાં આવ્યો હતો. બાઇએ કાઊનસીલમાં અરજ કરી તે પરથી. કાઊનસીલે તેનો ધણી અસનાસરી હોવાની ખાત્રી કરીને, તે બાઇને છુટી કરી એ-

બાબત કેસ નાં $\frac{૩}{૧૯૧૩}$ નો છે તેનાં ઠરાવની ખરી નકલ રજુ કરૂંછું. બીજો કેસ આ વાદી પ્રતિવાદીનોજછે ને જે બાબતનું કામ આંહી ચાલેછે તેનોછે

પહેલો ઠરાવ $\frac{૩}{૧૩}$ ના ઠરાવ વખતે કાઉન્સીલનો ચેરમેન હું હતો. બીજા કેસનો ઠરાવ પણ રજુ કરૂંછું તે વખ્તે પણ ચેરમેન હું હતો કેસ ના. $\frac{૧૦}{૧૩}$ નો છે

અમારામાં સગપણ થાય તેની સાહેબી દફતરમાં નોંધ કરવામાં આવે છે. કોઇ માણસ સગપણ થયા છતાં નોંધ ન કરાવે તો સગપણ થયું નથી એમ ગણવામાં આવે. સગપણ થયા પછી એમાંથી એક પણ પક્ષકારે સગપણ તોડવું હોય તો પછી જે કાઉંનસીલના તાબામાં તેને તેણે અરજ કરવી જોઇએ અને કાઉનસીલને યોગ્ય લાગે તો હા પાડે. નહીંતર ના પાડે. કાઉન્સીલની રજા વગર સગપણ તોડે તો નાત બાહર કરીએ. એક ઓરત પરણ્યા પછી બીજી કરવી હોય તો કાઉન્સીલ પાસે અગર વારસ સાહેબ પાસે પરવાનગી માગવી જોઇએ. બીજી કરવા માટે કારણ છે કે કેમ તે બાબતની તપાસ કરીયે ને પરવાનગી દેવા જેવું હોય તો દઇએ નહીંતર ન દઇએ પરવાનગી જો આપવામાં આવે તો આગલી સ્ત્રી માટે બંદોબસ્ત કરીએ છીએ ને પીર સરકારની ગુન્હેગારી લઇએ છીએ. પરવાનગી લીધા વગર બીજી ઓરત કરે તો નાત બહાર મુકીયે છીએ અમારામાં તલાકનો ચાલજ નથી તે છતાં કોઇ ઇસમાઇલી બોજા તલાક આપે તો નાત બાહારની તેને શીક્ષા કરીયે. પોરબંદરના રહીસ નથુ ખમીસાએ પોતાની ઓરતને તલાક આપ્યાનો કાગલ વારસ સાહેબને મોકલ્યો હતો- એટલે વારસ સાહેબે તેને ન્યાત બાહાર મુકયો હતો વારસ જુનાગઢ રહે છે. ત્યાર પછી એ માણસ પાસેથી ગુન્હેગારી લઇને નાતમાં લીધો અને એ બાઇને ખોરાકી પોસાકી આપે ને તલાક ન આપે એવો જામીન હું થયો હતો તેણે બાઇને વરસ બે વરસ ખોરાકી આપી. નથુ પ્રેમજી કોર્ટમાં હાજર છે તે હું ને નથુ ખમીસાએ મલીને વારસ સાહેબ પર તેમનાં બેના છેડા છુટકા કરી દેવા કાગલ લખ્યો. બે માણસે સમજુત કરી લીધીછે વાસ્તે છુટા છેડા કરી આપો એવી અરજી કરી હતી અને મેં ને નથુ પ્રેમજીયે એ અરજીની ભલામણ કરી હતી. જેના પરથી વારસે છુટા છેડા કર્યા. તે વખ્તે કાંઇ રકમ લેવાણી છે કેટલી લેવાણી તે મોઢે યાદ નથી

અમારામાં કોઇને છુટા છેડા કરવા હોય ત્યારે કાઉનસીલને અરજ કરવી જોઇએ. કાઉનસીલ નહોતી ત્યારે વારસ સાહેબને અરજ થતી. છુટા છેડા કરવાની બન્ને અરજ કરી શકે. છુટા છેડા કરવા યોગ્ય લાગેતો કરી દઇએ. પરવાનગી લીધા સિવાય અંદર અંદર સમજી છુટા છેડા કરેતો ન્યાત ધોરણ પ્રમાણે નાત બાહાર કરીયે

પોરબંદરમાં વગર પરવાનગીએ છુટા છેડા થયાનો દાખલો મારા જાણમાં નથી.

વગર પરવાનગીયે બીજી ઓરત કર્યાનો દાખલો મારી જાણમાં નથી. પોરબંદરનાં જમાલ ગોવાએ વગર પરવાનગીએ બીજી ઓરત કરી હતી તેથી તેને બે વર્ષ નાત બાહાર રાખ્યો હતો ને ત્યાર પછી ગુન્હેગારી ને દંડ લીધા પછી તેને નાતમાં લીધો હતો. તે દાખલો સં. ૧૯૩૪–૧૯૩૫ માં બનેલો છે.

વાદી વકીલની ઉલટ—ઇસમાઇલી શીયા ધર્મનો ભાગ છે. અસનાસરી પણ શીયા ધર્મનો ભાગ છે. ઇસમાઇલીને અસનાસરી ધર્મમાં મુખ્ય તફાવત નીચે મુજબ છે.

૧ અસનાસરી હાજર ઇમામને ઇમામ તરીકે માને નહીં. તેને કારભાર આપે નહીં. ખાને આવે નહીં ધુવા પડે નહીં. તેમ અડતાલીસ ઇમામને માને નહીં.

ઇસમાઇલી ધર્મના તમામ લોકો જેમ અમે કરીએ છીએ તેમ કરે છે. અમારાથી જુદી રીતે વર્તતા ઇસમાઇલી ધર્મના હોવાનું મારા જાણવામાં નથી. અરબસ્તાનમાં ઇસમાઇલી છે કેમ તેની મને ખબર નથી મને તો માત્ર કાઠીયાવાડનું ગ્નાન છે. અસનાસરીને ઇસમાઇલી ધર્મનાં બધાં ધર્મ પુસ્તકોનો મેં અભ્યાસ કર્યોજ નથી.

અસનાસરીના ઉપર કહ્યા તે તફાવતો અમે નજરે જોઇએ છીએ તે પરથી કહીએ છીએ.

અમારે જેમ આગા સાહેબ છે તેમ એનામાં કોઇ પબ્લિક ગુરૂ નથી. તે પરથી તેને ગુરૂ નથી એમ કહું છઉં. મહંમદ પેગંબરને માનીયે છીએ ખુદાને માનીયે છીએ. હીંદુ મુસલમાન બધા ખુદાને

 મેં કુરાનનો અભ્યાસ કર્યો નથી એટલે હું જાણતો નથી મેં કુરાન વાંચ્યું પણ નથી. કુરાન કઇ ભાષામાં લખ્યું છે તે પણ હું જાણતો નથી.

મૌલા મુર્તજાઅલીને અમે ખુદા તરીકે માનીએ છીએ અને ઇમામ તરીકે પણ માનીયે છીએ ઇમા-મને ખુદામાં જે ફેર છે તે હું જાણું છું. ઇમામને ખુદામાં કાંઇ ફેર હું જાણતો નથી, ઇમામને અમે ખુદા તરીકે માન આપીએ છીએ. મહંમદ પેગમ્બરને અમે ગુરૂ તરીકે માનીયે છીએ. તેણે અમને કલમો બતાવેલ છે. અમારે શું કરવું તે અમારા હાજર ઇમામો થવા તેઓએ બતાવ્યું છે. અમારા હાજર ઇમામો કહે તેનેજ અમે કુરાન માનીયે છીએ. જેવી રીતે અમે મુર્તજાઅલીને ખુદા તરીકે માનીએ એવું આગા સાહેબનુ ફરમાન મને યાદ આવતું નથી. આગા સાહેબના ફરમાનોની બુકો છપાણી છે. આગા સાહેબનાં ફરમાન મેં વાંચેલા નથી તેથી આગા સાહેબે પોતાને ખુદા તરીકે જણાવેલ છે કે કેમ તે હું જાણતો નથી. કલમો પડતાં મને આવડે છે (અદાલતમાં પડી દેખાડે છે.)

" લા ઇલ્લા ઇલલ્લુલા, મહમદ રસુલીલ્લા
અલી સઇ અલ્લા "

અમારા કાઉનસીલના કાયદાની બુક છપાણી છે. કાઉંસીલનાં કાયદામાં જે કલમો છપાયો છે તે અધુરો છે ઉપર કહયો તે પુરો છે.

અધુરો છપાવવાનું કારણ હું જાણતો નથી કેટલાક પુરો પડે છે કેટલાક અધુરો પડે છે.

જગતને મારવાની ને જીવાડવાની શક્તી ખુદાના હાથમાં છે એવી શક્તી આગા સાહેબમાં હોવાનું પીર સદરદીનનાં જ્ઞાન પરથી અમે માનીયે છીએ

જ્ઞાનનો મને એટલો બધો અભ્યાસ નથી કે આગા સાહેબને ખુદા તરીકે માનવા એમ જણાવ્યું છે તે હું કહી શકું. પીર સદરદીને કુરાનનો તરજુમો જ્ઞાનમાં કર્યો છે એમ મારા ધ્યાનમાં નથી. હું મારા ધર્મથી અણવાકેફ છુ એટલે આગા સાહેબનાં ફરમાનમાં નીમાજ પઢવાનું કહ્યું છે કે કેમ તે હું કહી શકું નહીં. ધુવા અને જ્ઞાન પીર સદરદીનનાં રચેલાં છે. ધુવા મને તુટક તુટક આવડે છે ધુવા શેના પરથી બનાવવામાં આવેલ તેની મારી જાત માહીતી નથી. ધુવાની બુક મેં વાંચી નથી. અમારા ઇમામો ધુવા પડતા કે નીમાજ તે મારી માહીતી નથી ઇમામો દસ અવતારને માનતા કે કુરાનને તે મારી માહીતી નથી: આગા સાહેબ ધુવા પડે છે કે કુરાન તે મને ખબર નથી. દસ અવતારની માન્યતા હીંદુ ધર્મની છે તે મુસલમીન ધર્મની પણ છે. તે બ્રમ્હા ને મહમદ માં ફેર શું છે તે મને ખબર નથી. મુસા કાજીમ ને શાહા ઇસ્માઇલમાં શું ફેર તે મને ખબર નથી. પ્રેસીડેન્ટ માત્ર કજીયાનાં ફડચા માટે નીમાય છે.

નુરબાઇએ અમારા પાસે અરજી આપી હતી. તેણે અરજીમાં શું ફરીયાદ કરી હતી તે અરજીમાં હોય તે ખરૂં, મોઢે યાદ નથી. નુરબાઇ કહેતી હતી કે મારો ધણી જ ગબાર કાઉન્સીલથી ઇસમાઇલી પાસ લાવ્યો નથી. એટલે તે ઇસમાઇલી ધર્મ પાળતો નહીં હોય એમ લાગે છે માટે મારે શું કરવું. જે માણસ પરદેશથી આવે તેણે ઇસમાઇલી પાસ લાવવોજ જોઇએ આગાખાને જંગબાર દારસલામમાં ઇસમાઇલી કાઉન્સીલને સ્થાપી છે અને ત્યાં ખાને જતાં હોય, કર ભરતો હોય, દસોંદ આપી હોય તો તેને ઇસમાઇલી પાસ મળે. ઇસમાઇલી પાસ ન મળે ઓ ઇસમાઇલી ધર્મ પાળતો નથી એમ ગણાય. દસોંદ આપ્યા વગર ઇસમાઇલી હોય તો પાસ મળે. કમાઇને આવતો હોય ને દસોંદ ન આપી હોય તો પણ ઇસમાઇલી હોય તો પાસ આપે.

તા. ૧--૨--૧૫ બપોર ૩-૧૫

ફરી પ્રતિજ્ઞા આપી.

વાદી વકીલની ઉલટ શરૂ

અમારામાંના ખોજા અસનાસરી કઇ સાલથી થવા માંડયા તે કહી શકુ નહીં. પ્રથમ મુંબઇમાં થવા માંડયા પછી કાઠીયાવાડમાં થવા માંડયા સા ૧૯૬૦ ના પહેલા પણ થયા હશે. તેની ખબર ન પડે અને પછી પણ થયા હશે ઇસમાઇલી ખોજાની સંખ્યા કેટલી હશે લાખ ઉપર હશે કે ઓછા તે પણ કહી શકું નહીં. અસના સરી ખોજા પહેલાં આગાખાનના ઇસમાઇલી ધર્મમા હતા અસનાસરી ખોજાની સંખ્યા પણ કહી શકું નહીં છેલા દસ વર્સમાં ઘણા ખોજા અસનાસરી થયા છે કે કેમ તે કહીશકું નહીં. દસ વર્સમાં આસરે કેટલા અશનાસરી થયાહશે તે આસરે પણ કહીશકું નહીં પોરબંદરમાં અસનાસરી ખોજા છે તેને ઓલખું બીજાને ન ઓલખું પોરબંદરમાં બે ઘર અશનાસરીનાંછે. ખોજા અસનાસરી શું કામ થઇ જાય છે તે કહી શકું નહીં. આગા સાહેબનાં બારે દંડથી કાયવાઇને અસનાસરી થાય છે કે કેમ તે હું

જાણતો નથી. હાજર ઇમામ એટલે હયાત ઇમામ

ગુજરી જનાર ખોજો તેના કર્તવ્ય જેવાં હોય ત્યાં જાય ચોરાસી લક્ષ ફેરા ફરવાપડે કે કેમ તે કર્તવ્ય ઉપર છે. જસબાઇના ધણીને મેં નોટીસ મોકલી હતી. તે વાંધો લેવા હાજર થયો નહોતો. તેનો ધણી તુલ્યારમાં તુંગભરીમાં હતો આફ્રીકામાં હતો તે અસનાસરી હતો. તેને નોટીસ બજીને આવી હતી તે હીંન્દુસ્તાનમાં આવ્યો નથી. નુરબાઇએ ફરીયાદ કરી ત્યારે કાસમ હીંન્દુસ્તાનમા હતો કે કેમ તે યાદ નથી તેને નોટીસ મોકલવાની જરૂર નોહોતી; કારણ કે જંગબારથી લખાઇ આવ્યું હતું કે તે અસનાસરીછે જસબાઇનો ધણી હીન્દુસ્તાનમાં આવ્યો નહોતો એટલે કાગળ કયાંથી આવે. નુરબાઇનો કેસ ચાલ્યા પહેલાં કાગળ આવ્યો હતો કે કેમ તે તારીખ જોએ ખબર પડે મોઢે યાદ નથી. કેસમાં સાક્ષી લેવાની જરૂર ન હતી, કેમકે જંગબાર કાઉન્સીલનો કાગળ આવી ગયો હતો કે તે અસનાસરી છે.

અસનાસરી ને ઇસમાઇલીમાં શું ફેર તે નુરબાઇ જાણે છે કે કેમ તે તેને જ્ઞાન હશે તો જાણતી હશે હું કેમ કહી શકું ?

નુરબાઇએ કહ્યું હતું કે, મારો ધણી અસનાસરી થઇ ગયો છે અસનાસરીને ઇસમાઇલીમાં શુ ફેર તે મેં નુરબાઇને પુછયું નહોતું. નુરબાઇ પોતે ને તેનો બાપ બન્ને આવ્યાં હતાં. નુરબાઇની અરજી દાખલ થઇ ત્યારે તેનાપર વારંટ પોરબંદરમાં આવ્યું હતું કે કેમ તે મારા જાણવામાં નથી. તે પોરબંદરમાં આવ્યાં હતાં ને ચાલ્યા ગયાં. નુરબાઇ કેટલો વખત રોકાણી તે ખબર નથી. તે અરજી આપીને ચાલી ગઇ.

નુરબાઇનાં કેસ માટે સ્પેસીયલ કાઉન્સીલ ભરી હતી કે રેગ્યુલર કાઉન્સીલ ભરી હતી તે યાદ નથી તા. ૧ લીને ૧૬ મીયે રેગ્યુલર કાઉન્સીલ ભરાય છે. નુરબાઇની જુબાની લીધી હશે તો કેસમાં હશે. મોઢે યાદ નથી. કાગળો જોઇને કહું છું કે, નુરબાઇની જુબાની તેમાં નથી. નુરબાઇની અરજી આવી તે વખતે એકલો હતો. ફેસલો બધા મેમ્બરોએ ભેગા થઇને કર્યો છે. ફેસલો લખાણો તે વખતે નુરબાઇ હાજર હોતી તેની હાજરીની જરૂર નહીં નુરબાઇની અરજી પહેલાં જંગબારનો કાગળ આવેલ કે કેમ તે મોઢે યાદ નથી. જંગબાર કાંઉસીલનો કાગળ કેસમાં નથી ઠરાવ મેં લખ્યો નથી. શિરેસ્તેદારનો લખેલ છે. અમે જેમ કહીએ તેમ તે લખે જંગબાર કાંઉનસીલનો કાગલ આવ્યા બાબતનો નોંધ ઠરાવમાં નથી કેસનાં કાગળો જોઇને કહું છું કે જંગબારનો કાગલ ઠરાવ થયાં પહેલાં આવ્યો હતો. રાણાવાવના અમારા ઉપરનાં કાગળો જોઇને કહું છું કે જંગબારનો કાગળ પહેલો આવ્યો હતો. રાણાવાવ અમારા તાબામાં, જંગબારનો કાગલ પ્રથમ વારસ હબીબભાઇ માથે આવે ને ત્યાંથી અમારાપર જાવકો આવે વારસ હબીબ શેઠ તરફથી અમારાપર જાવક આવ્યો છે. વારસે ખબર આપ્યા તે કાગળ કેસની ફાઇલમાં નથી. એ કાગળનો હેવાલ ઠરાવમાં નથી. અસનાસરી છે એમ ચોકસ થઇગયું છે એટલે ઠરાવમાં કાગળનો હેવાલ લેવા જરૂર નથી. અસનાસરી હોવાની ખાત્રી થાવી જોઇએ. નુરબાઇના છુટાછેડા કર્યાની નોટીસ કાસમને આપી નથી. કારણ કે આપવાની જરૂરજ રહી નહીં તે ઇસ્માઇલી મટીગયા એટલે પછી તેની સાથે લખાણ પઠાણ હોય નહીં. નુરબાઇના દાગીનાં સબંધમાં હું કાંઇ જાણું નહીં. દાગીનાનું ઠરાવમાં કાંઇ નથી મને યાદ નથી હોયતો ઠરાવ જોયે ખબર પડે. મરદ અસનાસરી થાય તો દાગીના બાઇને અર્પણ થઇ જાય એવો હવે અમારો રિવાજ છે એમ એક વર્ષથી લેસબંધેનુ એગ્રીમેન્ટ કર્યું છે. કાસમના લગ્ન થયે કેટલાં વર્ષ થયાં હશે તે યાદ નથી. ધારા ધોરણ અસલ હતાં કાયદા બે વર્ષથી લેખીત છપાણાં છે કાયદા આગાસાહેબનાં ફરમાનથી લખાયા છે કોણે લખ્યા છે તે ખબર નથી (તેનુ અંગ્રેજી કરાવી પોતે વાંચી સાહેબે મંજુર કર્યાં છે. પોતાથી) તે કાયદામાં આગાસાહેબે સહી કરી છે કે કેમ તેની મને ખબર નથી નુરબાઇ પોરબંદરમાં આવી હતી તે મારા સિવાય બીજું કોઇ જાણે છે. કે કેમ તેની મને શું ખબર પડે. નથુ ખમીસાએ તલાક આપ્યા પછી બાયડીને પોતાની સાથે રાખી નથી પણ બે વર્સ ખર્ચ આપી પછી સમજુત કરી ત્યારે છેડા છુટા કર્યા. નથુ ખમીસાએ વારસને કાગળ લખ્યો હતો. તેણે મને વંચાવ્યો હતો તે પરથી કહું છું. નથુ ખમીસાએ પોતાની ઓરતને કાઢી મુકીને માવતર મોકલી દીધી ને તેને પારકાનું હમલ રહી- ગયું છે માટે તલાક આપું છું એમ વારસને લખી મોકલ્યું હતું.

નથુ પ્રેમજી જ્યારે અસનાસરી નહોતા ત્યારે મારે તેની સાથે પાકી દોસ્તી હતી.

અસનાસરી થયા પછી મારી સાથે તે બેસતા ઉઠતા નથી હું તેને ત્યાં જમતો નથી. મારે ત્યાં તે જમવા

 થી અસનાઅશરી થયાપછી મારે ત્યાં લગ્ન થયા હતા. નથુ પ્રેમજીએ વધાવું મોકલ્યું નહોતું ને મેં મીઠાઇ મોકલી નહોતી. અમારામાં લગ્ન વખતે નીકા પડાવવામાં આવે છે. નીકા અસલથી પડાવતા આવતા હશે તે પ્રમાણે પડાવતા. મુસલમાની નીકા પડાવતા હશે કે કેમ તે જાણતો નથી. હશે કે કેમ તે હું જાણતો નથી. કઇ ભાષામા પડાવે છે તે હું જાણતો નથી. નીકા પડાવતી વખતે ઓરત તરફથી એક વકીલને મરદ તરફથી એક સાહેદ નકી કરવામાં આવે છે. મહેર શું તે હું જાણતો નથી નીકા વખતે મોહર ઠરે છે. નીકા પડવાની રીત કોણે લખેલી છે તે મને ખબર નથી. મોહોર એટલે ઓરત સાથે નીકા પડે ત્યારે તેને રાજી કરવા માટે દાગીના ઘડાવી આપે તે, પોરબંદર તાબામાં તલાક આપ્યાનો એક નથુ ખમીસાનો દાખલો બન્યોછે. અમારા નીકા મુની કાજી પડાવતા હોવાનું મારા જાણુવામાં નથી મારી સાંભરણુ મુજબ ખોજાઓ નીકા પડાવે છે. પોરબંદરના અસનાસરીનાં બે ખોરડા સિવાય બીજા અસનાસરીને હું ઓળખતો નથી. કોઇ ખોજો અસનાસરી થઇ જાય ને કાઉનસીલ છુટા છેડા કરે તેવો કોઇ કેસ કોર્ટમાં ગયાનું મારા જાણુવામાં નથી. ને તેમ બને પણુ નહીં અશનાસરી થઇ જવાથી કાઉનસીલે છુટા છેડા કર્યાનાં બે દાખલા મારા જાણુવામાં છે તે મેં ઉપરમાં બતાવ્યા છે ઇ-સમાઇલી સિવાય આગાસાહેબને બીજા મુરીદો છે કે કેમ તેની મને ખબર નથી. હશે. ગઢડા ને મહુવા મેં જોયેલ નથી. પોરબંદર ડિસ્ટ્રીકટમાં સ્વામી પંથ ખોજા નથી. કાઉન્સીલમાં કેસો જોયાને ઠરાવ કર્યા તે સીવાય બીજા કેસો આગલ અમારા પાસે કામ નહોતું. કાઉનસીલ સ્થાપ્યાપહેલાં લોકો પરબારા વારસ પાસે જતા. બે વર્સથી હું એ બાબતનું કામ કરૂં છું તે પહેલાનાં દાખલાની મને ખબર નથી. તા. ૨-૨-૧૫

વાદી વકીલ ઉલટ ચાલુ

ઠરાવ લખવાનું ધોરણુ મારી સાંભરણુથીછે. ઠરાવનો ચુકાદો મીટીંગ ભેગી થઇને તેજ ટાણે કર્યો, હતો મેં કેટલા ઠરાવ લખ્યા હશે તે ગણુતી રાખી નથી મારે હાથે લખાણો હશે પણુ તે મને યાદ નથી. આગા સાહેબે ફરમાન કર્યુંકે કાયદા બાંધવા એટલે મોટા મોટા માણુસોયે ભેળા થઇને કાયદા બાંધ્યા. આગા સાહેબે મંજુર કર્યા એટલે તે પ્રસિધ કરવામાં આવ્યા કાયદા ઘડવા બાબતમાં મને પુછ્યું હતું. નાતને પુછી લીધું અને નાતે કહ્યું હતું કે, આગા સાહેબે ઇંગ્રેજી કર્યાછે તે મુજબ ગુજરાતી કરો, અમારે મંજુર છે દરેક ગામની જમાતના લેખીત અભિપ્રાય માંગ્યા નહોતા. રૂબરૂ પુછવામા આવ્યું હતું. કયા ગામમાં કાયદા લખવામાં આવ્યા હતા તે મને ખબર નથી કાયદા ઘડાણુા તે પહેલાં કાયમી ધારા ધોરણુ ચાલતા તે રિકાર્ડમાં છે પણુ લેખીત બેવર્સથી થયાછે.

સાહેબે પસંદ કરીને બાહાર પાડયા છે સાહેબે સુધારો વધારો કર્યો હોયતો તેને ખબર. કાયદા છે તે જમાતના કામકાજ ને લગતા છે ધર્મને લગતા નથી. અમારા ધર્મનો પીરસદરદીને નકી કર્યો તે ઇતીહાસછે. બીજો ઇતીહાસ જાણ્યામાં નથી. અમારા કામ પુરતો ઇતીહાસ અમે જાણીએ. ત્રણુ વખ્ત ખાને જવું. બદંગી કરવીને કર ભરવા એટલું જાણું. અમારા કાયદા હીંન્દુ ધર્મ પ્રમાણે લખાણુા કે મુસલમાન ધર્મ પ્રમાણે તે હું કહી શકતો નથી. અમારો ધર્મ એલાયદો છે. અમે મુસલમીનતો ખરા. અમારા કાયદા ને કુરાનમાં મદભેદ છે કે કેમ તેનો હું વાકેફ નથી ખોજા ધર્મ કેટલા વરસથી ચાલુ થયો તે મને ખબર નથી. વારસ મારી સાંભરણુથી નીમાતા આવેછે તેની અગાઉ શું હતું તે કહી શકું નહીં અમારામાં હજ પડવા જવાનું ફરજીયાત નથી. વખ્તે કોઇ જાય. અસનાસરી પૈકી કેટલાક સાથે વાત કરી શકીયે અને કેટલાક સાથે કરી શકતા નથી. જે ખોજા પ્રથમ ઇસમાઇલી હતા ને પાછલથી અસનાસરી થઇ ગયા તેની સાથે વાત ન કરીયે. બાકીનાની સાથે વાત કરીયે. મને અંગ્રેજી આવડતું નથી.

"સીસીડર" એ શબ્દ કાયદામાં લખ્યો છે તે મેં વાંચ્યો છે મુલથીજ અસનાસરી હોય તેની સાથે બોલવામાં વાંધો નહીં. તેવા અસનાસરી સાથે જમાય નહીં. અસનાસરી સીવાયનાં તમામ મુસલમાનો સાથ જમવામાં વાંધો નથી. અસનાસરી સાથે જમવું નહીં એમ કાયદામાં લખ્યું છે "સીસીડર" થયા તેની સાથે વાત ન કરવી એમ કાયદામાં છે અસનાઅસરી મોગલ સાથે અમે જમીયે છીએ. ખોજા સીવાયના અસનાઅસરી સાથે અમે વાત પણુ કરીયે ને જમીયે. અસનાસરી સાથે વાત કરીયે પણુ જમીયે નહીં એમ મેં લખાવ્યું નથી. ફરીથી કહું છું કે પચીસ પચાસ સો વરસ થઇ ગયાં હોય એવો કોઇ અસનાઅસરી હોય તો અમે તેની સાથે જમીયે નહીં, પણુ વાત કરીયે. એવા અસનાઅશરી મારા જાણુવામાં નથી. કોઇ ખોજા અસનાઅશરી સાથે હું સબંધ રાખતો નથી. અમારા કાયદામાં મનાઇ છે. આગા સાહેબની મનાઇ નથી. આગા

સાહેબ અસનાઅશરી ખોજા સાથે બોલે છે કે કેમ તે હું શું જાણું. અસનાઅશરી ખોજા સાથે કાઠીયાવાડમાં વેપાર કરવાની છુટ હું માનતો નથી. અમારી દુકાને કોઇ અસનાઅશરી માલ લેવા આવે તો ચુપ ચુપ આપી દેવો જોઇએ. વેપાર કરવાની કાયદામાં મનાઇ પણ નથી, તેમ છુટ પણ નથી. અમારા કાયદાનાં પુસ્તકો બરાબર મેં વાંચ્યા નથી. બધાં વાંચવાનો વખત કયાંથી મલે. ખોજા સિવાય મારા જાણવામાં મોગલ જાતનાં અસનાસરી હોય છે.

આગા સાહેબ કયો ધર્મ પાળે છે તેની મને ખબર નથી. ઇસમાઇલીને અસનાઅશરી સીવાયના બીજા કોઇ ખોજા નથી.

મારો દીકરો કાસમ ત્રણ ચાર વરસથી આફ્રીકામાં છે. તેની ઓરતનાં છુટા છેડા કઇ સાલમાં કરી આપ્યા તે મને યાદ નથી. છુટા છેડા કરી આપ્યા છે તે બાઇ સારી ચાલની નહીં હતી તે કારણથી કરી આપ્યા છે. છુટા છેડા વારસ હબીબભાઇ કે કાસમ ભાઇએ કરી આપ્યા. ચોકસ યાદ નથી અરજી મેં મોકલાવી હતી કે બાઇનાં માવતરે મોકલાવી તે યાદ નથી. અરજીમાં અમારે બે ને ભડે એમ નથી એમ લખ્યું હતું. છુટા છેડા કરતી વખત દંડ કર્યો છે. મારા દીકરાનો રૂા. ૧૫) પંદર દંડ કર્યો હતો. માવતર બેઠા હોય ત્યાં સુધી દીકરાની અરજીની જરૂર નહીં, માટે મારા દીકરાએ અરજી કરી નહોતી. તા. ૨-૨-૧૫ બપોરે- ૩ા બજે

ફરી પ્રતિજ્ઞા આપી.

વાદી વકીલની ઉલટ ચાલુ. છુટા છેડા કરવા બાબતમાં વારસ સાહેબ તરફથી મારા દીકરાને કાંઇ પુછવામાં આવ્યું નહોતું. વડીલ બેઠા હોય ત્યાં સુધી છોકરાને પુછવાની જરૂર નહીં. ધણી ધણીયાણીની ગેરહાજરીમાં પણ તેનાં સગાઓની અરજ પરથી જરૂર પડેતો છુટા છેડા થઇ શકે. જેના વડીલ બેઠાં હોય તેને પુછવાની જરૂર નથી. કદાચ પાછળથી કોઇ આવીને ના પાડેતો વડીલ ખમે. મારા છોકરાની વહુનો કાંઇ દંડ થયો નહોતો. અમે કાઢી મુકી એટલે અમારો દંડ થયો. તેને નીકલી જવું હોયતો તે દંડ આપે. બાઇનાં બાપે અરજી આપી કે મેં આપી તે ચોકસ યાદ નથી. બાઇનાં બાપે અરજી આપી હોય તો પણ જેનો વાંક હોય તેનો દંડ થાય. અરજી અમે કાઢી મુકયા પછીજ આપી હશે દાગીનાં છોકરાની વહુ પાસે કાંઇક રહી ગયા છે. વારસ સાહેબનું કહેવું એમ થયું કે તમને હવે એટલા દાગીનાં અપાવશું નહીં એટલે પછી બોલાય નહીં. કાઉનસીલના કામની ડાયરીબુક છ માસીક વારસ સાહેબ પાસે જાય છે. નુરબાઇનાં કેસની ડાયરી મોકલાઇ ગઇછે કે કેમ તે રીકાર્ડ જોયા વિના કહી શકું નહીં. પોરબંદરનું રેકર્ડ અંહી મારી પાસે નથી. પોરબંદર છે. કેસો જે ચુકાવીયે તેનાં ખબર છ માસીક ડાયરીમાં આપીયે આ કેસનાં ખબર આપેલા છે કે કેમ તે રીકાર્ડ જોયા વિનાં કહી શકાય નહીં વારસ સાહેબ તરફ ખબર આપ્યા બાબતની કેસમાં નોંધ નથી. તેમ કેસમાં નોંધ થતો નથી. કાનજી કુરજીની નોટીસ હું લાવ્યો છું મરણની ક્રીયા કરતી વખતે જનાજા પર નીમાજ પડવામાં આવતી નથી, પણ અમારી ઇસમાઇલી ક્રીયા થાય છે એ ક્રીયાને અમે મરણ ક્રીયા કહીયે છીએ નીમાજ કહેતા નથી.

પોરબંદર વાલા હાજી આમદદેવજીને હું ઓલખું તે અમારામાં મોટા માણસ કહેવાય છે. તે કરબલ્લા જઇ આવ્યા છે. તે જારત કરી આવ્યા ત્યારે અમે તેને બંદરે લેવા ગયા નહોતા.

જારતની ખુસાલીમાં તેણે પોરબંદરમાં ખાણું આપ્યું હતું. તે ફરજીયાત નથી. પોતાનાં ધર્મને વાસ્તે કરે છે. જમાતમાં વાસણો બક્ષિસ તરીકે આપ્યાં છે. લાણું કર્યું નથી. અમે મોહોરમને માનતા નથી મોહોરમની બારમી તારીખે હાજી આમદ દેવજી તરફ ખાણું પોરબંદરમાં આપવામાં આવતું નથી. જારતનું ખાણું આપવામાં આવે છે. હાજી આમદ તરફથી મોહરમના તાજીયા પછવાડે શરબતની ગાડી ફેરવવામાં આવેછે. સરબત વહેચેછે. અમે તો ખાનામાં સરબત હોય તે પીયે છીએ બીજે પીતા નથી. ઇસમાઇલી ખોજાઓ એ સરબત ન પીયે. હાજી આમદ દેવજી મક્કે હજ પડી આવ્યા છે. કરબલે જઇ આવ્યા ત્યારે પોરબંદરમાં તેને જમાત તરફથી પાઘડી આપવામાં આવી નથી. મુંબઇનાં રહીશ છે. નથુ પ્રેમજી કઇ સાલમાં અસનાસરી થયા છે તે ખબર નથી. તે અસનાસરી થયા પછી મારે તેની સાથે દોસ્તી તુટી ગઇ. હાજી ઇસમાઇલ ઝવેરીયે પોરબંદરમાં પાર્ટી આપી હતી.

આમંત્રણનાં સરકયુલરમાં નથુ પ્રેમજીની સઇ હતી બીજા ઘણાઓની સઇ હતી સરકયુલર મોકલનાર તરીકે નથુ પ્રેમજી નું નામ મારા વાંચવામાં આવ્યું નહીં હતું. આમંત્રણ પત્રીકામાં મેં સહી કરી હતી. પાર્ટીમાં ગયો હતો. નથુ પ્રેમજી પણ હતા તેની સાથે બેસીને એક રકાબીમાં ખાધું નહોતું. એ વખતે ત્યાં બીજા અસનાશરીઓ હોય તો મને ખબર નથી. કોઇ અસનાઅસરીએ પાર્ટી આપી હોય ને તેમાં હું ગયો હોઉં એમ બન્યું નથી.

નથુ પ્રેમજી મારે ત્યાં પાંચ છ વરસથી આવ્યા નથી અને કોઈ કારણુસર હું તેને ત્યાં ગયો નથી.

ઇસ્માલ પ્રેમજી જંગબારથી આવ્યો હતો તે પાસ લાવ્યો નહોતો પણ આગાખાનનો કરભાર તેણે આંહી આપેલ. આંહી કરભાર આપે તો અમે તે જે કાઊંસીલ નીચે રહેતો હોય તેને લખી મોકલીયેકે આંહી કરભાર આપ્યો છે. એટલે અમે દાખલ કર્યો છે વાસ્તે તમે પણ દાખલ કરો. ૨૧ મો રોજો અમે રાખતા નથી. કાનજી કુરજી વાદીનો બાપ તેના ગામનો કામડીયો હતો તેને નાત બાહાર કરવાથી તે અસનાસરી થયો. તેણે તેનાં છોકરાની સાથે ખાધું તેથી તેને નાત બહાર કર્યો હતો.

રાણાવાવ વાળા નુરા જમાલને ઓળખું છું તે હાલ અસનાશરી છે તેની ઓરતને બચ્ચાં ઇસ્માઇલી છે. સાથે રહેતાં નથી કાંઇ સંબધ રાખતાં નથી. કામી આવીને કાંઇ આપી જાય તો તે જુદો જમે ને આ જુદો જમે. મકાન જૂદાં છે. નુરા જમાલને આ સિવાય બીજી ઓરત નથી.

અસનાસરી નુરા જમાલ તેની સ્ત્રી સાથે સ્ત્રી પુરૂષનો સંબધ રાખતો નથી. નુરા જમાલને અસનારી થયે ત્રણ વર્ષ ઊપરાંત થઇ ગયું છે ચોકસ તારીખ યાદ નથી. જો સ્ત્રી પુરૂષનો તે સબંધ રાખતાં હોય તો રાણાવાવની જમાતનો અમને કાગળ આવ્યા વિના રહે નહીં અને તે નથી આવ્યો તે પરથી કહું છું કે તેવો સબંધ રાખતા નથી ખાનગી જાસુસો પણ હોય.

અમારા દુવામાં " બિસિમલ્લા રહેમાન " આવતું નથી જમાલ ગોવાનો દાખલો મારી જાત માહીતીનો છે.

પ્રતિવાદીની ફેર—ઇસ્માઇલીઓ બધા અમારા સુજબ વર્તે છે એમ ઉપર કહ્યું છે તે ખોજા ઇસમાઇલી. મુરતજા અલીને ખુદા તરીકે માનીએ છીએ તે એવી રીતે કે તેમાં ખુદાનો અંશ છે " યા નુર છે " " યા સ્વરૂપ છે " મુરતજા અલીને ખુદાના નુર, અંશ યા સ્વરૂપ તરીકે માનવા પીર સદરદીને કહ્યું છે. પીર સદરદીને પોતાના જ્ઞાનમાં કહેલું છે.

અમારા ધર્મનો આધાર પીર સદરદીનના જ્ઞાન પર છે. દસ અવતારની માન્યતા મુસલમાનની છે એમ મેં કહ્યું છે તે મુસલમાન ઇસમાઇલી ખોજા. જંગબાર કાઊનસીલનો વાદી સબંધમાં આવેલ કાગળ બારસ સાહેબનાં રેકર્ડમાં છે આગા સાહેબનું કાયદા કરવા સબંધી ફરમાન વીરપોર મુકામે થયું હતું કાયદા કરવા માટે કમીટી કરી આપી હતી ને તે કમીટીના તાબામાં જે જે ગામો હતાં તેના કામડીયાઓને તે કમીટીયે પુછયું હતું. તે કાયદાની ચોપડીઓ બધા ગામમાં મોકલવામાં આવી છે. ચોપડીઓ મોકલાયા પછી કોઇ પણ ઇસમાઇલી ખોજાએ તે કાયદા સામે વાંધો લીધો નથી.

હું ઇસમાઇલી ધર્મનો મુસલમાન છું. કરબલ્લે જવું એ ફરજીયાત નથી. રોજા રાખવા એ મરજીની વાત છે ફરજીયાત નથી. નુરા જમાલ અસનાસરી થયા પછે તેની ઓરતને કાંઇ છોકરૂં થયું નથી.

આમંત્રણ પત્રીકા લઇને ઇસમાઇલ ઝવેરીનું માણસ આવ્યું હતું.

અમારા કાયદાનો કોઇ ભંગ કરે તો ગમે તે ઇસમાઇલી ફરીયાદ કરી શકે તા. ૨-૨--૧૫

કેસોદ વાળા ખોજા કાસમ શવજીની જુબાની.

પ્રતિવાદી વકીલની તપાસમાં.

કેસોદ કાઉંનસીલ ચેરમેન તરીકે હાલ કામ કચરા પ્રેમજી કરે છે તે પહેલાં હું કામ કરતો. ચેરમેન દર વરસે બદલાય છે. હું ઇસમાઇલી ધર્મ પાળું છું. મારા બાપ દાદાના વખતથી તે ધર્મ પાળું છું હીંદુમાંથી ખોજા પીર સદરદીને બનાવેલ છે. તેઓ પોતે ઇસમાઇલી ધર્મના હતા. અમે હાજર ઇમામને માનીએ છીએ. અને હાલ તે નામદાર આગાખાન સાહેબછે. તે અડતાલીસમા ઇમામ છે. અમારા પહેલા ઇમામ હજરત મોલા અલીશાહ થયા. ઇસમાઇલી ખોજા હાજર ઇમામની ગાદી ચાલી આવે તેમ માને છે, અને તે ગાદી રોજે કીયામત સુધી ચાલશે એમ માને છે. અમે ધર્મ કીયા અમારા ખાનામાં કરીયે છીએ. દીવસમાં ૩ વખત કરીયે છીએ એક વખત સાંજરે, એક વખત રાત્રે ને એક વખત પરોઢીયે, ધર્મ કીયામાં અમે દુવા પઢીએ છીએ દુવાની અંદર ૧૦ અવતાર હીન્દુ જે માને છે, તે છે. ને ૧૦ મો અવતાર અલી મુરતજાને છે. અમારામાં દસ અવતારનું પુસ્તક પીર સદરદીને બનાવેલ છે. ચોરાસી લાખ પૃથ્વીમાં ફરવું પડે છે એમ અમે માનીયે છીએ. અમે હાજર ઇમામનો કરભાર આપીયે છીએ. અમને સવાબ થાય ને જીવને મુક્તી થાય તેટલા માટે આપીએ છીએ. અસનાસરી લોકો ઇમામ મુસા કાસ

થી જુદા પડે છે. જાફર સાદકને બે દીકરા તેમાં અમે શાહ ઇસ્માલને ઇમામ માન્યા. ને અસનાસરી લોકો હાજર ઇમામને માનતા નથી. તેઓ દસ અવતારને માનતા નથી પીર સદરદીનના જ્ઞાનને માનતા નથી. ધુવાને માનતા નથી, કે પઢતા નથી. અસનાસરી લોકો ૧૨ ઇમામને માને છે અને બારમા ઇમામ ગેબ છે એમ કહે છે, એમ સાંભળ્યું છે. અસનાસરી લોકો પોતાની ધર્મ ક્રીયા મસીદમાં કરતા હશે. અમારામાં સગપણનો નોંધ થાયછે. સગપણનો નોંધ ન થયો હોય તો તે કબુલ રાખતા નથી. સગપણ પક્ષકારો થયા પછી પોતાથી તોડી શકે નહીં. કાઉનસીલ તથા વારસ સાહેબ પાસે જાય ને તેને યોગ્યલાગે તો પરવાનગી આપે. સગપણ તેવી પરવાનગીથી તોડયાનો એક દાખલો અમારા જાણમાં બન્યો છે. માધવપુરનાં ખોજા વીરજી દામા જમાતનું સગપણ વેરાવળના ખોજા ગુલામ હુંસેન વલીની દીકરી વેરેથયું હતું. તેઓ બંન્ને ઉમર લાયક થયા તે પછી વરે પોતે સસરાને કાગળ લખ્યો કે, મારે ભણવું છે ને પરણવું નથી માટે મારો બાપ આવે તો લગ્ન ન આપવા પછી. ગુલામ હુસેન અમારી પાસે કેસોદ કાઉનસીલ પાસે આવ્યો ને વાત કરી. અમે કહ્યું સગપણ એમ ન ત્રુટે. અમે સાદી કરવા માટે જમાઇને નોટીસ કરીને તેના બાપને નોટીસ કરી નોટીસ કરતાં જવાબ ન દીધો ત્યારે કાઉનસીલે રજા સગપણ તોડવા કન્યા વાલા ઉંપરની હતી તેથી યોગ્ય જણાતાં દીધી, તે બાઇ આફ્રીકામાં પરણી છે. એક બાઇડી ઉપરાંત બીજી બાઇડી કરવી હોય તો કૌંસીલને વારસની પરવાનગી મેળવવી જોઇએ. પરવાનગી સીવાઇ કોઇ લાવેતો નાત બાહાર થાય. અમારામાં તલાક આપીશકાય નહીં. તલાક દેવી હોયતો છુટા છેડા કરવા હોય તો જેને કરવા હોય તેણે કાઉનસીલ કે વારસને અરજ કરવી જોઇએ, ને જો તે રજા આપે તો થાય, નહીં તો તે ન થાય. પરબારા કોઇ છુટા છેડા કરેતો નાત બાહાર થાય. ખોજામાં કેટલાક અસનાસરી થયા છે ૧૦-૧૨ વરસથી થયા છે. અસનાસરી કોઇ ખોજો થાયે તો અમે તેની સાથે વહેવાર બંધ કરીયે છીએ. ને નાત બાહાર કરીછીએ. ઇસ્માઇલી તેની બાઇડી હોય ને તેની સાથે જાય તો તેને પણ નાત બાહાર કરીએ છીએ ધર્મ બદલ્યો તેથી નાત બાહાર કરીએ છીએ. સગપણ વખતે બંન્ને ઇસમાઇલી હોય ને તે પછી કોઇ ધર્મ બદલે તો તે સગપણ ત્રુટે છે. પરણ્યા પછી તેમ બને અને ઓરત ધણી સાથે જવા ન માંગતી હોય તો લગ્ન રદ થાય. તેવા દાખલા બન્યાનું જાણુંછું. માંગરોલના વેલજી દામાની છોકરી ફુલબાઇ સુપેડીમાં ઇસમાલ જુમાના ભાઇ કરીમને આપી હતી. કરીમ અસનાસરી થવાથી ફુલબાઇનું લગ્ન વારસ સાહેબની પરવાનગીથી તુટયું હતું. કાસમ શેઠ વારસ હતા ત્યારે તુટયું હતું. કેટલા વરસ થયા તે યાદ નથી. મારી માસીનાં દીકરા નુરમામદ સુલેમાન હાજી કામડીયાની દીકરી વેરે પરણ્યો છે, તે બાઇ પેલાં જેને વેર પરણી હતી તે માણસ અસનાસરી થઇ જવાથી તે લગ્ન તુટયું હતું. કોની મંજુરીથી તે ખબર નથી. વારસ કે કાઉનસીલની મંજુરી હશે.

વા. વ. ની ઉલટ તપાસમાં

અમે ઇસમાઇલી શીયા છીએ. ઇસમાઇલીને અસનાસરી તે બન્ને શીયા ધર્મનાં ફાંટા છે. અમે કુરાનને માનતા નથી. મહમદ પેગંબરને અમે માનીયે છીએ. અમારા ધર્મના પુસ્તકોનો અમે અભ્યાસ કર્યો નથી. અમે ભગત લોકો તે કહે તે સાંભલીયે છીએ. ભગત લોકો મોઢેથી બોલે કે ચોપડીમાંથી બોલે. ચોપડીની વાત આવડતી નથી. અમારા ધર્મનો ઇતીહાસ લખેલ છે કે કેમ તેની મને ખબર નથી. મહમદ પેગમ્બરને ગુરૂ તરીકે માનીએ છીએ ને આગાખાનને ઇમામ તરીકે માનીયે છીએ. આગાખાનમાં ખુદાનો અંશ છે. એટલે તેને, ને ખુદાને એકજ માનીયે છીએ. મનુષ્યને મારવા જીવાડવાની શકતી ખુદામાં છે. તેવી શકતી આગાખાનમાં છે કે કેમ તે હું કહી શકતો નથી. બ્રમ્હાને મહમદ પેગમ્બરને અમે ગુરૂ કહીએ છીએ, તેમાં ફેર નથી. માણસ જુદા જુદા તે ખરા. બ્રમ્હા સત જુગમાં હતા. અમારા ખાનામાં કુરાનજ નથી. પીર સાહેબનું જ્ઞાન અમારૂં પુસ્તક છે. સ્વામી પંથમાં કોઇ ખોજા હશે અમારે તેમની સાથે વહેવાર નહીં અમે નીમાજ પઢતા નથી, હજ પડવા જતા નથી, ખોજામાંના અમારા કોઇ હાજીના નામથી લખાયાનું હું જાણતો નથી. હાજી આમદ દેવજી ને ઓળખતો નથી હાજી હજ પડે તે તો કહે. હજ ક્યાં પઢવા જવું તે ખબર નથી. અમારે તો હાજર ઇમામમાં હજ પુરી છે. દરેક પ્રસંગે આગાખાન સાહેબને કર દેવો પડે છે. અસનાસરી આપતા નથી. અસનાસરી કેટલા ખોજા થયા છે તે ખબર નથી. જામનગરની બાઇનું નામ ખતીજાં છે. લાલજીએ કહ્યું હતું કે અસનાસરીમાં તે બાઇ હતી તેનું લખ્યું હતું. ખતીજાનાં અ-

realpatidar.com

 ...મા ધણીએ વાંધો લીધો હતો કે કેમ તે હું જાણતો નથી. કુલબાઇના અસનાશરી વાલા ધણીએ વાંધો લીધો નહીં. કરીમ જુમા અત્યારે ઇસ્માઇલી છે કે અસનાશરી તેની ખબર નથી અમે તહેવારનાં દીવસોને માનતા નથી કે નીમાજ પઢવા સારૂ મસીદમાં જતા નથી એક પર બીજી બાયડી કરે ત્યારે પીર સાહેબને ગુન્હેગારી આપવી પડે. મૈયતના જનાઝા ઉપર નીમાઝ પઢાવતા નથી. ઇસમાઇલી રીવાજ પ્રમાણે ક્રીયા કરીયે છીએ. મૈયતને દાટવા લઇ જઇએ ત્યારે કલમો પઢીએ છીએ, તે નીચે પ્રમાણે પઢીએ છીએ.

॥ લાઇલા ઇલઅલ્લાહ મહમદ રસુલીઇલ્લા હક અમીરઉલ મોમનીન અલીસો અલ્લાહ ॥

આ કલમામાં મુસલમાનના કલમા કરતાં અલીસો અલ્લાહ તેટલો કલમો અમારો ઇસમાઇલીનો વધારો છે. અમારા પ્રગણામાં અસનાશરી નથી. બીજા મુસલમાનો સાથે અમારે ભાણાં વહેવાર છે. ખોજા સીયાના અસલના અસનાશરી હોય તેમને મુસલમાન ગણી મુસલમાન સાથે જેવો ભાણાં વહેવાર છે, તેવો કરીએ. અમારા આગા સાહેબ ઇસમાઇલી છે. આગા સાહેબ ખુદાને માને છે કે કેમ તે સબંધે તેને પુછો. લેડી અલીશાહ કયો ધર્મ પાળેછે તેની મને ખબર નથી.

પોરબંદરની ઇસમાઇલીઆ કાઉન્સીલના દફતરના ઠરાવોની નકલો સાક્ષી ડાયા લલ્લુએ રજુ કરી તેની નકલો

(નકલ પહેલી)

શ્રી પોરબંદર શીયા ઇ. ઇસમાઇલીઆ સબ ડીવીઝન કાઉન્સીલ કેસ.

ના. $\frac{3}{13}$

બાઇ જસબાઇ વેરસી કુરજી રે. રાવલ હાલ પોરબંદર } ફરીયાદી

વિરૂધ્ધ.

નાનજી જીવા. રે. રાવલ } જવાબદાર.

જવાબદાર પાસેથી ખોરાકી પોસાકી તથા જવાબદાર બીજો મજહબ વાળતો હોવાથી તે દીન છોડી દઇ ઇસમાઇલી કાયદા અનુસાર ઇસમાઇલી પાસ લઇ આવી ઉપલી બાબતનો બંદોબસ્ત કરી આપવા બા.

ઉપરનાં ફરીયાદીએ અત્રેની કાઉન્સીલમાં લેખીતવાર અરજી તા. ૧૬–૩–૧૩ નારોજ કરી કે, મારો વીવા ઉપરનાં જવાબદાર સાથે આજ લગભગ વરસ ૧૦ નાં આશરે થયોછે; પરંતુ તે થોડો વખત રહી આફ્રીકામાં ગયો. ત્યાર બાદ હું આફ્રીકામાં જંગબાર ગઈ. ત્યાં મારા સાંભલવામાં આવ્યું જે, મારે પતી ઇસનાસરી મજહબ પાળે છે જેથી મેં જંગબાર કાઉનસીલમાં વીગેરે હકીકત વારની અરજી કરેલ છે. જે ઉપરથી મારા પતીને જમાત મારફત બોલાવી ઇસમાઇલીયા કાયદા મુજબ વરતવાનું કાઉનસીલે ફરજ પાડી. તે પરથમ જવાબદારે કબુલ કર્યું પરંતુ પાછલથી બ્રીટીશ કોરટમાં ફરીયાદી મારા ઉપર કરતાં અદાલતમાં એવો હુકમ થયો છે કે, ઇસમાઇલીઆ કાયદા અનુસાર જવાબદારે વરતવું, તેમજ જે ગામમાં નીકા થયા હોય ત્યાં અરજદારે ફરીયાદ કરવી. એવા પ્રકારની અરજી લખી આપી; આમાં સામેલ છે.

ભાયાવદરની કાઉન્સીલ જા. ના. $\frac{39}{69}$ તા. ૧૮–૨–૧૩ ના લખાણથી જંગબાર કાઉનસીલનો લખી મોકલેલો કાગલ ભાયાવદર કાઉન્સીલ ઉપરનો તે કાગલ અત્રે આવ્યો આમાં સામીલ છે

સામાવાલા નાનજી જીવાને તા. ૧૬–૫–૧૩ ના રોજ લખીતવાર નોટીસ કરી કે, તમો તમારી ઓરતને આજ લગભગ વરસ ૬ થયા મુકીને ચાલ્યા ગયા છો; માટે આ નોટીસ પોતાથી માસ બે ની અંદર ખોરાકી પોશાકીનો બંદોબસત કરી તેમજ તમો ઇસમાઇલી દીન વાલા છે તેની ખાત્રીનો પાસ લાવીને તમારી ઘર વાલીને તેડી જાઓ. ને નહીં તેડી જાઓ તો, મુદત વીતા બાદ તમારી ઓરતનો બીજો હક નીકા કરવાની પરવાનગી આપવામાં આવશે, જે નોટીસ મોકલી આંક ૩ માં સામીલ છે.

જવાબદાર નાનજી જીવાને નોટીસ પહોંચ્યાથી તા. ૧–૫–૧૩ થી લેખીતવાર કાગળ આવ્યો, તે વાંચી કાઉન્સીલના લક્ષમાં લેવામાં આવ્યો તે આંક ૪ માં સામીલ છે,

જંગબાર કાઉન્સીલનો કાગળ ૧ તા. ૧૪–૨–૧૪ નો લખેલો જા. $\frac{194}{14}$ નો તા. ૩–૩–૧૪ નાં રોજ પોહચ્યો વાંચી લક્ષમાં લેવામાં આવેલ. તે આંક ૫ માં સામેલ.

અરજદારે અરજી એક તા. ૧૬–૩–૧૪ નાં રોજ લેખીતવાર કાંઉનસીલમાં આપી તે આંક ૬ માં સામેલછે. કેસ અને ઉપરનાં કેસની સુનાવણીની તા. ૧૬–૩–૧૪ નાં રોજ મુકરર કરી.

તા. ૧૬–૩–૧૪ નાં રોજ જમાતમાં જનરલ જમણવાર રેમતલા દામજીએ કરેલ, જેને લીધે ફરી તા. ૧–૪–૧૪ નાં રોજ મુકરર કરવામાં આવી.

તા. ૨૮–૩–૧૪ નાં રોજ બીજા ઘણા કાગન પ્રસંગે ખાસ બેઠક કરવાથી, અરજદારે રૂબરૂમાં આવી અરજ ગુજારતાં ...

ામ કેસના કાગળીઆ વાંચી લક્ષમાં લેવાથી અમારો
ીપ્રાય તથા ઠરાવ નીચે મુજબ આપીયે છીએ.

ઠરાવ.

અરજદારની આંક ૧ તથા ૬ વાળી અરજીઓ
ી લક્ષમાં લીધી. ઉપરાંત જંગબાર કાઉનસીલનો
ાવદર કાઉનસીલ ઉપર લખેલો કાગલ તા. ૨૩
-૧૨ જા: ના. ૧૫૦૭ નો કાગળ વાંચી લક્ષમાં
થી માલુમ જણાય છે કે, અરજદારની અરજીને
તા છે. તે સીવાય જંગબાર કાઉનસીલનો કા. ૧
ના ૧૯૪/૧૪ તા. ૧૪-૨-૧૪ નો વાંચી ધ્યાનમાં
, તે પણ અરજદારની અરજીને મળતો છે. ઉપ-
જવાબદારને આંક ૩ થી નોટીશ કરી
નોટીસનો જવાબ આંક ૪ વાંચી ધ્યાનમાં લેતાં
ીત્ર પ્રકારનાં સવાલો દરસાવ્યા છે જે ઉપરથી
નસીલને ખાત્રી થાય છે કે, જવાબદાર તેનો
લી ધર્મ ઇ. ઇસ્માઇલીયા છોડી દઇ બીજો મજ-
પાલે છે; તેમજ નોટીસ પહોંચે લગભગ આજ
૧૦ દસ થવા આવ્યા છતાં, ઇ. ઇસ્માઇલીઆ
પાલે છે તેનો ખાત્રીનો પાસ જંગબાર જમા-
મજ મીજાંગા જમાત તરફથી રજુ કર્યો નથી
અરજદારની ખોરાકી પોશાકીનો કરીો બંદોબસ્ત
નથી, જેથી અરજદારને કાઉનસીલની બેઠકમાં
રોની વધુમતે જવાબદાર નો ઇ. ઇસમાઇલીઆ
ગઢનાં કાયદા બુકના પ્ર. ૧ વીષ ૩ ની કલમ
ના કલમબ અનુસાર અરજદાર ઉપરથી ધણી-
નો હક નાબુદ કરવામાં આવે છે અને અરજ-
બીજા ઇ. ઇસમાઇલી દીન પાળનાર સાથે નીકા
ની પરવાનગી દેવામાં આવે છે તેમજ મજકુર
જદાર ઇસનાસરી ધરમ પાળનાર સાથે હક નીકા
રે, તેમજ તેના આગલા પતી નાનજી જીવાની
ન જાય વીગેરે બાબતનો મુસરકો ૧ લખવી
૨૮-૩-૧૪ નો આ કેસ સાથે આંક ૭ માં
લછે. અને અરજદાર બીજું ઘર કરે તે બાબેનો
ા દેશવરો અથવા આફ્રીકાની જમાતોને લખી
લ છે, આ ઠરાવ સર્વાનુમતે પસાર કરેલો છે.
૨૮-૩-૧૪

ચેરમેન (સહી) ડાયા લાલજી
મે.મ્બરો હરજી વલીની સહી
,, હાશમ માવજી
,, હીરજી મકનાઇ
ઇશા અલી મદદ વાંસતા
,, રામજી મદની સહી
કામડીયા જુઠા દેવાની સહી દા: નુરમામદ રા-
જન તે કા. કેવાસી.

(નકલ બીજી)

આજરોજ તા. ૧૬-૧૧-૧૩ ને રોજ મરી બેઠકમાં બાઇ નુરબાઇ મેઘજી, જત ખાખરડા વાલીની અરજી રજુ થતાં, બાઇની અરજ ઉપરથી નીચે મુજબના મુદા કાઢવામાં આવ્યા.

૧. બાઇ નુરબાઇનાં વીવાહ ખાખરડા ઇમામી ઇસમાઇલીની જમાતમાં ઇમામી ઇસમાઇલી ધર્મનાં ચાલતા ધારા ધોરણ મુજબના રાણાવાવ વાળા કાસમ કાનજી સાથે થયા છે.

૨. કાસમ કાનજીનો જન્મ ઇમામી ઇસમાઇલી ધર્મમાં થયેલ છે તેનાવીવાહ વખતે પણ ઇમામી ઇસમાઇલી ધર્મ પાળતો હતો.

૩. કાસમ કાનજી તેનાં વીવાહ થયા બાદ, આફ્રીકામાં રોજગાર માટે ગયો અને ત્યાં ગયા બાદ તેણે ઇમામી ઇસમાઇલી મજહબ છોડી બીજો મજહબ અખતીયાર કર્યો છે.

૪. કાસમ કાનજી આફ્રીકામાં ગયા બાદ નુરબાઇ મજકુર કાસમનાં બાપ કાનજી કુરજી સાથ રહેતી હતી અને ત્યારે ભાઇ કાનજી ઇમામી ઇસમાઇલી ધર્મ પાળતો હતો.

૫. કાસમ કાનજી હાલ દેશમાં આવેલ છે. ત્યારબાદ તેના બાપ કાનજી કુરજીએ અહીંની ઇમામી ઇસમાઇલી કાઉનસીલને લેખીત ખબર આપી, તેની ઓરત બચા સાથે ઇમામી ઇસમાઇલી ધર્મ છોડી બીજો મજહબ અખતીયાર કર્યો છે.

૬. બાઇ નુરબાઇ જન્મથીજ ઇમામી ઇસમાઇલી ધર્મ ક્રીયા પાળે છે.

૭. બાઇ નુરબાઇ ઇમામી ઇસમાઇલી ધર્મના કાયદા મુજબ પોતા ઉપરથી કાસમ કાનજીના ધણીપણાનો હક રદ થાય છે એમ જાહેર કરી બીજા કોઇ પણ ઇમામી ઇસમાઇલી ધર્મ પાળનાર સાથે બીજું ઘર કરવાની પરવાનગી માગે છે ઉપરની સર્વ બાબતો ઉપર ધ્યાન આપી નીચે મુજબ ઠરાવ કરવામાં આવે છે.

ઠરાવ

બાઇ નુરબાઇ ખાખરડા વાલી સાથે પરણનાર કાસમ કાનજીએ પાછલથી બીજો મજહબ અખતીયાર કર્યો છે જેથી ઇમામી ઇસમાઇલી કાયદા બુક પ્રકરણ ૧૯ ના વીષય ૩ ની કલમ ૫૭ પ્રમાણે નુરબાઇ બીજા કોઇ પણ ઇમામી ઇસમાઇલી મજહબ પાળનાર સાથે પરણવાને હકદાર છે અને તેજ કાયદાની બુક પ્રકરણ ૧ ના વીષય ૩ ની કલમ ૫૯ ની કલમ બ પ્રમાણે બાઇ નુરબાઇને તેની સાથે પરણ-

 કાનજીએ કરેલ દાગીનાં તેમજ લુગડાંની ... બાઇ નુરબાઇ છે તેમજ બાઇ નુરબાઇ કાર.મ ... સાથે છુટા છેડા મેળવવા હકદાર છે.

બાઇ નુરબાઇ સાથે પરણનાર કાસમ કાનજીએ ... તેના લગ્ન થયા પછી, આફ્રીકામાં જઇ બીજો મ... અખત્યાર કર્યો છે અને કાસમ દેશમાં આ... પછી મજકુર કાસમના બાપ કાનજી કુરજી ... ઓરત તથા બચા સાથે ઇમામી ઇસમાઇલી ... છોડી બીજો મજહબ અખત્યાર કર્યો છે ઉ... માં સર્વ કારણો ધ્યાનમાં લઇને બાઇ નુરબાઇને ... ઇસમાઇલી મજહબ પાળનાર કોઇ પણ સ... સાથે ફરી વખતની નીકાહ કરવા દેવાની પર... આપવામાં આવે છે તા. ૧૬-૧૧-૧૩.

...લાલજી { પો. ઇ ઇસમાઇલી કાઉંનસીલનાં ચેરમેન

મેમ્બર. ૧ મુખી હરજી વલીની સઇ.

૨ કાસમ માવજીની સઇ દ. પોતે.

૩ જુમા દેવાણની સહી દ. હાસમ મા વજી ધણીના કેવાથી.

૪ કાનજી પ્રધાનની સહી દ. ઇસ્માઇલ ડાયા. ધણીના કેવાથી.

૫ હીરજી સુસાની દ. પોતાના.

૬

૭ ગેરહાજર.

ખોજા બાવા રૂપા રે. મોવૈયાની જુબાની

પ્રતિ. વકીલની તપાસમાં-અમે આગાખાની ખોજા છીએ. બાપ દાદાના વખતથી પાળીએ છીએ ખોજા જીવરાજ પ્રેમજી જેતલસર વાલાને ઓલખું છું. જીવરાજની દીકરી મારા દીકરાને ધરથીને આવીછે તે બાઇ પ્રથમ કોયલી પરણાવી હતી કોયલીવાલો અમારાપંથમાંથી નીકલી ગયો એટલે નાતે તે બાઇને તેના હકમાંથી છોડાવી લીધી, અને તેના બાપે પછી અમારે ઘેર દીધી.

વા. વ. ની ઉ. તપાસમાં-તેનો કેસ કોર્ટમાં થયો નથી. તે બાઇ લુલીછે. કોયલીવાલાને જોઇતી હતી.

ફરી નથી.

કોર્ટની તપાસમાં.—તેનો કોયલીવાલો ધણી પર રેછે. ખોજા સ્વામીપંથી હોય તેને દીકરી લેતા દેતા નથી. અમારા આગાખાની પંથમાં હોય તેનેજ દીકરી દેવાય લેવાય તા ૧૯-૬-૧૫

ખોજા જીવરાજ પ્રેમજી રે. જેતલસરની જુબાની.

પ્ર. વકીલના તપાસમાં—અમે ઇસમાયલી ધર્મ પાલીએ છીએ. તે ધર્મ ઘરડાનાં વખતથી પાલીએ છીએ. અમારામાં કોઇ ખોજો ઇસનાસરી થઇ જાય ને તેની ઇસમાઇલી ઓરત તેની સાથે જવા ન માગે તો, તે લગ્નનું શું થાય તેના જવાબમાં કહું છું કે ઇસનાઅસરીનો પછી બાયડી પર હક નહીં. મારી દીકરી ડોસા રતનસીના દીકરા રેમતલા વેરે આપી આપી હતી. તે બાઈ અવલને સં. ૧૯૬૧ માં તેનાં વેરે પરણાવી હતી. પછી સં. ૧૯૬૭ માં તે અસનાસરી થઇ ગયો તેની ખબર પડી એટલે, અમે બાઇને મોકલી નહીં. પછી શેઠે ૧૧ માસની મુદત તેનાં બાપને આપી ને તે ઇસમાયલી દાખલો આપી તેડી ન ગયો, એટલે તેને બીજે પરણાવવા રજા આપી, તેમે મહુવે ઘરઘાવી છે. રેમતલા આફ્રીકામાં ઇસનાસરી થઈ ગયો.

વા. વ. ની ઉ. તપાસમાં રેમતલે કાંઇ વાંધો લીધો નથી. તે હજુ આફ્રીકામાં છે.

ફરી તપાસ—ડોસા રતનસી કોયલીમાં છે. તે આ વાત જાણે છે તા. ૧૮-૬-૧૫

ખોજા કાસમ કુરજી રે. મંજેવડીની જુબાની.

પ્રતિ વકીલની તપાસમાં-ગઇ સાલમાં જુનાગઢ સબડીવીઝન કાઉનસીલનો ચેરમેન હું હતો. અને હાલ તે કૌનસીલમાં હું મેમ્બરછું. હું આગાખાની છું, મારા બાપદાદાનાં વખતથી તે ધર્મમાં છું, ખાનામાં ધર્મક્રીયા ૩ વખત અમે કરીએ છીએ. અમારામાંથી કોઇ ખોજો અસનાસરી થઇ જાય તો, અમે નાત બહાર કરીએ છીએ. અને તેની સાથે ઇસમાઇલી ઓરત જાય તો પણ નાત બહાર કરીએ છીએ. અસનાસરીનું સગપણ હોય તો તેને પણ તોડી નાંખવામાં આવે છે. સગપણ તોડયાના દાખલા વાડોદરવાળા ખોજા વાલજી થાવરની દીકરીનું વેશવાલ સુપેડીવાળા વેલજી સવાણીના દીકરા વેરે કર્યું હતું. તે તુટયું હતું, તે બાઈ બીજે અપાઇ છે. (તે વેશવાલ તુટયાના બીજા દાખલા સબંધે મી. પરશોતમદાસ સવાલ પુછવા માગે છે તે શી રીતે રીલેવન્ટ છે-તે સબંધે તેઓને પુછતાં જણાવે છે કે ખોજાને લગ્ન સબંધમાં તેમ બીજી બાબતમાં મુસલમાની શરેહ લાગુ નથી, પણ તેમનાં પોતાના ન્યાતીના ધારા ધોરણ લાગુ છે તે મનાવવા માટે. કોર્ટનો ઠરાવ કે.—... ... થઇ ગયા પછી રદ થઇ શકે કે કેમ. તે સવાલ ...

ાર્ટે જોવાનો છે. તે સબંધે તેવા દાખલા સીધી રી-
ી રીતે લગતા ગણાય. તે સીવાય ઇનડાઇરેક્ટ કામ
ાટે તે જરૂરનું નથી. માટે તેવા સ્વાલ નહીં પુછવા
મલામણ કરી) લગ્ન થયા પછી કોઇ ખોજો અ-
સ્નાસરી થઇ જાય ને ઇસમાયલી બાઈ તેની સાથે
જવા ન માંગતી હોય તો, લગ્નનું શું થાય તેના
જવાબમાં કહું છું કે, તેનું લગ્ન તોડી નંખાય.
ારા સાળાનો દીકરો સામજી રામજી વડાલના ખો
જાને ત્યાં પરણ્યો હતો તે લગ્ન તે ઇસનાસરી થવા
ી તોડી નાંખ્યું હતું. સામજી રામજી આફ્રીકા છે
ાઇને કંડોરણે દીધી છે. ધર્મ ક્રીયા સાંજે, રાતના
-૯ વાગે ને ૩ જી પરોઢીયે કરીએ છીએ. ધુવા
ઢીએ છીએ. તેમાં ૧૦ અવતારને ૪૮ ઇમામનાં નામ
ાવે છે ધુવા પઢયા પછી પીર સદરદીનનાં ગ્નાન
ોલીએ છીએ. ૧૦ અવતાર માનીએ છીએ. તેનું
ુસ્તક પીર સદરદીને બનાવેલ છે ઇમામની ગાદી
ાઝે કયામત સુધી ચાલશે એમ માનીએ છીએ
ાલનાં આગાખાન અમારા હાજર ઇમામ છે. હા-
જર ઇમામને અમે દસોંદ કરભારમાં દઇએ છીએ
ઠી, થાલ, સુફરો, સગાઇ, સમુરતું, વીવા, મરણ
ખતે દઇએ છીએ. હાજર ઇમામને ખુદાનું નુર સમ-
જને કરભાર વીગેરે દઇએ છીએ. લાખ ચોરાસી ફર-
ા પડે છે તે અમે માનીએ છીએ. રોઝા રહેવા
ી ફરજ નથી. હઝ પડવાની ફરજ નથી,

વા. વ. ની ઉલટ તપાસમાં–સામજી રામજીનો
ઝઘડો કોર્ટે ચડયો નથી. સામજી રામજી વચમાં વ
મમાં આવ્યો હતો. તેણે કાંઇ તકરાર કરી નહોતી.

ફરીનથી.

તા. ૧૯–૬–૧૫

ખોજા રવજી શરીફ રે. રાવળની જુબાની

પ્ર. વ ની. તપાસમાં–મારી દીકરી પોતાને રા-
ળમાં સુંદરજી સાહેના દીકરા શામજી વેરે પરણાવી
તી તેનો વર પરદેશ પરણીને ગયો, તે ત્યાં ઇસના-
સરી થયો. એટલે પછી ભાયાવદરનાં વારસ પાસે
ફરજ કરી. બાઇ જુવાન છે તો શું કરવું. પછી વા-
સે તેનાં સસરાને તેડાવ્યો અને પુછ્યું ત્યારે તેણે કહ્યું
ારો દીકરો ઇસનાશરી થયો તે ખાનાસાઇ નહીં
ાય. વારસે કહ્યું કે, બીજે દઇ દેશે તો તેણે કહ્યું
લે દઇદે. પાછી બાઇને વીરપોર મેળામાં બાલંભા
ળાને દીધી. ધણીએ આવી ફરીયાદ કરી નથી કે-
કે સાસરે રજા દીધી હતી. ને ધણી હજુ પરદેશ
ને તેણે નીકા બીજી કરી લીધી છે એટલે પરણ્યો
વારસે પાછી મને પરવાનગી દીધી હતી તેથી

દઇ દીધી. ખાનાસાઇ પાછો ન થાય તો લગ્ન કાયમ
રહે નહીં. વા. ની. ઉલટ તપાસ નથી. તા. ૨૪–૬–૧૫

પ્રતિવાદીયણની ધર્મ ક્રીયા તથા ધર્મ માન્યતાની લેખી કબુલાત.

આ કામની પ્રતિવાદીયણ બાઇ નુરબાઇની માન
સહીત અરજ કે:—આ કામમાં આપ સાહેબે તા.
૭–૩ ૧૫ ના પ્રોસીડીંગથી બંન્ને પક્ષકારોની ધર્મ
ક્રીયા તથા ધર્મની માન્યતા શું છે તે લેખીત રજુ
કરવા ફરમાન કરેલું છે તેથી ફરમાન મુજબ હું
અમારા ધર્મની માન્યતા નીચે પ્રમાણે રજુ કરૂં છું.

૧ અમો હીન્દુમાંથી ખોજા થયા ત્યારથી શીયા ઇમામી ઇસમાઇલી ધર્મના છીએ. અને તે ધર્મને પેઢી દર પેઢીથી માનતા આવ્યા છીએ અને હજુ પણ તેજ ધર્મને માનીયે છીએ.

૨ અમોને હીંદુમાંથી પીર સદરદીને સીયા ઇમામી ઇસમાઇલી ધર્મના ખોજા બનાવ્યા અને પીર સદરદીન પોતે પણ સીયા ઇમામી ઇસમાઇલી ધર્મના! હતા.

૩ સાહા હજરત અલીને અમારા પહેલા ઇમામ તરીકે કે એટલે ખુદાનાં અવતાર તરીકે અમો માનીયે છીએ, અને તેમની ગાદી ચાલી આવે છે અને તે રોજ કીયામત સુધી કાયમ રહેશે એમ અમો માનીએ છીએ. અને ઇમામોમાં અલીનું નુર છે એમ અમો માનીએ છીએ.

૪ સદરહુ ગાદી ઉપર હાલના આગાખાન હીઝ હાઇનેસ સર સુલતાન મહુમદ સાહા ૪૮ મા ઇમામ છે. અને તેઓ અમારા હાજર ઇમામ છે એમ અમો માનીએ છીએ. અને અમોને સવાબ થશે એમ માની અમો અમારા હાજર ઇમામને દસોંદ વિગેરે કરભાર આપીએ છીએ. હાલના આગાખાન ઇમામ તથા ધર્મ ગુરૂનો હુદ્દો સાથે ભોગવે છે તેથી દસોંદમાં દસ ટકાને બદલે સાડા બાર ટકા આપીએ છીએ, તેમાં દસ ટકા ઇમામના હક તરીકેનાં અને અઢી ટકા ધર્મ ગુરૂના હક તરીકેના એમ મળી સાઢા બાર ટકા આપીએ છીએ.

૫ અમો અમારી ધર્મ ક્રીયા મસીદમાં કરતા નથી, પણ અમારા જમાતખાનામાં કરીએ છીએ.

૬ રોજની ધર્મ ક્રીયામાં અમો ત્રણ વખત ધુવા પઢીએ છીએ. પહેલી વખત સાંજે, બીજી વખત રાતના આઠ નવ વાગે આસરે, અને ત્રીજી વખત પરોઢીયે. આ ધુવાની અંદર ૪૮ ઇમામનાં નામ આવે છે. દસ અવતારનાં નામ આવે છે. દસ અવતારનાં નામ આવે છે જેમાંના

પહેલા નવ હીન્દુ વિષ્નુ અવતારનાં નામ છે અને દસમો હજરત અલી નીકલંકી મુસલમાની અવતાર પણ વિષ્ણુનો છે એમ અમો માનીએ છીએ. ધ્રુવા પઢયા પછી પીર સદરદીનના ગ્નાન બોલીએ છીએ અમે તે ગ્નાનને અમો અમારા ધર્મનાં ફરમાન તરીકે માનીએ છીએ.

૭ પીર સદરદીને ગ્નાન ઉપરાંત દસ અવતારનું પુસ્તક બનાવેલું છે. અને તે પુસ્તકને પણ અમો માનીએ છીએ.

૮ અમો બ્રમ્હાને ગુરૂ તરીકે માનીએ છીએ અને નબી મહંમદ મુસ્તફાને કલીયુગના બ્રમ્હાના અવતાર તરીકે માનીએ છીએ એટલે તેમને ધર્મ ગુરૂ તરીકે માનીએ છીએ.

૯ અમો લક્ષ ચોરાસી ફેરાને માનીએ છીએ અને દરેક જીવને પોતાના કર્મ પ્રમાણે તે ફેરામાં ફરવું પડે છે એમ અમો માનીયે છીએ. રોજ કીયામતને દીવસે તમામ જીવોનો તેમનાં કર્મ પ્રમાણે ઇનસાફ થાશે તેમાં સારા કામ વાલાને સ્વર્ગ મળશે અને નઠારાં કામ વાળાને દોઝક મળશે એમ અમો માનીએ છીએ.

૧૦ રોજ કયામતને દીવસે જે હાજર ઇમામ હશે, તે ઇમામ પોતે અલીનો અવતાર ધારણ કરશે અને તે તમામ પ્રાણીઓનો ઇનસાફ કરશે

૧૧ અમો સીયા ઇસનાસરીથી ઇમામ જાફર સાદક પછી શાહા ઇસમાઇલને અમારા ઇમામ તરીકે માનીએ છીએ અને શીયા અસનાસરી મુસા કાઝમને પોતાનાં ઇમામ માને છે. શીયા અસનાસરી તેમના બારમાં ઇમામ ગેબ થયા છે એમ માને છે.

૧૨ રોજા રહેવાની અમો ફરજ માનતા નથી. અમારામાં ઘણે ભાગે રોજા રહેતા નથી,

૧૩ હજ પઢવાની પણ અમો ફરજ માનતા નથી.

૧૪ વાદી પ્રતિવાદી સહીત તમામ ખોજાનો મુળ ધર્મ શીયા ઇમામી ઇસમાઇલી છે. કાઠીયાવાડમાં અને તેમાં ખાસ કરી સોરઠ તથા હાલારમાં કેટલાક ખોજા છેલ્લા દસબાર વરસથી અસનાસરી થયા છે ખોજાનો મુળ ધર્મ શીયા ઇસિનાસરી હોવાની વાત તદન ખોટી છે.

૧૫ અમો અમારા ગ્નાતિના રીવાજ તથા ધોરણ પ્રમાણે ચાલીયે છીએ અને અમોને મુસલમાની શરેહ લાગું નથી.

ઉપર પ્રમાણે હકીકત છે તા. ૯-૬-૧૫ દઃ તલકચંદ પ્રભુદાસ. તેના કેવાથી.

(સહી) બાઇ નુરબાઇ મેઘજીની સહી. દઃ જલ ઇસ્માલ તેના રૂબરૂ કેવાથી.

પ્રતિવાદીની કીયા ધર્મ તથા ધર્મ માન્યતાની લેખી કબુલાત.

હું વાદી ખોજા કાસમ કાનજી વીનંતી કરૂં આપ સાહેબે તા નારોજ રૂબરૂમાં વાદી તથા પ્રતિવાદીને ફરમાન કરેલુંકે બંનેએ પોત પોતાના ધર્મની માન્યતા લેખી રજુ કરવી. તે આધારે હું અમારા ધર્મની માન્યતા નીચે પ્રમાણે રજુ કરૂં છું.

૧ અમો મુસલમાન છીએ અમે મુસલમાન શી ઇસનાઅશરી ધર્મ પાળીએ છીએ. અમો પ્રથ મુસલમાન થયા ત્યારથીજ ઇસનાઅશરી ધર્મ વટલ્યા હતા. વટલી ઇસનાઅશરી થયા (ન્દુમાંથીજ ઇસનાઅશરી થયા) ત્યારથી આ સુધીમાં અમોએ અમારો ધર્મ બદલાવ્યો ન

૨ અમો ખુદાને માનીએ છીએ. ખુદા હમેશ છે ને હમેશાં રહેશે. તે કુદરત વાળોછે. જે ચ તે કરેછે. તે જીવતોછે અને જીવતોજ રહેશે. સર્વ બાબતને જાણનારછે. તેનો કોઇ ભાગી નથી. તેને શરીર કે દેખાવ નથી. તે સઘળે તે કોઇના શરીરમાં પેસતો નથી. તે કોઇ વખતે નજરે દેખાઇ શકતો નથી. આંખો જોઇ શકતી નથી. તે સર્વ શકિતવાન-કે બાબત તેનાથી છુપી નથી. જે કાંઇ દેખાય તે તથા જે નથી દેખાઇ શકતું તે, જે થ થાય છે. અને થશે તે સઘળાનો તે પેદા ક ર છે. તે ન્યાયી છે

૩ અમો એક લાખ ચોવીશ હજાર પેગંબ માનીએછીએ. તે સઘળાને ખુદાએ મનુષ્ય જ ધર્મના ઉપદેશ કરવાને મોકલેલા હતા. સૌથાં છેલ્લા અને હાલના પેગંબર હજરત હંમદ મુસ્તફા છે. તેમના દરેક ફરમાન અ માન્યછે. અમો અવતાર થાય તેમ માનતા ન

૪ હજરત નબીની ગાદીના પહેલા અને ખરા વા ઇમામ અલીને માનીએ છીએ. ઇમામ અલ લઇ ઇમામ મહેદી સુધી કુલ ૧૨ ઇમામો છે. તેને માનીએ છીએ. તેરમો કોઇ ઇમ

નથી. તે બાર ઇમામો ક્રમે ક્રમે પેગંબર મહંમદના વસી યાને ગાદીના વારસ છે. બારમાં ઇમામ મહેદી હાલ અદ્રષ્ય પણ જાહેર છે. તે અમારા હાજર ઇમામ છે. તે ભવીષ્યમાં જાહેર થશે.

૫. ભવીષ્યમાં કીયામત થશે અને દરેક માણસને તેના કરેલા કામો પ્રમાણેનો બદલો આપવામાં આવશે. સારા કામો કરનારને સ્વર્ગ અને નઠારાં કરનારને દોજખમાં નાંખવામાં આવશે અને તે સજા કે બદલો કાયમનો ગણાશે.

૬. પેગંબરો ઉપર ખુદાતાલા તરફથી આકાશી પુસ્તકો આવેલાં છે. હાલના પેગંબર હજરત મહંમદ ઉપર કુરાન નામે કીતાબ આવેલી છે જે અમો ને માન્યછે. તેના દરેક ફરમાનો અમોને આંખ માથા પરછે.

૭. અમો દરરોજ કુરાનના હુકમ પ્રમાણે પાંચ વખ્ત નીમાજ ભણીએ છીએ. ૧ સુબોહની (સવાર-માં સુર્યોદય પૂર્વે, ૨-૩ જોહોર તથા અસર બપોર પછી તે સુર્યોસ્ત પહેલાં સુધીમાં ૪-૫ મગરીબ તથા ઇશા સુર્યોસ્ત પછી તે અરધી રાત્રી સુધીમાં

૮. મુસલમાની નવમા મહીના રમજાનના રોજા રાખીએ છીએ.

૯. જો શકિત હોયતો અમારાપર મક્કાની હજ પડવી ફરજ છે.

૧૦. દર વર્ષે જે નાણાં શીલક હોય તેમાંથી સેંકડે અઢીટકા જકાત આપીએ છીએ અને તે હક ગરીબ મુસલમાનોનોછે.

૧૧. દર વર્ષ જે કમાણી થાય તેમાંથી ખર્ચ કાઢતા જે બાકી રહે તેમાંથી, પાંચમો ભાગ ખુમ્સ કાઢીએ છીએ. તે હક ગરીબ સઇયદોનો છે. જે અમો પોતે અથવા નાયબે ઇમામની મારફત પહોચાડીએ છીએ.

૧૨. પ્રતીવાદી જે પોતાને ઇમામી ઇસમાઇલી કહેછે તે જુદું છે. તેઓ પણ અમારી જેમ પ્રથમ હીન્દુમાંથી ઇસનાઅશરી ધર્મ ઉપર વટલ્યા હતા. તેમના ધર્મ પુસ્તકોમા તેમનો ધર્મ ઇસનાઅશરી વર્ણવ્યોછે પણ તેઓ તકરાર વીગેરે ખાતર ધર્મ વીરૂધ્ધની માન્યતા જાહેર કરેછે.

ઉપર પ્રમાણે ટુંકામાં મુખ્ય-મુખ્ય માન્યતા જણાવી છે. બાકી ઝીણી ઝીણી બાબતો જણાવું તો પુસ્તક ભરાઇ જાય તેમ છે તેથી તેની બાબતો

સ્ટી. નોટી. તા. ૫-૫-૧૫

સહી. C. N. Chinoy.

××× અહીં પ્રતિવાદીના સાક્ષીઓ પુરા થયા. પ્રથમ જે નામો આપેલાં તથા તે પછી વધારાના રજુ કરેલાં તેમાંથી ઉપર જે જુબાનીઓ આપી છે તે લેવામાં આવી. બાકીના તેઓએ ખેંચી લીધા.

વાદીના સાક્ષીઓ

૧ વાદી	૨ પ્રતિવાદીયણ.
૩ કાનજી કુરજી	રૈ. સણાવાવ.
૪ ગોવીંદ ડાયા	રૈ. ખાપરડા.
૫. હાજી નુરમાહમદ જમાલ	રૈ. સણાવાવ.
૬. જીવા કાનજી	રૈ. પોરબંદર
૭. નથુભાઇ પ્રેમજી	રૈ. પોરબંદર.
૮. અલીભાઇ માવજી	રૈ. લાલપુર.
૯. ઇસમાઇલ ભલુ થાવર	રૈ. મુંબઇ
૧૦. હસન હેમજી	રૈ. મુંબઇ
૧૧. નાસર જુમા	રૈ. જંગબાર.
૧૨. દાતુભાઇ હેમા	રૈ. જંગબાર
૧૩. એદલજી ધનજી કાબા	રૈ. અમરેલી.
૧૪. નાનજી જીવા.	રૈ. મહુવા.
૧૫. ધરમશી માહમદ	રૈ. તલાજા
૧૬. ઇસમાઇલ વાલજી	રૈ. જામનગર
૧૭. કરમઅલી સુળજી	રૈ. હડીઆણા.
૧૮. જમાલ લીરા.	રૈ. હડીઆણા.
૧૯. ઝીણા જીવા.	રૈ. પોરબંદર
૨૦. અલીભાઇ દેવસર્જ	રૈ. અમરેલી.

એદલજી ધનજી કાબા રૈ. અમરેલીની જુબાની.

પ્ર૦ ના વ. ની. ત. માં—અમરેલી મ્યુનીસીપાલીટી ને લોકલ બોર્ડનો મેમ્બરછું. હું લેખકનું કામ કરૂંછું. ખોજા કોમ ઘણી જાતના ધર્મ પાળે છે. મુસલમાન ધર્મ પાલે છે. હીંદુ ધર્મ પાળે છે. કોઇ થીઓસોફીસ્ટ હોય છે. નરસીંહ આચાર્યના શીષ્ય હોય છે કેટલાક સ્વામી નારાયણનો ધર્મ ને, આર્ય સમાજનો ધર્મ પાલે છે. ને અશનાસરી ખોજા પણ છે ને સુની પણ છે. જુદા જુદા ધર્મ પાલે, પણ ખોજામા કન્યાની આપલે થાય છે. ને જમાતના ધારા છે, ને તે છપાયેલા પણ છે. આગાખાની ખોજા બીજા ધર્મ માનનારા ખોજા સાથે કન્યાની આપલે કરે છે. આગાખાની ખોજાએ દીકરી દીધી હોય, ને ધણી અશનાશરી થઇ જાય તો લગ્ન રદ થતા નથી.

રસાળીના વકીલને ઇસમાયલી જમાતના વારસ અલાઉદીન શરીફની દીકરી તેના ભાઇ દાઉદ શરીફ જે અસનાસરી છે; તેના દીકરા વેરે દીધી છે. ને લગ્ન રસાળમાં થયાં હતાં. બંન્ને ભાઇઓને સારો સબંધ છે; મુંબઇવાળા સર ઇબરાહીમ રેમતલ્લા કાદરા, જે ઇસમાયલી જમાતના વડા છે; તેમણે પોતાની દીકરી શેઠ નાસરભાઇ અબદલાભાઇ લાલજી જે અશનાસરી છે; તેને ત્યાં દીધી છે ધોલેરાના ખોજા છગન ધનજી એ પોતાની દીકરી મોંઘી ત્યાંના ખોજા અલતાફ હુસેન છગનભાઇને આપીછે. છગન ધનજી ઇસમાયલી છે ને અલ્તાફ હુસેન અસનાસરી છે ભાવનગરવાળા મનજી કરીમની દીકરી જે ઇસમાયલી છે તેને ભાવનગરના અસનાસરી આમદ વલીભાઇને દીધી છે. આ સીવાય બીજા ઘણા તેવા દાખલા છે. વડોદરાવાળા ઇસમાયલી કાઉન્સીલના ચેરમેન ખોજા ધરમસી ભીમજીએ પોતાની દીકરી ઉમરાળાના ખોજા કાનજી મેઘજીના દીકરા વીઠ્ઠલ વેરે દીધી છે. કાનજી સ્વામી-પંથ પાળે છે આગાખાનીમાંથી ૩૦૦૦૦ હજાર ખોજા અસનાસરી જમાત બાંધી રહ્યા છે. તેમની સ્ત્રીઓ પણ તેમની સાથે રહી છે. ને ગઇ છે. તે પૈકી હું પણ એક છું. મારો સસરો આગાખાની છે ને મારે તેની સાથે સબંધ સારો છે. ઇન્સાફની કોર્ટથી પ્રતીવાદી કહે છે તેરીતે લગ્ન તોડવાનું સાબેત થયું નથી. આગાખાની ને અસનાસરી પહેલેથી અંદર અંદર પરણે છે ને તેના હવાલા આગાખાનના લખેલા પુસ્તકોમાં છે. હાલના આગાખાન પોતાના કાકા જહાંગીરશાહ જે અસનાસરી છે તેને ત્યાં પરણ્યા છે. તેને દીકરી નથી. આગાખાનની મા લેડી અલીશાહ અસનાસરી ધર્મ પાળે છે તે તેની જુબાની મુંબઇ સમાચારમાં છપાયેલ છે, તેમાં તે કબુલ રાખે છે. અમેને આગાખાની બન્ને કુરાનને માનીએછીએ. અમારો ને આગાખાનનો એકજ ધર્મ છે. અમે તેમાં સુધારો વધારો કરવા લાગ્યા, તેમાં તફાવત પડતાં અમે નોખા થયા છીએ; ઇસલામ ધર્મથી ફેરફારવાળી વાત કાઢી નાંખી, મહંમદ પેગંબર ને કુરાન ઉપર વિશ્વાસ રાખી તે પ્રમાણે ચાલવાનું કરતાં વાંધો આવ્યો હતો. અમે આગાખાનને પૈસા દેતા નથી. જુદા પડયા ત્યારથી દેતા નથી. લગ્ન વીધીની અમારી ક્રીયા એકજ છે.

પ્ર. ના વ. ની ઉ. તઃ માં–પ્રતિવાદીના સાહેદી તપાસ્યા હતા ત્યારે બન્ને ભાગે કોર્ટમાં હાજર હતા. વાદીના વકીલને હું ઇન્સટ્રકશન આપતોઃ—કેસમાં મદદ તેમને કરૂં છું કેસ છપાવ્યો છે. કોના તરફથી મદદ કરો છો? (નામંજુર) વાદી મારી બેનની દીકરીનો વર છે. એક વરસથી પરણેલ છે. આગાખાનની જમાતમાંથી ૧૦ વરસથી નીકળી ગએલ છું. જમાતમાં હતા ત્યારે આગાખાનને તમે ધર્મ ગુરૂ તરીકે માનતા કે કેમ? તેના જવાબમાં લખાવું છું કે બીજા સૈયદો જેમ, તેમને ધર્મ ગુરૂ માનતો. ખાનામાં હતો ત્યારે ખાનાને કરભાર ભરતા. આગાખાન એકલા માટે કરભાર દેતા નહીં. આગાખાનને પીર માનતા નહીં. પીર સરકાર તરીકે લખતો નહીં. લખનીવાળા સૈયદને આગાખાન એમ માનતો. ખાનામાં હું જતો. ધુવા પઢતો. નીમાજ પછી પઢતો ને હાલ પણ પઢું છું. ઇસમાઇલીએ અમને નાત બહાર કર્યાનું અમારા ખ્યાલમાં નથી. હું ભાવનગર તાબે માંડવામાં વીરજીને ત્યાં પરણ્યો છું પંદર વરસથી પરણ્યો છું; વીરજીનું કુટુંબ આગાખાની છે તેને કરમાલી નામે દીકરો છે. અલાઉદીન વકીલ વેરાવલના આગાખાની ખોજામાં આગેવાન માણસ છે. દાઉદ શરીફ મને દાખલો કહયો છે તે મેં લખાવેલ છે. કેસને અંગે પુછતાં કહેલ છે. દાઉદ શરીફ આગાખાની નથી. મસીદીયા એટલે અસનાસરી છે. ને તેની કમીટીનો મેમ્બર છે ક્યારે થયો તે ખબર નથી. સર ઇબ્રાહીમનો દાખલો હું ૧૫ વરસથી જાણું છું કારણ કે નાસરભાઇ મારા મીત્ર છે. લગ્નની તારીખ યાદ નથી. હું હાજર નહોતો. નાસરભાઇ ૧૬ વરસથી અસનાસરી છે. નાસરભાઇની ઉમર ૪૫ વરસની છે નાસરભાઇને ઘેર ૮ દીવસ સંને. ૧૯૦૮ માં મેમાન હું હતો. અલતાફહુસેન ક્યારે અસનાસરી થયો તેના જવાબમાં કહું છું કે, લગભગ ૨૫ વરસથી છે. ધોલેરાની આગાખાની જમાતે નાત બહાર કર્યાનું હું જાણતો નથી. આજથી બે વરસ ઉપર રાયપુરમાં મારે તેની સાથે વાત થઇ હતી. તે રાયપુરમાં બંદાલી ઇસમાઇલીની પેઢામાં છે ને ત્યાં હું મેમાન હતો. આગાખાની સ્ત્રીને પરણ્યાની વાત થઇ હતી. મારો કોમને લગતો વીષય હોવાથી તે સંબંધે લગતી બાબત વાત કરૂં છું; તેથી કરી હતી. અલતાફહુસેનની વાત થઇ તેનો લેખીત નોંધ નથી. મનજી વાળો દાખલો ભાવનગર વાળા મહમદઅલી ન્યાયાધીશ પાસેથી કેસને અંગે વાત કરતાં મેં જાણ્યો હતો. મહમદઅલી અસનાસરી છે. વડોદરાનો દાખલો મેં બોટાદમાં સાંભળ્યો હતો. એમ. ટી. તખીબ પાસેથી સાંભળ્યો હતો. તે અસનાસરી છે.

અમરેલીમાં ખોજાના ૪૦ ઘર છે તેમાં ૧૦ અસનાશરી છે. જુનાગઢને જામનગર પ્રગણામાં અસનાશરી ખોજા ૧૦ વરસથી થયા છે ભાવનગરમાં ૨૦ વરસથી ને મહુવામાં પણ તેટલી મુદતથી થયેલ છે. બધા આગાખાનોએ અસનાસરી કન્યા લીધી છે તે પુસ્તકોને આધારે કહું છું. જહાંગીરશાહના પુસ્તક ઉપરથી. જહાંગીરશાહની સહી તેમાં છે? (નામંજુર) આગાખાન ક્યારે પરણ્યા તે ખબર નથી. હાજીબીબીના કેસ ઉપરથી કહું છું. ધર્મના ડીફરન્સ શું શું છે? (ના મંજુર. આ બાબત લગતી નથી) જમાતની પરવાનગી લઇ એક ઉપર બીજી ઓરત અમારામાં કરે છે તે રૂઢી પ્રથમથી ચાલી આવે છે. બીજા મુસલમાનોમાં તેવી રૂઢી છે કે નહીં તે હું જાણતો નથી. છુટા છેડા નાતની પરવાનગીથી થાય. આગાખાનીમાં પણ તેમ છે. બીજા મુસલમાનના રીવાજની મને ખબર નથી. બંને જમાતમાં તલાક અપાય છે ઘણા દાખલા છે. અલીભાઇ ડોસા આગાખાનીએ તલાક નાતની પરવાનગીથી દીધી છે. સગપણ તોડવામાં નાતની પરવાનગી લેવાય છે. આગાખાની લગ્ન વખતે નાતની પરવાનગી લે છે. પીર સદરૂદીને ખોજા બનાવ્યા છે. મારા બાપ મારા સાથે છે. નાત બહાર કર્યાની મને યાદી નથી.

ફરી તપાસ નથી.

તા. ૧૪-૭-૧૫

ખોજા નાનજી જીવા રે. મહુવાની જુબાની.

વા. ના. વ. ની ત. માં:-ખોજામાં ઇસનાસરી એકજ ધર્મ પળાય છે. બીજા આગાખાનને માનનારા છે. આગાખાની ખોજાઓ અને બીજા ખોજાઓમાં કન્યાની આપલે થાય છે મહુવાના આમદ વીરજી અસનાસરી છે તે ખોજા પદમશી ભીમજી જે આગાખાની છે ને મુખી છે તેની દીકરીને પરણ્યો છે. બાઇ તેના ઘરમાં છે. તેને બે બાયડી છે બીજી વીસોઇની બાઇ છે. તે આગાખાની છે. તેમના વચ્ચે સારો સબંધ છે, જાન મહમદ નથુ મહુવા વાળો અસનાસરી પણ, ખોજા પદમશી ભીમજીને ત્યાં પરણ્યો છે. મહુવાવાળો પીરભાઇ કુરજી અસનાસરી છે તે તળાજાવાળા સુળજી લખાની દીકરી કુંવર વેરે પરણ્યો છે. સુળજી આગાખાની છે, પીરભાઇ મારા કાકાનો દીકરો ભાઇ થાય છે. આમદ વીરજી મારો વેવાઇ થાય છે. તેનો ભાઇ મારા કાકાની દીકરીને પરણ્યો છે. બાકીના દાખલા કહે. તેના જવાબમાં કહું છું કે, અમારી નાત મોટી છે ને ઘણા દાખલા છે તે હું ઉતારીને લાવ્યો છું. તો કોર્ટ હુકમ કરે તો જોઇને જે મારી જાત :માહેતી છે તે લખાવું (કોર્ટ પરવાનગી આપતાં) સાહેદ લખાવે છે કે-ખોજા ભગવાન શામજી જે આગાખાની તડમાં છે. તે સ્વામીનારાયણનો ધર્મ પાળે છે. તેની દીકરી બાઇ કાસમ ભાવનગરવાળા અબદુલા નુરમામદ ઇજાર જે અસ્નાસરી છે તેને પરણી છે ભગવાન મહુવાનો છે નારણદાસ શામજી મહુવા વાળો, જે આગાખાનનો મુખીછે ને સ્વામી નારાયણનો ધર્મ પાળેછે તેની દીકરી બાઇ કુલસુમ ખોજા નાનજી મામજી મહુવા વાળા અસ્નાસરી છે તેની વેરે પરણી છે, ખોજા કાસમ માવજી મહુવા વાળો અશનાશરી છે તે બાબરીયાવાડ વાળા મામદની બેન કમરને પરણ્યો છે. મામદ આગાખાની છે. મહુવાનો ખોજો મનજી શામજી આગાખાનનો વારસ છે તેની દીકરી અબદલા નજર અલીને પરણી છે તે અશનાશરી છે આ સીવાય બીજા ઘણા દાખલા મહુવાના છે. મહુવામાં અશનાશરીના ૬૦૦ ઘર છે તેમાં બે તડ છે ને આગાખાનીના ૨૬ કુટુંબ છે (ખોજાઓના લગ્ન વીગેરે સી. રીતી બાબત મી. ચીનાઇ સવાલ પુછવા પુછવા માગે છે જે હકીકત કામને લગતી નહીં હોવાથી ના મંજુર) આગાખાનીમાંથી જુદા અમે ૧૯૪૦ માં પડયા જુદા પડયા એટલે બાયડી લગ્ન તોડી શકે નહીં મુસલમાન અમે ને આગાખાની બંન્ને છીએ. અમે ને આગાખાની મહંમદ ને કુરાનને માનીએ છીએ.

પ્ર. ના વ. ની ઉ. ત માં—હું પોતે સં. ૧૯૪૦ ની સાલમાં જુદો પડ્યો. ૪૪૦ ઘર જુદાં તે વખતે પડયાં હતાં. પહેલા ખાનામાં ધર્મ માટે જતા હવે મસીદમાં કે મહેફીલમાં જઇએ છીએ. ખાને જતા તે દીવસ પણ કુરાન વાંચતા. મને ઉર્દુ ભાષા આવડે છે. આરબી આવડતી નથી. નીમાજની બાબત કુરાનમાંથી વાંચી જાણું છું. ઉર્દુ વાંચી જાણું છું આમદ વીરજી ૨ ૧૯૪૦ માં અશનાસરી થયો છે. બંન્ને વખત તે અશનાસરી થયા પછી પરણ્યો છે. એક સં. ૧૯૪૦ માં ને બીજી સં. ૧૯૫૪-૫૫ માં પરણ્યો છે. બંન્ને વખત હું હાજર હતો. વાસોદવાળાના બાપનું નામ જાણતો નથી. જાનમહમદ અનસાસરી થયા પછી વરસ બે વરસે પરણ્યો છે. જાન મહંમદ સં. ૧૯૪૧-૪૨ માં અસનાસરી

રો હશે. પીરભાઇ કુરજી સં. ૧૯૪૦ માં અશના શરી થયો, ને ૧૯૪૫ માં પરણ્યો છે મહુવામાં સ્વામીનારાયણની જગ્યા છે. નુરમામદ વજીર સં. ૧૯૪૦ માં અશનાશરી થયો છે. તેના દીકરાના લગ્ન સં. ૧૯૫૦-૫૨ માં થયાં છે. ભગવાન શામજી મારા ભાઇનો સાઢુ છે ને મારો દોસ્તાર છે. હજાર વખત તેને ત્યાં જતાં જોયો છે. નાનજી મામદ સં. ૧૯૪૦ માં અસનાશરી થયો ને સં. ૧૯૪૬ માં પરણ્યો નારણદાસ શામજી મારો પાડોસી છે. પોતે ... છે ને સ્વામી પંથ પાળતાં મેં જોયો છે. કાસમ વીરજી સં. ૧૯૪૦ માં અસ્નાશરી થયો ને સં. ૧૯૪૧-૪૨ માં પરણ્યો. મારો પીત્રાઇ ને હું પરણાવવા ગયો હતો. અબ્દલા નજરઅલી સં. ૧૯૪૦-૪૨ માં અશનાશરી થયો ને તે બાર વરસ એ વરસ પહેલાં પરણ્યો હતો. મહુવામાં આગાખાની ને અશનાશરી વચ્ચે કેસો મંડાયા હતા. મારામારી થઇ હતી. સં. ૧૯૪૦ થી સં. ૧૯૬૦ સુધી અમારે કજીયા ચાલ્યા છે. ને સં. ૧૯૬૦ થી અડધો ભાગ પડયો ત્યારથી બંધ છે. ભાવનગરમાં ૨૦૦ ઘર છે તેમાં ૮૦ અસનાશરી છે જુનાગઢ ને હાલારમાં ૧૦-૧૨ વરસથી આગાખાનથી અશનાશરી જુદા પડયા છે. આગાખાનને કરભાર દેતા નહીં. સૈયદના દીકરાને દેતા. સઇયદના દીકરા બધા અમારા પીર છે. આગાખાન સઇયદ છે એટલે અમે માનીએ છીએ, મરજી પડે તો આપીએ. સં. ૧૯૫૦ માં મેં રૂ. ૫૦ દીધા હતા. આગળ નાતનો કર લેવાતો તેમાંથી વાપરતાં. વધારો આગાખાનને મોકલતા. હવે નથી મોકલતા.

ફરી તપાસ—નથી તા. ૧૫-૭-૧૫

ખોજા ધરમશી મામદ રે. તળાજાની જુબાની.

આગાખાની ખાનામાં જતો નથી. ૩૦-૩૨ વરસથી જતો નથી. આગાખાની ખોજા અને બીજા ખોજાઓમાં દીકરીની આપલે થાય છે. મારા ભાઇ નથુ મામદ ઇસનાઅશરીની દીકરી ખોજા ગાંગજી મેઘજી તળાજાવાળાના દીકરા અલાદીન વેરે દીધી છે અલાદીન આગાખાની છે. મારા કાકા ગીગા ધુરાનો દીકરો મનજી અશનાશરી છે. તે આગાખાની ગાંગજી મેઘજીની બેન વેરે પરણ્યો છે. મારી બેનની દીકરી તે રતનશી પીરભાઇ તળાજાવાળાની દીકરી મુંબઇમાં આગાખાની ખોજા છગન જીણાના દીકરા નજરઅલી વેરે આપી છે. રતનશી અસ્નાશરી છે. તળાજાના ખોજા હીરજી જેઠાનો દીકરો અલાઉદીન જે ઇસનાશરી છે. તે તળાજાવાળા આગાખાની મામદ ગાંગજીની દીકરી રામબાઇ વેરે પરણ્યો છે. તળાજાના આગાખાની ખોજા ધરમશી બાબુલ પોતે પાલીતાણા વાળા અશનાશરી ડાયાની દીકરી મરીયમ વેરે પરણ્યો છે. તળાજાના ખોજા કાનજી દેવજી જે સ્વામીપંથી છે તે પોતે મહુવામાં આગાખાની અભરામ વાલજીની દીકરી વેરે પરણ્યો હતો. ખોજા દેવજી પ્રધાન સ્વામી પંથીની દીકરી ખોજા હીરજી લખમશી અશનાશરી વેરે પરણી છે આ બધા વચ્ચે સારો સબંધ છે. ચમારડી વાળા ખોજા કાસમ નુરમામદ તે અસનાશરો છે. તે પછેગામ વાળા આગાખાની જેનું નામ જાણતો નથી તેને ત્યાં પરણ્યો છે. કાસમ નુરમામદ બે ચાર વખત તળાજે આવેલ છે, તેથી ઓળખું છું. તેની માસીને ત્યાં તે આવતો નાત આગાખાનની જમતી હોય કે અમારા વાળાની જમતી હોય તો નાતમાં જમવાનું નહીં, પણ ઘર આંગણે તો એક બીજા જમે જુઠે છે.

પ્ર. ના. વ. ની, ઉ. ત. માં:——તળાજામાં ૫૦ ઘર ખોજાના છે. તેમાં લગભગ ૪૦ અસ્નાસરી છે. જુદા પડયા તે ૩૦-૩૨ વરસ થયાં. સં. ૧૯૪૦ પછી જુદા પડયા છીએ. મારા ભાઇની દીકરી સં. ૧૯૪૭ માં પરણી હતી. ૪૦ ઘર એક વખત અસનાશરી થએલા. ગીગા ધુરાનો દીકરો સં. ૧૯૪૦-૪૧-૪૨ માં પરણ્યો હતો. જુદા પડયા પછી પરણ્યો હતો. મારી બેનના દીકરાના લગન થયાં ૬-૭ વરસ થયાં છે, અલાઉદીનના લગ્ન થયા ૨૦-૨૫ વરસ થયાં છે. ધરમશીને પરણ્યા ૧૭-૧૮ વરસ થયાં છે. હું પોતે જાનમાં ગયો હતો. જાન તળાજેથી જોડી હતી. પાલીતાણાના ખોજા ડાયાને ઘેર સં. ૧૯૫૯-૬૦ માં ગયો હતો. પાલીતાણામાં આખુ ગામ અશનાશરી છે. એકાદ બે ઘર ન હોય તો ૪૦-૫૦ ઘર છે. ગઢડેથી આવેલ છે. ને તે ધર્મ પાળતા તેથી સ્વામી પંથી કહું છું. મેં પોતે ધર્મ ક્રીયા કરતા જોયા નથી ખોજા દેવજી ધરમશીને સ્વામી મંદીરમાં જતાં જોયેલ છે. તેથી સ્વામીપંથી કહું છું. કાનજી દેવજી તેનો દીકરો છે. મારે ત્યાં કાસમ મેમાન થયેલ નથી. કાસમના કહેવાથી કહું છું. તે હયાત છે. આ તરફ ખોજા જુદા કયારે પડયા તે ખબર નથી. બાઇઓ જે આવી તે અશના

રી ધર્મ પાળે છે, ખાનાામાં જાય તો બાધ નથી. તે જાય છે. એમ પોતાથી કહે છે. ઇસમાયલી બા- ઓ તે ધર્મ પાળે છે. આવવા જવાનો બાધ નથી

ફરી—નથી તા. ૧૫-૭-૧૫

ખોજા નથુભાઇ પ્રેમજી રે. પોરબંદરની જુબાની.

વા. ના. વ. ની ત. માં —અમે આગાખાની ખોજા નથી. આગાખાની ખોજાને બીજાઓની વચ્ચે કરીની આપલે કેટલેક ઠેકાણે થાય છે. અમારા ગામમાં તેવું નથી. અમારા ગામમાં બે ઘર છે, બને ર અસનાઅશરીના છે. બીજા ૧૦૦ ઘર આગાખા- નીના છે. જંગબારના ખોજા ગુલામ હુસેન નાસર રમાગદ જે અસનાસરી છે. તે મારી સાથે જંગ- બારથી દેશમાં આવેલ તેનું સગપણ ભાવનગરમાં ઇબ્રાહીમ જુસબ વરતેજીને ત્યાં કરી, બે અઢી વર- સથી વીવા કર્યા છે. ઇબ્રાહીમ જુસબ આગાખાની છે ને ઇસમાયલી સીતારાનો એડીટર છે. રાણાવાવનો અશનાશરી ખોજા હાજી નુરમામદ જમાલ છે તેની ઓરત ખાનાનો ધર્મ પાળે છે. આ ધણી ધણીયા- ણી ભેગા રહે છે. બીજો દાખલો હું જાણતો નથી. હું પરદેશ ઘણું ખરૂં રહું છું. કરીમ જુમા સુપેડીવા- ળાને ઓળખું છું. તે માડાગાસ્કરમાં અનલાવા ગામમાં છે મારી પાસેથી વખારનો માલ લે છે. તે માણસ આગાખાની ધર્મ પાળે છે. તેની પેલી સ્ત્રીના છુટા છેડા શું કારણથી થયા છે તે મને ખબર નથી. જીણા પુંજા પાનેલી વાળાને ઓલખું છું. તે આગા- ખાની છે. આગાખાની ખોજા સાથે મારે વેપારને લેવદેવ છે. ને સારા માઠે પ્રસંગે અમે ખાઇએ છીએ પોરબંદર મ્યુનીસીપાલ મેનેજીંગ કમીટીનો મેમ્બરછુ

પ્ર. ના વ. ની ઉ. ત. માં—પોરબંદર વાળા ડાયા લાલજીની જુબાનીની શરૂઆત વખતે હાજર હતો ને મી. પરશોતમદાસના વાંધાથી કોર્ટે મને બ- હાર મોકલ્યો હતો હાજર હતો એટલા વખત મી. ચીનાઇને સુચના દેતો. પઇસાની મદદ કરૂં છું. જંગ બાર વાળાનું સગપણ મેં કર્યું છે. ને વીવા કરવા- માં હું હતો. તે ઇસમાયલી છે એવો કાગળ લઇને ગયો નહોતો. હાજી નુરમામદને આગાખાની જમાતે નાત બહાર મુકયો હોય તો મને ખબર નથી. અ- શનાશરીને નાત બહાર મુકયાની મને ખબર નથી. મને પણ મુકયો હતો કે કેમ તેના જવાબમાં કહું છું કે, અમને કોઇએ કહ્યું નથી. અમારે ને તેમને જુદું છે. આગાખાની નાતનું નોતરૂ અમને દેતા નથી. નુરમામદની વઉને ખાનામાં જતાં જોઇ છે. પ્લેગ ટાંણે હું રાણાવાવ રહેતો ત્યારે જોયેલ છે તેનો ધણી અમારી સાથે આવતો. બાઇના ટોળાંમાં ખાને જતાં જોયેલ છે. ખાનામાં હું ગયો નથી. રાણાવાવમાં કાસમને ત્યાં મારી બેઠક છે ને તેના ઘર નજીક ખાનું છે. આગાખાનને મેં સંવત ૧૯૬૨ સુધી કરભાર દીધો, ને સં. ૧૯૬૩ માં કામ- ડીયાએ કહયું કે, જુનાગઢના વારસની મનાઇ છે તેથી કરભાર નહીં લેવાય. હું માડાગાસ્કર મસીદી- આનો સેક્રેટરી તે પહેલાંથી ઘણા વરસથી હતો ડાયા લાલજી, નથુ ખમીસા, મેઘજી પ્રેમજી, જમાલ મેઘજી, તે સીવાય ઘણા સાથે ખાવા પીવા વ્યવહા- ર છે. આગાખાનને હાજર ઇમામ નહીં સૈયદ તરીકે માનતો ને હજુ માનુ છું. કરભાર જમાતને આપતા સઇયદને જશે એમ માની આપતા. આગાખાનને જશે માની આપતા. હાજી નુરમામદ પરણ્યો ત્યારે આગાખાની હતો કે કેમ તે ખબર નથી. કયારે જુદો પડયો તે ખબર નથી.

ફરી નથી તા. ૧૫-૭-૧૫

સ્ટેટ ન જુનાગઢની નામદાર સદર અદાલતમાં.

દીવાની ડીવીઝન

ખોજણ બાઇ નુરબાઇ મેઘજી રહેવાશી હાલ જુનાગઢ } અરજદાર મુળ પ્રતિવાદીયણ

વિરૂધ્ધ

ખોજા કાસમ કાનજી રહેવાશી રાણાવાવ } સામાવાળા મુળ વાદી

(સ્વ. પોરબંદર તાબે)

ઓરત કબજે લેવા તથા લગ્નના હક પુરા કરવા બાબત.

ઉપર જણાવેલા અરજદારની માનસહિત અરજકે—

આ કામના સામાવાળા ખોજા કાશમ કાનજીએ સ્ટેટ જુનાગઢની દીવાની અદાલતમાં દીવાની કેસ નં $\frac{૧૦૯}{૭૦}$ થી મને કબજે લેવા તથા મારી સાથેના લગ્નના હક પુરા કરાવવા દાવો કરેલો છે. આ દાવામાં મારો મુખ્ય બચાવ એવો છે કે, જ્યારે લગ્ન થયાં ત્યારે અમો બંને પક્ષકાર ઇમામી ઇસમાઇલી ધર્મના હતા. અને ત્યારબાદ વાદી મસીતીયો એટલે અસનાઅશરી થઇ જવાથી નાસ્તિક અને ધર્મભ્રષ્ટ થએલો છે તેથી તેને લગ્નના હક પુરા કરાવવા હક નથી. એટલુંજ નહિ પણ અમારી ઇમામી ઇસ્માઇલી ખોજા જ્ઞાતી રીવાજ પ્રમાણે અને અમારી જમાતના હુકમ અનુસાર ઉપરના કારણસર મારો છેડા છુટકો થઇ ગયો છે. તેથી વાદીનો દાવો ચાલી શકતો નથી. તે ઉપરે બચાવ ઉપરની મુળ કોર્ટે જ્યારે રા. રા. કાન્તીલાલભાઇ તે કોર્ટના જડજ હતા તેમણે નીચે પ્રમાણે મુદ્દા કાઢેલા છે.

૧ વાદી સાથે પ્રતિવાદીના કાયદેસર છુટા છેડા થવાનું સાબીત છે કે કેમ ?

૨ વાદી ખાનાઇ મટી મસીતીઓ થવાથી ધર્મ ભ્રષ્ટ થયો ગણાય કે કેમ ?

૩ તેમ સાબીત થાય તો, વાદી પ્રતિવાદીના લગ્ન સબંધને કાંઇ અસર થાય છે કે કેમ? અને શું?

૪ વાદીને કાંઇ દાદ મળી છે કે કેમ? અને શું?

અને તે મુદ્દાનો બોજો મારા ઉપર નાખી મારો પ્રથમ લેવામાં આવેલો છે. જે પુરાવામાં હુલ મારા તરફથી ૧૩ સાક્ષીઓ તપાસવામાં આવ્યા તેમાં ૮ સાક્ષીઓ રા. રા. કાન્તીલાલભાઇના વખતમાં તપાસવામાં આવ્યા છે અને બાકીના સાક્ષીઓ હાલના જડજ રા. રા. છોટાલાલભાઇ રૂબરૂ તપાસેલ છે. બંને ન્યાયાધિશ સાહેબ રૂબરૂ સાક્ષીઓને ઇમામ ઇસ્માઇલી ધર્મમાં અને ઇસનાઅશરી ધર્મમાં મુખ્ય તફાવતો શું છે તે બતાવવા માટે સવાલો પુછવા દેવામાં આવ્યા છે, એટલુંજ નહિ પણ તે સવાલો મારા સાક્ષી કાશમ શીવજી નં. ૭૬ ને પુછવા દીધા બાદ તેવા સવાલો માટે કોર્ટનો અને પક્ષકારોનો વખત ન જાય તેટલા માટે હાલના જડજ રા. રા. છોટાલાલભાઇએ તેજ તારીખ એટલે તા. ૭–૩–૧૫ ના રોજ પ્રોસીડીંગ કરી દરેક પક્ષકારની પોતાના ધર્મની માન્યતા સબંધી હકીકત માગી હતી અને તે માન્યતાના સબંધમાં કેટલી હકીકત સામસામી કબુલ રાખવામાં આવે છે તે બાબત પણ પુછવામાં આવી હતી. તે ઉપરથી બંને પક્ષકારો તરફથી પોતપોતાના ધર્મ સબંધે માન્યતાની હકીકત સદરહુ પ્રોસીડીંગને અનુસરીને આ કામમાં દાખલ થએલી છે જેમાં મોટો તફાવત દેખીતી રીતે માલુમ પડે છે પરંતુ તેમાં તે માન્યતા સાબીત કરવામાં વખત ન જાય તેટલા માટે સામસામી કબુલાત જે માગવામાં આવેલી તે મારા સાહેદ કાસમ કુરજીની જુબાની વખતે વાદી પાસેથી કોર્ટે ખાસ માગ્યા છતાં પુરા પાડવામાં આવી નહિ એટલે સાબીતિનો સવાલ જેમનો તેમ ઉભો રહ્યો અને તેથી અમો પ્રતિવાદીના સાક્ષીઓને તે સબંધી સવાલો રા. રા. છોટાલાલભાઇએ પુછવા દીધા, જુઓ મારા સાક્ષી કાસમ કુરજીની જુબાની નં. ૫૯ માં. વાદીનો પુરાવો હાલમાં શરૂ કરવામાં આવેલ છે. તેમાં ચાર સાક્ષીઓ તપાસવામાં આવેલ છે અને બાકીના સાક્ષીઓ ચાલતા માસની તા. ૨૬ મીની મુદત ઉપર તપાસવાનું રાખેલ છે. આ સાક્ષીઓની તપાસણીમાં વાદીના પહેલા સાહેદ મી. એદલજી ધનજી કાબાની મુખ્ય તપાસમાં ધર્મના માન્યતા સબંધી વાદીને સવાલ પુછવા દેતાં તેણે નીચે મુજબ હકીકત લખાવી છે.

“ અમારો અને આગાખાનનો એકજ ધર્મ છે. અમો તે પંથમાં સુધારો વધારો કરવા માગ્યો જેમાં તફાવત પડતાં અમે નોખા થયા છીએ. ઇસલામી ‘ધર્મથી ફેરફાર’ વાળી વાત કાઢી નાખી મહંમદ પેગંબર અને કુરાન ઉપર વિશ્વાસ રાખી તે પ્રમાણે ચાલવાનું કરતાં વાંધો આવ્યો હતો.”

મજકુર સાહેબની આ હકીકતના સબંધમાં તેમજ બંને
ના ધર્મના તફાવત સબંધી આ કામમાં મુખ્ય સવાલ
છને તે સબંધમાં અમારી ઉલટ તપાસમાં સવાલો સાહેબ
મજકુરને પુછતાં મુળ કોર્ટના વિદ્વાન જડજ સાહેબે
કાંઇપણ દલીલ સાંભળ્યા સિવાય તેમજ વાદીના વકી-
લે કાંઇપણ વાંધો નહિ છતાં જનરલ સવાલ નોંધી
સવાલો લગતા નથી. એમ સાહેબ મજકુરની જુબા-
નીમાં રૂલીંગ આપેલું છે. (જુઓ આ સાથે રજુ રાખેલ
સાહેબ મજકુરની જુબાનીની ખરી નકલ) સદરહુ
રૂલીંગ નીચે પ્રમાણે છે:—

"ધર્મના ડીફરન્સ શું શું છે. નામંજુર. આ
બાબત લગતી નથી"

એમ કહી તમામ સવાલો તે સાહેબ માટે તેમજ
બીજા સાહેબો માટે બંધ કરેલા છે એટલે તે રૂલીંગ
સામે આ રીવીઝન અરજી કરવા ફરજ પડેલી છે. આ
કામમાં નીકળેલા મુદ્દાઓ ઉપરથી તેમજ આ કામમાં
અગત્યની જે હકીકત કેસમાં આવેલી છે તે ઉપરથી
આપ સાહેબને ખુલ્લી રીતે જણાશે કે, આ કામમાં
બીજા નંબરનો મુદ્દો તે સબંધી છે અને પક્ષકારોના
ધર્મની માન્યતા તથા તેઓ વચ્ચેના તફાવતો સબંધે
એટલા ઉપરથી આ કામમાં અમો પ્રતિવાદીના સાક્ષી-
ઓની જુબાનીમાં તે વીશેના સવાલો પુછવા દેવામાં
આવ્યા છે. એટલુંજ નહિ પણ તેટલાજ કારણથી
હાલના જડજ સાહેબે બંને પક્ષકારો પાસેથી ઉપર
બતાવ્યા પ્રમાણે ખાસ પ્રોસીડીંગ કરી તે તફાવત
સબંધે હકીકત માગેલી છે અને અમારા સાક્ષીઓની
જુબાની દરમિયાન બંને પક્ષકારોને તે સબંધમાં
સવાલો પુછવા દીધા છે, એટલે હાલ જે રૂલીંગ કર્યું
દેખાતી રીતેજ ખોટું છે, અને તેટલા માટે આ
રીવીઝન દાખલ કરી તે રૂલીંગ સુધારવાની પુરેપુરી
જરૂર છે. કારણ કે આ કેસ એમનો એમ પુરો કરી
વામાં આવે, અને અપીલમાં આ કેસ જાય ત્યારે
અપીલ કોર્ટ એવા નિર્ણય ઉપર આવે કે આ
સવાલો આ કેસમાં લગતા હતા તો પછી વાદીના
તમામ સાક્ષીઓ ફરી તપાસવા ફરજ પડે અને
કોર્ટનો તથા પક્ષકારોનો વખત બરબાદ ગયા બરોબર
થાય. જેથી માન સહિત અરજ કરવાની કે
ચાલતા કેસે આ રૂલીંગ સબંધમાં નામદાર કોર્ટે વચ્ચે
પડી તે રદ કરવાની પુરી જરૂર છે વળી આ કામમાં
પહેલો મુદ્દો પણ એટલોજ અગત્યનો છે. તે મુદ્દામાં
ખોજા લોકોને હકની બાબતમાં પણ તેમના વારસાના
હકમાં ધર્મનું અને રીવાજ લાગું પડે છે કે મુસલમાની

શરેહ લાગુ પડે છે તે સવાલ સમાએલો છે. ખોજા
લોકો હીન્દુમાંથી વટલી ખોજા થએલા છે તે બીન-
તકરારી હકીકત છે એટલુંજ નહિ પણ તેઓ એક
ખાસ ધર્મ માનનારી કોમ છે એમ પણ નામદાર
હાઇકોર્ટ ઠરાવેલું છે (જુઓ ૧૨ મુંબઇ હા. રી.
પાનું ૨૯૪) અને તેથી તેઓને મુસલમાની શરેહ
લાગુ નથી તેમજ હીન્દુ લૉ પણ સંપુર્ણ રીતે લાગુ
નથી પણ તેમના ખાસ રીવાજ અને ધારા લાગુ છે
એમ ઉપરના કેસમાં ઠરેલું છે. એટલે ખોજાના ધર્મ
સબંધી માન્યતા તથા રીત રીવાજો બાબતના સવાલો
આ કામમાં પુરેપુરા લગતા છે એટલુંજ નહિ પણ
ખાસ મુદ્દાના છે: કારણ કે બીજા મુદ્દાનો નિર્ણય
તેના પર રહેલ છે તેથી તે સવાલો પુંછવા આપવા
ની આ કેસને અંગે પુરી જરૂરીયાત છે, છતાં હાલના
રૂલીંગ પ્રમાણે તે સવાલો પુછવા દેવાની ચોખ્ખી ના
પાડવામાં આવી છે અને આવે છે તેથી આ કામ
માં રીવીઝનમાં વચ્ચે પડી ઉપરનો રૂલીંગ રદ કરવાની
જરૂર છે. વાસ્તે વાદીના ચારે સાક્ષીઓને ફરી બો-
લાવી તે સબંધી સવાલો પુછવા દેવામાં આવે અને
હવે પછીના સાક્ષીઓને પણ ઉપરની બંને બાબતમાં
સવાલો પુછવા દેવામાં આવે તેવો હુકમ ફરમાવવા
મેહરબાની કરશો.

આવા ખાસ પ્રસંગે રીવીઝનમાં નામદાર હાઇ-
કોર્ટ ચાલતે કેસે કાયદા પ્રમાણે દરમીયાન આવી શકે
છે તેથી માનસહિત અરજ કરવામાં આવે છે કે
આ રીવીઝન અરજી દાખલ કરી કેસના કાગળો
નીચેની મુળ કોર્ટમાંથી મંગાવી બંને પક્ષકારોને
સાંભળવા તારીખ નીમવા મહેરબાની કરશો ને સાંભ-
ળ્યાબાદ યોગ્ય હુકમ આપશો. તા. ૨૧-૮-૧૫.

બાઇ નુરબાઇ મેઘજીની સહી દઃ

રીસ્પૉન્ડેન્ટ કાસમ કાનજીનો જવાબ.

મેંહરબાન સંસ્થાન જુનાગઢની સદર અદાલતના
જડજ સાહેબની હજુરમાં.

મુ૦ જુનાગઢ.

રીસ્પૉન્ડેન્ટ રાણાવાવના ખોજા કાસમ કાનજીની
અતિ નમ્રતા પુર્વક બંને કર જોડીને વિનતી જે:-સદર
અદાલતના રે. નં. $\frac{३४३}{१५-१६}$ થી મને સમન્સ
પહોંચાડવામાં આવ્યો છે અને તેમાં મારી ઓરત
ખોજાણ નુરબાઇ મેઘજીએ મારાપર અપીલ કીધી

... તા. ૧૮ સપ્ટેમ્બરના રોજ મને કોર્ટમાં ... થવાને ફરમાવવામાં આવ્યું છે. મારી ઓરત ... નુરબાઇ મેમજી ને મેં કબજે લેવા તથા ... હકો પુરા કરવા દેવાને ફરીયાદ માંડી છે તે ... તેણીના વકીલોને દીવાની અદાલતમાં મહેરબાન ... સાહેબે અમારા સાક્ષીઓને સગાઇ તથા ...ને લગતાં સવાલો પુછવા દીધા નથી તે ...ની અપીલ કીધી છે. એવું મને મારા વકીલે ...વ્યું છે. હું રીસ્પોન્ડેન્ટ તરીકે નીચેનો જવાબ ... કરી વાદીની અપીલ ના મંજુર કરવાને વિનંતી ... છું.

૧ દીવાની કોર્ટમાં મારી ઓરત કબજે લેવાનો મારા તરફથી માંડવામાં આવેલો કેસ ચાલેછે. તે કેસમાં ધર્મની બાબતો કાંઈ પણ જરૂરની નથી છતાંપણ સામાવાળા ગેરવાજબી રીતે કોર્ટનો વખત બરબાદ કરી કેસને લંબાવવા માગે છે અને તેથી તેમની અપીલ નામંજુર કરવી જોઇએ.

૨ એપેલેન્ટ તદન ગરીબ છે. તેણે મુનસફ કોર્ટમાં જણાવ્યું છે કે, પેટ ભરવા હું હબીબ વારસને ત્યાં નોકરી કરૂં છું અને પેટ વડીએ રહું છું. આવી રીતે પેટ વડીએ કામ કરનાર વકીલ બારીસ્ટરો રાખી બબ્બે વર્ષ મોટી ધામધુમ સાથે લડી શકે નહિ. પરંતુ મારા પ્રત્યે શત્રુવટ ધરાવતા આગાખાની જમાતના વારસ હબીબ કાસમ તથા ડાયા લાલજી વીગેરે આગેવાનોએ તેણીને પડખે ચડી બધું ખર્ચ પુરૂં પાડે છે અને જેમ બને તેમ કેસ લંબાવી મુજ ગરીબ માણસને હેરાન કરે છે અને હું કોઇપણ રીતે કાયર થઇ કેસ માંડીવાળું તેમ કરાવવા ઉપર પ્રમાણેના ...કત્રા માર્ગો હાથ ધર્યે જાય છે. આ ઉપરથી આપ સાહેબને રોશન થશે કે, એપેલેન્ટ એક તદન કંગાલ ઓરત છે પરંતુ તેને પડખે ચડનારજ આ કેસ ખરી રીતે ચલાવે છે અને તેમ કરી તેઓ પોતાની નેમ જે મને હેરાન કરવાની છે તે પુરી પાડે છે તો આપ નામદાર સાહેબ તેમના આવા ગેરકાયદેસરના હેતુ અટકાવશો અને તેમની અપીલને નામંજુર ફરમાવશો.

૩ હું તદન ગરીબ સ્થિતિનો માણસ છું. કેસ કરજે નાણાં લઇ ચલાવવો પડે છે. એપેલેન્ટને કેસ માટે આગાખાની જમાતની તેજુરીમાંથી નાણાં ... છે વળી મારી ગરીબ સ્થિતિ તેઓની જાણમાં હોતાં, ઉપર પ્રમાણે મને દરેક રીતે ... નાંખી પોતાનો હેતુ પાર પાડી જવા માગે છે. તો તેવા કારણને લઇ તેમની અપીલ નામંજુર ફરમાવશો.

૪ સગાઇ તથા રીતરીવાજોના સવાલો પુછવા દીધા નથી. તેમ જણાવી તે પુછવા દેવામાં આવે એવી માગણી કરવામાં આવે છે; પરંતુ તે માત્ર કેસને લંબાવવા ખાતરજ તેમ કરવામાં આવે છે; નહિતર આવાં કેસમાં સગાઇ તથા રીવાજોના સવાલો કાંઇપણ જરૂરના નથી. વળી સગાઇ તથા રીત રવાજની બાબતો દરેક ગામે જુદી જુદી હોય છે. અને તેવી કોઇ બાબતો જે સરકાર પાસેથી મંજુર કરાવી નથી તે કાયદેસરની પણ ગણાય નહિ અને તેવી બીન જરૂરની બાબત માટે કોર્ટે પોતાનો વખતનો બરબાદ કરવો તથા મને કેસ લંબાવી હેરાન કરવો કોઇપણ રીતે ઇષ્ટ નથી

૫ દીવાની અદાલતમાં જેજે સવાલો બિન જરૂરનાં જણાવવાંમા આવ્યા તે પાકો વિચાર કરીને તથા કેસનું એકંદર સ્વરૂપ જોયા પછીજ જાહેર કરેલા છે ધર્મ બદલાવવાથી સગાઇ તુટે તેવું તેઓ સાબેત કરે, તો પણ તે બીન જરૂરનું છે. કેમકે આ કેસ કાંઇ સગાઇ તોડવા સબંધેનો નથી. તો દીવાની અદાલતના ફેસલા ઉપર આપ સાહેબ બારીકાઇથી વિચાર કરશો અને તેમ કરતાં એપેલેન્ટની અપીલ નામંજુર ફરમાવશો.

૬ દીવાની અદાલતમા ચાલતા કેસમાં પ્રતિવાદી તેના સાક્ષીઓ તથા વકીલો કબુલ રાખેછે કે હું મુસલમાન તથા શીઆપંથનો છું. અને પોતે પણ તેજ ધર્મ તથા પંથના છે અને એ રીતે વાદી પ્રતિવાદી મુસલમાન તથા શીઆપંથના હોવાનું સ્વીકાર કરવા છતાંપણ મારાપર ધર્મ ભ્રષ્ટ પણાનો આરોપ રાખીને મારી ઓરત મારા હાથથી ગેરકાયદે છટકાવવા માગેછે તથા તેને પડખે ચડનારા છટકાવવા માગેછે આ ઉપરથી કોર્ટને સિદ્ધ થશે કે તેઓ માત્ર ગેરકાયદે, ધર્મની વચમાં સંડોવવા માગેછે અને સંડોવ્યો છે ... તેમ કરવાનું મને હેરાન કરવા સિવાયનું કોઇ ... કારણ નથી તો તેમની અપીલ ના મંજુર ફરમાવશો.

૭ નામદાર કોર્ટને કેસ તપાસતાં સિધ્ધ થશે કે પ્રતિવાદી તથા તેના સાક્ષીઓ પોતાને મુસલમાન તથા શીઆ પંથના કહેવા સાથે દશ અવતારને માનીએ છીએ. કુરાન માનતા નથી. નીમાજ રોજા, તથા હજની ફરજ નથી. વીગેરે પોતાની મુસલમાન પ્રમાણેની માન્યતાથી ઇરાદા પુર્વક જુઠ બોલી આ કેસ પોતાના લાભમાં કરાવી લેવા માગેછે. તો આ ઉપરથી પણ નામદાર કોર્ટને સિધ્ધ થશે કે, તેઓનો વિચાર અનરથી રીતે ફાવી જવા ઉપર છે તો આપ નામદાર તેમની અપીલ ના મંજુર ફરમાવશો. ઓરત કબજે લેવાનો કેસ જે બેચાર દિવસમાં પતી જાય તેને બે વરસ જેટલી મુદત સુધી મોટી ધામ-ધુમથી લંબાવી મોટા મોટા વકીલ બારીસ્ટરો રોકેછે. અને એ રીતે તેઓ પોતના નાણાં ઉપર મસ્ત બની ફાવી જવા માગે છે તો આપ સાહેબ તેમના આવા વિચારોને દરેક વખતે દ્રષ્ટિમાં રાખશો અને આ વખતે તેવા વિચારને લઇ તેમની અપીલ નામંજુર કરશો

૯ આ કેસમાં ધર્મનો સવાલ એટલા માટે પણ બીન જરૂરનો છે કે અમારી કોમ ખોજામાં અનેક ધર્મ પાળનારા લોકોછે અને તે એટલે સુધી કે મુસલમાન ધર્મ સિવાયના ધર્મ વાળાપણ છે અને તેઓ દરેક વચ્ચે કન્યાની આપ લેનો વહીવટ ચાલતો આવ્યો છે અને તેના હજારો દાખલા ગામો ગામ મોજુદછે તેથી પણ તેઓની અપીલ ના મંજુર કરવી જોઇએ

૧૦ ધર્મ બદલવાથી એકપણ લગ્ન તોડવામાં આવ્યું હોય તેવો એક પણ કેસ કાયદાની કોર્ટમાં ચડેલો કે તેમના લાભમાં થએલો તેઓ બતાવીકે રજુ કરી શકતા નથી પરંતુ તેઓ મને દરેક રીતે હેરાનજ કરવા માગેછે તો નામદાર કોર્ટે તેમની અપીલ ના મંજુર કરવી જોઇએ

૧૧ એપેલન્ટ જે રીત રીવાજની બાબત પુછવા દેવાને માગણી કરેછે પરંતુ તે બાબત પણ બીન જરૂરની છે કેમકે તેઓ તદન બનાવટી અને ધર્માન્ધ લોકોની વાતોને રીવાજની બાબત તરીકે રજુમાં લાવે છે ઇસનાઅશરીઓ સાથે બોલાય નહિ તેની સાથે ખાઇ પી શકાય નહિ બેટ સોગાદ આપી શકાય નહિ તેમના મૈયતમાં જાઇ શકાય નહિ વીગેરે વીગેરે બાબતો માત્ર અણસમજુ ધર્માન્ધ લોકોમાંજ હોઇ શકે છે. તેથી તેવી બાબતોને રીવાજ સાથે લાગતું વળગતું નથી તો તેમની અપીલ રદ કરશો જી

૧૨ લગ્ન કરવા તથા તોડવાનો જમાતને હક કે અધિકાર નથી, માત્ર તેઓ લાગાના પૈસા લેવાને લગ્ન વખતે આવે છે બાકી લગ્ન કરવા તથા તોડવા [illegible] જમાતજ લગ્ન કરે તથા તોડે તો કોઇપણ લગ્ન કે છુટા છેડા સ્વસતોષથી થાય નહિ તો એ રીતે તેમની અપીલ નામંજુર ફરમાવશો.

૧૩ કદાચ આપ નામદારને તેમની અપીલ મંજુર કરવાને યોગ્ય લાગે તો તે બાબતના ઠરાવમાં એવી માગણી કરૂંછું છુ મારા સાક્ષીઓ તથા પુરાવા રજુ કરવાને મને ઘટતી મુદત આપ-વામાં આવે કે જેથી હું કાંઇપણ ગભરાટમાં નહિ પડતાં મારા ગજા પ્રમાણે સાક્ષીઓ તથા પુરાવાં રજુ કરી શકું આવી નોંધ ઠરાવમાં કરવામાં આવશે એવી વિનંતી છે કે જેથી મારે તેવી બાબત માટે અપીલ લાવવાની રહે નહિ.

૧૪ જો અપીલેન્ટની અપીલ મંજુરજ કરવામાં આવે અને નામદાર કોર્ટને એમજ મુનાસબ જણાય કે ધર્મ, સગાઇ તથા રીત રીવાજ વીગેરેના સવાલો પુછવા દેવા જોઇએ તો મને પણ મારો કેસ સાબેત કરવા માટે તેવો હક મળવો જોઇએ કે હું પણ તેવા દરેક સવાલો બાબતના પુરાવા રજુ કરૂં અને– આવી રીતે નીકા તુટતા નથી વીગેરે માટે મેં કમીશન માટે મુનસફ કોર્ટમાં અરજ આપેલી, પરંતુ તે અરજ નામંજુર કર-વામાં આવી છે તો ઠરાવ સાથે તે રદ કરવામાં આવેલી અરજને પાછી મંજુર કરવામાં આવે તેવો હુકમ ફરમાવવો જોઇએ કે, જેથી મારા સ્વસતોષથી કામ થવામાં ખંડત થઇ જણાય નહિ. વળી જો મારી તેવી કમીશનની અરજ મુનસફ કોર્ટમાં નામંજુર કરેલી છે તે જો નામંજુરજ રહેતો એક પક્ષને પોતાના પુરાવા આપવાને દરેક સગવડ મળી શકી છે અને મને મળી શકી નથી તેમ ગણતાં કોર્ટને ફેસલા વખતે તેટલા પુરાવાની ખામી લાગશે અથવા ખામી રહી જશે.

ઉપર પ્રમાણે અપીલ નામંજુર કરવાના કારણો જણાવું છું અને આપ સાહેબ કેસનું સ્વરૂપ, મારી સ્થિતિ તથા અપીલેન્ટને મદદે ચડનારાઓની કેસમાં પ્રતિવાદી ને આપની મદદ, મારી હેરાનગતિ વીગેરે લક્ષમાં રાખી એપેલન્ટની અરજ નામંજુર કરશો એવી દરેક આશા છે તા૦ ૧૮–૯–૧૫

ખોજા કાસમ કાનજીની સહી દઃ પોતે

સંસ્થાન જુનાગઢની સદરે અદાલત

ફો. રી. અરજીનં. $\frac{૧૨}{૧૫-૧૬}$

જજમેન્ટ.

આંક ૯

ફાઇલ તારીખ ૨૧-૮-૧૯૧૫ ફેસલ તારીખ ૧૮-૧૦-૧૫

ખોજણ બાઇ નુરબાઇ મેઘજી રે. જુનાગઢ } અરજદાર.

વિરૂધ્ધ.

ખોજા કાસમ કાનજી રે. રાણાવાવ } સામાવાળા.

દીવાની અદાલત મુ. ના. $\frac{૧૦૯}{૭૦}$ નો ઠરાવ રદ થવા બાબત

સંસ્થાન જુનાગઢની દીવાની અદાલતના દી. મુ. ના. $\frac{૧૦૯}{૭૦}$ ના કામમાં તારીખ ૧૪-૭-૧૫ ના રોજ કરેલ રૂલીંગથી નારાજ થઇ મથાળે લખી અરજદારણે નીચે લખી વીગતે અરજ કરી છે.

અરજીની મતલબ

જુનાગઢ દીવાની અદાલતે મુ. ના. $\frac{૧૦૯}{૭૦}$ ના કામમાં ખોજા કાસમ કાનજીએ ખોજણ નુરબાઇ મેઘજી ને કબજે લેવા અને લગ્નનાં હક પુરા કરાવવા દાવો કરેલ, તેમાં અરજદાર ખોજણનો બચાવ એવો છે કે અમારા લગ્ન થયાં ત્યારે અમો બંને પક્ષકાર ઇમામી ઇસમાઇલી ધર્મના હતાં અને ત્યારબાદ મસ્તીગો થઇ જવાથી ન્યાતબહાર અને ધર્મ ભ્રષ્ટ થયેલો તેથી લગ્નનાં હક પુરા કરાવવા હક નથી, વિગેરે.

મતલબની અરજી મથાળે લખી અરજદારણે કરતાં અરજદારણ તરફથી મી. ગુલામમહંમદ મુનશી બારીસ્ટર એ-ટલો અને રીસ્પોન્ડેન્ટ જાતે હાજર થતાં તેઓની રૂબરૂની દલીલ સાંભળી તથા કામના કાગળો લક્ષમાં લીધા તે ઉપરથી અમારો અભિપ્રાય એવો થાય છે કે—

અરજદારની રીવીઝન અરજી મંજુરી થવી જોઇએ.

કારણો.

મથાળે લખ્યા ખોજા કાસમ કાનજીએ આ કામની અરજદારણ ખોજણ બાઇ નુરબાઇ ઉપર જુનાગઢ દીવાની અદાલતમાં મુ. ના $\frac{૧૦૯}{૭૦}$ નો ઓરત કબજે લેવા તથા લગ્નના હક પુરા કરાવવા બાબત દાવો કરેલ છે; તે કામમાં અરજદાર પ્રતિવાદીપણનો પુરાવો સરૂ થતાં, તેમાં ચાર સાક્ષીઓ તપાસવામાં આવેલ છે. અને બીજા સાક્ષીઓ હજી તપાસવાબાકી છે વાદીના પહેલા સાક્ષી મી. એદલજી ધનજી કાબાની જુબાની તા. ૧૪-૭-૧૫ નારોજ થઇ છે. અને તે આંક ૮૫ દાખલ છે. એ સાહેદની જુબાની વખતે ઉલટ તપાસમાં અરજદાર પક્ષ તરફથી પક્ષકારોના ધર્મના તફાવત સબંધે સવાલો પુછવામાં આવેલ, પણ નીચેની અદાલતે તેને નામંજુર કરી તે બાબત નીચે મુજબ રૂલીંગ આપેલું છે,

" ધર્મના ડીફરન્સ શુંશું છે? નામંજુર. આ બાબત લગતી નથી " આ રૂલીંગ સામે પ્રતિવાદી પક્ષે આ રીવીઝન છે "

કામના કાગળો જોતાં મુળ કેસમાં નીચે મુજબ પહેલા ત્રણ મુદા નીકળેલા છે.

૧ વાદી સાથે પ્રતિવાદીના કાયદેસર છુટા છેડા થયાનું સાબીત છે કે કેમ?

૨ વાદી ખાનાઇ મટી મસીતીયો થવાથી ધર્મ ભ્રષ્ટ થયો ગણાય કે કેમ?

૩ તેમ સાબીત થાય તો તેથી વાદી પ્રતિવાદીના લગ્ન સબંધને કાંઇ અસર થાય કે કેમ અને શું?

ઉપરના મુદા ઉપરથી અને વિશેષમાં ના. ૨ ના મુદા ઉપરથી ખુલી રીતે જણાય આવે છે કે આ કામમાં બે પક્ષ વચ્ચે "ધર્મના ડીફરન્સ શું શું છે" તે બાબતનાં સવાલો પુરેપુરા લગતા છે. આટલુંજ નહી પણ તે બાબતના સવાલો દાવાના નીકાલ માટે ઘણા અગત્યનાં અને મહત્વનાંછે એ દેખીતુંછે. જો એ સવાલો પુછવા દેવામાં નહી આવેતો દાવાનો કાયદેસર નીકાલ કેવી રીતે થઇ શકશે તે અમે સમજી શકતા નથી.

અરજદારના સાક્ષીઓને એ બાબતનાં સવાલો પુછવા દેવામાં આવ્યા છે અને સામાવાળા વાદીના મજકુર સાહેદ મી. કાબાને પણ એ બાબતના સવાલો મુખ્ય તપાસમાં પુછવા દેવામાં આવ્યા છે, અને તેના જવાબમાં તે લખાવે છે કે,

" અમારો અને આગાખાનનો એકજ ધર્મ છે " અમે તે પંથમાં સુધારો વધારો કરવા માગ્યે

" તેમાં તફાવત પડતાં અમે નોખા થયા છીએ.
" ઇસલામી ધર્મથી ફેરફારવાળી વાત કાઢી નાખી
" મહંમદ પેગંબર અને કુરાન ઉપર વિશ્વાસ રાખી તે
" પ્રમાણે ચાલવાનું કરતાં વાંધો આવ્યો હતો."

એમ છતાં ઉલટ તપાસમાં ધર્મના તફાવત બાબતના સવાલો કેવી રીતે ગેર લગતા થાય તે અમે સમજી શકતા નથી.

તારીખ ૭-૩-૧૫ ના પ્રોસીડીંગથી દરેક પક્ષકારની પોત પોતાના ધર્મની માન્યતા સબંધે નીચેની કોર્ટે હકીકત માગી હતી અને તેને અનુસરીને ધર્મ સંબંધી માન્યતાની હકીકત બન્ને પક્ષકારો તરફથી મુળ કામમાં દાખલ થઇછે તે વાંચી જોતાં બન્ને પક્ષ વચ્ચે ધર્મની માન્યતા સબંધે ઘણી બાબતોમાં મુદાનો! અગત્યનો અને મહત્વનો હોવાનું દરેક બાજુથી કહેવામાં આવ્યુંછે. એટલે કે ધર્મ સંબંધી માન્યતાની મુદ્દાની કાંઇપણ હકીકત પક્ષકારો સામ સામી કબુલ રાખતા નથી. જેથી પક્ષકારોના ધર્મની માન્યતા સંબધેનાં સવાલો પુરેપુરા લગતાછે અને તે અગત્યના અને મહત્વનાં છે. એમ ખુલ્લી રીતે જણાય આવેછે અને તે સવાલો નીચેની અદાલતે પુછવા દેવા જોઇએ એ દેખીતું છે.

એ સીવાય પહેલા અને ત્રીજા એ બે મુદા પણ મહત્વનાં અને અગત્યનાંછે. અને તેથી રીત રીવાજ અને જ્ઞાતીના ધારા ધોરણ સબધેનાં સવાલો પણ લગતા હોઇ તે પણ પુછવા દેવા જોઇએ.

ઘણે ભાગે ચાલતે કામે અમે રીવીઝન સત્તાની રૂએ વચ્ચે પડતા નથી, પણ આ કામમાં તે સત્તા વાપરવાનાં મજબુત કારણુછે જેથી ઠરાવ કરવામાં આવેછે

ઠરાવ

અરજદારની અરજ મંજુર કરી નીચેની અદાલતનું રૂલીંગ રદ કરવામાં આવેછે. અને પક્ષકારોનાં ધર્મ સંબધી માન્યતા તથા રીત રીવાજ બાબતનાં સવાલો લગતાછે એમ ઠરાવવામાં આવેછે. અરજદાર અરજ કરેતો વાદીનાં જે ચાર સાક્ષી લેવાઇ ગયાછે તેઓને અરજદારને ખર્ચે ફરી બોલાવી બન્ને પક્ષકારોને લગતા સવાલો પુછવાની તક આપવા હુકમ કરવામાં આવેછે. પક્ષકારોનું આ અરજીનું ખર્ચ પોત પોતાને શીરછે. તારીખ ૧૮-૧૦-૧૫

(સહી), મહમદ અમીન ફકીહ
સર ન્યા.

[એક આનો.] તા. ૧૫-૮-૧૫

આ. $\frac{૮૬૨}{૧૫}$ આંક ૯૬. B

શ્રી સોરઠ સરકાર બાબી બાહાદુર, સ્ટે. જુનાગઢ
દીવાની અદાલત.

ખોજા કાસમ કાનજી રે. રાણાવાવ. | વાદી.

વિરૂધ્ધ.

ખોજણ બાઇ નુરબાઇ મેઘજી, રહેવાશી જુનાગઢ. | પ્રતિવાદી

દાવો લગ્નના હક પુરા કરવા બાબત.

વાદીની અરજ એ કે આ કેસ ધર્મ સબંધી સવાલનો છે અને મહત્વનો છે. તેથી

અમારા નીચે લખ્યા અગત્યના સાહેદોને કમીશનથી જુબાની લેવા માગીએ છીએ.

ભાવનગરના.

૧ મહમદઅલી અબદુલઅલી ન્યાયાધીશ ભાવનગર.
૨ નજરઅલી શરીફ નાથાણી, રેવન્યુ ઓફીસર.
૩ દાઉદ પીરભાઇ.
૪ મુલ્લાં હાસમ વલીભાઇ.
૫ ચાંદુ ખાન.

મહુવા.

૧ નાનજી અભરામ.
૨ ઇસમાલ મહમદ.
૩ વલી વીરજી
૪ કાશમ જીવા.
૫ મામદ લાધા.

મુંબઈ

૧ જાનમહમદ સાલેમહમદ, રે. ખોજા મહોલા.
૨ હાજી બચુઅલીભાઇ, દરગા મહોલો.
૩ ફાજલભાઇ અપુસુરાજ, ડુંગરી બજાર.
૪ મનજી ખટાઉ રે. બેટાંકી
૫ હાજી ફીલ્લુ માણેક ખડક.

ઉપરમાના સાહેદોને કમીશનથી તપાસવા મહેરબાની કરશો. તા. ૧૧-૮-૧૫

૧ વાદી વકીલ છગનલાલ નાગજીની સહી.

શેરો.

કેશની રીતે અરજી કવખતની છે. પ્રથમ તેમણે અરજ કરવી જોઇતી હતી, માટે અરજ નામંજુર.

તા. ૧૧-૮-૧૫

સહી) છોટાલાલ દુલભજી.
જુ. દી. સુ.

એદલજી ધનજી કાબા રે. અમરેલીની બીજી વારની જુબાની.

હું આજરોજ ફરી પ્રતિજ્ઞા ઉપર લખાવું છું કે—

વા. ના. વ ની તઃ માં લ. છું કે:—આગા સાહેબના ફરમાનો છપાવેલ છે. કુરાનને માનવાં, નીમાઝ પઢવા બાબત જે ફરમાનો તેમના છે તેની છાપેલી બુક રજુ કરૂં છું (આંક દાખલ) આ બુકનું નામ ખોજા કોમના મઝહબના કેટલાક મુળ-તત્વો છે તથા ક્રિયા સબંધી નાનુ પુસ્તક છે, તે પુસ્તક હીજરી ૧૩૧૨ માં છપાયેલ છે. આગા સાહેબ નીમાઝ પઢે છે. એવું હું જાતે જાણું છું. ફરી કહું છું કે મેં તેમને રૂબરૂ જોયા નથી.. પણ પુસ્તકો ઉપરથી કહું છું. એક નવરોજજી માણેકજી ડુમાસીયાએ નામદાર આગાખાનનો ટુંક ઇતિહાસ પુસ્તક લખેલ છે તે ઉપરથી કહું છું (મી. મુનશી આ બાબત વાંધો બતાવતા હતા.) આગાખાન કે આગાખાની જમાતને ખર્ચે નિશાળો ઘણા ગામમાં ચાલે છે, તે નીશાળોમાં કુરાન માનવાનું શીખવવામાં આવે છે. સ્કુલોમાં જે ટેક્સ્ટ બુકો ચાલે છે અને જે મેં જોઇ છે તે ઉપરથી કહું છું. આગાખાની જમાતના ઘણા પુસ્તકો મારા જોવામાં આવ્યા છે. તે પુસ્તકોમાં કુરાન શરીફને માન આપવામાં આવે છે. બાર ઇમામને માનવા સબંધે આગાખાન તરફથી પુસ્તકો બહાર પાડયાં છે. તે પુસ્તકો સીંધી લીપીમાં છે. અને મેં પુસ્તકો પોતે લખ્યાં છે. તેમાં તેના ઉતારા લીધા છે. તે પુસ્તકોનું નામ ખોજા પંથ દર્પણ છે અને તેના સાત ભાગ છે તે સાતે ભાગ રજુ કરૂં છું. ધણી ધણીયાણીનો ધર્મ જુદો હોય તો બન્ને સાથે રહી શકે કે કેમ તે બાબતમાં આગાખાનનું ફરમાન છે તે હાસમ બોધાણી મારફતે છપાવેલ મહારે રહેમત નામના પુસ્તકના પાના ૨૭૦ પર લખેલ છે. તે પુસ્તક સીંધી લીપીમાં છે. (મી. ચીનાઇ પા. ૨૭૦ ના ફરમાનનું authorised translation રજુ કરવાનુ માથે લે છે) આગાખાનની જમાતની કાઉન્સીલો બે વરસથી થઇ છે. હમણાં ૧॥ વરસથી કાઉન્સીલ તરફથી કાયદા ઘડવામાં આવ્યા છે. આગા-અલીશા હાલના આગાખાનના બાપ થાય. તેમની લાશને કરબલામાં દફનાવવામાં આવેલ છે. આગાખાની ખોજાઓ રમઝાન માસ પાળે છે ને રોજા રાખે છે. ઇદના તહેવાર પાળે છે, મુબારક બાદી આપે છે.

ખોજા લોકો મક્કે હજ પઢવા જાય છે. આગા[illegible] ખોજા જાય છે. કુરાનને અથરવેદનું નામ ખો[illegible] આપે છે. આગાખાની ખોજે તલાક આપી [illegible] જમાતને તે વખતનો ટેક્સ આપવા માટે પુ[illegible] ખોજાઓમાં છુટા છેડાના કેસો કોર્ટમાં ગય[illegible] અને તેમાં થયેલ ઠરાવોની ખરી નકલ રજુ ક[illegible] (અમરેલી ફોજદારી કોર્ટ મું. નં. ૨/૧૩-૧૪ નકલ દાખલ આંક) મહેર, લેવાના દાવા થયેલ તેના ઠરાવોની નકલ રજુ ક[illegible] (શીહોર કોર્ટ દી. કે. ૧૬૩/૫૯ અને નવાનગર ન્યા. કોર્ટ દી. મુ. નં. ૫૫/૬૩ ના ઠરાવોની દાખલ આં.) આગાખાની અને અ[illegible] શરીમાં લગ્નના મંત્રો ઉર્ફે શેગા એકજ છે. અ[illegible] ખાની ખોજામાં પરમેશ્વરને જ્ઞાનમાં નીરંજન નિ[illegible] માનવાનું ફરમાવ્યું છે. અસ્નાશરી પણ તેમજ છે. અસ્નાશરી હાજર ઇમામને માને છે. તે હ[illegible] ઇમામનું નામ મહમદ મહેદી છે. આ મહમદ [illegible] ૧૨ બારમા ઇમામ છે. અસ્નાશરીમાં પણ શીર[illegible] થાય છે.

પ્ર: ના બારીસ્ટર મી. મુનશીની ઉ. તઃ માં[illegible] ખોજા પંથ દર્પણ મેં સ. ૧૯૧૩ ને ૧૪ માં લ[illegible] છે. જે વખતે મેં તે લખ્યા ત્યારે મારો ધર્મ અ[illegible] શરી હતો ને હાલ પણ છે. તા. ૯-૬-૧૫ ની મી[illegible] તલકચંદની લખેલી આગાખાની ખોજાની ધર્મ [illegible] તથા ધર્મની માન્યતાનું લખાણ જે આ કામમાં થયું છે તે મેં વાંચ્યું છે અને વાદીએ પણ પોત[illegible] ધર્મનું રજુ કર્યું છે તે મેં વાંચ્યું છે. પ્રતી[illegible] વાદીએ જે માન્યતા પોતાના ધર્મની લખી છે[illegible] પ્રમાણે આગાખાની ધર્મવાળા માનતા નથી. [illegible] ઇમામ ઉપરાંત તેરમા ઇમામને અમે અસ્ના[illegible] માનતા નથી. હાલ કોઇ હાજર ઇમામ છે [illegible] અમારી માન્યતા છે તે મહમદ મહેદી છે. અ[illegible] સુલતાન શાહને અમે હાજર ઇમામ તરીકે માન[illegible] નથી, તેમ તે હાજર ઇમામ નથી એમ સાહેદ પોતા[illegible] કહે છે. ખુદા સાથે જોડાયો છે ને ખુદા અવતાર છે એમ અમે માનતા નથી. ખુદા સાથે જોડીઓ[illegible] એવું કહેવું તે અસ્નાશરી ધર્મ પ્રમાણે કુફ્ર કહેવા[illegible] અવતાર લે છે તેવું કહેવુ પણ અસ્નાશ[illegible] ધર્મ પ્રમાણે કુફ્ર છે. સુન્ની ધર્મ પ્રમા[illegible]

માનુતે કુફ્ર છે. અસ્નાશરી હીદુંના નવઅવતારનેમાનતા નથી અને આ નવઅવતારો અસ્નાશરી ધર્મના રૂકન નથી. સુની પણ નવ અવતારો માનતા નથી. આગાખાન ૪૮ મા ઇમામ છે. ને તેના ખાનદાનમાં ઇમામત છે. એમ અસ્નાશરી માનતા નથી અને તેવું માનવું કુફ્ર કહેવાય છે. આગાખાન ખુદાનો અવતાર છે એમ અમે માનતા નથી. અને તે કહેવું કુફર છે. હઝરત અલીને ખુદાનો અવતાર અમે માનતા નથી. કુરાન અને મહંમદ પેગમ્બરના વચનોથી વિરૂધ્ધ જે બાબત છે તેને અમે કુફર કહીયે છીએ. હઝરત અલીને ખુદાનો અવતાર કહેવું તે ચોખ્ખું કુફર છે. હાજર ઇમામત છે અને છેવટ સુધી ચાલી જસે એમ અમે માનતા નથી. ખોજાઓ એટલે આગાખાની ખોજાઓ ધુવાને ગ્નાન એટલે જે પુસ્તકોમાં ધુવા ને ગ્નાન લખેલા છે તે પુસ્તકોને પોતાના ધર્મનો પુસ્તકો તરીકે માનતા નથી. દશ અવતારની ચોપડી ને પણ ધર્મના પુસ્તક તરીકે માનતા નથી. દશ અવતાર તથા ધુવા ને ગ્નાન પીર સદરૂદીનના બનાવેલા છે એમ આગાખાની ખોજાઓ માને છે એવું હું જાણતો નથી. અમે અસ્નાઅશરી આ ત્રણ પુસ્તકોને ધર્મના પુસ્તકો તરીકે માનતા નથી. તે ત્રણ ચોપડીઓને માનવું તે અસ્નાશરી ધર્મ પ્રમાણે કુફ્ર છે. અસ્નાશરી બ્રહમાને માનતા નથી. આગાખાની ખોજા બ્રહમાને માનતા નથી. બ્રહમાને ધર્મ ગુરૂ તરીકે માને તો કુફર કહેવાય. લાખ ચોરાશી ફેરામાં અસ્નાશરી માનતા નથી. તે માનવું કુફ્ર કહેવાય. અશ્નાંશરી ધર્મ પ્રમાણે રૂહ ફરી જન્મ લે છે તે માનતા નથી ને તે કુફર છે. કીયામતને દહાડે તે વખતનો હાજર ઇમામ આગાખાનના ખાનદાનનો હોય તે હઝરત અલીનો અવતાર લેશે એવું માનવું અસ્નાશરી ધર્મ પ્રમાણે કુફ્ર છે. અને કીયાઅતને દહાડે આ હાજર ઇમામો ઇન્સાફ કરશે એવું માનવું પણ કુફ્ર છે. જે મુસલમાન રોજા. ને હજ તેમજ નીમાઝ ફરજ નથી એમ કહે તે કાફ્ર છે. સુનીનો કલમો જુદો છે અને અશ્નાશરી અને આગાખાનીનો કલમો એકછે. અશ્નાશરીનો કલમો "લાઇલાહા ઇલ અલ્લાહ મહમદ ઉલ રસુલ ઇલાહ અલીયુન વલી ઉલા વસીયો રસુલ ઇલ્લાહ" છે તેજ કલમો આગાખાનીનો છે "લાઇલા ઇલ અલાહ મહમદ ઉલ રસુલ ઇલાહ અલી સઇ અલ્લાહ" એવો કલમો આગાખાનીનો નથી અને તેવો કલમો તેમનો છે એમ તેઓ કહેતા હોય તો તેઓ ખોટું બોલે છે.

દરેક ફીરકાનો કલમો એકજ છે. નોખો નથી. સુનીનો કલમો તમે નોખો છે એમ લખાવો છો તેનો અર્થ શું તેના જવાબમાં કહું છું કે તે ભાગ શીયા વલણ અથવા ફીરકો બતાવવા માટે છે. આગાખાની ફીરકો અશનાસરીથી જુદો બતાવવા કલમમાં કાંઇ ફેર છે કે કેમ તેના જવાબમાં કહુંછું કે બંન્ને ફીરકા જુદા નથી. તેથી તેમાં ફેર નથી. આગાખાની ખોજાઓ અને અશનાસરી ખોજાઓ બે નોખા તફા છે એવું બતાવનારા શબ્દો નથી. અને તેવું સુચવતા હોય તો ખોટું છે. આગાખાની ખોજાઓ જેમને પોતાના ધર્મના ગુરૂઓ માને છે. તેમજ તેમનેજ અશનાશરી પોતાના ધર્મના ગુરૂઓ માને છે તે સવાલના જવાબમાં લખાવું છું કે બંન્નેના ધર્મ ગુરૂઓ એકજ છે. અને તેઓ ઇમામ છે આગાખાની હાલના આગાખાનને ઇમામ કે હાજર ઇમામ તરીકે માને છે. અને તેવું મારા રૂબરૂ જુબાનીમાં કહ્યું છે તે ખરૂં છે. ધુવામાં ૪૮ ઇમામના નાંમ અને ૧૦ અવતારના નાંમ લેવાય છે એમ વાત ખરી નથી. હું ધુવા ભણું છું આગાખાની ખોજાઓ ધુવા જે ભણે છે તે હું ભણું છું સાહેદ પોતાથી કહે છે કે તમામ આગાખાની ધુવા પઢતા નથી (આ સાહેદ Epnivocation જુબાની આપતાં બહુજ કરે છે અને સમજાવી સમજાવીને પુછતાં સીધા જવાબ ન આપતાં પોતાની માન્યતા પ્રમાણેજ જવાબ દેવા એવી અસર કોર્ટને કરે છે) તે આગાખાની ખોજાઓ ધુવામાં ૧૦ અવતાર ને ૪૮ ઇમામના નામ છે અને તેમાં છેલ્લું ઇમામનું નામ હાલના આગાખાનનું છે. આગાખાની આ ધુવાઓ પોતાની પ્રાર્થના કરવાની મંત્ર તરીકે માને છે. આગાખાની નીમાઝ નહી પઢતા તેની અવેજી આ ધુવા પઢે છે. તે વાત ખરી છે કે કેમ તે હું જાણતો નથી. ધુવા પઢે ને નીમાઝ ન પઢે તેને હું કાફર કહું છું તે ધુવામાં અલી સઇ અલ્લાહ ઘણે ઠેકાણે આવે છે. અલી શઇ અલાકનો અર્થ અલ્લીજ ખરોખુદા છે એવો અર્થ થાય છે. અશનાસરી ધર્મ પ્રમાણે આ કહેવું તે કુફ્ર છે. આ ધુવા કુફર છે. જે માણસના ધર્મનું રૂકન આ ધુવા હોય તે કાફર છે. હું જન્મથીજ અશનાસરી છું ને આગાખાની મઝહબ મેં કોઇ વખત પાળ્યો નથી. ખાનામાં અનેક વખત ગયો છું જેવી રીતે બીજા ખોજાઓ ખાનામાં ધર્મ ક્રીયા અર્થે જાય છે તેવી રીતે ગયો હતો. ને બીજા ખોજાઓ સાથે ધર્મ ક્રીયામાં ભાગ લીધો હતો તે વખતે હું આગાખાની જમાતમાં હતો. આગાખાની

થયો કે ઇસ્માઇલી પંથમાં હું નહોતો. મેં જે ધર્મ ક્રીયામાં ભાગ લીધેલ તે અશનાસરી પંથની હતી, આગાખાનની નહોતી. તે વખતે ખાનામાં આ ક્રીયા થતી નહી. તે વખતે જ્ઞાન બોલાતા હતા. તે વખતે ધર્મ ક્રીયામાં ૧૦ અવતાર ને ૪૮ ઇમામના નામ લેવાતાં નહી.

(સહી) એદલજી મનજી સહી દ. પોતે
આરા ૩૪૨

((સહી)) છોટાલાલ ફુલભાઇ
જુ. દી. સું.

તા. ૧૫-૧૨-૧૫

હું ફરી પ્રતિજ્ઞા લઇ લખાવું છું કે
મી. મુનસીજી ઉ. તા. માં

હું ફક્ત મારા વતન અમરેલીમાં ખાનામાં ગયો છું બીજે ખાને જવાનું યાદ નથી. અમરેલી ખાનામાં હું જતો ત્યારે આગાખાની ખોજા ધુવા પડતા નહી. તેઓ અનાસરી નીમાજ પઢે છે તેમ નીમાજ પઢતા. પાંચ વખતની નીમાજ પઢતા. એકે વખતે ધુવા પડતા નહી. હું જે ખાનામાં જતો તે અશનાસરી ખાનામાં જતો. અમરેલીમાં કોઇ આગાખાની ખોજો નથી, કે આગાખાની ખોજાનુ ખાનું નથી. (અસનાશરીથી જુદી માન્યતાવાળા જે આગાખાની ખોજા નામથી ઓળખાય છે તેમના ખાનામાં હું ગયેલ છું. અમરેલીમાં ગયો છું. અમરેલીમાં કોઇ આગાખાની ખોજો નથી કે આગાખાની ખોજાનું ખાનુ નથી એવું હમણાં લખાવાનું યાદ નથી. અમરેલીમાં આગાખાની જમાતનું ખાનું છે. હું સમજણો થયો ત્યારથી ખાનું છે. કોર્ટના સવાલમાં ઉપર આગાખાની ખાનું નથી એવું લખાવ્યું છે તેનો અર્થ શું ? જવાબ-હાલ આગાખાની ખાનું કહેવાય છે એ ઉપર દોરાઇ જઇને મેં કહેલ કે, શરૂઆતથી આગાખાની ખાનું છે. (આ સાહેદ સમજણ પડે તેવા જવાબ આપી શકતો નથી તેમ પોતાના મનમાં એકજ ધુન છે, તે ધુનને વળગી દરેક વખત ચોખી બાબતમાં ઉલટા સુલટા મનસ્વી ધુનમાં અહુરી જવાબ આપે છે. એટલે પછી આ સાહેદની જુબાની નકામી છે. અને તેમ છે તો મી. મુનશી પણ એમ જણાવે છે કે, કોર્ટની માન્યતા પણ પોતાની માન્યતા સાહેદની વર્તણુંકથી જે થઇ છે તેમછે. તોપછી જુબાની આગળ ચલાવવી કે કેમ ? તે કોર્ટની મુનસફીની વાત છે. આ ઉપરથી કોર્ટે આ સાહેદને વધુ પુછવું નકામુ છે એમ જણાવી જુબાની બંધ કરવા ઠરાવ્યું)

તા૦ ૧૫-૧૨-૧૫
((સહી)) એદલજી મનજી કાબા
((સહી)) છોટાલાલ ફુલભાઇ
જુ. દી. સુ.

માનજી જીવા રે. મહુવાની બીજી વારની જુબાની.

સંસ્થાન જુનાગઢની દીવાની અદાલતમં
ઓ. સુ. નંબર $\frac{૧૦૯}{૧૭૦}$ આંક ૮૭

હું ખુદાને હાજર જાણી કહું છઉં કે જે કહીશ તે સાચું કહીશ. સાચા સીવાય બીજું કહીશ નહીં. જુઠું બોલું તો ખુદા પુછે.

મહારૂ	નામ	માનજી
મહારા બાપનું	નામ	જીવા
મહારો	ધર્મ	મુસલ૦
મહારી	જાત	ખોજા
મહારી	શાખ	ઉનવાલ
મહારો	ધંધો	વેપાર
મહારી ઉમર	વર્ષ	૫૭
મહારે રહેવાનું	ગામ	મહુવા

જુ. દી. સુ. ૩. સ. છુ. કે

હું આજરોજ ફરી પ્રતિજ્ઞા ઉપર લખાવું છું કેઃ-

પ્ર૦ ના ૧૦ ની જ૦ માં—આગાખાનના કુટુંબને હીંદુસ્તાનમાં આવ્યાને ૭૩ વરસ થયાં જ્યારથી અમે ખોજા થયા ત્યારથી ખાના બંધાયા છે. જે ખાનામાં આગાખાની ખોજા જતા હોય તે ખાનામાં અશનાસરી ખોજા નીમાઝ પઢવા જતા ખાનાછે. ખુંટવડામાં પાલીતાણામાં તેવા ખાના છે. ખોજાઓમાં છુટાછેડા કરવા હોય તો બાઇનો લે કરી શકે છે. છુટા છેડા કરવા માટે કોઇ કેસ કોર્ટ ગયાનું હું જાણતો નથી. આગાખાનના કુટુંબના માણસો અશનાશરી ધર્મ પાળે છે ? (આ સવાલે મી. મુનશી વાંધો લે છે કે, અત્યારે સવાલ આગાખાનના કુટુંબ સંબંધે નથી પણ ખોજાઓના સંબંધે માત્ર છે, તેથી તે લગતો નથી. મી. ચી જણાવે છે કે, આવો વાંધો અગાઉ કોર્ટમાં લેવાયો ને વાંધો રદ થયો હતો. ધર્મ ભુદના સવાલાંછે ધર્મના હેડનાં કુંટબના સબંધે બતાવવામાં આ પછી લગતો છે. કોર્ટનો ઠરાવ વાંધો નામંજુ આગાખાન મહંમદ શુલતાનશાના મા તે ધર્મ છે. આગા હસનઅલી તે આગા સાહેબના આગાખાનના બાપ આગા અલીશાહ, તેમના

જહાંગીરશાહ, અકબરશાહ તે ધર્મ પાળે છે. અને આગાખાન સાહેબ પોતે સં. ૧૯૪૮ ની સાલ સુધી તે ધર્મ પાળતા હતા. આગાખાની ઉર્ફે ઇસમાયલી ખોજાઓને મસીદ પણ છે. મુંબઈમાં, મહુવામાં, મસીદ છે. આગાખાની ખોજાઓના જનાઝા ઉપર નીમાજ પઢવામાં આવે છે. દરેક ઠેકાણે દરેક મૈયત ઉપર નીમાઝ પઢવામાં આવે છે. આગાખાની પંથમાં તમે અગાઉ હતા ? તેના જવાબમાં લખાવું છું કે, આગાખાનનો પંથજ નથી. અને તેમાં તેથી હું હોઉં ક્યાંથી ? તમે ખોજાઓ બધા ભેગા હતા ત્યારે તમે ઇમામ તરીકે કોને માનતા ? તેના જવાબમાં લખાવુંછુંકે અમે ૧૨ ઇમામને માનતા. તેમાં આગાખાનને ઇમામ માનતા નહિં.

પ્ર. ના. વ. ની ઉ. ત. માં— અમારે મહુવામાં ૩૦-૩૨ વરસથી ખોજામાં તડ પડયાં છે. ૩૦-૩૨ વરસથી અમુક નોખા પડી ખોજા અસનાસરી થયાછે ? તેના જવાબમાં લખાવું છે કે અસનાસરી મુળથી હતા. ખોજા તડાવાળા શું ધર્મ પાળે તે મને શું ખબર પડે ! તો મારા જન્મથી અસનાસરીછું. અમે એટલે હું ૩૦ વરસથી જુદો થયો નથી. પણ સામાવાળા જુદા થયા છે. ખોજાઓમાં અમુક ઇસમાયલી ખોજા છે. હઝરત ઇસમાયલને ઇમામ માનેછે; જેથી ઇસમાયલી ખોજા કહેવાય છે. અસનાસરી ખોજાઓ ઇસમાયલને ઇમામ તરીકે માનતા નથી. સાહેદ પોતાથી કહે છે કે, અમે ઇમામના દીકરા તરીકે માનીએ છીએ. હઝરત ઇસમાયલના મરી ગયા પછી, ઇસમાયલી ધર્મ શરૂ થયોછે, અને મુસા કાઝમને નહીં માનતાં શાહ ઇસમાયલને ઇમામ તરીકે માનવા એવી મતલબે તે ધર્મ શરૂ થયો. આગાખાની ખોજાઓ ઇસમાયલી ખોજા કહેવાય છે. સાહેદ પોતાથી કહેછેકે તેમાંના ખોજાઓ બહુ તરેહના ધર્મ માને છે. સ્વામી નારાયણનો, માર્ગી પંથનો, રામાનંદીનો અને સુની પંથનો ધર્મ માનેછે તે લોકો આગાખાનને કર આપેછે. પણ ધર્મ તો લખાવ્યો તે માને છે. મહુવાના આસદ ગીગા અને તેના વાલજી માર્ગી પંથ પાળેછે, અને, આગાખાની ધર્મ બીલકુલ પાળતા નથી. ૪૮ ઇમામને તેઓ માનતા નથી. આગાખાની જમાતમાં તેઓછે તે સુની જમાતમાં પણ નથી. મહુવાના નારણદાસ, શામજી, ભગવાનજી, જેઠા શામજી ને રતનજી શામજી સ્વામીનારાયણનો ધર્મ પાળેછે. ભેરાઇનો રવજી ભકત સ્વામીનારાયણનો ધર્મ પાળેછે અને તેઓ આગાખાનનો ધર્મ પાળતા નથી. આ લોકોમાંથી કોઇ સુની ખોજો નથી

મહુવામાં સુની ખોજો નથી. આગાખાનીખોજાઓ તેમના બાપદાદાના વખતથી ઇસમાઇલી ખોજાછેએમ તેમની માન્યતા છે કે કેમ તેના જવાબમાં લખાવું છું કે, સં. ૧૯૪૩ની સાલથી ઇસમાયલનું નામ તેઓ જાણવા શીખ્યા તે પહેલાં બધા અસનાશરી હતા તે લોકો તેમ કહેતા હોય કે, તેઓ પહેલેથી ઇસમાયલીછે તો તે ખોટું કે કેમ. તેના જવાબમાં લખાવુંછું કે, તકરારની ખાતર તેઓ ખોટું બોલતા હોય. તે લોકો પીર સદરૂદીને ખોજાઓને ઇસમાયલી બનાવ્યા એમ તેઓ માનેછે તે માન્યતા તમે જાણોછો કે કેમ, તેના જવાબમાં કહુંછું હું તે જાણુતો નથી. તેઓ હઝરત અલીને ખુદાનો અવતાર માનેછે એમ તમે જાણોછો તેના જવાબમાં કહુંછું, એમ હું જાણુતો નથી. આગાખાની ખોજાઓ હાલનાં આગાખાનને ૪૮ મા ઇમામ અને હાજર ઇમામ માનેછે એમ તેઓ કહેછે તે વાત તમે જાણોછો તેના જવાબમાં લખાવુછું કે તે લોકો તેમને તેમ નથી માનતા. આગાખાની ખોજાઓ મસીદમાં, તેમજ ખાનામાં ધર્મ કીયા કરે છે. જે ધુવાઓ ખાનામાં પઢેછે ને, જેમાં ૧૦ અવતારને ૪૮ ઇમામના નામછે, તેની ધુવા મસીદમાં તેઓ પડે છે કે કેમ તેના જવાબમાં લખાવું છું કે, તેની ધુવા મારા રૂબરૂ મસીદમાં કોઇ દીવસ પઢાણી નથી. તે લોકો ત્રણ વખત ખાનામાં ધુવા પઢે છે કે કેમ તેના જવાબમાં કહું છું કે મારા રૂબરૂ પઢતા નથી તેથી કેમ કહીશકું. સીયાહ અને સુની જે રીતે નીમાઝ પઢેછે તે રીતે તે લોકોને મારા સાથે ખાનામાંને મસીદમાં નીમાઝ પઢતા મે જોયાછે. આગાખાની ખોજાઓ એમ કહેછે કે તેમના ધર્મ પ્રમાણે નીમાઝ પઢવાની ફરજ નથી. પણ ધુવાને ગ્નાન પઢવાની ફરજછેતો તેઓ ખોટું કહેછે એમ કહોછો ? તેના જવાબમાં લખાવુછુંકે તે તે લોકો જાણે. પીર સદરૂદીને ધુવા ગ્નાનને ૧૦ અવતારની ચોપડી બનાવ્યાછે એમ તેઓ માનેછે તે વાત ખરીછે કે કેમ તેના જવાબમાં લખાવુંછુંકે તે સંબધે મારી માહેતગારી નથી. ને તે લોકો બ્રહ્માને ધર્મ ગુરૂ તરીકે માનેછે કે કેમ તેની મને શી ખબર. તે લોકો લાખ ચોરાશી ફેરા માનેછે તે વાત ખરીછે કે કેમ તેના જવાબમાં લખાવુંછુકે તે હું જાણુતો નથી. કીયામતના દહાડે આગાખાનના કુંટંબમાંનો જે હાજર ઇમામ હશે તે અલીનો અવતાર ધારણ કરશે અને ઇનસાફ આપશે એમ તેઓ માનેછે તે હું જાણુતો નથી. તે ખોજા લોકો એમ કહે છે કે, અમારે રોજા રાખવાનીકે હજ પઢવાની

...ની તેમની માન્યતાઓ તે તમે જાણો છો ... જવાબમાં કહું છું કે તે હું જાણતો નથી. મુસ... શરેહ અમને લાગુ નથી અને અમારા રીવાજ ... અમે ચાલીએ છીએ એમ તેઓ કહેછે તે ... સાચું છે કે ખોટું તેના જવાબમાં લખાવું છું કે ... ખોટું છે. મુસલમાની શરેહ લાગુ નથી ને રીવાજ ... ચાલીએ છીએ એમ તેમાંનો કોઇ મારા ... બોલ્યો નથી. ખોજાઓને પીર સદરૂદીન હીદું ... વટલાવી ખોજા બનાવ્યાની વાત ખરી છે, તેના ... જવાબમાં કહું છું કે તે વાત ખોટી છે. ખોજાઓતો તે ... હતા. ખોજા નામ શાથી પડયું ને ક્યારથી ... તે હું જાણતો નથી. અમારો એટલે અસનાશ... ૧૨ મો ઇમામ હજરત મહેદી હાજર ઇમામ છે. તે ... છે. તે હાજર છે એમ માનીએ છીએ. અસના... ખુદા સાથે કોઇ જોડયો છે એમ માનતા નથી ... અવતાર લે છે એમ માનતા નથી. કુફર એટલે શું ... હું જાણતો નથી. કોઇ માણસ એમ કહે કે ખુદા ... અવતાર લે છે તેને તમે અસનાઅશરી ગણશો. તેના ... જવાબમાં લખાવું છું કે તેને અસનાઅશરી નહિ ગણીએ. ... ના નવ અવતાર જે માણસ માને તેને અસના... તો શું પણ હું મુસલમાન પણ નહિ ગણું. જે ... હાલના આગાખાનને ૪૯ મા ઇમામને હાજર ... ગણે તેને અસનાઅશરી હું ગણું નહિ. જે ... પઢવાની ને નીમાઝ પઢવાની ફરજ નથી એમ ... માને; શાન હુવા પઢે છે તેમને હું અસનાઅશરી ગણતો ... અસનાસરી અને સુન્નીના કલામા એક છે. તેમાં ... શબ્દ વધુ ઘટુ નથી. તે કલમો "લાઇલાહ ઇલ... મહમદ રસુલ ઇલાહ" છે શીઆહ તેમાં કાંઇ ... કરી બોલતા નથી. આગાખાની ખોજા પણ ... કલમો પડે છે. અમે મઇયતમાં જઇએ તેથી ... છીએ. અસનાઅશરી લોકો "લાઇલાહ ... ઇલાહ મહમદ રસુલ ઇલાહ અલીઉલ વઅલીલા ... રસુલ ઇલાહ" કલમો બોલતા નથી. ... તે બોલતા સાંભળ્યું નથી. આગાખાની લોકો "લાઇલાહ ઇલલલાહ મહમદ રસુલ ઇલાહ અલી ... અલાહ" કલમો બોલતા મે સાંભળ્યા નથી. ... તે તેમનો કલમો નથી. આગાખાની ખોજામાં ... છુટાછેડા ને વીવાહનાં ખાસ નીયમો છે એવું ... નથી. અમારી પ્રમાણે નીયમો છે. શરેહ ... અસનાઅશરીમાં છુટા છેટાના અને લગન સંબધે ... નીયમો છે કે કેમ તેના જવાબમાં કહું છું કે શરેહ પ્રમાણે ... નથી. પણ અમારા નાતના રીવાજ પ્રમાણે છે.

છુટા છેડા કરવામાં નાતની દરમ્યાનગીરીની જરૂર નથી. આગાખાની લોકો કહેતા હોયકે તેમનામાં તેવો નિયમ છે એટલે નાતની મંજુરીની જરૂર છે. તે ખરૂં છે કે ખોટું. તેના જવાબમાં લખાવું છું કે તે ખોટું છે નાતમાં રજીષ્ટર થયા સીવાયના લગ્ન મંજુર નથી. એમ તેઓ કહેતા હોયતો ખોટું છે. સગપણનું પણ તે પ્રમાણે છે. શરેહમાં એકપર બીજી બાયડી કરવાની છુટ છે. પરવાનગીની જરૂર નથી. અમારા અસનાશરીમાં પણ તેમ છે. આગાખાની ખોજાઓમાં નાતની પરવાનગી વગર બીજી બાયડી કરવાની છુટ નથી એમ તેઓ કહેતા હોયતો ખોટું છે. અને તેઓ ખોટું બોલે છે. ખુંટવડા ને પાલીતાણામાં ખોજાઓમાં બે તડાં નથી. એકાદ ઘર સીવાય બધા ખોજા ત્યાં અસનાશરી છે. પાલીતાણાને ખુંટવડામાં અસનાશરી માટે મસીદ છે ને ખાનું છે એમ સાહેદ પોતાથી કહે છે. જે એકાદ ઘર આગાખાનીનું છે તેને ખાનું નથી. ઘરે બંદગી કરે છે. મસીદ ને ખાનામાં ફેર નથી બંને એકજ છે. પાલીતાણામાં ને ખુંટવડામાં મસીદને ખાનાના બે ઇલાયદા મકાન નથી. ખાનું તોડી મસીદ કરેલ છે. મસીદને ખાનામાં બાંધણીમાં ફેર નથી. ખાનામાં મહેરાબ હોય ને મસીદમાં મહેરાબ હોય. ખાનામાં કેટલા મહેરાબ હોય તે ખબર નથી. વખતે ખાનામાં મહેરાબ હોય નહિ, આગાખાનને મેં નીમાઝ પઢતા જોયા છે. કરાંચીમાં આગાખાનના બાગમાં નીમાઝ હું તેમની ભેગો પછવાડે રહી પઢયો છું. તે સ. ૧૯૪૯-૫૦ માં હતું. તેમની સાથે મઝહબ સંબંધે વાત ચીત થઇ છે અને તે ઉપરથી કહું છું કે તે અસનાશરી છે. હાજી બીબીના કેસમાં આગાખાન ઇસમાયલી છે એમ કર્યાનું હું જાણતો નથી પણ કુચકશાહ કહેતા હતા કે તેમ કર્યુ છે. હાજી બીબીનો કેસ ચાલ્યો ત્યારથી તે ઇસમાયલી થયા છે. આગાખાનનો સને ૧૮૬૬ નો કેસ મેં વાંચ્યો નથી. આગા અલીશાહ પાછળ નીમાઝ પઢી છે. મુંબઇમાં મુગલની મસીદમાં સ. ૧૯૩૪-૩૫ મા પઢેલ છે. તેમના સાથે ધર્મ સંબંધી વાત થઇ છે. મને તેમણે પહેલે પોતે શુ ધર્મ પાળે છે ને મારે શું પાલવો તે માટે પોતાની ચોપડી આપી છે. ચોપડીનું નામ યાદ નથી. મહુવે તે ચોપડી છે. જોઇતી હોયતો મોકલીશ. હસન અલીશાહ આગાખાનના દાદા પાછળ સ. ૧૯૩૨ માં નીમાઝ મુંબઇ ખાનામાં પઢી છે તેણે પણ મને ચોપડી આપી હતી ને ધર્મ સંબંધી વાત થઇ હતી. ચોપડી ફારસીમાં હતી. તે ચોપડીનું નામ કંઝુલ મસાયલ હતું. હું ફારસી

જાણતો નથી. મારા ગામના મુલ્લાં પાસે મેં વંચાવી હતી. તેમણે ત્રણે મને કહેલ કે અમે અસનાસરી છીએ અને તમારે અસનાસરી ધર્મ પાલવો અને ત્રણે જણાએ મને એક એક કીતાબ આપી છે. હું તેમની સાથે ગુજરાતીમાં વાત કરતો વચ્ચે દુભાષીયો નહતો તે વખતે બીજા માણસો હતા.. ગુજરાતી હું બોલતો ને હીન્દુસ્તાનીમાં તેઓ જવાબ આપતા. ત્રણે આગાખાનો હીન્દુસ્તાની જાણતા. હાલના આગાખાનાના બાપ ને દાદો હીન્દુસ્તાની જાણતા. મસીદીયાનો હુ અગ્રેસર ગણવામાં નથી. મસીદીયો હું છું ખાનાને મસીદીયામાં કેસ હોય ત્યાં ઘણાખરામાં જુબાની આપવા હું ગયો નથી. આ કેસ સિવાય બીજે ગામ ગયો નથી. આવા કામમાં ગયો નથી. તમને ખાનાઇ ખોજાને મારવા માટે સજા થઇ છે. desalldwed because there was scope to esk these questidns beforr the remedy.

ફરી તપાસ નથી.

તા. ૧૬-૨-૧૫ મારા રૂબરૂ

(સહી) છોટાલાલ દુર્લભજી.
જુ. દી. મુન્સફ
: બા. ખોજા જાનજી જીવા સહી
દા. પોતે

ધરમશી માહમદ રે. તલાજાની બીજી વારની જુબાની.

સંસ્થાન જુનાગઢની દીવાની અદાલતમાં

મો. મુ. નાં $\frac{૧૦૯}{૭૦}$ આંક ૮૯ B

હું ખુદાને હાજર જાણી કહું છું કે જે કહીશ તે સાચું કહીશ. સાચા સિવાય બીજું કહીશ નહીં જુઠું બોલું તો ખુદા પુછે.

મારૂં નામ ધરમશી મારા બાપનું નામ માહમદ, મારો ધર્મ મુસલમાન, મારી જાત ખોજા મહારી શાખ ગોજા, મારો ધંધો વેપાર, મહારી ઉમર વર્ષ ૫૮, મહારે રહેવાનું ગામ (તલાજા)

જુ. દી. મુ. ફ. લ. છું. કે

હું આજરોજ ફરી પ્રતિજ્ઞા ઉપર લખાવું છુ કે.

વા. ના. વ. ની. તરફ થી.—ઇસમાયલી ખોજા અને અસનાશરી ખોજામાં સગપણ કરવું હોયતો થાય છે તેનો વાંધો આવતો નથી સગપણ થાય છે ના દાખલા યાદ છે ભંડારીયા તાબે પાલીતાણાના ખોજા કરમાલી અલીભાઇ જે કે આગાખાની ઉર્ફે ઇસમાયલી ખોજા છે તેના દીકરાનું સગપણ કુંદરણા તાબે ભાવનગરના અશનાશરી ખોજા સકુર હાસમની દીકરી વેરે થયું છે (સગપણનો દાખલો મી. ચીનાઇ પુછે છે તે ઉપરથી બને પક્ષને કોર્ટ તરફથી પુછવામાં આવ્યું કે સગપણના દાખલા બાબતમા કોર્ટે અગાઉ રીવીઝન પહેલાં રૂલીંગ આપેલ છે છતાં તે બાબત પુછવાનું બંને પક્ષ ને કેસનું સ્વરૂપ જોતાં જરૂરનું લાગે છે કે કેમ તે ઉપરથી ચર્ચા કરી પરીણામે સગપણના દાખલા પુછવા જરૂર નથી એમ કહેતાં તેવા સ્વાલો બંધ કર્યાં) અસનાશરી અને ઇસમાયલી ખોજાઓ વચ્ચે જમવા જુડવાનો અંદર અંદર વ્યવહાર છે. હું જ્યારે આગાખાની જમાતમાં હતો ત્યારે અમારે ધર્મ શું પાળવો તે બાબત આગાખાન સાહેબે દર વખતે કીતાબ છપાવેછે તેમાંની એક કીતાબ મારી પાસે છે. તે કીતાબ મને મુંબઇમાં ખોજાખાના આગલ મલી છે. ખોજાખાનામાં વહેંચતા હતા. તેમાં મને મલીછે મફત મલીછે તે ચોપડી હું લાવ્યો છું. મી. ચીનાઇ જે ચોપડી દાખલ કરાવવા માગેછે તે સામે મી. મુનશી વાંધો લે છે કે આ બુક શી રીતે દાખલ થઇ શકે છે તે મી. ચીનાઇએ પ્રથમ બતાવવું જોઇએ. મી. ચીનાઇ જણાવે છે કે ધર્મ ભ્રષ્ટનો સ્વાલ છે. આ ચોપડી ધર્મ શું છે તે બતાવે છે. તે ખાનામાંથી મળી હતી ત્યારે તે ખાનાવાળા શું ધર્મ પાળે છે અને કેવા પ્રસંદ કરે છે. અને અત્યારે અમે કયો ધર્મ માનીએ છીએ તે બાબત અજવાળું પાડે છે. રેલેવન્ટ સવાલ છે ને ઇસ્યુને લગતું છે. મી. મુનશી જવાબમાં જણાવે છે કે ધર્મ શું છે ને શું નથી તે બાબત લગતી છે. મોઢે પુછવામાં આવે છે તે સબંધે વાંધો નથી. ઓફીશીયલ નોટીસ લઇ શકાતી નથી એવું મી. ચીનાઇ કહી શકતા નથી. ચોપડી આગા સાહેબની છે તેની ખાત્રી શી છે તેવો પુરાવો નથી ત્યાંસુધી શી રીતે માની શકાય કે તે ચોપડી તેમના તરફથી થઇ છે. સામા પક્ષના માણસ વહેંચે તેપણ બનવા જેવું છે. મી. ચીનાઇ જવાબ આપે છે કે વજન શું આપવું તે કોર્ટે જોવાનું છે. ઠરાવ—પુરતા આગાખાન સાહેબનું બનાવેલ છે કે કેમ તે નકી હોય તો તે દાખલ થવા સબંધે કાયદેસર વાંધો નથી એવું દલીલનું સ્વરૂપ જોતાં જણાય છે. પુસ્તક છપાયેલ છે અને આગાખાન સાહેબની સહીથી લખાણુ છે એવું છપાયેલ છે. હવે છાપેલાં પુસ્તકોમાં અત્યારે તે

સાબીતી શી રીતે આપી શકે. એક માણુસને સંજોગોમાં પુસ્તક મળેલ, તે બતાવે છે એટલે પ્રથમ દર્શને દાખલ કરવા દેવા વાંધો જણાતો નથી. તેની કીંમત શું તે હવેપછી તે સબંધે સામા પક્ષથી પુરાવો એટલે કે, બીજો પુરાવો આવે તેને પરિણામે નક્કી થઇ શકશે એટલે દાખલ કરવાની પરવાનગી આપવામાં છે. ખોજા કોમના મઝહબના કેટલાક તત્વો તથા ક્રીયા સંબંધી બાનું પુસ્તક કર્તા આગાખાન સને ૧૩૧૨ હીઝરી નામનું રજુ કરૂંછું. (આંક.)

પ્ર. ના. વ. મી. ઉ. સ. માં —આ ચોપડી આગા સાહેબે લખી છે એમ મારી જાત માહેતી નથી. આગાખાન સાહેબને મેં જોયા છે પણ વાત કરી નથી. હું સ. ૧૯૪૦ થી અસ.નાસરી થયો છું. ખાનામાં સ. ૧૯૪૦ ની સાલ પછીથી ગયો નથી. આગાખાની ખોજા જમાં થયા હોય અને આગાખાન સુલતાન મહમદશાહ હાજર હોય અને તે વખતે હું હોઉં એમ બન્યું નથી. તેમની ઉમર લગભગ ૪૦ વરસની હાલ છે. મેં આગા અલીશાહને જોયા છે. આગા અલીશાહ મેળે કે મીજલસમાં આવ્યા હોયને હું ગયો હઉં તેમ બન્યું નથી. કોઇપણ આગા સાહેબ મીજલસ અથવા ખાનામાં પધાર્યા હોય અને હું ગયો હોઉં તેવું બન્યું નથી. આગાખાન સાહેબે જે કહ્યુ હોય તેનો તરજુમો કરી બીજો માણુસ સમજાવે છે એવું હું જાણતો નથી. ગુજરાતી જાણેછે કે નહીં તે હું જાણતો નથી. આ પુસ્તક મારા પાસે આવ્યા ને લગભગ ૨૦–૨૨ વરસ થયાં છે. તે વખતે હું અસનાસરી હતો ૩૦ વરસથી ખાનામાં હું ગયો નથી. મને આ ચોપડી ખાના બહારથી મળી હતી તે વખતે હું તે ખાનાની અંદર ગયો નહોતો. મને અલાદીન ગુલામ હુસેને દીધી હતી. ખાનાના દરવાજા લગોલગ તેણે દીધી હતી. હું તેને આગલ ઓળખતો. તે હું અસનાસરી છુ એમ જાણતો હતો કે કેમ તે તેને ખબર. તમારે તે અરસામાં અલાદીન સાથે ધર્મ સંબંધે વાત થઇ હતી તેના જવાબમાં કહુંછું કે મારે ઘણી વખત વાત તેની સાથે થઇ હતી. હું અસનાસરી હતો એમ તે જાણેછે. કેમકે પોતે પણ અસનાસરી હતો. તે ગુજરી ગયેલ છે. ક્યારે ગુજરી ગયો તેના જવાબમાં કહું છું કે, ૧૭ વરસથી હું મુંબઇ ગયો નથી એટલે આશરે પણ કહી શકતો નથી. સંવત ૧૯૫૨–૫૪ સુધી તે જીવતો હતો એમ મેં સાંભળ્યું હતું. ગુલામહુસેનને હું ઓળખતો નથી. ગુલામહુસેન છાપખાનાનું કામ અલાદીન

કરતો, છાપખાનાનો તે માલેક હતો. તેણે આ ચોપડી છાપી છે. અસલ ખરો લખાયેલ મેં જોયો નથી. આગા સાહેબે તે પુસ્તક બનાવ્યું છે એવું તે ચોપડી પર લખેલ છે તેથી હું કહું છું કે- તેમણે બનાવેલ છે. તે સીવાય બીજો આધાર નથી. ખોજાનો પીર આગાખાન સાહેબને કહેવું તે સભ્યતાવાળું નથી. (આ સવાલનો જવાબ સાહેદે લાંબી મુદત સુધી Hesitation કરીને આપ્યો છે. ઇસમાયલી ખોજો એવું લખે ખરો ને તેણે લખેલ છે. અમારા મઝહબ પ્રમાણે ખુદાનો અવતાર થતો નથી એવી મારી માન્યતા છે; અમારા મઝહબ પ્રમાણે હીંદુના નવ અવતાર અમે માનતા નથી અને તે પ્રમાણે હાલના આગાખાનને ૪૮ મા ઇમામ અમે માનતા નથી અને તે ખાનદાનમાં ઇમામત ચાલતી રહેશે એવું અમે માનતા નથી જે માણુસ એમ કહે કે આગાખાન ખુદા છે, કે ખુદાનો અવતાર છે તે માણુસ કાફર કહેવાય કે નહી તેના જવાબમાં કહુંછું કે એમ કહેકે આગાખાન ખુદા છે, ખુદાનો અવતાર છે તેવું કહેવું ઇસ્લામીથી વિરૂદ્ધ છે. સુની અને શીયાહ મઝહબથી વિરૂદ્ધ છે. હઝરત અલી ખુદા કે ખુદાનો અવતાર છે એમ કહેનાર કાફર કહેવાય છે કે કેમ તેના જવાબમાં કહુંછું કે તે ઇસલામથી વિરૂદ્ધ છે. ઇસલામથી વિરૂધ્ધ એટલે કે મુસલમાન તે પ્રમાણે નહીં કહે અને તે પ્રમાણે કોઇ મુસલમાન કહેતો તે મુસલમાન રહયો નહીં કે કેમ તેના જવાબમાં લખાવું છું કે તે મુસલમાન રહયો નહીં. રોજા હજ ને જકાત ને નિમાઝ અમારા ધર્મ પ્રમાણે ફરજ છે. જો કોઇ કહેકે તે ચારમાંથી કોઇ વાત ફરજ નથી તો તે માણુસ મુસલમાન નથી લાખ ચોરાશીમાં ફરવું પડે છે તે કોઇ મુસલમાન માને નહીં. તેવું માનનાર ઇસલામથી બહાર છે. બ્રહ્મા ને ધર્મ ગુરૂ તરીકે કોઈ મુસલમાન માનતું નથી. કે નવ અવતારને કોઇ મુસલમાન માનતું નથી. તેવું માનનાર ઇસલામની હદ બહાર છે. અસનાશરીનો કલમો " લાઇલાહઇલ ઇલાહ મહમદ ઉર રસુલ ઇલાહ " છે. તેમાં " અલીયુન વલી અલાહ વસીયો રસુલ ઇલાહ " એમ કોઇ બોલે તો ચાલે તેમ છે. સુની મુસલમાન પાછળના શબ્દો વધારી કલમો બોલશે નહીં. અમે " અલી સહી અલાહ " એમ બોલીશું નહીં. અસનાશરી તેમ નહિ બોલે. કોઇ મુસલમાન તેમ નહી બોલે. તેવું બોલનાર મુસલમાની દાયરાની બહાર છે. ઇસમાયલી ખોજાનો કલમો " લાઇલાહ ઇલાઇલાહ મહમદ ઉલ રસુલ ઇલાહ " છે. તેની વિશેષ

નથી. "અલી સહ અલાહ" બોલે છે કે નહીં તે મારા જોણુવામાં નથી. સં. ૧૯૪૦ ની સાલ પહેલાં તમારી માન્યતા જે હતી તેજ હાલ છે કે નહીં. તેના જવાબમાં કહું છું કે મુળથીજ અસનાશારી મઝહબ હું પાળું છું. સં. ૧૯૪૦ થી તડાં અમારામાં પડી અમે નોખા પડયા ત્યારથી અમે મસીદીયા કહેવાઇએ છીએ, ને કહીએ છીએ. મસીદીયા એટલે અસનાશરી છીએ. એટલે ખાનામાં નહીં જતાં મસીદમાં જઇએ છીએ. ખાનામાંતો આગાખાનીયો જાય છે. ધર્મના ભેદને લઇને તડા પડયાં નથી. આગાખાની ખોજા ઇસ્માયલી ફીરકાના છે. ધર્મે તો મુસલમાન છે. હું અસનાશારી ફીરકાનો છું. ઇસ્માયલી અને અસનાશરી ખોજાઓની ધર્મની ક્રીયામાં ફેર નથી. ઇસમાયલી ખોજો પોતાના ખાનામાં ખુદા એટલે કે જેમાં ૧૦ અવતાર ને ૪૮ ઇમામના નામ આવે છે તે જ્ઞાન પઢે છે કે કેમ તેની મને ખબર નથી. અમે ખાનામાં જતા એટલે સં.૧૯૪૦ પહેલાં ખાનામાં તે પઢાતા નહીં. કોઇપણ ખાનામાં તે પઢાય છે એમ તમારા સાંભળવામાં કે જાણવામાં છે. તેના જવાબમાં લખાવું છું કે તે હું જાણતો નથી. ધુવા શબ્દ સાંભળ્યો નથી. હું એમ જાણતો નથી કે ઇસમાયલી ખોજાઓ ૧૦ અવતાર ને ૪૮ ઇમામને માને છે. હું સોગનપર કહું છું કે તે વાત સાંભળી નથી. હાલના ઇસમાયલી ખોજાઓ આગાખાનને ૪૮ મો ઇમામ માને છે એમ તમારા જાણવામાં છે તેના જવાબમાં કહું છું કે ના. અને તે સોગન પર લખાવું છું. ૧૨ ઇમામ કરતાં વિશેશ ઇમામને માનનારા કાફર છે કે કેમ તેના જવાબમાં કહું છું કે તે અસનાશારી રહ્યો નહીં. અસનાસરી ઉપર આગાખાનની જમાતનો કાંઈ કાબુ નથી. તેમ આગાખાની જમાતની તકરાર અમારી ન્યાત પાસે આવે નહીં. તેમની તકરાર તેમની ન્યાત પાસે જાય છે. તેનો નિવેડો તેઓ પોતાની સમજણને ધોરણ પ્રમાણે કરે છે. તેમના ધારા ધોરણ અમે જોયા નથી. તેમનામાં છેડા છુટકાના રીવાજ શરેહથી જુદા છે એમ મારા જાણવામાં છે, તેના જવાબમાં લખાવું છું કે ... અમારા રીવાજ છુટાછેડાના શરેહ પ્રમાણે છે. ... બાયડી ઉપર બીજી બાયડી લાવવામાં અમારી ... છે ને કોઇની પરવાનગી લેવી પડતી નથી. ઇસમાયલી ખોજા લગ્ન નાતમાં નોંધાવે નહીં ત્યાંસુધી લગ્ન થયેલ નથી એમ રીવાજ તેમનો છે તે ... જાણુતો નથી, મારૂં ઘર ખાના પાસે છે. જ્ઞાન ધુવા ... ચોપડીઓ છાપેલી છે એવું તમે સાંભળ્યું છે કે જાણો છો તેના જવાબમાં લખાવું છુ કે ના. અને તે સોગનપર કહું છુ. (ફરી તપાસ) અમારામાં તડાં ધરના કજીઆ ઉપરથી પડયા છે.

તા. ૧૮-૧૨-૧૫ મારા રૂબરૂ

ધરમશી આમદની (સહી) છોટાલાલ દુલભજી
સહી દા. પોતાના જ્યુ. દી. મુન્સફ

નકલ કરનાર રી. કારકુન
સુકલ મણીશંકર અંબાશંકર.

નથુભાઇ પ્રેમજી રે. પોરબંદરની બીજી વારની જુબાની

તા. ૨૦-૧૨-૧૫ ના રોજ લેવાયેલ નથુ પ્રેમજીની જુબાની (આંક ૮૯)

વા. ના. વ. ની ત. માં—અગાઉ હું આગાખાની તડમાં હતો. આગાખાની તડમાંથી આશરે ૨૫-૩૦ હજાર માણસો અસનાસરી થયા છે. તે તડમાંથી જુદા પડયાનું કારણ એ છે કે, ન પાળી શકાય તેવા કાયદા તે જમાત તરફથી કહેવામાં આવ્યા તેથી જુદા પડયા. કોણે કાયદા આ બહાર કાઢયા તે મને ખબર નથી. સખતાઇ એ હતી કે દર માસે અમુક રકમ ખોજાએ આપવી જોઇએ અને ફલાણા સાથે ખાવા વ્યવહાર રાખવો, ફલાણા સાથે ન રાખવો, કેટલાક સાથે સબંધ રાખવો, કેટલાક સાથે સબંધ ન રાખવો. મારે ચાર બાયડી જુદે જુદે વખતે થઇને થઇ છે. પહેલી વખતે પરણ્યો તે મારી સ્ત્રી આગાખાની તડાંની હતી અને હું પણ તે તડાંનો હતો. બીજીનું પણ તે પ્રમાણે હતું. ત્રીજી મારી સ્ત્રી સુન્ની ધર્મની હતી; તે વખતે હું આગાખાની તડામાં હતો. અને ચોથી મારી સ્ત્રી જે હાલ હયાત છે તે આગાખાની તડાંની હતી. તેને પરણ્યો ત્યારે હું આગાખાની તડામાં હતો. ખોજાઓ હું જાણું છું તે પ્રમાણે સુની પંથની સ્ત્રીઓ સાથે, આગાખાની તડાની સ્ત્રીઓ સાથે, અસનાસરી તડાની સ્ત્રીઓ સાથે પરણે છે. તેમજ એક ખોજો, પોરબંદરનો જે મુંબઇ રહેતો તે ખવાસણને પરણ્યો હતો; એક ખોજો મહેરાણીને અને એક ખોજો ખારવીને પરણ્યો હતો. તે ત્રણે ખોજાઓ આગાખાની તડામાં હતા. તેમાંજ રહ્યા હતા. તે આ બાઇઓને પણ તેજ તડામાં લીધી હતી. આફ્રીકાની સુઆલી સ્ત્રીઓ સાથે ઘણા ખોજા પરણે છે. તેમાંની કેટલીક સુની ધર્મની હોય

છે અને કેટલીકમે કાંઇ ધર્મ હોતો નથી. મુસલમાન જે કલમા પઢે તે કહેવાય છે. ઇસમાયલી પંથવાળા મુસલમાન કહેવાય છે મારા સિવાય બીજા આગાખાની ખોજાઓ સુની પંથની સ્ત્રીઓને પરણ્યાનું હું જાણું છું. સુની સ્ત્રીઓ પરણીને આવ્યા પછી કયો ધર્મ પાળતી તેના જવાબમાં લખાવું છુ કે, મારા જાણવામાં છે તે સ્ત્રીઓ સુની પંથનો ધર્મ પાળતી. આગાખાની તડવાળા અને અમે અંદર અંદર જમીયે જમાડીયે છીએ. નાતનું ખાણું હોયતો જમતા જમાડતા નથી. પહેલી સ્ત્રીને મેં તલાક આપી હતી. તલાક મેં જમાતની પરવાનગી લઇને આપી નહોતી. ઇસમાઇલી તડામાંથી કોઇ ખોજો અસનાસરી તડામાં જાયતો નીકા તુટતા નથી તેવું મારા જાણવામાં છે. ખોજાઓમાં કેટલાક સ્વામી નારાયણનો ધર્મ પાળે છે; તેઓમાં કેટલાક આગાખાની તડામાં દીકરીઓ આપે છે અને લે છે અને કેટલાક અસનાસરીમાં દીકરીઓ આપે છે અને લે છે. હું બે વખત કરબલે ગયો છું. આગા સાહેબ અલીશાહની લાશને શાહ નજફમાં દફનાવવામાં આવી છે. તે કરબલાથી ૧ાા દીવસની મંઝલે આવેલ છે અને ઇરાનમાં તુર્કી સલતનત નીચે છે. મેં તેમની કબર જોઇ છે.

પ્ર. નો. વ. નીચે માં—હું સમજણી ઉમરનો થયો એટલે મારી ૧૫–૧૭–૧૮ વરસની ઉમરથી અસનાસરી માન્યતા પાળું છુ એટલે આગાખાની તડામાં રહીને મારા મનની માન્યતા અસનાસરી પંથની હતી. સં. ૧૯૬૨ ની સાલથી ઉઘાડી રીતે હું અસનાસરી થયો. તે સાલ સુધી જાહેરમાં શું ધર્મ પાળતા તેના જવાબમાં લખાવું છુ કે, હું આગાખાની તડામાં હતો અને મારા ધર્મની માન્યતા અસનાસરીની હતી. સં. ૧૯૬૨ પહેલાં હું અસનાસરી છુ એમ કહેતો નહોતો. સં. ૧૯૬૨ પહેલાં કોઇ વખત ખાનામાં હું ગયો હોઇશ. ... શહેરમાં ખાનું છે. અસનાસરીની મસીદ નથી. ખાનામાં હું જતો ત્યારે દુવા સાંભળતો નહી. તમે જે દુવા સાંભળતા નહી એમ કહો છો તે ... દુવા? તેના જવાબમાં લખાવું છું કે, દુવાથી હું ... સમજતો નથી. તે લોકો એટલે આગાખાની ખોજા ... એટલે કે દુવામાં ૪૮ ઇમામના ... ૧૦ અ... ...રના નામ લે છે કે નહી તેની મને ખબર નથી. ... આશરે ૪૮ વરસની ઉમરમાં મારા જાણવામાં ... આવ્યું નથી કે આગાખાની ખોજાઓ દસ અ... ...ને અને ૪૮ ઇમામને માને છે અને તેઓ તે ... ૧૦ અવતાર અને ૪૮ ઇમામના નામો ખાનામાં લે છે ને પઢે છે એવું મારા જાણવામાં નથી. ખોજાઓમાં જ્ઞાનની ચોપડીઓ ઘણી છે. પીર સદરૂદિનની રચેલી જ્ઞાનની ચોપડી છે કે કેમ તે હું જાણતો નથી; પણ જ્ઞાનોની ચોપડીઓ તે તેઓ માને છે તે ચોપડીના નામ હું જાણતો નથી. જ્ઞાનની ચોપડી કહેવાય છે. સં. ૧૯૬૦ માં આગાખાન સાહેબ મજેવડી પધાર્યાં હતા. ત્યારે હું ત્યાં ગયો હતો અને તેઓ સાહેબને મેં મહેમાની આપી હતી. મારા પીર ગણીને મહેમાની આપી હતી. આગાખાની ખોજાઓ તેમને ઇમામ તરીકે માને છે કે કેમ તેની મને ખબર નથી. તેમના કુટુંબમાં ઇમામત છે એવું આગાખાની ખોજાઓ માનેછે કે કેમ તેની મને ખબર નથી. સાહેબ પોતાથી કહે છે કે ઇમામની ઓલાદના તેઓ છે. સં. ૧૯૬૧ માં આગાખાન સાહેબ પોરબંદર આવ્યા હતા તે વખતે મેં મહેમાની આપી નથી. કે ઇજ્જત કરવા પણ ગયો નહોતો. તેમને ટાઇમ નહોતો. હું મારી ઉંમરમાં ૫૦ કરતાં વધારે વખતે આગાખાની ખાનામાં ગયો છું. જમાત ત્રણ વખત ભેગી થાય, ત્યારે ઘણી વખત હાજર હોઇશ. ખાનામાં જમાત ભેગી થાય તે સાંજના ૫ થા ૯ સુધી અને સવારના પંચ વાગતે ભેગી થાય છે. બધા માણસો જમાતના ભેગા થતા નથી પણ ઘણા માણસો ભેગા થાય છે. તેઓ બંદગી માટે ભેગા થાય છે. ઘણી વખતે ગયો છું; પણ બંદગી વખતે હાજર હોઉં એમ બન્યાનું યાદ નથી. બંદગી કરતા તેમને સાંભળ્યા નથી એમ હું લખાવી શકતો નથી. કેટલી વખત સાંભળ્યા હશે તે આશરેથી લખાવી શકતો નથી ૧–૫–૧૫–૫૦ વખત તેમાંથી કાંઇ કહી શકતો નથી. મારા કાને ખાનામાં દુવા એટલે કે જેમાં ૪૮ ઇમામના નામ આવે છે તેવી દુવા કાને પડી નથી. ખુદા અવતાર લે છે એવું હું માનતો નથી. તેવું કોઇ માણસ માનતો હોયતો તેને અસનાસરી કહેવો કે કેમ તે હું કહી શકતો નથી. અગર કોઇ અસનાસરી ખુદાનો અવતાર છે એમ માનતો હોય એવું મારા જાણવામાં નથી. અસનાસરી ધર્મ પ્રમાણે ખુદા અવતાર લે છે એવું માનવું વીરૂધ છે કે કેમ? તેના જવાબમાં લખાવું છું કે હું અસનાસરી ધર્મનો આલમ નથી. અસનાસરી ખોજા ૪૮ ઇમામને માનતા નથી. પણ ૧૨ ઇમામને માને છે. અસનાસરી ખોજા આગાખાનને હાજર ઇમામ ને ૪૮ મો ઇમામ માને છે કે કેમ તેના જવાબમાં લખાવું છું કે તેઓ તેમ તેમને માનતા નથી તેવું માનવું ધર્મ વીરૂધ છે કે કેમ તે હું કહી શકતો ...

નથી. કેમકે હું આલમ નથી. લક્ષ ચોરાશી ફેરા શું તે હું સમજતો નથી. કોર્ટ તરફથી લક્ષ ચોરાસી ફેરા એટલે ચોરાસી લાખ વખત એક જીવ જન્મે છે એમ સમજાવતાં સાહેદ જવાબ આપે છે કે, લક્ષ ચોરાસી ફેરાઓં હું માનતો નથી. બીજા અસનાસરી માને છે કે નહી તેની મને ખબર નથી. રોઝા, હજ, નીમાઝ, જકાતની આગાખાની ખોજાઓ ફરજ નથી એમ માને છે તેમ તમે જાણો છો, તેના જવાબમાં કહું છું કે, તેની મને ખબર નથી. તેમનું દીલ જોવા ગયો નથી તે હું સોગન ઉપર કહું છું. અસનાશરી ખોજા રોજા, હજ, નીમાજ, જગાત ફરજનથી એમ કહેશે નહી. અસનાસરી ખોજા લાઇલ્લાહા ઇલઇલ્લાહ મહમદ રસુલ ઇલાહ અલીયુલ વલીયુલા વસીયો રસુલ ઇલાહ એમ કલમો પઢે છે, તેટલાજ શબ્દોમાં સુની લોકો કલમો બોલશે કે કેમ તે હું કહી શકતો નથી. અલીયુલ વલીઉલ્લાહ વસીયો રસુલ ઇલાહ એવું વધારી સુની કોઇ વખતે બોલશે નહીં. આગાખાની ખોજાનો કલમો લાઇલાહ ઇલઇલાહ મહમદ રસુલઇલાહ અલીસો અલાહ હોવાનું મારૂં ધ્યાનનથી. તેવો કલમો મારા સાંભળવામાં આવ્યો નથી. મારા ઘરમાં મા બાપ કે કુટુંબીને કદી તે કલમો બોલતાં સાંભળ્યો નથી. મારો બાપ સં. ૧૯૪૫-૪૬ માં મરી ગયો છે. મારી મા સં. ૧૯૪૭-૪૮ માં મરી ગયા છે. તેનું કારજ સં. ૧૯૪૮ માં કર્યું હતું તે વખતે સમર છાંટો નામે કર આગાખાની જમાતને આપ્યો હતો કે કેમ તેના જવાબમાં કહું છું કે, કર આપ્યો હતો. તેનું સમર છાંટો નામ છે કે કેમ તે મને ખબર નથી. તેમાંથી અમુક ભાગ આગા સાહેબને અમારા પીર તરીકે જાય તેમ આપ્યો હતો. આગાખાનને હાજર જોમે ધણી સલામત દાતાર એમ હું આજે પણ કહું છું. હાજર જોમે એટલે હાજર પીર કહું છું. હાજર જોમે અર્થ હાજર ઇમામ એવું હું સમજતો નથી. પીર અને ઇમામમાં તફાવત છે. પીર મોટા કે ઇમામ તેના જવાબમાં કહું છું કે, ઇમામ મોટા છે તેમજ તા. ૨૦-૬-૦૩ નો કાગલ બતાવવામાં આવે છે તે મારો લખેલો છે. તે વખતે આગાખાનને હાજર ઇમામ માનતો નહી. હાજર પીર માનતો, તે કાગળમાં હાજર જોમે મહોલાના ધણી સલામત દાતારની મહેરબાનીથી બે પૈસા કમાણો છું અને હાથ છુટા છે તે લખ્યું છે તે હાજર ઇમામ આગાખાન સાહેબ માટે છે કે કેમ? તેના જવાબમાં કહું છું કે, નામદાર આગાખાન સાહેબ માટે છે. પણ હાજર ઇમામ માટે વાપર્યો નથી. આજે પણ તેમને માટે હાજર જોમે મોલાના ધણી સલામત દાતાર એમ લખુ સાહેદ કહેતા હતા કે ઇલકાબ એથી પણ વધારે લખ્યું. રાજ્યમાં એડમીનીસ્ટ્રેટરને પણ નામદાર ખુદાવીંદ વીગેરે લખીએ છીએ. ધણી સલામત દાતાર એટલે રોજી આપનાર નહી. અસનાસરી પીર અને મુરાદીનો રીશતો માને છે કે કેમ તે મને ખબર નથી. સૈયદના હાથ ચુંમે છે પણ પીરના હાથ ઉપર હાથ મુકી બેઅત કરવી અને તેના મુરીદ બનવું એવા સબંધ માનતા નથી. આગાખાનને જે પીર માનું છે તેવા પીર માનતો નથી. પણ ઇમામની ઓલાદ માનું છું બીજા સૈયદ એટલે તમામ સૈયદ ઇમામની ઓલાદના છે. આગાખાનને ધર્મની રૂએ બીજા સૈયદ જેમ ગણું છું. અસનાસરી ખોજા ૨૫-૩૦ હજાર છે એમ અટકળે કહું છું. સેન્સસના આંકડા જોઇ લખાવેલ નથી. છાપામા એક વખત આવ્યું હતું. અસનાસરી ખોજા સખતાઇને લઇને જુદા પડયાછે; ધર્મના ભેદને લીધે નહી. અમારો અને આગાખાની ખોજાનો મહજબ એક છે. આગાખાની ખોજાઓ જેને ધર્મના ગુરૂમાને છે તેને અમે ધર્મગુરૂં માનતા નથી તેઓ જેને હાજર ઇમામ માને છે તેને અમે હાજર ઇમામ માનતા મથી હજરત અલીને તેઓ ખુદાનો અવતાર માને છે તેને અમે માનતા નથી અમારી અને આગાખાની ખોજાઓની ધર્મની માન્યતા જુદી છે મહઝબ એક છે ધર્મની માન્યતાને લઇને અમે જુદા પડયા છીયે. આગાખાની ખોજેઓના ખાનામાં મેહરાબ મેં જોયા નથી અમારી મસીદમાં મહરાબ છે મારી સુની બાયડી હતી તે સુરત પ્રગણાનાં સુનત જમાતનાં વોરાની દીકરી હતી ને સ. ૧૯૬૪ માં પરણ્યો હતો તેને પણ મેં તલાક સં. ૧૯૬૬ માં દીધી હતી. વરસ દોઢ વરસ ઘરવાસ રહ્યો હતો. માડાગાસ્કરમાં મજુંગામાં પરણ્યો હતો પણ ત્યાંજ તલાક દીધી હતી હતી તે બાઇ કાઠીયાવાડમાં આવી નહોતી સકલાવીની સાથે નીકા કરેછે તેની બાઇ અહી કોઇ આવ્યાનું મારા જાણવામાં નથી. તેમના છોકરા આવ્યા છે અસનાસરી અને ઇસમાયલી બન્ને કોમના ખોજા સુવાલી સ્ત્રીને પરણે છે તેઓ દેશની જમાતની રજા પરણવા માટે લેતા નથી સુની ઓરત ને હું પરણ્યો તે માટે ત્યાં નાતમાં કાંઇ જાહેર કર્યું નથી. સુઆલી બાઇઓનો સુની પંથ હતો તે લગ્નમાં જાઇએ જમના જઇએ તે સંબધ તેથી ... નાતમાં

જમવા ન તેડવા બાબતનો નાતનો પ્રતિબંધ છે તો એક બીજી નાતમાં જમવા બોલાવતા નથી. નાતનો ઘેર જમવા તેડવાનો પ્રતિબંધ નથી. આગાખાની ખોજામાં ઘણાને નાત બહાર કર્યા છે. નાત બહાર કરે તે સાથે ખાવા પીવાનો બધો વ્યવહાર બંધ છે. જીવા કાનાના કેશમા પોરબંદરમાં મેં જુબાની આપી છે તે માણુસને નાત બહાર કરેલ હોવાથી તેણે બદનક્ષીની ફરીયાદ મે જણા ઉપર કરી હતી તેને શા માટે નાતબહાર કર્યો તેની મને ખબર નથી તે જુબાનીમાં આગાખાની ખોજાઓ ૪૮ ઇમામને માનેછે અમે ૧૨ ને માનીયે છીએ એમ લખાવ્યું હશે. તે જુબાની મેં ગઇ સાલ માં દીધી હતી પહેલી બાઇડીને સં. ૧૯૪૯માં તલાક દીધી હતી. પોરબંદરમાં તલાક દીધી હતી. જમાતને મેં જાહેર કર્યું હતું કે તલાક આપી છે. મારેને બાઇડી ને અણુબનાવ તેથી તલાક આપી હતી. નાતને મેં કહ્યું ત્યારે કહ્યું કે ભલે તલાક આપી. તેના જવાબમાં કહું છું કે યાદ નથી. નાતની પરવાનગી લેવા તમે આ જાહેર કર્યું હતું તેના જવાબમાં કહુંછું કે ના. તલાક દીધાની ગુન્હેગારી નાતને દીધી નથી. બાઇ એ નાતમાં વાંધો લીધો હતો કે કેમ તે યાદ નથી તે બાઇ જામનગર તાબાના ગામ બેરાજાની છે સ્વામીનારાયણ ખોજા ઃઆગાખાની ટોળાંમાં રહીને દીકરી લે દે છે કે કેમ તેના જવાબમાં કહું છું કે હા. તે ખોજા ખાનામાં જાય છે કે નહિ તેની મને ખબર નથી વરતેજીની દીકરી પરણી ત્યારે તે વખતે વરતેજી અસનાસરી હતો કે ઇસમાયલી હતો તેની મને ખબર નથી. મને બતાવવામાં આવે છે તે કાગળ જોઇ કહું છું કે મારી માનું કારજ સં. ૧૯૫૯ માં કર્યું હતું (મી. મુનશી કાગળ રજુ કરે છે તે તે દાખલ આંક $\frac{૮૯}{૨}$)

ફરી તપાસ—તલાક આપવામાં આવે ત્યારે આગાખાની જમાતમાં કર લેવામાં આવતો કે કેમ તેના જવાબમાં લખાવું છું કે કાઇ કર લેવાય છે સં. ૧૯૪૦ પછી ૩૦ વરસ આફ્રીકામાં રહ્યો છું તેનુ દરમીયાન આવતો જતો તા. ૨૦-૧૨-૧૫.

નથુ પ્રેમજીની સહી દા. પોતે

મારા રૂબરૂ
(સહી) છોટાલાલ દુલભજી
જુ. દી. મુ.

શેરો.

આ જુબાનીમાં વાંચી સંભળાવતાં પાને ૪ થે બીજી લીટીમાં સાલ સં. ૧૯૫૭-૫૮ લખાવી છે એમ સાહેદ કહે છે પણ તે હકીકત ખરી નથી તેણે લખી છે તેજ સાલ લખાવી હતી એટલે નોંધ કરવામાં આવે છે તા. ૨૦-૧૨-૧૫

(સહી) છોટાલાલ દુલભજી
જુ. દી. મુ.

નકલ ઉતારનાર સુંદરજી શામજી

ખરી નકલ
જુ. દી. મુ.

લવજી જીણા રે. ગઢડાની જુબાની.

સંસ્થાન જુનાગઢ દિવાની અદાલત.

ઓ. સુ. ન $\frac{૧૦૯}{૭૦}$ આંક ૧૦૭ b

હું ખુદાને હાજર જાણી કહું છું કે જે કહીશ તે સાચું કહીશ. સાચા સીવાય બીજુ કહીશ નહી. જુઠું બોલુતો ખુદા પુછે. મહારૂં નામ લવજી મહારા બાપનું નામ ઝીણા, મહારો ધર્મ મુસલમાન, મહારી જાત ખોજા, મહારી શાખ માસ્તર, મહારો ધંધો વેપાર. મહારી ઉંમર વર્ષ ૫૨. મહારે રહેવાનું ગામ ગઢડા તાબે ભાવનગર જુ. દિ. મુ. રૂ. લ. છુ. કે.

વા. ના વ. ની તપાસમાં

ખોજા લોકો કયો કયો ધર્મ પાળે છે તેના જવાબમાં લખાવું છું કે, ખોજા લોકો સુની મુસલમાનનો, સીયા મુસલમાનનો, સ્વામી નારાયણનો, વેદાંતીનો અને મુસલમાની ધર્મની અનેક શાખાઓ છે તે શાખાઓનો પણ ધર્મ પાળે છે, કન્યાની આપલે સબંધે લખાવુ છું કે બધામાં કન્યા અપાય છે ને લેવાય છે ગઢડામાં આગાખાનીઓ છે તેમનો કન્યાની આપલે કરવામાં રીવાજ ખોજાઓ જેમ એક સરખો છે આગાખાની ખોજાએ કન્યા આપી હોય અને વર અશનાશરી ખોજાના ઘરમાં હોય એવા ઘણા ઘણા દાખલા છે મારી બીજી વખતની સ્રી જે નીકા સં. ૧૯૬૦ મા થયા તે તળાજાવાળા દેવજી પ્રધાનના ભાઇની દીકરી, તે આગાખાની તડની અંદર અને હું અશનાશરી તડમાં છું.

લગ્ન થયાં ત્યારે હું અશનાશરી હતો મારી ત્રીજી વખતની સ્ત્રી જે નીકા સં. ૧૯૬૯ માં થયા તે ભડલી વાળા વેલસી પુન્જાની દીકરી થાય. વેલસી પુન્જા આગાખાની ટોલીમાં છે અને હું અશનાશરી છું. વેલશી પુંજા મારા સસરા સાથે મારે ઘાટો સબંધ છે. તેવણુ મારે ત્યાં આવે જાય છે ભડલી વાળા ખોજા હરખજી જેઠા જે આગાખાની તડમાં છે તેની દીકરી વરતેજ વાળા ખોજા રૂપજી હસન જે અશનાશરી તડમાં છે તેને ત્રણ વરસ પહેલા દીધી છે. સંવત ૧૯૬૯આશરે. લગ્ન થયા ત્યારે જુદાજુદા તડમાં હતા. ભડલી વાળા ખોજા નાગજી જેઠાની દીકરી ધાંધળીના ખોજા રતનસી લાલાના દીકરા સાથે સ. ૧૯૬૪ આશરે પરણાવી છે. ભીગજી આગાખાની છે અને રતનસી અશનાશરી છે. ગઢડાના ખોજા કરમાલી મોતી જે કે આગાખાની તડનો મુખી છે તેની ફુઇ તે કુકડના ખોજા વીરજી ગાંગજી સાથે પરણાવી છે તારીખ ખબર નથી. વીરજી અશનાશરી છે અશનાશરીની દીકરી આગાખાનીમાં દેવાયાના દાખલા છે. ધાંધળી વાળા અશનાશરી રતનસી લાલાની દીકરી પછેગામ વાળા આગાખાની ખોજા ધારસી કાનજીના દીકરા વેરે પરણાવી છે સં. ૧૯૬૯-૭૦—લગ્ન થયા ને હાલ તે જુદા તડમાં છે કુકડ વાળા ખોજા નજર અલી ખીમજી અશનાશરીની દીકરી જાફરાવાદવાળા અલીભાઇ મામદ આગાખાની ખોજાના દીકરા વેરે પરણાવી છે ધાંધળી વાળા ઝવેર લાલા અશનાશરીની દીકરી, તે મારા કાકાના છોકરા ધરમસી ભીમજી, જે કે આગાખાની કાઉનસીલનો પ્રેસીડેન્ટ છે તેને વેરે પરણાવી છે તારીખ ખબર નથી. ધરમશી વણોદ ગામે સોનગઢમાં રહે છે. સ્વામી નારાયણ વાળાએ આગાખાનીમાં દીકરી દીધી છે. ભેરાઇ વાળા ખોજા નાનજી રવજી જે સ્વામી નારાયણ છે તેની દીકરી મારા ભાઇ છગન જીણા જે આગાખાની છે તેને આપી છે. સં. ૧૯૬૮—છગન ગઢડાનો રહીશ છે ગઢડા વાળા ખોજા ધનજી સામજી સ્વામીનારાયણની દીકરી મુંબઇ વાળા મહેરઅલી હરજી જે આગાખાની છે તેને દીધી છે તારીખ ખબર નથી ગઢડાવાળા ભીમજી જીવા જે કે સ્વામીનારાયણ છે તેની દીકરી મારા કાકા ભીમજી રતનસી આગાખાની છે અને જે વળામાં રહે છે તેને દીધી છે. તારીખ ખબર નથી. આગાખાનીએ સ્વામીનારાયણને દીકરી દીધાના દાખલા છે વણોદવાળા ધરમશી ભીમજી આગાખાનીએ પોતાની દીકરી ઉમરાલાવાળા કા... બેચર જે સ્વામીનારાયણ છે તેને આપી છે. ... ૧૯૬૭-૬૮ રામપરા તાબે વળા વાળા જીવા ... જીની દીકરી જે આગાખાની છે તેને ઉમરાલા વા... કાનજી બેચર સ્વામી નારાયણને દીધી છે તા... ખબર નથી. તલાજા વાળા જેઠા રાજન ... કે આગાખાની છે તેની દીકરી ગઢડા વાળા જગ... વન વેલજી જે સ્વામી નારાયણ છે તેના વેરે આ... છે. તારીખ ખબર નથી! આગાખાની ખોજામાં... લગભગ ૪૦,૦૦૦) ચાલીશ હજાર માણસ ગયું ... તેમની બાયડીઓ તેમની સાથે અશનાશરીમાં આ... છે. કોઇના લગ્ન રદ થયા નથી. સાહેદ ખુલાસો ... છે કે અશનાશરીમાં આવી એટલે અશનાશરી... તડમાં આવી છે પણ તેમાંની કેટલીક આગાખા... ધર્મ પાળે છે. આગાખાનીને અશનાશરી તડા પ... તેનું કારણુ એ છે કે, જમાતના કેટલાક કર આમ... માણસોને ભારે પડયા. તેમજ જમાતના કેટલાક ... ગવાનોના હુકમોને તાબે થવું કેટલાકને યોગ્ય ... લાગ્યું, તેથી જુદુ તડ પડયું. અમારા કાકાને ભાઇ... જે આગાખાની તડમાં છે તેને ત્યાં અમે જમ... જઇએ અને અમારે ત્યાં તેઓ આવે. ભીવા વાજ... કારજ પ્રસંગ આવ જાવ કાયમ છે આગાખા... ખોજા અને અશનાશરી ખોજા વચ્ચે જમવા જુ... વાનો પ્રતિબંધ નથી. અમારા ધર્મમાં ધણી સ્ત્રી... તલાક આપી શકે છે આગાખાનીનો પણ તેવો... રીવાજ છે.

પ્ર. ના વ. મી. મુનશીની ઉ. ત. માં હું ... નમ્યો ત્યારથી અશનાશરી છું. મારા બાપ પણ ... શનાશરી હતા. મારા ગામમાં અશનાશરી અને ... ગાખાની તડા સં. ૧૯૫૯ થી પડયા છે. તે પહે... બધા અસનાશરી હતા. અસનાશરી આગાખાનને ... મામ તરીકે માનતા નથી હું પણ માનતો નથી. ... શનાશરી ૪૮ ઇમામને માનતા નથી. હું પણ મા... તો નથી. હજરત અલી પરમેશ્વરનો અવતાર છે એ... અશનાશરી કે કોઇ મુસલમાન માનતા નથી કે... મુસલમાન એમ માનતો હોય તો તે મુસલમા... વીચારથી ઉંધું બોલે છે એમ કહું. મુસલમાની ... હબમાં ખુદાનો અવતાર નથી મુસલમાની દાયર... તે બહાર છે કે કેમ તે હું કહી શકું નહી. આગા... ની હઝરત અલીને ખુદાનો અવતાર ગણે છે ... હું જાણતો નથી કે સાંભળ્યું નથી. આગાખાની

હું ઘણી વખત ગયો છું. ખાનામાં ૧૦ અવ્‌લીંદુના અલી અને ૪૮ ઇમામના નામ લેવાય તેની દુવા બોલાતી મેં સાંભળી નથી. મારા જુનું ખાનું છે તે ખાનામાં હાલ આગાખાની જાય છે આગળ અમે પણ જતા, આગાખાની લોકો આવી દુવા બોલતા હોય એવું મારા જાણવામાં આવ્યું નથી મુસલમાન અસનારારી મુદ્રા રાખી કીબલા તરફ મોઢું રાખી નીમાઝ છે તે સીવાય ખાનામાં બીજી કોઇ ક્રીયા મેં નથી. સં. ૧૯૫૯–૬૦ થી ખાનામાં જવાનું કર્યું છે. સં. ૧૯૬૧–૪૨ થી પરદેશ ગયો હતો ત્યારે વચમાં કોક વખત ખાનામાં જતો. ઉમ- ૧૦૦ વખત ખાને ગયો છું તેમાં જે માણસો તે અશનાશરી પ્રમાણે નીમાઝ પઢતા હતા. આગાખાની ખોજાઓ તો ત્રણ વખત રોજ નીમાઝ હતા. આગાખાની ખોજાઓના રોજ ત્રણ ખાનામાં જવાનો રીવાજ છે તે હું જાણતો ધર્મના મત ભેદથી તડા પડયાનું હું જાણતો મારા જાણવા પ્રમાણે આગાખાની અને અશનાશરી ધર્મની ક્રીયા એક છે કે જુદી છે તેના જવાબમાં લખાવું છું કે અત્યારે એક છે કે જુદી છે તે હું જાણતો નથી. આગાખાની ખોજા હાલના ઇમામને હાજર ઇમામ તરીકે માને છે એમ હું જાણતો નથી કે મેં તેમ સાંભળ્યું નથી. ઇમામત આગાખાનના કુટુંબમાં છે અને નસલબાનસલ છે તેમ તેઓ માને છે કે કેમ તેની મને ખબર નથી. હાજીબીબીનો કેસ છાપા ઉપરથી જાણ્યો હતો. તે કેસમાં આગાખાન ઇમામ છે વીગેરે તકરાર હું જાણતો નથી લખાવ્યા તે દાખલાવાળા લગભગ તમામ માણસ જીવે છે. એકાદ બે હયાત નહોય તો દાખલાવાળા ધર્મ કહ્યા પ્રમાણેનો છે તે બાબત દસ્તાવેજ પુરાવ અહીં નથી. કોર્ટ હુકમ કરશે તો રજુ કરીશ. આગાખાની ખોજાઓ અને આગાખાનને કાંઇ સબંધ ખરો, તેના જવાબમાં લખાવું છું કે પુજ્ય ભાવે તેમને માને છે એ નસલનો અને તેટલોજ સૈયદ હોય તો તેને હું તેટલુંજ માન આપું આગાખાની તેમને ધર્ણી સલામત દાતાર કહે છે એમ હું જાણતો નથી આગાખાની ખોજા તેમને કર ભરે છે તે હું જાણતો નથી. મેં કર જમાતને આપ્યો છે. આગાખાનને આપ્યો નથી. તે કર ઘણા સૈ- તેમાં તેમને પણ અપાતો હશે. આગાખાની ખોજા નાત બહાર પોતાના તડમાંથી કરે છે તે જાણતો નથી કે સાંભળ્યું નથી. આગાખાની ખોજાના આગાખાન પીર કહેવાય છે કે? તે હું જાણતો નથી કે મેં સાંભળ્યું નથી. આગાખાનીને નાત બહાર કરવાનો અખ્તીઆર છે કે કેમ તે હું જાણતો નથી. નાત બહાર હોય છતા નાતમાં જમતા બોલાવવો જોઇએ; કેમકે ઇસ્લામી ઓર્ડર છે મોલવીના કહેવા ~~પ્રમાણે કહું છું લગીર ઓર્ડર નથી.~~ ૪૦૦૦૦) ખોજા અસનાસરી થયા છે તે કયા તડમાંથી તેના જવાબમાં કહું છું કે, મોટા તડમાંથી નવા તડનું નામ અસનાસરી છે ને જુના તડનું નામ અત્યારે આગાખાની છે નોખા પડયા પહેલાં ફકત ખોજા કહેવાતા. આગાખાની ખોજા કહેવાતા નહી હવે આગાખાની ખોજા શુ કામ કહેવાય છે તે તે જાણે. અગે તેમને આગાખાની ખોજા કહેતા નથી આગાખાની ખોજા એટલે અમારી સામેના તડના ખોજા. આગાખાની નામનો સબંધ તે તડ સાથે શું કામ તે હુ કહી શકતો નથી. તેઓ તેમને ઇમામ માને છે તેથી આગાખાની કહેવાય છે તેવું હું જાણતો નથી. તમે આવું સાંભળ્યું છે. ( ) (૪૦૦૦૦)ખોજા અસનાસરી થયાછે તેનું કાંઇ સેનસસ કે લીષ્ટ નથી. જુદા જુદા છાપામાં કોઇ વખત આંક આવે તેથી કહું છું. રાહેનજાતમાં વાચેલ છે તેના લખનાર અમારી જમાતમાંછે અસનાસરીધણીની બાયડી આગાખાની ધર્મ પાળે છે તેના દાખલા છે. મારી પોતાની બાયડી ખાનામાં જતી નથી પણ ખાનાનો ધર્મ પાલતી. તે મારી સ્ત્રી અશનાશરી મસીદમાં આવવા વાંધો લે છે ને હું વાંધો લઉ છું તેથી ખાનામાં જતી નથી. ખાનાનો અને મસીદનો ધર્મ નોખો નથી. તડ હોવાથી કુસંપ થાય તેથી ના કહું છું. ખોજા હસન ચતરભજ અશનાશરી છે ને તેની સ્ત્રી આગાખાની છે ને તે ધર્મ પાલે છે. તેનો મારા કહ્યા શીવાયનો પુરાવો તેને હાજર કરવામાં આવે તે છે આગાખાનનો ધર્મ અસનાશરી છે તેઓ ઇસમાયલીછે એમ કોઇ કહે તો હું તે માનું નહી. તેમનું આખું કુટુંબ અશનાશરી છે જેના મેં દાખલા દીધા છે તેમાં તો વીશેષ મારી માહેતી છે હાજી બીબી કેસમાં આગાખાનનો શું ધર્મ ઠર્યો તે હું જાણતો નથી. અશનાશરી ને ઇસમાયલી ધર્મમાં ફેરછે એમ હું જાણતો નથી. બે નામ નોખાં હોય છતાં ધર્મમાં ફેર ન હોય. મારી માન્યતા પ્રમાણે એકજ ઇસ્લામ

શી ધર્મ છે. આગાખાની તડામાં વારસની રજા સીવાય છેડા છુટકા થઇ શકતા નથી એમ હું જાણુતો નથી. હાલ આગાખાની તડામાં લગ્ન ને છેડા છુટકા સબંધી શું રીવાજ છે તે મને ખબર નથી. બધા લગ્નમાં હાજર નહી પણ કોઇ કોઇ લગ્નમાં હાજર હતો. પરદેશમાંથી દર ત્રણ વરસે આવતો ને ૪-૫ માસ રહેતો. સં. ૧૯૫૮ થી પરદેશ જવું બંધ કર્યું છે. બધા ખોજા મુંસલમાન છે ધર્મ મુસલમાન છે લા ઇલાહનો કલમો સ્વામી નારાયણ તેમજ બધા ખોજા પઢે છે. સ્વામીનારાયણ મુસલમાનની અંદર પણ ખરા. અશનાશરા તડમાં નથી. કયા તડમાં છે તે હું જાણુતા નથી. સીયા છે સુની નથી સીયામાં કેટલા ફીરકા છે તે હું જાણુતો નથી. અમે અશનાશરી લાખ ચોરાશી ફેરામા ને પુનઃ જન્મમાં માનતા નથી. કોઇ મુસલમાન માને નહી. કોરાન વીરૂધ તે હોવું જોઇએ. મેં કુરાન વાંચ્યું નથી. અમારી જમાતમાં અમે સાદી વીવાનો કર આપીયે છીયે. સ્વામીનારાયણ વાળા કોને કર આપે છે તે હું જાણુતો નથી. અશનાશરીને દેતા નથી. આગાખાની કોને આપે છે તે મને ખબર નથી. તેનો લેવાય છે કે કેમ તે હું જાણુતો નથી.

ફરી તપાસ નથી તા. ૨૨-૧-૧૬

શોજ: લવજી ઝીણાની મારા રૂબરૂ
સઇ દા. પોતે (સહી) છોટાલાલ ફુલભાઈ
જુ. દી. મુ.

ચાંદુ ખાન રે. ભાવનગરની જુબાની.

સ્વસ્થાન જુનાગઢ દિવાની અદાલત.

મો. મુ. ન. $\frac{૧૦૯}{૭૦}$ આંક ૧૦૨ b

હું ખુદાને હાજર જાણી કહું છું કે જે કહીશ તે સાચુ કહીશ. આ સીવાય બીજું કહીશ નહી જુઠું બોલુ તો ખુદા પુછે. મહારૂં નામ ચાદુ, મહારા બાપનું નામ ખાન. મહારો ધર્મ મુશલમાન, મહારી જાત ખોજા મહારી શાખ ભીમાણી, મહારો ધંધો વેપાર મહારી ઉમર વર્ષ ૭૦, મહારે રહેવાનું ગામ ભાવનગર જુ. વી મુ. રૂ. લ. છું કે

વાદી વકીલની તપાસમાં--ખોજામાં સ્વામી નારાયણીયા છે. અશનાશરી છે તે સીવાય ઘણા પંથો ધર્મ ચાલે છે આગાખાની ખોજા હશે. આગાખાની ખોજામાં અને અસનાસરી ખોજામાં કન્યા આપલે થાય છે આગાખાની ખોજો અશનાશરી થ તો નીકા તો કાયમ રહે છે ફેરફાર થતો નથી. આગાખાની ખોજાએ અશનાશરીમાં દીકરી આપ્યાના ખલા છે. ભાવનગર વાલા વારસ ઇસાભાઇ નાન એ પોતાની બે બેનને અશનાશરીમાં આપેલ મોટી બેનનું નામ નાનબાઇ હતું. તેને વલીભાઇ લામ હુસેન વેરે દીધી હતી અને નાની બેનનું જે બાઇ.તેના મામદ નથુ ગીગા વેરે નીકા થયા હતા ભાવનગર વાળા આગાખાની ચાંદુ વગેરે પોતાની દીક અશનાશરી વાળા કાસમ હસેનને આપી છે આગાખાની ઘોલેરાવાળા નાનજી મુખીએ પોતાની દીક ભાવનગર વાળા હસન અલીભાઇ ખીમજીને દીધી ભાવનગરવાળા નાલબંધ જમાલ સવજી આગાખાનીએ પોતાની દીકરી ભાવનગર વાળા અશનાશ અલીભાઇ ખીમજીને આપી છે અશનાશરી વાળાએ આગાખાનીને દીકરી દીધાના પણ દાખલા છે. મા દીકરી સકીના બાઇને મેં આગાખાની સુરત વાળ દાઉદભાઇ જુમાભાઇને દીધી છે. મારી બીજી દીક ફાતમાબાઇને આગાખાની મુંબઈ વાળા ગુલામ હુસે ન ભાણુજી જે મુંબઇ નાતમાં અગ્રેસર છે, તેને આપી છે. આગાખાનીએ અશનાશરીમાં દીકરી દીધાના બીજા દાખલા યાદ આવે છે તે લખાવું છઉં. મુંબઇ વાળા મનજી કરીમ ચા વાળા આગાખાનીએ પોતાની દીકરી ફાતમા બાઇને આમદ વલી અશનાશરી ભાવનગર વાળાને દીધી છે ચુડેલ વાળા આગાખાની નારણ રહીમે પોતાની દીકરી વરતેજ વાળા અસનાશરી ઝવેર ગીગાને આપી છે ધાધલી વાળા આગાખાની વીરજીની બહેનને વરતેજ વાળા અસનાસરી હશન ગીગાને દીધી છે મારી બેન વાલ ભાઇ વલી દાઉદની ધરવાળી જે આગાખાની છે તેમની મોટી દીકરી સકીના બાઇને ભાવનગર વાળા નુરમામદ કાશમ અસનાસરીને દીધી છે અને નાની દીકરીને (નામ યાદ નથી) માડાગાસકરવાળા શરીફ જીવાના દીકરા વેરે દીધી છે. છોકરાનું નામ યાદ નથી આગાખાનીએ સ્વામીનારાયણીયાંને આપ્યાનો દાખલો મને યાદ નથી. મારા જમાઇને દીકરી મારે ઘેર આવે જાય છે સંબધ સારો છે આગાખાની મારા સગા સાથે મારે સારો સંબધ છે. જેવોને તેવો છે. ભાવનગરમાં કોઇ ખટપટ નથી. આગાખાની ને અસનાશરીના તડાં અમારા નાતીલાની અંદર અદરની ખટપટને લીધે પડયાં છે નામદાર આગાખાન સાહેબને લીધે પડયા નથી

પ્રતિવાદીના વકીલ મી. મુનસીની ઉ. ત. માં. આગાખાની અને અસનાસરી ધર્મ એક કે જુદા તે અમે જાણતા નથી. અમે આગાખાનને હાજર ઇમામ તરીકે માનતા નથી. ઇમામત તેમના ઘરમાં છે એમ અમે માનતા નથી. અમે સ. ૧૯૩૬ થી અસનાસરી થયા છીએ તે પહેલાં હું આગાખાની ખાનામા જતો હું તે વખતે દુવા પડતો નહી. તેમાં કાંઇ સમજતું નહી. દુવા શું તે હું સમજતો નથી દુવામાં દશ અવતાર અને અડતાલીશ ઇમામના નામ લેવાય છે તે હું જાણતો કેમ તે દુવા હું જાણતો નથી. આગાખાની લોકો અમારા વખતમાં અડતાલીશ ઇમામના નામ લેતા નહી. તેમ દશ અવતારના નામ લેતા નહી પણ બાર ઇમામને ૧૪ માસુમના નામ લેતા. અસ્નાસરી લોકો બાર ઇમામ અને ૧૪ માસુમને માને. બાર ઇમામ ૧૪ માસુમમાં આવી જાય છે. આગાખાની લોકો જે ખાનામાં જાય તેમનો હવેનો મહઝબ શું તે હું જાણતો નથી હું ખાનામાં જતો ત્યારે તેમનો મહઝબ એકજ હતો અને તે અસનાસરીનો ધર્મ હતો. તે વખતે ઇસમાઇલી નામ કોઇ જાણતું ન હતું. ખુદાના અવતારમાં હું માનતો નથી. હજરત અલી ખુદાનો અવતાર નથી. કોઇ તેને ખુદાનો અવતાર કહે તો તેને ઇસલામમાંથી ખારીજ કહે છે કુરાન પ્રમાણે નહી. હીંદુનાં દશ અવતાર માને તો તે પણ ખારીજ થાયછે. લાખ ચોરાસીમાં માનતો નથી હાલના આગાખાની હજરત અલીને ખુદાના અવતાર માને છે કે કેમ તે હું જાણતો નથી. તેમજ ૪૮ ઇમામની તેમની માન્યતા છે કે કેમ તે હું જાણતો નથી. આગાખાનને પીર તરીકે માનતા નથી. આલે રસુલ તરીકે માનીયે છીયે. આગાખાની તેમને પીર તરાકે માનેછે તે હું જાણતો નથી. મારા અને મારી બેનોના દીકરીના વીવામાં હું હાજર હતો. ઇસા નાનજીનાવીવા વખતે હાજર હતા કે કેમ તે યાદ નથી સરઘસમાં હોઇએ. ઇસાભાઇને તેની બેનો ગુજરી ગઇ છે. તેમના ધણી હયાત છે. ચાંદુ વજીરને દીકરાને જમાઇ જીવે છે. ઘે લેરાવાળો નાનજી ગુજરી ગયોછે. તેનો જમાઇ હસન જીવે છે અલીભાઇ ખીમજી જીવે છે જમાલ શીવજી મરી ગયો છે. મારા જમાઇ જીવેછે. દીકરાયો ગુજરી ગઇ છે. મનજીને આદમ જીવેછે. નારણ ગુજરી ગયો છે. મારી દીકરીના અને મારી બેનની એક દીકરીના લગ્ન જુદુ પડયા પછી થયા છે. મોટી હેડી ભેગા હતા ને લગ્ન થયા હતાં વીવા થાય ત્યારે તડવાળા દરેક તડના મુખીની રજા લેછે. વીવા સંબધે તકરાર હોયતો નાત પાસે બંને જણા જાય અને નાતથી ચુકાદો ન થાયતો કોર્ટમાં જાય. નાતને નીકા તોડવા સતા નથી. બંને નાતમાં નીકા તોડવા સતા નથી. આગાખાની નાતે ભાવનગરમાં નીકા તોડયા નથી. બીજે તોડયા હોયતો ખબર નથી. હું દલાલીનો ધધો કરૂ છું. મારી વારસીક પેદાશ રૂા. ૨૦૦ ની છે આગાખાની તડમાં નાતનું ખાણું હોય તો અશનાશરી નાતમાં જમવા ન જાય. ઘેર આવે ને જમે અગર અશનાશરીને ઘરે થાલ મોકલે અમારા અશનાશરીમાં નાત હોય ત્યારે પણ તે પ્રમાણે થાય છે. આગાખાની નાત બહાર કરતા હોવાનું જાણ્યું નથી. વાંક આવેતો દંડ કરે. નાત બહાર ન કરે નાતને તેવો અધીકારજ નથી. અશનાશરીમાં એક ઉપર બીજી બાયડી કરી શકાય છે આગાખાનીમાં પણ બીજી બાયડી કરવા બંધ નથી નાતની પરવાનગીની જરૂર નથી. દંડ જમાત લે છે નીકા પઢાવતી વખતે પુછે છે અને દંડ લઇ પરણાવે છે. આગાખાની પરવાનગીની જરૂર છે એમ કહેતા હોયતો તે વાત ખોટી. અમે આગાખાની હતા ત્યારે જમાતને કર દેતા. આગાખાનને ન દેતા.

ફેરી નથી તા. ૧૩-૨-૧૬

ચાંદુ ખાનમામદ — મારા રૂબરૂ

સઇ દા. પોતે (સહી) છોટાલાલ દુલભજી

જ્યુ. દી. મુ.

વાદીના સાક્ષી એદલજી ધનજી કાબા એ રજુ કરેલા કોર્ટના જજમેન્ટો ની નકલો.

(નકલ પહેલી.)

ફો. કી. મુ. નં. ૯૨૧૯ $\frac{૨}{૧૩-૧૪}$

ની. ૧

શ્રીમંત સરકાર ગાયકવાડ વી. અમરેલી

ફોજદારી ન્યાયાધીશ વર્ગ ૧

અરજદાર જાત અટક ઊ. ધંધો રેવાશી
બાઇશાતમા વલીઆમદ ખોજા રેમાણી ૨૧ ઘરકામ અમરેલી

સામાવાળા

નાનજી દાતુ ખોજા ખબરનથી ૬૦ ખા. નોકરી આફ્રીકામાં બીસમાર્કબર્ગ

અર્જી.

છેડા છુટકો મળવા બાબત સં. ૧૯૧૭ ના
ફો. ની. અ. ૮૭ મુજબ.

હું અરજદારણ સામાવાળા વીરૂધ્ધ આ છેડા છુટકાનો અરજ કરૂં છું કે

૧ સામાવાળા સાથે જો કે મારા નીકા આશરે ૭-૮ વરસ ઉપર અમરેલીમાં થયા. તે નીકા કરવામાં મારી સંમતી નં હતી, કેમકે સામાવાળો વૃધ્ધ ઉમરનો ને નબળા બાંધાનો છે. વળી તે વખતે મારી ઉમર માત્ર ૧૩ વરસની હતી, પરંતુ લાચાર કે જ્યાં મા બાપ નીકા કરાવે, ત્યાં કાંઇ દીકરીથી બેલી શકાતું નથી.

૨ સામાવાળો જ્યારે આંહી સગપણને નીકા કરવા આવ્યો ત્યારે તેને બૈરીને ત્રણ છોકરાં હતાં એ વાત છુપાવી એમ કહેલું કે, મારી બૈરી છોકરાં નહિ હોવાથી છોરૂની ખોટે કરૂં છું. એવી ખોટી ફરેબ આપી નીકા કરાવી લીધા.

૩ નીકા કરીને સામાવાળો પોતાને ગામ કચ્છમાં નાગલપુર મને તેડી ગયો. તે વખતે તેની બૈરી આફ્રીકામાં હતી. ને છોકરા પોતાની બેનને ઘેર મુંદ્રામાં હતા. હું મુદ્રા ગઇ ત્યારે મને એ વાતની ખબર પડી, છતાં પણ સામે વાળે મને કેટલાક દીવસો ખોટી સમજ કરાવી

૪ નાગલપુરથી મને મારે માવતર નહીં મોકલતા આફ્રીકામાં જંગબાર તેડી ગયો. હું અબળાનો શું ઉપાય ચાલે. જંગબાર આશરે પંદર દીવસ રહી, ત્યાંથી ફાગાની ગામે લઇ ગયો. જે ત્યાં સામાવાળે દુકાન કરી. દુકાને બેસવાનું. માલચીજ વસ્તુ મારે બેંચી આપવાનું તથા ઘરાકો સમજાવવાનું પણ મારે માથેજ સામાવાળાએ રાખ્યું. ને તેમાં ચુક પડે ન પડે તો પણ માર મારે ભુરૂં ખાવા [illegible] દીએ. આવી રીતે માર ભુખને દુખના અસાધારણ દુખ આશરે એક વરસ સહન કર્યાંને: ક[illegible]
શરમ આવે છે કે દુનીયાંદારીનું કાંઇપણ સુખ [illegible]
મળેલું નથી

૫ એક વખત એ ફાગાની ગામમાંની દુકાને
બેઠી હતી. તેવામાં સામાવાળો બાહારથી આવી [illegible]
પુછ્યાં એકદમ મને ઢોરના માફક માર મારવા લા[illegible]
તે સહન ન થવાથી, હુ બરાડા પાડવા લાગી. તે[illegible]
પોલીસ દોડી આવી અને સામાવાળાને પકડી [illegible]
કામ ચલાવી, તેનો દંડ રૂ. ૫૦) કરવામાં આ[illegible]
બાદ તેજ ગામમાં સામાવાળે મને ફારગતી આ[illegible]
પોતે ત્યાંથી બુકુબા ગામ જવા ત્યાર થયો, [illegible]
ફંગાનીના અમારા જ્ઞાતી વાળાઓએ મને તે[illegible]
સાથે પરાણે મોકલી. તેથી હું સાથે ગઇ. ત્યાં [illegible]
ચાર મહીના રહી. તે વખતે પણ તેવીજ વર્ત[illegible]
ચલાવી મને અસાધારણ દુખને માર આપ્યો[illegible]
છેવટ મને તલાક આપી, રજા આપીને એક પઇ[illegible]
મને નહીં આપવાથી, હુ ભીખ માગતી માગતી [illegible]
મોંબાસે ગઇ.

૬ મંબાસામાં સામાવાળાના શેઠ નાસર વ[illegible]
કરીને છે તેના પાસે જઇ વાત કરી. તેણે [illegible]
પાસેથી ફારગતી જોવા માગી ફાડી નાખી. મને [illegible]
આપી, તેથી તેજ ગામમાં મારા માબાપના ફે[illegible]
દીકરા મારા કાકા હતા, તેને ત્યાં ગઇ. તેમને [illegible]
આશરે ૮-૯ મહીના રહી. તે વખતમાં મારા કા[illegible]
સામાવાળાને ઘણા કાગળો લખ્યા પણ તે અ[illegible]
નહીં. તેથી છેવટ મારા કાકાએ મને કહ્યું કે જં[illegible]
રમાં આપણી કાઉન્સીલ છે. ત્યાં જઈ અરજ કર. [illegible]
મેં ત્યાં જઇ અરજ કરી, તેથા તેઓએ સામાવા[illegible]
તથા તેના શેઠ નાશર વીરજીને ઘણા કાગળો [illegible]
પણ તેઓએ કશો જવાબ આપ્યો નહીં. તે [illegible]
કૌંસીલ તરફથી મને એક મકાન રહેવા આ[illegible]
ધરમાદા ફંડમાંથી મારા ખર્ચ માટે માસીક રૂ. [illegible]
મને આપતા હતા ને તે મુજબ આશરે ૧૦ મ[illegible]
ત્યાં કાઢયા ને છેવટ સામાવાળાએ કાંઇજ [illegible]
આપીઆ નહીં.

૭ એટલે જંગબારની કૌંસીલે અમ[illegible]
કૌંસીલ કે બાઇના તરફ બાપને કહીને ખર્ચ [illegible]
માસીક રૂ. ૧૫) મોકલાવો. મારા બાપની [illegible]
તેટલો ખર્ચ મોકલવા સરખી નહિ હોવાથી, [illegible]

...ની કોંસીલ જે, મને મોકલવાનું લખવા અરજ ...થી તેનો જવાબ આપ્યો. એટલે મને મુંબઇની ... અપાવી. તેથી હું મુંબઇ આવી ને ત્યાંથી ... બાપ મને આંહીં તેડી લાવ્યો. જેને આજે ...રે ત્રણ વરસ થયા.

૮ હું આંહી આવ્યા બાદ સામાવાળા ઉપર ... બાપે ઘણા પત્રો લખ્યા, છતાં પણ કાંઇ જવાબ ...તો નથી ને સ્થિતિ એવી છે કે

૧ સામાવાળો વૃધ ઉમરનો ને નબળા બાંધાનો છે ... રાખવી એ તેની શરીર સંમતી વિરૂધ છે. પરંતુ ... કારણસર પબલીક રજા નહી આપતાં મને મારી ...ને ત્રાસ આપી કાઢી મુકવાનો તેનો ઇરાદો છે.
૨ તેવા ઇરાદાથી મારા સાથે સામાવાળાએ ઘાતકી ...ને ક્રૂર વર્તણુંક ચલાવી મારે માથે જુલમ ગુજારેલા છે
૩ મારા અને સામવાળાનો એકઠાં રહી સંસાર ...રે એવો કોઇ રીતે સંભવ નથી.

૪ મારી ઉમર જુવાન છે. જમાનો ખરાબ છે અ... સુધી ખુદાએ મારી બુધી ઠેકાણે રાખીછે; પરંતુ ...ને શજોગો તેમજ ઉમરનું પ્રમાણુ બંને ભમાવી ...એ એ સ્વભાવીક છે. માટે મારી નમ્ર વિનંતી ...થે માગણી છે કે—

(ક) સામાવાળા સાથે મારો નીકા સંબંધ ...ડવાનો અને

(ખ) છેડા છુટકો થયો છે એમ ઠરાવી તેનો ...ખલો પણ મળ્યાનો હુકમ ફરમાવશો તા. ૧૪–૮–૧૩

બાઇ ફાતમા વલીમામદની સહી દઃ અબદુલહુશેન
વલીમામદ બાઇના કેવાથી.

હું અરજદારણ પ્રતીજ્ઞા કરૂંછું કે, આ અરજમાં ...ખેલો મજકુર મારા જાણવા તથા માનવા પ્રમાણે ...રો છે પ્રતીજ્ઞા લેખ જાણી બુજી ખોટો કરાવો એ ...નોહ છે. આ પ્રતીજ્ઞા લેખ મેં રા. જગજીવન મોનજી ...ીલને ઘેર બેઠા કર્યો છે તા. ૧૪–૮–૧૩

બાઇ ફાતમા વલીમામદની સહી દઃ અબદુલહુસેન
વલીમામદની સહી ધણીના કહેવાથી.

આ અરજ ફોજદારી ફી. નોંધવહીમાં દાખલ કરી અરજદારણના માગવા પ્રમાણે, તેણીને છેડા છુટકો શા માટે ન આપવો, તેનું કારણ બતાવવા સામાવાળા ઉપર સુચનાપત્ર કાઢવું તા. ૧૪–૮–૧૩

(સહી) ચતુરભાઇ નાથાભાઇ
અ. દા. મા. ન્યા.

ઠરાવ.

હકીકત

૧ અરજદારણનો અરજ એવો છે કે સામાવાળો મારો ધણી થાય છે તે નબળા બાંધાનો છે અને તેના શરીરનો બાંધો સારો નથી અને સામાવાળા અરજદારણ તરફ ક્રૂર અને ઘાતકી વર્તન ચલાવે છે માટે સામાવાળાથી છેડા છુટકો મળવા અરજદારણનો હાલનો અરજ છે સામાવાળો હાજર થયો નથી અને કાંઇ કારણ બતાવ્યું નથી.

પુરાવો અને વિવેચન

૨ અરજદાર તરફે ખુદ અરજદાર બાઇ ફાતમાની જુબાની ન. ૧૨ ની થઇ છે અને બીજા પણ શાહીદો થયા છે તેમજ કેટલાક લેખી કાગળ રજુ થયા છે બાઇ ફાતમા ન. ૧૨ જણાવે છે કે મારી ૧૨–૧૩ વરસની ઉમર હતી તે વખતે સામાવાળાની ઉમર ૫૦ વરસની હતી અને તે વખતે મારા લગ્ન તેની સાથે થયા હતાં અને સામાવાળો કહેતો હતો કે મારે બાઇડી છોકરાં નથી અને છોરની ખોટમાં પરણું છું. પરણીને સામાવાળો મને કચ્છભુજ તેડી ગયો તે વખતે મને ખબર પડી કે, સામાવાળાને બાયડી તથા છોકરા છે સામાવાળો મને જંગબાર તેડી ગયો. ૧૦–૧૫ દહાડા ત્યાં રહ્યા પછી પુંગાની ગામે મને તેડી ગયો. તે વખતે મને સામાવાળો ઘણું મારતો હતો અને એક વખત સામાવાળાએ મને લાકડી મારી અને લોહી નીકળ્યું તેથી પોલીસ સામાવાળાને પકડી ગયો. અને તેનો રૂ. ૫૦) દંડ થયો. પછી અમે બકુબા ગામે ગયા ત્યાંપણ મને સામાવાળો મારકુટ કરવા લાગ્યો. ત્યાંથી પછી મારની બીકથી હું મોંબાસે આવી. ત્યાં નાસર શેઠે મારી પાસેથી કારગતી લઇ લીધી અને ફાડી નાખી. પછી ખોજાની કાઉન્સીલમાં મેં અરજ કરી અને હસે

મહીના હું જમાતમાં રહી અને સામાવાળાને કાગળ લખ્યા, પણ જવાબ આપ્યો નહીં; તેથી પછી છેવટે કાઉન્સીલે રૂ. ૫૦) ખર્ચના અને આપીને મુંબઈ મને પહોંચાડી. અને મુંબઈથી મારો બાપ મને આહીં તેડી લાવ્યો છે. આહીં આવ્યાને ત્રણ વરસ થઈ ગયા છે અને ચોથું વરસ બેઠું છે. અને કાગળ લખ્યા પણ જવાબ આપ્યો નથી, નાનજીની ઉમર હાલ ૬૦ વર્ષની છે. અને તેને બૈરીનો હવે ખપ નથી અને દુનિયાની બાબતમાં કાંઈ સમજતો નથી ની. ૧૩ નો સાહેદ ફાતમાનો બાપ છે. તે ફાતમાને લગતી હકીકત લખાવે છે. અને મામદ જીવા (ની. ૯) પણ ઉપરના બંને પ્રસંગ જે હકીકત કહે છે તેને પુષ્ટિ આપે છે. ની. ૯ નો શાહેદ ફાતમાના બાપને મળતી હકીકત લખાવે છે. ગોંબાસાથી ખોજાની કાઉન્સીલે લખેલો કાગળ તેમજ ફાતમાને મુંબઈ ચડાવી દીધી, તે સબંધનો કાગળ વીગેરે બીજા કાગળ ખોજાની કૅાન્સીલે અમરેલી કૅાન્સીલને લખેલા કાગળ કામમાં રજુ થયા છે. તે સઘળા વાંચી જોતાં જણાય છે કે ફાતમાએ પોતાની જુબાનીમાં જે હકીકત લખાવી છે તે કિંચીંત ખોટું નથી અને તેની એકંદર સ્થિતિ ઘણીજ દયાજનક છે. સામાવાળો હરહમેશ તેને મારકુટ કર્યા કરતો હતો અને તેથી ફાતમાને એકલી મોંબાસા આવવું પડયું હતું અને ત્યાંપણ કાઉન્સીલમાં તેને દસ માસ રહેવુ પડયું; પણ સામાવાળા તરફથી કાંઈ કાગળ અથવા જવાબ મળ્યો નહિ. છેવટે કાઉન્સીલે રૂા. ૫૦ ધર્માદાના ખર્ચના આપીને બાઈને તેના બાપને ઘેર પહોંચતી કરી છે.

સામાવાળાને બીજી બાયડી હતી છતાં, તે વાત અંધારામાં રાખી અરજદાર સાથે સામાવાળો પરણ્યો છે. સામાવાળાની ઉમર લગભગ ૬૦ વરસની છે. જ્યારે ફાતમા ૨૦–૨૧ વરસની જુવાન ઓરત છે, અને તે ઉપરાંત સામાવાળાનું અરજદાર તરફનું એકંદર વર્તન ઘણુંજ ઘાતકી અને ક્રૂર છે અને તે બંનેનો સંસાર હવે સમાધાનકારક રીતે ચાલી શકે તેમ નથી. સામાવાળો ફાતમાને ખાવાપીવાનું પુરૂં પાડતો નથી અને તેની સંભાળ પણ રાખતો નથી. ફાતમાની આત્મકથા સાંભળી તેના ઉપર ઘણીજ દયા આવે છે. અને સામાવાળાનું ફાતમા તરફનું એકંદર વર્તન જોતાં છેડાછુટકા આપવાથી બંનેનું હિત સચવાશે એમ લાગે છે. સબબ સામાવાળાએ અરજદારને છેડાછુટકા આપવા જોઈએ.

હુકમ

૩ સબબ હુકમકે ઉપર દરસાવેલા કારણ... જદારણ બાઈ ફાતમાને છેડા છુટકા આપવા... વેછે. માટે આ હુકમની તારીખથી માસ બ... છેડા છુટકાના ઠરાવનો દાખલો અરજદારને ... તા. ૨૫ માહે અકટોબર સને ૧૯૧૩

C. N. P...

આ. દા. મા. ...

ઠરાવ ખુલ્લી કોર્ટમાં વાંચી બતાવ્યો છે.

તા. ૨૫-૧૦-૧૩

C. N. P...

આ. દા. મા. ...

નકલ કરનાર

ભગવાનજી જીવરાજ

ક્રી. કા.

(નકલ બીજી)

પ્રગણે શીહોરના ન્યાયાધીશની કોર્ટ... દીવાની ફરીઆદ નં. ૬૬૩ સં. ૧૯૫...

બાઈ મોતી તે ઠકર જસરાજ સોમજીની ... રેનારી ઘાંઘળી પ્ર. શીહોર—વાદી

વિરૂદ્ધ.

ખોજા નજરઅલી નુરમામદ તથા નુર... આણંદજી રે. રોહીશાળાના પ્રગણે બોટાદ—પ્રતિ...

દાવો રૂ. ૬૨૭-૯-૦

વાદીના વકીલ મી. દામજી મકનદાસ હાજ...

નંબર ૧ ના પ્રતિવાદીના વકીલ મી. જુઠા... ગીગાભાઈ હાજર છે

નંબર ૨ નો પ્રતિવાદી હાજર નથી પણ વકીલ જુઠાભાઈ હાજર છે.

[illegible] દાવાની બીના એવી છે કે નંબર ૧ ના [illegible] સાથે સં. ૧૯૪૪ ની સાલમાં શીહોર પ્ર[illegible] ચાંદગી ગામમાં મારા નીકા થયા હતા. અને [illegible] વખતે શરેહ પ્રમાણે મારી મેહેર રૂ. ૧૨૭–૮–૦ [illegible] પ્રતિવાદીએ આપવા મુકરર કર્યા છે. ત્યાર પછી [illegible] સાથે ભાવે રહી તેનાથી મને ત્રણુ ફરજંદ [illegible], તે ગુજરી ગયા છે. સદરહુ પ્રતિવાદી અને [illegible] આસ્તર, મારા સાથે અણબનાવથી વર્તતા હતા. [illegible] કર્યા છતાં મને બીજી વખત ગયા ભાદરવા [illegible] મારે પીયર ધાંધળી મુકી જવાથી હું ધાંધ[illegible] રહું છું. આ વખત પ્રતિવાદી પાસે મારી [illegible] રૂપીયા ૧૨૭-૮-૦ માગ્યા છતાં તેણે આપ્યા [illegible] આ પ્રતિવાદીએ મને તલાક આપી. મારા ઉપ[illegible] હક ઉડાવી તે બાબતનો પત્ર સં. ૧૯૫૯ ના [illegible] સુદ ૫ નો ધાંધળીની ખોજા જમાત ઉપર [illegible] ટપાલ રસ્તે લખી મોકલાવ્યો છે. તે મને [illegible] તરફથી વાંચી સંભળાવ્યો છે. જેથી મને [illegible] આપવાથી પણુ તેના પાસે મારી મેહેરની [illegible] કરેલી રકમ લેણી થયેલી, તેના પાસેથી લેવાનો [illegible] મારો હક છે.

૨ નંબર ૧ ના પ્રતિવાદીએ શરેહ પ્રમાણે મારી [illegible] રૂપીયા આપ્યા નથી. તેથી સરકારી [illegible] રસ્તે મેં તેને નોટીસ આપેલી છે છતાં આપનો [illegible] માટે મારી મેહેરના રૂ. ૧૨૭–૮–૦ પ્રતિવાદી[illegible] જાત મીલકતથી વસુલ અપાવો, તેમ દાવાનો [illegible] પ્રતિવાદીઓ પાસેથી અપાવો.

૩ નંબર ૨ નો પ્રતિવાદી નંબર ૧ ના પ્રતિ[illegible] બાપ થાય છે. તેઓ એકઠા રહે છે. અવી[illegible] પણે વડીલોની મીલકતમાં રહે છે. માટે તે પણ [illegible] દાવાનો જવાબદાર હોઇને તેને પ્રતિવાદીમાં [illegible] કરેલ છે.

૩ સિવાય પ્રતિવાદી પાસે મારી ખોરાકી પો[illegible] તથા સ્ત્રી ધનના અને કરીઆવરના દાવા [illegible] છે. હવે પછી લાવવાના છે.

જવાબ—નં ૧ ના પ્રતિવાદી નુરમામદનો [illegible] કે આ દાવો આ કોર્ટમાં ચાલી શકે નહિ. [illegible] પ્રતીવાદીઓ આ કોર્ટની. હકુમતના. રેનાર નથી. [illegible] દાવાનું કારણુ આ કોરટની હકુમતમાં ઉતપન [illegible] નથી. મારા લગન વખત મેહેર રૂ. ૧૨૭-૮-૦ની નકી કરવામાં આવી નથી. કેટલા એક ખોજા મુસલમાની ધર્મ પાલે છે. અને કેટલા એક ખોજા હીન્દુ ધર્મ પાલે છે. તેમાં હીંદુ ધર્મ પાલનારા મેહેર બાધતા નથી. તેમ મેહેર આપતા નથી. અમો હીન્દુ ધર્મ પાલનાર હોવાથી વાદીનણુની કાંઇ મેહેર બાંધી નથી.

તેમ-કાંઇ મેહેર મારે આપવાની નથી. અમો પ્રતીવાદીને મેહેરનો કાઇદો લાગુ નથી. તેમ જો કાયદાપરમાંણે અમલ અમારામાં થાતો નથી. માટે વાદી પણુ મારી પાસેથી મેહેર લેવા હકદાર નથી. વાદીયણુ મુસલમાની શરેહ પરમાણે મેહેર લેવાને હક ગણુતી હોય તો, પણુ મેં જ્યાં સુધી ત્રણુ વખત ફેરવી નહી શકાય તેવી તલાક આપી નથી; ત્યાં સુધી તે મારી પાસે કાંઇ મેહેરની રકમ માગી શકતી નથી

વાદીઅણુની અરજીથી જણુાય છે કે, તેને અમુક મુદતે મેહેર આપવાની નથી. તો શાહેર પરમાણે મરણુ થીયા વગર અગર ફેરવી નહી સકાય તેવી તલાક આપ્યા વગર મેહેરના રૂપીયા માગી શકાતા નથી હું પ્રતીવાદી બરવાલાનો રેનાર છઉં. કદી ધાંધલી ગામે આવ્યો નથી. ધાંધલીમાં તલાક આપવાની અને મેહેર ના રૂપીયા માગ્યાની વાત ખોટી લખી છે. ગઇ સાલના ભાદરવા માસમાં વદીયણુને હું. ધાંધલી ગામે મુકી ગયો નથી. પણુ તેની મા રોઇશાલા ગામે તેડવા આવેલી. તેની સાથે મારી રજા વગર પોતાની સીર જોરાવરીથી મારા નીચે લખેલા દાગીના લઇ ગીયેલ છે. તે દાગીનાની વીગત.

૩૦–૦–૦ રૂપાના કડલાની જોડ ૧ કીંમત રૂ. ૩૦–૦–૦

૧૦–૦–૦ સોનાના ઢોલીયા નંગ ૨) કીંમત રૂ. ૧૦–૦–૦

૧૫–૦–૦ રૂપાની હાથે પહેરવાની કડલી જોડ ૧ કીંમત રૂ. ૧૫–૦–૦

૬–૦–૦ નાકનું ફુલ ૧ સોનાનું કીંમત રૂ. ૬–૦–૦

રૂ. ૬૧–૦–૦

જો માલ વાદીયણુ પાસે મારો છે. તે નહિ આપવા માટે આ મેહેરનો દાવો કર્યો છે. વળી તે માલ પણુ તેણે મેહેર પેટે ભરયો નથી. જો શરેહના

નીપજથી ઉલટું છે.

વાદીયણુ મારી રજા વગર ચાલી આવવાથી, ખોરાકી પોશાકી લેવાનો દાવો, દાવો કરવાનો હક હું કબુલ રાખતો નથી. એ રીતના કારણો ધ્યાનમાં લઇ વાદીયણનો દાવો રદ કરી, મારૂં ખરચ વાદીયણ પાસેથી અપાવશો.

નંબર ર ના પ્રતિવાદી નુરઆમદ આણુંદજીનો જવાબ કે હું આ કોર્ટની હકુમતમાં રહેતો નથી. માટે આ દાવો આ કોર્ટમાં ચાલી શકે નહીં

મારા વિરૂધ્ધ દાવા અરજીમાં લાવાનું કારણ જણાવવામાં આવ્યું નથી. મને હેરાન કરવા પ્રતિવાદીમાં દાખલ કરેલ છે. હું અને નંબર ૧ નો પ્રતિવાદી ઘણી મુદતથી જુદા રહીએ છીએ. હું રાજીઆલામાં રહું છું ને નંબર ૧ નો પ્રતિવાદી બરવાળામાં રહે છે. વાદીયણની મેહેરનો હું કોઇપણ કાયદા પ્રમાણે જવાબદાર નથી. હું હીંદુ ધર્મ પાળનાર હોવાથી મને શરેહનો કાયદો લાગુ નથી. તેમ અમો મેહેર બાંધતા પણ નથી તેમ આપતા નથી. તો વાદીયણની મેહેર મુકરર કર્યાનું ખોટું લખ્યું છે. વાદીયણનો દાવો કોઇપણ પ્રકારે ચાલી શકે તેવો નથી. ઉપરના કારણો ધ્યાનમાં લઇ વાદીયણનો દાવો રદ કરી મારૂં ખરચ તેની પાસેથી વસુલ અપાવશો.

મુદ્દા.

૧ દાવાનું કારણ આ કોર્ટની હકુમતમાં ઉત્પન્ન થયું છે કે કેમ

અને દાવો આ કોર્ટમાં ચાલી નથી શકતો કે શીરીતે

ર વાદીની મેહેરના રૂ. ૧ર૭–૮–૦ નકી કરેલા છે કે કેમ અને રૂપીઆ વાદી માગી શકે છે કે શીરીતે

૩ વાદીના દાવા માટે નંબર ર નો પ્રતિવાદી નુરઆમદ આણુ દજી જવાબદાર છે કે શીરીતે

૪ વાદીને શી દાદ કયા પ્રતિવાદી કે પ્રતિવાદીયો રીરૂધ મળી શકે છે.

બીજી મુદ્દા કોઇ પક્ષકારોએ માગ્યા નથી.

હેઃ

કારણો.

વાદીયણ બાઇ મોતીના નીકા નંબર ૧ પ્રતિવાદી નજરઅલી નુરઆમદ સાથે ધાંધલી ગામ થયા છે. તે નીકા થતી વખતેજ ધાંધલી ગામ મેહેર આપવાનો ઠરાવ થયો છે. સાહેદ નુરમા તથા મામદ અને જુરો બધા કહે છે કે, નીકા વખ મેહેર બાંધી હતી. જ્યારે મેહેરનો કરાર સાહે તાઆના ધાંધલી ગામમાં થયો છે. તો પછી કોર્ટની હકુમત માટે કોઇ સવાલ રહેતો નથી. પ્રતિ વાદી કહે છે કે તે ખોજા છે. પણ સ્વામીનારાયણ ધર્મ પાળે છે. તેથી તેમનામાં મેહેર આપવાનો રીવા નથી. આ બાબત પુરવાર કરવાનો બોજો પ્રતિવાદી સીર છે. પરંતુ તે કોઇ રીતે અદા થયો નથી વા પણ તરફથી નજરઅલીને સાહેદ તરીકે બોલાવ બનતી કોશીશ કરવામાં આવી છે. પણ સાચાપે બાના કાઢી ને કોઇ વખત સોગન ઉપર જુબા આપવા હાજર થયો નથી. આ બાબત છેલી મુ તેણે ટપાલમાં મોકલેલી અરજી ઉપર કોર્ટે હુ કરેલ છે.

તેનો હેતુ માત્ર વાદીયણને લાંબો વખત સુ અથડાવી હેરાન કરવાનો જણાય છે. પોતે હાજર થતો નથી. એટલુંજ નહિ પણ પોતા સાક્ષીઓને પણ મેળવી આપતો નથી. ઘણી મુ સઇ જોયા પછી કોર્ટને તેની દાનત વીશે, ઉ પ્રમાણે અભીપ્રાય થયાથી આ કેસ ફેસલ ઉપર રાખ્યો પ્રતિવાદીની આ વર્તણુંકથી તેના વીરૂધ અનુમ કરવાને કારણ મળે છે. તે સાથે વાદીયણ તરફ જે પુરાવો રજુ થયો છે તે તરફ ફરીયે વાદીય તરફથી સાહેદ નજરઅલી ઝવેર નં ૧ ના પ્રતિવ એ બાઇ મોતીને તલાક આપવાનો કાગળ, ધાંધલી જમાતના મોટેરા ઉપર લખેલ, તે કાગલ નંબર ૧ પ્રતિવાદીના અક્ષર ઓળખી કહે છે કે, તેના હાથ લખાએલો છે. ચાંદુભાઇ નામના સાહેદની જુબાની નીકળે છે કે, પરદેશમાં પરદેશમાં બાયડી હોય આ પ્રમાણે કાગલથી તલાક આપ્યાના ખબર તેણ આપાઇ શકાય છે, આ ઉપરથી એટલું તો અનુમ થઇ શકે છે કે, નજરઅલીએ વાદીયણને તલાક આ હશે વળી વાદીયણને આ દાવો લાવવાનો વખત આવ છે. તે ઉપરથી પણ સમજી શકાય છે કે વન તરફી બનાવ હોવો જોઇએ નહીં, અને તેને

[illegible] આપી હોય. તે સંભવિત નથી : છે. પરંતુ આ તલાકનો સવાલ આ કેસમાં બહુ અગત્યનો થઇ પડે તેમ નથી. કારણ કે જે સાહેદો આવ્યા છે તે એમ કહે છે કે, જ્યારે માગે ત્યારે આપવી એવી જાતની મેહેર બાંધી હતી. એટલે કે, મેહેર મુઅજ્જલ ( ) હતી. આ પ્રકારેની મેહેર ( ) ગમે ત્યારે માંગી શકાય છે. કાંઇ મોત કે તલાક વીગેરે પછી માગવાનો હક થાય છે એમ નથી. તો પછી ઘડીભર એમ માંનીયે કે, ધારાસર તલાક અપાઇ નથી. તો પણ આ પ્રકારની મેહેર વાદીની મુખત્યારીમાં આવે ત્યારે માગવાનો તેણીનો હક છે.

પ્રતિવાદી કહે છે કે, તેમનામાં મેહેરનો રીવાજ નથી. એ વાત માની શકાતી નથી. ગમે તે જાતનો ધર્મ તે પાળતો હોય, પણ જ્યાં સુધી તે ખોજા કોમમાં છે ત્યાં સુધી તેને મુસલમાની સરેહ લાગુ પડે છે.

ખોજાઓને હીંદુલૉ તો માત્ર વારસાની બાબતમાંજ લાગુ છે. તે સીવાઇ બીજી બધી બાબતમાં મુસલમાની શરેહ તેમને લાગુ છે. શાહેદ નુરમામદ તથા મામદ તથા ભુરો નીકા વખત હાજર હતા. નુરમામદ કહે છે કે, નીકા પઢાવવાને માટે કાજી ભાવનગરથી આવેલ હતો. ભુરાના નીકા એકજ દીવસે વાદીયણની બેન સાથે થયેલ છે. અને એકજ કાજીઓ બનેના નીકા પઢાવવામાં હતો. આ ઉપરથી જણાય છે કે, નીકા મુસલમાનોની રીત પ્રમાણે થયેલ છે. મુસલમાનોની શરેહ પ્રમાણે તો નીકા થયા. એટલે પછી મેહેરનો કરાર કર્યો હોય કે, ન કર્યો હોય, તોપણ મેહેર ઠરી ચુકે છે. માટે મેહેરની રકમ પુરતોજ સવાલ રહે છે. જુઓ જસટીસ. અમીરઅલીની મોહોમેડન લોની હેન્ડ બુકમાં પ્રકરણ ૫ મું પારા ૧ માં લખ્યું છે કે,

The settlement of dower in an essential condition in a marriege but the validity of the marriege does not depend upon its express mention, so that where no dower is settled at the time of the contract that fact does not effect its validity the wife becomes entitcled to the dower customray in her family. And even where it is made a condition that there should be no dower thelaid neverthless attaches the liability to the husband.

આ કેસમાં એવી જુબાની પડી છે કે, નીકા થતી વખતે મેહેર બંધાઈ હતી. અને મેહેરના રૂ. ૧૨૭ાા જ્યારે માગે ત્યારે આપવા. એવા પ્રકારની ખુલ્લી રીતે બંધાઇ હતી. ભુરો જેના નીકા વાદીયણની બેન એકજ એકજ તારીખે અને લગભગ એકજ વખતે અને એકજ જગ્યાએ થીયા છે. તે કહે છે કે રૂ. ૧૨૭ાા જ્યારે માગે ત્યારે આપવા એવા પ્રકારની પોતાની વહુની તેમજ વાદીયણની મેહેરો બંધાઇ હતી. આવી જાતની મેહેર એટલીજ રકમની બંધાવાનો આ કોમમાં રીવાજ છે. એવું દરેક શાહીદીની જુબાનીથી નીકળે છે. શાહેદ ચાંદુભાઇ ભાવનગરની ખોજા કોમનો એક આબરૂદાર ગૃહસ્થ છે. ને પોતાની રૂબરૂ આવા પ્રકારની અને આટલી રકમની મેહેર બાંધવાના દાખલા આપે છે. નુરમામદ સાહેદ પોતાની દીકરીયુંની પણ આવીજ મેહેર બંધાઇ છે તેમ કહે છે તે ઉપરાંત ભાણુજી અને મોહને તલાક આપી અને દરેક મેહેરના રૂ. ૧૨૭ાા આપ્યા છે. તેમ પણ જણાવે છે. અલબત મેહેર નીકા વખતે બંધાય છે. પણ મેહેર માગવાનાં દાખલાં તો જવલેજ મલે. કારણ કે ધણી ધણીયાંણીની વચ્ચે અણબનાવ થયો હોય અગર તલાક અપાઇ હોય અગર ધણી ગરી ગયો હોય અને મેહેરના બદલામાં વાદીની પાસે કાંઇપણ પોતાના ધણીની મીલકત રહી ન હોય તો મેહેરની માગણી કરવાનો વખત આવે, ધણીની મીલકત કાંઇને મલી હોય છતાં, મેહેર માગી અને આપવામાં ન આવી, એવો એકે દાખલો મલી આવ્યો નથી ધણીની મીલકત મળેલી હોય તો પછી મહેર ન મળે એ તો સ્વભાવીક છે. કારણ કે મહેર માગવાનું કારણ રેતું નથી. પ્રતિવાદી તરફથી તેમના વકીલે ઉલટ તપાસમાં કેટલા એકનેમેહેર નથી મળી, એમ કહાવવા વ્યર્થ યત્ન થએલ છે, કારણ કે જે જે મેહેર નથી મળવાનું પુછેલું, તે તમામને તેના ધણી તરફથી મેહેર બદલે મીલકત મળેલી હતી. આ ઉપરાંત વાદી પણ તરફથી ભાવનગરના દીવાની કોરટનાં કેસ નં. ૭૧૨) સંવત ૧૯૫૩ નો ફેસલો પોતાના આધારે [illegible]

આરે ટાંકેલો છે. તે ફેસલો જોતાં તેમાં આ કોમને તીકાની તેમજ મેહેરની બાબતમાં મુસલમાની શરેહ લાગુ પડેલ છે. અને રૂા. ૧૨૭ાા મેહેરના દેવાનો રીવાજ છે. એમ ઠરાવ્યું છે. વળી આ ફેસલામાં જણાવેલ છે કે, એજ કોરટમાં હસન વાલજી ઉપર તેની ઓરતે કેસ નંબર ૪૪૨ સંવત ૧૯૨૮ થી રૂા. ૧૨૭ાા નો મહેર માટે દાવો કરેલ જેમાં, કરારનામાથી રૂા. ૧૨૭ાા ની ડીકરી થયેલ છે. નાતની ચોપડીમાં એક નહીં પણ અનેક નોંધો છે. છતાં આ તકરાર ખોટી ઉભી કરેલ છે. એમ તે ફેસલામાં પણ લખેલું છે. વળી આ ફેસલો આપનાર ન્યાયાધીશ સાહેબ ખોજા કોમના ગૃહસ્ત છે. એટલુંજ નહીં પણ તે ખોજા કોમના પાંચ ( ) માંના એક છે. તેથી તે કોમની બાબતમાં તેમના ફેસલાને પુરતું વજન આપવું ઘટે છે. સબબ કોરટ એવા અભીપરાય ઉપર આવે છે કે, વાદીયણની મેહેર તેના નાતના રીવાજ મુજબ રૂા. ૧૨૭ાા બંધાઇ હતી અને જ્યારે માંગે ત્યારે આપવી એવા પ્રકારની હોઈ તે વાદીયણને માગવાને હક છે. એટલે બીજો મુદ્દો વાદીયણના લાભમાં અને પ્રતિવાદીના વિરૂદ્ધ ઠરાવવામાં આવે છે.

નંબર ૨ નો પ્રતિવાદી નુરમામદ આણંદજી નંબર ૧ ના પ્રતિવાદીનો બાપ થાય છે. અને વડીલ પારટીનો હોવાને લીધે તેને પણ આ કામનો પક્ષકાર બનાવ્યો છે. પરંતુ તે મેહેરનો કરાર ધણી ધણીયાણી વચ્ચે થાય છે. તેમાં સસરાને કોઇ પ્રકારની નીસબત નથી. ગમે તેવી જાતની મીલકત હોય તો પણ તેથી ધણી સીવાય બીજાને કાંઇ અસર થાતી નથી. એટલે કે ધણીના ભાગ પુરતી મીલકતને અસર થઇ શકે. સબબ નંબર ૨) ના પ્રતિવાદી નુરમામદ આણંદજી ઉપર દાવાની જવાબદારી રહી શકતી નથી. ઉપરના કારણોથી ઠરાવ કરવામાં આવે છે કે, દાવાના રૂા. ૧૨૭ાા વાદીયણ નંબર ૧) પ્રતિવાદી નુરમામદ આણંદજી જાત મીલકતથી વસુલ કરી લીયે. વાદીયણનો ખરચ પ્રતિવાદી નજરઅલી નુરમામદને શીર નાખવામાં આવે છે.

તા. ૨૦-૨-૧૯૧૪

(સહી) કુબેરદાસ ખીમજી.

ન્યા.

જીવણલાલ ભૈરવલાલ કારકુન

(ખરી નકલ)

વલભરામ આતમારા[m]

ન્યાયાધીશ.

(નકલ ત્રીજી.)

નં. ૧[...]

રજીસ્ટર નં. ૪૯૭૫ સન ૧૯૧૪-૧૯૧૫

ફે. નં. [...]

સંસ્થાન નવાનગર મા. ન્યાયાધીશ કોર્ટ
દી. મુ. નં. ૫૫ સં. ૧૯[...]

ખોજા હાજી નાનજી રેવાશી નવાનગર—[...]

વિ.

ખોજણ બીબી કાનજી મઘાની દીકરી રહેવા[...]
ખોરાસેરાજા—પ્રતિ[...]

દાવો.

પ્રતિવાદણ બીબીને કબજે અપાવવા બાબત.

વાદીના વકીલ મી. નવલશંકર સુરજશંકર [...] પ્રતિવાદણ જાતે ઇનસાફને વખતે હાજર છે.

વાદીએ સદરહુ પ્રતિવાદણ ઉપર આ કોર્ટ[...] તા. ૧૨-૬-૧૯૦૬ ના રોજ એવો દાવો કરેલ [...] કે પ્રતિવાદણ મારી નીકાની કરેલ સ્ત્રી છે. તેના [...] થયે ત્રણ વરસ થયાં છે. તે છતાં તેને તેડવા [...] તથા નોટીસ કરી તોપણ કબજે થાતી નથી, [...] કબજે અપાવો.

સદરહુ દાવાનો જવાબ પ્રતિવાદણે આંક ૬ [...] આપેલ છે અને તેમાં નીકા કાયદેસર થયાની [...] ઇનકાર કરેલ છે. તથા બીજા કેટલક કારણો [...] વાદીને કબજે નહિ થવા વાંધા લીધા છે.

તકરારી બાબતને સબંધે નીચેના મુદ્દા [...] કર્યા છે.

મુદ્દા.

૧ પ્રતિવાદણના કાયદેસર નીકા વાદી સાથે થયા સાબીત છે કે નહિ ?

૨ જો સાબીત થાયતો તે પ્રતિવાદણ હવે કબુલ ...તાને બંધાએલ છે કે કેમ ?

૩ જો કબુલ રાખેતો વાદી ખોજાની જમાતના ...તા ધર્મથી બીજા ધર્મમાં જવાથી (પ્રતિવાદણ ...કે છે તે ધર્મથી જુદા ધર્મમાં) પ્રતિવાદણ કબજે ...ની ના પાડી શકે છે ?

૪ વાદીના દાવાને મુદતનો દોષ છે કે કેમ ?

૫ વાદીને કબજે પ્રતિવાદણ થાય એવી દાદ ...વવી યોગ્ય છે કે કેમ ?

૬ વાદીને ઇસમાઇલ ધર્મ છોડી જુદા ધર્મમાં ...લ હોવાથી નાત અને જમાતે તેને દુર કરેલ ...છે કે કેમ ?

અને કાંતો તે જમાત અને ઇસમાઇલ નાતમાં ...યા સિવાય પ્રતિવાદીને કબજે લેવા હકદાર છે કે નહિ ?

ઉપરના મુદાનો પુરાવો તપાસ્યા પહેલાં અને ...જરોજ પ્રતિવાદણ હાજર થઇ અને તેમણે વાદીને ...જે સ. ૧૯૬૩ ના માગશર શુદ ૨ ના રોજ ...નું કબુલ કરી, તે પ્રમાણે હુકમનામું કરી દેવા જણાવતાં, તેની સોગન ઉપર જુબાની લેવામાં આવી તેમાં પણ તેમણે તેજ હકીકત સોગન ઉપર કહી છે અને વાદીના વકીલ મી. નવલશંકર પ્રતિવાદણના કહેવા પ્રમાણે હુકમનામું થયાની કબુલત આપે છે. અને મુદાનો પુરાવો તપાસવો કે કેસ સુનાવણી ઉપર ...કી રાખવા કારણ નહિ જણાવતાં, બંનેની કબુલત પ્રમાણે ઠરાવ કરવાનું યોગ્ય જણાતાં ઠરાવ કરું છું કે—

ઠરાવ

પ્રતિવાદણ લીરૂએ વાદીને કબજે સં. ૧૯૬૩ ના માગશર શુદ ૨ જે થતું અને વાદીએ તે મુદતે કબજે લેવી.

આ દાવાનું પક્ષકારોનું થયેલું ખર્ચ જેનું તેમને શીર રાખવામાં આવે છે.

ઉપરનો ઠરાવ બંનેને સંભળાવી આ કામ ફેંસલમાં કાઢ્યું સં. ૧૯૬૩ ના શ્રાવણ વદ ૪ બુધવાર તા. ૮ અગષ્ટ સં. ૧૯૦૬

લક્ષ્મીશંકર જેશંકર

એ. ન્યાય.

અસલ મુજબ નકલ મુકાબલ કરનાર કા. લક્ષ્મીશંકર પ્રભાશંકર તથા ઉ. ઠીણુ જગન્નાથ.

ખરી નકલ

(સહી) લાલજી પેલાઇ.

સ. ન. ન્યા

૧ સદરહુ નકલ મળવા અરજદારે એક આનાના સ્ટાંપપર અરજી કરી સાથે સહીદસ્ત કરીને સ્ટાંપ રૂા. ૧ નો રજુ કર્યો તા. ૬–૯–૧૫

૨ સદરહુ નકલ તૈયાર કરવામાં આવી તા. ૭–૯–૧૫

૩ સદરહુ નકલ લઇ જમા કરી તા. ૯–૯–૧૫

૪ સદરહુ નકલની લખાઇ ફીના રૂા. ૦–૮–૦ તથા મુ કાગળ ફીના રૂા. ૦–૨–૦ મળી કુલ રૂા. ૦–૧૦–૦ વસુલ લઇ નકલ આપવામાં આવી તા. ૮–૯–૧૫

સંવત ૧૯૭૨ ના શ્રાવણ વદ ૧૪

મણીશંકર

આ. સી.

પ્રતિવાદણે વાદીના સાક્ષી નથુભાઇ પ્રેમજીની સાક્ષી વખતે રજુ કરેલા કાગળોની નકલો.

(નકલ પહેલી)

શેઠજી સાહેબ

પોરબંદર તા. ૨૦ જુન સ. ૧૯૧૩

આંક $\frac{૮૯}{૧}$

નેક નામદાર મહેરબાન શેઠ શ્રી ૫ વારસા કાશમભાઇ વારસ ઇસમાલ ભાઇની શેવામાં

મુ. જુનાગઢ

પોરબંદરથી લી૰ સેવક નથુ પ્રેમજીભાઇના ધુ-આઅલી મદત વાંચશો. બાદ આપ સાહેબનો પત્ર જા. નં ૰ $\frac{૧૨૫૨}{૫૯}$ નો આજદિને આવ્યો તે પોતો તેના જવાબમાં લખવાનું કે, હું લગભગ ૧૭ વરસ થયાં મુસાફરી કરૂં છું ને દરમીયાન ૫ થી ૬ વખત અમે દેશમાં આવી વીવા વીગેરેના કાર્યો કરેલ છે. તેમાં કોઇ વખત ત્યાંના કાગલની માગણી થયેલ નથી. હમેશાં જમાથે તેમજ આપ સાહેબે પણ વગર કાગલે કામ ઉકલાવી દીધેલ છે. જેથી આવે વખતે પણ તે કાગલની જરૂર ન જાણી, જેથી લાવેલ નથી. તેમ આસ ધારવા મુજબ કાગલ માગવાનો રીવાજ હાલ થયો હશે, તેની કશી મને ખબર નથી મારા ધારવા મુજબ જે શખસ પરદેશ ખાતે ચડત ભરવાનું કહેતો હોય, અને અત્રે જમાથ પાસેથી મજરે લેવાની હોય તો, તેવાએ કાગળ લખવાની જરૂર છે. પણ મહેરબાન સાહેબ હું તેવું કશું ઉજર કરતો નથી. જમાથના દરેક ધારાને માન આપી વરતું છું. ચડત ભરૂં છું ને કરકરવર થયું તે હાથ જોડી રજુ કર્યું. તેમ મારી ચડતનો હીસાબ હમેશા (હું પરદેશ હતો તે વખતે) પણ અત્રે ન ભરાતો. મારૂં જીવું અત્રેજ ચાલતું, ને છેવટમાં જે બાકી નીકળે તે, કામડીયા સાહેબ જસાભાઇ ને જમાથ રૂબરૂ ચુકાવેલ છે ને આજ દિવસ ત્યાંમાં મારી ઉપર કસી બાકી નથી. તેની ખાત્રીનો કાગળ અત્રે જમાથનો આ સાથે રજુ કરેલ છે હવે પ્રાક્ષ જમાથમાં જે મે કાર્ય કરૂં, તેનું મહેરબાન સાહેબ કશું કારણકે પ્રયો-જન હતું નહિ. ફક્ત હુબ અને ખુશીથી હું અસલ ત્યાંનો રહીશ ને હાલ આપની કૃપાથી અને હાજર મોવલાના ધણી સલામત દાતારની મહેરબાનીથી બે પૈસા કમાણો ને હાથ છુટો છે જેથી મેં જમણ કર્યું તો તમામ જમાથની ખાત્રી થાતાં જમાત સરવે વગર ઉજરે જમી ગઇ. ફક્ત આગલા કાગલમાં લખેલ પાંચ જણો દુવેશ બુધ્ધીથી જમવા આવા નહી ને ઝાહેર અપમાન કર્યું. તો તેની ખરી ફરીયાદ આપ પાસે રજુ કરી છે તો આપના ઇનસાફી મગજમાં આવે તેમ અમલ ફરમાવવા આપ મુખત્યાર છો.

બાદ શેઠજી તે તરફ (મજુંગાથી) મારી સાથેજ અત્રે દેશમાં ૫–૭ આશામી આવ્યા ને વિવા વાજન વીગેરેના કાર્યો કર્યા; તો તેઓ પાસે કાગળ હતો કે નહીં તેમ મ ગણી પણ થયેલ નથી. તેઓની પણ બાકી ચડત લઇ જમા શાએ કામ ઉકેલી દીધા છે તેની વીગત

૩ ભાયાવદર ૧ ખીરસરા ૧ લાઠ ૧ સડોદર ૧ લાલપર વીગેરે તો તેઓ પાસેથી પણ બાકી લઇ જમાથોએ કામ ઉકેલ્યાં, તેમ મારૂં કામ પણ ઉકેલુ હશે, તો પણ મેં આપને ખાત્રી માટે આંહીની જ-માથનો કાગળ આ સાથે આપ નામદારને રજુ કરેલ છે.

ફરીપણ આપને તકલીફ આવવાની ને મારી વ્યાજબી અરજ તા૰ ૨–૬–૧૯૦૩ વિશે તપાસ કરી નીરાકરણ કરવા અરજ કરૂં છું, તો તે પર ધ્યાન દઇ વ્યાજબી ઇનસાફ દેશોજ એવો આપ સાહેબનો સંપુર્ણ ભરોશો છે. સ. ૧૯૬૯ ના જેઠ વદી ૧૦ સનેહ.

નથુ પ્રેમજીના છયાઅલી મદત વાંચજો.

શેરો

પ્રતિવાદી તરફથી વાદી સાહેદ નથુ પ્રેમજીની જુબાની સાથે રજુ થાતાં મો. નુ. નં. $\frac{૨૦૯}{૭૦}$ માં દાખલ તા. ૨૦–૧૨–૧૫

(સહી) બ્યંકટરાવ

સી.

(નકલ બીજી)

Nathoo Premji–Majunga (Madagascar)

શેઠજી સાહેબ

પોરબદર તા. ૨–૩–૧૯૦૩

નેકનામદાર મહેરબાન વારસ શેઠ શ્રી ૫ વારશ મનમાઇ વારશ ઇશ્રયાલભાઇની શેવામાં

મુ. જુનાગઢ

પોરબંદરથી લી. શેવક નથુ પ્રેમજીના છયાઅલી સલામ કબુલ કરશો. બાદ લખવા અરજ એ છે જે હું ચૈતક તા. ૨૩ તા. ૨૧–૫–૧૯૦૩ નારોજ શ્રી ફાફા જે મારૂં અસલ વતન છે ત્યાં ગયેલ. મેં ફ્રાફા જમાતને અરજ કરી કે, જે આવતી કાલે જમાતને જમણુ દેવું તે માટે નોતરૂ ફેરવો. જમાથે મુને કેટલોક ખુલાશો પુછ્યો, જે મેં મોટી ખુશીથી આપ્યો તે એક જમાથે પુછ્યું જે તમે પરદેશ ખાતે વસો છો તો પીર સરકારની ચડત ભરો છો કે કેમ? તેનો જવાબ મેં આપ્યો જે પોરબંદર જમાથમાં ચડત ભરૂં છું મારા બાપ ઉપરની જુની બાકી ૧૯૩૬ અગાઉની, જે ફ્રાફાના દફતરમાં હતી. તે પણ મેં ૧૯૪૮ માં પોરબંદર ભરેલ છે ને તે વખત બીજી વખત જ્યારે ૧૯૫૩ ની સાલમાં હું જામજોધપુર પરણ્યો, ત્યારે પણ જે હીસાબ હતો ને ચુકતે કરેલ છે ને તે પછી પણ મારી માતાજી પોરબંદર ખાતે હમેશાં માઘડો ભરતાં મારી માતાજી ગુજરી ગયાં ને તેનું કારજ ચાલુ સાલના પોશ શુદ ૧૪ નું મેં પોરબંદર કર્યું. ત્યારે તે પછીની તમામ ચડત તેમજ મારી માતાજીના લુગડા વિગેરે ખાનામાં બખશાવ્યા તેનો સરવે હીસાબ ચુકતે કામડીઆ જેસા શાજુને ચુકાવો છે. કારણુ જે કામડીઆ જેસા સાજુ તે પોરબંદર હતા, તેની ખાત્રી તમારે (ફ્રાફા જમાથ) ને કરવી હોય તો, ફ્રાફા જમાથના કેટલાક આસામી મારે ત્યાં કારજ ઉપર આવેલ, તેને પુછી ખાત્રી કરો, ઉપર મુજબ જમાથે ખાત્રી કરી, તે પછી નોતરૂં ફેરવ્યું, ને ત્યાં જમાથના રીવાજ મુજબ જમણવારના જમણના ઘઉં સર્વે જમાથમાં સરવેને ત્યાં સરખે હીસે દળવાને મોકલ્યા તો તે ઘઉં સરવેએ રાખ્યા. તેમજ નોતરૂં પણ કબુલ કર્યું. તે પછી બીજે દીવસે સવારે એટલે શુકરવારે વૈશાક તા. ૨૪ ના ચાર બજે જમણ તૈયાર થયુ તેથી મુખી કામડીઆ અમરદારીને બોલાવી ધુઆ કરાવી. જમાથને જમવા બોલાવવા માણુસ મોકલવા અરજ કરી. જેથી જમાથે જમવાને માટે માણુસને તેડવા મોકલ્યું. તે પછી સાંજસુધીમાં તમામ જમાથ બાઇ ભાઇ આવીને ખુશીથી જમી ગયા. પણ ફકત પાંચ આશામી જમવાને આવ્યા નહીં. તો તેઓએ જમાથનું અપમાન કર્યું કહેવાય. ત્યાંની જમાથમાં અગાઉ સાહેબી દફતરમાં દસ્તાવેજ થયેલ છે, જે જમાથોને નોતરી જે જમવા આવે નહીં, તેની પાસેથી ગુન્હેગારી રૂ. ૨૫ પીર સરકારના લેવામાં આવશે; પણ આ પાંચ આશામી પાસેથી જમાથે ગુન્હેગારી લીધી હોય તેવું મારા ધારવામાં નથી; તેદ તે શા કારણુસર તે જમાથને પુછવા આપ સમર્થ છો.

આપ સાહેબ હજુર અરજ કરવાની કે તે પાંચે જણે એકતો જમાથનું અપમાન કર્યું. બીજું મારૂં પણ ઘણુંજ અપમાન કર્યું છે. ને વધુ પડતું બોલી દીલ દુખાવ્યું છે. ને એટલે સુધી જીભાન દરાજી કરી છે જે, તે જમણુતો સુવરના ગોશ બરોબર છે વીગેરે ઘણુંજ વધુઘટુ બોલ્યા છે તેના સાક્ષી ફ્રાફા જમાથના કેટલાક આસામી મારી પાસે મોજુદ છે. તો તેઓએ

મારી જાહેર લાગણી દુખાવી તીરસ્કાર કરેલ છે. તો તેનો જવાબ હું ધારાસર તેઓ પાસેથી લઇ શકું છું; પણ આપ મહેરબાન અત્રે કાઠીયાવાડમાં અમારા વડા અને મુરબ્બી છો. તો પ્રથમ આ બીના આપ નામદાર ને જાહેર કરવી મારી ફરજ સમજી જાહેર કરૂં છું, તે પાંચ જણ જમણવારને રોજ દિવસના ત્રણબજા સુધી ગામમાં હાજર હતા, તેમજ તે સાંજના પણ હતા, છતાં ફકત દ્વેશ બુધ્ધીથીજ જમવાને આવ્યા નહી.

તે પાંચ આસામીના નામ નીચે મુજબ

૧ કુરજી વીરજી ૨ ડાયા વીરજી ૩ જાદવજી હીરા ૪ મનજી કરમસી ૫ ડાયા જીવા.

ઉપર મુજબના જણ પાંચનો તેનો તપાસ કરી ધોરણસર થવા મારી અરજ છે. આ બાબત આપને મારા લખાણમાં શક જણાયતો કોઇ જમાથથી ખુલાશો લેશો તો ખાત્રી થાશે. તે આપ નામદાર યોગ તપાસ કરી મારી અરજ વ્યાજબી જણાય તો મારૂં મન જે તેઓના તરફથી દુખાણું છે તેનું સમાધાન કરવા મહેરબાની કરશો એજ અરજ તસ્દી માફ તા. ૨-૬-૧૯૦૩ જેઠ વદી ૫ ને વારભોમ

નથુ પ્રેમજીના ઇયાઅલી મદત વાંચજો,

જવાબ માટે ટીકીટ શામેલ છે.

મારૂં શીરનામું

નથુભાઇ પ્રેમજી ભજુગાવાળા

પોરબંદર

શેરો.

વાદી સાહેદ નથુ પ્રેમજીની જુબાની સાથે પ્રતિવાદીએ રજુ કરતાં દાખલ તા. ૨૦-૧૨-૧૫

(સહી) બ્યફટ રાવ

સી.

સતપંથ ઉપર પ્રકાશ પાડનારાં પુસ્તકો.

ખોજા કોમના પુસ્તકો.

ખોજા તવારીખ—ખોજા કોમની ઉતપત્તીથી લઇ તેને લાગતા સઘળા ઇતિહાસો સાથેનું વર્ણન નમુનેદાર કીતાબ છે. રૂ. ૨-૮-૦

હજરત અફ્જા—આગા હસન અલી શાહે પોતે પોતાનું લખેલું જીવન ચરિત્ર રૂ. ૦-૮-૦

આગાખાન કેસનો ફેસલો—મુંબઇમાં બાર ભાયા ખોજાઓ તથા આગાખાન વચ્ચે ચાલેલા મુકદ્દમાનો ફેસલો રૂ. ૦-૮-૦

આગા જંગી શાહનો રીસાલો—આગા જંગીશાહે પોતાના કુટુમ્બના તથા ખોજા કોમના કાયદા ઉપર લખેલું પુસ્તક રૂ. ૦-૪-૦

ખોજા પંથ દર્પણ ભાગ ૧-૨-૩-૪-૫-૬-૭-૮ ખોજા કોમનો અસલ ધર્મ કયો એ જુદી જુદી સત્તાવાર દલીલોથી પુરવાર કરવામાં આવ્યું છે. દરેક ભાગની કીમત રૂ. ૦-૮-૦

ઇસમાઇલીઆ કાઉન્સીલના કાયદાઓ—ખોજા ઇસમાઇલીઆ કાઉન્સીલના જુનાગઢ ડીવીઝનના કાયદાઓ ઉપર રીવ્યુ રૂ. ૦-૪-૦

હાજી બીબીના કેસનો ફેંસલો—આગાખાનના કુટુમ્બી વારસા હિસ્સા બાબતના કેસનો ફેસલો રૂ. ૦-૧૨-૦

ઇસના અશરી આરસી—ઇસના અશરી ઇમામોની તવારીખ તથા ખીલાફતના સવાલ ઉપર દલીલો સાથની તપાસ રૂ. ૧-૮-૦

ઇસના અશરી ખુબીઓ—ઇશના અશરી મઝહબના ઉસુલેદીન તથા ફોરૂએ દીનની અકલી ખુબીઓ રૂ. ૧

ચેરાગે ઇસનાઅશરી—ઇસની અશરી સારી રીત ભાતની હજારો હદીસોનો સંગ્રહ રૂ. ૧)

દરૂજ કોમના અકાયદ—મીસરના ફાતમી ખલીફ હાકમ બઅમ્રલ્લાને ખુદા માનનારા લોકોના અકાયદ રૂ. ૦-૩-૦

હસન બીન સબ્બાહ—બાતીન્યા ધર્મના દાઇ અને એક મહાન ખુની માણસનું કમકમાટ ઉપજાવનારૂં જીવન ચરિત્ર. કીમત રૂ. ૦-૧૦-૦

ફીરદોસે બરીં—બાતીન્યાધર્મના દગલબાજી ભરેલાં ખુની કાવત્રાંના ઇતિહાસને ઘણીજ ખુબીથી વાર્તામાં ગોઠવેલ છે. મી ૧-૮-૦

ખોજા ખુન આરોપ—ખોજાઓ માણસ મારી તેના લોહીમાં ચોખા પલાળી ખાય છે તેવી જુઠી અફવાનું ખંડન રૂ. ૦-૪-૦

ઇસના અસરી તવારીખ—હજરાત ચહારદા માસુમ અ૦ ના જીવન ચરિત્રો તથા ખીલાફતની ખરા હકદાર કોણ? રૂ. ૧-૦-૦

મોહરમની ખુબીઓ—મોહરમની દસ મજલીસોમાંથી દુન્યવી ૭૧ સબકો તારવી કાઢી તે ઉપર વિવેચન કરવામાં આવ્યું છે. રૂ. ૦-૬-૦

ઇસલામી સીતારો—ઇસના અસરી દીનની ફીલસુફી સાથે ઢોંગી ધર્મગુરૂઓના ધુર્રા ઉડવી દીધા છે. રૂ. ૦-૩-૦

ખોજા કોમનો સુધારો—ખોજા કોમની સુધારણા માટેના જુદા જુદા ઉમદા લેખો [illegible] ૦

કુવ્વતે જુલ્ફેકાર—હજરત અબ્બાસ અલમ બરદારના [illegible] ચરિત્ર [illegible] રૂ. ૦-૪-૦

હયદર હુલાસ—કવી ઇબ્રાહીમ વરતેજીના બનાવેલા ઇસ[illegible] અમરેલીમાં એદલજી ધનજી

સુરતુન નુરની તફસીર—કુરાનના સુરે નુરની તફસીરના અધિ[illegible] છે. તા. ૨૫-૪-૧૭

જામ અબ્બાસી—ઇસના અસરી દીનની અમલ કરવા લાય[illegible] કીતાબનું ગુજરાતી ભાષા તર રૂ. ૧-૮-૦

મુખત્યાર નામું—મુખત્યાર નામવરે એહલે બેતના [illegible] ઇતિહાસિક બયાન રૂ. ૧-૮-૦

સર સઈયદ એહમદના લેખો.

(ભાગ પેહલો)

અલીગઢ કોલેજના સ્થાપક તથા હીન્દના ઇસલામીઓના મહાન સુધારક સર સઇયદ એહમદે જે લેખોથી ઇસલામી જીગરોમાં નવો આત્મા ફુકી આપ્યો છે તે લેખોનું આ ગુજરાતી ભાષાન્તર છે.

લેખોના નામો. ૧ રીત રીવાજો ૨ ધર્માન્ધતા. ૩ પુર્ણતા ૪ મનુષ્યના વિચારો. ૫ હમદર્દી. ૬ રુઢીઓની હાનીઓ. ૭ સ્વતંત્ર મત. ૮ કાયમની નેકી ૯ કઇ કઇ બાબતમાં સુધારો કરવો જોઇએ.? ૧૦ બાળકોનું સદવર્તન. ૧૧ ગુલામગીરી ૧૨ સ્ત્રીઓના હકો. ૧૩ સ્ત્રીઓના હકને લગતો મુસલમાન હકાયદો ૧૪ જીંદગી ભોગવવાનું ધોરણ. ૧૫ કેળવણી અને સદવર્તન ૧૬ આળસ. ૧૭ ખાંણુ લેવાની રીત. ૧૮ સમજ ૧૯ કેળવણી. ૨૦ જંગલી નેકી. ૨૧ આશા. ૨૩ નીતિ. ૨૪ ડોળઘાલવો ૨૫ ખુશામદ ૨૬ વાદવિવાદ યાને તકરાર ૨૭ વિતાયલો સમય ૨૦ આશાનો આનંદ ૨૯ હુઅ્બે ઇમાની અને હુઅ્બે ઇન્સાની ૩૮ સિવિલિઝેશન અથવા સુધારો ૩૧ વિરૂધતા ૩૨ પોતાની મદત પોતે ૩૩ જંગલી દેશ અને સુધરેલી સરકાર ૩૪ ટાઇમ ઇઝગ્રેટ રીફાર્મર ૩૫ પત્ર વ્યવહાર. કીંમત એક રૂપિયો પો. બે આના.

(ભાગ બીજો)

હીન્દી ઇસલામીઓના મહાન સુધારક સર સઇયદ એહમદના લેખોનો આ બીજો ભાગ પહેલા ભાગ કરતાં પણ વિશેષ ચમત્કારિક અને વિચારોને વલોવનારો છે. તેમાં નીચેના વિષયો છે.

૧ તુર્કસ્તાનના શાહી મેલાવડાઓનું વર્ણન ૨ મીસર તથા તેનો સુધારો ૩ ત્યુનીસના વજીર સઇદ ખૈરૂદીન ૪ નાદાન ખુદાપરસ્ત અને દાના દુનીયાદારની કહાણી ૫ પ્રશીઆમાં સામાન્ય કેળવણી ૬ તુર્ક ૭ મીસરના ખેદીવની મહેલસરા ૮ મુસલમાન સંસાર સુધારકો ૯ વિદ્યાવૃદ્ધિ ૧૦ તેહઝીબ-ઉલ- અખ્લાકના હેતુઓ ૧૧ મુસલમાનો માટે કેળવણીનું ધોરણ ૧૨ ૧૨૮૯ ના વર્ષની સમાપ્તી અને ૧૨૯૦ ના વર્ષની શરૂઆત ૧૩ સુધરેલી પ્રજાનું અનુકરણ ૧૪ હી. સ. ૧૨૯૦ ના વર્ષની સમાપ્તી અને ૧૨૯૧ ની શરૂઆત ૧૫ મુસલમાનોનું કંગાલપણું ૧૬ મૃગજળ ૧૭ સ્વાર્થ અને કોમી હમદર્દી ૧૮ ઇદની મુબારક બાદી ૧૯ અનાથ બાળકોના ભરણ પોષણ માટેની એક યોજના ૨૦ તુરૂલ આફાક ૨૧ ધર્મ અને સામાન્ય કેળવણી ૨૨ યારકંદના મુસલમાનો ૨૩ હી. સ. ૧૨૯૧ ની સમાપ્તી અને ૧૨૯૨ ની શરૂઆત. ૨૪ તેહઝીબ-ઉલ-અખ્લાકનો છેલ્લો અંક. ૩૪૦ પૃષ્ટ ઉંચા કાગળ પાકું પુઠું કીંમત રૂા. ૧) પોસ્ટેજ ચાર આના.

સર સઈયદ એહમદ.

... એહમદખાન સાહેબના લેખોના વાચન સાથે તેમનું જીવન ચરિત્ર વાંચવા તથા જાણવાની ... તેમનું ... જીવન ચરિત્ર અમોએ તૈયાર કરી છપાવ્યું છે. તેમાં તેમનાં વડીલો ... અગત્યના બનાવો આ.પવામાં આવ્યા છે. સરકારી નોકરીમાં અદાલત ... પહોંચવું, કોમી સુધારા માટેના તેમના દુર દરાજ વિચારો ... ચાલુ કરવું, અલીગઢ કોલેજની સ્થાપના તેમનું વિલાયત જવું ... સેવા, તેમના ધાર્મિક વિચારો માટે મોલવીઓનું તેમની સામે ... પુસ્તકને શણગાર્યું છે અને ટુંકમાં પણ એટલી તો હકીકત ... આપ્યો છે. વાંચવાથીજ ખાત્રી થાય તેમ છે કીંમત માત્ર ...

લખો—
એદલજી ધનજી કાબા.
અમરેલી—કાઠીયાવાડ

શેરો.
વાદી સાહેબ નથુ પ્રેમજીની જુબાની સાથે વાદીએ રજુ કરતાં દાખલ તા. ૨૦-૧૨-૧૫

(સહી) વ્યકટ રાવ
સી.

૭૮૬

નુરબાઇનો કેસ.

(ભાગ ત્રીજો)

રાણાવાવના ઇસનાઅશરી તડાંવાળા ખોજા કાસમ કાનજીએ પોતાની ઓરત નુરબાઇ જે જુનાગઢના ખાનાઇ તડાંમાં જઇ ભરાઇ છે તેને કબજે લેવાનો જુનાગઢની દીવાની અદાલતમાં માંડેલો કેસ.

જુનાગઢ દીવાની અદાલતનો મો. સુ. ના. ૧૦૯/૭૦

વાદી—કાસમ કાનજી રે. રાણાવાવ.

વાદીના વકીલ—છગનલાલ નાગજી ચીનાઈ બી. એ. એલ. એલ. બી. જુનાગઢ.

પ્રતિવાદીયણ—ખોજણ નુરબાઇ મેઘજી રે. ખાખરડા

પ્રતિ૦ના વકીલો—પુરષોત્તમ માવજી એજન્સી પ્લીડર રાજકોટ મુનશી ગુલામ મહમદ બેરીસ્ટર એટલો રાજકોટ મી. પરમાણુદાસ ડોસાભાઇ જુનાગઢ.

છપાવી પ્રગટ કરનાર

એદલજી ધનજી કાબા

અમરેલી—કાઠીયાવાડ

ઇ. સ. ૧૯૧૭ હી સ. ૧૩૩૫

આ પુસ્તક પોતાના ધી ખોજા પ્રકાશ પ્રીન્ટીંગ પ્રેસ—બક્ષી કુવારોડ અમરેલીમાં એદલજી ધનજી કાબાએ પોતાના માટે છાપી ઉપલે ઠેકાણેથીજ પ્રગટ કર્યું છે. તા. ૨૫-૪-૧૭

કીમત ૬ આના

ખોજકી પંથના પુસ્તકો

આગાખાનની ખુદાઈનો જવાબ— પેશાવર વાળા મી રાધા કૃષ્ણે ખોજકી પથની વિરૂધ્ધમાં છપાવેલા પુસ્તકનું ભાષાન્તર સાથે દંદાંશીકન જવાબ, ઘણુજ હેરત ભર્યું પુસ્તક છે. કીંમત એક રૂપીઆ.

પચીસ સવાલોના જવાબો—મી૦ રાધા કૃષ્ણે ખોજકી પંથ સબંધે ૨૫ સવાલો પુછેલા તે સવાલો સાથે તેના આ પુસ્તકમાં અજીઓ ગરીબ જવાબો આપવામાં આવ્યા છે કીમત ત્રણ આનાં.

ખુલ્લી ચીઠીનો જવાબ—પંજાબના મુરીદોને જ્યારે મુસલમાન રૂપમાં ફેરવવાની મુંબઇ ખાતે નામદાર આગાખાન તરફથી તજવીજ થઇ ત્યારે મી૦ રાધા કૃષ્ણે ખુલ્લી ચીઠી છપાવી મુંબઇમા છુટથી વ્હેંચી હતી. તે ચીઠીનો ન્યાય નીતિથી જવાબ આપેલો છે. કીં. પાંચ આના,

ખોજા તવારીખ—ખોજા કોમની ઉતપત્તીથી લઇ તેને લગતા સઘળાં હેવાલો ઘણાજ વિસ્તારથી આપી નવીન પ્રકાશ દેખાડ્યો છે. ખાસ વાંચવા તથા વિચારવા જોગ છે કીમત અઢી રૂપીઆ.

ગુપ્ત પંથકા શુજરા—ખોજકી પંથની ઉતપત્તી તથા તેના પારો, વકીલો તથા ઇમામોનો શુજરો કી. ત્રણ આના.

ખોજા ઉતપત્તી—ખોજા કોમની ઉતપત્તીનો એક નવીન પ્રકાશ પાડતો લેખ. આગાખાનનો સબંધ ખોજાઓ સાથે કેવી રીતે થયો તેનું વિગતવાર વર્ણન ત્રણ આના.

ખોજા પંથ દર્પણ—ખોજા કોમનો અસલ ધર્મ કયો તેની લંબાણ તપાસ તથા સંખ્યાબંધ મોતબર ગવાહો એક હજાર ઉપરાંત પૃષ્ટો છે. કી. ચાર રૂપીઆ,

આગાખાન કેસનો ફેસલો—મું... ખાતે સુન્ની ખોજાઓ તર્ફે આગાખાન ... જે મોટા મુકર્દમો ચાલેલો તેનો સર જો... આર્નોલ્ડે આપેલો ફેસલો કી આઠ આ...

આગા હસન અલીનુ વૃતાન્ત—મ... આગા હસનઅલી શાહે પોતાનું વૃતા... પોતાને હાથે લખેલું તેનું ગુજરાતી ભાષ... કી. આઠ આના.

હસન બિન સબ્બાહ—બતીનીયા... ના સ્થાપક તથા ખુનીઓમાં પ્રખ્યાતિ ... અજીઓ ગરીબ માણસનું હેરત ભર્યું ... ચરિત્ર કી. દસ આના

આગા જહાંગીરનો રીસાલો—... આગા સુલતાન મહંમદશાહના સસરા ... જંગીશાહે પોતાના કુટુંબ તથા ખોજા... અકાઇદની ચોપડી ફારસીમાં છપાવેલી ... ગુજરાતી તરજુમો કી ચાર આના.

નુરબાઇનો કેસ—રાણાવાવના કાસમ કાનજીએ પોતાની ઓરત નુ... કબજે લેવા માંડેલ કેસનો શરૂથી તે... સુધીનો સત્તાવાર હેવાલ ફેસલા સુધીનો સવા રૂપીઆ.

ખોજા ખુન આરોપ—ખોજાઓ... માં માણસ મારી ખાય છે તેના ... ખંડન કી ચાર આના.

ઇસમાઈલીઆ કાયદાઓ—ઇસ... આ કાઉન્સીલના કાયદાપર રીવ્યુ કી ચાર...

ફીરદોસે બરી—બાતીન્યા પંથના ... કારસ્તાનોનું ઇતિહાસિક નોવેલ ... દોઢ રૂપીઆ.

ઇસમાઇલીમાંથી બાબી—કીમત એ...

મળવાનું ઠેકાણું

એદલજી ધનજી કા...

અમરેલી—(કાઠીયાવાડ)

રાણાવાવના

ખોજા કાસમ કાનજીએ પોતાની ઓરત નુરબાઈને કબજે લેવાનો કેસ.

(ભાગ ૩ જો.)

હસનઅલી ચત્રભજ રે. ગઢડાની જુબાની.

સ્વસ્થાન જુનાગઢની દીવાની અદાલતમાં.

મો. મુ. નંબર $\frac{૧૦૯}{૭૦}$ આંક ૧૧૫ b

હું ખુદાને હાજર જાણી કહું છઉં કે, જે કહીશ તે સાચું કહીશ. સાચા સીવાય બીજું કહીશ નહિ. જુઠ્ઠું બોલું તો ખુદા પુછે.

મ્હારૂં નામ હસનઅલી, મ્હારા બાપનું નામ ચત્રભજ, મ્હારો ધર્મ મુસલમાન, મ્હારી જાત ખોજા, મ્હારી શાખ લાખાણી, મ્હારો ધંધો નોકરી, મ્હારી ઉમર વર્ષ ૨૮, મ્હારે રહેવાનું ગામ ગઢડ તાબે ભાવનગર.

વાદીના વકીલની તપાસમાં.

સુ. દી. મુ. રૂ. લ. શું કે,—

ખોજા લોકો શીયાહ, સુન્ની, સ્વામીનારાયણ, વેદાન્તિ વિગેરે ધર્મ પાળે છે. જુદા જુદા ધર્મ માનનારા ખોજામાં કન્યાઓની આપ લે થાય છે. આગાખાની ખોજા અને ઇસનાસરી ખોજા સૌ સૌના તડમાં આપે છે. આગાખાની ખોજાઓ બીજા ધર્મ માનનારા ખોજા સાથે પોતાની કન્યા આપે છે. હું ઇસનાસરી ખોજો છું, અને મારા સસરા, જે કે આગાખાની છે, તેણે પોતાની દીકરી મને આપી છે. મારા સસરાનું નામ ધરમશી બાબુલ છે. તે પાંચ છ વરસથી ગુજરી ગયેલ છે. મારા લગ્ન સં. ૧૯૫૭ માં થયેલ છે. અમે તડમાંથી સં. ૧૯૫૯ માં જુદા થયા છીએ. અસનાસરી મઝહબ તો હું પહેલેથી પાળું છું. ભડલીવાળા હરખજી જેઠા, જે કે આગાખાની છે, તેણે પોતાની દીકરી વરતેજ વાળા રૂપજી કાસમના દીકરા, જે કે અસનાસરી છે, તેને આપી છે. ગઢડાના રહીશ હસન વાલજી આગાખાની તડના કામડીઆ છે, તેણે પોતાની બેન ધાંધળીના રહીશ મીઠા સામજી જે ઇસનાસરી છે, તેના દીકરા વેર આપી છે. હસન વાલજી મારો ત્રણ ચાર પેઢીમાં ભાયાત છે. તળાજાના રહીશ રતનશી પીરભાઇ, જે કે અસનાસરી છે તેની દીકરી તેણે છગન ઝીણા, જે કે ગઢડાના રહીશ, ને હાલ મુંબઇ રહે છે, ને આગાખાની છે, તેને આપી છે. વણોદના રહીશ ધરમશી ભીમજી, જે હાલ આગાખાની

છે, તેની દીકરી ઉમરાળાના રહીશ, કાનજી બેચર, સ્વામીનારાયણ છે, તેના વેરે આપી છે. ઇસમાઇલી અને અસનાસરી એક બીજાને ખવરાવે પીવરાવે છે. હું સ. ૧૯૬૩ માં મુંબઇમાં આગાખાન સાહેબના જમાતખાનામાં ઇદની નીમાઝ નામદાર આગાખાન પાછળ પઢયો હતો. એટલે આગાખાન સાહેબ અને અમો બધા નીમાજ પઢયા હતા, તે વખતે લગભગ ૩૦૦૦ હજાર ખોજા હતા તે આગાખાની હતા. હું ત્યાં ગયો હતો, તેનું કારણ કે, નીમાજ વખતે જવામાં બાદ નથી તેથી હું ગયો હતો. આગાખાનીમાંથી અસનાસરી થાય તો લગ્ન તુટવાનો રીવાજ નથી.

પ્રતિવાદીના વકીલની ઉલટ તપાસમાં.

મુંબઇમાં અસનાસરી ખોજાની મસીદ છે. તે મસીદમાં એકાદ વખત ગયો છું. આગાખાની પોતાની ધર્મની જગ્યાને જમાતખાનું કહે છે. અસનાસરીની મસીદમાં ન જતાં, આગાખાની જમાતખાનામાં જવાનું કારણ કે મુંબઇમાં હું પહેલો પહેલો ગયો હતો. મારા સબંધી આગાખાની હતા તે નીમાજ માટે જવા બાધ નહોતી, તેથી હું ત્યાં ગયો હતો. ખાનાવાળાએ મારા સબંધીને પુછતાં તેમણે કહ્યું હતું કે, હું મસીતીયો છું. મારા જોવામાં એટલે પરીચયમાં તે વખતે મારા સીવાય બીજા કોઇ અસનાસરી જોયા નથી. સં. ૧૯૫૮ માં હું આગાખાનીથી જુદો થયો ત્યારે હું અસનાસરી હતો. અમારી માન્યતા પ્રમાણે આગાખાની તડ ને અમારા તડનો ધર્મ એક. આગાખાની માન્યતા પ્રમાણે જુદા કે એક તે હું જાણતો નથી. આગાખાની ઈસમાઇલી ધર્મના છે કે નહિ તે હું જાણતો નથી. સ. ૧૯૫૭ પછી હું ખાનામાં ગયો છું. આશરે ૫-૧૦ વખત ગયો છું કે કેમ, તે હું કહી શકું નહીં, એકથી વધારે વખત ગયો છું. ૧૦ થી વધારે વખતે ગયો છું. આગાખાની ખોજાઓ દુઆ પઢે છે કે કેમ તે મારા જાણવામાં નથી. મેં તે સાંભળ્યું હશે પણ મારી જાણમાં નથી. આગાખાનને હાજર ઇમામ તેઓ માને છે, તે હું જાણતો નથી. મેં આગાખાન કે તેમના વડવાને હાજર ઇમામ માનેલ નથી. અમે હાજર ઇમામ માનીએ છીએ. પણ તે બારમા ઇમામને હાજર ઇમામ માનીએ છીએ. ખુદા અવતાર લે છે તે માનતો નથી. તેવું માનવું અમારા ધર્મ વિરૂદ્ધ છે. આગાખાન તો ખુદાનો અવતાર કે, હજરત અલીને ખુદાનો અવતાર અમે માનતા નથી. પીર સદરૂદીન હીંદુમાંથી વટલી ખોજા કરનાર છે, તે અસનાસરી છે. તેણે તે ધર્મ શીખવ્યો તે પરથી કહું છું લાખ ચોરાશી ફેરામાં માનતો નથી. તે મારા ધર્મ વિરૂદ્ધ છે. " વિગેરે ધર્મ " લખાવ્યું છે. તેમાં વિગેરે કોણ ? તેના જવાબમાં લખાવું છું કે, રામાનંદી, માર્ગી પંથ પાળે છે આ પંથવાળા અસનાસરી કે આગાખાની તડમાં રહી પાળે છે. સ્વામીપંથી પણ તેમ કરે છે. હરખજી જેઠાનો દાખલો, સં. ૧૯૬૯ માં હતો અને તે વખતે હું ગઢડામાં હતો અને જાન ગઢડાથી ભડલી જાતી હતી, તે જોયેલ તેથી જાણ્યું હતું. હું જાનમાં ગયો નહોતો હરખજી જેઠાને હું જાતે ઓળખું છુ. હસન વાલજીવાળા લગ્ન ૧૨-૧૩ વરસ ઉપર થવાં છે. તે વખતે હું હાજર હતો. તેમના ધર્મ પણ જુદા, તે વખતે હતા. વણોદવાળાના લગ્ન પાંચ છ વરસ પર થયાં હશે. કાનજી બેચર સ્વામીનારાયણ આગાખાની તડમાં છે. આગાખાની તડમાં નાત જમે તો નાતમાં અમને ન બોલાવે, તેમ અમે પણ તેમને ન બોલાવીએ. નાતના પ્રતિબંધને અંગે બોલાવે નહિ. સં. ૧૯૫૯ પછી ઘણી વખત ગઢડે ગયો છું. ધરમશી બાપુ

કે ઝાંઘળી પાસે ગલાણું ગામ છે તેનો રહીશ છે. હરખજી જેઠા જીવે છે. રૂપજી કાસમ હું પોતે છે. મીઠા શામજી ગુજરી ગયો છે. હસન અલી જીવે છે. રતનશી મરી ગયો છે. છગન ને તેનો દીકરો જીવે છે. ધરમશી જીવે છે, ને કાનજી જીવે છે. લવજી ઝીણા ગઢડાવાળા ને ઓળખું છું. તે અસનાસરી તડમાં છે. ઘણું કરીને અમારી સાથે જુદો થયો છે. અ મારા ગઢડામાં હીજરી ૧૩૨૩ માં મસીદ થ ઇ છે. તેને ૧૦–૧૧ વરસ થયાં છે.

ફરી નથી. તા. ૨૨–૪–૧૯

ખોજા હુસનઅલી અબ્રાહમજીની
સહી દ. પોતે.

મારા રૂબરૂ
(સહી) છોટાલાલ દુલભજી
જુ. દી. સુ.

રૂપજી કાસમ રે. વરતેજની જુબાની.

સંસ્થાન જુનાગઢની દિવાની અદાલતમાં.

એ. સુ. નંબર $\frac{૨૦૯}{૭૦}$ આંક ૧૧૯ B.

હું ખુદાને હાજર જાણી કહું છું કે, જે કહીશ તે સાચું કહીશ. સાચું શીવાય બીજું કહીશ નહિ. જુઠું બોલું તો ખુદા પુછે.

મહારૂં નામ રૂપજી, મહારા બાપનું નામ કાસમ, મહારો ધર્મ મુસલમાન, મહારી જાત ખોજા, મહારી શાખ ગબરાણી, મહારો ધંધો વેપાર, મહારી ઉમર વર્ષ ૬૩, મહારે રહેવા નું ગામ વરતેજ તાબે ભાવનગર.

વાદીના વકીલની તપાસમાં.

જુ. દી. સુ. રૂ. લ. છું કે;—

હું અસનાસરી તડમાં છું. મારો દીકરો હસન ભડલી પરણ્યો છે. હરખજી જેઠા, જે કે આગાખાની તડમાં છે તેની દીકરી વેરે પ રણ્યો છે. લગન થયાને ત્રણ વરસ થયાં છે.

પ્રતિવાદીના વકીલની ઉલટ તપાસમાં.

હરખજી જેઠાને આગાખાનીઓએ લગન લગ્ન કર્યાં ત્યારે નાત બહાર કર્યો નહોતો. હાલ તે છે કે કેમ તે જાણતો નથી. તડ નો ખા પડયા ત્યારથી આગાખાની તે હતો. હર ખજી કે, મેં ધર્મ બદલ્યો નથી. મુળથી મુસ લમાન છીએ ને હજુ છીએ. અમારામાં તડાં થયાને ૨૦–૨૫ વરસ થયાં છે. આગાખાની તડનો ધર્મ એક કે નોખો, તેના જવાબમાં કહું છું કે, અમારાથી નોખો. અમારા ગામ માં આગાખાની કોઈ નથી. ખાનામાં દુવા પ ડે છે તે હું જાણતો નથી. દસ અવતારવાળી દુવા પડવાનું જાણતો નથી. ૪૮ ઈમામના નામ આગાખાની ખાનામાં લેવાય છે તે હું જાણતો નથી. હજરત અલીને ખુદાના અવતા ર હું ગણતો નથી, જે એમ ગણે તે મુસલ માન કે કેમ, તે મને શી ખબર. મોલવી જા ણે. નોખા થવા પહેલાં નાતમાં કર આપતો અને હજુ અમારી નાતમાં જે કર હોય તે દ ઉં છું. આગાખાનને સૈયદ તરીકે માનતો. મારા દીકરાનો કર ભડલીની નાતમાં આગા ખાનીવાળાને દીધો છે. ભડકી ગયો નહોતો.

ફરી નથી. તા, ૨૩–૪–૧૯

ખોજા રૂપજી કાસમભાઇની
સહી. દ. પોતાના

મારા રૂબરૂ
(સહી) છોટાલાલ દુલભજી
જુ. દી. સુ.

નજરઅલી ઝવેર રે. ધાંધળીની જુબાની.

સ્વસ્થાન જુનાગઢની દીવાની અદાલતમાં.

મો. મુ. નંબર $\frac{૨૦૯}{૭૦}$ આંક ૧૧૭ B.

હું ખુદાને હાજર જાણી કહું છું કે, જે
કહીશ તે સાચું કહીશ. સાચા સિવાય બીજું
કહીશ નહિ. જુઠું બોલું તો ખુદા પુછે.

મ્હારૂં નામ નજરઅલી, મ્હારા બાપનું
નામ ઝવેર, મ્હારો ધર્મ મુસલમાન, મ્હારી
નાત ખોજા, મ્હારી શાખ વીરાણી, મ્હારો
ધંધો વેપાર, મ્હારી ઉમર વર્ષ ૩૩, મ્હારે
રહેવાનું ગામ ધાંધળી તાબે શીહોર—ભાવનગર.

વાદીના વકીલની તપાસમાં.

જુ. દી. મુ. રૂ. લ. છું કેઃ—

ખોજા લોકો શીયા અસનાસરી, સુન્ની,
મુસલમાન, સ્વામીનારાયણ, વેદાન્તી ધર્મ પાળે
છે. આગાખાની ખોજા અને બીજા ખોજાએ
વચ્ચે કન્યા આપ લે થાય છે. ભડલીવાળા
ભીમજી જેદા, જે આગાખાની તડમાં છે, તે
ની દીકરી મારા કાકા રતનશી લાલા, જે અ
સનાસરી છે, તેના દીકરાને આપી છે. ભાવન
ગરવાળા સશુર ગુલામહુસેન, જે કે આગાખા
ની તડમાં છે, તેની દીકરી વરતેજના અસના
સરી ખોજા નજરઅલી કલાને આપી છે. સ
સુર ગુલામહુસેન મારા સસરાનો કુટુંબી છે
રતનશી મારો સગો કાકો થાય છે. તેની દી
કરી પચ્છેગામવાળા ધારશી કાનજીના દીકરા વે
રે આપી છે. ધારશી આગાખાની છે. ને ર
તનશી મારો કાકો ઇસનાસનારી છે. ગઢડાના
હસનઅલી લાલજી જે આગાખાની છે, તેની
બેન ધાંધળીના મીઠા શામજી જે અસનાસરી
છે તેના દીકરાને આપી છે હું તે જાનમાં
ગયો હતો, મીઠો મારા કાકાનો દીકરો થાય છે.
વરતેજના રહીશ નજરઅલી કલા, જે અસના
સરી છે તેની ઘરવાળી, જે કે આગાખાની
તડવાળા સશુર ગુલામહુસેનને ઘેર હતી, તેને
કબજે લેવા દાવો કર્યો હતો. તે દાવામાં
ધને કબજે સોંપવા ઠરાવ થયો હતો.

(મી૦ ચીનાઇ સાહેબ, ઠરાવ તે કેસને
લાગ્યો છે તે મેળાવવા માગે છે. મી૦ મુનશી
જણાવે છે કે, વાંચ્યા પછી તે સબંધે જણા
વશે. કોર્ટ ઠરાવે છે કે, હાલ આ નકલ દાખ
લ કરવા દેશું અને રજુઆત વખતે, લાગુ
હશે કે, ગેર લાગુ હશે, તે રજુઆત કરી
નહી કરીશું. ઠરાવની નકલ દાખલ આંક
હું પોતે જે કે, અસનાસરી છું, તે ગઢડાના
રહીશ નારણ તેજા, જે સ્વામીપંથી છે, તેની
દીકરીને પરણ્યો છું.

પ્રતિવાદીના વકીલની ઉલટ તપાસમાં.

મારો સસરો નારણ તેજા આગાખાની
કે અસનાસરી તડમાં નથી, તે જુદા તડ
છે. તે આગાખાની તડમાં કર આપે છે
કેમ, તે મને ખબર નથી. હું ૨૦ વરસ
પરણ્યો છું, મુળથી નોખા તડમાં છે. સ્વામી
નારાયણ ધર્મના ખોજા મુસલમાન છે. તે
ર્ટમાં શેના સોગન ખાય છે તેની મારી
તી નથી. ને શીયાપંથી મુસલમાન છે.
પંથના અસનાસરી પંથમાં છે. હું પણ
સનાસરી પંથમાં છું. ૧૦–૧૨ વરસથી
ગાખાની પંથથી જુદા પડયા છીએ.
ખતે કોઇ વખત ખાનામાં જતો. મારે
રો આગાખાનીમાંથી ક્યારે નોખો પડ્યો,
યાદ નથી. આગાખાની ખાનામાં ધુવા

દેવાની મારી માહેતી નથી. તેમ મેં તે સાં ભળી નથી. હજરત અલીને ખુદાનો અવતાર ગણુતો નથી. આગાખાન સાહેબને હાજર ઇ મામ ગણુતો નથી, કે ખુદાનો અવતાર ગણુતો નથી. આગાખાની ધર્મથી અમારો ધર્મ જુદો છે. મેં દાખલા લખાવ્યા છે, તેમાં માણુસો જીવે છે. બીગજી વાલાના લગ્ન સં. ૧૯૬૪ માં થયાં છે સબુર ગુલામહુસેનનો પરણ્યાનો દાખલો ૧૪–૧૫ વરસનો છે. પગલાણુાનો ૨ તનશીના દાખલાને ત્રણ વરસ થયાં છે. ગઢડાના હસનઅલીને ૧૪–૧૫ વરસ થયાં. નજરઅલી વાલાનો દાવો સ. ૧૯૬૩ માં થયેલ લગ્ન થયાંને પદર વરસ થયાં. રતનશીભાઇ ૧૦–૧૨ વરસથી આગાખાનીથી જુદો પડયો છે. ૧૦-૧૨ વરસથી નજરઅલી જુદો પડયો છે. મીઠા સામજી ૧૦–૧૨ વરસ થયાં જુદો પડયો.

ફરી નથી. તા. ૨૩–૩–૧૬

નજરઅલી ઝવેરની સહી
દ. પોતે.

મારા રૂબરૂ
(સહી) છોટાલાલ દુલભજી
જુ દી. સુ.

સાક્ષી નજરઅલી ઝવેરે રજુ કરેલો કોર્ટનો દસ્તાવેજી પુરાવો.

(નકલ)

શહેર ભાવનગરના દીવાની ન્યાયાધીશ કોર્ટમાં
દી. કેસ નં. ૬૦૯ સવંત ૧૯૬૩

ખોજા નજરઅલી કલા રહેનાર વરતેજના વકીલ

વકીલ મી० વલીભાઇ નથુભાઈ, વાદી

વિરૂદ્ધ

ઓરત પ્રેમ, તે વાદીની ઓરત અને ખોજા સબુર ગુલાની દીકરી, તથા ખોજા સબુર ગુલા તથા ઓરત મોતી તે ખોજા સબુર ગુલાની ઓરત, રહેનાર ભાવનગરના. વકીલ મી. દયાળજી કરશનજી તથા ચત્રભુજ દયાળજી. પ્રતીવાદીયો

દાવો. ઓરત કબજે લેવા બાબત

૧ વાદીએ દાવો કર્યો કે નં. ૧ ની પ્રતીવાદીયણુ ઓરત પ્રેમ મારી પરણેતર ઓરત થાય છે. તેણી સાથે મારાં લગ્ન સવંત ૧૯૫૭ ની સાલમાં થયાં છે. નં. ૨–૩ ના પ્રતીવાદી નં. ૧ ની પ્રતીવાદીયણુના માબાપ થાય છે. એટલે મારા સાસુ સસરા છે. નં. ૧ ની પ્રતીવાદીયણુ વરતેજ ગામમાં મારે ઘેર હતી, અને મારી સાથે લગ્નના હકો ભોગવતી હતી. નં. ૧ ની પ્રતીવાદીયણુને મારા પેટથી ત્રણ છોકરાં થએલાં છે. જેમાં એક છોકરો ગુજરી ગએલ છે અને બે છોકરાં હયાત છે. જેમાંનો એક પ્રતીવાદીઓના કબજામાં છે. નં. ૧ ની પ્રતીવાદીયણુ મારે ત્યાં મારે ઘેર હતી, ત્યાંથી નં. ૨–૩ ના પ્રતીવાદીઓ મારી ગેરહાજરીમાં છાનાએ મારા દાગીના તથા કપડાં સાથે ગયા માગસર શુદ ૧૪ ના રોજ અત્રે ભાવનગરમાં ભગવી લાવેલ છે. અને નં. ૧ ની પ્રતિવાદીયણુને પોતાના ઘરમાં નં. ૨–૩ ના પ્રતીવાદીઓ રોકી બેઠા છે. અને નં. ૧ ની પ્રતીવાદીયણુ નં. ૨–૩ ના પ્રતીવાદીઓની બદસલાહથી મારે ઘેર આવતી નથી. તથા નં. ૧ ની પ્રતિવાદીયણુને મારે ઘેર આવવાનાં ઘણાં તેડાં કર્યાં. તથા વાહેતગાર માણસ સાથે કહ્યા કહેવરાવ્યા છતાં નં, ૧ ની પ્રતિવાદીયણુ મારે ઘેર આવતી નથી. અને નં. ૨–૩ ના પ્રતિવાદીઓ મારે ઘેર મોકલતા નથી. જેથી ભાવનગરની અમારી ન્યાત પાસે મેં ફરી

યાદ કરી, છતાં ન્યાતનું કહ્યું પ્રતીવાદીએ માન્યું નથી. નં. ૧ ની પ્રતિવાદીયણને મારે કબ્જે લેવા તથા તેમાં નં. ૨-૩ ના પ્રતિવાદીઓ હરકત કરી આડે આવે નહિ તે માટે આ દાવો માગું છું કે,

૧ નં. ૧ ની પ્રતિવાદીયણ મારી ઓરત પ્રેમને મારે તાબે કબ્જે સોંપવાનું તથા તેણી કાયમ મારી સાથે રહી મારી સાથે લગ્નના હકો પુરા કરે તેવું કાયમને માટે હુકમનામું કરી આપશો.

૨ નં. ૧ ની પ્રતિવાદીયણ મારે તાબે-કબ્જે આવે અને મારી સાથે લગ્નના હકો પુરા કરે તેમાં નં. ૨-૩ ના પ્રતિવાદી હરકત કરી આડે આવે નહિ તેવી કાયમને માટે નં. ૨-૩ ના પ્રતિવાદીઓને તાકીદ આપવાનો ઠરાવ કરી આપશો. આ દાવાનો ખર્ચ નં. ૨-૩ ના પ્રતિવાદીઓ પાસેથી અપાવશો. આ દાવાનું કારણ સં. ૧૯૬૩ ના માગસર સુદ ૧૪ ના રોજ આ કોર્ટની હકુમતમાં ઉત્પન્ન થયું છે

નં. ૧ ની પ્રતિવાદીયણે લેખી જવાબ આપ્યો કે:—

૧ સદરહુ વાદીએ મને કબ્જે લેવાનો દાવો કર્યો છે તે દાવો તદન ખોટો છે.

૨ વાદી સાથે મારે લગ્ન સવંત ૧૯૫૭ ની સાલમાં થયાં હતાં અને હું તેને ઘેર તેના તાબામાં રહેતી.

૩ મારો ધણી મારી ઉપર અતિ ત્રાસ વર્તાવતો અને અતિશય મારકુટ કરતો, અને જે દુનીયાદારીના સાધારણ નિયમથી ઉલટું મારી પાસે વર્તન કરાવતો હતો, અને તેની આજ્ઞાનુસાર મારે વર્તવું પડતું હતું

૪ તેને બીજી સ્ત્રી સાથેનો આડો વહેવાર હોવાથી મારી ઉપર જે તેનો ઘણો અભાવ હતો, અને તે સ્ત્રીની બદસલાહથી મને બહુ દુઃખ દેતો, અને ઘણી વખત મારી જીંદગી જોખમમાં પણ આવી જતી હતી.

૫ સવંત ૧૯૫૭ ની સાલમાંજ મારે અતિ દીલગીરી સાથે વાદીની ઉપર ફોજદારી રીતે ફરીયાદ પણ કરવી પડી હતી અને પાછળથી કેટલાએક નાતીલા અને બીજા વચમાં પડી સમાધાન કરાવી રાજીનામું આપ્યું હતું, અને ભવિષ્યમાં વાદી પોતાની વર્તણુક સુધારી મારી સાથે સારી રીતે વર્તશે એમ મનાવીને મને તેડી પણ ગયા હતા.

૬ પરંતુ વાદીએ પોતાની વર્તણુક સુધારી નહિ, અને પ્રથમ કરતાં પણ વિશેષ દુઃખ દેવા લાગ્યો હતો.

૭ છેવટ ચાલતી સાલમાં માગસર માસમાં અતિશય માર મારી, મારી પાસેથી દાગીના વિગેરે કપડાં લઇ કાઢી મુકી. જેથી મારે ફોજદારીમાં અહીં ફરીયાદ પણ કરવી પડી હતી. પરંતુ હું અબળા સ્ત્રી પાસે પુરાવો નહિ હોવાથી પુરાવાની ખામીને લીધે મારો કેસ કાઢી નાખ્યો હતો.

૮ જ્યારે મેં મહેરનો દાવો વાદી ઉપર કર્યો, અને તે દાવાની વાદીને ખબર પડી ત્યારે મારા દાવામાં ખલેલ પહોંચાડવાના હેતુથી આ દાવો કર્યો છે.

૯ જ્યારે મારા તરફથી વાદી ઉપર હાલ ફોજદારીમાં ફરીયાદ કરી ત્યારે વાદીએ પોતાની વર્તણુક છુપાવવા અર્થે ન્યાત પાસે ઉલટી ફરીયાદ કરી હતી હું તે વખતે સગર્ભા હતી.

૧૦ વાદીએ મારા ઉપર અતિ ઘાતકીપણું વાપરેલ છે અને તેની વર્તણુક એવી છે કે વાદી મને કબ્જે લેવાને કાયદેસર હકદાર નથી.

૧૧ મારા પતીએ જ્યારે મારા ઉપર અતિ ધાતકીપણુ વાપરેલ અને મારા તમામ દાગીના અને વસ્ત્ર લઇને કાઢી મુકી ત્યારે મારા માબાપ મને એક પોતાની પુત્રીને આશરો આપે છે.

૧૨ વાદીનો દાવો કાયદા પ્રમાણે ચાલી શકે તેમ નથી.

૧૩ વાદી દાવા અરજીમાં દર દાગીના અને કપડાં લઇ આવ્યાનું જણાવે છે તે તદન ખોટું છે.

૧૪ મારો સગીર વયનો છોકરો મારી સાથે હતો, તે પાછળથી શીરજોરી કરીને મારા હવાલામાંથી ઉપાડી ગયો છે.

૧૫ પ્રથમ મારી શોક કુંવર જે વાદીના ઘરમાં હતી, તેને પણ વાદી માર મારતો અને ધાતકીપણુ ગુજારતો, તથી તેનો છેડા છુટકો કર્યો છે.

નં. ૨-૩ ના પ્રતિવાદીઓએ જવાબ લેખી આપ્યો કેઃ—

૧ નં. ૧ ની પ્રતિવાદીયણુની હકીકતથી વાદી દાવો કરવાને હકદાર નથી.

૨ અમારી પુત્રીને દુઃખ દઇને કાઢી મુકેલ અને તેના ઉપર અતિશય જુલમ ગુજારે અને અમારી પુત્રી અમારો આશરો લે, તેવે વખતે અમારી નીતિની ફરજની રૂએ તેને આશરો આપેલ છે જેમાં અમારી કોઇ જાતની બદદયાનત નથી.

૩ અમારી પુત્રી આવી તે વખતે તેની પાસે કંઇ પણ દર દાગીના કે કપડાં હતાં નહીં પણ વાદી પાસે છે.

મુદ્દા.

૧ વાદીએ પ્રતિવાદી ઉપર ધાતકીપણું વાપર્યાનું સાબીત થાય છે ? અને તેથી વાદીની સાથે રહી, તેણી લગ્નના હક પુરા કરવા બાએ સોંપવી યોગ્ય નથી ?

૨ વાદીને શું દાદ આપવી યોગ્ય છે ?

અભિપ્રાય.

૧ પ્રતિવાદીયણુ ઉપર ધાતકીપણું વાદીએ વાપર્યાનું સાબીત નથી.

૨ ફેસલામાં બતાવ્યા પ્રમાણે.

કારણો.

પ્રતિવાદીયણુની સાહેદીના પીંજરાંમાં જુબાની આપતી વખતની રીતભાત ઉપરથી મને તેણી તદન ઢોંગીલી સ્ત્રી જણાઇ છે, તેણી કોર્ટના મન ઉપર ખોટી અસર કરવા માટે એવા સાદથી બોલતી હતી કે, જાણે તેણીના ઉપર અત્યંત જુલમ ગુજરી ગયો ન હોય ? પ્રતિવાદણે તેણીના જવાબમાં તેમજ તેણીની જુબાનીમાં પોતાના ધણી ઉપર ખોટાં આળો મુકેલાં છે. તેણી કહે છે કે તેણીના ધણીએ એક કોલણુ રાખેલી છે, અને તે કોલણુ પ્રતિવાદીયણુની હાજરીમાં વાદીને ઘેર આવે જાય છે, અને પ્રતિવાદીયણુને તેણીના પગ દાબવા વાદી કહેતો હતો, અને જો નહિ દાબશે તો જાનથી મારી નાખીશ, એવા દમ આપતો હતા. વાદી આવો નિર્લજ હોયજ નહિ કદાચ કોલણુ રાખી હોય તો તેને પોતાના ઘરમાં પોતાની સ્ત્રીની હાજરીમાં તે લાવે નહિ, અને વાદી તેટલેથી સંતોષ ન પામે, અને પોતાની સ્ત્રીને વાદી પગ દાબવાનું કહે એ બીના તદન ખોટી લાગે છે. વાદિયણે પોતાના ધણી ઉપર મહેરની રકમનો દાવો કર્યો છે, જેમાં નાદારીમાં તે દાવો ચલાવવાની તેણીએ પરવાનગી આપી હતી. તેમાં તેણીની જુબાની લેવાએલી છે. જેમાં તેણી કોલણુનું નામ પણ બતાવી

શકી નથી. જો પોતાનો ધણી એક કોલણને પોતાને ઘેર લાવે અને પોતાની સ્ત્રી પાસે તેણીના પગ દબાવે તેવી કોલણનું નામ પણ પ્રતિવાદણ આવી લાંબી મુદત સુધીમાં જાણી શકે નહિ એ કેવી તાજુબી ભરેલી હકીકત છે ? આ કામમા આંક ૧૨ મે તેણીની જુબાની લેવામાં આવી છે, ત્યારે કોલણનું નામ ભાણી છે, એમ ગામના માણસથી તે જાણ્યાનું તેણી કહે છે. આ નામ ત્યાં સુધી તો તેણીને ખબર પણ પડયું નહોતું. એજ બીના તેણીની આ કોલણની વાત બાબતની ખોટી પડે છે. વાદી સાથે પરણી ત્યારથીજ આ કોલણનું સાલ વાદીના ઘરમાં છે તો તેવી કોલણનું નામ પ્રતિવાદિયણને ખબર ન પડે એજ હકીકત તેણીને ખોટી બતાવે છે. પોતાના ધણીના ઉપર એવું નીચ આળ મુકવા પણ તેણી જરા પણ આંચકો ખાતી નથી. એવી એક નાલાયક સ્ત્રી માલુમ પડી છે. આવી એક સ્ત્રી પોતાના ધણીને પોતાની મનપસંદ પડતી રીતે ત્રાસ આપતી હશે, એમ માનવાને હું જરા પણ આંચકો ખાતો નથી, જ્યારે તેણી ત્રાસ આપે ત્યારે ગમે તેવો સહન શકિતવાળો ધણી હોય તો પણ તેનો જુસ્સો હાથ રહે નહિ. એ સ્વભાવિક છે. ને તેને લઇને વાદીએ કદાચ તેણીને થોડી ઘણી કોઇ વખતે પુષ્પાંજલી પણ કરેલી હશે. આવા સંજોગોમાં વાદી કરતાં પ્રતિવાદણનોજ દોષ નીકળે છે. એક સ્ત્રી પોતાના ધણીને કંટાળો અને ત્રાસ આપે અને પછી ધણીએ મુંગે મોઢે સહન કરી બેસી રહેવું એવો સંસારનો નિયમ હોય શકેજ નહિ. જ્યારે સ્ત્રી પોતાના ધણીને ખરાબ લગાડનારૂં બોલે અને ધણી ગુસ્સે થઇ જરા મારે અને તેથી સ્ત્રી રીસાઇ જઇને પીયરમાં રહે, અને તેણી પાછી ધણીને કબજે ન થાય એવો નિયમ તદન અયોગ્ય કહેવાય. પ્રતિવાદણ તરફથી આજમ ડોકટર બીજલાલને પોતાને વાદીએ મારેલો માર બતાવ્યા બાબત સાહેદીમાં બોલાવવાની અરજ કરેલી છે. પરંતુ ઉપર જણાવેલ સબબને લઇને તેમની જુબાની લેવાની મને જરૂર લાગી નથી. વાદીએ વરતેજની ન્યાત આગળ આ પોતાની ઓરત લેવા માટે અરજ કરી હતી. ભાવનગરની જમાત આગળ પ્રતિવાદણના બાપે પ્રતિવાદણને હાલ સુવાવડનો વખત આવવાનો છે એવું કારણ બતાવીને અઢી માસ પછી વાદીને ઘેર મોકલી આપવા માટ આંક ૨૧ ની અરજી પણ આપેલ છે. વાદીના પેટથી પ્રતિવાદણને બે દીકરાઓ થયા છે. જેમાંનો એક સાડાચાર વર્ષનો, અને બીજો દીકરો માત્ર ચાર મહીનાનોજ છે. આ બીના પણ ધ્યાનમાં રાખવા જેવી છે, વળી પ્રતિવાદણે પોતાના ધણીએ તેને માર માર્યાની ફરિયાદ ફોજદારીમાં કરી હતી. જે ફરીયાદમાં પણ તેણી હારી ગઇ છે. તેણીને વાદીએ માર માર્યો નથી એવું તે ફરિયાદમાં ઠરાવેલું છે એવી ખોટી ફરિયાદ પોતાના ધણીની ઉપર કરવાને પણ આ સ્ત્રીએ આંચકો ખાધો નથી. પ્રતિવાદીયણ તરફથી આંક ૨૩ ના સાહેદ જસરાજ ત્રીકમજીની જુબાની લેવાયલી છે, જે નકામા જેવી છે. તે મરકીના વખતમાં વરતેજ રહેવા ગયો હતો. અને તે આ પક્ષકારો જે મકાનમાં રહેતાં તેના ઉપલા ભાગમાં રહેતો હતો. તે ત્રણેક મહીના ત્યાં રહ્યો. તે અરસામાં માત્ર એકજ વખતે આ પક્ષકારો વચ્ચે તકરાર થયાનું તે કહે છે, અને તે નહિ માનવા જેવી હકીકત છે. પોતે ઉપરના ઓરડામાંથી નીચેના ઓરડામાં પ્રતિવાદણને વાદીએ ખાસડેથી મારી એવો અવાજ સાંભળ્યો. આવી હકીકત ઉપર વિશ્વાસ મુકી શકાય નહિ કદાચ તે વાત માનીએ તો પણ વાદી તેમાં દોષિત હતો કે કેમ તે વિચારવાનું રહે છે. પ્રતિવાદણે વાદીને ગમે તેમ ટેલફેલ કહ્યું હોય અને વાદીએ કદાચ આ

સહું માર્યું હોય તો ધણીપણાની હકની રૂએ તેણે કરેલું કૃત્ય ગણી શકાય, તેટલા ઉપરથી વાદીનું ઘાતકીપણું સાબીત થતું નથી. તે ઘા તકીપણુ કાયદા પ્રમાણે જોઇએ છીએ, તે એ વું કે જેથી સ્ત્રીની જીંદગી જોખમમાં આવી પડે, એવો કશો પુરાવો નથી. આ તમામ હ કીકત ધ્યાનમાં લઇને નીકળેલા મુદ્દા પ્રતિવાદ ણુ વિરૂદ્ધ ચુકવું છું.

હુકમ.

પ્રતિવાદણુ પ્રેમ વાદીને કબજે થાય અને વાદી સાથે રહીને લગ્નના હકો પુરા કરે અને તેમ કરવામાં નં. ૨-૩ ના પ્રતિવાદીઓ હરકત કરે નહિ. વાદીનો આ દાવાનો ખર્ચ નં ૨ ના પ્રતિવાદીને શીર છે પ્રતિવાદીઓનો ખર્ચ તેમને પોતાને શીર છે.

તા. ૨૭ જુલાઇ ૧૯૦૭

(સહી) વીઠલદાસ મંચ્છારામ પકવાસા
દી. ન્યા.

શાહ દામોદર મોહનલાલ સે. શ.

મુ. ક. મનવંતરાય ગુલાબરાય
કારકુન

દૈ. તા. ૨૮-૨-૧૬ ખરી નકલ

પ્રતિવાદીના રીપરટીંગ સાક્ષીઓ.

હીરજી રતનશી રે. મહુવાની જુબાની.

સ્વસ્થાન જુનાગઢની દીવાની અદાલતમાં.

મો. મુ. નંબર $\frac{૧૦૯}{૭૦}$ આંક ૧૧૮

હું ખુદાને હાજર જાણી કહું છઉં કે, જે કહીશ તે સાચું કહીશ. સાચા સીવાય બીજું કહીશ નહિ. જુઠું બોલું તો ખુદા પુછે.

મહારૂં નામ હીરજી, મહારા બાપનું નામ રતનજી, મહારો ધર્મ મુસલમાન, મહારી જાત ખોજા, મહારી શાખ ભાયાણી, મહારો ધંધો નોકરી, મહારી ઉમર વર્ષ ૨૬. મહારે રહેવા નું ગામ હાલ વેરાવળ, મુળ મહુવા.

પ્રતિવાદીના વકીલની તપાસમાં.

જુ. દી. મુ. રૂ. લ. છું કે,—

ભગવાનજી શામજી મારો સગો કાકો થા ય તે હાલ કયાં છે તેનો પતો નથી. ઘણું કરીને સં. ૧૯૫૭ થી પતો નથી. તેની દીકરી સકીના છે. તેના લગ્ન ભાવનગરવાળા અબદુ લહુસેન નુરમામદ વજીર સાથે કર્યાં છે. સં. ૧૯૬૨-૬૩ માં તે થયાં છે. લગ્ન તેની મા ની ગેરહાજરીમાં તેના મામાએ એટલે હસન અલી કુરજીએ કર્યાં હતાં. તે અસનાશરી છે. અબદુલહુસેન અસનાસરી છે. નારણ શામજી મારો સગો કાકો થાય, તે આગાખાની છે. તે કાઉન્સીલના મેમ્બર છે. સકીનાની મા તે વખતે ગુજરી ગઇ હતી.

વાદીના વકીલની ઉલટ તપાસમાં.

મારા ભાઇ સુદ્ધાંત તેઓ છ ભાઇ હતા. સકીનાના લગ્ન થયાં, ત્યારે મારા કાકા નાર ણજી જેઠાભાઇ ને રણછોડભાઇ હયાત હતા. નારણજી થોડા રોજ ઉપર જુનાગઢ હતા. તે સ્વામીનારાયણનો ધર્મ પાળતા નથી. તે ઇસ માઇલી છે. સ્વામીનારાયણના મંદીરના રીસીવ ર સબંધે સ્વામી મંદીરમાં સલાહ આપવાને આવ્યા હતા, તે કામે રોકાયેલા હતા, એમ મેં સાંભળ્યું છે. વકીલ ને ફોજદાર હતા, તે થી સલાહ આપવા આવ્યા હતા. નારણજી ભી મજી આજે જુનાગઢમાં નથી એમ કહી શંક તો નથી. નારણજી શામજી સ્વામીનારાયણનો પાળો નથી. ભગવાનજી શામજીને બે દીકરી હતી. બીજી દીકરી ફાતમાને જેઠાભાઇ તેના કાકાએ પરણાવી હતી. સકીનાનો વર અસના સરી હતો, એટલે તેના કાકાએ પરણાવી ન હિ. ને વેશવાળ તેની માએ કર્યું હતું. ભગવા નજી શામજીના ટ્રસ્ટી તેના ભાઇઓ એટલે નારણજી જેઠાભાઇ. રણછોડભાઇ અને રતન શી અને દીકરીઓ, ભગવાનજીનો સાઢુ હસન અલી કુરજી છે. અને લગ્ન ખર્ચ કોર્ટના હુક મથી જેઠાભાઇએ આપ્યો હતો.

ફરી—ટ્રસ્ટ કયારે થયું, તે હું નાની ઉ મરનો હોવાથી ખબર નથી. ભગવાનજી ગ યા પહેલાં ટ્રસ્ટ થયું હતું સકીનાની મા પાછ ળથી અસ્નાસરી હતી. તા. ૨૩–૪–૧૬

ખોજા હીરજી રતનજીની સહી
દા. પોતે.

મારા રૂબરૂ
(સહી) છોટાલાલ દુલભજી
જુ. દી. મુ.

માહમદ જુઠા રે. ભાવનગરની જુબાની.

સ્વસ્થાન જુનાગઢની દિવાની અદાલતમાં.

મો. મુ. નંબર $\frac{૧૦૯}{૭૦}$ આંક ૧૧૯ મું.

હું ખુદાને હાજર જાણી કહું છું કે, જે કહીશ તે સાચું કહીશ. સાચા શીવાય બીજુ કહીશ નહિ. જુઠું બોલુ તો ખુદા પુછે.

મહારૂં નામ માહમદ, મારા બાપનું નામ જુઠા, મારો ધર્મ મુસલમાન, મારી જાત ખોજા, મારી શાખ ખોજા, મારો ધંધો વેપાર મારી ઉમર વર્ષ ૭૨, મારે રહેવાનું ગામ ભાવનગર.

પ્રતિવાદીના વકીલની તપાસમાં.

જુ. દી મુ. રૂ. લ. છું કેઃ—

ભાવનગરમાં આગાખાની કાઉન્સીલનો ચેરમેન છું. ઇસાભાઇ નાનજી આગાખાની નાતના વારસ હતા. તેને બે બેન હતી. નાન બાઇ ને જેતબાઇ નામ હતાં. નાનબાઇના લ ગ્ન વલી ગુલામહુસેન સાથે સં. ૧૯૧૬ ની સાલમાં થયાં હતાં. વલી તે વખતે ઇસ્માઇ લી હતો. મારા પાડોસમાં રહેતો. ખોજાની નાતમાં સં. ૧૯૪૮–૪૯ માં ભાવનરમાં તડાં પડયાં છે. તડાં પડયાં તે એક બીજા ધર્મ સં બંધી પડયાં. જેતબાઇના લગ્ન સં. ૧૯૧૯- ૨૦ માં માહમદ નથુ સાથે થયાં હતાં. તે, તે વખતે ઇસમાઇલી હતો. ઇસાભાઇ ડાળીયાનો વેપાર કરતા, ને હું ફરૂટ વેચતો. ઇસાભાઇ મારા નોકર હતા, તે પછી ભાગીદાર હતા. ભાવનગરવાળો નાલબંધ જમાલ સવજી ગુજ રી ગયો છે. તેના કુટુંબમાં હાલ કોઇ નથી. તેની દીકરી સકીનાને અલીભાઇ ખીમજી રે

સં. ૧૯૨૬-૨૭ માં પરણાવી હતી. તેની દીકરી ફાતમાને આમદ વલીને પરણાવી છે, તેના લગ્ન સં. ૧૯૩૦ માં થયાં. તે વખતે તે ઇસમાઇલી હતો.

વાદીના વકીલની ઉલટ તપાસમાં.

તડાં પડયાં ત્યાર પછી તડાવાળામાં કોઇના લગ્ન તોડવામા આવ્યાં નથી.

ફેરી નથી. તા ૨૪–૪–૧૬

ખોજા આમદ જુઠાની સહી.
દા. પોતે.

મારા રૂબરૂ
(સહી) છોટાલાલ દુલભજી
જુ. દી. સુ.

નજરઅલી જીવરાજ રે બુદેલની જુબાની.

સ્વસ્થાન જુનાગઢની દીવાની અદાલતમાં.

મો. મુ. નંબર ૧૦૯/૭૦ આંક ૧૨૦ B.

હું ખુદાને હાજર જાણી કહું છું કે, જે કહીશ તે સાચું કહીશ. સાચા સિવાય બીજું કહીશ નહિ. જુઠું બોલું તો ખુદા પુછે.

મારૂં નામ નજરઅલી, મારા બાપનું નામ જીવરાજ, મારો ધર્મ મુસલમાન, મારી જાત ખોજા, મારી શાખ સસમાણી, મારો ધંધો વેપાર. મારી ઉમર વર્ષ ૨૮, મારે રહેવાનું ગામ બુદેલ

પ્રતિવાદીના વકીલની તપાસમાં.

જુ. દી. સુ. રૂ. લ. છું કે;—

હું ઇસમાઇલી ખોજો છું. નારણ રહીમ મારો દાદો ગુજરી ગયો છે. મારો દાદો પણ તે હતો. ઝવેર ગીગા વરતેજવાળાને હું ઓળખું છું. તેના વેરે મારી બેન તેજબાઇને સં. ૧૯૬૨ માં પરણાવી છે. તે વખતે ઝવેર ઇસમાઇલી હતો. તીકા કાસમ કામડીયા ભાવનગરના પ્રગણાનાએ પઢાવ્યા હતા. કાસમ કામડીઓ સાથે જાનમાં આવ્યો હતો. ઝવેર ગીગા પાંચ વરસથી અસનાસરી છે. મારી બેન પણ અસનાસરી ધર્મ પાળે છે તે મારે ત્યાં આવતી જતી નથી. ધર્મફેર થઇ તેથી આવતી જતી નથી.

વાદીના વકીલની ઉલટ તપાસમાં.

લગ્ન વખતે ઝવેર ઇસમાઇલી હતો. ઝવેર ગીગાનું ખોરડું ઇસમાઇલી ગણાતું, તેથી કહું છું. ને તેની બેન ઇસમાઇલી હતી. તેની સાથે અમો ને તે વેવીશાળ કરવામાં હતી. ચાર પાંચ વરસથી અસનાસરી થયો. તે ધર્મ વિરૂદ્ધ ચાલે છે તેથી જાણ્યુ. ભાવનગરમાં ડાળીયાવાળાની દુકાન બે ત્રણ છે. તેના ડાળીયા શેકવા જતો, ને તેના ભેગો ભળી ગયો, તેથી જાણ્યું. ને ખાને આવતાં અટકયો તેથી જાણ્યું. વીવા થયા ને મારી બેનને આણું વળાવ્યું, ત્યારે ખાનાનો કર તેની પાસેથી લીધો હતો. ને ખાનામાં આવતો તેથી કહું છું. આણું વળાવવા તે અને તેની બેન આવ્યાં હતાં. ૪-૫ વરસથી બેન આવતી નથી. મારી બેનને આણું વળાવી તેડી ગયા, ત્યાર પછી તુરત નોખા, ઝવેર ને તેની બેન થયાં. મારી બેનને પરણાવ્યા પછી ત્રણ વરસે આણું વળાવ્યું હતું વડવામાં ચોગ઼ા પાસે ઝવેર રહેતો ને બેન ખોજા વાડમાં રહેતી. બકાલું ઝવેર વેચતો.

ફરી નથી. તા, ૨૪-૪-૧૬

ખોજા નજરઅલી જીવરાજની સહી
દ. પોતે.

મારા રૂબરૂ
(સહી) છોટાલાલ દુલભજી
જુ દી. સુ.

જીવરાજ નાનજી રે. ધોલેરાની જુબાની.

સંસ્થાન જુનાગઢની દીવાની અદાલતમાં.

મો. સુ. નં. ૧૦૯/૭૦ આંક ૧૨૧ B

હું ખુદાને હાજર જાણી કહું છું કે, જે કહીશ તે સાચું કહીશ. સાચા સિવાય બીજું કહીશ નહિ. જુઠું બોલું તો, ખુદા પુછે.

મહારૂં નામ જીવરાજ, મહારા બાપનું નામ નાનજી, મારો ધર્મ મુસલમાન, મહારી જાત ખોજા, મારી શાખ વીરાણી, મારો ધંધો વેપાર. મહારી ઉમર વર્ષ ૫૦, મહારે રહેવાનું ગામ ધોલેરા બંદર.

પ્રતિવાદીના વકીલની તપાસમાં.

જુ. દી. મુ. રૂ. લ. છું કે:—

હું ધોલેરામાં ખોજા આગાખાનીની જમાતની કાઉન્સીલનો ચેરમેન ને જમાતનો મુખી છું. ને બકાલાનો ધંધો કરૂં છું. મારો બાપ પણ મુખી હતો. મારી બેન મણીને હસન અલીભાઇ વેરે સં. ૧૯૪૬ માં પરણાવી હતી તે વખતે આગાખાની હતો. પરણ્યા પછી ૨-૩ વરસે તે અસનાઅસરી થયા પછી મારી બેનનું લગ્ન તોડી નાખ્યું.

વાદીના વકીલની ઉલટ તપાસમાં.

હસન અલીભાઇ અસનાસરી થયા પછી બે ત્રણ વરસે લગ્ન તુટયાં. અસનાસરી થયા પછી મારી બેન તેને ઘેર ગઇ નથી. કોર્ટમાં દાવો થયો નથી. ફારગતી તે બંને વચ્ચે થઇ હતી. ફારગતી ઘેર પડી છે. મારા બાપા ગુજર્યા પછી ઘરમાં કયાં હશે, તે વહેમ નથી. લગ્ન તોડયાં ત્યારે મારો બાપ જીવતો હતો.

વરી નથી. તા. ૨૪-૪-૧૬

ખોજા જીવરાજ નાનજીની સહી
દ. પોતે.

મારા રૂબરૂ
(સહી) છોટાલાલ દુલભજી
જુ. દી. મુ.

ગાંગજી મેઘજી રે. તળાજાની જુબાની.

સંસ્થાન જુનાગઢ દિવાની અદાલતમાં

મો. સુ. નં. ૧૦૯/૭૦ આંક ૧૨૨ b.

હું ખુદાને હાજર જાણી કહું છું કે, જે કહીશ, તે સાચું કહીશ. સાચા સિવાય બીજું કહીશ નહિ, ખોટું બોલું તો ખુદા પુછે.

મહારૂં નામ ગાંગજી, મહારા બાપનું નામ મેઘજી, મહારો ધર્મ મુસલમાન, મહારી જાત ખોજા, મહારી શાખ ખોજા ઇસમાઇલી, મહારો ધંધો વેપાર, મહારી ઉમર વર્ષ ૬૨, મહારે રહેવાનું ગામ તળાજા.

પ્રતિવાદીના વકીલની તપાસમાં.

જુ. દી. મુ. લ. છું કે:—

તળાજા જમાતમાં હું પ્રથમ મુખી હતો. હાલ મારો ભાઇ છે. અલાદીનના લગ્ન તળાજાના નથુ મામદની દીકરી વેરે સં. ૧૯૫૬ માં કર્યાં હતાં. હું ઇસમાઇલી છું. લગ્ન વખતે નથુ મામદ ઇસમાઇલી હતો. સં. ૧૯૫૬

... તળાજામાં ખોજાઓ નોખા પડગા. તે ... સં. ૧૯૫૯ માં ગુજરી ગઇ છે. મારી ... સેજબાઇને સં. ૧૯૪૩ માં મનજી ગીગા ... પરણાવી હતી તે વખતે તે ઇસમાઇલી હતો. ... સં. ૧૯૫૪ માં અસ્નાસુરી થયો. તે ૧૯૫૩ ... ગુજરી ગઇ હતી. સં. ૧૯૪૩ માં લગ્ન ...તું મારા ચોપડાગાં નામું છે તે લાવ્યો ... મામદ ગાંગજીની દીકરી ને હીરજી જેઠા ... દીકરો અલાદીનના લગ્ન સં. ૧૯૫૩ માં ... હતાં. અલાદીન તે વખતે ઇસમાઇલી હ... બંને જણા તળાજાના રહીશ હતા. રતન ... પીરભાઇ દીહોરવાળો ગુજરી ગયો છે. દી...ર તળાજાથી પાંચ ગાઉ છે. તે સં. ૧૯૫૦ ... ઇસમાઇલી હતો. તળાજાવાળો ધરમશી ...ગુલ હાલ આગ્રે છે. પાલીતાણે ડાયાને ઘેર ... સં. ૧૯૫૨ માં પરણ્યો છે. તે વખતે ડા... ઇસમાઇલી હતો. તળાજાનો કાનજી દેવજી ...ધાન ઇસ્માઇલી ધર્મ પાળે છે. હીરજી લખા ...મ સં. ૧૯૩૦ માં દેવજી પ્રધાનની દીકરી ...ને પરણ્યો છે, તે વખતે ઇસમાઇલી હતો ... હાલ પણ છે મુળજી લધા મારો કાકો સં. ...૯૫૩–૫૪ માં ગુજર્યો છે, તેની દીકરી પીર...ઇ કુરજી મહુવાવાળા સાથે પરણી છે. તે ... સ. ૧૯૩૦ માં પરણી હતી. ઇસમાઇ... બંને હતાં.

વાદીના વકીલની ઉલટ તપાસમાં.

ધરમશીની વાત મેં મારા બનેવીના કહે...થી જાણી હતી. તડાં પડયા પછી દાખ... આપ્યા છે, એમાં કોઇના લગ્ન તુટયાં નથી. ...ફેરી નથી. તા, ૨૪–૪–૧૬

ખોજા ગાંગજી મેઘજીની સહી
દ. પોતે.

મારા રૂબરૂ
(સહી) છોટાલાલ ફુલભાઇ
જુ. દી. મુ.

અલાદીન પદમશી રે. મહુવા ની જુબાની.

સ્વસ્થાન જુનાગઢની દીવાની અદાલતમાં.

મો. મુ. નંબર $\frac{૧૦૯}{૭૦}$ આંક ૧૧૩

હું ખુદાને હાજર જાણી કહું છું કે, જે કહીશ તે સાચું કહીશ. સાચા સિવાય બીજું કહીશ નહિ. જુઠું બોલું તો ખુદા પુછે.

મહારૂં નામ અલાદીન, મહારા બાપનું નામ પદમશી, મહારો ધર્મ મુસલમાન, મહારી જાત ખોજા, મહારી શાખ ખોજા, મહારો ધંધો વેપાર, મહારી ઉમર વર્ષ ૫૨, મહારે રહેવાનું ગામ મહુવા.

વાદીના વકીલની તપાસમાં.

જુ. દી. મુ. રૂ. લ. છું કે;—

મારો બાપ પદમશી ગુજરી ગયો છે. આગાખાની જમાતનો મુખી મહુવામાં તે હતો. તે સં. ૧૯૫૧ માં ગુજર્યો છે. તે પછી હસનઅલી મારો ભાઇ મુખી હતો. તે સં. ૧૯૫૧ માં ગુજરી ગયા. હાલ હું મુખી છું. મારી બેન સેજબાઇના લગ્ન સં ૧૯૩૮ માં થયાં હતાં આમદ વીરજી સાથે થયાં હત્તાં, લગ્ન થયાં ત્યારે આમદ ઇસમાઇલી હતો. સં. ૧૯૪૨ માં બધા ખોજા મહુવામાં ઇસમાઇલી હતા. મહુવાના ખાનમામદ વાલજી ને મામદ ગીગા મરી ગયા છે. તે ઇસમાઇલી હતા. ખાનમામદ સં. ૧૯૬૮ માં મરી ગયો છે. તે તેણે મરી ગયા પછીનો, સમર છાંટાનો કર આગાખાની જમાતને આપ્યો છે. મરનારના ભાઇઓએ દીધો છે. નામું જમાતમાં મેં પા

કયું છે. મારી બેન કેસરને ખાનમામદ નથુ મહુવાવાળા સાથે પરણાવી હતી. મારી બેન ગુજરી ગયાં છે. તે સં. ૧૯૩૩ માં પરણી હતી. તે વખતે તે ઇસમાઈલી હતો. મહુવા વાળા ખોજા મનજી શામજીની દીકરીને સં. ૧૯૪૮ માં અબદલા નજરઅલી સાથે પરણાવી હતી. તે વખતે અબદલા ઇસમાઇલી ધર્મ પાળતો હતો. સં. ૧૯૫૫-૫૬ માં અસનાસરી થયો. અબદલા મહુવાનો રહીશ છે. નારણસદાસ શામજી મહુવાવાળા ઇસમાઇલી કમીટીનો મેમ્બર છે. તેની દીકરી મામદ સુલેમાનના દીકરા નાનજી સાથે સં. ૧૯૫૨ માં પરણાવી હતી નાનજી તે વખતે ઇસમાઇલી હતો. પાછળથી અસનાસરી થયો છે. તેના લગ્નના લાગાનો દાખલો ચોપડાગાં છે. તે ચોપડા મારી પાસે હાજર છે. નારણદાસે માંડવાના રૂપીયા દીધા હતા તે, લાગાનો દાખલો ચોપડામાં છે. તળાજાવાળા કાનજી દેવજીને ઓળખું છું. તે મહુવાવાળા અભરામ વાલજીને ઘેર પરણ્યો છે. કાનજી ઇસમાઇલી છે. કાનજીએ સગપણ વખતે દાદ નાતને આપી છે. તેનો દાખલો ચોપડામાં છે. ભગવાનજીનો પતો સં. ૧૯૫૭ થી નથી. તેની દીકરી સકીના નુરમામદના દીકરા અબદુલહુસેન વેરે પરણાવી છે. સકીનાનો માસો અસનાસરી ધર્મ પાળતો હતો.

વાદીનાં વકીલની ઉલટ તપાસમાં.

આમદ વીરજી સં ૧૯૫૫ માં અસનાસરી થયા, તે બતાવવાને હું કહું છું, તે સીવાય આધાર કોઈ લેખીત નથી. અસનાસરી કઇ સાલમાં થયા તેનો લેખીત આધાર મારી પાસે નથી. લગ્ન વર એટલે દીકરાને પરણવા જાય ત્યાં તેણે માંડવાવાળાની જમાતને કર આપવો જોઇએ. લગ્ન વખતે અબદલા નજરઅલીએ આગાખાનનો કર આપ્યો. તે સીવાય કર આપવાનો કોઇ દાખલો બતાવી શકતો નથી. તેમ આપવાનું જાણતો નથી. લગ્નના કર સીવાયનો આગાખાન સાહેબનો કર કોઇ વખત નાનજીએ આપ્યાનું હું જાણતો નથી. કાનજી દેવજી સ્વામીપંથી નથી એ જાણું છું. ને કર આપે છે તેથી જાણું છું.

ફરી—બધા ઇસમાઇલી મહુવાના આગાખાનને કર આપતા નથી.

તા. ૨૪-૪-૧૬

ખોજા અલ્લાદીન પદમશીની સહી.

દ. પોતે.

મારા રૂબરૂ

(સહી) છોટાલાલ દુલભજી

જુ. દી. મુ.

ઇસાભાઇ દાઉદભાઈ રૈ. ભાવનગરની જુબાની.

સ્વસ્થાન જુનાગઢની દિવાની અદાલતમાં.

મો. મુ નંબર $\frac{૧૦૯}{૭૦}$ આંક ૧૨૪ B.

હું ખુદાને હાજર જાણી કહું છું કે, જે કહીશ તે સાચું કહીશ. સાચા શીવાય બીજુ કહીશ નહિ. જુઠું બોલુ તો ખુદા પુછે.

મ્હારૂં નામ ઇસાભાઈ, મારા બાપનું નામ દાઉદભાઈ, મારો ધર્મ મુસલમાન, મારી જાત ખોજા, મારી શાખ ભીમાણી, મારો ધંધો વેપાર, મારી ઉમર વર્ષ ૫૨, મારે રહેવાનું ગામ ભાવનગર.

પ્રતિવાદીના વકીલ મી. મુનશીની તપાસમાં.

જુ. દી. મુ. રૂ. લ. છું કેઃ—

ચાંદુ વજીરને ઓળખું છું. તેની ઉમર ૭૫-૮૦ વરસની છે. તેનું ગુજરાન તેના દીકરા કરે છે. તેનું કુટુંબ અસનાસરી ધર્મ પાળે છે. તેની દીકરી કાસમ હસનને પરણાવી હતી. તે મરી ગઇ છે. તેના ભાઇ જાફરે પરણી હતી. જાફર તે વખતે અસનાસરી હતો. ચાંદુ આંખે બરાબર દેખી શકતો નથી. ધરે તો ધરી શકાય છે. ચાંદુ ખાન મારો સગો કાકો થાય. સકીના તેની દીકરી સુરતવાળા સાથે સં. ૧૯૦૦ માં પરણાવી છે. દુકાન અમારી તેમની ભેગી હતી. તે વખતે આગાખાની હતા. ચાંદુની બીજી દીકરી ફાતમાં મરી ગઇ છે. તે સં. ૧૯૪૨-૪૩ માં પરણાવી હતી. આગાખાની તે વખતે હતા. મારી ફુઇ માલબાઇની દીકરી સકીનાના લગ્ન નુરમામદ સાથે થયાં હતાં. તેનો છોકરો ૩૦-૩૫ વરસનો છે. તેના લગ્ન સં. ૧૯૦૦ પહેલાં થયેલાં હોવા જોઇએ મારૂં ધ્યાન નથી. તેની બીજી દીકરી સુરતવાળા તેનું નામ અને યાદ નથી તેને આપી છે; લગ્ન તેનાં કયારે થયાં તે મને યાદ નથી. મારી સાંભરણ પહેલાં થયાં હશે. તેથી સં. ૧૯૦૦ પહેલાં થયાનું કહું છું. વરતલવાળા નજરઅલીને ઓળખું છું. સકુર ગીગા જે હાલ ભાવનગર રહે છે તેને ઓળખું છું. હાલ તે ભાવનગર રહેતો નથી તેઓ બીજો અસનાસરી છે.

બાદીના વકીલની ઉલટ તપાસમાં.

અસનાસરી થયા તેથી લગ્ન તે કારણે કોઇના આ દાખલામાં તુટયાં નથી. ચાંદુ વજીર હજુ ઇસ્માઇલી છે તે ખાનામાં આવે છે. ચાંદુ વજીર તે તેના દીકરા ભેગા રહે છે. તેનું ગુજરાનનું બીજું સાધન નથી તેથી રહે છે. સબુર ગીગા આગાખાની નથી એમ મારા જાણવા પ્રમાણે રૂબરૂની લખાવું છે. સબુર ગીગાને પાંચ વરસથી મેં જોયો નથી. સબર ગીગાની છોકરી બાબત આગાખાની ન્યાતથી કેસ મંડાયાનું હું જાણતો નથી. છેલ્લા પાંચ વરસમાં ઇસ્માઇલી ધર્મ તેણે પાળ્યો નથી એમ હું શી રીતે કહી શકું ? મેં તેને જોયો નથી. ફરી તપાસ નથી.

તા. ૧૪-૫-૧૬

ખોજા ઇસાભાઈ દાઉદભાઇની સહી
દા. પોતે.

મારા રૂબરૂ
(સહી) છોટાલાલ દુલભજી
જુ. દી. મુ.

ધરમશી ભીમજી રે. વડોદની જુબાની.

સ્વસ્થાન જુનાગઢની દીવાની અદાલતમાં.

મો. મુ. નંબર $\frac{૧૦૯}{૭૦}$ આંક ૧૨૫ b

હું ખુદાને હાજર જાણી કહું છઉં કે, જે કહીશ તે સાચું કહીશ. સાચા સીવાય બીજું કહીશ નહિ. જુઠું બોલું તો ખુદા પુછે.

મારૂં નામ ધરમશી, મારા બાપનું નામ ભીમજી, મારો ધર્મ મુસલમાન, મારી જાત ખોજા મારી શાખ ખોજા, મારો ધંધો વેપાર, મારી ઉમર વર્ષ ૪૦, મારે રહેવાનું ગામ વડોદ.

વાદીના વકીલની તપાસમાં.

જુ. દી. મુ. ર. લ. છું કે,—

હું ઇસમાઇલી છું. અને જમાતનો મુખી છું. ને વડોદ ઇસમાઇલી કાઉન્સીલનો ચેરમેન છું. મારી દીકરી જેનાના લગ્ન ઉમરાળાના કાનજી ખેચરના દીકરા વીઠલ વેરે કરેલ છે. કાનજી ને વીઠલ ઇસમાઇલી ધર્મ પાળે છે. લગ્ન સં. ૧૯૬૩ માં થયાં છે. કાનજીએ પીર સરકારને દાદ દીધો છે તે સરકાર ખાતે જમા થયાનું મારા ચોપડામાં નામું છે. તે નામું બતાવવાને તૈયાર છું. ૧૮૨ પાને જમે છે. ને ૨૦૫ મે પીર સરકારને ખાતે ઉધાર્યાં છે. હું ધાંધલી ઝવેર લાલાને ઘેર પરણ્યો છું. સં. ૧૯૬૪ માં પરણ્યો છું. હું પરણ્યો ત્યારે ઝવેર ઇસમાઇલી હતો. મારા લગ્ન વખતે પીર સરકારને દાદ આપેલ છે. તે મારા ચોપડામાં ઉધારેલ છે. તે પેટે આપેલ હતો. ઝવેરને ત્યાં દીધો હતો. સં. ૧૯૪૬ ના આવરા પાને ૧૪ મે ઉધારેલ છે. વરસ ૧૯૫૫ માં અસનાસરી થયા. ઝવેર સં. ૧૯૫૭ માં ગુજરી ગયા છે તેની દીકરી અસનાસરી દેવગઢવાળો બીમજી જીવા મારો નાનો થાય તે વડોદરે સં. ૧૯૫૭ થી છે. તે ઇસમાઇલી ધર્મ હાલ પાળે છે. ખાનામાં આવે છે. ખાનામાં મદદ આપે છે, તે ખાનાના ચોપડામાં જમે છે. તે ચોપડા હું લાવ્યો છું. ભાવનગરમાં સં. ૧૯૪૭ માં તડાં પડયાનું હું જાણું છું.

વાદીના વકીલની ઉલટ તપાસમાં.

કાનજી ખેચર ગઇ કાલે જુનાગઢમાં હતો. અમો સાહેદો ભેગો આવ્યો હતો. જરૂરી કામ હતું તેથી તે ગયો છે. વીઠલના અક્ષર હું ઓળખી શકતો નથી. તેના કાગળ અમારી ઉપર આવેલ છે. કાગળમાં તે જેનારાયણ લખતો નથી પણ સલામ લખે છે. કાનજી સ્વામીમંદીરે જાય છે કે કેમ તેની મને ખબર નથી. કાનજીએ ગઢડામાં સાધુ જમાડયાનું મને ખબર નથી ઝવેર લાલા સં. ૧૯૫૫ અસનાસરી થયો તે બતાવવા મારી પાસે દસ્તાવેજી આધાર નથી.

કોર્ટની તપાસમાં.

ભાવનગર પંથકમાં કોઇ ખોજો સ્વામીનારાણનો ધર્મ પાળતો કદી એવું મારા જાણવામાં નથી. ઇસમાઇલી રહી તે સ્વામીનારાયણનો ધર્મ પાળતો કદી એવું પણ મારા જાણવામાં નથી

ફરી નથી. તા ૧૪–૫–૧૬

ધરમશી ભીમજીની સહી
દા. પોતે.

મારા રૂબરૂ
(સહી) છોટાલાલ દુલભજી
જુ. દી. મુ.

રાજન ઉકા રે. ભડલીની જુબાની.

સંસ્થાન જુનાગઢ દિવાની અદાલતમાં

મો. મુ. નં $\frac{૧૦૯}{૭૦}$ આંક ૧૨૬ B.

હું ખુદાને હાજર જાણી કહું છું કે, જે કહીશ, તે સાચું કહીશ. સાચા સિવાય બીજું કહીશ નહિ, ખોટું બોલું તો ખુદા પુછે.

મારૂં નામ રાજન, મારા બાપનું નામ ઉકા, મારો ધર્મ મુસલમાન, મારી જાત ખોજા, મારી શાખ મકવાણી, મારો ધંધો વેપાર, મારી ઉમર વર્ષ ૪૬, મારે રહેવાનું ગામ ભડલી.

પ્રતિવાદીના વકીલની તપાસમાં.

જુ. દી. મુ. રૂ. લ. છું કેઃ—

હું આગાખાની છું. હું નાતમાં કામડીઓ છુ. હરખજી જેઠાએ તેની દીકરી વરતેજના રૂપજી કાસમના દીકરા હસનઅલી વેરે પરણાવ્યાનું હું જાણું છુ. લગ્ન થયાં તે વખતે હરખજી આગાખાની હતો ને રૂપજી કાસમ અસનાસરી હતો. તે જમાતે લગ્ન લેવા આવ્યો તેથી અટકાયત કરી. રૂપજી જમાતમાં આવ્યો. આજીજી કરી કે લગ્ન અપાવો. ઇસમાઇલી રૂપજી થયા વિના અપાશે નહિ એમ જમાતે તેને કહ્યું. પછી જમાતના રૂબરૂ ઇસમાઇલી થયો. ગુનેહગારીના રૂપીયા અમરેલીના વારસ ઠરાવે તે રૂપજી આપે. તે ન આપે તો ભીમજી જેઠા આપે. લગ્ન આ સરતે અપાવ્યાં. નીકા કરાવ્યા અને અમરેલી ખબર આપ્યા. અમરેલીવાળાએ જવાબ દીધો કે, ઠરાવ કરવા તમને અધિકાર નથી. તેથી ઠરાવ બહાલ નથી પછી હરખજી જેઠાને નાતબહાર મુકયો. હરખજી અમરેલી જઇ રૂ. ૧૨૫ દંડના આપી નાતમાં આવ્યો. અસનાસરી સાથે પત્ર વહેવાર કરવો નહિ એવી સરત હરખજીએ કરી છે. ભીમજી જેઠાને ઓળખું છું. ભડલીમાં રહે છે. તે ભડલીમાં નથી. કયાં છે તે ખબર નથી. ૧૫-૨૦ દિવસથી ગામ તે ગયો છે. તેની દીકરી મોંઘી રતનશી લાલા ઘાંઘણીવાળાના દીકરાને પરણાવી છે. લગ્ન ભડલીમાં થયાં હતાં. નજરઅલી ભડલીમાં ભીમજી જેઠા પોતાના સસરાને ત્યાં રહેતો હતો. નજરઅલી ઇસમાઇલી ધર્મ પાળે છે. તે હાલ ભડલીમાં છે. તેની બેન રેશીના લગ્ન ભડલીમાં થયાં છે. પછી આગાખાની સાથે થયોછે. નામ મોઢે યાદ નથી. ચોપડામાં જોઇ કહું છું કે ખુશાલ મારયા છે. વિવાહનો દાદ દીધો છે.

વાદીના વકીલની ઉલટ તપાસમાં.

રૂપજી કાસમ જાન લઇને આવ્યો હતો તે વખતે હરખજી જેઠા તરફથી જમાતમાં ખાણા અપાણા હતાં. જાન ખાણા વખતે જમવાગાં હતી. જાન આવે. ને જમવામાં કોઇ જમે. જાનમાં રૂપજી સિવાય બીજા અસનાસરી હતા કે કેમ તે હું જાણતો નથી. જાન વરતેજની હતી. વરતેજમાં કોઇ ઇસમાઇલી છે કે અસનાસરી હતો તે મને ખબર નથી. નહિ તે મને ખબર નથી. નજરઅલી ભડલી રહે છે. ને ભડલીમાં કોઇ અસનાસરી નથી તેથી તે ઇસમાઇલી છે એમ કહું છું.

ફરી—નજરઅલીએ દાદ દીધો છે.

તા. ૧૪-૫-૧૬

રાજન ઉકાની સહી દ. પોતે.

મારા રૂબરૂ

(સહી) છોટાલાલ દુલભજી

જુ. દિ. મુ.

હસનઅલી વાલજી રે. ગઢડાની જુબાની.

સંસ્થાન જુનાગઢની દીવાની અદાલતમાં.

ઓ. મુ. નં $\frac{૧૦૯}{૭૦}$ આંક ૧૨૭ B

હું ખુદાને હાજર જાણી કહું છું કે, જે કહીશ તે સાચું કહીશ. સાચા સિવાય બીજું કહીશ નહિ. જુઠું બોલું તો, ખુદા પુછે.

મારૂં નામ હસનઅલી, મારા બાપનું નામ વાલજી, મારો ધર્મ મુસલમાન, મારી જાત ખોજા, મારી સાખ લાખાણી, મારો ધંધો વેપાર, મારી ઉમર વર્ષ ૩૮, મારે રહેવાનું ગામ ગઢડા.

પ્રતિવાદીના વકીલની તપાસમાં.

જુ. દી. સુ. ૨. લ. છું કેઃ—

હું આગાખાની છું. ને ઇસમાઇલી ધર્મ પાળું છું. મારી જમાતમાં હું કામડીઓ છું. છગન ઝીણાને હું ઓળખું છું. તેનો દીકરો નજરઅલી તળાજે પરણ્યો હતો. માંડવો તેનો લવજી માસ્તર જે કોર્ટમાં હાલ છે તેને ત્યાં નાંખ્યો હતો. લવજીના બાપનું નામ ઝીણા છે. છગન ને લવજી ઝીણા બંને અસનાસરી છે. છગન ખાનામાં આવતો નથી. કે નાતને કર આપતો નથી. મુંબઇની જમાતનો કાગળ લાવ્યો નથી. લવજી સં. ૧૯૬૩–૬૪ માં અસનાસનારી થયા છે. ગઢડામાં સં. ૧૯૬૩–૬૪ માં અસનાસરી થયા છે. ગઢડામાં સં. ૧૯૬૩–૬૪ માં જુદા પડયા ત્યાં સુધી બધું એકડું હતું. લવજી બીજી વખત વાવેરામાં સં. ૧૯૬૪ માં આશરે ઘરઘ્યો તે વખતે તે ઇસમાઇલી હતો. ઘરઘરણામાં દાદ લેવાતો નથી. સાસરે બે વાર જમાતનો કાગળ લઈ ગયા હતા. વેલસી પુંજાને ઓળખું છું. તે મુંબઇ ૨૦ વરસથી રહે છે. તેની દીકરી લવજી માસ્તરને ઘરઘાવી છે. બાઇના મામાએ વરતેજમાં ઘર ઘાવી છે. તેના મામાનું નામ અલીભાઇ રણછોડ તથા ઝવેર રણછોડ છે. તેઓ અસનાસરી છે. કરમાલી ખોજો મારો ભાયાત થાય છે. પાંચ સાત વરસથી ખાટલા વસ છે તેની ફઇને કુકડ પરણાવી હતી. તેનો મોટો દીકરો ૩૦ વરસનો છે. કુકડના ખોજા સં. ૧૯૫૬ માં અસનાસરી થયા છે. તે પહેલાં કોઈ નહોતું. મુંબઇના અહેરઅલી હરજી મારા કાકા થાય. ચોકમાં ધનજી શામજીને ત્યાં ઘર ઘાવ્યાં છે. સં ૧૯૫૬ પહેલાં ઘરઘ્યાં છે. તે વખતે ઇસમાઇલી હતાં. ધનજી શામજી હાલ ગઢડામાં રહે છે. તે સ્વામીનારાયણનો ધર્મ પાળે છે. તેઓ સં. ૧૯૬૩–૬૪ થી અમારાથી જુદા પડયા છે. સ્વામીનારાયણનો ધર્મ ગઢડાના ખોજા પાળતા, પણ ઇસમાઇલી હતા તે પાળતા. સં. ૧૯૬૩–૬૪ થી નોખી જમાત સ્વામીનારાયણવાળાએ કરી છે તે વખતથી અમારી નાત બહાર છે. ગઢડાવાળા જગજીવન વેલજી મરી ગયા છે. સં. ૧૯૫૬ પહેલાં મરી ગયા છે. તે આગાખાની હતા. બેરાઇવાળા નાનજી રવજીને ઓળખું છું. તે સં. ૧૯૬૩–૬૪ થી પાળે છે. તેની બેન ગઢડામાં છે તેથી જાણ્યું કે સ્વામીનારાયણ છે. તેને ત્યાં આવે જાય ને ખાનામાં ન આવે તેથી જાણ્યું. મારી બેનને ધાંધળીવાળા મીઠાને પરણાવી છે. સં. ૧૯૫૧ માં. તે વખતે આગાખાની તે હતો. તે અસનાસરી સં. ૧૯૬૦ માં થયો છે. બાઇને ત્યાં હું જતો આવતો નથી ને તે આવતી નથી. નારાયણ જેઠા મારો ભાયાત દાદો થાય. તેની દીકરી નજરઅલી ઝવેરને પરણાવી છે. કઇ સાલમાં, તેના જવાબમાં સાહેદ ૨ મીનીટ વિચાર કરી કહે છે કે સં. ૧૯૫૯ ની આસપાસમાં તેઓ આગાખાની હતા.

વાદીના વકીલની ઉલટ તપાસમાં.

છગન ઝીણા ને નજરઅલી જુદા છે. કોર્ટની તપાસમાં–તડાં થયા પછી લગન તુટયાં છે? તેના જવાબમાં કહું છું કે લગન કાંઇ તુટયાં નથી. વેસવાળ તુટયું છે. છગન ઝીણા ને નઝરઅલી મુંબઇ સં. ૧૯૫૬ પહેલાંથી રહે છે. ગઢડે આવે જાય છે. મુંબઇમાં તેઓ આગાખાની ધર્મ પાળે છે તે વાત હું ખોટી કહું છું. છગનનો બાપ કઇ સાલમાં ગુજરી ગયો

તે યાદ નથી. ગઢડામાં તે મરી ગયો છે તે વખતે ત્યાં હતો કે નહિ તે યાદ નથી. તેની મરણ ક્રિયા અમારી જમાતમાં થઇ નથી. સં. ૧૯૬૮ માં મરી ગયો તે વાત ખરી છે કે કેમ તેના જવાબમાં કહું છું કે સાલ યાદ નથી. સં. ૧૯૫૯ થી ૬૪ સુધી, આગાખાની જમાતમાં કર માસ્તર લવજીએ આપ્યો છે તે ચોપડા પરથી બતાવી શકશો તેના જવાબમાં કહું છું કે, ચોપડા કામડીઆ લઇ ગયા છે. મુંબઇ આગાખાનના કામડીઆ લઇ ગયા છે. તેને કર ભરતો જોયો છે. ને હું કામડીઓ છુ તે જાણું. નારાયણ તેજાની દીકરીના લગ્ન વખતે હું હાજર હતો. નારાયણ તેજા અમારી જમાતમાં હતો ને સ્વામીને મંદીરે જતો. તેના દીકરા સં. ૧૯૬૩-૬૪ પછી ખાનામાં આવતા નથી. વેલશી પુંજાના દીકરાના લગ્ન વખતે હું હાજર ન હતો. હું ગઢડે હતો. વેલશી પુંજા તે લગ્નમાં નહોતો એમ હું કહી શકું નહિ. વેલશી પુંજા આગાખાની છે ગયા માગસર માસમાં વેલસી પુંજા લવજીને ઘરે આવી મહીનો રહી ગયા હતા કે કેમ તેની મને ખબર નથી. જગજીવન દેવજી પણ આગાખાનીમાં હતો ને સ્વામી મંદીરે જતો. નાનજી રવજીના લગ્નમાં હું હાજર નહોતો.

ફરી નથી. તા. ૧૫-૫-૧૬

ખોજા હસનઅલી વાલજીની સહી

દ. પોતે.

મારા રૂબરૂ

(સહી) છોટાલાલ દુલભજી

જુ. દી. મુ.

ચતુર મનજી રે. પછેગામની જુબાની.

સ્વસ્થાન જુનાગઢની દીવાની અદાલતમાં.

મો. મુ. નંબર $\frac{૧૦૯}{૭૦}$ આંક ૧૨૫ b

હું ખુદાને હાજર જાણી કહું છઉં કે, જે કહીશ તે સાચુ કહીશ. સાચા સીવાય બીજું કહીશ નહિ. જુઠુ બોલુ તો ખુદા પુછે.

મારૂં નામ ચતુર, મારા બાપનું નામ મનજી. મારો ધર્મ મુસલમાન, મારી જાત ખોજા, મારી શાખ ખોજા, મારો ધંધો વેપાર, મારી ઉમર વર્ષ ૪૦. મારે રહેવાનું ગામ પછેગામ.

પ્રતિવાદીના વકીલની તપાસમાં.

જુ. દી. મુ. રૂ. લ. છું કે—

પછેગામમાં હું મારી નાતનો કામડીઓ છું. મારી બેનને ચમારડી કાસમ નુરમાહદ સાથે સં. ૧૯૪૨ માં પરણાવી હતી. તે વખતે કાસમ નુરમાહમદ ઇસમાઇલી ધર્મ પાળતો હતો. તે હાલ અસનાસરી છે. તે અસનાસરી ધર્મ સં. ૧૯૪૮ કે ૫૦ થી પાળે છે. તે અસનાસરી થયા પછી મારી બેન અમારે ત્યાં આવતી જતી નથી કે અમે ત્યાં જતા નથી.

વાદીના વકીલની ઉલટ તપાસ નથી.

તા. ૧૫-૬-૧૬

ખોજા ચતુર મનજીની સહી.

દા. પોતે.

મારા રૂબરૂ

(સહી) છોટાલાલ દુલભજી

જુ. દી. મુ.

હસન ધરમશી રે. ચીતળની જુબાની

સ્વસ્થાન જુનાગઢની દિવાની અદાલતમાં.

ઓ. સુ. નંબર $\frac{૧૦૯}{૭૦}$ આંક ૧૨૪ B.

હું ખુદાને હાજર જાણી કહું છું કે, જે કહીશ તે સાચું કહીશ. સાચા સીવાય બીજું કહીશ નહિ. જુઠું બોલુ તો ખુદા પુછે.

મારૂં નામ હસન, મારા બાપનું નામ ધરમશી, મારો ધર્મ મુસલમાન, મારી જાત ખોજા, મારી શાખ ખોજા, મારો ધધો વેપાર, મારી ઉમર વર્ષ ૫૫, મારે રહેવાનું ગામ ચીતલ.

પ્રતિવાદીના વકીલની તપાસમાં.

જુ. દી. સુ. રૂ. લ. છું કેઃ—

અમરેલી કાઉન્સીલમાં ઇસમાઇલી જમાતનો મેમ્બર છું. ભડલીના હરખજી જેઠાને કાઉન્સીલે પોતાની દીકરી અસનાસરીને પરણાવી તે બાબલ નાતબહાર કર્યો હતો. કાઉન્સીલે ઠરાવ કર્યો હતો તે ફાઇલ લાવ્યો છુ. આંક $\frac{૧૨૯}{૧}$ ઠરાવની નકલ દાખલ. પછી હરખજી જેઠાએ અમરેલી કાઉન્સીલમાં આવી ઘણી આજીજી કરી નાતમાં લેવાનુ કર્યું. તેના રૂ. ૫૧। ગુનેગારીના લઇ કબુલત લખાવી લીધી ને નાતમાં લીધો. આંક $\frac{૧૨૯}{૨}$ નકલ દાખલ.

વાદીના વકીલની ઉલટ તપાસમાં

કાગળો વારસ પાસે રહે છે. તેણે આપ્યા તે હું લઈ આવ્યો છું. હરખજીને ઘેરે વરતે જવાબા રૂપજીની જાન હતી. પોતાની દીકરી અસનાસરીને નાતના કાયદા વિરૂદ્ધ પરણાવી તે ગુન્હો હરખજીનો હતો.

ફરી તપાસ નથી. તા. ૧૫-૫-૧૬

હસનઅલી ધરમશીની સહી

દ. પોતે.

મારા રૂબરૂ

(સહી) છોટાલાલ દુલભજી

જુ. દી. સુ

સાક્ષી હસન ધરમશીએ રજુ કરેલી અમરેલી ઇ. કા. દફતરના કાગળોની નકલો.

(નકલ પહેલી)

અમરેલી સ. ઇ. કો. તા. ૧૬-૫-૧૪

$\frac{૧૨૯}{૧}$

આજરોજ કાઉન્સીલ હોલમાં કાઉન્સીલ ભરીને ભડલી જમાતનો કાગળ આવેલ તે વાંચવામાં આવ્યો છે, તેમાં લખે છે કે, અહીંના ખોજા હરખજી જેઠાએ પોતાની દીકરીને વરતેજના ઇસનાસરી ખોજા રૂપજી કાસમના દીકરા હસન વેરે પરણાવી દીધી છે. સદરહુ આસામી ઇસનાસરી હોવાથી લગ્ન કરવાની અટકાયત અત્રેની કાઉન્સીલથી કરવામાં આવી હતી. તેમ છતાં કાઉન્સીલના હુકમનું અપમાન કરી, હરખજી જેઠાએ પોતાની દીકરીને ઇસનાસરી સાથે પરણાવી તેથી તેના ઉપર પ્રકર્ણ ૧ ના વીષય મુજબની કલમ ૫૭ તથા ૧ વીષય ૪ ચોથાની કલમ ૭૨ પ્રમાણે ગુનાહ સાબીત માનવામાં આવે છે તથા ખોજા હરખજીને નાતબહાર કરવામાં આવે છે.

ભડલી જમાત લખે છે કે, અમોએ ઇસ નાસરીને ઇસ્માઇલી ધર્મમાં લાવેલ છે તો કાયદાની કલમ ૧૫ પ્રમાણે તે જમાતને કરવાની સતા નથી તેથી તેનો કરેલો ઠરાવ રદ કરવામાં આવે છે અને તે જમાતને કસુરમાન ગણવામાં આવે છે. ઉપર લખ્યો ઠરાવ ના. ૧-૨-૩-૪-૫ ના પંચે સરવે પસાર કરવામાં આવે છે. તા. સદર.

(સહી) મામદ જીવાની સહી દ. પોતાના
,, મંગળજી જીવાની સહી
,, જવા અસ્માલની સહી દ. પોતે
,, ભાઇ કાસમ કાળાની સહી દ. પોતે

(નકલ બીજી)

અમરેલી કો. તા. ૮-૬-૧૪ $\frac{૧૨૯}{૨}$

અમરેલી કાઉન્સીલને જોગ લખી આપનાર ખોજા હરખજી જેઠા રહેવાશી ભડલી. જત અમારી દીકરી નામે જેનાં ને ગ્નાતિ ધોરણ વિરૂદ્ધ ઇસનાસરી લોકોમાં પરણાવી દીધી તે બાબત આપના તરફથી અમોને ગુનેહગાર ગણી સજા કરવામાં આવેલ. તે બાબતમાં આજરોજ અમો હાજર થઇ કાઉન્સીલની પાસે માફી માગતાં અમારી અરજ આપ સાહેબ ધ્યાનમાં લેતાં અમારી કરેલ કસુર બદલ ગુનેહગારીના રૂ. ૫૧ા અંકે સવાએકાવન જે તમો કાઉન્સીલે મુકયા તે અમો કબુલ કરીએ છીએ. અને કાઉન્સીલ પાસે માફી માગીએ છીએ. હવે પછી આપણા ઇસમાઇલી ગ્નાતી ધોરણ વિરૂધ્ધ ગુનોહ કરવો નથી. તા. સદર.

(સહી) ખોજા હરખજી જેઠાની સહી
દ. પોતાના

મામદ જીવા
કાઠીયાવાડ પ્રાંત વારસ.
મંગળજી જીવા
અમરેલી મુખી.

પ્રતિવાદીયણના ધારાના હિમાયતી મી૦ ગુલામ મહંમદ મુનશી બેરીસ્ટર એટ-લોના દલીલ વખતના ભાષણનો ટુંક સાર.

ખોજા કાસમ કાનજી તથા ખોજણ નુરબાઇ મેઘજીવાળા મુ. નં. $\frac{૧૦૯}{૭૦}$ ના કામમાં જુનાગઢ દીવાની અદાલતમાં પ્રતિવાદીયણ નુરબાઇ મેઘજી તરફથી દલીલ વખતે મી૦ ગુલામ મહંમદ મુનશી બેરીસ્ટર એટ-લો તથા વકીલ પુરશોતમ માવજી હાજર હતા. જેમાં મી૦ મુનશીએ અંગ્રેજીમાં જે દલીલ કરી તે દલીલનો ટુંક સાર વાદીના વકીલ મી૦ છગનલાલ નાગજી ચીનાઇની નોંધ ઉપરથી નીચે પ્રમાણે ઉતારી લેવામાં આવ્યો છે.

મી૦ મુનશીનું ભાષણ.

મી૦ મુનશીએ ભાષણ કરતાં જણાવ્યું કે નામદાર સાહેબ, આ કેસમાં વાદીએ પ્રતિવાદીયણને કબજે કરવાનો અને લગ્નના હકો પુરા કરવાનો દાવો કર્યો છે. અને નીચેના મુદાઓ આ કેસમાં ખાસ અગત્યના છે.

૧ ખોજા લોકો કોણ છે ?
૨ ખોજા એટલે શું ?
૩ લગ્નની બાબતમાં પુરેપુરો મુસલમાની શરેહ તેને લાગુ કરવામાં આવે છે કે, તેઓનો રીવાજ જે મુસલમાની કાયદાથી તદન જુદોજ છે તે લાગુ કરવો જોઇએ ?
૪ ખોજા ધર્મમાંથી ધર્મ ભ્રષ્ટ થાય તો તેની શું અસર થાય ?
૫ વાદી અને પ્રતિવાદી વચ્ચે લગ્નનો ક

શાર કાયમ છે ? કે પોરબંદરની કાઉન્સીલથી તે રદ થયેલો છે ?

૬ અને આ દાવામાં કેવી જાતનો હુકમ થવો જોઇએ ?

વાણીઆ બ્રાહ્મણ વીગેરે નામો કોઇ પણ ધાર્મિક તત્વ વિચાર સુચવતા નથી; પણ જૈન વૈષ્ણવ વીગેરે નામો ઉપરથી ધાર્મીક વિચારનું સુચન થાય છે. આ પ્રમાણે ખોજો શબ્દથી થાય છે કે કેમ ? ખોજા લોકો બીજા ધર્મમાં ચાલ્યા ગયા, તેથી તેની બાબતમાં ઘણી વાતો કરવામાં આવે છે; પણ ખોજા એ એક ધાર્મિક સંસ્થા છે અને ખોજા નામથી એક ધાર્મીક કોમનું સુચન થાય છે. ખોજાની વ્યાખ્યા ૧૨ મુંબઇ હાઇકોર્ટ રીપોર્ટ પાન ૩૬૩ સી. માં નીચે પ્રમાણે આપી છે.

ખોજા લોકો કોઇ દિવસ સુન્ની હતાજ નહિ પણ શરૂઆતથીજ તેઓ ઇમામી ઇસમાઇલી મતના છે. (તે પારો વાંચી બતાવ્યો)

વળી તેજ પાનામાં છેવટે બતાવેલુ છે કે,—

કોર્ટ હવે ખોજા કોમનું બંધ બેસ્તું વર્ણન આપવા જેવી સ્થિતિમાં આવી છે. ખોજા કોમ એવી કોમ છે કે, જેના બાપદાદાઓ અગાઉ હીન્દુ હતા. જેઓએ શરૂથીજ ઇમામી ઇસમાઇલી ધર્મ ગ્રહણ કર્યો છે અને હમેશાં તેજ ધર્મ પાળ્યો છે અને જે હમેશાં તેઓના વંશપરંપરાના ઇસમાઇલી ઇમામોની સાથે ધાર્મિક બંધનથી જોડાએલા છે.

તે પછી તેમણે ૩૬૩ ડી. નો પહેલો પારો વાચી બતાવ્યો કેઃ—

ખોજા કોમના મેમ્બર તરીકે તમામ હકો ભોગવવા માટે ઉપરના વર્ણનના તમામ તત્વોની જરૂર છે. જે માણસ શીઆ ઇમામી ઇસમાઇલીમાનો ન હોય, તેને ખોજા કોમની અંદર કાંઇ મત આપવાનો અગર કોમની મીલકતમાં કાંઇ ભાગ લેવાનો હક નથી.

ખોજા નામ ઉપરથી એક ધાર્મીક વિચાર ઉદ્ભવે છે.

આ પછી (૧૨ મું. હા. રી. માં પાન ૩૨૪ નો છેલ્લો પારો વાંચી બતાવ્યો હતો. પારા ૩૨૪, ૩૨૭, ૩૨૯, ૩૩૦, ૩૩૫ માંથી ફકરાઓ વાંચી બતાવ્યા હતા, કે જેનો ભાવાર્થ ઉપર કહેવા પ્રમાણે હતો.

શીઆ ધર્મની મી॰ મુનશીએ એક ખાસ ખાસીયત બતાવી, અને તે સુન્નીઓમાં નથી એમ કહી, તેના આધારમાં ૧૨ મુ. મુ. હા. રી. પાન ૩૩૯ માંથી વાંચી બતાવ્યું તેનો ભાવાર્થ.

બે પોઇન્ટ તો નિર્ણયકારક રીતે નક્કી થયેલા ગણવા જોઇએ.

૧ કે તેઓ વખતો વખત તકીયાની યુક્તિનો ઉપયોગ કરતા હતા અને લાભ લેતા હતા. એટલે કે પોતાના ધાર્મીક વિચારોને છુપાવવા અને બહારથી પોતાના સિવાયના ધર્મની વિધિઓનું અંગીકરણ કરવું.

૨ તેઓના દાઇ અથવા મીશનરીને સાધારણ રીતે એવી સુચના આપવામાં આવી હતી કે, બીજાઓને પોતાના ધર્મમાં બદલવાના કામમાં, જેઓને પોતાના ધર્મના તત્વનું મુખ્ય ભાગે અંગીકરણ કરી, આગળ ચલાવવું. તકીયા શબ્દનો અર્થ તેજ બુકના ૩૩૭ ના પાને આપવામાં આવેલો છે જે મી૦ મુનશીએ વાંચી સંભળાવ્યો હતો જેનો અર્થ એવો છે કે, જુલમના ભયથી અગર બીજા કોઇની લાગણી નહિ દુખાવવાના ઇરાદાથી, પોતાના ધાર્મીક મતોને સંતાડવા અને બીજા ધર્મના બહારના દેખાવોનો અંગીકાર કરવો.

આજ મુલકમાં બીજા ધર્મના માણસને પોતાના ધર્મમાં વટલાવવો હોય તો કેવી યુક્તિ ...તી સલાહ આપવામાં આવતી હતી તે, પણ બતાવેલુ છે તેનો ટુંકો ભાવાર્થ એ છે કે જેને વટલાવવો હોય તેની માન્યતા (તેજ ધર્મની) સાચી ને બરાભર છે એમ તેને કહે અને તેની સાથે ભળી જવું. પછી ધીમે ધીમે તેમાં શંકાઓ ઉઠાવવી અને જ્યારે શંકાનો ખુલાસો ન થઇ શકે, ત્યારે આપણા ધર્મથી તેના ખુલાસા કરી બતાવવા અને આ ... કરી ધીમે ધીમે ફોસલાવવો. આ બાબતના બધા પારા મી૦ મુનશીએ વાંચી બતાવ્યા હતા; તો પણ તે ભાવાર્થનો હેતુ શું છે તે અમો અહીં ટુંકાણમાં બતાવી ગયા છીએ.

મી૦ મુનશીએ આગળ ચલાવેલું કે, તકીઆના સાધનથી તેઓને શુદ્ધ ઇસલામ ધર્મ તરફ દોરી જવાનો હેતુ હતો અને શીયા ધર્મના રસ્તે તેઓ હતા. જો કે તકીઆનું સાધન લેવામાં આવ્યું હતું; પણ હેતુ ઉતમ હતો. છેવટનો હેતુ ઇસલામ ધર્મમાં લાવવાનો હતો, પણ આ ખોજા લોકો હજી હીન્દુ અને મુસલમાન ધર્મની વચમાં છે તેઓએ હીન્દુ ધર્મ છોડી દીધો છે પણ હજુ પુરા મુસલમાન થયા નથી. હજુ મુસલમાન ધર્મનુ બીજ પ્રાપ્ત થઇ ગયું છે પણ તેઓ હજુ પુરા મુસલમાન થયા નથી.

ખોજાઓ શીયા ઇમામી ઇસ્માઇલી ધર્મ શરૂઆતથી પાળતા આવ્યા છે અને પાળે છે. વાદીના જે શાહેદો પાછળથી આવ્યા છે તેઓ કહે છે કે, અમો શરૂઆતથીજ ઇસનાસરી હતા અને હજુ પણ ઇસનાસરી છીએ; પણ આ વાત તેમની ખોટી છે. વળી ખુદ કાસમે પોતાની જુબાનીમાં કહ્યુ છે કે, શીયા ઇમામી ઇસમાઇલી ધર્મ પાળતો હતો અને મારા બાપ અને દાદા પણ એજ ધર્મ પાળતા હતા. હવે હું અસનાસરી થયો છું. આવી હકીકત તે જ્યારે વાદી પોતે ઇસમાઇલી ધર્મને છોડી અસનાસરી મજહબ પકડ્યાનું કબુલ કરે છે અને પોતાના હાથની લગામ છોડી દે છે. ત્યાર પછી કાબા એન્ડ કો (કાબા અને કંપની) ના સાક્ષીઓ આવીને એમ કહે કે, અમે તો મુળથી ઇસનાસરી હતા અને શીયા ઇમામી ઇસમાઇલી હતા નહિ અને અમે ધર્મ બદલાવ્યો નથી તો તે માની શકાય નહિ.

તે પછી અસનાસરી ઇસમાઇલી વચ્ચેના ભેદ બતાવતાં મી૦ મુનશીએ ૧૨ મુ. હા. રી. પાન ૩૫૧ વાંચી બતાવી, ૩૫૫, ૩૫૬, ૩૫૮ માંથી ફકરા વાંચી બતાવી કહ્યુ કે, ખોજાઓને મસજીદ છેજ નહિ અને ફકત એકજ મસજીદ મુંબઇના કબ્રસ્તાનમાં છે એમ જે બતાવેલું છે, તે પણ જુદા કાર્યને માટે હતી (તેમણે બતાવ્યું કે) અસનાસરી અને ઇસમાઇલી ખોજાઓ વચ્ચે મુદ્દાના તફાવતો આ છે. અસનાસરી ફક્ત ૧૨ ઇમામને માને છે. ઇસમાઇલી ૪૮ ઇમામને અને હાજર ઇમામને માને છે. રોજા, ઇદ, નીમાજ, હજ વીગેરે જે ખરા મુસલમાનોને ફરજ તરીકે બતાવવામાં આવેલ છે તે, બાબતની ઇસગાઇલી ખોજાઓને ફરજ નથી. વળી ઇસગાઇલી ખોજાઓનું મુખ્ય ધર્મ પુસ્તક દસ અવતાર અને પીર સદરદીનના જ્ઞાનોનું છે. અને અસનાસરી તેમજ બીજા કોઇ પણ મુસલમાન અવતારને માનશેજ નહિ; એટલુંજ નહિ પણ મુસલમાનો તથા અસનાસરીઓ પોતાનું મુખ્ય ધર્મ પુસ્તક કુરાનને માને છે જ્યારે ઇસમાઇલી તેને માનતા નથી. આગાખાની ખોજાઓ ખુદાના અવતારને માને છે. હીન્દુઓના નવ અવતારને માને છે. અને ઉપર બતાવ્યા પ્રમાણે રોજા, હજ વીગેરેને ફરજ તરીકે માનતા નથી

તો તેઓ મુસલમાની મજહબના માંડલાની બહાર છે હું એમ કહું છું કે, અમારા મુસલમાની ધર્મ પ્રમાણે તેઓ કાફર છે અને દરેક ખરો મુસલમાન આગાખાની ખોજાઓને કાફર તરીકે ગણશે.

I say Khoja Religion is that of Kafer it is not Mohamedan Religion.

અને વળી તેઓનો કલમો શું છે. લા ઇલા ઇલલા મહોમદ રસુલીલ્લા અલી સહી અલ્લા. હવે નામદાર કોર્ટ જાણશે કે, જો કોઇપણ મુસલમાન અલી સહી અલ્લા કહે તો, તે મુસલમાન કહેવાયજ નહિ. મુસલમાની માન્યતા પ્રમાણે તે કાફર છે. દીલ્લીના એક શાહ પાસે એક મુસલમાનને બોલાવ્યો હતો, જેણે લાઇલાહ ઇલલાહ એટલોજ કલમો બોલી બતાવ્યો અને આગળ પાછળ કાંઇ નથી એમ કહ્યું. એટલા ઉપરથી તેનું માથું કાપી નાખવામાં આવ્યું હતું. આ ઉપરથી આપણને જણાશે કે, જે માણસ અલીને ખરો ખુદા કહે, તે મુસલમાન કહેવાય નહિ. હાજી બાબીના કેસમાં ખોજા લોકો કોણ છે તેઓ શીઆ ઇમામી ઇસમાઇલી ધર્મના અને શરૂથીજ તે ધર્મના છે તે નક્કી થઇ ગયું છે. ૧૨ મું. હા. કોર્ટવાળા આગાખાન કેસથી ખોજા લોકો એક જુદી કોમ છે એમ નક્કી થયું હતું પણ આ હાજી બીબીના કેસમાં ખોજાઓનું હીન્દુપણું વધારે ખુલ્લી રીતે નીકળી આવ્યું છે. એટલે ખોજાઓની એક જુદીજ કોમ છે. તેઓને હીન્દુ લો કે મુસલમાની લો કોઇ બેમાંથી એકે લાગુ નથી કારણ કે તેઓ હીન્દુ મટી ગયા છે અને હજુ મુસલમાન થયા નથી. હજુ તો રસ્તામાં છે. હજુ તો વચલે રસ્તે છે.

તેઓ મુસલમાન બીજ રૂપે અગર એમ્બ્રીયોમાં છે. અને બીજમાં ને ઝાડમાં ફેર છે. કયો ધર્મ સાચો છે એ આપણે જોવાનું નથી. ટુંકાણમાં કહીએ તો, ખોજાનો ધર્મ તે મીશ્રર છે. [Khoja religion is Repugnant] ખોજા રીલીજયન્સ ઇઝરીપગનન્ટ.

ખોજાઓને લગ્નની બાબતમાં મુસલમાની કાયદો લાગુ છે કે, મુસલમાની કાયદાથી તદન જુદી જાતના રીત રીવાજો તેને લાગુ છે? તે બાબતમાં મી. મુનશીએ દલીલ કરતાં જણાવ્યું કે, અમારા ખોજાઓમાં લગનમાં મુસલમાની કાયદો લાગુ નથી; પણ અમારા રીત રીવાજો પ્રમાણે અમલ થઇ શકે છે. દાખલા તરીકે, મુસલમાનોમાં તલાક મરજી પ્રમાણે ગમે તે વખતે ધણી આપી શકે છે. જ્યારે ખોજાઓમાં બાયડી સાથેના છુડા છેડા કરતાં પહેલાં જમાતની પરવાનગી લેવી પડે છે અને જમાતના મારફતજ છુટાછેડા થાય છે. બીજા મુસલમાનોમાં ચાર સ્ત્રીઓ પરણવાનો હક છે ત્યારે ખોજાઓમાં એક ઉપર બીજી કરવી હોય તો પણ જમાતની પરવાનગી લેવી પડે છે.

ખોજાઓના લગન પણ ખોજા રીત પ્રમાણે કરવામાં આવે છે એટલે લગનની બાબતમાં પણ ખોજાને ખોજાઓના રીત રીવાજો લાગુ થાય છે, જે બીજા મુસલમાનોમાં જુદી જાતનો છે. ખોજાઓના રીવાજ પ્રમાણે, સ્ત્રી, પુરૂષમાંથી ગમે તે ધર્મ બદલે તો, તેના લગન રદ થાય છે અને ધર્મ બદલનારને નાતબહાર કરવામાં આવે છે એટલે ધણી ધણીયાણીમાં બેમાંથી એક ધર્મ બદલે અને તે એક નાત બહાર થાય તો, બીજો જે ધર્મમાં હોય તેનાથી તે સાથે રહેવાનું બની શકે શકે નહીં કારણ કે જો તે સાથે રહે તો તેને પણ નાત બાર કરવામાં આવે.

જ્યાં બંનેની ગરજ (ધણી ધણીયાણી) હોય ત્યાં અમારે કંઇ કહેવાનું નથી; પણ એકલો ધણી ધર્મ બદલાવે તો, સ્ત્રીને તેની સાથે જવાની ફરજ પાડી શકાય નહિ.

ધર્મ બદલવાથી લગ્નના ઠરાવ તુટી જાય છે એવા કેસો અમારા શાક્ષીઓથી અમે સાબીત કરેલા છે. તે શાક્ષીઓ આં. ૭૪ જેસા સાજુ. આં. ૨૬ પીરભાઇ તેજા, આં. ૫૦ શરીફ વેલજી, આં. ૭૬ કાસમ શરજી, આં. ૭૮ જીવરાજ પ્રેમજી, તલકશી લવજી, કાલા લાલજી વગેરે છે.

સામાવાળાના શાક્ષીઓએ જે દાખલા બતાવ્યા છે, તે જાત માહિતીના નથી જ્યારે અમારા શાક્ષીઓના દાખલાઓ ચોપડાઓ, કેસો અને જાત માહીતીવાળા હોઇને વધારે મજબુત છે અને આધાર રાખી શકાય તેવા છે, સામાવાળાઓએ જે જે દાખલા આપેલા છે, તે દાખલાઓને રીબટીંગ પુરાવાથી અમે કેવી રીતે તોડયા છે તે બતાવનારૂં પત્રક અમે સાથે રજુ રાખ્યું છે, તેથી આપને જણાશે કે, અમે કહ્યું તે સાચું છે અને સામાવાળાનું કહેવું ખોટું છે એટલે આ બાબતમાં એમ સાબીત થાય છે કે, ખોજાઓને મુસલમાની કાયદો લાગુ નથી. પણ તે, જુદીજ કોમ હોઇને, તેના રીવાજો ઉપર તેઓનો આધાર છે, અને તેઓની રીત રીવાજના બનેલા ધોરણો મુસલમાની કાયદાથી જુદા છે.

હવે ચોથો સવાલ એ છે કે, ખોજા ધર્મ બદલે તો તેની શું અસર થાય છે ! (કોઇ ખોજો ધર્મ બદલે તો) એપોસ્ટેસી એટલે ધર્મ બદલવાના અર્થ એ છે કે, પોતાનો ધર્મ તજી દેવો. સુન્ની શીયા થાય તો તે ધર્મ બદલ્યો ન કહેવાય; પણ ખોજાનો ધર્મ તો મુસલમાની ધર્મ નથી અને તે મુકીને કોઇ મુસલમાન થાય, અને મુસલમાની ધર્મ ચોખે ચોખો પાળે તો, તે માણસે પોતાનો ખોજા ધર્મ બદલ્યો કહેવાય.

શીયા અને સુન્ની તો મુસલમાની ધર્મનાજ ભાગ છે. ખોજા ધર્મ તો મુસલમાની ધર્મ કહેવાય નહિ. તેઓ અવતારને માને, એક કરતાં વધારે ખુદાને માને અને અલી એજ ખરો ખુદા છે એમ માને, એટલે તેઓ તો દરેક શુદ્ધ મુસલમાનની નજરે કાફર છે. તેથી ખોજાઓમાંથી કોઇ મુસલમાન થાય તો, તેણે પોતાનો ધર્મ બદલ્યો. તેમ કહેવાય.

ખોજા લોકો આયડોલેટરી (મુર્તિપુજા) માને છે તેથી પણ તેઓ મુસલમાની નજરે કાફર છે,

આ વખતે વાદીના વકીલ મી૦ ઝીનાહે એ કહ્યું કે, આઇડોલેટરીનો અર્થ મુર્તિ પુજા જેવો થાય છે અને ખોજા લોકો મુર્તિ પુજા કરે છે; તેવું કેસમાં નથી. માટે તેઓ આયડોલેટ છે એમ કહી શકાય નહિ. મી૦ મુનશીએ પોતાની દલીલ આગળ ચલાવતાં કહ્યુ કે, એક કરતાં વધારે ખુદાને માનવો તેનુ નામ આયડોલેટ છે અને ખોજા લોકો એક કરતાં વધારે ખુદાને માને છે તે આયડોલેટ છે અને મુસલમાનની નજરે કાફર છે.

આ પ્રમાણે જ્યારે ખોજો અસનાસરી થાય ત્યારે તેમનાથી (અમારાથી) જુદો ધર્મ મુસલમાનનો, એટલે કુરાનનો, એક ખુદાનો અને તેઓની અવતાર વગેરેની માન્યતાથી વિરૂદ્ધતાવાળો માને, એટલે ધર્મ બદલ્યો કહેવાય અને તેથી તેના લગ્ન રદ થાય છે.

તેવો માણસ નાતબાર થાય છે અને ખોજા કોમના માંડલા બહાર થાય છે. હુકામાં ખોજો અસનાસરી થયો; એટલે તે ખોજોજ ન કહેવાય

કારણુ કે ઉપર જે ખોજાની વ્યાખ્યા ૧૨ મું હા. કો. રી. થી બતાવી છે જેમાં શ્યા ઇ મામી ઇસમાઇલી ધર્મ પાળતો હોય તેજ ખોજો ગણાય.

પાંચમું પોઇન્ટ એ છે કે, વાદી અને પ્રતિવાદીના લગ્ન કાયમ છે કે, પોરબંદરની કાઉન્સીલના ઠરાવ પ્રમાણે રદ થયેલા છે ? મેં ઉપર બતાવ્યું, તે પ્રમાણે અમારો રીવાજ સ્થાપિય થયેલો છે અને ધર્મ બદલે તો લગ્ન રદ થાય છે. તે પ્રમાણે રીવાજ અને ધોરણને અનુસરીને પોરબંદરની કાઉન્સીલે લગ્ન રદ કરેલાં છે અને તેથી વાદીને સ્ત્રી તરીકે નુરબાઇ સામે દાવો કરવાનો હક છેજ નહિ.

હવે આ દાવામાં શું હુકમ થવો જોઇએ આ બાબતમાં મારી બે જાતની માગણી છે પેહલીતો એજ કે, વાદીએ તેનો ધર્મ બદલ્યો છે, તે ખોજો રહયો નથી. તેઃખોજાના માંડલા બહાર ગયો છે. તેના લગ્ન રદ થયાં છે નુરબાઇ સાથેનો ધણી ધણીયાણીનો સબંધ તેનો રહયોજ નથી; એટલે આ દાવો કરવાનો વાદીને હક નહિ હોઇને, અને વળી નુરબાઇ અત્યારે નાતના રીવાજ અને ધોરણ પ્રમાણે તેની સાથેના લગનથી છુટી ગએલી હોઇને, વાદીનો દાવો ખર્ચ સાથે રદ થવાને પાત્ર છે અને તેમ થવું જોઇએ.

અને જો ઉપર પ્રમાણે ન થઇ શકે તો, રીકલ્પ રીતે બીજી દાદ એ માગું છું કે, વાદીને પ્રતિવાદીયણ નુરબાઇને લગ્નના હક પુરા કરાવવા માટે કબજે કરવાનો હક નથી. જો વાદીના લગ્ન તુટવાં નથી; એમ માનવામાં આવે તો પણ પ્રતિવાદીયણ નુરબાઇ, જે તડામાં છે અને લગ્ન વખતે વાદી પણ તેજ તડામાં હતો, તે તડામાં જ્યાં સુધી વાદી દાખલ થાય નહીં; ત્યાં સુધી નુરબાઇ તેની સાથે જવાને બંધાયેલી નથી. મી૦ મુનશીએ ૩૧ મુંબઇ ૩૬૬ નો કેસ બતાવી દલીલ કરી કે, મુસલમાનોમાં લગ્ન માત્ર એક કરાર છે અને તે કરારની શરતો તોડવામાં આવે; તો બીજો પક્ષ કરાર પાળવાને બંધાયેલ નથી. લગ્ન વખતે વાદી ને પ્રતિવાદી બંને આગાખાની તડાંમાં હતા અને આગાખાનીઓ તરીકે બંનેના લગ્ન થયાં હતાં અને જ્યારે વાદીને આગાખાનીમાંથી નાતબહાર કરવામાં આવ્યો છે. આગાખાની કોમના મેમ્બરપણાનો હક તેણે ખોયો છે અને તે કોમના બીજા મેમ્બરો સાથે જ્યારે તેનો વ્યવહાર બંધ છે ત્યારે પ્રતિવાદીયણ પણ તેની સાથે જઇને, તેની સ્થિતિમાં મુકવાને બંધાએલી નથી. જો તેને પ્રતિવાદીયણ નુરબાઇની દરકાર હોય તો; તેણીની કોમમાં પાછા ભેળાવાને તેણે તજવીજ કરવી જોઇએ નાતમાં આવવું જોઇએ. અસનાસરી ધર્મ છોડી દેવો જોઇએ અને તોજ નુરબાઇ તેની સાથે સબંધ રાખી શકે, કાસમ નાતમાં આવ્યા પહેલાં નુરબાઇને તેની સાથે જવાની ફરજ પાડવામાં આવે તો, નુરબાઇને પણ નાતબહાર કરવામાં આવશે, તે સાથેનો તેના સગાં સબંધીનો વહેવાર બંધ કરાવવામાં આવશે અને તેથી કરીને નુરબાઇના મનને કેટલું દુખ થાય અને કેટલું ખમવું પડે, તેનો ખ્યાલ કરવાનું હું આપ નામદારને સોપું છું. માટે જો વાદીને લગ્નના હકો પુરા કરાવવાનું હુકમનામું આપવામાં આવે તો પણ, તેમાં એવી સરત કરવી જોઇએ કે, જો અમુક મુદતની અંદર વાદી તેની મુળ નાતમાં આવી જાય તોજ, એ હુકમનામું બજી શકે, માટે મારી ઉપર બતાવેલી તમામ દલીલ અને કેસો ખ્યાલમાં લઇ, ન્યાયસર હુકમ કરવાને મહેરબાની કરશો.

વાદીના ધારાના હીમાયતી વકીલ મી. છગનલાલ નાગજી ચીનાઇ બી. એ. એલ. એલ. બી. ના દલીલ વખતના ભાષણનો ઇન્તેખાબ

ખોજા કાસમ કાનજી તથા ખોજણ નુરબાઇ મેઘજી વાળા સુ નં. $\frac{૧૦૯}{૭૭}$ ના કામમાં જુનાગઢની દીવાની અદાલતમાં પ્રતિવાદીયણ નુરબાઇ મેઘજી તરફથી, મી. ગુલામમહંમદ મુનશી બેરીસ્ટર એટલો એ જે ભાષણ કર્યું હતું; તેનો ટુંક સાર અમે આગળ છાપેલો છે અને મી. મુનશીની દલીલ પુરી થયા પછી વાદી કાસમ કાનજીના વકીલ મી છગનલાલ નાગજી ચીનાઇ બી. એ. એલ એલ. બી એ વાદી તરફથી જે ભાષણ કર્યું હતું; તેનો ઇન્તેખાબ નીચે પ્રમાણેનો હતો.

નામદાર સાહેબ ! આપની પાસે એક ઘણાજ ગંભીર સવાલનું નિરાકરણ કરાવવા માટે અમે આ દાવો કરેલો છે. સાધારણ માણુસને એમ લાગશે કે, એક ખોજાએ લગ્નના હક પુરા કરાવવા અને કબજે લેવા પોતાની ખોજણ સામે દાવો કર્યો છે તેમાં આટલી બધી મહત્વતાની શી જરૂર છે ? પણ જ્યારે આખો કેસ આપ નામદાર પાસે ચાલેલો છે અને જ્યારે પક્ષકારોના વલણ અને તેઓને મળતી મદદ આપે, નજરે નજર જોઇ છે ત્યારે આ કેસ એક ખોજા અને તેની ખોજણનો નથી; પણ આખી ખોજા કોમને અને તેની સ્વતંત્રતા અને સલામતીને અસર કરનારો છે; એ હકીકત આપ નામદારને વિશેષ સ્પષ્ટતાથી સમજાવવાની મારે જરૂર નથી.

આ કેસમાં ખાસ મુખ્ય સવાલ એ જોવાનો છે કે, એક ખોજો પોતાના મનની ધર્મની માન્યતામાં ન્યાયની રીતિએ અને પોતાની સમજ પ્રમાણે કાંઇ ફેરફાર કરે, સુધારો કરે અથવ આગળ વધે, અથવાતો પોતાની ધર્મની માન્યતા અમુક જાતની છે એમ જાહેર કરે અને તેની આ રીતિ અને વર્તણુંક નામદાર આગા સાહેબને અથવા તેમના અંધ શ્રધાળુ એજંટોને ન ગમે તો ઉપર લખેલા ખોજાની ઓરત તેની પાસેથી આંચકી લેવાનો આગાખાની તડાંને અધિકાર છે કે કેમ ? આપ જોશો કે આ સવાલ એક ખોજા અને ખોજણનો નથી; પણ આખી ખોજા કોમને અસર કરે છે. અને આ કેસમાં આપ નામદાર જે ચુકાદો આપશો, તે એક માણસને નહિ પણ આખી કોમને અસર કરશે એ હકીકત આપ નામદારે બરાબર ખ્યાલમાં રાખવાની છે.

આ કેસમાં જે મુદ્દા નકી કરી પુરાવો લેવામાં આવ્યો છે. તે મુદ્દાઓ નીચે પ્રમાણે છે

૧ વાદી સાથે પ્રતિવાદીના કાયદેસર છુટા છેડા થયાનું સાબીત છે કે કેમ ?

૨ વાદી ખાનાઇ મટી મસીદીઓ થવાથી ધર્મ ભ્રષ્ટ થયો ગણાય કે કેમ ?

૩ તેમ સાબીત થાય તો વાદી પ્રતિવચેના લગ્ન સબંધને કાંઇ અસર થાય છે કે કેમ ? અને શું ?

૪ વાદીને કઇ દાદ મળી શકે છે કે કેમ ?

ઉપર પ્રમાણે મુદ્દા કાઢી પુરાવો લેવામાં આવ્યો છે અને ઉપરના મુદ્દા પ્રમાણે દલીલ કરવાને બદલે મી. મુનશીએ ઇતિહાસના સ્વરૂપમાં છ પ્રશ્નો ઉઠાવી, દરેક પ્રશ્ન ઉપર દલીલ કરી આપને કેસ સમજાવ્યો છે, તો પછી હું પણ સગવડતાની ખાતર, જે પ્રશ્નો મી. મુનશીએ ઉઠાવેલા છે તેજ પ્રશ્નો એક પછી એક હાથમાં લઇને જવાબ દેવાનું પસંદ કરૂં છું.

મી. મુનશીના પ્રશ્નો નીચે પ્રમાણે છે.

૧ ખોજા લોકો કોણ છે ?

૨ ખોજા એટલે શું ?

૩ લગ્નની બાબતમાં પુરે પુરો મુસલમાની શરેહ તેને લાગુ કરવામાં આવે છે, કે તેઓનો રીવાજ; જે મુસલમાનાં કાયદાથી તદન જુદોજ છે તે લાગુ કરવો જોઇએ ?

૪ ખોજા ધર્મમાંથી ધર્મ ભ્રષ્ટ થાય તો તેનો શું અસર થાય ?

૫ વાદી અને પ્રતિવાદી વચ્ચે લગ્નનો કરાર કાયમ છે ? કે પોરબંદરની કાઉન્સીલથી તે રદ થયેલો છે.

૬ અને આ દાવામાં કેવી જાતનો હુકમ થવો જોઇએ.

પ્રથમના બે સવાલો, એટલે કે ખોજા લોકો કોણ છે અને ખોજા એટલે શું. એ બંને લગ ભગ સરખાજ છે અને તેથી એ બંને સવાલો ઉપર સાથેજ વીવેચન કરવાનું હું યોગ્ય ધારૂં છું.

મી. મુનશીએ પોતાની દલીલમાં એવું સાબેત કરવાને પ્રયત્ન કર્યો છે કે, ખોજા લોકોની એક ધાર્મિક સંસ્થા છે અને ખોજા નામથી એક ધાર્મિક કોમનું સૂચન થાય છે. મી. મુનશી એમ સમજાવે છે કે, જેવી રીતે જૈન વૈષ્ણવ વીગેરે નામો ઉપરથી અમુક ધાર્મિક વીચારોનું સૂચન થાય છે તેવી રીતે ખોજા નામથી પણ અમુક ધર્મની માન્યતા વાળા લોકોનું સૂચન થાય છે. તે એમ કહેવા માગે છે કે, વાણીયા બ્રાહ્મણ વીગેરેની જુદા જુદા ધર્મ પાળનારી, જે કોમો છે તેવી આ ખોજા કોમ નથી. ૧૨ મુ. હા. કો. રી. પા. ૭૨૩ ના કેસમાંથી અમુક ફકરાઓ વાંચી બતાવી તેમના ઉપર વિસ્તારથી વિવેચન કરી મી. મુનશી એમ સાબેત કરવા માગે છે, કે હીન્દુમાંથી વટલેલા શીયા ઇમામી ઇસ્માઇલી ધર્મ પાળનારા, દસ અવતાર, કુરાન, અને ૪૮ ઇમામને માનનારા, અલીનેજ ખરો ખુદા છે એમ ગણનારા, જમાતખાનામાં ધર્મ વિધિ કરનારા અને આગા સાહેબને કારભાર દેનારા અને એવી એવી બીજી ધર્મની માન્યતાઓનું જે લીષ્ટ પ્રતિવાદી તરફથી તેઓએ રજુ કર્યું છે તેવી ધર્મની માન્યતાવાળાજ ખોજા કહી શકાય હું સમજી શકતો નથી કે, કયા પુરાવાને આધારે મી. મુનશી આ દાવાની અંદર ખોજાઓની આવી વ્યાખ્યા સાબીત કરવા માગે છે ? અમારા સામટા પુરાવાથી અમે નિશંક રીતે સાબેત કરેલું છે કે, ખોજાઓ ઘણી ઘણી જાતના ધર્મ પાળે છે જેવા કે સુન્ની અસ્નાઅશરી શીયા, ઇસમાઇલી શીયા, સ્વામી નારાયણ, વેદાન્તી વીગેરે વીગેરે. ૧૨ મુ. હા. ના રીપોર્ટના જે કેસમાંથી મી મુનશીએ ફકરા વાંચી બતાવ્યા છે, તે કેસ સુન્ની અને શીયા ખોજા વચ્ચેનો હતો. આ કેસમાં પણ જે શાહેદો તપાસાએલા છે. તેમાંના કેટલાક પોતે અસ્નાશરી ખોજા હોવાનું લખાવે છે અને કેટલાક ઇસમાઇલી ખોજા હોવાનું લખાવે છે. ટુંકામાં વાદી પક્ષના શાહેદોને ખુદ પ્રતિવાદી તરફથી અસ્નાઅશરી ખોજા તરીકે ઓળખાવામાં આવે છે ખોજાઓમાં જુદી જુદી ધર્મની માન્યતા બતાવનારો અમારો પુરાવો છે તે ઉપરાંત, ખુદ પ્રતિવાદીના શાહેદો પણ, તે સ્પષ્ટ રીતે કબુલ કરે છે પ્રતિવાદી સાહેદ હસનઅલી વાલજી (આંક ૧૨૭) લખાવે છે કે "ધનજી શામજી હાલ ગઢડામાં રહે છે તે સ્વામી નારાયણનો ધર્મ પાળે છે. તેઓ સં. ૧૯૬૩-૬૪ થી અમારાથી જુદા પડયા છે. સ્વામી નારાયણનો ધર્મ ગઢડાના ખોજા પાળતા; પણ ઇસમાઇલી હતા ને પાળતા " તેજ શાહેદ ઉલટ

તથા માં પણ લખાવે છે કે " નારાયણ તેજ અમારી જમાતમાં હતો ને સ્વામી મંદીરે જતો જમણજીવન વેલજી પણ આગાખાનીમાં હતો ને સ્વામી મંદીરે જતો " આવી રીતે આ કેસમાં પુરાવાથી સાબેત થએલું છે કે અસ્નાશરી, ઇસમાઇલી, સ્વામી નારાયણ ખોજા અને મુબઇ તરફ ઘણા સુન્ની ખોજાઓ પણ છે અને તેઓ બધા ખોજા કહેવાય છે. તો પછી ખોજા નામથી અમુક ધર્મનુંજ સૂચન થાય છે, એ કહેવું વજુદ વગરનું છે. મી. મુનશી એમ મનાવવા માગે છે કે, જે ધર્મક્રીયા અને ધર્મની માન્યતાનું લીષ્ટ પ્રતિવાદી તરફથી રજુ કરવામાં આવ્યું છે, તેની માન્યતા વાળાજ ખોજા કહી શકાય.

ઉપરની હકીકતને તેમની દલીલ ટકી શકે તેવી નથી; કારણ કે જો તેની માન્યતાવાળા ખોજાનેજ ખોજા કહી શકાય, તો પછી અસ્નાશરી ખોજા, સ્વામી નારાયણ, સુન્ની અને બીજા ધર્મની માન્યતાવાળા જે ખોજાઓ છે તેમને માટે આપણે એક નવું નામ ગોતવું પડશે. ખુદ પ્રતિવાદીનો સાહેદ ઇસાભાઇ દાઉદ બાઇ આં. ૧૨૪ કહે છે કે " ચાંદુ વજીર વજીર મારો સગો કાકો થાય. ચાંદુ વજીર હજુ ઇસમાઇલી છે તે ખાનામાં આવે છે. ચાંદુ વજીરને તેના દીકરા ભેગા રહે છે " તે સાહેદ લખાવે છે કે "ચાંદુ વજીરનું કુટુમ્બ એટલે કે તેના દીકરા વગેરે અસ્નાશરી ધર્મ પાળે છે" મી. મુનશીની વ્યાખ્યા પ્રમાણે ચાંદુ વજીર જે બાપ ઇસમાઇલી ધર્મ પાળે છે તેને ખોજો કહી શકાય; પણ ચાંદુ વજીરને તેના દીકરા તથા કુટુંબ મી. મુનશીની વ્યાખ્યા પ્રમાણે ખોજા કહી શકાય નહિ. હું સમજી શકતો નથી કે, ચાંદુ વજીરના દીકરા અને કુટુંબ ખોજા ન કહેવાય તો શું કહેવાય ! શું મી. મુનશી એમ કહેવા માગે છે કે, આ જે બાપ દીકરા ભેળા રહે છે એક ઘરમાં રહે છે પણ મનની સ્વતંત્રતા અને મતના ધર્મની માન્યતા એકજ જાતની નથી રાખતા; તેથી તેઓ એકજ જાતના અને એકજ કોમના નથી ! અને બંને ખોજા નથી ?

આ કેસમાં જુદી જુદી ધર્મની માન્યતા વાળા ખોજાઓ છે, એ બાબતનો પુરાવો આપ નામદારની પાસે લેવાયો છે અને તેથી આ બાબતમાં વધારે વિવેચન કરવાનું જરૂરનું ધારતો નથી. હું ફકત એટલુંજ કહીશ કે મી. મુનશી ખોજાની જે વ્યાખ્યા રજુ કરે છે તે આ કેસનો પુરાવો જોઇને રજુ કરવામાં આવતી નથી આ બાબતની તેમની આખી દલીલનો આધાર કેસમાં પડેલા પુરાવાની વિરૂદ્ધ અને માત્ર મુ. હા. કોર્ટના એક જુના ૫૦ વર્ષ પહેલાંના કેસ ઉપર રહેલો છે અને વળી તે કેસમાં પણ સુન્ની અને શીયા ખોજા જમાતની મીલકત માટે લડતા હતા અને મુખ્ય સવાલ એ હતો કે, ખોજાઓ શરૂથી સુન્ની ધર્મમાં વટલેલા હતા ? કે શીયા ધર્મમાં વટલેલા હતા. લગ્ન બાબતનો તે કેસમાં કાંઇ સવાલજ નહોતો. આ કેસના પક્ષકારો બને શીઆ ધર્મના છે અને અસ્નાશરીઓ ઇસમાઇલી બંને શીયા ધર્મનાજ ભાગ છે એ હકીકત સામાવાળાના સાહેદોએ કબુલ કરેલી છે અને આ કેસમાં જ્યારે પુરાવાથી સાબીત થએલુ છે કે, ખોજાઓમાં ઘણી જાતના ધર્મો પાળવામાં આવે છે, તો પછી તે પુરાવાથી વિરૂધ્ધ કેસની બહાર જઇને, કોઇ જુદા કેસની ખોજાની વ્યાખ્યા રજુ કરવી અને તે વ્યાખ્યામાં આવે તેટલાજ ખોજા અને બાકીના ખોજા નહિ એ કહેવું ટકી શકે તેવું નથી. ખોજાઓ કઇ કોમના છે તે બતાવતાં, મી. મુનશીએ જણાવેલું છે કે ખોજાઓને હીન્દુ ધર્મમાંથી વટલાવવામાં આવ્યા છે. તેઓએ હીન્દુ ધર્મ છોડયો છે; પણ હજુ તેઓ પુરા મુસલમાન થયા નથી

મી. મુનશીની આ બાબતની આખ્ખી દલીલનો ભાવાર્થ એ છે કે ખોજાઓએ હીન્દુ ધર્મ છોડયો છે એટલે તેઓ હીન્દુ મટી ગયા છે અને હજુ પુરા મુસલમાન થયા નથી તેથી તેઓ મુસલમાન કહેવાય નહિ. તેઓ એમ સમજાવે છે કે રોજા હજ, ઝકાત અને નીમાજ ખરા મુસલમાનોને ફરજ તરીકે બતાવવામાં આવેલ છે તે બાબતની ઇસમાઇલી ખોજાઓને ફરજ નથી. ઇસમાઇલી ખોજાઓ અવતારને માને છે. અને અલીને ખરા ખુદા તરીકે માને છે. તેથી તેઓનો મુસલમાની ધર્મ છે એમ કોઇપણ રીતે કહી શકાય નહિ. તેઓ કહે છે કે અસનાઅશરી તેમજ બીજા કોઇપણ મુસલમાન અવતારને માનશે નહિ. અને તેઓની માન્યતા પ્રમાણે જેઓ કુરાનને માને નહિ, અલીને ખરો ખુદા કહે અને અવતારને માને તેઓ કાફર કહેવાય.

આવી આવી બીજી કેટલીક દલીલોથી મી. મુનશી એમ નક્કી કરવા માગે છે કે ખોજા નથી હીન્દુ કે નથી મુસલમાન; પણ હજુ વચમાં લટકે છે. અને તેથી તેઓને હીન્દુ લો કે મુસલમાની શરેહ લાગુ કરી શકાય નહિ પણ તેઓના પોતાના રીત રીવાજો અને નક્કી કરેલા ધોરણો; જે બને કોમના કાયદાથી જુદી જાતના છે તે લાગુ છે.

હું એટલુંજ કહેવા માગું છું કે ૫૦૦ વર્ષ થયાં હીન્દુ ધર્મમાંથી મુસલમાની ધર્મમાં વટલ્યા છતાં હજુ મુસલમાન થયા નથી એમ જો ખોજાઓ કહેવા માગતા હોય તો તેઓએ શરમાવું જોઇએ. ખોજાઓ મુસલમાન થઇ ગયા છે. કુરાન શરીફને માને છે અને તેથી લગ્નની બાબતમાં પણ મુસલમાની શરેહ લાગુ થાય; તો તેજ વ્યાજબી કહેવાય. પણ અમારા કેસને માટે તે નક્કી થવાની પણ જરૂર નથી. કારણ કે એ વાત બિન તકરાર છે કે અસનાઅશરી અને ઇસમાઇલી ખોજાઓ થોડા વર્ષ ઉપરજ એક તડાંમાં હતા અને હજુ પણ અંદર અંદર લગ્ન વ્યવહાર વગેરે કરે છે જ્યારે આવી સ્થિતિ છે ત્યારે બીજા સવાલો નક્કી કરવાની જરૂર રહેતી નથી.

મી. મુનશીએ ચોથા અને પાંચમા સવાલો એ ઉઠાવેલા છે કે, ખોજા ધર્મમાંથી ભ્રષ્ટ થાય તો, તેની શું અસર થાય ? અને (૫) વાદી અને પ્રતિવાદી વચ્ચે લગ્નનો કરાર કાયમ છે કે પોરબંદરની કાઉન્સીલથી તે રદ થયો છે ?

કોર્ટે જે મુદા કાઢેલા છે તે નીચે પ્રમાણે છે.

૨ વાદી ખાનાઇ મટી મસીદીઓ થવાથી ધર્મ ભ્રષ્ટ થયો ગણાય કે કેમ ?

૩ અને તેમ સાબીત થાય તો વાદી પ્રતિવાદી વચ્ચેના લગ્ન સબંધને કાંઇ અસર થાય છે કે કેમ અને શુ ?

મી. મુનશીએ ચોથો સવાલ જે ઉઠાવ્યો છે, કે ખોજા ધર્મમાંથી ધર્મ ભ્રષ્ટથાય તો તેની શું અસર થાય ? તે સવાલ આ કેસને માટે તદ્દન નકામો છે. કારણ કે આપણે જોવાનું છે તે એટલુંજ છે કે, વાદી ખાનાઇ મટી મસીદીઓ થયો છે તેથી ધર્મ ભ્રષ્ટ થયો ગણાય કે કેમ ? અને આ મુદ્દાનું નિરાકરણ કરવામાં ઉપરનો મી. મુનશીનો બોહોળો મુદ્દો જોવાની જરૂર નથી.

હું એમ અરજ કરૂં છું કે, ઇસમાઇલી માન્યતા છોડી અસનાશરી માન્યતા વાળા થવાથી કોઇ માણસ ધર્મ ભ્રષ્ટ થયો ગણાય નહિ. ઇસનાઅશરી અને ઇસમાઇલી બંને મુસલમાની ધર્મ છે એટલુંજ નહિ પણ મુસલ

માની ધર્મના શીઆ અને સુન્ની, જે બે મુખ્ય વિભાગો છે તેમાંના શીઆ ધર્મના આ બે ભાગ છે અને તેથી જ્યારે બંને ધર્મ શીઆ મુસલમાની છે તો પછી શીઆ પંથની એ માન્યતામાંથી એકને મુકી બીજી ગ્રહણ કરવાથી મુસલમાની ધર્મ છોડયો કહેવાય નહિ અને હું તો એમ કહેવા માગું છું કે, શીઆમાંથી સુન્ની થાય તોપણ તે ધર્મ ભ્રષ્ટ થયો ગણાય નહિં; કારણ કે જ્યાં સુધી કુરાને શરીફ અને મોહમદ પેગમ્બરને મુખ્ય સ્થાન આપી, મુસલમાની ધર્મ છોડે નહિ; પણ બીજી ગૌણ માન્યતમાં તફાવત કરે તો, તે માણસે મુસલમાની ધર્મ છોડયો કહેવાય નહિ અને તેથી ધર્મ ભ્રષ્ટ પણ થયો કહેવાય નહિ અને આવા સંજોગોમાં શીઆ ઇસમાઇલી, શીઆ અસ્નાઅશરી થાય તો, ધર્મ ભ્રષ્ટ થયા કહેવાય એ દલીલ વજુદ વગરની છે.

ખોજા લોકો હીન્દુ ધર્મમાંથી વટલ્યા છે તે ખરા મુસલમાન થવાને માટેજ અને મી. મુનશીના કહેવા પ્રમાણે ઇસનાઇલી ખોજાઓ હજુ વચલે રસ્તે છે; એટલે હીન્દુ મટી ગયા છે પણ પુરા મુસલમાન થયા નથી અને મુસલમાન બીજ રૂપે છે. આવી રીતે હીન્દુ ધર્મમાંથી વટલી મુસલમાની ધર્મ તરફ વળેલા ખોજાઓ, જેઓ રસ્તામાં છે તેઓ આગળ ચાલી ખરા મુસલમાનો થવા માંડે અને આવી રીતે આગળ ચાલનારા ખરા મુસલમાનોને જો ધર્મ ભ્રષ્ટ થએલા કહેવામાં આવે તો ખોજાઓ હીન્દુમાંથી શા માટે વટલ્યા ? અને વટલીને કયા ધર્મમાં ગયા ? એ સમજવું મુશ્કેલી વાળું થઇ પડે તેમ છે. માટે જો અસ્નાઅશરી ખોજાઓ ઇસમાઇલી ખોજાઓની અવતારની માન્યતા અને અલીને ખરો ખુદા માનવાની માન્યતાને છોડી, ખરા મુસલમાન થાય, કુરાન શરીફને માને. રોજા, હજ, ઇદ અને નીમાજને ફરજ માને, અને મોહમંદ પેગંબરને મુખ્ય સ્થાન આપે તો, તેઓ ધર્મ ભ્રષ્ટ થયા એમ કહેવું, એ ખુદ ઇસમાઇલી ખોજાઓને પણ શરમ ભરેલું છે. માટે આ ઉપરથી આપને સ્પષ્ટ સમજાશે કે, અસ્નાઅશરી ખોજાઓ કોઇ પણ રીતે ધર્મ ભ્રષ્ટ થયા ગણાય નહિ.

ચોથા ઇસ્યુનો આધાર ત્રીજા ઇસ્યુ ઉપર છે અને વાદી ખાનાઇ મટી મસીદીયો થવાથી ધર્મ ભ્રષ્ટ થયો સાબીત થાય તો, તેના લગ્નને શું અસર થાય ? તે બાબતનો આ ચોથો મુદો છે. મેં ઉપર બતાવ્યું તે પ્રમાણે, વાદી ધર્મ ભ્રષ્ટ થયો ગણાય નહિ. એટલુંજ નહિ પણ દલીલ ખાતર એમ માનવામાં આવે કે, વાદી અસ્નાશરી થયો, તેથી ધર્મ ભ્રષ્ટ થયો તોપણ વાદીના લગ્ન સબંધને એથી કાંઇ અસર થતી નથી.

આ કેસમાં અમે સાબદા પુરાવાથી સાબીત કરેલું છે કે, ઇસમાઇલી અને અસ્નાશરીના બે જુદા જુદાં તડાં પડયા, પછી પણ તેઓ લગ્ન વ્યવહાર કરે છે. અસ્નાશરીઓ ઇસમાઇલીઓને દીકરીઓ પરણાવે છે અને ઇસમાઇલી અસ્નાશરીઓને દીકરીઓ પરણાવે છે આવી હકીકતે કોઇ ઇસમાઇલી ખોજો અસ્નાઅશરી માન્યતા વાળો થાય તો, તેના લગ્ન સબંધને કાંઇ પણ અસર થઇ શકે નહિ.

ઉપરની હકીકત અમે ઘણા દાખલાઓથી સાબેત કરેલી છે.

પ્રતિવાદી તરફથી પ્રથમ એવો પુરાવો આપવામાં આવ્યો હતો કે, ઇસનાશરી અને ઇસમાઇલી ખોજાઓ વચ્ચે લગ્ન વહેવાર નથી એટલુંજ નહિ; પણ તેઓ એમ સાબેત કરવા માગતા હતા કે, અસ્નાશરી અને ઇસમાઇલી વચ્ચે કોઇ પણ જાતનો વહેવાર તેઓના કાયદા પ્રમાણે થઇ શકે નહિ પ્રતિવાદીના

શાહેદ તલકશી લવજી આં. ૫૬ જે આગા સાહેબનો નોકર છે અને કાઠીયાવાડ આખા-માં ઇસમાઇલી ધર્મનો બોધ કરે છે તે, એમ કહે છે કે ઇસમાઇલી બાપ અસ્નાઅશરી દીકરા પાસેથી કાઉન્સીલની મંજુરી વગર પૈસા ન લઇ શકે. એટલુંજ નહિ પણ તે એમ કહે વાની હિમ્મત ધરે છે કે, બાપ અસ્નાઅશરી થઇ ગયા પછી મરી જાય અને એકજ દીકરો ઇસમાઇલી હોય તો, કાઉન્સીલની મંજુરી મળે તો તે મર્ણ ક્રીયા કરે; નહિતો કાયદા મુજબતો ન કરી શકે. આવી રીતે બીજા ઘણા શાહેદો પાસેથી પણ, પ્રતિવાદીએ પ્રથમ કહેવરાવ્યું હતું કે, ઇસમાઇલી અને અસ્નાઅશરી ખોજાઓ વચ્ચે ખાન પાન વગેરે કોઇ પણ જાતનો વહે-વાર નથી. પ્રતિવાદીનો આવો પુરાવો આવ્યા પછી અમે સામટા શાહેદોથી નિર્વિવાદ રીતે સાબીત કરી દીધું કે, આ બંને તડાં વાળા એક બીજા સાથે દરેક જાતનો વહેવાર કરે છે અને લગ્ન વહેવાર પણ છુટથી કરે છે.

અમારો પુરાવો પુરો થયા પછી, પ્રતિવા-દીઓને રીબટીંગ પુરાવો આપવાની તક આપ વામાં આવી અને તે પુરાવાથી અમારી દલીલ અને અમારા કેસને નુકસાન થવાને બદલે પુષ્ટી મળી છે અને તેટલા માટે આ રીબટીંગ પુરાવો આપવા માટે, હું પ્રતિવાદીના વકીલોનો ઉપકાર માનું છું.

પ્રતિવાદીના શાહેદ ઇસાભાઇ દાઉદભાઇ આં. ૧૨૪ કહે છે "હું ચાંદુ વજીરને ઓળખું છું તેની ઉમર ૭૫–૮૦ વર્ષની છે. તેનું ગુજરાન તેના દીકરા કરે છે. તેનું કુટુંબ અસ્નાઅશરી ધર્મ પાળે છે. ચાંદુ વજીર હજુ ઇસમાઇલી છે. તે ખાનામાં આવે છે. ચાંદુ વજીર અને તેના દીકરા ભેગા રહે છે"

અમારા પુરાવામાં અમે એમ સાબીત કરે લું છે કે ભાડલીવાળા હરખજી જેઠા ઇસમા-ઇલીએ પોતાની દીકરી રૂપબાઇ કાસમના દીકરા હસન અલી જે અસ્નાઅશરી છે તેને વેરે પરણાવી છે. રીબટીંગ પુરાવામાં આના ખુલાસામાં પ્રતિવાદી તરફથી રાજન ઉકા આં. ૧૨૬ ના શાહેદ પાસેથી, એક હસ વા જેવી હકીકત કહેવરાવવામાં આવે છે. તે કહે છે કે "હસન અલી અસ્નાઅશરી હોવાથી જમા તે નીકાહ કરી આપવાની ના પાડી તેથી તે જમાત રૂબરૂ ઇસમાઇલી થયો અને પછી નીકા કરવામાં આવ્યા. અને તે શાહેદ એમ પણ કહે છે કે, હરખજી જેઠા તરફથી જમાતમાં ખાણાં અપાણાં હતાં. જાન ખાણાં વખતે જ-મવામાં હતી. અસ્નાઅશરી વરની ઇસમાઇલી કન્યાને ત્યાં જાન આવી અને લગ્ન વખતે અસ્નાઅશરી વરને ઇસમાઇલી કરવામાં આવ્યો અને પછી જાન ને જમાત ભેગા જમ્યા. એટલે શું ? આ ઉપરથી એટલું તો સાબેત થઇ ગયું કે જમવા ખાવા પીવા બોલવા ચાલવા વીગેરેનો અસ્નાઅશરી ઇસમાઇલી વચ્ચે કોઇ પણ જાતનો ભેદ નથી કારણ કે ફકત ઇસ્નાઅશરી વરને ઇસમાઇલી કરવામાં આવ્યો પણ જાન બાબતમાં તો કાંઇ કરવામાં આવ્યું નહોતું. એટલે જે જાન આવી હતી તે કાંતો ઇસ્નાઅશરી ખોજાઓની હોવી જોઇએ અથ-વાતો ઇસમાઇલી ખોજાની હોવી જોઇએ. અને વરતો ઇસ્નાઅશરી હતો એમ એ શાહેદનું કહેવું છે. જો જાનના માણસો ઇસમાઇલી હોય તો ઇસ્નાઅશરીની જાનમાં ઇસમાઇલીઓ જાય એ હકીકત એની મેળે સાબીત થઇ ગઇ. અને અંદરૂ અંદરના વેવારનો બાદ કયાં રહયો ! જો એમ માનવામાં આવે કે વર અસ્નાઅશરી હતો અને જાન પણ અસ્નાઅશરી હતી, તો શું એક લા વરને અને તેના બાપને ઇસમાઇલી બના-વવાથી આખી જાન પવિત્ર થઇ ગઇ ? શા માટે આખી જાન સાથે ખાણું લેવામાં જમા તને બાધ આવતો નથી ? અને આ હકીકત

થી પ્રતિવાદીઓએ પ્રથમ બોલવા ચાલવા અને ખાન પાનના વહેવારની બંધી સબંધિનો જે સામટો પુરાવો આપેલો છે, તે તમામ બનાવટી અને ખોટો હતો, એમ સાબીત થાય છે અને આવી રીતે ખુદ પ્રતિવાદીના રીબ-ટીંગ પુરાવાથીજ તેમનો આમલો પુરાવો તુટી પડે છે.

આવી રીતે જ્યારે તમામ ખોજાઓ અંદર અંદર લગ્ન વહેવાર અને ખાનપાનાદી વહેવાર કરે છે; ત્યાં ધર્મની મનની માન્યતામાં કોઇ થોડા ઘણા ફેરફાર કરે તો, તેથી તેના લગ્ન રદ થાય છે એમ કહેવું તેજ બેહુદાઇ ભરેલું છે. લગ્ન અને ખાનપાનાદીના વહેવાર સાંસારીક વહેવાર છે તેને ધાર્મીક માન્યતા સાથે સબંધ નથી.

લુવાણા વાણીઆ વિગેરે કોમોમાં ઘણી જાતના ધર્મ પળાય છે; છતાં સાંસારીક વહે-વારને બાધ આવતો નથી તેવીજ રીતે આ ખોજાઓમાં પણ તેજ ધોરણો ચાલુ છે, એમ સામટા દાખલાઓથી અમે સિદ્ધ કરેલું છે. ખોજાઓમાં પણ સ્વામી નારાયણ, માર્ગી પંથી વિગેરે માન્યતા વાળા ખોજાઓ છે અને તેઓ આગાખાની તડામાં છે એમ સામાવા-ળાનાજ સાહેદો કબુલ કરે છે.

સામા વાળાના સાહેદ હુસનઅલી લાલજી આંક ૧૨૭ કોસમાં કહે છે કે, નારાયણ તેજા અમારી જમાતમાં હતો અને સ્વામી મંદીરે જતો. જગજીવન વેલજી પણ આગાખાનીમાં હતો. અને સ્વામી મંદીરે જતો, આવી રીતે બીજા સાહેદો પણ કબુલ કરે છે; પણ તેઓ બધાનું કહેવું એમ છે કે, આગાખાની તડામાં રહીને બીજા ધર્મો પાળે; પણ તેઓ તડામાં તો હોવા જોઇએ. આ ઉપરથી એટ-લું તો સ્પષ્ટ થાય છે કે, આગાખાની તડામાં રહેવા માટે અમુક જાતનીજ ધર્મની માન્ય-તાની જરૂર નથી. પણ એક જાતની ખાસ જરૂર છે અને તે એકે આગા સાહેબના કાર-ભાર અમર કરો; તમામ ચુકવવા જોઇએ. આપણે કેસમાં જોયું છે કે, મહુવા, મઢડા, તળાજા વિગેરે ગામોમાં ઘણા વર્ષોથી તડા પડી ગયા છે; પણ તેથી કરીને તે તડાઓના અંદર અંદરના સાંસારીક વહેવારને બાધ આવતો નથી.

નામદાર સાહેબ! આ બાબતમાં ખુદ આગાખાની જમાત તરફથી અત્યાર સુધીમાં કોઈ જાતનો વાંધો લેવામાં આવ્યો નથી. પણ સમય જતાં વસ્તુ સ્થીતિ બદલાય છે અને તેથી સમયને અનુસરીને વર્તવાની તક બુદ્ધિશાળી માણસો ભૂલતા નથી. હાલનું વાતાવરણ એવું છે, કે માણસની સમજ શક્તિ અને કેળવણીમાં દીનપેદીન વધારો થતો જાય છે અને તે પ્રમાણે ખોજાઓમાં પણ થાય, એ સ્વાભાવિક છે.

ખોજાઓ કેળવણી લેવા માંડયા અને તેની સાથે પોતાના ધર્મનું અને પોતાની સ્થીતીનું તેઓને ભાન થવા માંડયું અને તેની સાથે તેઓની ધાર્મીક માન્યતામાં જેમ જેમ તેઓને વ્યાજબી લાગતું ગયું; તેમ તેમ ફેરફારો કરતા ગયા.

ખોજાઓને હિંદુમાંથી મુસલમાન કરવામાં આવ્યા, તે કાંઇ જોર જુલમથી કરવામાં આવ્યા નથી; પણ તેઓને મુસલમાની ધર્મમાં વધારે લાભ લાગવાથી (પછી ભલે તે માન્યતા ભુલ ભરેલી હોય તોપણ) તેઓએ પોતાની હિંદુ માન્યતાઓ ફેરવી, ધીમે ધીમે તે ધર્મનો અંગીકાર કર્યો. આવા ખોજા લોકો, કે જેઓએ ધાર્મીક માન્યતા બાબતમાં પોતાના મનની સ્વતંત્રતા ૫૦૦ વર્ષ પહેલાં બતાવી છે; તેઓ હવે જડ ભૂત જેવા થઇ, જ્યાં છે ત્યાં, બેસી

રહે અને હવે આગળ ન વધે, એમ કહેવું અગર માનવું ડહાપણ વાળું કહેવાય નહિં. મી. મુનશી એમ તો કબુલ કરે છે કે, ખોજાઓએ હિંદુ ધર્મ છોડયો છે તેથી તેઓ હિંદુ રહ્યા નથી અને હજુ પૂરા મુસલમાન થયા નથી. હજુ તો મુસલમાન બીજ રૂપે છે અને રસ્તામાં છે. શું આવા માણસો રસ્તામાં આગળ ચાલી, જે હેતુ સર પોતે હિંદુ ધર્મ છોડયો છે તે હેતુ પુર્ણ કરે, તેમાં તેઓનો દોષ છે ? અને આવી રીતે પોતાના હેતુને પુર્ણ કરે અને ધાર્મિક માન્યતામાં આગળ વધે, તેઓની બાયડીઓ સાથેના સબંધ તોડાવી નાંખવા અને તોડવાનું કારણ વ્યાજબી છે એમ હાલની ૨૦ મી સદીની ન્યાયની કોર્ટ પાસે શું મી. મુનશી નકકી કરાવવા માગે છે ? હું નથી માનતો કે પીર સદરદીન પણ જો અત્યારે હયાત હોય, તો જે ખોજાઓ આગળ વધે છે અને મુસલમાની ધર્મમાં દીન બે દીન વધારે શુદ્ધ અને ચુસ્ત થતા જાય છે તેઓને જોઇને તે મનમાં ખુશી ન થાય અને શાબાશી ન આપે ! પીર સદરૂદીનનો પોતાનો હેતુ શું હતો ? શું પીર સદરૂદીન ખોજાઓને અતો ભ્રષ્ટ તતો ભ્રષ્ટ સ્થિતિમાં રાખવા ખુશી હતા ? અને તે તેઓનો હેતુ હતો ? ઇસમાઇલી અને અશનાઅરી એ બન્ને શુદ્ધ મુસલમાની ધર્મો છે અને શીઆ ધર્મની બે શાખાઓ છે.

મી મુનશીએ શીઆ ધર્મની તકીયાની યુકિત સમજાવી છે અને તે યુકિત પ્રમાણે પીર સદરદીને, ખોજાઓને પોતાની માન્યતામાં ધીમે ધીમે લેવા માંડયાં; તો પછી ખરો ધર્મ અને ખરૂં રહસ્ય જે પીર સદરૂદીન પોતે સમજતા હતા, તે શું પોતાના મુરીદોને સમજાવવાનો તેઓનો હેતુ અને ઇરાદો નહોતો ? દેશ કાળને અનુસરીને, કોઇ કારણસર પીર સદરૂદીન તે પ્રમાણે તુરત સમજાવી શકયા ન હોય અને પ્રસંગોપાત આ ખોજાઓ પોતાની મેળે પોતાનો ધર્મ સમજવા માંડે તો, શું આગા સાહેબ અગર તેની જમાત તે અટકાવવા માગે છે ? આગા સાહેબને તેના હાલના મુરીદો હાજર ઇમામ તરીકે માને છે એમ તેઓ કહે છે. આગા સાહેબ અગર તેનાં વડવાઓ કોઇ દિવસ હિંદુ નહોતા અને આગા વાળાના સાહેદો કહે છે કે, આગા સાહેબનો ધર્મ તેજ અમારો ધર્મ. જ્યારે આ હકીકત છે તો, શું મી. મુનશી એમ કહી શકશે કે, આગા સાહેબ પોતે હિંદુ ધર્મની માન્યતા માને છે ? અને શુદ્ધ મુસલમાન નથી ! નામદાર સાહેબ ! મારે અહીં આપને જણાવવું જોઇએ કે, ધર્મની માન્યતા સબંધે ખરી રીતે કાંઇ તકરાર કરવાનું કારણ કોઇ પક્ષને છે જ નહિં; પણ આ કેસમાં તો " દુઃખે પેટ અને કુટે માથું " એ કહેવત પ્રમાણે પક્ષકારોનું વર્તન છે.

આપણે જોઇએ છીયે કે, જે ખોજાઓ પરદેશ જાય છે તેમાંના ઘણા ખોજાઓ સાથે આગાખાની જમાતને તકરાર કરવાનું કારણ મળે છે, તે ખોજાઓ વધારે ચુસ્ત મુસલમાન થાય છે અને પરિણામે આગા સાહેબમાં તેઓનો અગાઉના જેટલો પ્રેમ રહેતો નથી.

આવા પરદેશથી આવતા ખોજાઓ ઉપર અને બીજા કમાઇ કરનારા ખોજાઓ ઉપર આગા સાહેબના ભારે કર લેવાય છે. અને તેનો અમલ કેવી રીતે થાય છે તે બતાવવા પ્રતિવાદીઓ તરફથી જે જમાતી કાગળો રજુ થયા છે તેમાંનાજ આંક $\frac{૫૬}{૨૭}$ ના કરીમ જીવણના દાખલા તરફ, હું આપ નામદારનું ધ્યાન ખેંચું છું.

આંક $\frac{૫૬}{૧}$ થી $\frac{૫૬}{૨૭}$ સુધીના જે જમાતી કાગળો, વાદી તરફથી જુનાગઢના વારસની કાઉન્સીલે રજુ કર્યા છે, તે તમામ જોવાથી આપને ખાત્રી થશે કે, તેમાં કોઈ એવો ગુન્હો કે ભુલ નથી દેખાતી કે, જે બારે દંડો લઈને માફ કરવામાં નથી આવ્યા. પરદેશથી આવતા ખોજાઓને પોતાના ચોપડા બતાવી કમાણીનો આઠમો હીસ્સો કાઢી આપવો પડે અને તેના માટે પૂરા પૈસા ન હોય તો, જમીન આપવા પડે, એવો જુલમ હાલના જમાનાના ખોજાઓ સહન કરી શકયા લાગતા નથી. અસનાશરી અને આગાખાનીના એકજ કોમના એકજ જાતના ખોજાઓના બે તડાં પડી ગયાં છે તેર એટલોજ છે કે આગાખાની તડા વાળાં આગા સાહેબમાં અંધ શ્રધ્ધા રાખે છે અને જમાત તેમને જેમ ચલાવવા માગે તેમ ચલાવાય છે. અશનાઅસરી તડા વાળા સ્વતંત્ર વિચારના છે અને મુસલમાની ધર્મમાં વધારે અને વધારે ચુસ્ત બનવાનો પ્રયાસ કરી, આગા સાહેબને કર અને કારભાર આપતા બંધ થયા છે. સ્વાભાવિક રીતે પરદેશથી આવતા ખોજાઓ પાસે જ્યારે દશોંદની માગણી કરવામાં આવે ત્યારે અગર તેઓને દશોંદની બીતિ હોય ત્યારે અગાઉથી તેઓ પરદેશથી લખી મોકલે છે કે તેઓ અસનાઅશરી થયા છે.

તેનો અર્થ એટલોજ કે, દેશમાં આવશે ત્યારે આગા સાહેબની જમાતને હવે કાંઈ આપશે નહિં. પોતાને કર નથી મળતા અને કમાણી ઓછી થઈ, માટે નાત બાર મુકવા એ કહેવું કેટલું હલકું લાગશે એ ખુદ આગાખાની જમાત પણ સમજે છે ! અને તેથી ધર્મની માન્યताફેરનું બાનું કાઢી, આવા ખોજાઓને નાત બાર મુકે છે. પણ, તેઓનો અંદરનો હેતુ તો, પોતાને ઓછો કર અને દંડ

વસુલ કરવાનોજ છે. ઝાઝા કેસો વાંચી બતાવી હું આપને કંટાળો આપવા માગતો નથી પણ મારી આ દલીલના ટેકામાં સામાવાળાનો આંક $\frac{૫૬}{૪}$નો ઠરાવ, જે રજુ થયો છે તે તરફ આપનું ધ્યાન ખેંચું છું. તેમાં વારસની કાઉન્સીલ કેસના મથાળામાંજ લખે છે કે, ખોજા રેમતુલા ભાણજી જવાબદાર સુપેડીથી નવ વરસ થયાં માડાગાસ્કર ગયેલ અને આપણો ધર્મ મુકી ઈશનાસરી પાળે છે, તે દેશમાં આવે છે માટે તેને નાતથી દુર રાખવા બાબત.

જે માણસ પરદેશમાં અશનાસરી થઈ ગયો, તેને તુરત નાત બાર નહીં કરી, આમ દેશમાં આવે ત્યાં સુધી રાહ જોવાનું શું કારણ ? તેનું કારણ આ ઠરાવમાંજ સ્પષ્ટ દેખાઈ આવે છે અને તે હું બતાવું છું. તેમાં લખ્યું છે કે-

ઠરાવ

નીચેની સરતો પુરે પુરી પાળવાની શરતે જવાબદારને આપણા શીયા ઈમામી ઈસમાઈલી ધર્મમાં લેવાનું ઠરાવવામાં આવે છે.

૧ મજકુર આસામીની કમાણી રૂા. ૧૬૫૦) ની થઈ છે તેમાં રૂપીયા બસો દેશમાં તેના બાપને મોકલેલ તેની દસોંદ રૂ. ૨૫ તેના બાપ ભાણજીએ સુપેડી જમાતમાં ભર્યા કહેવામાં આવે છે; તે જતાં બાકી રૂપીયા ૧૪૫૦ ના આઠમે ભાગે રૂ. ૧૮૧ા તથા રૂ. ૫૦ પચાસ પેટખાઈ બાબતના ઉધડા મળી. રૂ. ૨૩૧ા હાલ રોકડા આપે.

ઉપરની શરત પછી ધર્મ વિગેરે બાબતની બીજી શરતો છે. અસનાશરી માન્યતા વાળાને આગાખાની જમાતમાં આવતા પહેલાં પહેલી શરત કઈ પાળવાની છે, તે આ ઠરાવ ઉપરથીજ આપને સમજાશે.

આવી રીતે આગાખાની જમાતને દશોંદને બારે કર આપવામાં ન આવે; તોપણ તેને ન્યાત બાર રાખવામાં આવે અને આખા કેસનું મનન કરવાથી, આપને પણ દેખાશે કે અસનાશરીઓ ઘણા ભાગે આવા બારે કરથા ત્રાસીને પણ બીજા તડામાં ગયા છે.

આવી રીતે આગા સાહેબને કર ન આપવામાં આવે તો; તેને ન્યાત બાર કરવો એ રીત પોતેજ ઘણી જુલમી છે. અને તે કારણસર ન્યાત બાર કરવો અને ન્યાત બારના કારણસર કોઇના લગ્ન રદ કરી, તેની ઓરત ઉપરના હક છીનવી લેવા, એથી વધારે જુલમ શું હોઇ શકે ? આવી હકીકતે પોરબંદરની કાઉન્સીલે પ્રતિવાદીયણના છુટા છેડાનો જે ઠરાવ કર્યો છે તે, ન્યાયની કોર્ટમાં કામ ન આવે અને તે તદન નકામો છે. વળી પ્રતિવાદીઓની ખરી ખુબી તો એ દેખાય છે, કે વાદીએ પ્રતિવાદી સામે તા. ૯–૬–૧૩ નું કલ્યાણપુર કોર્ટનું હુકમનામું મેળવ્યા પછી તા. ૧૬–૧૧–૧૩ ના રોજ પોરબંદરની કાઉન્સીલ લગ્ન રદ કરવાનો ઠરાવ કરે છે. શું આગાખાની જમાતવાળા એમ સમજે છે કે ન્યાયની કોર્ટના હુકમનામા થયા પછી, તેઓની જમાતોને તે હુકમનામાઓ રદ કરવાનો અખ્તિઆર છે ?

હવે છેલા મુદા બાબતમાં એટલે આ દાવામાં શું હુકમ થવો જોઇએ, તે બાબતમાં હું અરજ કરૂં છું કે, પ્રતિવાદીયણ વાદીને તાબે થાય અને લગ્નના હક પુરા કરે એવું હુકમનામું અમોને મળવું જોઇએ. મી. મુનશી કહે છે તે પ્રમાણે, વાદી વિરૂધ્ધ કોઇ પણ જાતની શરત થઇ શકેજ નહિં અને તેવી શરત કરવાની કેસની હકીકત જોતાં જરૂર પણ નથી.

૨૭ અલાહબાદ પાનું ૯૬ તરફ હું આપનું ધ્યાન ખેંચું છું અને લગ્નની બાબતમાં કોઇ આવી શરતની જરૂર નથી. જો એમ કહેવામાં આવે કે, વાદી આગાખાની જમાતમાં દાખલ થાય તોજ પ્રતિવાદીયણ વાદીને કબજે થાય; તો એનો અર્થ એટલોજ કે, જો વાદી આગા સાહેબના કર ભરે અને પોતાના મનની સ્વતંત્રતા પણ મુકી, જુલમ નીચે દબાઇ રહેવાનું કબુલ કરે તોજ, તેને તેની ઓરત મળે.

નામદાર સાહેબ ! જો આવી શરત હુકમનામામાં મુકવામાં આવે તો, આગા સાહેબના બોજા પાસેના કર લેવાના હકને, એક ન્યાયની કોર્ટની છાપ આપવા જેવુંજ થાય છે. કર ન આપે માટે ન્યાત બાર કરે, અને તે કારણસર તેની ઓરત લઇ લે અને જો ન્યાયની કોર્ટ એમ ઠરાવે કે, આગાખાની તડામાં દાખલ થયા સિવાય તેની ઓરત તેને મળે નહિં, તો તેથી વધારે કયો જુલમ હોઇ શકે ? માટે આ બાબતમાં કાંઇ પણ શરત વગર લગ્નના હક પુરા કરવા માટે પ્રતિવાદીયણ વાદીને તાબે થાય; તેવું ખર્ચ સહીત અમારા લાભમાં હુકમનામું કરી આપવાની મે. કરશો.

મી. ચીનાઇનું ભાષણ પુરૂં થયા પછી મી. મુનશીએ ફરી થોડુ વિવેચન કીધું હતું પણ તેનો સારાંશ મી. મુનશીનું ભાષણ જે અમોએ અગાઉ છાપેલું છે તેનો તેજ હોવાથી અમે તે ફરી છાપવાની જરૂર ધારતા નથી.

અમારી નોટ.

આ પ્રમાણે બંને પક્ષના વકીલોની દલીલ થઇ ગયા પછી તા. ૨૭–૬–૧૬ ના રોજના પ્રોસીડીંગથી કેસ ફેસલો આપવા પર રાખવામાં આવ્યો. આ કેસની અંદર જુનાગઢ દીવાની અદાલતને આ દાવો સાંભળવા હકુમત નથી એવો પ્રતિવાદી તરફથી કોઇ વખત કોઇ પણ જવાબે વાંધો લેવામાં આવ્યો નહોતો.

પ્રતિવાદીના જવાબમાં પુરાવામાં કે, છેવટની દલીલમાં પણ પ્રતિવાદી તરફથી મી. મુનશી બેરીસ્ટર, પુરૂષોત્તમ માવજી વગેરે બીજા વિદ્વાન વકીલો છતાં, તેમને કોઇને હકુમતનો વાંધો લેવાનુ સુઝયું નહિં અને કોર્ટને વાદીના કમનસીબે હકુમત સબંધે શકા થઇ.

ઉપરનુ તા. ૨૭-૬-૧૬ નું પ્રોસીડીંગ કર્યા પછી કોર્ટે તા. ૨૭-૮-૧૬ નું પ્રોસીડીંગ નીચે પ્રમાણે કર્યું.

અદાલતનું પ્રોસીડીંગ.

" તા. ૨૭-૮-૧૬. આજ રોજ કામ રજુ, આ કામ ફેસલો લખવા ઉપર બાકી છે. કાગળો વાંચતાં, અગર જો કે, એકે પક્ષ તરફથી અને ખાસ કરીને સામા પક્ષ તરફથી Jurisdiction નો સવાલ ઉઠાવવામાં આવેલ નથી; તો પણ અદાલતને યોગ્ય જણાય તો તે, સબધમાં બંન્ને પક્ષનું સાંભળવાની જરૂર જણાય છે. માટે એ સબંધમાં બંને પક્ષની રજુવાત સાંભળવા ઠરાવ્યું. સબબ તે ખબર બંને પક્ષના વકીલોને આપી, આ કામ Jurisdiction સબંધી બંને પક્ષની દલીલ સાંભળવા માર્જીનમાં લખી તારીખ ઉપર (તા. ૨૫-૮-૧૬) મુલતવી રાખવું. "

તે પછી તા. ૬-૯-૧૬ ના રોજ હકુમત સબંધી દલીલ થવાની હતી; પણ પ્રતિવાદીના વકીલ મી૰ પુરૂષોતમ માવજીએ એક દીવસની મુદત માગવાથી કેસ તા. ૭-૯-૧૬ ના રોજ રાખવામાં આવ્યો અને તે તારીખે હકુમત સબંધી જે દલીલ થઇ તેની ટુંકી નોટ આ નીચે છાપી છે.

વાદી વકીલ મી. ચીનાઇની દલીલનો ટુંક સાર.

હકુમતના સબંધમાં મી૰ ચીનાઇએ પોતાની દલીલ ટુંકામાં નીચે પ્રમાણે કરી હતી.

પ્રતિવાદીયણ નુરબાઈ આપ ખુશીથી તે ખરેખર આ કોર્ટની હકુમતમાં દાવો થયા પહેલાં, ઘણા વખતથી રહે છે અને ગુજરાનને માટે કામ કરે છે અને તે હકીકત સાબેત કરવા માટે ખુદ નુરબાઇ પોતે આં. ૧૧ ની તેની જુબાનીમાં નીચે પ્રમાણે લખાવે છે.

" હાલ હું હબીબ શેઠને ત્યાં વર્ષ દીવ-
" સથી છું. અહીં અમારૂં કોઇ સગું નથી.
" મારા માવતર દુબળાં છે એટલે પેટ
" ભરવા આહીં આવું છું હબીબ શેઠને
" ત્યાં નોકરી કરૂં છું અને પેટ ભરૂં છું.
" પેટ વડીએ રહુ છું. "

ઉપર પ્રમાણે પ્રતિવાદીયણ પોતે આંહી ગુજરાનને માટે કામ કરે છે અને આપ ખુશીથી રહે છે અને જ્યારે નુરબાઇ પોતે આં. ૨૩ ની તેની જુબાનીમાં કહેછે કે, પોતે કામી ખાવાને આંહી આવી છે ત્યારે આ કોર્ટને કેવી રીતે હકુમત નથી એ હું સમજી શકતો નથી ?

કલ્યાણપુર કોર્ટનું આં. ૨ નું હુકમનામુ પણ દાવા અરજી સાથેજ રાખેલું છે; તેથી પણ નુરબાઇ સામે આ કોર્ટમાં દાવો થઇ શકે છે.

આ કામમાં અવલ જપ્તી સામે નુરબાઇએ તેની વાંધા અરજીના પારા ૨-૩ માં નીચે પ્રમાણે કહેલુ છે.

" (૨) વાદીના લાભમાં હુકમનામું, ન બજવા દેવાના બદ ઇરાદાથી, હું ભાગીને આંહી આવી છઉ અને આહીંયા પણ તેજ

ઈરાદાથી નાશી જવાની છઉં એ હકીકત પણ તેણે ખોટી જાહેર કરેલી છે "

" (૩) આજ લાંબા વખતથી મહારા ગુજરાન અર્થે આંહી આવીને રહી છઉં અને છુપી ફરતી નથી, પરંતુ અમારી આખો જ્ઞાતી જાણે છે. તેમની જાહેર રીતે રહેલી છઉં અને વ્યવહાર ચલાવું છું."

આ ઉપરથી કોર્ટને સ્પષ્ટ હકુમત છે ને તેથી આ કોર્ટ આ દાવો સાંભળી શકે છે.

પ્રતિવાદીયણના વકીલ મી. પુરૂષોત્તમ માવજીની દલીલનો ટુંકસાર

મી૦ ચીનાઇની દલીલના જવાબમાં મી૦ પુરૂષોતમ માવજીએ કહ્યું હતું કે પ્રતિવાદીયણ આપ ખુશીથી આંહી રહેતી નહોતી પણ વાદીના બીકથી પોતે આંહી આવેલી હતી ને હબીબ શેઠને ત્યાં મેમાન દાખલ રહેલી હતી. અને તેથી આ કોર્ટ આ દાવો સાંભળી શકે નહિ.

ઉપર પ્રમાણે વકીલોની દલીલ થયા પછી કોર્ટે તા. ૭-૯-૧૬ ના ઓરસીડીંગથી કેસ ફેસલા ઉપર મુલતવી રાખ્યો હતો. વળી તા. ૭-૧૦-૧૭ ના રોજ કોર્ટને પોતાની કેજે શંકા ઉઠી અને પ્રતિવાદીયણ નુરબાઇ અને હબીબ શેઠની જુબાની લેવા માટે જરૂર ધારી તેની જુબાની લેવા ઉપર કામ મુલતવી રાખ્યું.

તે પછી તા. ૧૮-૧૧ ૧૬ ના રોજ વાદી તરફથી આંક ૧૩૫ ની અરજી આપવામાં આવી, તે ઉપર કોર્ટે શેરો કર્યો, તે શેરા સહીતની અરજી નીચે પ્રમાણેની છે.

સ્ટાંપ ચાર આના.

વાદીએ અદાલતને સાક્ષીઓ લેવા આગમજ આપેલી અરજી

મો મુ. ન. $\frac{૧૦૯}{૭૦}$ આંક ૧૩૫

શ્રી સોરઠ સરકાર બાબી બાહાદુર સવ જુનાગઢની મે. દીવાની અદાલતમાં મુ. જુનાગઢ.

ખોજા કાસમ કાનજી રે. રાણાવાવ { વાદી.

વિરૂધ્ધ

ખોજણ નુરબાઇ મેઘજી { પ્રતિ

ઓરત કબજે લેવા તથા લગનના હકકો પુરા કરવા બાબત.

મજકુર લખેલ વાદીની ગાનસર અરજ એ છે જે, તા. ૧૨ ૧૨-૧૩ ના રોજ આપની કોર્ટમાં અમે આ દાવો કરેલો છે.

દાવો દાખલ કરતી વખતે પ્રતીવાદીયણ નુરબાઇ આ કોર્ટની હકુમતમાં રહેતી હતી તેના હાજર જામીન લેવાયેલ અને કોર્ટે પ્રાઈમસી તપાસ કર્યા પછી તે જામીનનો હુકમ કાયમ પણ કરેલ છે.

દાવો દાખલ થયા પછી આશરે બેમાસ પછી એટલે તા. ૨-૨-૧૪ ના રોજ પ્રતિવાદીયણ નુરબાઇની જુબાની થઇ છે. તેમાં તે લખાવે છે કે " હાલ હું હબીબ શેઠને ત્યાં બરસ દીવસથી છું આંહી અમારૂં કોઇ સગું નથી

મારા માવતર દુબળાં છે એટલે પેટ ભરવા આંહી આવી છું હબીબ શેઠને ત્યાં નોકરી કરૂં છું અને પેટ ભરૂં છું. પેટવડીએ રહું છું ”

આ શબ્દો સ્પષ્ટ અને ખુલ્લા છે. દાવો દાખલ થવા પછી, બે મહીના પછી, પ્રતીવાદી જુબાની આપે છે કે, વરસ દીવસથી આંહી છું એટલે દાવો દાખલ થયા પહેલાં દસ મહીના સુધી પ્રતીવાદીયણ આંહી હબીબ શેઠને ત્યાં રહી હતી અને પેટ વડીએ નોકરી કરતી હતી.

આ દાવો ચાલતાં આ બીજું વર્ષ પુરૂં થવા આવ્યું. બે વરસ સુધી ઘણુંજ લંબાણથી કેસ ચાલ્યા પછી દલીલ થઇ ગઇ અને કેસ ફેસલા ઉપર રાખવામાં આવ્યો હતો; ત્યાં સુધીમાં આ કોર્ટને આ દાવો સાંભળવા હકુમત નથી, એવો એક શબ્દ પણ કોઇ પણ પક્ષના વકીલ તથા કોર્ટ તરફથી બોલવામાં આવ્યો નથી.

આપ નામદારના જાણવામાં હશે કે, પ્રતીવાદી પક્ષ તરફથી તમામ ખર્ચ આગા સાહેબ તરફથી આપવામાં આવશે, એમ પ્રતિવાદીની પોતાની જુબાનીમાં કહેવામાં આવ્યું છે નુરબાઇ કહે છે કે “ મારી પાસે કોઇ મીલ્કત નથી. દાવાનું ખર્ચ આગા સાહેબ આપશે ” અને આવી રીતે અખુટ પૈસાના ભંડારની મદદથી નુરબાઇ તરફથી આ કેસમાં બાહોશ બહાર ગામના અને અનુભવી બેરીસ્ટરો અને વકીલોની તેમજ સ્થાનીક અનુભવી વકીલની મદદથી નુરબાઇનો કેસ ચલાવવામાં આવ્યો હતો.

આમાંના કોઇ વકીલ બેરીસ્ટરને કેસની દલીલથી કેસ ફેસલા ઉપર ગયો ત્યાં સુધી, અગર તે પછી પણ, આ કોર્ટની હકુમત નથી એવું લાગ્યું નહોતું અને તેથી જવાબમાં વાંધાઓમાં, પુરાવામાં, કે દલીલમાં કોઇ પણ વખતે તેમના તરફથી આ બાબતનું કોઇ સુચન પણ કરવામાં આવ્યું નહોતું.

આપ નામદારે આ કોર્ટનો ચાર્જ લીધો તે પહેલાં આ કેસ મહેરબાન કાન્તીલાલ ભાઇ જે હાલ વંથલીના મુનસફ છે તેમની પાસે ચાલતો હતો અને જો કે તેઓ સાહેબ હકુમત વીગેરેની બાબતોમાં બહુ બારીકીથી જોનાર છે; છતાં તેમને પણ હકુમતની ખામી લાગી નહોતી. તેમણે વારંટનો હુકમ કાયમ કર્યો હતો અને કેસ આગળ ચલાવવામાં આવ્યો હતો.

આપ નામદારને ફેસલો લખતી વખતે, અગર તે અરસામાં હકુમતના પોઇન્ટની શંકા ઉઠી લાગે છે અને તેથી આપે તે બાબતનો મુદ્દો કાઢી તેના ઉપર સુનાવણી પણ લીધી છે

આ સુનાવણી થયા પછી આપ નામદારે પ્રતીવાદીયણની તેમજ હબીબ શેઠની જુબાની લેવાની જરૂર લાગે છે અને તેથી તેઓની જુબાની લેવા માટે, તારીખ મુકરર કરવામાં આવી. કોર્ટને શું શંકા થઇ? શા કારણથી આ જુબાની લેવી છે અને કઇ બાબતના સવાલ પૂછવાના છે એ બાબતનું પ્રોસીડીંગમાં કોઇ સ્પષ્ટિકરણ થયેલ નહીં હોવાથી, અમો તો અંધારામાંજ છીએ.

જુબાનીની તારીખે પ્રતીવાદીયણના વકીલ આવીને, આપને અરજ કરે છે કે, નુરબાઇનો આંહી છે નહીં; માટે તેને હાજર કરવાની તક મળવી જોઇએ અને તેથી તે કારણથી તેને મુદત આપવામાં આવી.

જે નુરબાઇ દાવો કર્યા પહેલાં દસ મહીના થયા આહીં રહેતી હતી, જેના માવતર દુબળાં હોવાથી અને ગુજરાનનું સાધન નહીં હોવાથી પેટવડીએ નોકરી કરીને, જે આંહી જુનાગઢમાં રહેતી હતી, તેને શા કારણથી અને કેવા સં-

જોગોમાં અને કયારે આંહીથી ભાગી ગઇ તે વિચારવા જેવું છે.

આ કેસમાં જે પુરાવો પડયો છે, જે પ્રોસીડીંગમાં કંઇ ખુલાસાના અભાવે કઇ રીતે અપુર્ણ છે એ અમને સમજાતું નથી. માટે આપ નામદાર મે. કરીને કઇ બાબતમાં હબીબ શેઠની અને નુરબાઇની જુબાની લેવાની છે અને કોર્ટે પોતાની મેળે લેવાની છે કે પક્ષકારોના વકીલ પાસે લેવરાવવી છે, તે ખુલ્લું અને સ્પષ્ટ લખાવાની મહેરબાની કરશો.

જો કોર્ટને પોતાની મેળેજ સવાલ પુછવા ના હોય તો, પછી અમારે જે કરવું હતું અને પુછવું હતું તે પુછાઇ ગયું છે અને વધારે કાંઇ પુછી શકીએ એવું અમને લાગતું નથી તેથી નામદાર કોર્ટને યોગ્ય લાગે, તે સવાલ સાહેદોને પુછી લેશો અને મે. કરીને નામની હાજરીની ફરજમાંથી અમને મુક્ત કરવાની મે. કરશો એજ વીનંતી તા. ૧૮-૧૧-૧૬

ખોજા કાસમ કાનજીના કુલ મુખત્યાર
એદલજી ધનજીની સહી દા. પોતે

રજુ કરનાર

ખોજા કાસમ કાનજીના કુલ મુખત્યાર
એદલજી ધનજી ૧૮-૧૧-૧૬

શેરો.

હકુમતનો પ્રશ્ન કાગળો વાંચતા કોર્ટને ઉઠયો હતો અને તે ઉપરથી બન્ને પક્ષની રજુવાત સાંભલી હતી. તે પછી રજુઆતમાં જે સ્વરૂપમાં દલીલ મુકાઇ હતી તે અને જુબાની ધ્યાનમાં લેતાં, તે સંબંધે કોર્ટને વધારે સ્ફુટ કરવાની જરૂર જણાતાં પ્રતિવાદીયેણુ ને શેઠ હબીબ કાસમની જુબાની માટે તારીખ નીમી હતી. કોઇ પક્ષકારને કોઇ જુબાની શરૂ કરવાની નથી. કોર્ટ પોતે સાહેદોને પુછશે અને તે વખતે બન્ને પક્ષને તે સંબંધે કાંઇ સવાલ સુચવવા હોય તો, તેઓ તેમ કરી શકે, તે સાથે તેમજ કામ ચાલે. તે વખતે બન્ને પક્ષની હાજરી હોય તો, સારૂં તે સાથે બન્ને પક્ષની હાજરીની જરૂર ધારવામાં આવી છે અને હાજર રહેવાનું જરૂરનું છે; છતાં નામની હાજરી કેવી રીતે ગણવામાં આવે છે, તે સમજાતું નથી; તેથી અરજદારને ઉપર મુજબની રૂબરૂમાં સમજુત આપવામાં આવી, ને તેમને શું કરવાનું છે તે સમજાવ્યું એટલે રીમાર્ક સાથે આ અરજી કામમાં સામેલ તા. ૧૮-૧૧-૧૬

(સહી) છોટાલાલ દુલભજી
જુ. દી મુ.

ખોજા કાસમ કાનજીના કુલ મુખત્યાર એદલજી ધનજી.

આ અરજી આપાયા પછી હબીબ શેઠ અને નુરબાઇની જુબાની લેવામાં આવી અને તે જુબાનીઓ નીચે પ્રમાણે હતી.

શેઠ હબીબ કાસમ રે. જુનાગઢ ની જુબાની.

સ્વસ્થાન જુનાગઢની દીવાની અદાલતમાં

મો. મુ. નં. $\frac{૧૦૯}{૭૦}$ આંક ૧૩૭

હું ખુદાને હાજર જાણી કહું છઉં, કે જે કહીશ તે સાચું કહીશ. સાચા શીવાય બીજું કહીશ નહી. જુઠું બોલું તો ખુદા પુછે.

મહારૂં નામ હબીબ. મહારા બાપનું નામ કાસમ. મહારો ધર્મ મુસલમાન. મહારી જાત ખોજો. મહારી શાખ લેરાણી. મહારો ધંધો નોકરી. મહારી ઉમર વર્ષ ૪૭. મહારે રહેવાનું ગામ જુનાગઢ

જુ દી. મુ. રૂ. લ. છું. કે—

કોર્ટની ત. માં—નુરબાઇ ખાખરડાની રહીશ છે. તે ખાખરડા કયા સ્ટેટ તાબાનું તે મને ખબર નથી. તે બે.જી છે તેથી હું ઓલખું તે અમારી ગ્નાતીમાં છે. બાઇ પોતે અહીં જમાત ખાનામાં આવી હતી; તેથી મારે તેને ઓળખવાનો પ્રસંગ બન્યો છે. કેસ તેના ઉપર દાખલ થયા પહેલાં ૭ ૮ મહીના મોર આવી હતી. પોતાનો ધણી અશનાશરી બની ગયો છે માટે પોતાને ફારગતી મલવી જોઇએ, ને કારણે તે આવી હતી જમાતમાં ઇન્સાફ ખાતાનો હું ઉપરી છું. તેથી અને નામદાર આગાખાન સાહેબ તરફથી મને વારસ નીમેલ છે, તેવા હું તે જાણું છું. બાનેથી મારી પાસે ઘેર આવી કહ્યું કે ફારગતી દેવી જોઇએ. તેને મેં જવાબ દીધો, કે તું પોરબંદર તાબાની છે માટે તારે ત્યાં ફરીયાદ કોન્સીલમાં કરવી જોઇએ. પછી તે પોરબંદર ગયેલ. ને ત્યાંથી કોન્સીલે તેને ફારગતી દીધી છે. ત્યાંથી ૧૦-૧૫ કે ૫-૭ દીવસમાં તે પાછી આવેલ. પછી તે મારે ત્યાં જમતી હતી, તે સુતી બેસતી; પણ મારે ઘેર હતી. તેના ધણીની દહેશત હતી એટલે મેં મેમાન તરીકે તેને મારે ઘેર રાખી હતી. મારે ઘેર નોકર તે ન હતી. કેસ ચાલ્યા પછી તે અહીંજ છે; પણ વચમાં પોતાના માવતરે કે સગાગાં જતી આવતી હતી. હું તેને પગાર આપતો નથી. મારા ઘરમાં તે બેઠી હોય તો સાધારણ કામ કરે.

વા; વ. ની. ત. માં—તેને બીજે રહેવા જગ્યા નહોતી, કે તે રહે. તેથી તે આંહી આવી હતી. પાણી ભરવા મારે ઘેરથી જતી હોય તો મને ખ્યાલ નથી. વખતે ગઇ હોય તો, હું ચોકસ કહી શકતો નથી નુરબાઇને કેસ લડવામાં મદદ જમાત કરે છે ને જમાતનો મુખી હું છું. ખર્ચ જમાત તરફથી અપાય છે.

પ્ર. ના. વ. ની. ત. માં—ફારગતી પોરબંદરથી બાઇને કેસ ચાલ્યા હરોલ આશરે બે મહીને મલી હશે. મારે ત્યાં પાણી ભરનાર પગારદાર નોકર છે વલી ઘરમાં નંગ છે ને ધોબી પણ નોકર છે. તા. ૧૮-૧૧-૧૬

મારા રૂબરૂ

હબીબ કાશમ.   છોટાલાલ દુલભજી

જુ. દી. મુ.

પ્રતિવાદીયણ નુરબાઇ મેઘજીની જુબાની.

સંસ્થાન જુનાગઢ દીવાની અદાલત.

પ્રતીવાદી ખુદ

મુકરદમા નંબર ૧૦૯

આંક ૧૩૮

હું ખુદાને હાજર જાણી કહું છું, કે જે કહીશ ને સાચું કહીશ. સાચા શીવાય બીજું કહીશ નહીં. જુઠું બોલું તો ખુદા પુછે.

મહારૂં નામ નુરબાઇ. મહારા બાપનું નામ મેઘજી મહારો ધર્મ મુસલમાન. મહારી જાત ખોજા. મહારી શાખ વેરતીયા. મહારો કસબ ઘરકામ. મહારી ઉમર વર્ષ ૧૮ અઢાર. હું રહેવાસી ખાખરડા

× + × +

(તા. ૧૮-૧૧-૧૬ ના રોજ થયેલ જુબાનીની નકલ)

હું આજ રોજ પ્રતીજ્ઞા ઉપર લખાવું છું કે—

કોર્ટની ત. માં—જુનાગઢ આવવાનું કારણ એ છે, કે મારો ધણી તીનાશરી થઇ

ગયો તેથી આવી છું હું અહીં નાતની રજા લેવા આવી હતી. નાતે પોરબંદરની નાત ફેંસલો કરશે એમ કહેલ; તેથી પોરબંદર ગયેલ. પોરબંદર વાળાએ કહ્યુ કે, જુનાગઢ જા ત્યાં નીકાલ થઇ જાશે; તેથી જુનાગઢ આવી. પોરબંદરની ફારગતી થયા પછી અહીં હોવાનું કારણ કે, મારે કામ કરી રોટલા ખાવાને અને ત્યાં થોડા દીવસમાં દાવો થયા પછી અહીં રહેવું પડયું. પગાર મને કાંઇ મલ્યો નથી. કામ તો હું કાંઇ કરતી નથી. હમણાં પાંચ દીવસ પરગામથી આવી છું. ને શેઠને ઘેર રોટલા ખાઉં છુ. દાવો થયો ત્યારે શેઠને ત્યાં નોકરી કરતી નહીં. રોટલો ખાતીને ઘરમાં ટાંકા ટીપી કરતી.

વા. ના વ. ની ત. માં—મારા દાદાની રજા લઇને ગઇ હતી "મે કહ્યું રોટલો દયો તો ભલાં; નહી તો; કામી ખાઇશ. તે કહે અમારે ત્રેવડ નથી. મલક પડયો છે. જા કામી ખા. ખાખરેચેથી જામનગર ગઇ. ત્યાં એક રાત રહી. ગાડી માં બેસીને અહી આવી" એવું મેં અગાઉ લખાવ્યું હશે. અત્યારે યાદ નથી.

"હાલ હું હબીબ શેઠને ત્યાં વરસ દીવસથી છું. અહીં અમારે કોઇ સગું નથી. મારા માવતર દુબળાં છે એટલે પેટ ભરવા અહી આવી છુ. હબીબને ત્યાં નોકરી કરું છું અને પેટ ભરૂં છું પેટ વડીએ રહું છું" એવું અગાઉ લખાવ્યું હતું કે કેમ, તેના જવાબમાં કહું છું કે, મને યાદ નથી મેં મારી જાતથી લખાવ્યું નથી તેમ કોઇએ લખ્યું હોયતો ખરૂ. હબીબ શેઠને ત્યાં પેટ વડીએ નોકર રહી નથી. તેમ મેં કહ્યું પણ નથી જુનાગઢ રાજીખુશીથી આવી હતી. કાસમના દાવાની મને ખબર નહોતી. બીકથી નથી આવી.

પ્ર. ના. વ. ની. ત. માં—તીનાસરી થઇ ગયો હતો; તેથી આવી. નાત પાસે આવી હતી નાતે કહ્યું જાવું હોય તો જા. મારો ધણી તીનાસરી થઇ ગયો નહોત; તો હું આવત નહીં. આવવાનું કારણ કે તે તીનાસરી થઇ ગયો; તો મારે કેવી રીતે જવું ? તીનાસરી થઇ ગયો, ને ત્યાં ન રહી ને અહીં આવી; તે મારી ભુલ છે ત્યાં રહી શકાત. નાતની પરવાનગી લેવી પડે કે કેમ તે મને ખબર નથી. મારા બાપે મને અહીં મોકલી નથી. પોરબંદર હું ખાખરેચેથી ગઇ હતી. જુનાગઢથી ગઇ નથી. ખાખરેચેથી પોરબંદર જવાનું કારણ કે, મારો ધણી તીનાસરી થઇ ગયો ને મારે તેના ભેગું નહોતું જવું તેથી ગયેલ. મારો ધણી નાતમાં નથી તો મારે શું કરવું ? તે કહેવા ગયેલ હતી. તા. ૧૮-૧૧-૧૬ મારા રૂબરૂ

(સહી) છોટાલાલ દુલભજી

જુ. દી. સુ.

નુરબાઇ મેગજીની સઇ તેના રૂબરૂ કેવાથી
દા. અબદલકરીમ

આ જુબાનીઓ થયા પછી વળી કેસ ફેસલા ઉપર રાખવામાં આવ્યો અને છેવટે તા. ૩૦-૧-૧૭ ના રોજ કોર્ટે હકુમતના મુદદા ઉપરથી દાવો રદ કર્યો. તે ફેંસલાની નકલ નીચે પ્રમાણે છે. ફેંસલામાં કેટલે અંશે ન્યાય થયો છે, તે આસપાસની હકીકતો જોઇને અને કેસના કાગળો, જે અમે છાપેલા છે, તે વાંચીને વિચારવાનુ કામ જાહેર લોકોનું જ છે અને તેનો વિચાર જાહેર લોકો કરશે એમ અમને આશા છે. આ બાબતમાં વાદી કાસમ કાનજીએ અપીલ કરી છે અને યોગ્ય ન્યાય મેળવવા માગે છે અને તે બાબતના કામોની નકલો, જેમ જેમ અમને મળશે, તેમ તેમ છાપીને અમો જાહેર કરશું.

વાદી કાસમ કાનજીએ આપેલું મુખત્યાર નામું

આંક ૧૩૬

ચાર આના સ્ટેમ્પ.	ચાર આના સ્ટેમ્પ

૨૦ નાં. $\frac{૧૭૫}{૭૦}$ (સી) ખ. ખોજા કાસમ કાનજી

રે. રાણાવાવ હા. પોતે તા. ૧૩-૭-૧૪ રૂ ૨

જુનાગઢ ફોજદારી સીકો.	ચત્રભુજ હંસરાજ પારેખ જુ સ્ટે. વે. 1686

બે રૂપીઆનો સ્ટાંપ	આઠ આના સ્ટેમ્પ.

કુલ મુખત્યાર નામું.

હું ખોજા કાસમ કાનજી રે. રાણાવાવ. આ લેખ ઉપરથી અમરેલીના રહીશ ખોજા એદલજી ભાઇ ધનજીને મારે સારૂ તથા મારા નામ તેમજ મારી તરફથી કોઇ પણ અદાલતમાં અથવા ઇનસાફની કચેરીમાં હાજર રહેવા, જવાબ આપવા, અરજ એવાલ કરવા અને સર્વ પ્રકારની પ્રોસીસ લેવાં સારૂ અને સાધારણ રીતે એ દરેક વખતે હું જાતે હાજર હોઉં, તો એ રીતે મને ફરમાવ્યા પ્રમાણે અથવા પરવાનગી મુજબ, જે હું કરી શકત તેવા સર્વ પ્રકારના કામ કરવા માટે ખરો અને કાયદા પ્રમાણે કુલ મુખત્યાર ઠરાવું છું અને આપું છું. આ વાતની સાક્ષીને સહી આજ તા. ૧૩ મી જુલાઇ સને ૧૯૧૪ ના રોજ મેં મારી સહી કરી છે દા. વકીલ જેઠાલાલ પ્રાગજી તે કાસમ કાનજીના રૂબરૂ કેવાથી.

સહી

૧ ખોજા કાશમ કાનજીનીસહ દઃ પોતાના

સાક્ષી

૧ ચત્રભુજ હંસરાજની શાખ તે કાસમ કાનજીના રૂબરૂ કેહેવાથી

જુનાગઢ ફોજદારી સીકો.	In my Presence Sd C. B. Patel,

City Magistrate Junagadh.

અસલ ઉપરથી ખરી નકલ રજુ કરનાર

ખોજા કાસમ કાનજીના કુલ મુખત્યાર એદલજી ધનજી તા. ૧૮-૧૧-૧૬

શેરો.

મો. મુ. નાં. $\frac{૧૦૯}{૭૦}$ માં દાખલ તા. ૧૮-૧૧-૧૬

(સહી) વ્યંકટરાય.

શી.

આ કેસનો જજમેન્ટ.

સંસ્થાન જુનાગઢ—દીવાની અદાલત.

મો. મું. નં. $\frac{૧૦૯}{૭૦}$ આંક

ફાઇલ તા. ૧૩–૧૨–૧૩ જજમેન્ટ.

ફેસલ તા. ૩૦–૧–૧૯૧૭

ખોજા કાસમ કાનજી ઉ. વ ૩૦ ધંધો વેપાર રે. રાણાવાવ પોરબંદર તાબે. } વાદી

વિરૂધ્ધ

૧ ખોજણ નુરબાઇ મેઘજી ઉ. વ. ૨૫ ધંધો ઘરકામ રે. જુનાગઢ } પ્રતિ૦

દાવો રા. ઓરત કબજે લેવા બાબત.

આ કામના વાદીએ એવી મતલબની દાવા અરજી રજુ કરી છે કે, પ્રતિવાદણ સાથે મારા કાયદેસર લગ્ન સં. ૧૯૬૧ ની સાલમાં થયેલ છે. લગ્ન થયા પછી તે મારે ઘેર રહેતી અને અમો ધણી ધણીઆણી તરીકે વર્તતા હતા. ત્યારબાદ હું ધંધા અર્થે આફ્રિકે ગયો અને મારી ઓરત મારા બાપ સાથે રહેતી હતી. સં. ૧૯૬૮ ની સાલ આખરના અરસામાં મારી ઓરતનો કાકો, ગોવા ડાહ્યા મારી ઓરતને આંટો દેવાનું બહાનું કાઢી તેડી ગયો અને પાછી મોકલી નહિ. આફ્રિકેથી પાછો આવ્યા પછી મારી ઓરતને મારે ત્યાં આવવા કહેવરાવ્યું અને તેડવા પણ ગયો; છતાં આવી નહિ. તેથી સ્વ જામનગરના ગામ કલ્યાણપોરની કોર્ટમાં તેણીને કબજે લેવા, મુ. નાં. $\frac{૬૨}{૭૦}$ મેં દાવો કરતાં; તા. ૯-૬-૧૩ ના રોજ મારા લાભમાં હુકમનામું થયું. સદરહુ હુકમનામું બજાવવાનો પ્રસંગ આવ્યો; એટલામાં પ્રતિવાદીયણ ત્યાંની હકુમત છોડી નાશી જઇ, આંહી આવી રહેલ છે. માટે તેણીને કબજે સોંપાવવા અરજ છે. સદરહુ દાવા અરજી શામેલ આંક. ૧

સમન્સ બજતાં પ્રતિવાદણ તરફથી આંક નો જવાબ રજુ થયો છે. જેમાં તેણીએ એક તરફી હુકમનામા ઉપરથી દાવો ચાલી શકે નહિ વાદીએ લગ્નના કરારમાં ભંગ કર્યાનું વિગેરે મતલબે જણાવેલું છે જેથી તકરારી બાબતો નો નિર્ણય કરવા આંક ૧૨ ના નીચેના મુદ્દા કાઢવામાં આવ્યા.

પ્રતિવાદણ આંહી આવી શેઠ હબીબ કાસમને ત્યાં રહેતાં; તેમને પ્રતિવાદી પક્ષમાં વાદીએ દાખલ કરેલ અને તે પરથી તેમને સમન્સ કરતાં; તેમણે આંક. ૮ નો જવાબ રજુ કરી પોતાને પક્ષકારમાંથી કમી કરવા માગણી કરેલ અને તે સબંધમાં બન્ને પક્ષને સાંભળી, શેઠ મોસુફને તા. ૧૨–૨–૧૪ ના પોસીડીંગે હુકમ થયા મુજબ; પક્ષકારમાંથી કમી કરેલ છે.

મુદ્દા.

(૧) વાદી સાથે પ્રતિવાદીના કાયદેસર છુટા છેડા થયાનું સાબેત છે કે કેમ ?

(૨) વાદી ખાનાઇ મટી મસીતીઓ થવાથી ધર્મ ભ્રષ્ટ થયો ગણાય કે કેમ ?

(૩) તેમ સાબેત થાય તો વાદી પ્રતિવાદી વચ્ચેના લગ્ન સબધને કાંઇ અસર થાય છે કે કેમ ? અને શું ?

(૪) વાદીને કાંઇ દાદ મળી શકે છે કે કેમ ? અને શું ?

(૫) આ દાવો સાંભળવા આ અદાલતને હકુમત છે કે કેમ ?

ઉપરના મુદ્દાનો અમારો નિર્ણય નીચે મુજબ છે.

(૧-૨-૩) પાંચમા મુદ્દાને પરિણામે નિર્ણય કરવાની જરૂર નથી.

(૪) દાવો હકુમતના કારણે રદ થવો જોઇએ.

(૫) નકારમાં.

કારણો.

આ દાવો વાદીએ ઓરત કબજે લેવાનો કર્યો છે. પક્ષકારો ખોજા કોમના છે. તે કોમમાં બે તડા પડી ગયા છે. એક તડો ખાનાઇ કહેવાય છે ને બીજો તડો મસીતીઆ નામે ઓળખાય છે. આ બે તડા ધર્મની માન્યતાને અંગે થયેલ છે. અને જ્યાં ધર્મ સબંધી એક કોમમાં મતભેદ પડતાં; જુદાં તડ પડી જાય છે તો પછી એક બીજા તડ વચ્ચે કેવી રીતની હરીફાઇ હોય છે તેમજ પોતાના તડમાં માણસો કેમ વધે; અગર કાયમ રહે, તે સબંધે કેવા પ્રયાસ ચાલે છે તે સબંધે વિવેચન ખાસ કરવા જરૂર નથી. તે સહેજ સમજી શકાય તેવી બાબત છે. આ દાવાનો જન્મ બે તડ વચ્ચેની હરીફાઇનું પરિણામ છે. વાદી કે પ્રતિવાદીયણ આ કેસ લડતા નથી; પણ મસીતીઆ પક્ષ ને ખાનાઇ પક્ષ આ લડત કરે છે તે સબધે ખાસ લખવા જરૂર નથી. વાદી ખુદ આફ્રીકામાં છે તેના તરફથી તેના મુખત્યાર મી. કાબા છે. જે મસીદીયા પક્ષમાં એક આગેવાન છે. પ્રતિવાદીયણ એક ગભરૂ સ્ત્રી છે. તેના તરફથી જુનાગઢ ખાના પક્ષ લડે છે. અને પક્ષકારોની સ્થીતી જોતાં આ લડતનો ખર્ચ હરીફ તડો આપે છે વાદી ખુદ સ્ત્રીને કબજે લેવા બહુજ ઉત્સુક હોય; તેવું તેની ગેરહાજરી જોતાં જણાતું નથી તેમ અમારા રૂબરૂ કેસ ચાલ્યો, તેમાં કોઇ વખત વાદીની હાજરી જોવામાં નથી આવી. તે ઉપરથી ને તેના તરફથી મી. કાબા હાજર રહેતા. તે જોતાં બે તડો વચ્ચે ધર્મની માન્યતાના ભેદની આ લડત છે અને તેજ ઉદ્દેશે આ કેસ લડાયો છે એમ કામ જોતાં તુરત પ્રત્યક્ષ થાય છે. હવે જે મુળ એક કોમ હોય; તેમાં કાળ ક્રમે ધર્મના સીદ્ધાંત માનવામાં મત ભેદ થતાં મુળ ધર્મ પ્રમાણે ચાલનાર કોમના મોટા જથ્થાથી, બીજી રીતે તેજ ધર્મના સીદ્ધાંત માનનારા નોખા પડે તો; મોટા જથ્થા વાળા કોઇ પણ શખસ તેમ ન કરી શકે, તે માટે જેટલા બંધનો ને અડચણ નાંખવા બની શકે તેટલાં બંધનો ને અડચણ નાંખે છે, તેમ જુદા પડનાર તે બંધનો દૂર કરવા, ને સ્વતંત્રતા અને તેટલી મેળવવા પ્રયાસ કરે છે. જેના પરિણામે બન્ને તડા વચ્ચે રસાકસી ચાલે છે અને ધર્મભેદનો કજીઓ વ્યવહારિક બાબતોમાં પણ દાખલ કરે છે. ને કુટુંબ વ્યવહાર ને નાત વ્યવહારમાં અડચણ કરતા કાનુનો કરી, તે કાનુનો ચુસ્ત પણે અમલમાં મુકે છે. ને કડવાસ સમાવવાને બદલે વધે તેવી યોજના થાય છે અને બને તો ઇનસાફની અદાલતમાં જવા ફરજ પાડી, પોતાના પગલાં ખરાં છે અને તેમાં કાયદા કાનુનને બાધ આવતો નથી તેમ અંક કરાવવા પ્રયાસ ચાલે છે અને બીજા સ્વરૂપે નાતી વિગ્રહને અંગે ઉદ્ભવતા સવાલો, કોર્ટમાં નિરાકરણ ન કરાવી શકે, તે કરાવવા મથન કરે છે વાદ ગ્રસ્ત કજીઆ ધણી ધણીયાણી વચ્ચેનો છે; છતાં તેમને એક હથીયાર બનાવી ખોજા કોમના બે હરીફ જથ્થા પોત પોતાના બંધારણ સાથે સબંધ ધરાવતા ને તે મજબુત કરે, તેવા સવાલોનું તે કામને ઉદેશી નિરાકરણ કરાવવા બહાર પડયા છે. ને ચીરકાળ એક યા બીજા જથ્થાની હાલની અને ભવિષ્યની પ્રજાને અસર કરે, તેવા ગંભીર સવાલો આગળ ધરી

તે પર ફૈસલો માગે છે. પ્રાતવાદી પક્ષ ખોજા કોમનો ધર્મ શું છે ? તેઓ મુળ કાંણુ હતા ને હીંદુ ધર્મ કે બીજા ધર્મમાંથી બદલાઈ ખોજા થયા ત્યારથી તેઓ શું ધર્મ માનતા હતા ? ને જે સ્વરૂપે પોતે ધર્મ માને છે તેજ સ્વરૂપમાં ને તેટલાજ તત્વમાં તેજ કોમના બીજા અંગભુતો, જે વાદી પક્ષ મસીદીયા નામે ઓળખાય છે તે ન માને તો, જુદી રીતની તેમની માન્યતાને પરિણામે, તેઓ ધર્મ ભ્રષ્ટ થયા ગણાય કે કેમ ? અને તેમ ગણાતું હોય તો ધર્મની માન્યતા ફેરવનાર શખ્સને, તે પહેલાંથી જે કુટુંબીક હકો હોય છે, ને સમાજીક હકો હોય છે તેમાં નુકસાન કરતા અસર થાય છે કે કેમ ? તેની સફાઇ કરાવવા માગે છે; એટલે કે ધર્મની માન્યતાની સ્વતંત્રતા ઉપર બીજા શબ્દોમાં અંકુશ પડે અને જે ભવિષ્યની પ્રજાને પણ અસર કરે, તેવા સવાલોનું નિરાકરણ કરાવવા ઇચ્છા ધરાવે છે. ત્યારે વાદી પક્ષ ધર્મની માન્યતાના ફેરફારથી કુટુંબીક કે સામાજીક હક ઉપર, અસર થતી નથી તેમ નકી કરવા માગે છે. તે સાથે ધર્મની માન્યતા એકજ હતી, તે વખતે જે સબંધ બંધાયો હતો, તે સબંધ બાંધનાર જોડામાં પાછળથી ધર્મની માન્યતામાં ફેરફાર પડે તો, ખુશી હોય વા ન હોય; તોપણ બન્ને એ એકી સાથે જીવન ગાળવું અને પોતાની માન્યતા સાથે સબંધ ધરાવવા, સામાજીક વ્યવહાર જતા કરી, ધણીના વ્યવહારમાં મળવું જોઇએ એમ ઠરાવવા માગે છે; એટલે કે લગ્નનો વહેવાર જે આ પક્ષકારો વચ્ચે એક કાયદેસર કરાર છે તે કરવામાં આવ્યો, ત્યારે જે સંસારીક ને સામાજીક વ્યવહારો બીજા સાથે પોતે કરી શકશે, એવી માન્યતા હતી, તેમાં ધણીના વર્તનને પરિણામે તેની સાથે, રહેવાથી પોતાથી તે ન થઇ થઇ શકે તેમ હોયતો તે ફરી શકવા માટે, લગ્ન વખતે જે સ્થિતિ બાયડી ધરાવતો હતો, તેવી સામાજીક સ્થિતિમાં ધણીને દાખલ થવાની ફરજ આી તેને તાબે થવામાં, પાડી શકતી નથી એમ ઠરાવવા માગે છે. આવા કીસ્સામાં જ્યાં ઘણાજ ગંભીર સવાલોનો, જેની અસર એક અમુક ભાગમાં નહિ; પણ ઘણે દુર રહેતી પ્રજાને પણ થાય તેવી છે; તેનો નિર્ણય કરવાનું હાથમાં લેતાં, તેમ કરવાની કોર્ટની ફરજ છે એમ કાયદેસર રીતે જણાય નહિ ત્યાં સુધી, તેમ કરવું ઉચીત ગણાય નહિ તે સવાલ સીદ્ધ છે. તેમાં વળી કોર્ટનુ કામ કલહ શાંત કરવાનું છે. જે સાંસારિક સ્થિતિ રાજીખુશીથી વહોરી હોય અને જે નભી જતા હોય, તે કાયમ રાખવાનું છે તેમાં તેમ પરિણામ આવવાને બદલે ખળભોળાટ વધે, વિગ્રહ વધારે થાય એવું પરિણામ આવતું હોય તો, ખાસ ફરજને અભાવે, તેવા કામની ફોડ કરવાનું વહોરી લેવું ન જોઇએ. સામાજીક કલહમાં શરૂઆતમાં લાગણી તીવ્ર હોવાથી, ન ઇચ્છવા જેવા કામો બને છે, પણ કાળ જતાં જોશ નરમ પડતાં ભેદ ભુલાઇ જતાં, સામાજીક વ્યવહાર અગાઉની જેમ કોમોમાં ચાલે છે અને કુદરત કુદરતનું કામ કરતાં, એકજ લોહિની કોમ હોવાથી ધર્મની માન્યતા ફેરવાળી હોય; તોપણ સંસારીક ને સામાજીક વ્યવહાર સુરલિત રીતે ચાલે છે પણ જો જે વખતે કડવાશ હોય અને તે વખતે પક્ષકારો કોર્ટમાં ચડે, ને કોર્ટ ખાસ કાયદેસરની ફરજને અભાવે, તેનો નીકાલ કરવામાં પડે તો ફાટ છે તેમાં વધારે અંતરાય પડતાં, પાછી એક થવામાં ઘણાજ વરસોનો વિલંબ થાય છે. ને અનીષ્ટ કામો જે બીજી રીતે ન બનત, તે બનવા અવકાશ રહે છે. આવા સંજોગો આ કીસ્સામાં હોવાથી, કોર્ટને પોતાથી આ કામ ચલાવવાને હકુમત છે કે કેમ, તે સવાલ જોવાની ફરજ પડી હતી. આ સ્થળે આટલું લખવાની જરૂર છે કે, આ કેસ અમારી પહેલાના મે. મુનસફ સાહેબના વખતમાં

દાખલ થયો હતો. તેમ મોટે ભાગે પુરાવો પણ તેમના પાસે લેવાયો હતો અમારે ચાલતે કામે કામ કરવાનું આવ્યું હતું અને મુદ્દાને અનુસરી બાકીનો પુરાવો અમે લીધો હતો. કેસ પુરો થતા રજુઆત સાંભળવામાં આવી હતી. બંને પક્ષનો કોર્ટે આગળ લડયા ત્યાં સુધી ઠેઠ સુધી હકુમત સબંધે કાંઇ બોલ્યા નહોતા. કોર્ટને કૈ-સંલો લખવાનો હતો ને તે માટે કાગળો વાંચવાનું શરૂ કર્યું હતું. અને તાજેતરમાં ઓરત કબજે લેવાના બીજા બે કેસો; હકુમત વીગેરેના કારણે કોર્ટે કાઢી નાખ્યા હતા એટલે તે વાત ધ્યાનમાં આવતા કોર્ટને હકુમત શી રીતે છે તે સબંધે દાવા અરજી વાંચતી વખતે, અમે બારીકાઇ પુર્વક તે જોયું હતું અને દાવા અરજી ને જવાબ વીગેરે જોતાં હકુમત છે કે કેમ તે શંકા થતાં, તે સબંધે બંને પક્ષના વકીલોને સાંભળવામાં આવ્યા હતા. ને તેમની રજુઆત લીધા પછી, વધારે તે બાબત તપાસ કરવાની જરૂર જણાતાં, વિશેષ પુરાવો કોર્ટે લીધો હતો અને મુદ્દાનો ઉમેરો કરવામાં આવ્યો હતો. ત્યારે પ્રથમ જોવાનું એ છે કે આ દાવો સાંભળવા આ અદાલતને હકુમત છે કે કેમ ? હકુમત નથી એમ ઉપરમાં લખવામાં આવેલ છે તેના કારણો નીચે મુજબ છે. કોર્ટની હકુમત સબંધે સ્થાનીક દીવાની ધારાની કલમ ૧૦ ૧૧ છે. આ કીસ્સાને કલમ ૧૧ મી લાગુ છે. તે કામની (ગ) રકમ તો લાગુ નથી તે ઉઘાડું છે ત્યારે રકમ (ક) અને (ખ) લાગુ છે કે કેમ તે જોવાનું છે. દાવાનું કારણ આ અદાલતની હકુમતમાં તો ઉત્પન્ન થયું નથી તે દાવા અરજી વાંચતાં સ્પષ્ટ છે. અહીં પ્રતિવાદીયણ હતાં ને તેને પોતાને કબજે લેવાની માગણી કરવામાં આવી હતી અને તેણે ના પાડી હતી એવું વાદીનું કહેવું નથી એટલે ૧૧ મી કલમની (ક) રકમ લાગુ નથી. મી. ચીનાઇ તે કલમની રકમ (ખ) ઉપર દલીલ વખતે આધાર રાખતા હતા પ્રતિવાદીયણ ખરેખર ને આપ ખુશીથી રહે છે ને કમાઇને વાસ્તે જાતે કામ કાજ કરે છે તેથી કોર્ટને હકુમત છે એમ તેમનું કહેવું હતું. ત્યારે જોવાનું એ છે કે ખરેખર અને આપખુશીથી પ્રતિવાદીયણની અહીં રહેણાક છે અને તે કમાઇને વાસતે ફરીયાદથી શરૂઆત વખતે, જાતે કામકાજ કરતી હતી કે કેમ ? પ્રતિવાદીયણની રહેણાક આંહી શા કારણે થઇ છે તે સબંધે વાદી પોતાની દાવા અરજી આંક ૧ માં નીચે પ્રમાણે લખે છે " સદરહુ હુકમનામુ બજાવવાનો પ્રસંગ આવ્યો, એટલામાં નં. ૧ ના પ્રતિવાદીયણ ત્યાંની (કલ્યાણપુર કોર્ટની) હકુમત છોડી ભાગી જઇ આંહી આવતી રહી છે. અને નં ૨ ના પ્રતિવાદીના ઘરમાં છે જેથી આહી દાવો કરવા જરૂર પડી છે " દાવા અરજમાં જાતે કામકાજ કરે છે તેથી દાવો કર્યો છે એમ કારણ બતાવવામાં આવેલ નથી. વળી તે ખુશીથી રહે છે એમ તેમાંથી નીકળતું નથી. હુકમનામું કલ્યાણપુર કોર્ટનું ન બજવા દેવા માટે તે આવી હતી એટલે કલ્યાણપુર કોર્ટના હુકમનામાની દેહશતે આવી હતી; એટલે ખરેખરની ને ખુશીની રહેણાક માટે તે આવી નહોતી, તે ઉઘાડું છે. દાવા અરજીમાં તેવું લખાણ છે એટલુંજ નહિ પણ, આંક ૧૭ ના ફકરામાં તા. ૧૨-૧૨-૧૩ મી અવલ જપ્તી માટે, તેણે અરજ કરી હતી તેમાં તેવીજ હકીકત જાહેર કરી હતી. ને એ-ફીડેવીટ પણ તેવી કરી હતી આ અવલ જપ્તીના પ્રકરણમાં અવલ જપ્તીનો હુકમ કાયમ ન થાય તેટલા માટે, પ્રતિવાદીયણ તરફથી પોતે મુજરાન અર્થે આંહી આવી છે એવો બચાવ કરવામાં આવ્યો હતો; પણ તેવો બચાવ સાચો નહિ માની; મે. માજી મુનસફ સાહેબે કલ્યાણપુર કોર્ટમાંથી તે જેખ નાસી આવી, એમ ઠરાવી અવલ જપ્તીનો હુકમ કાયમ ઠરેલ છે એટલે

સ્વતંત્ર પુરાવાથી એમ બતાવવામાં ન આવે ત્યાંસુધી, પ્રતિવાદીયણ ફક્ત કહે તે ઉપરથી, તે ગુજરાન માટે અહીં આવી છે એમ માની લે વાય નહિ. તેટલા કારણે પ્રતિવાદીયણ કહે છે તે હકીકત વજુદવાળી છે કે કેમ તે માટે કોર્ટે આં. ૧૩૭ ના શાહેદ હબીબ કાસમની જુબા ની લીધી હતી. તેમાં તે સ્પષ્ટ લખાવે છે કે પ્રતિવાદીયણ પોતાની નોકર નથી. ખેરાત તરીકે રાખી હતી. હું પગાર આપતો નથી. ઘરમાં બેઠી હોયતો સાધારણ કામકાજ કરે પોતાને ત્યાં પાણી ભરનાર પગારદાર નોકર છે. ઘરમાં નળ છે ને ધોબી પણ નોકર છે. આ ઉપરથી એ બોધ થાય છે કે, પ્રતિવાદીયણ તે સાહેદની નો કર નહોતી. ખેરાત તરીકે તે પાળતા હતા. હવે તે શાહેદ કહે છે તે હકીકત ખોટી માનવા કા રણ નથી. શાહેદ સારા ગૃહસ્થ છે તેમને ત્યાં વહીવટના ચોપડા છે તે રજુ કરાવી, જો પ્રતિ વાદીયણ પગારદાર નોકર હત તો, તે હકીકત ખોટી પડાવી શકાત. જે નથી થએલ, તે તેઓ ની હકીકત ખરી કહે છે એમ સુચવે છે. એટલે કમાઇને વાસતે જાતે કામકાજ તે અહીં કરે છે એમ તે ઉપરથી નીકળતુ નથી. તેમ તે હ- કીકત બીજી રીતે સાબેત નથી ત્યારે હવે ખરેખર ને ખુશીથી રહેણાક છે કે કેમ તે તપા સવાનું રહે છે. તે ભાગીને આવી હતી. તેના પોતાના મકાન નથી. હુકમનામું ન બજવા દેવાનો હેતુ હતો. તેની રહેણાક તે કલમ ૧૧ માં માગવામાં આવેલ છે તેવી રહેણાક કહે- વાય નહિ. આ સબંધે ૧૪ મુંબઇ ઇ. લો. રી. ૪૫૧ ના પાનાનો કેસ છે, તે જોતાં પ્રતિ વાદીયણની ખરેખર ને ખુશીની રહેણાક હતી તેમ ગણી શકાય નહિ એટલે ૧૧ મા કલમ ની (ખ) રકમ ઉપર મી. મીનાઇ આધાર રાખે છે તેનો તેમને લાભ મળી શકતો નથી અને દાવાનું કારણ આ કોર્ટની હકુમતમાં ઉત પન્ન થયું નથી; એટલે આ કોર્ટને આ દાવો સાંભળવા હકુમત નથી એમ ૫ મા મુદ્દાનો અમારો નિર્ણય થાય છે.

પાંચમાં મુદ્દાના પરીણામે ૧-૨-૩ મુદ્દાનો નિર્ણય કરવાની જરૂર રહેતી નથી.

ચોથો મુદ્દો દાદ અપાવવા સબંધેનો છે. હકુમતના કારણે વાદીનો દાવો નીકળી જવા યોગ્ય છે. પ્રતીવાદીની હકુમત સબંધે હેઠ સુધી તકરાર નહોતી અને દાવામાં જરૂર કરતાં વધા- રે તકરાર ઉઠાવી કામનું લંબાણ પણ તેણે કરેલ છે એટલે આ કામના પક્ષકારોએ પોત પોતાનો ખર્ચ ભોગવવો, એમ ઠરાવવું મુનાસબ જણાય છે. સબબ કોર્ટનો હુકમ કે:—

ઠરાવ

વાદીનો દાવો ખર્ચ શાકે કાઢી નાખવામાં આવે છે. પ્રતિવાદીનો ખર્ચ તેને પોતાને શીર છે એમ ઠરાવવામાં આવે છે. તા. ૩૦-૧-૧૭

(સહી) છોટાલાલ દુલભજી.

જ્યુ. ડી. મુનસફ

બતાવી

પ્રતિવાદીયણના વકીલ

પરમાનંદ ડોસા નિર્મળ સહી દ. પોતે

તા. ૧-૨-૧૭

C. N. Chinay.

1-2-17

આ કેસનું હુકમનામું.

કાર્ટ ઑફ સૌરાષ્ટ્ર
જુનાગઢ

નં. $\frac{૨૧૬૫}{૭૩}$

દીવાની અદાલત
જુનાગઢનો
સીકકો.

સંસ્થાન જુનાગઢ દિવાની અદાલત.

મોટા મુ. નં. ૧૦૯ આંક સં. ૧૯૭૦

હુકમનામું

ખોજા કાસમ કાનજી ઉ. વ. ૩૦ ધંધો વેપાર રહેવાશી રાણાવાવ પોરબંદર તાબે } વાદી

વિરૂધ્ધ

ખોજણ નુરબાઇ ગોવજી ઉ. વ. ૨૫ ધંધો ઘરકામ રે. જુનાગઢ } પ્રતિ

દાવો ઓરત કબજેલેવા બાબત.

ઉપર જણાવેલ વાદીએ પ્રતિવાદી ઉપર તેણી પોતાની પરણેતર ઓરત થાય છે. સં. ૧૯૬૧ માં લગ્ન થયા પછી તેણી પોતાને ઘેર રહેતી હતી. ધંધા અર્થે પોતે આફ્રીકે ગયા બાદ તેણીને તેનો કાકો તેડી ગયો પાછી મોકલી નહિ. આફ્રીકેથી આવ્યા બાદ આવવા નું કહેવરાવ્યુ, તેડવા ગયો છતાં તેણી આવી નહિ તેથી સંસ્થાન જામનગરના ગામ કલ્યાણ પોરની કોર્ટમા તેણીને કબજે લેવા મુ. નાં. $\frac{૬૨}{૭૦}$ મે દાવો કરતાં તા. ૯–૬–૧૩ ના રોજ પોતાના લાભમાં હુકમનામું થયું. હુકમનામાનો અમલ કરવા તજવીજ કરતાં પ્રતિવાદીયણ ત્યાંની હકુમત છોડી નાશી જઇ, અહીં આવી રહેલ છે. તેથી તેણીને કબજે સોપાવવા દાવો કર્યો છે.

આ દાવો આજરોજ જુનાગઢ દીવાની મુનસફ છોટાલાલ દુલભજી સમક્ષ વાદી વકીલ મી. છગનલાલ નાગજી ચીનાઇ તથા પ્રતિવાદી વકીલ મી. પરમાણુદદાસ ડોસા વીગેરેની રજુ આતે આખર નીકાલ સારૂ નીકળ્યો. તેમાં આંક ના થયેલ જજમેન્ટ અનુસાર ઠરાવ કરવામાં આવે છે.

ઠરાવ.

વાદીનો દાવો ખર્ચ શીકે કાઢી નાખવામાં આવે છે. પ્રતિવાદીનો ખર્ચ તેને પોતાને શીર છે એમ ઠરાવવામાં આવે છે. તારીખ ૩૦–૧–૧૭

(સહી) છોટાલાલ દુલભજી
જુનાગઢ દીવાની મુનસફ.

અદાલત ખર્ચ નીચે મુજબ.

વાદી	આંક નંબર	
૧ લવાજમ	૧	૫–૦–૦
૨ મુખત્યારનામું	૨	૦–૮–૦
૩ વકીલાતનામું	૩–૪૯	૧–૦–૦
૪ જવાબ	૦	૦
૫ પરચુરણ	૨–૪–૦	૦–૦–૦
૬ શાક્ષી પ્રોસેસ		૦–૧૨–૦
૭ અવલ જપ્તીનું પ્રોસેસ		૨–૦–૦
૮ સાક્ષી ભાડું ભથ્થું		૦–૦–૦
૯ ટપાલ ખર્ચ		૦–૪–૦
૧૦ નકલ ખર્ચ		૦–૧૨–૦
૧૧ વકીલ ફી		૩–૦–૦
	જમલે	૧૩–૪–૦

આંક નંબર	પ્રતિવાદી
૦	૦-૦-૦
૦	૦-૦-૦
૫-૬-૨૧	૧૦-૮-૦
૪૯-૫૧	૦-૦-૦
૭-૮	૦-૮-૦
૦	૫-૫-૦
૦	૧૧-૪-૦
૦	૦-૦-૦
	૧૩૦-૩-૦
	૧-૦-૦
	૧૫-૧-૩
	૩-૦-૦
	૧૭૬-૧૩-૩

તારીખ ૩૦ માહે જાનેવારી સને ૧૯૧૭
(સહી) છોટાલાલ દુલભજી
જુ. હિ. સુ.

નકલ કરનાર દિનકરરાય વિ. પશુભાઇ
અસલબર નકલ મુકાબલ કરનાર નરોતમદાસ
નારણદાસ વસાવડા તા. ૨૮-૨-૧૭

ખરી નકલ
વ્યંકટરાય
જુ. દી. શી.

નકલ માગી તા. ઉતારી તા. મેળવી તા.
૨૫-૨-૧૭ ૨૭-૨-૧૭ ૨૮-૨-૧૭
સહી તા. આપી તા.
૨૮-૨-૧૭ ૨૮-૨-૧૭

આ નકલ ખર્ચ
૦-૧૨-૦ સ્ટેમ્પ ૦-૧-૦ દરખાસ્ત
૦-૩-૦ લખાઇ ૦-૧-૦ મેળવાઇ
કુલ-૧-૧-૦

વ્યંકટરાય.
જુ દી. શી.

| કોર્ટનો સીકો |

પ્રતિવાદીયણે રજુ કરેલા કોર્ટના ફેસલાઓ.

(ફેસલો પહેલો)

| એક રૂપેયાની ટીકટ |

આંક ૧૪૧ A

નકલ કરનાર—ગણુપતરાય દોલતરાય.

શબ્દ	લખાઇ	મુકાબલ	કાગળ	કુલ.
૫૬૭	૦-૪-૬	૦-૧-૬	૦-૦-૩	૦-૬-૩

માગી તા. ૧૯-૮-૧૫ હુકમ થયો તારીખ $\frac{૧૯}{૨૧}$૮-૧૬

શરૂકરી તા. પુરીકરી તા. મુકાબલ કરી તા.
૨૫-૮-૧૬ ૨૫-૮-૧૬ ૨૬-૮-૧૬
સહી થઇ તા. લેવા આવતા આપી તા.
૨૬-૮-૧૫ ૪-૯-૧૫

ધોબણ લાડુ નારણ સગીરના વાલી નારણ ભીમજી. } અરજદાર (મુળ પ્રતિવાદી)

વીરૂદ્ધ

ધોબી અમરશી વેલા | સામાવાળો (મુળવાદી)

કુતીયાણાના મુનસફની કોર્ટમાં સામાવાળાએ અરજદાર તેની ઓરત ઉપર લગનના હક પુરા કરાવવા બાબતનું હુકમનામું મેળવ્યું છે એ હુકમનામું મદદનીશ અદાલતે તેમજ સદર અદાલતે બહાલ રાખ્યું છે.

અરજદાર એક ચૌદ પંદર વરસની અને નાજુક બાંધાની સગીર છે અને વળી સામા.

વાળો ન્યાત બહાર છે એવા કારણોથી એ ઠરાવ ફરી તપાસવામાં લેવા અરજ કરવામાં આવી છે.

અરજદાર તરફથી મી. હેમરાજ હાજરછે.
સામાવાળા તરફથી મી. પરમાણંદદાસ હાજર છે.

અરજદાર ચૌદ પંદર વરસની છે તે કારણથી હું ફરી તપાસની અરજી મંજુર કરીશ નહીં; પણ સામાવાળો જે લગ્નના હક પુરા કરાવવાની દાદ માગે છે તે ન્યાત બહાર છે તે કારણથી મંજુર કરીશ નહીં.

એ વાત સામાવાળાએ જાતે સ્પષ્ટ રીતે કબુલ કરી છે કે, "ન્યાત બહાર કાઢયો છે" એમ છતાં પણ નીચેની કોર્ટ એમ ધારે છે કે તે ન્યાત બહાર નથી; પણ તે ન્યાતના બે તડોમાંના એક તડમાં છે વળી એવી દલીલ કરવામાં આવે છે કે, સામાવાળાએ પોતાનો ધર્મ બદલ્યો નથી. તેમજ તેણે કાંઇ ભારે ગુન્હો કર્યો નથી. વળી એમ કહેવામાં આવ્યું છે કે, કુતીયાણા બહારની ન્યાતના લોકોએ સામાવાળાને ન્યાત બહાર તરીકે ગણ્યો નથી. મારા મનમાં આ વિચારો ભાગ્યેજ મુદાના લાગે છે. હકીકત એવી છે કે કુતીયાણાની આખી ન્યાત જેમાં બન્ને પક્ષકારો છે. તે ન્યાતે સામાવાળાને ન્યાત બહાર મુકયો છે. અને જ્યાં સુધી તે ન્યાત બહાર રહે ત્યાં સુધી અરજદારને અગવડતા થઇ પડે. એ વાતતો ખરી છે કે એથી લગ્ન રદ થતા નથી. ઇ. લો. રી. અલ્હાબાદ આઠ પાનું ૭૮ માં જે હકીકત બતાવવામાં આવી છે તે પ્રમાણે કોર્ટે એવી શરત કરવી જોઇએ કે હુકમનામાના થતા અમલ પહેલાં સામાવાળાએ ન્યાતમાં પાછા દાખલ થવું જોઇએ. આ પ્રમાણે નહીં કરવામાં નીચેની કોર્ટે મુદ્દાની ભુલ કરી છે અને આ બાબતમાં એ કોર્ટની જે સતા છે તે વાપરવામાં ચુક થઇ છે હું તે ઉપરથી અરજી મંજુર કરૂં છું.

કે જ્યારે વાદી સામા વાળી પ્રતિ. વાદી અરજદારની પાસે લગ્નના હક પુરા કરાવવાને હકદાર છે. અને ન્યાતમાં દાખલ થયાની તારીખથી અને તેણીને બોલાવવાની અરજ કર્યા ની તારીખથી, એક મહીનામાં અરજદાર તેની કાયદેસર સ્ત્રીએ તેને તાબે થવું અને આ ઉપરથી તેમ કરવાનો હુકમ કરવામાં આવે છે એમ છતાં જો તે હુકમ ન માને તો, સીવીલ પ્રોસીજર કોડમાં બતાવ્યા પ્રમાણે હુકમનામાનો અમલ કરવો.

આ કોર્ટનો દરેક પક્ષકારનો ખર્ચ પ્રતિવાદીઓએ ભોગવવો.

(સહી) ઇ. રૂબેન.

તા. ૨૨-૭-૧૨ ચીફ. જ્યુડી. ઓફીસર

ખરો તરજુમો
સાહેબ ઇ. રૂબેન.
ચી જ્યુ. ડી. ઓ,

અસલ સાથે મેળવ્યું.
કા. ભગવાન પ્રેમજી તા. ૨૬-૮-૧૫

સીકો હજુર અદાલતનો

ખરી નકલ

હુકમથી

(સહી) પુરૂષોતમરાય રામજી
ચી. જ્યુ, ઓ. સી.
૨૬-૮-૧૫

શેરો.

પ્રતિવાદીની તા. ૨૭ ૬/૧૬ અરજી સાથે રજુ

થતાં મો. મુ૰ નં. $\frac{૧૦૯}{૭૦}$ માં અનામત તા. ૨૭ $\frac{૬}{૧૬}$

(સહી) વ્યંકટરાય

સી

આ ખરી નકલ કામમાં દાખલ કરી તા. ૧૮ $\frac{૧૧}{૧૬}$

વ્યંકટરાય૰

સી

(ફેસલો બીજો)

બાર આના સ્ટાંપ	આંક ૧૪૨ A

સંસ્થાન જુનાગઢ સદર અદાલત રે.

દીવાની અપીલ નંબર $\frac{૭૫}{૬૯}$ સ્રી

જજમેન્ટ

ફાઇલ તા. ૫-૭-૧૩ ફેસલ તા. ૨૭-૮-૧૩

કુંભારણ બાઇ માંનુ માંડણ રે. વેરાવળ	અપેલેન્ટ પ્રતિવાદીઅપેલેન્ટના વકીલ મી. અલાદીન સરીફ તથા અબ્દલ ગની ઇબ્રાહીમ
વીરૂધ્ધ	
કુંભાર સુતાર નાથા વશરામ રે. વેરાવળ.	રીસ્પોડેન્ટ રીસ્પોડેન્ટના વકીલ મી૰ નૃસિહપ્રસાદ કહાનદાસ

દાવો નીચેની કોર્ટના લગ્ન હક પુરા કરવાનો ઠરાવ રદ કરવા બાબત

આ કામના રીસ્પોડેન્ટ કુંભાર નાથા વશરામે અપેલેન્ટ માંનું માંડણ સામે વેરાવળ અદાલતમાં મુકદમા નંબર $\frac{૨૮૯}{૬૯}$ મે એવો દાવો કર્યો છે કે, માનું મારી પરણેતર સ્રી છે તેની સાથે આશરે બાર વર્ષથી મારાં લગ્ન થયાં છે અને આશરે ચાર વર્ષથી મારે ત્યાં આણું વાલને આવી છે આણુ વાળ્યા પછી ને પોતાના પીયર આવતી જતી, છેવટ હાલમાં ૫ દરેક દીવશ થયા મારે ત્યાંથી પોતાને પીયર આવેલ છે. અહી આવ્યા બાદ વેરાવળ બારક દીવસ પોતાને પીયર રહી, છેલા બે ત્રણ દીવસ થયા અવેડા નામની મસજીદમાં જઇ બેઠી છે તેની મને ખબર પડતાં હું આંહી વેરાવળ આવ્યો. ત્યાં તેણીએ મને જણાવ્યું કે મારે ત્યાં આવી લગ્નના હક પુરા કરવા તેણીની ખુશી નથી માટે દાદ માગવાની કે માનું માંડણ મારી પરણેતર સ્રી હોવાથી મારી સાથે લગ્નના હક પુરા કરે તેવું અગર બીજી જે કાયદેસર દાદ મળી શકતી હોય તેનું હુકમનામું કરી આપશો અને આ દાવાનું ખર્ચ અપાવશો પ્રતિવાદીયણ અપેલેન્ટે આ દાવાના જવાબમાં પોતે વાદી રીસ્પોડેન્ટની પરણેતર ઓરત હોવાનું કબુલ કરી પોતે સ્વેચ્છાથી વટલી વીધી પુર્વક મુસલમાન થએલ હોવાનું તથા શહેર કાજી મારફત વાદીને મુસલમાન થવાનું અરજ કરતાં, તે તેણે નહી સ્વીકારતાં શરેહ પ્રમાણે તેની સાથેના લગ્ન રદ થતાં હોઇને વાદીનો દાવો ચાલી શકતો નથી એ વીગેરે તકરાર લીધી છે. અને વાદી હજી પણ મુસલમાન થતો હોયતો તેની ઓરત તરીકે કાયમ રેવા તૈયાર છું. માટે તેને પુછીને આપ અદાલત નક્કી કરશો એવી પણ લે

જવાબમાં તેણીએ અરજ કરી છે (સદરહુ કેપ ૧ આંક ૧૩) તે ઉપરથી મુદા કાઢી બને પક્ષનો પુરાવો લઇ વેરાવળ અદાલતે મા તું મુસલમાન થઇ ગયાનું સાબીત માન્યું; પરંતુ તે મુસલમાન થવાથી વાદી સાથેનું તેનું લગ્ન રદ થતું નથી અને ઇ. લો. રી. ૧૮ કલકતા પાને ૨૬૪ મે પ્રસિધ્ધ થએલ કેસમાં જણાવ્યા મુજબ, આ કામમાં વિધી પ્રતિવાદીપણુ તરફથી કરવામાં આવેલ નહીં હોવાથી, તેણીનું વાદી સાથેનું લગ્ન કાયમ રહે છે એવું ઠરાવી વાદીની માગણી મુજબ લગ્નના હક પુરા કરવાનું હુકમનામું કર્યું તે ઠરાવથી નારાજ થઇ હાલની અપેલેન્ટ મદદનીશ અદાલતમાં ના. $\frac{८६}{६९}$ મેઅપીલ કરી. તે નામજુર કરવામાં આવી; પરંતુ અપેલેન્ટને રીસ્પોડેન્ટ ન્યાતમાં લેવરાવે, એટલે અપેલેન્ટે રીસ્પોડેન્ટ સાથેના લગ્નના હક પુરા કરવા, એટલો વેરાવળ અદાલતના ઠરાવમાં વધારો કર્યો. આ ઠરાવની સામે અપેલેન્ટે હાલની અપીલ નામદાર સદર અદાલતમાં કરી છે અને તે નામદાર મે૦ એડમીનીસ્ટ્રેટર સાહેબના આ. ના. $\frac{११३४}{६९}$ તથા ચી. જ્યુ. એ. આ. ના $\frac{१४६७}{६९}$ અનુસાર નીકાલ માટે મારા તરફ મોકલવામાં આવેલ છે.

અપેલેન્ટે આ અપીલનાં બતાવેલાં કારણોનો સાર એવો છે કે,

૧—હું મુસલમાન થઇ છું તે વાત સાબીત માન્યા છતાં, મારી સામે એક હીંદુ સાથે લગ્નના હક પુરા કરવાનું હુકમ નામું આપવામાં નીચેની અદાલતે એ ભુલ કરી છે.

૨—હીંદુ ધર્મ પ્રમાણે એકવાર થએલું લગ્ન રદ થઇ શકે નહીં એમ ઠરાવવામાં ચુક કરી છે.

૩—મુસલમાન થયા પછી મને મુસલમાન શરેહનાજ નીયમો લાગુ થઇ શકે એવું શરેહનું, તેમજ હાઇકોર્ટના સ્પષ્ટ ફેસલાઓનું ફરમાન છતાં, તે નહીં સ્વીકારવામાં નીચેની કોર્ટની ભુલ છે.

૪—મુસલમાની શરેહ પ્રમાણે વાદી સાથેનું મારૂં લગ્ન રદ થવા માટે, જે વીધી થવી જોઇએ; તે મેં સંપુર્ણ કરેલી હોવા છતાં, તે વીધી થઇ નથી એમ ગણવામાં નીચેની કોર્ટની ભુલ થઇ છે.

૫—"ન્યાતમાં લેવાની સરતે" એવો સુધારો કરવામાં નીચેની અપીલ કોર્ટ " ન્યાત બહાર " ધર્મ ત્યાગ વચ્ચેનો મહાન ભેદ સમજી શકી નથી.

૬—મને ન્યાતમાં લેવરાવવાનો હુકમ કરીને નીચેની અપીલ અદાલતે મને મારી મરજી વીરૂધ્ધ મુસલમાની ધર્મ છોડાવવા જેવું કર્યુ છે તે કાયદેસર નથી અપેલેન્ટ તરફથી મી૦ અલાદીન શરીફને તથા રીસ્પોડેન્ટ તરફથી મી૦ નરસિંહપ્રસાદ કાનદાસને સાંભળ્યા અને કામના કાગળો ધ્યાનમાં લીધા. આ કામમાં વીચારવાની બાબતો નીચે મુંજબ છે.

મુદા

૧ અપેલેન્ટને રીસ્પોડેન્ટ ન્યાતમાં લેવરાવે એટલે અપેલેન્ટ રીસ્પોડેન્ટ સાથેના લગ્નના હક પુરા કરવા એવી સરત કરવાનો મદદનીસ અપીલ અદાલતનો ઠરાવ કાયદેસર છે કે કેમ.

૨ સ્ત્રી મુસલમાન થાય અને ધણી હીંદુ જ રહે તેવે પ્રસંગે તેમનું પુર્વાવસ્થાનું લગ્ન હમેસ કાયમ રહે અને કોઇપણ સંજોગોમાં રદ થાય નહીં એવું નીચેની અદાલતે ઠરાવ્યું છે તેમાં ભુલ કરી છે કે કેમ.

૩ મુસલમાની શરેહ પ્રમાણે આ કામમાં વાંધી નથી એવું નીચેની બંને અદાલતોએ ઠરાવ્યું છે તે વ્યાજબી છે કે કેમ.

૪ આ કામમાં શો હુકમ કરવો જોઇએ.

નીર્ણય.

૧ પેલા મુદાનો નીર્ણય નકારમાં છે.

૨ બીજા મુદાનો હકારમાં છે.

૩ ત્રીજા મુદાનો નકારમાં છે.

૪ નીચેની બંને અદાલતોનાં ઠરાવ રદ કરી પક્ષકારોનો તમામ અદાલતોનો ખર્ચ પોતે પોતાને શીર રાખવું જોઇએ એવો ચોથા મુદાનો છે.

ઉપર પ્રમાણે નીર્ણય ઉપર આવવાનાં કારણો નીચે મુજબનાં છે.

કારણો

પહેલો મુદો.

મદદનીશ અપીલ અદાલતે વેશવળ અદાલતના ઠરાવમાં એવી સરત ઉમેરી છે કે અપેલેન્ટને રીસ્પોંડેન્ટે ન્યાતમાં લેવરાવવી અને તે પછી અપેલેન્ટ સાથે પોતાના લગ્નના હક પુરા કરવા. તેવા આધારમાં ઇ. લો. રી. અલાબાદ પાનું ૭૮ તથા નામદાર હજુર અદાલત દીવાની રીવીઝન અરજી નંબર $\frac{૧૫}{૬૮}$ ના ઠરાવ ટાંકેલા છે આ પ્રમાણે સરત ઉમેરવામાં અને આ બે કેસો લાગુ કરવામાં, મદદનીસ અદાલતે ભુલ કરી છે. ઇ. લો. રી. ૮ અલાગાદ પાને ૭૮ મે પ્રસિધ્ધ થએલ કેસમાં ધણી અને ઓરત સોનારની ન્યાતના હતા અને ધણીએ ન્યાતના ધર્મ વિરૂદ્ધ વર્તન કરેલ હોવાથી, તેને ન્યાત બહાર મુકેલ હતો, તેણે હીન્દુ ધર્મનો ત્યાગ કરી પરધર્મ સ્વીકારેલો નોતો; એટલે જાથુકને માટે તે નાત બહાર મુકાએલ નહી; પણ ન્યાતને જમણ દન્ડ વીગેરે ન્યાત ઠરાવે તે આપવાથી તે ન્યાતમાં આવી શકે તેવી તે કામમાં હકીકત હતી; એટલે ન્યાતમાં ધણીએ આવવું અને તે પછે પ્રતિવાદીયણ જે પોતાની ઓરત હતી તે સાથે લગ્નના હક પુરા કરવા એવી પ્રતિવાદીયણની માગણી ઉપરથી જે હુકમ કરેલ, તેમાં કાંઇપણ અયોગ્ય નહોતું. તેવીજ રીતે નામદાર હજુર અદાલતની દીવાની રીવીઝન અરજી ના $\frac{૧૫}{૬૮}$ ના કામમાં પણ પક્ષકારો ઘોબી હતા અને ધર્મ ત્યાગને લીધે નહીં; પણ ન્યાતના ધોરણ વિરૂદ્ધ ચાલવાથી એક પક્ષને ન્યાત બહાર મુંકેલ એટલે તેમાં પણ ઇ. લો. રી. ૮ પાને ૭૮ મે છપાએલ કેસનો આધાર પકડી ન્યાતમાં લેવરાવવાની સરત કરેલ છે તે બંને કેસોથી હાલનો કેશ તદન જુદો છે આ કામમાં પ્રતિવાદીયણે હીન્દુ ધર્મ તજી મુસલમાની ધર્મ સ્વીકારેલો છે એટલે મુસલમાન ધર્મમાં વટલી ગયેલને હીન્દુ કોમ સામાન્ય રીતે પછી ન્યાતમાં લેતી નથી; પરંતુ હાલમાં આર્યસમાજીઓ પરધર્મના વટલેલ શખ્સો પાછા હીન્દુ ધર્મમાં આવવા ઇચ્છતા હોયતો તેમને સુધ્ધ કરી હીન્દુ ધર્મમાં લે છે એવું પંજાબ તથા ઉતર હીન્દુસ્તાનમાં હાલ બને છે તેવા વીચારની ગુજરાત કાઠીયાવાડની કોઇ કોમ આગલ પડતા વીચાર ધરાવતી થઇ હોય અને જેવા વીચાર હાલના પક્ષકારનો વેશવળની કુંભારની ન્યાત હોવાનું અને તેથી અપેલેન્ટને પાછી ન્યાતમાં લેવાની ખુશી બતાવવાની વેશવળ અદાલતમાં અરજી આપ્યાનું રીસપોંડેન્ટના વકીલ કહે છે તોપણ તે સરત હાલના કામમાં તો રાખી શકાય તેવી નથી ;કારણ કે

અપેલેન્ટ તો મુસલમાન ધર્મ છોડી પાછી હીંદુ ધર્મ સ્વીકારવા તો ના પાડે છે એટલે મદદનીસ અપીલ અદાલતે જે સરત વધારી છે તેનું પરિણામ અપેલેન્ટે તેની મરજી વીરૂદ્ધ તેણી એ અખ્તયાર કરેલો નવો ધર્મ ત્યાગ કરવાની ફરજ પાડવાનુ થાય આ પ્રમાણે કોઇને પોતાની ઇચ્છા વીરૂદ્ધ ધર્મ ત્યાગ કરવાની કોઇપણ અદાલતને સત્તા નથી એટલે મદદનીસ અદાલતે ઉમેરેલી સતા રદ થવી જોઇએ અને પોતાના અભીપ્રાયની પુષ્ટીમાં મદદનીસ અપીલ અદાલતે જે આધારો લાગુ કર્યા છે તે હાલના કેશની હકીકતથી જુદી હકીકત વાળા હોવાથી લાગુ નથી એવો અમારો અભીપ્રાય થતાં, મદદનીસ કોર્ટે કરેલ સરત કાયદેસર નથી એવો નીર્ણય આપવામાં આવે છે આ સ્થળે અમારે કેહવું જોઇએ કે સરત કાયમ રાખી શકાય તેવી નથી એવું દલીલમાં રીસ્પોન્ડેન્ટના વકીલે પણ અમારી પાસે કબુલ કરેલું છે.

બીજો મુદ્દો.

એક હિન્દુ સ્ત્રી અથવા પુરૂષ વટલી મુસલમાન અથવા ક્રીસ્તી થાય તેટલાજ ઉપરથી તેમનુ હીન્દુ ધર્મ પ્રમાણે જે લગ્ન થયુ તે રદ બાતલ થતું નથી એમ ઇ લો. રી. ૪ મુંબઇ પાને ૩૩૦–૧૦ મદ્રાસ પાને ૨૧૮ અને ૧૮ કલકતા પાને ૨૬૪ મે પ્રસિધ્ધ થએલ કેસોના આધાર બતાવી નીચેની બને અદાલતોએ ઠરાવ્યું છે તે સાથે અમે સંમત થઇએ છીએ; પરંતુ નીચેની અપીલ અદાલતે હીન્દુ સ્ત્રી જે કોમમાં પોતાના ધણીની મરજી વીરૂધ્ધ છુટા છેડા કરી શકે તે શીવાયની બીજી કોઇ કોમમાં પરણેતર ઓરત અન્ય ધર્મમાં વટલી જઇને પોતાનું હીન્દુ ધણી સાથેનું લગ્ન રદ કરાવી શકે નહીં એવો જે મત પોતાના જજમેન્ટમાં બતાવ્યો છે, તે અમે સર્વથા સ્વીકારી શકતા નથી. અમારો અભીપ્રાય એવો છે કે ધર્મ બદલવાના કૃત્યથીજ લગ્ન સબંધ તુટી જતો નથી; પરંતુ જે ધર્મમાં પુરૂષ અગર સ્ત્રી વટલી ગઇ હતી, તે ધર્મના નીયમ અગર તે ધર્મવાલા માટે ઠરેલ કાયદા મુજબ વીધી કરાવી, તે સ્ત્રી અગર પુરૂષ પોતાનું લગ્ન રદ કરાવી શકે છે એમ ઇ. લો. રી. ૧૮ કલકતા પાને ૨૬૪ મે પ્રસિધ્ધ થએલ રામકુમારીના કેશમાં પાને ૨૬૯ મે જેવું વીવેચન કરવામાં આવેલ છે તેથી સ્પષ્ટ થાય છે જો વટલનાર સ્ત્રી અગર પુરૂષ ક્રીસ્તી થયો હોયતો સને ૧૮૬૬ ના ૨૨ મા ધારા પ્રમાણે અદાલતનો આશરો લઇ હીન્દુ ધર્મમાં રહેલ પોતાના ધણી અગર સ્ત્રીને લગનના હક પુરા કરાવવા અને તે ધણી અગર સ્ત્રી તેમ કરવા ના પાડે એટલે તે લગ્ન રદ કરાવવાની દાદ મેળવી શકે છે અને વટલનાર સ્ત્રી અગર પુરૂષે મુસલમાન ધર્મનો સ્વીકાર કર્યો હોયતો, હીંદુસ્તાનમાં માજીસ્ટ્રેટ મારફત હીંદુ ધર્મમાં રેનાર ધણી અથવા ઓરતને મુસલમાન થવા નોટીસ આપે અને તે ધણી અથવા ઓરત મુસલમાન થવા નાપાડે એટલે તેનું હીંદુ ધર્મ પ્રમાણે થએલું લગ્ન રદ થાય અથવા તો તે મુસલમાન થનાર સ્ત્રી અગર પુરૂષ પોતાનુ આગલું લગન રદ થએલ છે એમ ઠરાવવા દાવો કરે એમ મુસલમાની શરેહના નીયમોના આધારે ઉપર જણાવેલા રામકુંમારીના કેસમાં નામદાર કલકતા હાઇકોર્ટના વિદ્વાન જજોએ ઠરાવ્યું છે અને ધનજીભાઇ બોમનજી વી૦ હીરાબાઇ ઇ. લો. રી. ૨૫ મુંબઇ પાનું ૬૪૪ ના કેશમાં જસ્ટીસ ચંદાવરકરે પણ સામચરણ સરકારના વ્યવસ્થા ચંદ્રીકા નામના પુસ્તકમાં અભીપ્રાય ટાંકેલો છે; તે પ્રમાણે પણ આ કામમાંના પક્ષકારો વચ્ચેનું લગ્ન સ્વધર્મમાં રહેલો પક્ષ લગ્નના હક પુરા કરવાની નાપાડે એટલે તે રદ થઇ શકે છે અભીપ્રાય નીચે મુજબનો છે.

According to the hindulaw dertion or natnral death or civil death cannot have the effect of a b evorce the only exception to that rule being degrabason of a cost or opostaig and even then the Rule is that refusal on the part of one of the married sponse amoants to a Devorce only where the surviving consort can be allawed to maiy (see sa ma charan) sirkars' vyavastha chandrika page 790-491

ટુંકામાં અપેલેન્ટ જે મુંસલમાંન થઇ છે તે શરેહ મુંજબ વીધી કરી પોતાનું રીસ્પોડેન્ટ સાથેનું લગ્ન રદ કરાવી શકે છે એવો અમારો આ બીજા મુંદ્દા વીષે નીર્ણય છે.

ત્રીજો મુદ્દો.

નીચેની બંને અદાલતોએ એવું ઠરાવ્યું છે કે મુસલમાની શરેહ પ્રમાણે અપેલેન્ટ તરફથી આ કામમાં વીધી કરવામાં આવેલ નથી એટલે રીસ્પોડેન્ટ સાથેનું તેણીનું લગ્ન કાયમ છે નીચેની અપીલ અદાલત ઇ. લો. રી. ૧૮ કલકતા પાને ૨૬૪ વાળા રામ કુમારીના કેસમાં એવુ માને છે કે, માજીસ્ટ્રેટ દ્વારા નોટીસ દેવી અને રીતસર દાવો કરી લગ્ન સંબધેના બંધનથી મુક્ત થવું; પરંતુ અવલ હકીકતવાળા વેરાવળ અદાલતે પોતાના જજમેન્ટમાં રામ કુમારીના કેસમાંથી ફકરો ટાંકેલ છે તે વાંચવાથી સ્પષ્ટ દેખાઇ આવે છે કે, તે બેને વીધી કરવાની નથી; પરંતુ તે બેમાંથી ગમે તે એક વીધી કરવી જોઇએ. બંને કરવાની જરૂરીયાત નથી; વેરાવળ અદાલતે જો કે બંને રીતે વીધી કરવી જોઇએ, એવો અભીપ્રાય બતાવ્યો નથી; તોપણ તે અદાલત એવા અભીપ્રાય ઉપર આવેલ છે કે; આ કામમાં રામ કુમારીના કામમાં બતાવેલ વીધી કરવામાં આવેલ નથી. આ વિધી કેવી રીતે અપુર્ણ છે તે સ્પષ્ટ શબ્દોમાં બતાવવાને બદલે મોઘમ રીતે તે અભીપ્રાય જણાવેલો છે; પરંતુ રામ કુમારીના કેસમાં "માજીસ્ટ્રેટ" શબ્દ લખેલ છે અને જે નોટીસ આપવી જોઇએ તે પોતાને માજીસ્ટ્રેટ તરીકે મલી નથી, પણ દિવાની મુન્સીફ દરજ્જે અપેલેન્ટે પોતાના જવાબની કલમ ૬ થી અરજ કરેલ છે અને તે પણ નોટીસ ગણાય નહી એવી કાંઇ માન્યતા વેરાવળ અદાલતના વિદ્વાન મુનસફની હોવી જોઇએ એવું અનુમાંન થાય છે. આ કામમાં અપેલેન્ટના જવાબની કલમ ૬ માં કરેલ માગણી ઉપરથી રીસ્પોડેન્ટને અદાલતે પુછેલ છે કે તારે મુસલમાન ધર્મનો સ્વીકાર કરવો છે? તેના જવાબમાં રીસ્પોડેન્ટે ના પાડી છે અને તેનો નોંધ તા ૨૪-૩-૧૩ ના પ્રોસીડીંગમાં લેવામાં આવ્યો છે એટલે તે વખત સુધીતો વેરાવળ અદાલતના વિદ્વાન મુનસફને દીવાની મુનસફ દરજ્જે થએલ અરજ કાયદેસર છે એવુ લાગેલું હોવું જોઇએ નહીં; પરંતુ તે વખતે પોતે અપેલેન્ટની માગણી મુજબ રીસ્પોડેન્ટનો જવાબ લેવામાં અયોગ્ય થતું નથી. એમ માન્યું હોય અને જજમેન્ટ લખતી વખતે પોતાના લક્ષમાં આવ્યું હોય કે તે વિધિ કાયદા પ્રમાણે થએલી નથી તોપણ તે માન્યતા અને અભીપ્રાય કાયદેસર નથી. મુસલમાની શરેહ પ્રમાણે કાજી મારફત નોટીસ આપવી જોઇએ. કાજીઓનું કામ ન્યાય આપવાનું હતું અને તેમાં દીવાની તથા ફોજદારી બંને પ્રકારના અધીકારનો સમાવેશ થાય છે. એવી સામાન્ય રીતે માન્યતા છે તે કાજીઓનો અર્થ કલકતા હાઇકોર્ટે માજીસ્ટ્રેટ કરેલો છે તે મારી સમજ પ્રમાણે સાંકડાં અને કાયદાના

અર્થમાં નહીં પણ લોકમાન્ય ન્યાયાધીશના અર્થનાં વપરેલો હોવો જોઇએ એમ અમીરઅલી કૃત students Hand Book of mohmedan law નામના પુસ્તક (આ વૃતી બીજી) ના પાને ૬૫ મે નીચે પ્રમાણે લખેલુ છે. તેથી દેખાય આવે છે:—

Theo culcutta high court has held that India is not a non-Islami country and that consiquently when married non-moslem woman adopts the mohmedan faith and thereafter contracts a fresh marriage without applying to a judge a magistrate to call upon the husband to adopt Islam she is guilty of bigamy

એટલે હાલના કામમાં દીવાની સુનસક તરીકે જે અરજ કરવામાં આવેલ છે અને તે ઉપરથી રીસ્પોડેન્ટે મુસલમાન ધર્મનો સ્વીકાર કરવા ના પાડી છે; તેથી મોહમેદન સરેહ પ્રમાણે આ કામમાં સંપુર્ણ વીધી થવાથી અપેલેન્ટ સાથેનું રીસ્પોડેન્ટનું લગ્ન રદ થઇ ગયું છે અને તેથી સંપુર્ણ વીધી આ કામમાં થઇ નથી એવો નીચેની બને અદાલતોએ ઠરાવ કરવામાં વ્યાજબી કર્યું નથી એવો અમારો આ મુદા વિષે છે.

ચોથો મુદો.

ઉપર પ્રમાણે જ્યારે પક્ષકારો વચ્ચેના લગ્ન રદ ઠરે છે ત્યારે રીસ્પોડેન્ટના લાભમાં લગ્નના હક પુરા કરાવાનું કરેલું નીચેની બને અદાલતોએ કરેલ હુકમનામું રદ થવું જોઇએ એ દેખીતું છે અપેલેન્ટે દાવો થયા પહેલા શરેહ પ્રમાણે પોતાના લગ્ન પુરાં કરાવવા હાલના ધોરણ પ્રમાણે કાયદેસર વીધી કરેલી નહીં હોવાથી, વાદી રીસ્પોડેન્ટે જે દાવો કરેલ તેમાં તેણે કાંઇ અયોગ્ય કરેલ નહીં એવી હકીકતે ત્રણે અદાલતોનુ ખર્ચ પક્ષકારોએ પોત પોતાનું ખમવું, એવો ખર્ચ સંબંધી હુકમ કરવાનું અમને યોગ્ય જણાય છે માટે ઠરાવવામાં આવે છે કે:—

ઠરાવ

અપેલેન્ટ માનું માંડણની અપીલ મંજુર કરી નીચેની બંને અદાલતોના ઠરાવ રદ કરવામાં આવે છે પક્ષકારોએ તમામ અદાલતોનું પોતપોતાનું ખર્ચ પોતે ભોગવવું શા. ૧૯૬૯ ના શ્રાવણ વદ ૧૦ બુધવાર તા. ૨૭ માંહે ઓગષ્ટ સને ૧૯૧૩

(સહી) અમૃતલાલ ભોગીલાલ
અબ્દલગની ઇબ્રાહીમ રાજ્ય પ્રકરણી કોર્ટ જજ
આ—ઇ
નરસિંહ પ્રસાદ કાનદાસ.
તા. ૭-૮-૧૩
નકલ કરનાર ફી કલાર્ક.
વસંતરાય કેશવરાય જયકર
અસલ સાથે મેળવનાર
દેશાઇ ઇશ્વરલાલ દુર્ગાદાસ

| સદર અદાલત જુનાગઢ |

તા. ૧૦-૬-૧૯૧૪
ખરી નકલ.

સહી નાનાલાલ કુશશંકર.
સ. કો. સી.

શેરા.

પ્રતિવાદીની તા. ૨૭-૬-૧૬ ની અરજી સાથે રજુ થતાં મો. મુ. નાં $\frac{૧૦૯}{૭૦}$ માં અનામત તા. ૨૭-૬-૧૬

સહી વ્યંકટરાય

શી.

શેરા.

આ ખરી નકલ મો. મુ. ના. $\frac{૧૦૯}{૭૦}$ માં દાખલ કરી તા. ૧૮-૧૧-૧૬

સહી વ્યંકટરાય

સી.

(ફેંસલો ત્રીજો.)

સ્ટાંપ એક રૂપીયો.

આંક ૧૪૧ A

નકલ કરનાર ગણુપતરાય દોલતરાય

શબ્દ	લખાઇ	મુકાબલ	કાગળ ખર્ચ	કુલ.
૪૦૦	૦-૩-૦	૦-૧-૦	૦-૩-૩	૦-૪-૩

માગી તા.	હુકમ થયો તા.	સરૂ કરી તા.
૧૯-૮-૧૫	$\frac{૧૯}{૨૧}$-૮-૧૫	૨૮-૮-૧૫

પુરી કરી તા.	મુકાબલ કરી તા.	સહીથઇ તા.
૨૫-૮-૧૫	૨૬-૮-૧૫	૨૬-૮-૧૫

લેવા આવતાં આપી તા.
૪-૯-૧૫

સ્થાન જુનાગઢ હજુર અદાલતમા દીવાની રીવીઝન અરજી નંબર $\frac{૧૫}{૧૯૭૦}$

સુતાર નાથા વસરામ રે. વેરાવળ-અરજદાર

વિરૂધ્ધ

બાઇ માનુ તે નાથા વસરામની ઓરત સામાવાળા રે. વેરાવળ.

ઠરાવ

વેરાવલના રહીશ વાદી અરજદાર સુતારે વેરાવળ કોર્ટમાં લગનના હક પુરા કરાવી આપવા દાવો કર્યો છે એવો બચાવ કરવામાં આવ્યો છે કે પ્રતીવાદીયણુ સામાવાળી મુસલમાન થઇ ગઇ છે અને તેથી લગ્ન રદ થયાં છે પહેલી કોર્ટે એવું ઠરાવ્યું કે સામાવાળીએ મુસલમાન થઇ જવાની નોટીસ અરજદાર ઉપર બજાવી નથી જે નોટીસ પ્રમાણે વર્તવાના પાડયા ઉપરથીજ લગ્ન રદ થઇ શકે તેથી દાવાનુ હુકમનામુ કરી આપવામાં આવ્યું છે.

પહેલી અપીલમાં આસીસ્ટંટ જજે, અરજદારે સામાવાળીને પોતાની નાતમાં દાખલ કરાવવા પ્રથમ ગોઠવણુ કરવી એવી શરત વધારી હુકમનામું બહાલ રાખ્યુ છે.

બીજી અપીલમાં સદર કોર્ટે તે વિષય ઉપર કાયદાનું અવલોકન કરી નીચેની કોર્ટોના હુકમનામા રદ કર્યા છે આથી નારાજ થવાથી વાદીએ રીવીઝન માટે હાલની અરજી દાખલ કરી છે.

અરજદાર તરફથી મી. નરસિંહપ્રસાદ હાજર છે.

રીસ્પોંડેન્ટ તરફથી મી. અલાદીન હાજર છે મારે કહેવું જોઇએ કે આ કામનો સવાલ ગુંચવણુ વાળો છે તોપણુ એક અથવા બીજા

ની તરફેણમાં અભીપ્રાય જણાવ્યા શીવાય જે જણાવવા મારી ઉપર ફરજ રહેલી નથી કેસ રીવીઝનને પાત્ર 'હોવાનું બતાવવામાં આવ્યું નથી એમ મારે કેહવું જોઇએ નીચેની અપીલ કોર્ટનો ઠરાવ ભુલ વાળો હોય કે નહોય તો પણ તે રીવીઝન તરીકે મારે વચ્ચે આવવા કાંઇ કાયદેસર કારણ નથી તે કોર્ટને તે કેસના સબંધમાં પુરેપુરી સત્તા છે એમાં કાંઇ શંકા નથી અને કદાચ એમ ધારીએ કે તેનો ઠરાવ શંકા પાત્ર છે તોપણ તે કોર્ટે તેની સત્તા ગેર કાયદેસર અથવા ખાસ ગેરશીરસ્તાપણે વાપરી છે એમ કહી શકાય નહીં આ હકીકત એક બાજુએ રાખીએ તોપણ તે સ્ત્રી માત્ર મુસલમાન થઇ ગઇ નથી પણ વેરાવળ મુનસફની મારફત તેના હીંદુ ધણીને નોટીસ આપ્યા પછી અને તેણે તે પ્રમાણે વર્તવા ના પાડયા પછી તેણી ખરેખર મુસલમાનની સાથે પરણી છે એમ હું સમજું છું. આવા સંજોગોમાં તેના હીંદુ ધણીને ત્યાં પાછી જવા તેણીને ફરજ પાડવી તેથી ઘણી અસગવડતા અને મુસ્કેલી થશે. જે વર્ણવ્યા કરતાં વધારે સહેલાઇથી કલ્પનામાં આવી શકશે. હીંદુ શાસ્ત્ર આવી સ્ત્રીને તેના વાડામાં (નાતમાં) અને હીંદુ ધણીની સાથે કાયદેસર રીતે પરણેલી સ્ત્રી તરીકે તેની મુળ સ્થીતી પાછી મેળવવા હકદાર થયેલી ગણવાની દરકાર કરશે કે કેમ તે હું જાણતો નથી તે સબંધ નીદા પાત્ર થશે અને હિંદુ વીચારો અને સમજથી બાધ આવે એવું પરીણામ સંપાદન કરવાને હું મારી ખાસ સતા વાપરીશ તો વ્યાજબી ગણાશે એમ હું ધારતો નથી.

આ કારણોને લઇ હું વચ્ચે આવવાનું નામંજુર કરૂં છું અને આ અરજી કાઢી નાખું છું દરેક પક્ષકારતું ખર્ચ તેને પોતાને શીર ૧૦ મી જાનયુઆરી ૧૯૧૪

(સહી) ઇ. રૂબેન
ચીફ. જ્યુડી. આફીસર
ખરો તરજુમો
C Ruben.
ચીફ. જ્યુડી. ઓ.

અસલ સાથે મેળવ્યું કા. ભવાન પ્રેમજી
તા. ૨૬-૮-૧૯૧૫

| સીકો હજુર અદાલતનો |

ખરી નકલ

હુકમથી

(સહી) પુરૂષોતમરાય રામજી
ચી. જ્યુ, ઓ. સી.

શેરો.

પ્રતિવાદીની તા. ૨૭-૬-૧૬ ની અરજી સાથે રજુ થાતાં મો. મુ. નં. $\frac{૧૦૯}{૭૦}$ ના કામમાં અનામત તા. ૨૭-૬-૧૬

(સહી) વ્યંકટરાય
શી.

શેરો

આ ખરી નકલ કામમાં દાખલ કરી તા. ૧૮-૧૧-૧૬

(સહી) વ્યંકટરાય
શી.

ત્રીજો ભાગ સમાપ્ત.

ચોથો ભાગ છપાય છે. કીમત ચાર આના.

ખોજકી પંથના પુસ્તકો

આગાખાની ખુદાઈનો જવાબ—પેશાવર વાળા મી. રાધા કૃષ્ણે ખોજકી પંથની વિરૂધ્ધમાં છપાવેલા પુસ્તકનું ભાષાન્તર સાથે દંદાંશીકન જવાબ. ઘણુંજ હેરત ભર્યું પુસ્તક છે. કીમત એક રૂપીઓ.

પચીસ સવાલોના જવાબો—મી. રાધા કૃષ્ણે ખોજકી પથ સબંધે ૨૫ સવાલો પુછેલા તે સવાલો સાથે તેના આ પુસ્તકમાં અજબો ગરીબ જવાબો આપવામાં આવ્યા છે કીમત ત્રણ આના.

ખુલ્લી ચીઠીનો જવાબ—પંજાબના મુરીદોને જ્યારે મુસલમાન રૂપમાં ફેરવવાની મુબઇ ખાતે નામદારઆગાખાન તરફથી તજવીજ થઇ ત્યારે મી ગધા કૃષ્ણે ખુલ્લી ચીઠ્ઠી છપાવી મુંબઇમાં છુટથી વ્હેંચી હતી. તે ચીઠ્ઠીનો ન્યાય નીતિથી જવાબ આપેલો છે. કી. પાંચ આના.

ખોજા તવારીખ—ખોજા કોમની ઉતપત્તીથી લઇ તેને લગતા સઘળા હેવાલો ઘણાજ વિસ્તારથી આપી નવીન પ્રકાશ દેખાડયો છે. ખાસ વાંચવા તથા વિચારવા જોગ છે. કીમત અઢી રૂપીઆ.

ગુપ્ત પંથકા શુજરા—ખોજકી પંથની ઉતપત્તી તથા તેના પીરો, વકીલો તથા ઇમામોનો શુજરો. કી. ત્રણ આના.

ખોજા ઉતપત્તી—ખોજા કોમની ઉતપત્તીનો એક નવીન પ્રકાશ પાડતો લેખ. આગાખાનનો સબધ ખોજાઓ સાથે કેવી રીતે થયો તેનું વિગતવાર વર્ણન કી. ત્રણ આના.

ખોજા પંથ દર્પણ—ખોજા કોમનો અસલ ધર્મ કયો તેની લંબાણ તપાસ તથા સંખ્યાબધ મોતબર આધારો એક હજાર ઉપરાત પૃષ્ઠો છે. કી ચાર રૂપીઆ.

આગાખાન કેસનો ફેસલો—મુંબઇ ખાતે સુન્ની ખોજાઓ તથા આગાખાન વચ્ચે જે મોટો મુકર્દમો ચાલેલો તેનો સર જોસફ આર્નોલ્ડે આપેલો ફેસલો કી. આઠ આના

આગા હસન અલીનુ વૃત્તાન્ત—મરહુમ આગા હસનઅલી શાહે પોતાનુ વૃતાન્ત પોતાને હાથે લખેલું તેનું ગુજરાતી ભાષાન્તર કી. આઠ આના.

હસન બિન સબ્બાહ—બાતીની ધર્મના સ્થાપક તથા ખુનીઓમાં પ્રખ્યાતિ પામેલા અજબો ગરીબ માણસનું હેરત ભર્યું જીવન ચરિત્ર કી દસ આના

આગા જહાંગીરનો રીસાલો—હાલના આગા સુલતાન મહંમદશાહના સસરા આગા જંગીશાહે પોતાના કુટુંબ તથા ખોજાઓના અકાયદની ચોપડી ફારસીમાં છપાવેલી તેનો ગુજરાતી તરજુમો કી ચાર આના.

નુરબાઈનો કેસ—માણાવાવના ખોજા કાસમ કાનજીએ પોતાની ઓરત નુરબાઇને કબજે લેવા માંડેલા કેસનો શરૂથી તે છેવટ સુધીનો સત્તાવાર હેવાલ ફેસલા સુધીનો કી. સવા રૂપીઓ.

ખોજા ખુન આરોપ—ખોજાઓ ખાનામાં માણસ મારી ખાય છે તેવા આરોપનું ખંડન કી. ચાર આના.

ઇસમાઈલીઆ કાયદાઓ—ઇસમાઇલીઆ કાઉન્સીલના કાયદાપર રીવ્યું કી. ચાર આના

ખોજા પ્રકાશ—પાંચમા વર્ષની ફાઇલ ઘણાજ ખેંચાણ કારક વિષયોથી ભરપુર છે.

મળવાનું ઠેકાણું

એદલજી ધનજી કાબા.

અમરેલી—(કાઠીયાવાડ)

ઈસ્લામી સુધારાના પુસ્તકો

હઝરત મોહમ્મદ સ૦ નું ટુંક જીવન ચરિત્ર—આ જીવન ચરિત્રમાં વીલાદતથી તે વફાત સુધીના સઘળા હેવાલો તથા પરધર્મીઓના ઇસ્લામ તલવારથી ફેલાયો છે તેવા આક્ષેપનું ખંડન કી૦ બાર આના.

અખ્તર મહેલ—મોગલ શહેનશાહ શાહજહાં પોતાની પ્રજાના રક્ષણ માટે રાત્રે રાજાની ચર્યાએ નીકળે છે અને એક દુખ્યારી મા દીકરીનો મેળાપ થાય છે કીંમત બે આના

અમારા નબી અને તેના બોધવચન—આખી આલમના ઇસ્લામીઓના સરતાજ હજરત મોહંમદ સ૦ ના મુબારક જન્મથી તે દુનીયાથી પરદાપોશ થયા ત્યાંસુધીની હકીકત તથા આપના બોધ વચનની સંખ્યાબંધ હદીસો આપી છે અમુલ્ય કીતાબ છે. કીમત આઠ આના.

અમારા નબી—હઝરત રસુલે અકરમ સ૦ ની જીંદગીનો ટુંક હેવાલ સાદી તથા સરળ ભાષામાં આપવામાં આવ્યો છે. બાળકો માટે પણ બહુ ઉપયોગી છે. કીમત બે આના

ઇસ્લામનો અર્થ—તેમાં ઇસ્લામના અર્થ ઘણી બળવાન દલીલોથી સમજાવવામાં આવ્યા છે. કીમત એક આનો.

તવહીદ—અલ્લાહના એક હોવાને કુરાને મજીદની આયતો વીગેરેથી સાબેત કરવામાં આવી છે. કીમત એક આનો.

ઇસ્લામની ઇબાદતો—બીજા ધર્મોની ઇબાદતો કરતાં ઇસ્લામની ઇબાદતોની સરસાઈ સાબેત કરવામાં આવી છે કીમત એક આનો.

ઇસ્લામી નીતી શાસ્ત્ર—નીતિ શાસ્ત્રનો ખ્રીસ્તી ધર્મના નીતિશાસ્ત્ર સાથે મુકાબલો કરી ઇસ્લામની સરસાઇ સાબેત કીધી છે. કીમત એક આનો.

શેખ સનોસી ભા૦ ૧-૨—પેહલા ભાગમાં ઇસ્લામના ભવિષ્ય વિશે તથા અંગ્રેજ પ્રજાના રાજાના મુસલમાન થવાની ખુશખબરી વીગેરે બાબતો છે, બીજા ભાગમાં ઇમામ મેંહદી અ૦ ના જાહેર થવાની ખુશ ખબરીઓ હદીસો સાથે આપી છે. ભા. ૧ લો કી. છ આના ભા ૨ જો કીમત ચાર આના.

આલમગીર—હીન્દના મહાન શહેનશાહ અવરંગઝેબ ઉપર ધર્માન્ધ લેખકાએ જે આરોપો મુકયા છે તેનો રદ કરી એ મહાન શહેનશાહની ખુબીઓ જાહેર કરવામાં આવી છે. કીમત આઠ આની.

નવાબ મીર સદરૂદ્દીન હુસેનખાનનું જીવન ચરિત્ર—વડોદરાના આ નવાબ સાહેબના જીવન ચરિત્ર સાથે તેમની કોગી ખીદમતો તથા વિચારો જે ખાસ અનુકરણ કરવા લાયકના છે તે પણ આપવામાં આવ્યા છે કીમત આઠ આના.

તઝકીરએ મોહર્રમ—ટુંકમાં કરબલાનો ગમખાર બનાવ ઘણી ખુબી સાથેનો આપવામાં આવ્યો છે. કીમત એક આનો.

તોહફએ ઈદુલ દોહા—બકરી ઇદના દરેક જાણવા જોગ મસલા તથા ઇદને લગતી વિગત છે કીમત અરધો આનો.

મુસલમાન અમલથી હીન્દુસ્તાનમાં થએલા સુધારા—મુસલમાન રાજય કર્તાઓના સમયમાં કયા સુધારા વધારા કરવામાં આવ્યા તે આપવામાં આવ્યા છે કીમત બે આના

જંગે ત્રીપોલી ભા૦ ૧-૨-૩-૪—તુરકી તથા ઇટાલીયન વચ્ચે થએલી લડાઇને લગતું રસીક નોવેલ છે. લોકોમાં બહુજ પસંદગી મેળવી ચુકયુ છે યુરોપિયન રાજ્યોનું જંગલીપણું તથા જંગલી આરબોની દેશભક્તિ,

બહાદુરી, માણુસાઇ, વીવેક નીત વીગેરેનો તાદ્દશ્ય ચિતાર છે. દરેક ભાગની કીમત બાર બાર આના.

નઝીરૂદદીન—પોતે પોતાનું જીવન ચરિત્ર વાર્તા રૂપમાં કહેલું કે જીંદગીની અજાયેબ હલાવનારી ઉદલ પાદશા કીમત આઠ આના.

સલીમ અને મેહરૂન્નીસા—મોગલ શાહેનશાહ જહાંગીર અને બેગમ નુરજહાંની પ્રેમભરી દાસ્તાન ઇતિહાસીક ધોરણે આપવામાં આવી છે. ઇતિહાસને વાર્તામાં ફેરવી નાખ્યો છે. કીમત છ આના.

ઈદની એક અનમોલ ભેટ—ઇદના દહાડાની ઘણીજ રસીક વાર્તા છે શરૂ કર્યા પછી પુરી કીધા વિના ચેન પડતું નથી કીમત બે પૈસા.

નિઝામી વાર્તાઓ—મી૦ નીઝામુદીન એ-કુરેશી કૃત જુદા જુદા દીલપસંદ વિષયો વાળી આઠ વાર્તાઓનો સંગ્રહ દરેક વાર્તા ઘણીજ ખેંચાણકારક છે કીમત દસ આના.

જહાંકદર—એક અતિ દીલકશ દીલ્હીના બળવાના વખતની વાર્તા છે પ્લોટ ઘણોજ આનંદી અને બોધદાયક છે કીમત સાત આના.

આણુધારી આફત—એક રસીક વાર્તા ચાલતી ટ્રેનમાંથી છુટેલી પીસ્તોલની ગોળી વડે એક નિર્દોષનું ખુન. બદમાસોની ચાલબાજીઓ બહાદુરખાન ડીટેકટીવની તપાસ અને પાપીઓનું પકડાવું વીગેરે કીમત આઠ આના.

હાલાતે ઇસ્તમબોલ-તુરકી સલ્તનતના મહાન પાયતખ્ત ઇસ્તમબોલનો દરેક પ્રકારનો અહેવાલ કી. ચાર આના.

ફાકાઆં રોઝા—સને ૧૮૫૭ ના બળવા વખતે હીન્દના મુગલ શહેનશાહતના કુટુંબ ઉપર પડેલી વિપત્તીઓની હકીકત આપવામાં આવી છે કી. એક આનો

મઝહબી નોંધ પોથી—એક મુસલમાનને મુસલમાન રહેવા માટે જે જે વાતોની જરૂર છે તે બધી આ નાનકડા પુસ્તકમાં આપવામાં આવી છે. કીમત એક આનો

કનીઝે ફાતમા—આ વાર્તામાં એક અનાથ બાળાની દુખ્યારી દાસ્તાન લખવામાં આવી છે જેથી ચડતી પડતીનો દરેક અનુભવ થાય છે. એક નાયાબ તથા બેમિસલ વાર્તા છે કીમત સવા રૂપીઓ

ગવહર જાન—ગવહર જાન નામની દીલ્લીની રહેનાર એક ગુણિકાએ પોતાની આખી જીંદગીનું રસીક વૃતાન્ત વાર્તાના રૂપમાં પોતાના હાથે લખ્યું છે જે વાંચવાથી એક ગુણિકાની જીંદગી ઉપર પુરેપુરૂં અજવાળું પડે છે કી. દોઢ રૂપીઓ.

આબેદા ભા. ૧ લો—એક આલમ બાળાએ પોતાની જીંદગીના બધા વૃતાન્તો એવી દીલકશ રીતે વાર્તાના રૂપ માં રજુ કર્યા છે તેના વાંચવાથી ઇસલામ મઝહબની સચ્ચાઇઓ તથા ઇસલામી રીત રીવાજોનો પુરે પુરો નકશો આંખો આગળ રજુ થાય છે કીમત સવા રૂપીઓ

નુરબાઇનો કેસ.

(ભાગ ચોથો)

રાણાવાવના ઇસનાઅશરી તડાંવાળા ખોજા કાસમ કાનજીએ પોતાની
ઓરત નુરબાઇ જે જુનાગઢના આગાખાની તડમાં જઇ ભરાઇ
છે તેને કબજે લેવાનો જુનાગઢની દીવાની અદાલતમાં

માંડેલો કેસ

જુનાગઢ દીવાની અદાલતનો મો. મુ. નં. ૧૦૯—૭૦

વાદી—ખોજા કાસમ કાનજી રહેવાશી રાણાવાવ
પ્રતિવાદી—ખોજણ નુરબાઇ મેઘજી રહેવાશી ખાખરડા
વાદીના વકીલ—છગનલાલ નાગજી ચીનાઇ બી. એ. એલ. બી. જુનાગઢ
પ્રતિ. ના વકીલો—પુરશોતમ માવજી એજન્સી પ્લીડર રાજકોટ. મુનશી ગુલામમહંમદ
બેરીસ્ટર એટ-લો રાજકોટ. વકીલ પરમાણંદ ડોસાભાઇ જુનાગઢ

છપાવી પ્રગટ કરનાર
એદલજી ધનજી કાબા.
અમરેલી-કાઠીઆવાડ,

અરૂણોદય પ્રિન્ટીંગ પ્રેસ અમરેલીમાં હકમીચંદ જેરામ
વકીલે પ્રસીદ્ધ કર્તાને માટે છાપ્યો. તા. ૨૧-૧-૧૫

કીંમત છ આના.

એદલજી ધનજી કાબાનાં લખેલાં પુસ્તકો.

ખોજા ઉત્પત્તીનાં પુસ્તકો.

ખોજા વૃતાન્ત	૧-૮-૦
સતપંથ શાસ્ત્ર ભા. ૧ લો	૨-૦-૦
આગા જંગીશાહનો રીસાલો	૦-૪-૦
ખોજા કોમની તવારીખ	૨-૮-૦
ખોજા ઉતપત્તી	૦-૩-૦
ગુપત પંથકા શુજરા	૦-૩-૦
દરૂઝ કોમના અકાયદ	૦-૩-૦
ખોજા સર્વ સંગ્રહ ભા. ૧ લો	૧-૦-૦
ખોજા સર્વ સંગ્રહ ભા. ૨ જો	૧-૦-૦
મઝાહેબુલ ઈસલામ	૨-૦-૦

રાધાકૃષ્ણના પુસ્તકોનાં ખંડનો

આગાખાની ખુદાઇનો જવાબ	૧-૦-૦
પચીસ સવાલોના જવાબો	૦-૩-૦
ખુલ્લી ચીઠીનો જવાબ	૦-૫-૦

વરતેજીની પોલનાં પુસ્તકો.

દાવતે ઇમાન	૦-૩-૦
ફીલવાના સવાલ જવાબ	૦-૪-૦
ઇમામ કેવો જોઇએ ?	૦-૪-૦
ધુઆનો ઝળકાટ	૦-૮-૦

હાસમ બોધાનાં પુસ્તકોના જવાબો.

તોહફે ઇસમાઇલીઆ	૦-૮-૦
અસલિયાતે ખોજાનું ખંડન	૦-૮-૦
ખોજા પંથ દર્પણ ભા. ૧ થી ૮	૪-૦-૦

કાસમઅલી લધાભાઈને જવાબ

ઈસ્માઇલીમાંથી ખામી	૦-૧-૦
અસલ ખોજા ઈસનાઅશરીજ	૦-૧-૦

ખોજા કોમનાં પુસ્તકો

આગાખાન કેસનો ફેસલો	૦-૮-૦
નુરબાઇનો કેસ ભા. ૧-૨-૩-૪	૧-૮-૦

બાતીન્યા મતનાં પુસ્તકો

હસન બિન સબ્બાહ	૦-૧૦-૦
ફીરદોસે બરીં	૧-૮-૦
અલમોતના રાજ્યનો ઇતિહાસ	૧-૮-૦

પરચુરણ ખોજા પુસ્તકો

નુસેરીની હઠીલાઇ	૦-૪-
કરમાલીનું કીસમત	૧-૮-
ખોજા ખુન આરોપ	૦-૪-
ખોજા કોમને સુધારો	૦-૨-
હીદાયત પ્રકાશ	૧-૦-

આર્ય પ્રકાશનાં ખંડનો

આર્ય પ્રકાશની અજ્ઞાનતાનું ખંડન ભા. ૧-૨-૩	૧-૨-
દયાનંદ પંથ દર્પણ	૦-૬-

ઇસલામી સુધારાનાં પુસ્તકો.

સર સૈયદ એહમદના લેખો ભા. ૧-૨	૨-૦-
સર સૈયદ એહમદ	૦-૬-
મુસદસે હાલી	૧-૪-
ઇસલામીઓનો હીન્દને ઠપકો	૦-૪-
ઉમ્મતનો વિલાપ	૦-૨-
અલ્લાહની ઓળખાણ	૦-૨-
ઓલાદના હકો	૦-૪-
ઇસલામી હકો	૦-૨-
મોહરમની ખુબીઓ	૦-૬-
મુસલિમ સદવર્તન ભા. ૧-૨-૩-૪	૦-૮-
જસ્ટીસ અમીરઅલી	૦-૨-
નવાબ મોહસીનુલ મુલ્ક	૦-૨-
કેળવણીની હદીસો	૦-૦-૩
ઓરંગઝેબનું લેક્ચર	૦-૦-૩
આદાતે રસુલ	૦-૦-૩
હજરત મોહંમદ	૦-૮-
મેરાતુલ ઓરૂસ	૦-૨-
મીરજા દબીર અનીસ	૦-૨-
નુરે હીદાયત પુ ૧	૫-૦-
નુરે હીદાયત પુ. ૨	૫-૦-

ઈસનાઅશરી મતનાં પુસ્તકો

ચેરાગે ઇસનાઅશરી	૧-૦-
ઇસનાઅશરી આરસી	૧-૮-
ઇસનાઅશરી તવારીખ	૧-૦-
ઈસનાઅશરી મઝહબની ખુબીઓ	૧-૦-
ઇસલામી સીતારો	૦-૩-

લખો— એદલજી ધનજી કાબા, અમરેલી-કાઠીયાવાડ

રાણાવાવના ખોજા કાસમ કાનજીએ પોતાની ઓરત નુરબાઇને કબજે લેવાનો માંડેલો કેસ.

(ભાગ ૪ થો)

નુરબાઇના જામીન લેવરાવવાની વાદીની અરજી.

શ્રી સોરઠ સરકાર બાબી બહાદુરની જુ. દીવાની અદાલતમાં.

દા. તા. ૧૩-૧૨-૧૩. ર. નં. ૧૦૨૮/૭૦

વાદી—ખોજા કાસમ કાનજી રે. રાણાવાવ.

પ્રતિવાદી—ખોજણ નુરબાઇ વી. મેઘજી તથા શેઠ હબીબ કાસમ રે. જુનાગઢ

દાવો ઓરત કબજે લેવા તથા લગ્નના હક પુરા કરવા બાબત.

વાદીની માનસર અરજ કે—

ના. ૧ ની પ્રતિ. મારી કાયદેસર ઓરત છે અને મારા ઘરમાં રહેલી હતી તે દરમીયાન તેનો દાદો ગોવા ડાહ્યા આટો દેવાનું બહાનું કાઢી પોતાને ગામ ખાખરા તેડી ગયેલ અને ત્યાંથી બોલાવતાં તે આવી નહિ, તે ઉપરથી જામનગર તાબે કલ્યાણપોર મુનસફ કોર્ટમાં મુ. ના. ૬૨, ૬૯-૭૦ મે દાવો કરી તા. ૯-૬-૧૩ નું હુકમનામું મેળવ્યું છે તે પછી તે ત્યાંથી ભાગી અહીંની હુકમતમાં આવી છે અને ના. ૨ ના પ્રતિવાદીના ઘરમાં રહે છે એવા મને ખબર મળતાં મેં આપ અદાલતમાં દાવો દાખલ કર્યો છે

આ દાવાની ખબર ના. ૧ ની પ્રતીવાદીને પડશે તો તે અહીંની હકુમત છોડી ભાગી જશે. અને તેમ થવાથી દાવાનો હેતુ વ્યર્થ જશે અને પ્રતિ. ઉપર હુકમ નામું થશે તો તે બજવામાં ઢીલ અને હરકત થશે એવો પુરો સંભવ છે કેમકે તે પોતા ઉપર હુકમનામું ન બજે તે સારૂ ભાગનાસ કરે છે.

માટે પ્રતિ. આ દાવાનો નિકાલ થતાં સુધી આપ અદાલતની હકુમત છોડી ભાગી ન જાય તેવા તેણીના યોગ્ય રકમના જામીન લેવા મે. કરશો અને જામીન ન આપે તો તેને કેદમાં રખાવવા મે. કરશો. તેનું ખર્ચ આપવા તૈયાર છું.

પ્રતિ. ઉપર એકદમ વારંટ આપવામાં નહિ આવે તો તે ભાગી જશે એવી પુરી દહેશત છે તેની ખાત્રી માટે આ સાથે સોગંનનામા (એફીડેવીટ) રજુ છે એજ અરજ તા૦ ૧૨-૧૨-૧૩

ડબલ પ્રોસેસ સાથે છે

ખોજા કાસમ કાનજીની સહી
દા. પોતે

હું વાદી પ્રતિજ્ઞા ઉપર એકરાર કરૂં

છુ કે ઉપર લખી હકીકત, મારા જાણવા મુજબ સાચી છે તા– સદર

ખોજા કાસમ કાનજીની સહી
દા. પોતે.

સ્ટાંપ એક રૂપીયો ૧૩–૧૩–૧૩	ર. નં. ૧૦૨૮/૭૦

શેરો.

અરજ દારની જુબાની લીધી તથા કાનજીના એફીડેવીટની અકાઇ કરી, સામાવાળી નુરબાઇ પર વાદીએ હુકમ નામું મેળવ્યું છે અને તે ન બજવા દેવાના હેતુથી તે સ્વસ્થાન જામનગરની હદ છોડી આવ્યાનું જણાય છે એવી હકીકતે તે આ હકુમતમાંથી પણ નાશી જવા પુરતો સંભવ છે માટે સરની વારંટ આપી વંચાણે તા. ૧૩–૧૨–૧૩

(સહી)
કાંતીલાલ બળવંતરાય
જુ. દી. મુ.

તા. ક.—સરતી વારંટ કાઢવામાં આવ્યું માટે જવાબ રજુ થવા તા ૧૭–૧૨–૧૩ પર બાકી તા. સદર

(સહી) **કાંતીલાલ**
જુ. દી. મુ.

નુરબાઇના જામીનનો ઇકરાર.

સંસ્થાન જુનાગઢ દીવાની અદાલત.

આંક ૩.   સા. ન. ૧૪૬૪/૭૦

મુ. નં. ૧૦૯/૭૦

વાદી—ખોજા કાસમ કાનજી રે. રાણાવાવ.
વિરૂદ્ધ
પ્રતિવાદી—ખોજણ નુરબાઇ મેઘજી તથા બીજા કાસમ રે. જુનાગઢ.

દ.વો ઓરત કબજે લેવા તથા લગ્નના હક પુરા કરવા બાબત.

આ કામમાં સદરહુ વાદીએ અરજ કરી છે કે પ્રતિવાદીયણ ઉપર જે હુકમ નામું થાય તે ન બજવા દેવા સારૂ આ અદાલતની હકુમત છોડી ચાલી જવાની છે માટે તે હુકમ નામું પુરૂં કરવા સારૂ તેની પાસેથી જામીન લેવા અગર જામીન આપે તો કેદમાં રાખશો

એ ઉપરથી આ અદાલતે સરતી વારંટ કઢયું છે. અને તેમાં હુકમ કર્યો છે કે સદરહુ ન. ૧ ની પ્રતિવાદીયણ નુરબાઇ આ દાવાનો નિકાલ થતાં સુધી અહીંની હકુમત છોડી નાશી ન જાય તેવા જામીન લેવા.

તેથી હું પુંજા મેઘજી રે. જુનાગઢ કે. પંચકટડીમ.નો મારી પોતાની ખુશીથી જામીન થયો છું અને મારે પોતાને વાસ્તે તથા મારા વારસો તથા મૃત્યુ પત્ર ચલાવનારાઓ વાસ્તે સદરહુ અદાલતની સાથે કરાર કરૂં છું કે સદરહુ પ્રતિવાદીયણ ના, ૧ ને તારીખ ૧૦ ડીસેંબર સને ૧૯૧૩ તથા ત્યાર બાદ અદાલત જ્યારે રજુ કરવાનો હુકમ ફરમાવે ત્યારે અને તે વખતે મારે રજુ કરવી છે તેમાં કસુર કરૂં તો તેની ગુન્હેગારી બદલ રૂા. ૫૦૦ પાંચસો ખુા. સરકારશ્રી ને મારે મારી જાત મીલકતથી ભરવા છે. આ દસ્તાવેજ મેં મારી રાજી ખુશીથી લખી આપ્યો છે. આ વાતની સાક્ષીને સહી આજ તારીખ ૧૪ મી ડીસેમ્બર સને ૧૯૧૩ ના રોજ મેં મારી સહી કરી આપી છે. તા. સદર

લી૦ ઉમેદવાર પરમાનંદ

તે ખોજા પુંજા મેઘજીના રૂબરૂ કહેવાથી

સહી
ખોજા પુંજા દેવજીની સહી
દા. સોભાગચંદ ઉત્તમચંદ
તે પુંજાના રૂબરૂ કહેવાથી

સાક્ષી
મેમણ ગ. ઇસ્માલની શાખ
દા. પોતે

(સહી રૂબરૂ)
કાંતીલાલ ભગવંતરાય
જુ. દી. મુ.
તારીખ ૧૪-૧૨-૧૩

વાદીના જામીન અરજ સામે નુરબાઇનો જવાબ.

સંસ્થાન જુનાગઢની નામદાર દીવાની અદાલતમાં.

આંક ૪. સા. નં. ૧૪૬૫/૭૦ દા. તા.૩-૧-૧૪

મુ. નં. ૧૦૬/૭૦

વાદી—ખોજા કાસમ કાંનજી રે. પોરબંદર.
વિરૂદ્ધ
પ્રતિવાદી—ખોજણ નુરબાઇ મેઘજી રે. જુનાગઢ

કાચી ટાંચ મગાવા બાબત.

હું પ્રતિવાદણ માનસર અરજ કરૂં છું કે-આ કામના ઉપર બતાવેલા વાદીએ મને પોતાની ઓરત હોવાનું કહી ઉપર બતાવેલ નંબરે આપ અદાલતમાં મને કબજે લેવાનો દાવો દાખલ કર્યો તેનું છેવટ થતાં પહેલાં હું ભાગી જવાની એવું જણાવી મારા જામીન લેવાની અરજ તેજ વખત દાખલ કરી તેની પુષ્ટીમાં વાદી અને તેના બાપે સોગન ઉપર જુબાની આપી એટલે આપે તેની અરજ મંજુર કરી મારા જામીન લેવા હુકમ કહાડયો. અને તે હુકમ કાયમ શા માટે ન કરવો તેનું કારણ બતાવવા અગર તે સામે વાંધો લેવો હોય તે લેવા મને ફરમાવેલું છે તે સબંધે નિચેની હકીકત રોસન કરવા રજા માગુ છું

૧ વાદીની હું ઓરત હજુ છઉં એ હકીકત વાદીએ તદન ખોટી જાહેર કરી છે અમારા વચ્ચેનો સબંધ લાંબા વખતથી મટી ગએલો છે.

૨ વાદીના લાભમાં હુકમ નામું થાય તે ન બજવા દેવાના બદઇરાદાથી હું ભાગીને અહીં આવી છઉં અને અહીંથી પણ તેજ ઇરાદાથી નાશી જવાની છઉં એ હકીકત પણ તેણે ખોટી જાહેર કરી છે.

૩ આજ લાંબા વખતથી મહારા ગુજરાન અર્થે અહીં આવીને રહી છઉં અને છુપી ફરતી નથી પરંતુ અમારી આખી ન્યાતી જાણે છે. તેમની જાહેર રીતે રહેતી છઉં અને વ્યવહાર ચલાવું છઉં.

૪ વાદી અને તેના બાપના જેવા બે સ્વાર્થી પક્ષકારના કહેવા ઉપરથી વિશ્વાસ રાખી મને જામીનના પ્રતિબંધમાં રાખવી એ વાજબી નથી.

૫ મહારા જામીન લેવા માટે કાઢેલો હુકમ ન્યાય નિતી અને કાયદાના સ્થાપીત સિદ્ધાંતોની વિરૂદ્ધનો છે

૬ પર રાજ્યમાં મારી ગેર હાજરીમાં એક તરફી રીતે મેળવેલું હુકમ નામું મને બંધન કરતા નથી તેમજ તેવા હુકમ નામાં ઉપર પ્રથમ દર્શનિક આધાર પણ રાખી શકાય નહિ

ઉપરના કારણો ધ્યાનમાં લઇને તેમજ મઢારી રૂબરૂની હકીકત સંભળી આપે કહાડેલો જામીન લેવાનો હુકમ રદ કરવા કૃપા કરશો. એજ અરજ. તા. ૩-૧-૧૪

લ. ધ્ર. વકીલ ગુલાબશંકર ઝીકાર
૧ ખોજણ નુરબાઈ મેઘજીની સહી
દા. ન્યાલચંદ વિ. ભગવાનજી તેના કહેવાથી.

રજુ કરનાર
ગુલાબશંકર ઝીકાર
તા. ૩-૧-૧૪

શેરો

મો. મુ. નં. ૧૦૯/૭૦ ના આજ કામમાં દાખલ તા. ૩-૧-૧૪

(સહી) વ્યંકટરાય
સી.

કાસમની પુરાવા દરખાસ્ત.

શ્રી સોરઠ સરકાર નામી બહાદુરની મે. દીવાની અદાલતમાં.

દા. તા. ૧૫-૧-૧૪ આંક ૬

વાદી—ખોજા કાસમ કાનજી રે. રાણાવાવ

વી.

પ્રતિવાદી—ખોજણ નુરબાઇ મેઘજી તથા શેઠ હબીબ કાસમ રે. જુનાગઢ

દાવો ઓરત કબજે લેવા બાબત

વાદીની માનસર અરજ કે—

આ કામમાં નં. ૧ ની પ્રતિ. સામે આપ સાહેબે આપેલ અવલ જપ્તીના સબંધમાં પ્રતિવાદીના વાંધા ઉપરથી નિકળેલ મુદ્દા સંબંધે મહારો પુરાવો નિચે મુજબ છે

૧ વાદી ખુદ

૨ વાદીનો બાપ ખોજા કાનજી કુરજી રે. રાણાવાવ.

૩ ખોજા ગોવા ડાહ્યા ના. ૧ ની પ્રતી. નો દાદો રે. સ્ટ. જામનગરના મહાલ કલ્યાણપુરા તાબે ખાખરડી

૪ ઠા૦ કાબા દેવરાજ રે. સદર

૫ રજપુત જાલાજી માલજી રે. સદર

૬ ના. ૧ ની પ્રતિવાદી નુરબાઇ મેઘજી રે. જુનાગઢ

૭ ના. ૨ ના પ્રતિવાદી શેઠ હબીબ કાસમ રે. સદર

૮ ના. ૩ ના સાહેદે કલ્યાણપુર કોર્ટમાં આપેલ જુબાનીની ખરી નકલ મેળવી રજુ કરશું.

ઉપર મુજબ પુરાવ છે. વિરૂદ્ધ તથા નિકળતો પુરાવો આપવા હક રાખીએ છીએ. ના. ૧-૨-૪ ના સહેદને રજુ કરશું. નાં. ૩-૫-૬-૭ માટે પોસેસનો સ્ટાંપ રૂા. ૨) એ નો મોકલવામાં આવ્યો છે એજ તા. ૧૫-૧-૧૪

સ્ટાંપ બે રૂપીયા.

લી. પ્રભુલાલ ગોવીંદરાય
સી. વકીલ.

મો. મુ. નં. ૧૦૯/૭૦ ના રોજ કામમા દાખલ. તા. ૧૫-૧-૧૪

વ્યંકટરાય
સી.

નુરબાઇની પુરાવા દરખાસ્ત,

શ્રી સોરઠ સ. બા. બહાદુર સ્વ. જુ ની
નામદાર દીવાની અદાલત.

દા. તા. ૧૫-૧-૧૪ અંક-૭

મો. મુ. નં. ૧૦૯, ૭૦

વાદી—ખોજા કાસમ કાનજી રે. રાણાવાવ

વીગ

પ્રતીવાદી—ખોજણ નુરબાઈ મેઘજી રે. જુનાગઢ તથા શેઠ હબીબભાઇ કાસમ રે. સદર,

દાવો કાચી ટાંચ મળવા બાબત.

પ્રતિ વાદીયણ ખોજણ નુરબાઈ મેઘજીની માનસર અરજ એવી છે કે આ કામમાં નિકળેલા મુદાની સાબીતી માટે હાલ મહારો નિચે મુજબ પુરાવો

૧ વાદી ખુદ ઉલટ તપાસ માટે રે. રાણાવાવ
૨ ખોજા શકુર રહેમતલા રે, જર

ઉપર પ્રમાણે પુરાવો ના. ૨ ને રજુ કરીશ એજ તા. ૧૫-૧-૧૪

દા. તલકચંદ વી૦ પ્રભુદાસ તેના કહેવાથી

લી૦ ગુલાબશંકર જીકાર

રજુ કરનાર
ગુલાબશંકર
મુ. વ. તા. ૧૫-૧-૧૪

શેરો.

મોટા મુ. નં. ૧૦૯-૭૦ ના આજ કામમાં દાખલ તા. ૧૫-૧-૧૪

(સહી) વ્યંકટરાય
શ્રી.

કલ્યાણપુર કોર્ટનું હુકમનામું રજુ

શ્રી સોરઠ સરકાર બાબી બહાદુરની એ. દીવાની અદાલતમાં.

સ્ટાંપ ચાર આના

અંક-૧૦

દા. તા. ૧૨-૨-૧૪

મુ. નં. ૧૦૯-૭૦

વાદી—ખોજા કાસમ કાનજી રે. રાણાવાવ

વીગ

પ્રતીવાદી—ખોજણ નુરબાઇ મેઘજી રે. બાબરકા

દાવો ઓરત કબજે લેવા બાબત.

વાદીની માનસર અરજ કે,

આ કામમાં પ્રતિ. નુરબાઇ સામે અવલ જપ્તી આપવામાં આવી છે તે શા માટે કાયમ ન કરવી તે સંબંધે અમારો પુરાવ તપાસવાની આજે તારીખ છે

અમોએ પ્રતિ. ૧ સામે સ્ત. જામનગરની કલ્યાણપોર કોર્ટમાં દાવો કરેલો તેમાં પણ અવલ જપ્તી મેળવી હતી પરંતુ પ્રતીવાદી નાશી જતાં તેને લાગુ થયેલ નહિ.

આ હકીકત અદાલતમાં ચાલતા કામ પ્રસંગે પ્રતી. ની વર્તણુક બતાવવા માટે જરૂરની હોઇને અમોને કલ્યાણપોર કોર્ટના અવલ જપ્તીના હુકમ અને તે નિચેનો બેલીફના રીપોર્ટની ખરી નકલ મેળવી છે તે આ સાથે રજુ કરીએ છીએ તો ઇન્સાફની ખાતર પુરાવમાં દાખલ કરવા મે. કરશો તા. ૧૨-૨-૧૪

લી૦ પ્રભુલાલ વી૦ ગોવિંદરાય
વા. વ.

શેરો.

પુરાવા લીસ્ટમાં આ પુરાવનો હવાલો આવ્યો નથી અને રિપોર્ટ કરનાર એલીફને સાક્ષીમાં મુકી સામા પક્ષને ઉલટ તપાસનો હક મળ્યો નથી એવા સંયોગમાં આખરી નકલ આ જે દાખલ કરવા પરવાનગી આપવાનું વાસ્તવીક જણાતું નથી માટે અ. રજ નામંજુર કરતાં સાથેની ખરી નકલ અ રજદાર તરફ પહોંચ લઇ પાછી આપી મુ. નં. ૧૦૯, ૭૦ ના અ. જ. ના કામમાં દાખલ તા. ૧૨–૨—૧૪

આ સાથેની ખરી નકલ પાછી આપી તે પહોંચી છે. તા. ૧૪–૨–૧૪

પ્રભુલાલ વા વ.

(સહી) કાંતીલાલ બળવંતરાય
જુ. દી. મુ.

કાસમના જામીનનો એકરાર.

સ્ટેટ જુનાગઢ દીવાની અદાલત.

આંક–૧૬ આ. નં. ૧૦૨૭–૭૦

દી. મુ. ૧૦૬–૭૦

વાદી—ખોજા કાસમ કાનજી રે. રાણાવાવ

વિરૂદ્ધ

પ્રતિવાદી—નુરબાઇ તથા શેઠ હબીબ કાસમ રે. જુનાગઢ.

દાવો ઓરત કબજે લેવા બાબત.

આ કામના વાદીએ આ કામના પ્રતિ વાદીઓને ના ૧ ને કબજે લેવા દાવો બાંધ્યો છે અને સદરહુ વાદી જુનાગઢ સંસ્થાનની બહાર રહે છે અને તેની મિલ્કત જુનાગઢ સંસ્થાનની હદમાં નથી

માટે હું જુનાગઢના રહેનાર પઠાણુ કાલેખાં ગુલાબખાં મારી રાજી ખુશીથી જામીન થયો છું અને મારે પોતાને વાસ્તે તથા મારા મૃત્યુ પત્ર ચલાવનારો વાસ્તે અદાલત સાથે એવો કરાર કરૂં છું કે સદરહુ વાદી તેના વારસો અને મૃત્યુ પત્ર ચલાવનારાઓ સદરહુ દાવામાં સદરહુ પ્રતિવાદીને જે જે ખર્ચ થયો હશે અથવા થશે તે જ્યારે અદાલત ફરમાવશે ત્યારે આપશે અને જો તેમ નહિ કરે તો હું મારા વારસો અને મૃત્યુ પત્ર ચલાવનારા અદાલતને તેના હુકમથી તે ખર્ચ અમે આપવાને બંધાઇએ છીએ

તે વાતની ખાત્રી માટે આજ તારીખ ૧૭ માહે ડીસેમ્બરને રોજ મેં મારી સહી કરીછે.

સહી જામીનદાર

૧ કાલેખાં ગુલામખાં

ની સહી દ. પોતે

(સાક્ષી)

દોશી ખેતશી ઝીણા

વડાલવાળાની શાખ દ. પોતે
તે કાલેખાંનાં કહેવાથી

રૂબરૂ

(સહી) કાંતીલાલ બળવંતરામ
જુ. દી. મુ.

વાદીની મુદ્દા વધારવા અરજ.

શ્રી સોરઠ સરકાર બાબી બહાદુરની મે. દીવાની અદાલતમાં.

દા. તા. ૬–૫–૧૪ આંક ૨૫

મુ. નં. ૧૯૬, ૭૦

વાદી—ખોજા કાસમ કાનજી રે. રાણાવાવ

વિરૂદ્ધ

પ્રતીવાદી—ખોજણ નુરબાઇ મેઘજી રે. હાલ જુનાગઢ.

દાવો આરત કબજે લેવા બાબત.

આ દાવામાં પ્રતિવાદીએ પોતાના જવાબમાં જે જે તકરારો લીધેલી છે તે તકરારો આ કામમાં લે ! તેને રેસજ્યુડીકેટાનો બાધ નડે છે. કેમ કે સ૰ જામનગર તાબે કલ્યાણપોરની કોરટમાં અમોએ પ્રતિવાદી ઉપર જે દાવો કર્યો હતો તેમાં પ્રતિવાદીને આ તકરારો લેવી જોઇતી હતી. તે લીધી નથી તેથી તે આ દાવામાં પ્રતિ હાલ લીધેલી તકરારો લઇ શકે નહીં અને પ્રતિ. ની હાલની તકરારો માટે અમોએ દાવા અરજી સાથે રજુ કરાવેલ કલ્યાણપોર કોર્ટના મુ. ના. ૬૨) ૬૯—૭૦ તારીખ ૯—૬—૧૩ ના જજમેન્ટ ની દીવાની ધારાની કલમ ૭ અન્વયે પ્રતિબંધ નડે છે માટે આ કામમાં જે મુદા નીકળેલ છે તેમાં નિચે મુજબ મુદા વધારે ગણવા મે. કરશો.

૧ પ્રતી૰ ની તકરારોને કલ્યાણપોર કોર્ટ ના મુ. ના. ૬૨, ૬૯—૭૦ નાં ઠરાવથી રેસજ્યુડી ટાનો બાધ નડે છે ?

૨ સદરહુ તકરારો લેવા પ્રતી૰ ને પ્રતિબંધ નડે છે?

ઉપર મુજબ એ મુદ્દા વધારવા તથા તે સંબંધી પુરાવ લઇ દલીલમાં સાંભળવા મે. કરશો.

લી. પ્રભુલાલ ગોવિંદરાય વા. વકીલ

શેરો.

આ અરજી પર બંને પક્ષને સાંભળ્યા. પ્રતિવાદી વકીલ મી૰ પરશોતમ તરફથી એવો વાંધો લેવામાં આવે છે કે આ ડીફેન્સ મુદ્દા નીકળ્યા પહેલાં વાદી પક્ષે જાણ્યો હતો તો પછી તે વખતેજ નિચે તે સવાલ ઉત્પન્ન કરી મુદ્દા કઢાવવા જોઇતા હતા તેમ નહિ કરી તે છોડી દીધા બાદ હાલની તકે વાદી હવે આ મુદ્દા વધારવા માગણી કરી શકે નહિ. મી ગોવિંદજી એમ કહે છે કે તે તકરાર પહેલેથી અમે લીધી છે અને દાવા સાથે ડી. ફી. પણ રજુ કરી છે પણ તે મુદ્દા કાઢવા સરત ચૂકથી રહી ગયા છે અને તેવા સુધારા મુદ્દામાં ગમે તે વખતે થઇ શકે છે.

આ પ્રમાણે સરત ચૂક માનવામાં મી. ગોવિંદજીને પુરતી માહીતી મળી નથી એમ જણાય છે.

મુદ્દા કાઢતાં પહેલા વાદીના તે વખતના લીડર મી૰ પ્રભુદાસને તે પોતાનો દાવો કલ્યાણપોર કોર્ટના ઠરાવ ઉપરથી આણે છે કે કેમ અને તે પર પોતાના દાવાનો આધાર રાખે છે કે કેમ તે પુછવામાં આવ્યું હતું અને તેમણે ના પાડી, તે ડી. ફી. પોતે પુરાવમાંજ રજુ કરી છે અને દાવાનું કારણ તો પ્રતીવાદી યણ અહીંની હકુમતમાં હોઇને આહીંની હકુમતમાં તે ભાગી આવીને ના. ૨ ના પ્રતિવાદીએ રોકી રાખી ત્યારથી ઉત્પન્ન થયાનું કહ્યું અને પ્લેન્ટમાં પણ તેમ જણાવ્યુ છે અને ત્યારે પણ મી. પ્રભુદાસ તે હકીકત કબુલ કરે છે એટલે કલ્યાણપોર કોર્ટના દાવાનું કારણ ને આ દાવાનું કારણ એક નથી પણ જુદાં જુદાં છે વળી દાવાના પક્ષકારો પણ તેના તે નથી

આ અદાલતની હકુમતમાંજ દાવાનું કારણ ઉત્પન્ન થયાનું પ્લેન્ટમાં કહી તે પર દાવો આણ્યા બાદ એ વાદીને પોતાનું દાવાનું કારણ બદલી કલ્યાણપોરની કોર્ટના દાવામાં જે દાવાનું કારણ હતું તેજ દાવાનું કારણ અહીં છે એમ કહેવાની છુટ નથી. દાવાનું

કારણ ફરી જાય તેવી રીતે પ્લેન્ટ સુધરી શકે નહિ એટલે અરજદાર હાલ જે મુદ્દા વધારવા માગે છે તે મુદ્દા આ કામમાં બિલકુલ જરૂરના નથી અને વધારી શકાતા નથી માટે અરજ નામંજુર કરવામાં આવે છે. ખબર બંને પક્ષને આપી મું. ના. ૧૦૯, ૭૦ ના કામમાં દાખલ તારીખ ૬ મે ૧૯૧૪

બતાવી   (સહી) કાંતીલાલ
ગોવિંદજી   જ્યુ. દી. મુ.

ગોંડળ ઇસમાઇલીઆ કાઉન્સીલ દફતરના રજુ કરેલાં ચિઓ-ચરીયાં.

(નકલ પહેલી)

ગાં. ઇ. કા. રૂબરૂ   આંક $\frac{२६}{२}$

જમાની ખત.

ખુદાવંદ હાજર ઇમામ આગા સુલતાન મહુમદ શા દાતાર હ. ગોંડળ ઇસમાઇલી કાઉન્સીલ.

જોગ લા. શ્રી માંડલીના રહીશ ભાઈ નથુ કારા તથા તલપત ગોડલના રહીશ ભાઇ હેમા જીવા આ જામીન ખત લખી આપી બંધાઇએ છીએ કે શ્રી સીસાંગના રહીશ ભાઇ વશરામ જમાલ ઇસનાસરી થઇ ગયેલ તે પાછો ઇસ્માયલી ધર્મમાં દાખલ થયેલ છે તો હવે મજકુર વશરામ સદાને માટે ઇસ્માયલી દીનના ધારા ધોરણ પ્રમાણે વર્તશે અને ઇસનાશરી લોકોથી ખાવા પીવાનો કે બોલચાલ કે સાટી ગમી વગેરે કોઇ જાતનો વહેવાર રાખશે નહિ, તેની ખાત્રી બદલ અમો બને તેના જામીન થયા છઇએ અને તેમાં મજકુર વશરામ કોઈ રીતે ફેરફાર કરે ને ઇસમાયલી ધોરણથી વિરૂદ્ધ વરતે તો શ્રી પીર સરકાર ગુન્હેગારીના રૂા. ૫૦૦) અંકે પંચસો અમે બંને ઘર ઘરાઉં આપીએ અને સદરહુ રૂપિયા કોન્સલ ગમે તે રીતે વસુલ કરવા મુખત્યાર છે ઉપર પ્રા૦ નો કરાર અમો અમારી રાજી ખુશીથી તબીયત બહાલેથી બીન નિસે લખી આપ્યો છે તે અમારે તથા અમારા વાલી વારસોને કબુલ મંજુર સહી છે સં૦ ૧૯૬૮ ના જેઠ વદ ૧ શનિવાર

ખોજા નથુ કારાની સહી
દા. પોતાના

ખોજા હેમાભાઈ જીવાની સહી
દ. પોપટ નેણશી તે હેમાભાઇ જીવાના કહેવાથી

નકલ ઉતારનાર
સુંદરજી વિ. શામજી
અસલ બર નકલ મુકાબલ કરનાર
કારકુન પ્રાણશંકર મહાશંકર
તા. ૧-૬-૧૪

વાદી—ખોજા કાસમ કાનજી રે. રા.
પ્રતિવાદી—ખોજણુ નુરબાઇ મેઘજી રે. જા.
ઓરત કબજે લેવા બા.

શેરો.

મુ. નં. ૧૦૯, ૭૦ ના કામમાં દાખલ તા. સદર

ખરી નકલ
(સહી) દયાશંકર

(નકલ બીજી)

શાં. ઇ. કા. રૂમરૂ આંક $\frac{૨૬}{૩}$

ખુદાવંદ ધણી સલામત દાતાર હાજર ઈમામ આગા સુલતાન મહંમદશા દાતાર હ. ગોંડલ કૌન્સીલ

જોગ લીં૰ શ્રી ગવરીદડના રહીશ ભાઈ વાલજી રતનશી જત હું આ કરાર લખી આપું છું કે મારો દીકરો પરધાનનું સગપણ શ્રી સીસુગ ભાઈ વશરામ જમાલની દીકરી બાઇ શઇીના વેરે કરેલ છે ત્યાર બાદ એક બીજાને અંદર અંદર ખટપટ થતાં સગપણ તોડવાને ખાતર ભાઇ વશરામ ઇશ્નાસરી થઇ ગયો; તેથી સદરહુ બાઇ ઉપર ચડાવેલ દાગીના રૂપાના ત્રોડા જોડ ૧ રૂ. ૧૦૦ ભારના કડલી જોડ ૧ પોલી રૂ. ૩૫ ભારની તથા પગપાન જોડ ૧ રૂ. ૧૨ ભારની તથા ચુડલી ૧ રૂપાને કાંઠે તે ઉપર હેમ ગદી ૨ ને આશરે તથા હેમના કાંપ જોડ ૧ ગદી એ ને આશરેના હેમના ફુલ વળીયા ૫ હેમગદી ૨ ને આશરે તથા કંઠેસરી ૧ હેમ ગદી ૧ા ને આશરે તથા નાકની ચીલી ૧ હેમની ઉપર પ્રમાણે દાગીના મેં ચડાવેલ તે હું પાછા લઇ આવ્યો; કેમકે મને ધાસ્તી લાગી તે ઇસના સરી થઈ ગયો તો કન્યા પણ જાય ને દાગીના પણ વખતે પાછા ન આપે; તેવા કારણથી હું દાગીના પાછા લઇ આવ્યો. ત્યાર બાદ ભાઈ વશરામ પાછો પોતાનો અસલ બાપ દાદાનો જે ઇસ્માયલી ધર્મ છે તેમાં દાખલ થયો છે તો હવેથી મારે તે સગપણ કાયમ રાખવું છે ને દાગીના પાછા મારે તેને ત્યાં ચડાવવા છે તે સારી રીતે મારા ગજા પ્રમાણે ચડાવવા છે વળી જે હું દાગીના પાછા લઇ ગયો છુ તે કરતાં વિશેષ સારા કરી બાઇને પહેરવામાં કામ આવે તેવા; કરાવી ચડાવી આપીશ તેની વિગત– ત્રોડા જોડ ૧ તથા કડલી જોડ ૧ તથા કંઠશરી ૧ હેમની તથા ઠોરીયાં જોડ ૧ તથા નાકની સલી ૧ તથા ચુડલી ૧ રૂપાને કાંઠે તે ઉપર હેમની પટી ચડાવેલ એવી રીતે તથા કાનના ફુલવેરીયા ૫ હેમના ઉપર પ્રમાણે દાગીના કરાવી મારે ચડાવી આપવા છે તથા લુગડાંની જોડ ૨ તેમાં એક સાચી તથા એક જોડ ખોટી એવી રીતે કરવી છે ઉપર પ્રમાણે જે મેં કરાર કરેલ છે તેમાં કસુર કરૂં તો સદરહુ કન્યા ઉપરથી મારો હક રદ કરવા કૌન્સીલ મુખ્યાર છે તે ઉપરાંત પીર સરકાર ગુન્હેગારીની રકમ જે કૌન્શીલ હુકમ કરે તે આપવા કબુલ છે એજ આ કરાર મેં મારી રાજી ખુશીથી જીવ કાયમ રાખી બીન નીસે લખી આપ્યો છે તે મારે તથા મારા વંશવાલી વારસો પેડ઼ે કબુલ મંજુર સહી છે સંવત ૧૯૬૮ ના જેઠ વદ ૨ રવિવાર

લીં૰ ભાઇ વાલજી રતનશીની સહી

ઉપર લખ્યું તે સહી દ. વાલજી રતનશી

નકલ કરનાર

સુંદરજી શામજી

અસલ નકલ મુકાબલ કરનાર

કારકુન પ્રાણશંકર મહાશંકર

તા. ૧–૬–૧૪

ખરી નકલ

ત્ર્યંબકરાય

(નકલ ત્રીજી)

ગોં. ઇ. કો. રૂબરૂ આંક $\frac{૨૬}{૪}$

જમાતી કેસ નં. ૬૬, ૬૮

સંᵒ ૧૯૬૮ ના જેઠ વદ ૧

અરજદાર — ઇસમાઇલી ધારા ધોરણ

જવાબદાર—વશરામ જમાલ રેᵒ સીસાંગ

કેસની મતલબ.

જવાબદાર પોતે ઇસનાસરી થઈ ગયેલો તે પાછો ઇસ્માઇલીમાં દાખલ થવા બાબતની કેસની તકરાર

જવાબદારે પોતાની દીકરીનુ સગપણ શ્રી. ગવરીદડવાળા વાલજી રતનશીની દીકરી વેરે કરેલ; તેમાં બંનેને અંદર અંદર બોલ ચાલ થતાં તૂટ પડી, તેથી સગપણ તોડી નાખવાને ઇરાદે ઇસનાસરીમાં દાખલ થયેલ તે વરસ ૧॥ ને આશરે તેવો રહ્યો. પાછળથી પોતાને પસ્તાવો થાતાં પાછો પોતાના અસલ ધર્મ બાપ દાદાનો જે ઇસ્માયલી છે તેમાં દાખલ થવા માગણી કરી, તે ઉપરથી તેની ચાલ ચલગત વર્તણુક વગેરેની ખાત્રી થતા તથા હવે પછી સદાને માટે ઇસ્માયલી દીનના ધારા ધોરણ પ્રમાણે વર્તવા તથા ઇસનાશરી લોકોથી કોઈ જાતનો વહેવાર નહિ રાખવા જામીન રૂા. ૫૦૦ પાંચસોના ભાઈ નથુ કાળા માદલીવાળા તથા હેમા જીવા તલપત ગોડલવાળાને આપી જમાની ખત લખાવી આપ્યું છે તે કેસમાં રજુ છે તે ઉપરથી ઠરાવ ઘડવામાં આવે છે કે—

ઠરાવ

૧ જવાબ દારે જે કસુર કરી છે તે પોતાની જુવાનીથી કબુલત આપે છે પણ તેને નજરે જોતાં તે એક ખેડુ વર્ગનો હોઈ ઓછી સમજને લીધે તેનાથી કસુર થઇ છે.

૨ જવાબદાર પોતાની દીકરીનું સગપણ તોડી નાખવા જે ઉપાય કરેલો તે પણ ધારાસર કરેલ નથી તેમ હવે પછી પોતે ઇસ્માયલીમાં દાખલ થયો તેથી જે સગપણ તેણે કરેલછે તે કાયમ રાખવામાં આવેછે

૩ જવાબદારે જો કે કસુર ઘણીજ મોટી કરેલી છે કેમકે પોતાનો અસલ ધર્મ છોડી ઇસનાઅશરીમાં ગયો તે સ્થિતી જોતાં તેની હાલત નબળી હોઇ, તેમ સમજ થોડીને લીધે એવાં કારણો કોન્સીલને ધ્યાનમાં આવતાં, કસુરના પ્રમાણમાં ગુન્હેગારી નહિ લેતાં માત્ર નજીવી રકમ એટલે પીર સરકારને ગુન્હેગારીના રૂા ૧૦) દસ તથા કંટીજંટ ખર્ચના રૂા. ૨॥ અઢી કુલ મળી રૂા. ૧૨॥ સાડાબાર હાલ રોકડા રજુ કરવા કે જેથી ઉપરની કસુરમાંથી જવાબદારને મુકત કરવામાં આવે છે. ઉપર પ્રમાણે ઠરાવ કોન્સીલે એકમતે કર્યો છે એજ સં. ૧૯૬૮ ના જેઠ વદ ૧ શનિવાર

ખોજા વસરામ જમાલની સહી
દ. પોતે

પીરભાઈ તેજાની સહી

ઉપરનો ઠરાવ મેં વાંચી સમજી સહી કરી આપી છે. **ગો. મ. વી. દા.**

નકલ ઉતારનાર
સુંદરજી શામજી

અસલ બર નકલ મુકાબલ કરનાર
કારકુન પ્રાણશંકર મહાશંકર

તા. ૧-૬-૧૪ ખરી નકલ
(સહી) **વ્યંકટરાય**

શેરો.

સુ, નં, ૧૦૯, ૭૦ ના કામમાં દાખલ
વ્યંકટરાય
સીᵒ

(નકલ ચોથી)

આંક ૨૬, ૫

સં૦ ૧૯૬૭ આસો શુદ ૩ વાર રવીવાર

ગોંડલ કાઉન્સીલ રૂમરૂ

જમાતી કેસ નંબર ૧૭

અરજદાર—શ્રી ગોંડલના રહિશ ઓદ્દા રાજન

વિરૂધ્ધ

જવાબદાર—શ્રી સીસાંગનાં રહિશ સોમજી નથુ

કેસની મતલબ.

ભાઈ ઓદ્દા રાજનની દીકરી બાઇ જીવી ઉમર વર્ષ ૩૦ ની ઉમરની તે તેના બાપને ત્યાં દોઢ પોણા બે વરસ થયાં બેઠી છે. સબબ જે તેનો ધણી તેના લુગડાં ઘરેણાં વગેરે કરાંચી મુકામે વેચાણ કરી તેને મુકી ભાગીને મુંબઇ પાસેના ગામ ચમેડીયા જતો રહ્યો છે અને હસનાસરી થઈ ગયો છે જેથી આ બાઇને બીજે વેસવાળ કરવા પરવાનગી માગે છે, મુંબઇ કમેટી કૌન્સીલનો કાગળ છે, તેમાં લખે છે કે, તીનાસરી થઈ ગયો છે, બાઇ ગરીબ છે, આંખે મંદ દ્રષ્ટિની છે, પોતે ઓદ્દા રાજન બચળવાળ માણસ છે, તો તેને તેના ગુજરાન ચલાવે તેવા સતપંથી ભાઇઓમાં વેસવાળ કરવા મંજુરી માગે છે,

કેસના મુદ્દા

૧ સીસાંગ વાળા સોમજી નથુ તીનાસરી થયેલ છે કે કેમ?

૨ બાઇ ઘરેણાં લુગડાં વેચાણ કરી પોતે મુંબઇ ભાગી ગયેલ છે તે વાત સાચી છે?

કેસની સાબીતી

તીનાસરી થઈ ગયોછે, મુંબઇ કોન્સીલનો કાગળછે, તે બાઇ સોમજી નથુના કેસમાં સામેલ

ઠરાવ

ભાઇ ઓદ્દા રાજનને તેની દીકરી બાઈ જીવીને વેસવાળ કરવાને પરવાનગી આપવામાં આવે છે, ઓદ્દા રાજનનાં પાસેથી કન્ટિજન્ટ ખર્ચનો રૂા, ૧૧ લઇ પરવાનગી આપવામાં આવે છે, તે બાબત તેની નીચે સહી લેવામાં આવી.

ઓદ્દા રાજનની સહી

દ. હાસમ, તે ઓદ્દા રાજનના કહેવાથી

મનજી વીરજી **પીરભાઈ તેજાની**

મ. કામડીયા પરગણું. **સહી**

ગોંડળ મુળ વારસ ગોંડળ

નલ ઉતારનાર

જેઠાલાલ લાલજી

અસલ બર નકલ મુકાબલ કરનાર

કારકુન પ્રાણશંકર મયાશંકર

તા. ૧–૬–૧૪

ખરી નકલ

(સહી) વ્યંકટરાય

શેરો

મો. મુ. નં. ૧૦૯/૭૦ માં દાખલ તા. સદર

(સહી) વ્યંકટરાય

(નકલ પાંચમી)

આંક ૨૬, ૬

ખોજા શીઆ ઈમામી ઇસમાએલી કાઉન્સીલ ઓફીસ.

ખોજા જમાતખાના, ખડક માંડવી, પોસ્ટ મુંબઇ, તા. ૧૬ મી જુલાઇ સને ૧૯૧૦

મુ૦ ગોંડલ.

ઇસમાએલી કૌન્સીલના મેમ્બરોને તથા સર્વ જમાતને શાહાપીર સુખી વ સુઆગી રાખે. અત્રેથી લી, આ કોન્સીલના સર્વે ઓધેદારો તથા અમલદારીઓના યાઅલીમદદ વંચશોજી

વિશેષ લખવા કારણ એ છે જે, તમારી તરફથી જા. ન, ૮૬ ૬૬, નો કાગળ આવ્યો જે મળ્યો, તેના જવાબમાં લખવાનું કે, મેરા લીભાઇ દેવજી તમારા તરફ રાણાવાવ આવેલા છે, ને ત્યાંથી તમારા તરફ ગોંડલ આવશે, જ્યારે તમો ત્યાં ઘરનું કરીલ્યો અને આકી ખોરાકી પોશાકીના ઠરાવ માટે લખ્યું, જે એ કેવી સ્થિતિના માણસ છે તેની પક્ષ બાંધવામાં આવે છે માટે તેઓની સ્થિતિ સંબંધે જે લખાણ આવશે, તો અમો ઘટતો જવાબ મોકલશું તે આપ જાણશો,

બીજું તમારા જા, નં ૮૭, ૬૬ ના કાગળના જવાબમાં લખવાનું કે અમો સોમજી ભાઇનથુના બારામા કૌન્સીલના કલા? અબદલા ભાઇએ તપાસ કરતાં ખબર મળી કે સોમજી નથુ અસનાશરી થઇ ગયો છે. જેથી અત્રેની કૌન્સીલ કાંઇ પણ કરી શકતી નથી તે આપ જાણશો હાલ એજ વીગત ખાનાવધાન સં. ૧૯૬૬ ના અશાડ તા. ૮ મી વાર શનિ.

દા૦ સેવક

અબાદલા રેમતલાના યાઅલી મદદ વાંચજો લી. જાફર રતનશીના યાઅલી મદદ વાંચજો

એ૦ સેકરેટરીઓ

નકલ ઉતારનાર
જેઠાલાલ લાલજી

અસલ બર નકલ મુકાબલ કરનાર
કારકુન પ્રાણશંકર મહાશંકર.

શેરો.

મો. મુ. નં. ૧૦૯/૭૦ ના કામમાં દાખલ

(સહી) વ્યંકટરાય
ખરી નકલ
વ્યંકટરાય
હુ. દી. મુ.

(નકલ છઠ્ઠી)

આંક ૨૬, ૭

મારૂં નામ બોદા રાજન, મારી ઉમર વર્ષ ૪૫ ની, મારો ધંધો ખેડનો, મારો ધર્મ ઇસમાઇલી, વતન ગોંડળ.

હું ખુદાવીંદને હાજર રાખી સાચે સાચું લખાવીશ. ખોટું લખાવું તો ખુદા પૂછે.

સવાલ—તમારી દીકરી બાઇ જીવીનું સગપણ ક્યારે કરેલ અને તેની જે હકીકત હોય તે લખાવો અને તમારો જમાઇ ક્યાં છે ? બાઈ કેટલી મુદતથી છે ?

જવાબ—મારી દીકરી જીવીને કરાંચી ગામે ભાઇ સોમજી નથુ વેરે દીધેલી હતી તે મુળ રહેનારો સીસાંગનો તે મારી દીકરીને કરાંચી તેડી ગયો હતો ત્યાં ઘરેણા લુગડાં વગેરે સર સામાન વેચી નાખી મુંબઇ ભાગી ગયો તે હાલ મુંબઇ પાસે અમેડીયા ગામે છે અને તે આપણા ધર્મમાં નથી ઇસનાશરી થઇ ગયો છે મારી દીકરી મારે ત્યાં આશરે દોઢ પોણા બે વરસ થયા છે હવે મારે તે દીકરીની વ્યવસ્થા જે કરવાની છે, તે બાબત આહી ગોંડલ કાઉન્સીલમાં અરજી આપેલ છે.

જે મારી દીકરીને સતપંથી ભાઇઓમાં બીજે દેવા માટે મને પરવાનગી મેળવવા રજા મળવી જોઇએ કારણ કે જુવાન બાઈ ક્યાં સુધી બેસી રહે તો તેનું જેમ બને તેમ વેળાસર વેસવાળ કરવા મંજુરી આપશો એવી મારી હકીકત છે. સં. ૧૯૬૬ ના આસો વાર શુક્રવાર મુ. ગોડલ

બોદા રાજનની સહી

દા. હાસમ, તે જાતે બોદા રાજનના કહેવાથી

નકલ ઉતારનાર
જેઠાલાલ લાલજી
અસલ બર નકલ મુકાબલ કરનાર
કારકુન પ્રાણશંકર મહાશંકર.
તા. ૧-૬-૧૪

ખરી નકલ
(સહી) વ્યંકટરાય

શેરો.

મો. મુ. નં. ૧૦૯/૭૦ ના કામમાં દાખલ તા. સદર

વ્યંકટરાય
સી.

(નકલ સાતમી)

આંક ૨૬, ૯

ગોંડલ હસઆઇલી કાઉન્સીલના વારસ સાહેબ પીરભાઇ તેજા તથા મેમ્બરોની હજુરમાં.

અરજદાર ગોંડલના રહીશ ખોજા ઓદા ભાઇ રાજનની નમ્રતા પૂર્વક અરજ એ છે જે મારી દીકરી બાઈ જીવીને કરાંચીના ખોજા સોમજી નથુ વેરે વરાવી છે તેને વરસ રાા અઢી થયા. બાઇ તેને ત્યાં વરસ એક રહ્યા બાદ તેને મુકી સોમજી નથુ મુંબઇ ચાલ્યો ગયો. બાઇના લુગડાં તથા ઘરેણાં મૂકી ચાલ્યો ગયો હતો. પાછળથી તે બાઇ કરાંચીમાં દુખથી દુખી થઇ દળણા પાણી કરી વહાણનું ભાડું કરીને મારે ત્યાં ચાલી આવી. ખરચી માટે તેને ઘણા કાગળ લખતાં ખરચી ન આપી તેથી અમે જુ. મે. વારસ સાહેબ હજુર અરજી મોકલતાં સોમજીને ત્યાંથી નોટીસો અપાણી તેની ખબર મને મળી હતી પણ મજકુર સોમજીની અવધીતામાં હજુ સુધી બાઇના બાબત ખરચી આવી નથી તેમ ફડચો થયો નથી એટલે આપ કૌન્સીલમાં અરજ કરૂં છું કે મારે ત્યાં વરસ દોઢ થયાંછે તો મુંબઇના ધારા પ્રા૦ વરસ દોઢ વરસની ખરચી અપાવવા તથા બાઇને ધારાસર તેડી જવા બંદોબસ્ત કરાવશો એજ સં. ૧૯૬૬ ના જેઠ શુદ ૮ બુધવાર

ખોજા ઓદા રાજનની સહી
દ. કરમાલી મેરાલી તે ઓદાભાઇના રૂબરૂ કહેવાથી.

શેરો.

મુંબઇ કાઉન્સીલ મારફતે નોટીસ મોકલતા મુલતવી.

પીરભાઇ તેજાની સહી

હા. શેરો

આ અરજી સોમજી નથુ ઉપરની ઘરવાળી બાઇ જીવી ખોજા રાજનની દીકરી ગોંડલમાં રહે છે તેના તરફથી તેના દાણા લુગડા વીગેરે બાબત ઉપર લખ્યા સદરહુ સોમજી નથુ કરાંચી વાળા હાલ મુંબઈ પાસે ચમેડીયા ગામ રહે છે તો અરજી ઉપરથી તપાસ મુંબઈ કૌન્સીલમાં કરાવતાં સદરહુ સોમજી નથુ તીનાસરી થઇ ગયાના ખબર મુંબઈ કાઉન્સીલની તારીખ ૧૬ જુલાઇ ૧૯૧૦ ના લખાણથી ધરમ બદલી તનાસરી થયાનું જાહેર થતા સદરહુ બાબતમાં બાઈની અરજી ઉપરથી તેને કાઉંશીલના કાનુન કાયદા મુજબ બીજે ઘર કરવા પરવાનગી આપવાના ખબર દેવા લખવું. શા. ૧૯૬૬ ના શ્રવણ શુદ ૫

પીરભાઇ તેજાની સહી
ગો. મ. પ્ર. વારસ

નકલ ઉતારનાર
જેઠાલાલ લાલજી
અસલ બર નકલ મુકાબલ કરનાર
કારકુન પ્રાણશંકર મયાશંકર
તા. ૧-૬-૧૪

ખરી નકલ
(સહી) વ્યંકટરાય
સુ. નં. ૧૦૯/૭૦ જુ. દી. સી.

વાદી—ખોજા કાસમ કાનજી રે. જુ.
પ્રતિવાદી—ખોજણ નુરબાઇ મેઘજી રે. જુ.

દાવો.

શેરો

સુ, નં, ૧૦૯, ૭૦ ના કામમાં દાખલ

(સહી) વ્યંકટરાય
સી૦

અસલ કેસો બે પહોંચ્યા છે તા. ૧૦-૬-૧૪
ગુલાબશંકર ૫. તલકશંકર

જામીને છુટો થવા કરેલી અરજી

શ્રી સોરઠ સરકાર બાબી બહાદુર સ્ત. જુ. ની નામદાર દીવાની અદાલતમાં.

દા. તા. ૭-૫-૧૪ આંક ૨૮

સુ. નં. ૧૦૯, ૭૦

વાદી—ખોજા કાસમ કાનજી રે. રાણાવાવ

વી૦

પ્રતિવાદી—ખોજણ નુરબાઇ મેઘજી રે. જુનાગઢ

દાવો ઓરત કબજે લેવા બાબત.

હું નીચે સહી કરનાર પઠાણ કાલેખાં ગુલાબખાંની બાનસર અરજ એવી છે કે આ કામનો વાદી પરાઇ હકુમતનો રહીશ હોઇ પ્રતીવાદીના ખર્ચનો હું જમાન થએલો છું. હાલમાં તે પ્રતીવાદીના ખર્ચનો હું જ[illegible] થવા ખુશી નથી તો મને વાદીનો જ[illegible] દાવાના ખર્ચ પ્રતીવાદીના ખર્ચના માટેનો [illegible] થેલ છે તો તે રદ કરી મને છુટો કરવા [illegible] કરશો એજ અરજ મી. ૧૯૭૦ ના વૈશ[illegible] શુદી ૧૨ વાર ગુરૂવાર તા. ૭-૫-૧૪

૧ પઠાણ કાલેખાં ગુલાબખાંની સ[illegible]
દ. જમનાદાસ મકનજી તે ધણીના રૂબરૂ કે[illegible]

શેરો.

વાદી તરફ બીજો જામીન બે દીવસ[illegible] રજુ કરવા ખબર આપી ત્યારબાદ અરજદાર[illegible] છુટો કરવામાં આવશે એમ કહી વં[illegible] તારીખ ૭ મે ૧૯૧૪

(સહી) કાંતીલાલ
જુ. દી. સુ.

શેરો.

વાદી તરફથી બીજો જામીન (અક[illegible] મીયાં મોતીમીયાં) રજુ થતાં અરજદાર જા[illegible]નને રદ કરવામાં આવ્યો માટે આ અરજ[illegible] સુ. નં. ૧૦૯,૭૦ માં દાખલ તા. ૮-૫-[illegible]

(સહી) કાંતીલાલ
જુ. દી. સુ.

વાદીનો જામીન લાયક નથી તેવી પ્રતિ. ની અરજી.

શ્રી સોરઠ સ. બા. બહાદુર સ્ત. જુ. ની નામદાર દીવાની અદાલતમાં.

દાખલ તા. ૬-૫-૧૪ આંક ૨[illegible]

મો. સુ. નં. ૧૦૯, ૭૦

વાદી—ખોજા કાસમ કાનજી રે. રાણાવા[illegible]

વી૦

પ્રતીવાદી—ખોજણનુરબાઈ મેઘજી રે. જુના[illegible]

દાવો ઓરત કબજે લેવા બા.

પ્રતીવાદીયણ ની માનસર અરજ એવી છે કે આ કામનો વાદી પરાઈ હકુમતનો રહીશ છે તેથી તેનાં અમારા ખર્ચના જમાન લેવામાં આવેલ છે અને તે જમાન પઠાણ કાલેખાં ગુલાબખાં છે તો અરજ કરવાની કે તે જમાન પઠાણ કાલેખાં ગુલાબખાંનો તપાસ કરતાં તેની કાંઇપિણ મીલ્કત નથી એમ અમોને તપાસ કરતાં માલુમ પડયું છે તો તેને રદ કરી બીજા સારા શાહુકાર જમાન બીજે લેવા મે. કરશો એજ મી. ૧૯૭૦ ના વૈસાક શુદી ૧૦ વાર મંગલવાર દા. તલકચંદ વી. પ્રભુદાસ તેના કહેવાથી

૧ ખોજણ નુરબાઈ મેઘજીની સહી

દ. રામજી અરજણ તેના રૂબરૂ

રજુ કરનાર

ગુલાબશંકર ઝીકાર

પ્ર. વ. તા. ૫-૫-૧૪

શેરો.

વાદી પક્ષ તરફ બતાવતાં આવતી કાલે તપાસ કરી જાહેર કરવા કહે છે માટે વંચાણે તા. ૬-૫-૧૪

(સહી) **કાંતીલાલ**

જુ. દી. સુ.

શેરો

બીજો જામીન રજુ કરતાં મો. સુ. નં. ૧૦૯, ૭૦ માં દાખલ તા. ૮-૫-૧૪

(સહી) **કાંતીલાલ**

જુ. દી. સુ.

જામીન લાયક છે એવી વાદીની અરજી.

સંસ્થાન જુનાગઢ દીવાની અદાલતમાં.

દા. તા. ૮-૫-૧૪ અંક-૩૦

દીવાની કેસ $\frac{\text{નં. ૧૦૯}}{\text{સં. ૧૯૭૦}}$

વાદી—ખોજા કાસમ કાનજી રે. રાણાવાવ.

વિરૂદ્ધ

પ્રતીવાદી—ખોજા કાસમ કાનજીની ઓરત નુરબાઇ વીગેરે રહેવાશી જુનાગઢ.

દાવો

ઓરત કબજે લેવા બાબતનો.

વાદીની અરજ કે ઉપરના દાવામાં દાવાનું કામ ચાલતાંના દરમીયાન પ્રતિવાદી તરફથી એવી અરજી આવી છે કે વાદીએ પ્રતિવાદીના ખર્ચનો આપેલો જામીન મીલ્કતવાળો નથી જેથી મીલ્કતવાળો બીજો જામીન હોવો જોઇએ

આ સબંધમાં અમારા તરફથી જાહેર કરવાનું કે

સૌરાષ્ટ્ર દીવાની કામ ચલાવવાની રીતના ધારાની કલમ ૩૧૫ પ્રમાણે જામીન લેવા ન લેવાની મુખ્તીયારી અદાલતની છે અને એ મુખત્યારી વાપરવામાં દરેક કેસની હકીકત નામદાર અદાલતે લક્ષમાં લેવાની છે.

આ કામમાં જામીન લેવા હુકમ કરવાની જરૂર નથી એમ માનવા નીચેની હકીકત નામદાર કોર્ટના ધ્યાન ઉપર મુકું છું.

૧ પ્રતિવાદણ મારી નીકા કરેલી ઓરત હોવાનું કબુલ કરે છે, મેં તેણીને તલાક આપ્યાનો પણ બચાવ નથી, જામનગરની

કોર્ટથી પ્રતિવાદણ સામે મારા લાભનું હુકમનામું છે. આ બધી હકીકત પ્રથમ દર્શનીય વાદીનો કેસ પુરવાર થએલી છે.

૨ આવી હકીકત હોયત્યારે જામીન ન લેવા ઇ. લો. રી. ૨૧ કલકતા ૮૩૨-૮૩૬ માં ઠરાવવામાં આવેલું છે તે કેસમાં ચોખી રીતે ઠરાવેલું છે કે– The word may implies discretion + + in such cases no security for costs will be ordered even though the pleff resides out of British India and has no sufficient immovable property within British India++

આ આધાર ચોખ્ખી રીતે બતાવેછે કે જામીન લેવાની બાબતમાં કેસના ગુણદોષ પણ ધ્યાનમાં લેવા જોઇએ અને આ કેસના ગુણદોષ માટે હાલની સ્થીતી પર્યંત વાદીનો પ્રથમ દર્શનીય કેસ ખરો છે.

૩ પ્રતીવાદણની પોતાની જુબાની પ્રમાણે જણાય છે કે પ્રતીવાદણને ઉશકેરનાર બીજાઓ છે અને તેની ઉશકેરણીથીજ આ દાવો લાવવાને કારણ મળ્યું છે. પ્રતીવાદણને દાવો લડવા આગાખાન તરફથી મદદ મળે છે અને પ્રતીવાદીના શાક્ષીઓ પણ આગાખાનને માનનારાઓ અને ઘણા ખરા નોકરો છે એટલે કાયદાનો હેતુ પ્રતીવાદીને થયેલ ખર્ચના બચાવ માટે જે રાખેલો છે તે આ કામમાં નથી.

mulla civ. pro. code ed 5 th p. 646 માં જણાવેછે કે, The object of the rule is to provide for the Protection of dfts in cases specified in the rule where in the event of success they may have difficulty in realising their cases form the plffs (23 cal 836).

આ કામમાં પ્રતીવાદીને પોતાને ખર્ચ થતો નથી તો પછી તેણીને બચાવવાના હેતુ માટે જામીન લેવાનું આ કામમાં છે નહી.

૪ અમને ખબર મળેલા કે પ્રતીવાદીના મદદગાર ઉપરથી અમારા જામીનને ધમકાવી જામીન ખત રદ કરાવવાની અરજી આપવા ઉશ્કેરવામાં આવેલા જે વાત પાછળથી ઉઘાડી પડી આવી છે. આ પ્રમાણે હું એક પરદેસીને પોતાનો રીતસરનો દાવો ન ચલાવવા દેવાને હેરાન કરવાના હેતુથી હીલચાલ થાય છે એ વર્તણુંક પણ નામદાર અદાલતે ધ્યાનમાં લેવાની છે.

૫ પ્રતીવાદીના મદદગારોનો ઇરાદો પોતાના પાસેના પૈસાના જોરથી વાદીને રડાવવાનો છે. મતલબ વાદીને દરેક પ્રકારની મુશકેલીમાં નાખવા અને તેને દાવો ચલાવતાં અટકાવવો એ હેતુ છે. આવો હેતુ ઇનસાફની અદાલત આગળ હું એક ગરીબ અને સામી બાજુ આગાખાન એ બંને સરખા છીએ.

૬ આ બધી હકીકત આપના નેક લક્ષમાં લઇ કાયદાએ આપેલી મુખ્તીયારી પ્રમાણે પ્રતીવાદીની અરજ નામંજુર કરશો.

એજ અરજ તા. ૬-૫-૧૯૧૪

ખોજા કાસમ કાનજીની સઇ દ. પોતાના

શેરો.

બીજો જામીન રજુ થાતાં આ અરજી પર હુકમ દેવાપણું નથી માટે મો. મુ. નં: ૧૦૯, ૭૦ માં દાખલ તા. ૮-૫-૧૪

(સહી) કાંતીલાલ
જુ. દી. મુ.

વાદીના જામીનનું જમાની ખત

સંસ્થાન જુનાગઢ દીવાની અદાલત.

મો.મુ. નં. ૧૦૯, ૭૦ આંક ૩૧

વાદી—ખોજા કાસમ કાનજી રે. રાણાવાવ

પ્રતિવાદી—બાઇ નુરબાઇ મેઘજી રે. જુનાગઢ

દાવો ઓરત કબજે લેવા બાબત.

સદરહુ અદાલતમું સદરહુ વાદીએ સદરહુ પ્રતીવાદીયણને કબજે લેવા દાવો બાંધ્યો છે અને સદરહુ વાદી જુનાગઢ સંસ્થાનની બહાર રહે છે અને તેની જોઇએ તેટલી બીજી સ્થાવર મીલકત જુનાગઢ સંસ્થાનની હદમાં નથી.

માટે હું સૈયદ અકબરમીયાં મોતીમીયાં રહેનાર જુનાગઢનો મારી રાજીખુશીથી જામીન થયો છું અને મારે પોતાને વાસ્તે તથા મારા મૃત્યુપત્ર ચલાવનારાઓને વાસ્તે અદાલત સાથે એવો કરાર કરૂં છું કે સદરહુ વાદી તેના વારસો અને મૃત્યુપત્ર ચલાવનારાઓ સદરહુ દાવામાં સદરહુ પ્રતીવાદીયણને જે જે ખર્ચ થયો હશે અથવા થશે તે જ્યારે અદાલત ફરમાવશે ત્યારે આપશે અને જો તેમ નહી કરે તો હું મારા વારસો અને મૃત્યુપત્ર ચલાવનારાઓ અદાલતને તેના હુકમથી ખર્ચ આપવાને બંધાઇએ છીએ.

આ વાતની ખાત્રીને માટે આજ તા. ૯ માહે મે સને ૧૯૧૪ ના રોજ મેં મારી સહી કરી છે.

(સહી) અકબરમીયાં મોતીમીયાં
સઇ દા. પોતે

(શાક્ષી) દા. દેવરાજ ડોસાની શાક્ષી
દા. પોતે ધણીના કેવાથી

રૂબરૂ
કાંતીલાલ બળવંતરાય
જુ. દી. મુ.

શેરો.

મોટા મુ. નં. ૧૦૯-૭૦ માં દાખલ તા. ૧૫-૧-૧૪

(સહી) કાંતીલાલ
જુ. દી. મુ.

વાદીનો જામીન લાયક નથી એવી પ્રતિ. ની અરજી.

સંસ્થાન જુનાગઢ દીવાની અદાલતમાં.

મો. મુ. નં. ૧૦૯/૭૦ આંક-૬૧

વાદી—ખોજા કાસમ કાનજી રે. રાણાવાવ

પ્રતીવાદી—બાઇ નુરબાઈ મેઘજી રે. જુનાગઢ

દાવો ઓરત કબજે લેવા બાબત

પ્રતીવાદણની માનસર અરજ એવી છે કે આ કામમાં વાદી પરાઇ હદનો હોઇ માહારા ખર્ચનો જમાન લેવામાં આવેલો, પરંતુ જમાન ખુદ માથે રૂા ૧૫૦૦૦) નું આશરેનું કરજ છે અને તેના સ્થાવર મીલ્કતના ઘર અત્રેના પા. વંદ્રાવન દેવચંદની બજાવણીમાં હરાજીમા મુકાવેલાં. વળી તેના ગામ શોભાવડલાની ઓણ સાલની ઉપજ ઉપર પણ રા. ભાઇલાલ જીવાભાઇની બજાવણી આપી છે એમ અમારા

જાણવામાં આવેલું છે અને તેને પણ રૂ. ૧૦૦૦) ના જમાન આપેલ છે તેવી સ્થીતીનો જમાન લઈ અમારો ખર્ચ તે વાદી માથે પડે અને પરાઇ હદનો રહીશ હોઇ જમાન ઉપર બજે. પરંતુ જમાન આવી સ્થીતીનો માણસ છે તો તે જમાનને રદ કરી બીજા શાહુકાર જમાન લેવા મે. કરશો. સા. ૧૯૭૦ ના વૈસાક વદી ૧ વાર શનીવાર.

બાઇ નુરબાઇ મેઘજીની સહી
દા. રામજી અરજન કેવાથી

રજુ કરનાર
ગુલાબશંકર ઝીકાર
પ્ર. વ. તા. ૧૧-૫-૧૪

શેરો.

જમાન થનારના હરરાજ થઇ ગયેલા મકાન સીવાય બીજા રેણ મકાન છે એમ બંને પક્ષ શાનીધ જમાન લેતી વખતે ચર્ચા થઇ નકી થઈ અરજદારને જમાન લેવામાં આવ્યો છે. વાદી પરહદનો છે તેને ગમે તે રીતે હેરાન કરવાના મંત્ર રૂપે આ અરજી થતી નથી એટલી ખાત્રી તેને રદ કરતાં પહેલાં અગર સામા પક્ષને નવો જામીન રજુ કરવા કહેતા પહેલાં કરવા જરૂર છે માટે અરજદાર વાદીના થયેલા જામીનને પ્રતિવાદીના ખર્ચ પુરતી પણ મીલકત નથી એમ કહેવા તૈયાર હશે તો તે બાબતનું સોગનનામું કરે છે તે બાબત તજવીજ કરી યોગ્ય હુકમ થશે એમ અરજદારને કહી સુ. નં. ૧૦૯, ૭૦ માં દાખલ તા. ૧૧-૫-૧૪

(સહી) કાંતીલાલ
જુ. દી. મુ.

બતાવી
ગુલાબશંકર ઝીકાર
પ્ર. વ. તા. ૧૧-૫-૧૪

બીજી મુદત માટે પ્રતિ. ના વકીલની અરજ.

— — —

શ્રી સરકાર સોરઠ હા. નામદાર એ જુનાગઢ તલપદમાં દી. અદાલતની ખાસ હજુરમાં.

— — —

સુ. નં. ૧૦૬-૭૦ આંક ૩૮

સા. ન. ૩૧૪૪/૭૦ દા. તા. ૧૩-૭-૧૪

વાદી—ખોજા કાસમ કાનજી રે. રાણાવાવ

વિરૂદ્ધ

પ્રતિવાદી—બાઇ નુરબાઇ મેઘજી રે. જુનાગઢ

દાવો લગ્નના હક પુરા કરવા બાબત.

આંક ૩૧.

આ કામના પ્રતિવાદીના વકીલ પુરૂશોતમ માવજીની અરજ કે આ કામમાં શાક્ષીઓ તપાસવાની ફરી મુદત ચાલતા માસની તા. ૧૩ મીથી છે પરંતુ મારો મોટો દીકરો જે પુનાની ડેકન કોલેજમાં બી. એ. નો અભ્યાસ કરે છે તેમને કાંઈ અચાનક માંદગી થઇ આવ્યાના આજે ખબર આવતાં મારે ત્યાં અચાનક જવાની જરૂર થઇ છે તો આ કામની ફરી મુદત ઓગષ્ટ માસમાં નીમવાની મેહેરબાની કરશો. તા. ૧૧-૭-૧૪

લી૦ પુરશોતમ માવજી
પ્ર. ના વકીલ

રજુ કરનાર
ગુલાબશંકર જીકાર
પ્ર. વા. તા. ૧૩-૭-૧૪

રજુ કરનાર
નુરબાઈ મેઘજી સહી
દા. તલકચંદ જીવા તેના કહેવાથી. ૧૩-૭-૧૪

શેરો

અરજદાર પક્ષે બીજો વકીલ હોઇને કેસ મુલતવી રાખવા કારણ નથી માટે મુ. ન. ૧૦૯, ૭૦ માં દાખલ તારીખ ૧૩ જુલાઈ ૧૯૧૪

(સહી) કાંતીલાલ
જુ. દી. મુ.

નુરબાઇની બીજી મુદત માટે અરજ.

શ્રી સોરઠ સ. બા. બહાદુર સ્વ. જુ. ની નામદાર દીવાની અદાલત.

મુ. નં. ૧૦૬/૯૦   આંક ૩૯
સા. નં. ૩૧૪૪/૭૦.   દા. તા. ૧૩–૭–૧૪

વાદી—ખોજા કાસમ કાનજી રે. રાણાવાવ
વી.
પ્રતિવાદી—બાઇ નુરબાઇ મેઘજી રે. જુ.

દાવો ઓરત કબજે લેવાબાબત.

પ્રતિવાદણની માનસર. અરજ એવી છે કે

આજરોજ આ કેસમાં માહરા શાક્ષી તપાસવાના છે પરંતુ માહરા વકીલ મી. ગુલાબશંકરને બાંબલાઈ થયેલી છે તેથી તે રજા ઉપર છે અને અમારા વકીલ મી૦ પરશોતમ માવજીનો દીકરો એકદમ બીમાર થઇ જતાં તે પુના ગયેલો તેથી કરી તે પણ હાજર થઈ શકે તેમ નથી તેથી કરી, આજરોજ શાક્ષી તપાસાય તેવી સ્થિતિમાં નથી તો માહરા કેસની બીજી મુદત નીમી આપવા મે. થવી. ઉપર પ્ર. સ્થિતિ હોય કોઇ વકીલ હાજર થઇ શકે તેમ નથી તેથી આ મુદતે એક પણ શાક્ષી તપસી શકાય તેમ નથી તો બીજી મુદત નીમી આપવા મે. કરશો એજ તા. ૧૩–૭–૧૪
દા. તલકચંદ તેના કેવાથી

૧ નુરબાઈ મેઘજી સહી
દા, તલકચંદ પ્રભુદાસ તેના કેવાથી

રજુ કરનાર
નુરબાઈ મેઘજીની સહી
દા. તલકસી લવજી તેના
કેવાથી ૧૩–૭–૧૪

શેરો.

અરજદાર તરફથી બે વકીલો કામમાં રોકાયા છે વાદી પક્ષે બહારનો વકીલ રોકાયેલો છે. વાદી અને સાહેદો બહારના છે એવી હકીકતમાં કેસ મુલતવી રાખવાની માગણી મંજુર થઇ શકતી નથી કેમકે કેસ ચલતી તારીખમાં છ દીવસ સુધી રેહેલો છે માટે અરજ નામંજુર કરતાં મુ. નં. ૧૦૯, ૭૦ માં દાખલ તા. ૧૩ જુલાઇ ૧૯૧૪

(સહી) કાંતીલાલ
જુ. દી. મુ.

નુરબાઇ મેઘજીની સહી
દ. તલક ચંદ લવજી તેના કેવાથી

રોજ વધુ સાક્ષીઓ તપાસવા પ્રતિ. ની અરજ.

શ્રી સો. સ. બા. બહાદુર સ્વ. જુ. ની નામદાર દીવાની અદાલતમાં.

દા. તા. ૭–૧૦–૧૪   આંક ૩૪

મુ. નં. ૧૦૬–૭૦

વાદી—ખોજા કાસમ કાનજી રે. રાણાવાવ.
વી.
પ્રતિવાદી—ખોજણ નુરબાઇ મેઘજી રે. જુનાગઢ

દાવો ઓરત કબજે લેવા બા.

પ્રતીવાદણની માનસર અરજ એવી છે કે–આ કામમાં માહરો પુરાવ તપાસવાની મુદત તા. ૩—૧૧—૧૪ થી રાખી છે અને દરરોજ એક શાક્ષી તપાસવા આપે નકી કરેલું છે.

આપના જાણવામાં છે કે આ કામમાં માહારી તરફથી રોજમદાર ફીથી બાહાર ગામથી વકીલ લાવવામાં આવે છે અને દરરોજ એકજ સાક્ષી તપાસવામાં આવે તો મને રખડપાટ અને સામટા ખર્ચમાં ઉતરવું પડે તેમ છે માટે દરરોજ એક સાક્ષી તપાસવાને બદલે જેટલા તપાસી શકાય તેટલા તપાસવાની ગોઠવણ કરી આપવા મહેરબાની ફરમાવશો એટલે તમામ સાક્ષીઓને તારીખ ઉપર હાજર રાખવા માહારાથી બની શકે. એજ અરજ સં. ૧૯૭૦ ના આશો વદ ૨ મંગળવાર તા ૬ ઠી ,ઓકટોબર ૧૯૧૫ દા. તલકચંદ વી. પ્રભુદાસ તેના કેવાથી

લી. વકીલ ગુલાબશંકર ઝીકાર

રજુ કરનાર
ગુલાબશંકર જીકાર
પ્ર. વ. તા, ૭–૧૦–૧૪

શેરો.

અરજદારની સગવડતા અદાલતના બીજા કામને અગવડતા કરીને મેળવી શકાય નહી. ચાલુ એકજ સાક્ષી તપાસવા એમ મુકરર કરેલું નથી પરંતુ જે સાક્ષીઓ અત્યાર સુધી તપાસાયા છે તેની તપાસણી પરથી ચાલુ એક કરતાં વીશેષ સાક્ષી તપાસી શકાવા સંભવ માનવામાં આવતો નથી. અદાલતના બીજા કામની અગવડતા આવ્યા શીવાય આ એકજ કેસને ચાલુ બે થી ત્રણ કલાક આપી શકાય એવી ગોઠવણ તારીખ ૩ થી ૧૯ નવેમ્બર સુધી રાખવામાં આવી છે. એક તારીખમાં એક સાહેદ તપાસાઇ જતાં વખત બચે તો બીજા સાહેદને તપાસવા અડચણ નથી અને તેમ કરવામાં આવશે (જો અરજદાર સાહેદ આગલ પાછળ હાજર રાખશે તો) ચાલુ બેથી ત્રણ કલાક ઉપ્રાંત વખત એ કેસને આપી શકાશે નહીં; કેમકે તેમ થવાથી હાલ મોસમના વખતમાં અદાલતના બીજા કામને અગવડતા થવા સંભવ છે એમ અરજદારને કહી મુ. ના. ૧૦૯, ૭૦ માં દાખલ તારીખ ૭–૧૦–૧૪

(સહી) કાંતીલાલ.
જુ. દી. મું.

બતાવી
ગુલાબશંકર જીકાર
પ. તલકચંદ તા. ૮–૧૦–૧૪

પ્રતિ. ની બીજી પુરાવા દરખાસ્ત

શ્રી સોરઠ સરકાર બાબી બહાદુર સ્ટે. જુ. ની નામદાર દીવાની અદાલતમાં.

સા. નં. ૨૮૮/૭૦ મુ. નં. ૧૦૯, ૭૦
દા. તા ૧૪–૧૦–૧૪ આંક ૪૬

વાદી—ખોજા કાસમ કાનજી રે. રાણાવાવ
વી.
પ્રતિવાદી–ખોજણ નુરબાઇ મેઘજી રે. જુનાગઢ

દાવો ઓરત કબજે લેવા બા.

પ્રતીવાદણની માનસર અરજ એવી છે કે આ કામમાં અમો એ પ્રથમ સાક્ષીઓના નામ આપેલા છે તે ઉપ્રાંત નીચેનાં વીશેષ સાક્ષીઓ ગુજારવાને રજા માગુ છઉં.

૧ ખોજા કાસમ પ્રેમજી રે. તીથવા.
૨ ખોજા સોમજી જીવા રે. રાજકોટ સહરમાં
૩ ખોજા કરશન સામજી રે. પીરશરા (રાજકોટ તાબે)
૪ મુખી વાલજી મનજી રે. વીરપુર.
૫ ખોજા શામજી માવજી રે. તીથવા (વાકાનેર તાબે)
૬ ખોજા જેસા વાલજી રે. વાકાનેર.
૭ ખોજા જીવરાજ પ્રેમજી રે. જેતલસર
૮ બાવા રૂપા રે. મોવેયા (ગોંડલ તાબે)
૯ મુખી ઝીણા પુંજા રે. પાનેલી.
૧૦ ખોજા રવજી શરીફ રે. રાવલ (જામનગર તાબે)

ઉપર પ્ર. પુરાવો છે સાક્ષીઓ તપાસવાની તારીખ દુર છે અને ઉપર લખેલા સાક્ષીઓને હું પોતે રજુ કરીશ એટલે માહારી અરજ મંજુર કરવામાં કાંઈ હરકત નથી એમ હું માનું છું એજ તા ૧૪—૧૦—૧૪ દા. તલક ચંદ પ્રભુદાસ તેના કેવાથી

૧ ખોજણ નુરબાઈ મેઘજીની સહી
દ. ભીમજી વીઠલજી તે બાઇ નુરબાઇના રૂબરૂ કેવાથી

રજુ કરનાર
ગુલાબશંકર ઝીકાર
પ્ર. વ. તા. ૧૪–૧૦–૧૪

શેરો.

મુખ જુબાન પુરાવ નવો દાખલ કરવા મંજુરી આપી શકાતી નથી એમ અરજદારને કહી સુ. ના ૨૦૯, ૭૦ માં દાખલ તારીખ ૧૪–૧૦–૧૪

(સહી) કાંતીલાલ
જુ. દી. સુ.

બતાવી
ગુલાબશંકર પ. વ.
તલકચંદ તા. ૧૪–૧૦–૧૪

સાક્ષીને કોર્ટ મારફત બોલાવવા પ્રતિ. ની અરજી.

શ્રી સોરઠ સરકાર બાબી બહાદુર સ્વ. જુ. ની નામદાર દીવાની અદાલતમાં.

દા. તા. ૩૦–૫–૧૪ આંક ૬૩

સુ. નં. ૨૦૯, ૭૦

વાદી—ખોજા કાસમ કાનજી રે. શાણાવાવ
વીરૂ
પ્રતિવાદી—ખોજણ નુરબાઇ મેઘજી રે. જુનાગઢ

દાવો
ઓરત કબજે લેવા બાબત.

પ્રતીવાદીની માનસર અરજ એવી છે કે આ કામમાં અમારા સાક્ષી તપાસવાની તારીખ હતી તે તારીખના રોજ મીયાંણાના માલીયાનો સાક્ષી ભલુ શામજી રે. માલીયાને સમન્સ લાગુ કરવા માટે ત્યાં મોકલવામાં આવેલ પણ ત્યાંથી તે સાક્ષી જેલ ઉપર જેલર હોવાથી તારીખના રોજ હાજર નહીં થઇ શકે અને બીજી તારીખ મુકરર કરી ફેર ખબર આપવા માલીયાના મેનેજર સાહેબ તરફથી લખાણુ આવેલ. હાલમાં અમારા તરફ તે સાક્ષીને રજુ રાખવા હુકમ કરેલો છે, પંરતુ તે સાક્ષી સરકારી નોકર હોઇ આવી શકે તેમ નથી તો આપ સદર અદાલત મારફત ફેર તારીખના ખબર આપવા મે. કરશો. તેના માટે ટપાલ ખર્ચ વી. જે ખર્ચ થાશે તે હુકમ થએ રજુ કરીશ તા ૨૭– ૫–૧૪ દા. તલકચંદ તેના કેવાથી

ગુલાબશંકર જીકાર પ્ર. વ.

હુકમ માટે રજુ કરનાર
ગુલાબશંકર જીકાર
પ્ર૦ વ૦ તા. ૩૦–૫–૧૪

શેરો.

ફેર પ્રોસેસ રજુ કરેથી યોગ્ય થશે એમ કહી વંચાણે તા० ૩૧–૫–૧૪

(સહી) કાંતીલાલ
જુ. દી. મુ.

ફેર પ્રોસેસ તા० ૧–૬–૧૪
તકલચંદ પ્રભુદાસ

શેરો

પ્રોસેસ રજુ થતાં સાહેદ મજકુરને તા. ૧૮–૭–૧૪ ની મુદતની ખબર આપવી. સ. અ. આ. નં. ૨૬૫૪, ७० તા. ૩०–૫–૧૪ નીચે લખવામાં આવતાં મુા. નં. ૧०૯, ७० માં દાખલ તા. ૧ જુન સ. ૧૯૧૪

(સહી) વ્યંકટરાય
સી०

———

કાજી કેસનો ફેસલો રજુ કરવા વાદી વકીલની અરજ

———

સ્વ. જુનાગઢની મે. દીવાની અદાલતમાં

———

વાદી—ખોજા કાસમ કાનજી રે. રાણાવાવ.

વીરૂ

પ્રતીવાદી—ખોજણ નુરબાઈ મેઘજી રે.જુનાગઢ

દાવો ઓરત કબજે લેવા બાબત.

મથાળે લખ્યા વાદીની માનસર અરજ એ છે જે તમામ ખોજાઓના નીકા પણ કાજીયો પડાવતા અને તમામ શુન્ની, સીઆઓના નીકા પણ તેજ પડાવતા અને આ કામમાં જે સવાલો ચર્ચાય છે તેમાં ધર્મના ભેદથી લગ્ન ઉપર કાંઇ અસર થાય છે કે નહીં તે પણ સવાલ છે. અમરેલીમાં કાજીઓ પાસે નીકા પડાવવા અમુક વખતથી બંધ કર્યા તેથી કાજીઓએ દાવો કર્યો અને કોર્ટે વાર્ષીક રૂા, ૩० નું હુકમનામું પોતાની જાત મીલકત સામે અને જમાતના ફંડ સામે કરી આપ્યું છે. અને હજુ પણ ખોજાની જમાતને તે કાજીઓને રૂપીયા આપવા પડે છે આ હકીકત ઉપર અજવાળું નાખવા માટે અમરેલીની કોટના ફેસલાની ખરી નકલ આ સાથે રાખી છે માટે મે. કરી તે અમારા પુરાવા સાથે રાખશો. તા. ૨૩–૪–૧૬

છગનલાલ નાગજી ચીનાઈ
વાદી વકીલ

રૂ. ક.
C. N. chinay

શેરો.

મી० મુનશી આ ઠરાવ કામમાં લગતો નથી એમ વાંધો લે છે જે વ્યાજબી જણાય છે એટલે અરજ નામંજુર. નકલ પાછી દેવી તા. ૨૩–૪–૧૬

(સહી) છોટાલાલ દુલભજી
જુ. દી. મુ.

———

અમરેલી કાજી કેસની નકલ.

———

અરજદાર એદલજી ધનજીએ નકલ લેવા અરજ કરી તથા લખાઇરી રૂ. ૧–૪–० ભર્યા તે જમા તા. ૧–૪–૧૬

નકલ તૈયાર થઈ તા. ૪–૪–૧૬

નકલ આપી તા. ૫–૪–૧७

નકલ કરેલા કાગળ માટેના શબ્દની સંખ્યા ૨०००

દર સો શબ્દે ગણેલી લાગતની રકમ રૂ. ०–૧–०

એકંદર લીધેલી લાગતની રકમ રૂ. ૧–૪–०

ની. ૨૬

શ્રીમંત સરકાર સેનાખાસખેલ સમશેર બહાદુર
વી. અમરેલી પ્રાંત ન્યા. કોર્ટ.

મુ. નં. ૭૭ સન ૧૮૭૮–૭૯

વાદી.

કાજી અમીમીયાં વલદે મહમદ સાલે મૈયતના વારસ પુત્ર નથુમીયાં અમીમીયાં (૧), તથા કાજી ઇબ્રાહીમ વલદે અબદુલરહીમ મૈયતના વારસ પૌત્ર અબલુ (૨), તથા હબીબ નુરમામદ (૩), તથા પૌત્ર ખાલકભાઇ નસીર મહમદ (૪), તથા કાજી શરીફમીયાં (૫), તથા કાજી ફજુમીયાં મહસુદમીયાં (૬) તથા કાજી હીસામુદીન આલમમીયાં અજ્ઞાનનું પાલણ કરનાર વાલી કાકા નંબર ૬ તા. ફજુમીયાં. જાતે મુસલમાન, કસબ કાજીપણાનો, રહેવાશી અમરેલીના તરફે વકીલ લખમીચંદ રતનશી.

પ્રતિવાદી.

રૂડા નુરા મૈયતના વારસ પુત્ર નેણશી રૂડા (૧), તથા દાદા જાન (૨), રામજી નાનજી મૈયતના વારસ પુત્ર ધનજી રામજી (૩), તથા જાદવ દેવજી (૪), તથા નાનજી રામજી મૈયવારસ પ્રધાન રામજી. જાતે ખોજા, કસબ વેપારનો, રહેવાંશી મજકુર.

દાવો રૂ. ૩૦૦

આ કામમાં વાદીની ફરીયાદ એવી છે કે અમરેલી કસ્બા અને અમરેલી તાલુકાના કુલ ગામોના સુની અને સીયા બેઉ સંપ્રદાયના મુસલમાનોને નીકા પઢાવવાનો હક આશરે પાંચસે વરસ ઉપર પેઢી દર પેઢીએ અમારો ચાલ્યો આવે છે ને તે બાબત અમને વખતો વખત સનદો મળેલી છે તે મુજબ અમારા હકનો ભોગવટો સર્વે મુસલમાન કોમ ઉપર ચાલતાં દરમીયાન પ્રતિવાદીએ પોતાની કોમમાં ખોજા ન્યાતના ધર્મગુરૂ આગાજી તરફથી સીફારસ થયા ઉપરથી અગર બીજી કોઈ રીતે પણ ખોજા જાતની જમાતે અમારા નીકા પઢાવવાના ચાલતા આવેલા હકનો વહીવટ પોતે જમાત તરફથી કરાવી ઉતપનના બદલામાં ફક્ત ઉધડા રૂા. ૩૦) બાબાશાઇ દરસાલ બે હપ્તે અમને આપતા જવાનું અકબરઅલી તા. કામડીઆ સજાઅલ્લીએ એઓની માર ફત અમારા સાથે નકી ઠરાવ્યું; ને તે મુજબ અમે કબુલ કરવાથી ન્યાતવાળા તરફથી નં. ૧–૨–૩-૪–૪ ના પ્રતિવાદીઓએ સં. ૧૯૨૩ ના મહા સુદી ૯ ના રોજ દાવાવાળો ની. ૨ નો દસ્તાવેજ લખી આપ્યો. તે દસ્તાવેજ મુજબ સં. ૧૯૩૨ ની સાલ સુધી અમલ થયો; એટલે મજકુર તાલુકાની સર્વ ખોજા કોમમાં પ્રતિવાદીઓની જમાત તરફથી અગર તેમના આગા તરફથી નીકા પઢાવવાનું કામ ચાલ્યું અને તેનું ઉતપન પ્રતિવાદીઓની અમરેલી જમાત ફંડમાં આવી, તેમાંથી રૂા. ૩૦) આ કામના પ્રતિવાદીઓ અમને દરસાલ આપતા ગયા, તે સં. ૧૯૩૩ ની સાલમાં અમને ન મળવાથી, આ કોર્ટમાં મું. નં. ૫૦૫ સ. ૧૯૩૩ નો કરતાં છેવટ વરીષ્ટ કોર્ટ તરફથી ઠરાવ થયો, તે મુજબ દસ્તાવેજમાં લખેલા પક્ષકારોના નામ વાદીમાં દાખલ કરી, દસ પટ રૂા. ૩૦૦) નો દાવો કર્યો છે. માટે દાવાવાળા દસ્તાવેજ ની. ૨ મુજબ તેમાં સહી કરનાર પ્રતિવાદી તરફથી, તેઓની અમરેલી જમાતમાં જે ફંડ આવે છે તેમાંથી અમારા નીકા ખાતાના હકના બદલામાં ઉચક ઠરેલા

રૂા. ૩૦) દર વર્ષે બે હપ્તે આપતા જવા વિષે હુકમનામુ કરી આપવું વિગેરે મજમુન.

આ દાવાનું કામ ચાલતા વખતે પ્રા. વા. નં. ૧-૩ નાને વાદીએ ની. ૧૦ ની પેટા અરજથી આ દાવામાં કમતી કરી બાકીના ઉપર કામ ચલાવવું જોઇએ વીગેરે માગણી કરી છે.

નંબર ૨-૪-૫ નો ની. ૯ નો જવાબ રજુ થયો તેમાં મતલબ. અમો વાદીના દાવા ના જવાબદાર નથી, દાવાવાળો દસ્તાવેજ અમો સર્વે પ્રતિવાદીઓએ કરી આપેલો તે એવા હેતુથી કે અમારા પીર તરફથી સંદેશો આવ્યો કે કાજી તરફથી નીકા પઢાવવો નહિ તે ઉપરથી દેસાવરમાં કાજીના હાથથી નીકો પઢાવવાનું કામ બંધ થયું ત્યારે વાદીઓ તરફથી અમારી ન્યાતમાંથી કાંઈ પણ મળે તો ગુજરાન ચાલે, એવી ગરીબાઇની આજીજી કરવાથી દાવા વાળો દસ્તાવેજ વરસો વરસ હક કાયમ રહે એ સારૂ નહિ પણ ધરવટ અને મોહોબત દાખલ ધર્માદા લખી આપો, તેથી દાવાવાળા રૂપીયા લેવાનો હક નથી. ધરવટ અથવા મોહોબત રાખવી કે ધર્માદા આપવો એ અમારી ખુશી ઉપર વાત છે ને દસ્તાવેજ ન્યાતવાળા તરફથી ધરમાદા અપાયો છે. જે વખતે દસ્તાવેજ થવો તે વખતે ૨૦૦ ખોરડાં હતાં અને તે સરવે ખોરડાં વાળા પૈસો આપવાને તાકાદવાન હતા, હાલ માત્ર ૧૦-૧૫ ખોરડાં અમરેલીમાં રહ્યાં છે. તે ખોરડાં વાળા પોતાનું ગુજરાન ચલાવી શકતા નથી તેથી હવે એટલા રૂા. ન્યાત ખાતે આપવા તાકાદ નથી. સદરહુ દસ્તાવેજ આ વાદીનો હક વરસો વરસનો કાયમ રહેવા જેવો થયો હોય તો પણ અમો જવાબદાર નથી તથા અમારા પીર તરફથી ના પાડી છે, તેથી અમો કાજીઓને કાંઇ આપી શકતા નથી વીગેરે મતલબ.

મુદ્દા.

૧ દાવા વાળો ની. ૨ નો દસ્તાવેજ પ્રતિવાદીઓએ વાદીને યોગ્ય મોબદલાથી લખી આપેલો છે કે નહિ.

૨ હોયતો વાદીનો દાવાવાળા દસ્તાવેજ મુજબ દાવો અપાવવો યોગ્ય છે કે નહિ ને હોયતો કેવી રીતે

અભીપ્રાય.

૧ દાવાવાળો દસ્તાવેજ યોગ્ય મોબદલાથી લખી આપેલો સાબીત છે.

૨ દસ્તાવેજ મુજબ વાદીનો દાવો ખોજા ન્યાતના ફંડમાંથી અપાવવો યોગ્ય છે.

પહેલા મુદા વિશે કોર્ટનો એવો અભિપ્રાય છે કે દાવાવાળો ની. ૨ નો દસ્તાવેજ પ્રતિવાદીઓએ વાદીને યોગ્ય મોબદલાથી લખી આપેલો છે. વાદીઓ અમરેલીના જુના કાજી છે અને તેમણે બાદશાહી વખતમાં ની. ૧૯ ની. ૧૯ ની સનદો સં. ૧૧૪૭ તથા સં. ૧૧૮૫ ની મળેલી, તેમાં જે હક વાદીના પૂર્વજોને લખી આપવામાં આવેલો છે તેમાં નીકા પઢાવવાનો હક કાજીને ઠરાવી આપેલો છે તે પ્રમાણે કાજીપણાનું કામ આશરે ૭૦૦ વરસથી પોતે કરતા આવેલાનું વાદી નથુમીયાં ની. ૨૬ ની જુબાનીમાં પ્રતિજ્ઞા ઉપર કહે છે તેમજ આ કામના પ્રતિવાદી દાદા જાનના દીકરા જીવા દાદાની જુબાની ની. ૧૯ માં થયેલી તે પણ એવું કબુલ કરે છે કે સં. ૧૯૧૯ ની સાલ અવલ ઘણા દહાડાથી એટલે તેની જાતને યાદ આવે તેટલા દિવસથી વાદી તેની ન્યાતને નીકા પઢાવતો હતો. એવો જુનો હક સં. ૧૯૧૯ ની સાલમાં આગાખાંએ બલા

અણ્ કરવા ઉપરથી અગર શા કારણથી તે થયેલા પુરાવા ઉપરથી સાફ ખુલતું નથી, પણ પ્રતિવાદીઓએ તે હક પોતાના તરફ લેઈ લઇ હક બાબત રૂ. ૩૦) દરસાલના વાદીઓને એ હપ્તાથી આપવાનું ઠરાવી લખી આપ્યો, ને તે દસ્તાવેજ પ્રતિવાદીઓ ઉપર દરસાવ્યા મુજબ કબુલ કરે છે. હવે દસ્તાવેજમાં એ હપ્તાથી રૂ ૩૦) આપવાનો ઠરાવ જમાતે કર્યા મુજબ સં ૧૯૩૨ ની સાલ સુધી વાદીને રૂપીઆ મળતા ગયા એ વાત પ્રતિવાદીઓ પણ કબુલ કરે છે. એટલે સદરહુ દાવા વાળા દસ્તાવેજનો કરાર પ્રતિવાદીઓ તરફથી આશરે ૧૦ વરસ સુધી પાળવામાં આવ્યો હતો.

સદરહુ ની. ૨ ના દસ્તાવેજમાં એવા શબ્દો છે કે– " જત કાજીઓ હમેશ અમારી જમાતમાં નીકા પડાવા આવતા હતા. હાલ આગા સાહેબજીએ મને લખી છે, તેથી નીકા વખત તેડતા નહોતા; વાસ્તે તે બાબત અમારે અને કાજી સાહેબને ઘરવટથી વરસ એકના રૂ ૩૦) અંકે ત્રીશ બાબાશાઇ તેની વીગત રૂ. ૧૫) ઇદ રમજાન મુબારકની ઇદના જમાત વખતે પાઘડીના દેવા છે તથા રૂ. ૧૫) ઝીલ્હેજની ઇદ મુબારકના નમાજ વખતે પાઘડીના જમને રૂા. ૩૦) સાલ હંમેશા દેવા છે. અમારી જમાતમાં હવેથી નિકા બાબત કશો તકરાર ન લાવવો; ને અમારી જમાતનો માણસ પડાવે." ઉપર લખેલા શબ્દો ઉપરથી એવું તો સાફ ખુલે છે કે નીકા પડાવવાનો હક કાજીનો છતાં તે ખોજાની ન્યાતે તેના તરફથી કાઢી લેઇ પોતાના માણસ તરફથી નીકા પડાવવા માટે દાવા વાળો ની. ૨ નો દસ્તાવેજ પ્રતિવાદીઓએ વાદીને કરી આપેલો છે. એકતો વાદી કાજીનો જુનો અને ચલની પ્રતીવાદીનો ખોજા ન્યાતમાં નીકો પઢાવવાનો હક હતો. ને તે હક બાબત વાદીને પૈસા મળતા હતા અને બીજું એમકે આ દસ્તાવેજ થવાથી અને આગા સાહેબની ભલામણથી પ્રતિવાદીઓએ વાદીઓના સાથે ઠરાવ કરી, સદરહુ હક વાદીએ છોડયો અને તેના મેબદલામાં પ્રતિવાદીઓએ ની. ૨ નો દાવા વાળો દસ્તાવેજ લખી આપ્યો.

આ કામના પ્રતિવાદીઓ એવું નથી કહેતા કે વાદીએ સદરહુ દસ્તાવેજ મુજબ વર્તન કર્યું નથી એટલે ખોજા જમાતમાં નીકા સંબંધી પોતાનો હક દસ્તાવેજ થયા પછી વાદીઓએ ચલાવ્યો, પણ ઉલટું પ્રતિવાદીઓએ દાવાવાળા દસ્તાવેજ મુજબ કેટલાક વર્ષ સુધી રૂપીયા આપી સં. ૧૯૩૩ ની સાલમાં રૂપીયા નહિ આપ્યા, તેથી આ દાવો થયો એવું વાદી પ્રતિવાદીઓની જુબાનીઓ ઉપરથી સાફ જણાય છે ત્યારે કોર્ટની ખાત્રી થાય છે કે દાવાવાળા દસ્તાવેજ મુજબ વાદીએ પૂર્ણ પણે વર્તન કર્યું છે; પરંતુ પ્રતિવાદી તરફથી દસ્તાવેજની સરત પાળવામાં આવેલી નથી. દાવાવાળો દસ્તાવેજ યોગ્ય મોબદલાથી થયેલો છે એ વાત ઉપર દરસાવ્યા પ્રમાણે દસ્તાવેજના શબ્દો ઉપરથી, તેમજ ની. ૧૮–૧૯ ની સનદો ઉપરથી થયો છે એવું સાફ જણાય છે. વાદીઓએ નીકા પઢાવવા હક છોડી દીધાથી તેના મેબદલામાં રૂ. ૩૦) આપવાનો દાવાવાળા દસ્તાવેજ અંદર ઠરાવ કરેલો છે તેથી તે યોગ્ય મોબદલાથી થયા વિશે કોર્ટને શંકા રહેતી નથી.

આ કામમાં પ્રતિવાદીની એવી તકરાર છે કે– (૧) દાવાવાળો દસ્તાવેજ ધર્મ સારૂ લખી આપેલો છે, અને તે પાળવો કે નહિ

તે ખુશી ઉપર છે. (૨) તેમજ હાલ ન્યાત તુટી ગયાથી સદરહુ દસ્તાવેજના રૂપીયા પુરે પુરા આપવા અમારી તાકાદ નથી વીગેરે—

પહેલી તકરાર વિશે અમને એમ લાગે છે કે દસ્તાવેજમાં રૂ. ૩૦) નો ઠરાવ કરવાનું જે સમ્બંધના કારણો દરસાવ્યા છે તે વિચાર કરતાં દાવાવાળો દસ્તાવેજ ધમાંદા તરીકે કરી આપેલો જણાતો નથી, અને કાયદાથી દલીલ ખાતર પ્રતિવાદીઓની તકરાર પ્રમાણે ધર્માદા તરીક દસ્તાવેજ લખી આપેલો છે એવું મા નીએ તો પણ તે સરતો પ્રતિવાદીને બંધન કારક નથી એવું અમારી નજરમાં આવતું નથી એટલુંજ નહિ પણ જ્યારે ધર્માદા તરીક ન છતાં યોગ્ય મોબદલાથી દાવાવાળો દસ્તાવેજ લખી આપવાનું સાબીત થાએ છે, ત્યારે તે સર્વ પ્રકારે પ્રતિવાદીઓને બંધન કારક છતાં તેઓની ખુશી ઉપર એ વાત રહેતી નથી ને બીજી તકરાર બાબત અમે એવું માનીએ છીએ કે—જે વખત દસ્તાવેજ લખી આપ્યો તે વખત જમાતના ખોરડાંની વધગટ, બાબતની સરત કરેલી નથી અને જો કદાપી જમાતના ખોરડાં વધારે થયાં હોતતો વાદીઓને ઠરેલી રકમ કરતા પ્રતિવાદીઓ વધારે રકમ આપે એવું નથી, તેમજ જયારે ન્યાતના ધરો કમી થાએ ત્યારે વાદીને નુકસાન ભોગવવું એ યોગ્ય અમારી નજરમાં આવતું નથી. એવી રીતની વધગટ હમેશ થવાનો સંભવ છે એ વાત ધ્યાનમાં લેતાં પ્રતિવાદીઓની કમતી ખોરડાં બાબત તકરાર બાતલ ગણવામાં આવે છે.

સારાંશ— આ કામમાં બનેલા કાગળો ઉપરથી દાવા વાળો દસ્તાવેજ યોગ્ય મોબદલાથી થયો તેમજ દસ્તાવેજની સરત મુજબ બંને પક્ષકારોએ કેટલાક વર્ષ સુધી વર્તણુક પણ કરી છે, તેમજ પ્રતિવાદીઓએ જે તકરાર બતાવી છે તે યોગ્ય અગર કાયદેસર નહિ હોવાથી પહેલા મુદાનું નીરાકરણ વાદીના લાભમાં અને પ્રતિવાદીના ગેર લાભમાં કરવામાં આવે છે.

બીજા મુદા વિશે કોર્ટનો એવો અભિપ્રાય છે કે ઉપર મુજબ પહેલા મુદાનો નીકાલ થયાથી તા. દાવા વાળો દસ્તાવેજ પ્રતિવાદીઓએ ખરા પ્રકારે થયેલાનું કબુલ કર્યાથી અને તે દસ્તાવેજ પ્રતિવાદીઓએ અમરેલીની ખોજા ન્યાત તરફથી લખી આપવામાં આવેલો હોવાથી, વાદીઓનો દાવો પ્રતિવાદીઓની જાત ઉપર; અગર તેવી રીતે વસુલ ન થાય તો ખોજા ન્યાતના ફન્ડમાંથી અપાવવો કોર્ટ દુરસ્ત ધારે છે અને તે વિશે કામમાં પ્રતિવાદીઓએ કોઈ તકરાર કરેલી નથી સબબ.

કોર્ટ ઠરાવ કરે છે કે વાદીઓના દાવા મુજબ રૂ. ૩૦) દર સાલ દાવા વાળા દસ્તાવેજમાં કરાર કરવા મુજબ બે હપ્તાથી આ કામના ત્રણે પ્રતિવાદીઓએ આપવા; અગર તેમના તરફથી વસુલ ન મળેતો અમરેલીના ખોજા જમાતના ફંડમાંથી આપવા, તે વસુલ ન થાય તો વાદીએ કાયદાસર રીતે વસુલ કરી લેવા. તા. ૧૬ માહે જુન સને સને ૧૮૭૯. દાવાનું ખર્ચ પ્રતિવાદીને શીર. તા. મજકુર.

(૬. સ.) વીઠલ ભાઉ દાજી.
અ. પ્રાં. ન્યા.

(દ. સ.) જેરામ વીઠલ ઠાકોર

નકલ કરનાર	રજુવાત લેનાર
રવજી જીવરાજ	માણેકચંદ ત્રીભોવન
પ્રી. કા.	હેડ કા.

અલીભાઇ દેવરાજને કોર્ટ મારફત સમન્સ.

શ્રી સોરઠ સરકાર નામદાર બહાદુર સ્વજુ. ની નામદાર દીવાની અદાલતમાં.

મુ. નં. ૧૦૯, ૭૦ આંક ૧૦૫

વાદી—ખોજા કાસમ કાનજી રે. રાણાવાવ

વી.

પ્રતિવાદી–ખોજણ નુરબાઇ મેઘજી રે. જુનાગઢ

દાવો ઓરત કબજે લેવા બા.

મથાળે લખ્યા વાદીની માનસર અરજ એ છે જે આ કેસમાં અમારી તરફનો પુરાવો લેવાય છે અને હવે પછીની તારીખ ૨૨ મી જાન્યુઆરી છે. અમારા સાહેદોમાં એક સાહેદ અલીભાઇ દેવરાજ રે. અમરેલીનો છે તે આગાખાની પંથમાં છે અને તેથી અમારા કહેવાથી કોર્ટમાં આવવાને ખુશી નથી અને તે કોર્ટના સમન્સની જરૂર ધારે છે. હજી તારીખને ૧૪ દીવસની વાર છે અને આ સમન્સ કઢાવવામાં કેસ લંબાવવાનો અમારો હેતુ નથી રજીષ્ટર પોસ્ટમાં. અગર સાદી પોસ્ટમાં પણ તેને સમન્સ મોકલી આપવામાં આવે તેથી તેને પહોંચી જશે. માટે તેના ઉપર સમન્સ મોકલવાની મહેરબાની કરશો. તા. ૯-૧-૧૬

વાદી વકીલ

છગનલાલ નાગજી ચીનાઈ

દા. તા. ૯-૧-૧૬
રંજુ કરનાર
C. N. chinay

શેરો

મંજુર તા. ૧૦-૧-૧૬

(સહી) છોટાલાલ દુલભજી
જુ. દી. મુ.

શેરો.

ઉપરમાં જણાવેલ સાહેદને રજીસ્ટર્ડ સમન્સ કરી મોકલી મો. મુ. નં. ૧૦૯, ૭૦ માં દાખલ તા. ૧૦-૧-૧૬

જુ. દી. મુ.

અલીભાઇ દેવરાજનો જવાબ.

સ્વસ્થાન જુનાગઢ દીવાની અદાલત.

મો. મુ. નં. ૧૦૯, ૭૦ સવંત ૧૯૭૦

આંક ૧૦૬

વાદી—ખોજા કાસમ કાનજી રે. રાણાવાવ

પ્રતિવાદી—બાઇ નુરબાઇ મેઘજી રે. જુનાગઢ

દાવો ઓરત કબજે લેવા બાબત.

ખીજમતમાં અમરેલીના રહીશ ખોજા અલીભાઈ દેવરાજ તેઓની સલામ દીગર માનસર અરજ એ છે જે આપ નામદારની કોર્ટમાં ઉપર બતાવેલ મુકર્દમામાં તા. ૨૨-૧-૧૬ ની સુનાવણી વખતે હાજર રહી શાક્ષી પુરવા આપ સાહેબ તરફથી મને ફરમાન થએલું છે પરંતુ મારી તબીયત હાલ ઠીક નહી હોવાથી હું ઠરાવેલ મુદતે હાજર થઇ શકીશ નહી તેને માટે માફી માગું છું. તા. ૨૦-૧-૧૬

અલીભાઈ દેવરાજ

શેરો.

સ્ટાંપ વીનાની અરજી પર ધ્યાન અપાતું નથી એટલે નોંધ સાથે મો. મુ. નં. ૧૦૯, ૭૦ માં દાખલ તા. ૨૨-૧-૧૬

(સહી) વ્યંકટરાય
સી.

હકુમતના ફેસલા વિરૂદ્ધ વાદીની અપીલ.

શ્રી સોરઠ સરકાર બાબી બહાદુર સ્ટેટ. જુનાગઢની મે. સદર અદાલતમાં.

રે. દી. અ. નં.

એપેલેન્ટ—ખોજા કાસમ કાનજી રે. રાણાવાવ

વિ.

રીસ્પોન્ટ—ખોજણ નુરબાઇ મેઘજી રે. હાલ જુનાગઢ ઠે. શેઠ હબીબ કાસમને ઘેર

અપીલમાં નીચેની કોર્ટનો ઠરાવ રદ થવા બાબત.

મથાળે લખ્યા એપેલેન્ટની માનસર અરજ એ છે જે

જુનાગઢ દીવાની અદાલતમાં સુ. નં. ૧૦૯, ૭૦ નો મેં રીસ્પોન્ડેન્ટ સામે દાવો કરેલો હતો. તે દાવો નીચેની કોર્ટે હકુમતના કારણથી રદ કર્યો તેથી નારાજ થઇ નીચે લખ્યા કારણો સર આ અપીલ કરૂં છું. ફેંસલા તથા હુકમનામાની ખરી નકલો આ સાથે છે અને અપીલ મુદતની અંદર છે.

કારણો.

૧ દાવો સાંભળવાની નીચેની કોર્ટને સ્પષ્ટ હકુમત છતાં હકુમત નથી એમ અન્યાય કર્યો છે.

૨ હકુમત સબંધી પ્રતિવાદીનો જવાબમાં પુરાવામાં કે છેવટે દલીલમાં વાંધો નહિ છતાં કેસ ફેસલા ઉપર ગયા પછી લગભગ બે મહીને કોર્ટને હકુમતનો વાંધો સુજ્યો અને તેવી રીતે કોર્ટે પોતાની મેળે વાંધો ઉઠાવી દાવો રદ કરવામાં અમને ગેર ઈન્સાફ કર્યો છે.

૩ મે. કાન્તીલાલ ભાઈએ આ દાવામાં કાચી જપ્તી આપી પ્રતિવાદીના જમાન લીધેલા અને કાચી જપ્તીના કાગળોનો અર્થ કરવામાં ઉઘાડી ભુલો કરી છે.

૪ કલ્યાણપુર કોર્ટનું હુકમનામું અમે મેળવ્યું. તે હુકમનામાની ખરી નકલ દાવા અરજી સાથે રાખેલી છે. તે તરફ પણ લક્ષ આપ્યું નહિ.

૫ પ્રતિવાદીયણ નુરબાઇની જુબાની ઉપરથી સ્પષ્ટ સાબીત થાય છે કે દાવો કર્યો તે પહેલાં દસ મહીનાથી રાજીખુશીથી અને ખરેખર તે અહિ રહેતી હતી છતાં તે હકીકત તરફ પણ લક્ષ આપ્યું નથી.

૬ પ્રતિવાદીયણ નુરબાઇને બીજે કોઇ જગ્યાએ જાથુકનું રહેઠાણ નથી અને કમાઇ ખાવા માટે અહિં આવી હતી. એટલુંજ પણ નુરબાઇ પોતે કહેશે કે તે અહિં નોકરી કરે છે અને પેટ ભરે છે છતાં આ હકીકત નહિ માનવા માટે હસવા જેવા કારણો નીચેની કોરટે ફેસલામાં લખ્યાં છે અને દાવો કરી ભારે ગેરઇન્સાફ કરયો છે.

૭ સીવીલ પ્રોસીજરનો ઉંધો અર્થ નીચેની કોર્ટે કર્યો છે.

૮ નીચેની કોર્ટે જે ફેંસલો કર્યો છે તેથી નીચેની કોર્ટનો તેવો ઇરાદો નહિ હોય પણ વાદીને દાદ ન મળે અને તેને રખડવું પડે તેવી જાતનું નીચેની કોર્ટના ફેસલાનું પરિણામ આવ્યું છે.

૯ નીચેની કોર્ટનો ઠરાવ ન્યાય તથા કાયદાથી તદન ઉલટો છે.

ઉપરના કારણો તથા દલીલ વખતે રજુ કરૂં તે તથા કામના કાગળો ધ્યાનમાં લઇ નીચેની કોર્ટનો ઠરાવ રદ કરવાની મે. કરશો.

અને અમારી અપીલ ખર્ચ સાથે મંજુર કરી આ બાબતમાં અમને ન્યાય મળે અને લગ્નના હક પુરા કરવા માટે દાવા પ્રમાણે મને હુકમ નાસું મળે તેવો યોગ્ય અને કાયદેસર હુકમ કરવાની મે. કરશો. તા. ૩-૩-૧૭

ખોજા કાસમ કાનજીના કુલ મુખત્યાર

એદલજી ધનજી કાબાની

સહી દ. પોતે

હકુમતના કેસાની અપીલનું જડ્જમેન્ટ.

સંસ્થાન જુનાગઢની સદર અદાલત

રેગ્યુલર દિવાની અપીલ નં. ૨૪૬/૭૨-૭૩

આંક ૧૨

જડ્જમેન્ટ.

ફાઈલ તારીખ ૩-૩-૧૯૧૭
ફેસલ તારીખ ૫ ૮-૧૯૧૭

અપેલેન્ટ—ખોજા કાસમ કાનજી રે. રાણાવાવ

વિરૂદ્ધ

રિસ્પોન્ડેન્ટ-ખોજણ નુરબાઇ મેઘજી રે. જુનાગઢ

અપીલમાં દાવો.

ઓરત કબજે લેવા બાબત.

સંસ્થાન જુનાગઢની દિવાની અદાલતના દિ. મો. મુ. નં. ૧૦૯, ૭૦ ના કામમાં તારિખ ૩૦-૧-૧૯૧૭ ના રોજ થયેલ ઠરાવથી નારાજ થઈ મથાળે લખ્યા અપેલેન્ટે નીચે લખ્યા કારણો જણાવી આ અપીલ દાખલ કરેલી છે.

કારણો.

૧ દાવો સાંભળવાની નીચેની કોર્ટને સ્પષ્ટ હકુમત નથી એમ ગણવામાં અન્યાય કર્યો છે.

૨ હકુમત સબંધી પ્રતિવાદીનો જવાબમાં પુરાવામાં કે છેવટ દલિલમાં વાંધો નહિ છતાં કેસ ફેસલા ઉપર ગયા પછી લગભગ બે મહિને કોર્ટને હકુમતનો વાંધો સુજ્યો અને તેવી રીતે કોરટે પોતાની મેળે વાંધો ઉઠાવી દાવો રદ કરવામાં અમને ગેર ઇનસાફ કર્યો છે.

૩ મે. કાન્તિલાલ ભાઇએ આ દાવામાં કાચી જપ્તી આપી પ્રતિવાદીના જમાન લીધેલા. અને તે કાચી જપ્તીના કાગળોનો અર્થ કરવામાં ઉઘાડી ભુલો કરી છે વિગેરે.

અપેલેન્ટ તરફથી વકિલ મી० છગનલાલ ચિનાઇ તથા રિસ્પોન્ડેન્ટના વકિલો મી० પરશોતમ માવજી તથા મી० ગુલાબશંકર જીકાર હાજર થતાં તેઓની રૂબરૂની દલિલ સાંભળી તથા કામના કાગળો ધ્યાનમાં લીધા. તે ઉપરથી અમારો અભિપ્રાય એવો થાય છે કે

અપીલ મંજુર થવી જોઇએ.

કારણો.

મથાળે લખ્યા અપેલેન્ટ-વાદી ખોજા કાસમ કાનજીએ, મથાળે લખેલ રિસ્પોન્ડેન્ટ-પ્રતિવાદી ખોજણ નુરબાઈ ઉપર જુનાગઢ દિવાની અદાલતમાં મુ. નં. ૧૦૯, ૭૦ મે ઓરત કબજે લઈ લગ્નના હક પુરા કરાવવા બાબત તારીખ ૧૩-૧૨-૧૩ ના રોજ દાવો કરેલો છે. એ દાવો સાંભળવા કોર્ટને હકુમત નથી એમ ઠરાવી દિવાની કોરટે એ દાવો તારિખ ૩૦-૧-૧૭ ના રોજ રદ કર્યો છે તે સામે વાદીની આ અપીલ છે.

આ દાવો ત્રણ વર્ષ સુધી ચલાવવામાં આવ્યો છે અને તમામ પુરાવો ગુણદોષને લગતો

બન્ને પક્ષકારોએ લેવરાવ્યો છે, અને દલિલ પણ થઇ ગઇ છે, છતાં દીલગીરીની વાત છે કે નીચેની કોર્ટે અગત્યના ને મહત્વના મુદ્દાઓનો નિર્ણય આપ્યો નથી ને હકુમતનાજ પોઇંટ ઉપર દાવો કાઢી નાંખ્યો છે. નીચેની કોરટ બધા મુદ્દાઓનો નિકાલ કરવો જોઇતો હતો એ ખુલ્લું છે.

કામના કાંગળો તપાસી જોતાં નીચેની કોટનો હકુમત સબંધનો નિર્ણય ભુલ ભરેલો છે એમ સહેજ દેખાઇ આવે છે. પ્રતિવાદીયણ તરફથી જવાબમાં પુરાવામાં કે છેવટ દલિલમાં હકુમત સંબંધે વાંધો બીલકુલ લેવામાં આવ્યો નથી.

કેસ પુરો થયો અને કોરટે બન્ને પક્ષની દલિલ સાંભળીને કેસ ફેસલા ઉપર ગયો, તે પછે લાંબે વખતે કોરટે પોતાથી હકુમત સંબંધેનો સવાલ ઉઠાવ્યો અને તારીખ ૨૭–૮–૧૬ ના રોજ એ મતલબે પ્રોસીડીંગ કર્યું કે, હકુમતના સવાલ સંબંધે પક્ષકારોના વકિલોને સાંભળવું જોઇએ. તે પછે તારિખ ૭–૯–૧૬ ના રોજ નીચેની કોરટે હકુમતના સવાલ સંબંધે દલિલ સાંભળી અને કેસ ફેસ્લા ઉપર પાછો ગયો. તે પછે તારિખ ૭–૧૦–૧૬ ના નીચેની કોરટને એવું લાગ્યું કે એ સવાલ સંબંધે પ્રતિવાદીયણની અને સાહેદ હબીબ કાસમની ફરીથી જુબાની લેવી જોઇએ; એટલે તે પછી તારિખ ૧૮–૧૧–૧૬ ના રોજ નીચેની કોરટે એ બન્નેની આંક ૧૩૭–૧૩૮ મે જુબાની લીધી, અને તે પછે તારીખ ૩૦–૧–૧૭ ના રોજ દિવાની કોરટને આ દાવો સાંભળવા હકુમત નથી, એમ ઠરાવી વાદીનો દાવો રદ કર્યો છે તે સામે વાદીની આ અપીલ છે.

ઉપરમાં કહ્યું છે તે પ્રમાણે, પ્રતિવાદીયણ તરફથી જવાબમાં કે પુરાવામાં કે દલિલમાં હકુમત સંબંધે વાંધો બીલકુલ લેવામાં આવ્યો નથી, અને પ્રતિવાદીયણની ખુદની જુબાનીએ જોતાં તે એ બાબત વાંધો લઈ શકે એવી સ્થિતિ પણ નહોતી. પ્રતિવાદીયણે સારા સારા અને અનુભવી કાયદાના હિમાયતીઓની સલાહ અને મદદથી આ કેસ ચલાવ્યો છે, અને જો કોરટને આ દાવો સાંભળવા હકુમત નથી, એમ માનવાના કે મનાવવાનાં જરાપણ કારણ હોત તો તે વાંધો પ્રતિવાદી લીધા વગર રહેત નહિ.

પ્રતિવાદીયણ નુરબાઇની ખુદની જુબાની આંક ૧૧ મે, તારીખ ૨–૨–૧૪ ના રોજ મુદ્દા કાઢયા પહેલાં થઇ છે તેમાં તે ચોખી રીતે લખાવે છે કે "હાલ હું હબીબ શેઠને ત્યાં વર્ષ દિવસથી છઉં, અહિં અમારૂં કોઇ સગું નથી મારા માવતર દુબળાં છે. એટલે પેટ ભરવા અહિં આવી છઉં, હબીબ શેઠને ત્યા નોકરી કરૂં છઉં અને પેટ ભરૂં છઉં, પેટત્રડીએ રહું છઉં."

મુદ્દા કાઢયા પછે પણ પ્રતિવાદીયણની જુબાની આંક ૨૩ મે, થઈ છે, તેમાં પણ તે લખાવે છે કે "કલ્યાણપુર કોર્ટમાં મારાપર દાવો કર્યાની મને ખબર નથી, મારા દાદાની રજા લઇને ગઇ હતી, મેં કહ્યું રોટલા દેવો તો ભલા, નહિ તો કામી ખાઇશ, તે કહે અમારે ત્રેવડ નથી, તો દીકરી જા, મલક પડયો છે કામી ખા. × × × ને હાલ હબીબ શેઠને ત્યાં છઉં."

ઉપરની હકીકતે પ્રતિવાદીયણ ખુદનાજ કહેવા મુજબ ને કબુલ કરવા મુજબ તેને રહેવાનું બીજું ઠેકાણું નથી, અને પોતાની રાજીખુશીથી તે અહિં જુનાગઢ આવી છે ને કામી ખાવા ખાતર તે જુનાગઢમાં આવી રહી છે.

એ ઉપરાંત અવલ જપ્તીના કામમાં આંક ૪ ની તારિખ ૩-૧-૧૪ ની અરજીમાં પ્રતિવાદીયણ પારા ત્રીજામાં જવાબ આપે છે કે, "આજ લાંબા વખતથી મારા ગુજરાન અર્થે અહિં આવીને રહી છઉં ને છુપી ફરતી નથી, પરંતુ આખી નાત જાણે છે તેમ જાહેર રીતે રહેલી છઉં, અને વહેવાર ચલાવું છું" વળી એજ અરજીના પારા એમાં તે લખાવે છે કે, "વાદીના લાભમાં હુકમનામું થાય તે ન બજવા દેવાના બદ ઇરાદાથી હું ભાગીને અહીં (જુનાગઢ) આવી છઉં અને અહિંથી પણ તેજ ઇરાદાથી નાશી જવાની છઉં એ હકિકત પણ તેણે (વાદીએ) ખોટી જાહેર કરેલી છે."

ઉપર પ્રમાણેની હકુમતને લગતી ચોકસ હકિકત છતાં, તે હકિકત નીચેની કોર્ટને અપુર્ણ અને અચોકસ લાગી છે તે નવાઈ ભરેલી વાત છે. ઉપરમાં કહ્યું છે તે પ્રમાણે પ્રતિવાદીયણે પોતાની અગાઉની જુબાનીઓમાં હકુમતના સવાલને લગતી ચોકસ હકિકત લખાવી છે છતાં એજ સવાલ સબંધે તેની ફરીથી જુબાની શામાટે લેવામાં આવી છે તે સમજી શકાતું નથી. તેનું પરિણામ એ આવ્યું છે કે પ્રતિવાદીયણ છેલી જુબાની વખતે સોગન ઉપર ખોટી જુબાની આપવા લલચાઈ છે. અવલ જપ્તીના કામમાં અને આવા ઓરત કબજે લેવાના દાવામાં સાધારણ રીતે અવલ જપ્તીનો હુકમ આપવામાં આવે છે, અને દાવો થયા પછી પ્રતિવાદીયણ અદાલતની હકુમત છોડી ભાગી નાશી જાય એવો સંભવ રહે છે અને તે કારણે અવલ જપ્તી આપવામાં આવે છે. પણ તેટલા ઉપરથી અદાલતને આ દાવો સાંભળવા હકુમત નથી એમ કહી શકાય નહિ. હકુમત સંબંધે વાંધો લેવાનો અખત્યાર પ્રતિવાદીયણને છે, અને પ્રતિવાદીયણ તે વાંધો શરૂથી તો છેવટ સુધી લેતીજ નથી અને હકુમત સંબંધે વાંધો નહિ લઇ શકાય તેવી હકિકતો તે ખુદ પોતાની જુબાનીમાં ચોકસ રીતે જાહેર કરે છે, તો પછે કોર્ટ હકુમત સંબંધેનો સવાલ શા આધારે ઉઠાવી શકે છે, તે પણ સમજી શકાતું નથી. તે એકંદર હકિકતનો વિચાર કરતાં ઠરાવ કરવામાં આવે છે કે,

ઠરાવ.

અપેલેન્ટની અપીલ મંજુર કરી નીચેની અદાલતનો ઠરાવ રદ કરવામાં આવે છે અને નીચેની અદાલતને આ દાવો સાંભળવા હકુમત છે એમ ઠરાવવામાં આવે છે.

નીચેની અદાલતે બાકીના બધા મુદાઓનો નિકાલ લાવી ધોરણસર કેસનો ફેંસલો આપવો.

આ અપીલના ખર્ચનો આધાર નીચેની અદાલતના ફેસલાના પરિણામ ઉપર રહેશે. તારિખ ૫-૮-૧૭

(સહી) મહંમદ અમીન ફકિહ
સર ન્યા.

ગુલાબશંકર ઠાકાર
રી. વ. તા ૫-૮-૧૭
C. M. Chinoy

નકલ કરનાર કલાર્ક
વસંતરાય કેશવરાય જયકર.

અસલ સાથે મેળવ્યું
વશમરાય હરીશંકર
નાણાવટી. તા. ૩૧-૧૦-૧૭

ખરી નકલ

સી.

હકુમતની અપીલના ફેસલાનું હુકમનામું.

સંસ્થાન જુનાગઢની સદર અદાલત

દિવાની રેગ્યુલર અપીલ નં. ૨૪૬/૭૨-૭૩

આંક ૧૩

હુકમનામું.

ફાઇલ તારીખ ૨-૩-૧૯૧૭
ફેસલ તારીખ ૫-૮-૧૯૧૭

અપેલન્ટ—ખોજા કાસમ કાનજી રે. રાણાવાવ
વિરૂદ્ધ
રિસ્પોન્ડેન્ટ-ખોજણ નુરબાઈ મેઘજી રે.જુનાગઢ

અપીલમાં દાવો
ઓરત કબજે લેવા બાબત.

સંસ્થાન જુનાગઢની દિવાની અદાલતના દિ. મો. મુ. નં. ૧૦૯, ૭૦ ના કામમાં તારિખ ૩૦-૧-૧૯૧૭ ના રોજ થયેલ ઠરાવથી નારાજ થઈ મથાળે લખ્યા અપેલેન્ટે આ અપીલ દાખલ કરી છે.

અપેલેન્ટ તરફથી વકિલ મી૦ છગનલાલ ચિનાઇ તથા રિસ્પોન્ડેન્ટ તરફથી વકિલો મી૦ પરસોતમ માવજી તથા મી૦ ગુલાબશંકર નર્મદાશંકર હાજર થતાં તેઓની રૂબરૂની દલિલ સાંભળી તથા કામના કાગળો ધ્યાનમાં લઇ તેનો નિર્ણય આંક ૧૨ ના જજમેન્ટમાં આપતાં તેને અનુસરી આજરોજ નીચે પ્રમાણે ઠરાવ કરવામાં આવે છે.

ઠરાવ.

અપેલેન્ટની અપીલ મંજુર કરી નીચેની અદાલતનો ઠરાવ રદ કરવામાં આવે છે અને નીચેની અદાલતને, આ દાવો સાંભળવા હકુમત છે એમ ઠરાવવામાં આવે છે. નીચેની અદાલતે બાકીના બધા મુદ્દાઓનો નિકાલ લાવી ધોરણુસર કેસનો ફેસલો આપવો.

આ અપીલના ખર્ચનો આધાર નીચેની અદાલતના ફેસલાના પરિણામ ઉપર રહેશે. તારિખ ૫-૮-૧૯૧૭ રવિવાર.

(સહી) M. A. Fakih
સર ન્યા.

આ અપીલનો અપેલેન્ટનો ખર્ચ.

૫-૦-૦ લવાજમ, ૦-૮-૦ પ્રોસેસ ફી, ૨-૧૩-૦ ખરી નકલ ખર્ચ, ૦-૧૨-૦ વકિલાતનામું, ૩-૦-૦ વકિલ ફી, ૦-૮-૦ કુલ મુખ્તીયારનામાની ખરી નકલ.

રૂ. આ. પા.
૧૩—૦—૦ બાર રૂપીયા નવ આના

રિસ્પોન્ડેન્ટનો ખર્ચ.

૫-૧૨-૦ વકીલાતનામા ૨, ૨-૦-૦ વકિલ ફી.

રૂ. ૭-૧૨-૦

ઉપર પ્રમાણે ખર્ચ થયું છે, તારીખ ૫-૮-૧૯૧૭ રવિવાર

(સહી) M. A. Fakih
સર ન્યા.

નકલ કરનાર ફ્રી કલાર્ક
વસંતરાય કેશવરાય જયકાર.

અસલ સાથે મેળવ્યું.
વશમરાય હરીશંકર નાણાવટી

ખરિ નકલ

સ. અ. ફ઼િ.

આ કેસનું જડ્જમેન્ટ.

સંસ્થાન જુનાગઢ દીવાની અદાલત.

મોટા મુકરદમા નંબર ૧૦૯/૭૦, આંક ૧૪૮

જડ્જમેન્ટ.

ફાઈલ તારીખ ૧૩-૧૨-૧૯૧૩
ફેસલ તારીખ ૩૦-૧-૧૯૧૭

વાદી—ખોજા કાસમ કાનજી. ઉ. વ. ૩૦ ધંધો વેપાર, રે. રાણાવાવ પોરબંદર તાબે

વિરૂદ્ધ

પ્રતિવાદી—ખોજણ નુરબાઇ મેઘજી, ઉ. વ, ૨૫, ધંધો ઘર કામ રે. જુનાગઢ

દાવો શું.

ઓરત કબજે લેવા બાબત.

આ કામના વાદીયે એવી મતલબની દાવા અરજી રજુ કરી છે કે પ્રતિવાદીયણ સાથે મારાં કાયદેસર લગ્ન ૧૯૬૧ ની સાલમાં થયેલ છે. લગ્ન થયા પછી તે મારે ઘેર રહેતી અને અમો ધણી ધણીયાણી તરીકે વર્તતાં હતાં. ત્યાર બાદ હું ધંધા અર્થે આફ્રીકે ગયો અને મારી ઓરત મારા બાપ સાથે રહેતી હતી. સં. ૧૯૬૮ ની સાલ આખરના અરસામાં મારી ઓરતનો કાકો ગોવા ડાયા મારી ઓરતને આંટો દેવાનું બહાનું કાઢી તેડી ગયો અને પાછી મોકલી નહીં આફ્રીકેથી પાછો આવ્યા પછી મારી ઓરતને મારે ત્યાં આવવા કહેવરાવ્યું અને તેડવા પણ ગયો છતાં આવી નહિ, તેથી સ્વઃ જામનગરના ગામ કલ્યાણપોરની કોર્ટમાં તેણીને કબજે લેવા મુ૦ નં. ૬૨—૭૦ નો દાવો કરતાં તા. ૯-૬-૧૩ ના રોજ મારા લાભમાં હુકમનામું થયું. સદરહુ હુકમનામું બજાવવાનો પ્રસંગ આવ્યો, એટલામાં પ્રતિવાદીયણ ત્યાંની હકુમત છોડી નાસી જઇ આહીં આવી રહેલ છે. માટે તેણીને કબજે સોંપાવવા અરજ છે. સદરહુ દાવા અરજી સામેલ, આંક ૧

સમન્સ બજતાં પ્રતિવાદીયણ તરફથી આંકનો જવાબ રજુ થયો છે: જેમાં તેણીયે એક તરફી હુકમ નામા ઉપરથી દાવો ચાલી શકે નહિ, વાદીયે લગ્નના કરારમાં ભંગ કર્યાનું વિગેરે મતલબે જણાવેલું છે. જેથી તકરારી બાબતોનો નિર્ણય કરવા આંક ૧૨ ના નીચેના મુદા કાઢવામાં આવ્યા.

પ્રતિવાદીયણ આહીં આવી શેઠ હબીબ કાસમને ત્યાં રહેતાં તેમને પ્રતિવાદી પક્ષમાં વાદીયે દાખલ કરેલ અને તે પરથી તેમણે આંક ૮ નો જવાબ રજુ કરી પોતાને પક્ષકારમાંથી કમી કરવા માગણી કરેલ અને તે સંબંધમાં બન્ને પક્ષને સાંભળી શેઠ મોસુફને તા. ૧૨-૨-૧૪ ના પ્રોસીડીંગે હુકમ થયા મુજબ પક્ષકારમાંથી કમી કરેલ છે.

મુદા.

૧ વાદી સાથે પ્રતિવાદીના કાયદેસર છુટા છેડા થયાનું સાબેત છે કે કેમ?

૨ વાદી ખાનાઈ મટી મસીતીયો થવાથી ધર્મ ભ્રષ્ટ થયો ગણાય કે કેમ?

૩ તેમ સાબીત થાય તો વાદી પ્રતિવાદી વચ્ચેનાં લગ્ન સંબંધને કાંઇ અસર થાય છે કે કેમ? અને શુ?

૪ વાદીને કાંઇ દાદ મલી શકે છે કેમ? અને શું?

૫ આ દાવો સાંભળવા આ અદાલતને હકુમત છે કે કેમ? ઉપરના મુદાનો અમારો નિર્ણય નીચે મુજબ છે,

નિર્ણય

૧-૨-૩ પાંચમાં મુદ્દાને પરિણામે નિર્ણય કરવાની જરૂર નથી.

૪ દાવો હકુમતના કારણે રદ થવો જોઇએ.

૫ નકારમાં.

કારણો.

આ દાવો વાદીએ ઓરત કબજે લેવાનો કર્યો છે. પક્ષકારો ખોજા કોમના છે. તે કોમમાં બે તફા પડી ગયા છે. એક તફો ખાનાઇ કહેવાય છે ને બીજો તફો મસીતીયા નામે ઓળખાય છે. આ બે તફા ધર્મની માન્યતાને અંગે થયેલ છે. અને જ્યાં ધર્મ સબંધી એક કોમમાં મતભેદ પડતાં જુદા તડ પડી જાય છે. તો પછી એક બીજા તડ વચ્ચે કેવી રીતની હરીફાઇ હોય છે તેમજ પોતાના તડમાં માણસો કેમ વધે અગર કાયમ રહે તે સબંધે કેવાં પ્રયાસ ચાલે છે. તે સબંધે વિવેચન ખાસ કરવા જરૂર નથી તે સહેજ સમજી શકાય તેવી બાબત છે. આ દાવાનો જન્મ બે તડ વચ્ચેની હરિફાઇનું પરિણામ છે. વાદી કે પ્રતિવાદીયણ આ કેસ લડતા નથી પણ મસીતીયા પક્ષ ને ખાનાઇ પક્ષ આ લડત કરે છે તે સબંધે ખાસ લખવા જરૂર નથી. વાદી ખુદ આફ્રીકામાં છે તેના તરફથી તેના મુખત્યાર મી૦ કાબા છે જે મસીદીયા પક્ષમાં એક આગેવાન છે. પ્રતિવાદીયણ એક ગભરૂ સ્ત્રી છે. તેના તરફથી જુનાગઢ ખાના પક્ષ લડે છે. અને પક્ષકારોની સ્થિતિ જોતાં આ લડતનો ખર્ચ હરિફ તડો આપે છે. વાદી ખુદ સ્ત્રીને કબજે લેવા બહુજ ઉત્સુક હોય તેવું તેની ગેરહાજરી જોતાં જણાતું નથી. તેમ અમારી રૂબરૂ કેસ ચાલ્યો તેમાં કોઇ વખત વાદીની હાજરી જોવામાં નથી આવી, તે ઉપરથી; ને તેના તરફથી મી૦ કાબા હાજર રહેતાં, તે જોતાં બે તડો વચ્ચે ધર્મની માન્યતાના ભેદની આ લડત છે. અને તેજ ઉદ્દેશે આ કેસ લડાયો છે એમ કામ જોતાં તુરત પ્રત્યક્ષ થય છે. હવે જે મુળ એક કોમ હોય, તેમાં કાળ ક્રમે ધર્મના સિદ્ધાંત માનવામાં મતભેદ થતાં, મુળ ધર્મ પ્રમાણે ચાલનાર કોમના મોટા જથ્થાથી બીજી રીતે તેજ ધર્મના સિદ્ધાંત માનનારા નોખા પડે, તો મોટા જથ્થાવાળા, કોઇપણ સખસ તેમ ન કરી શકે તે માટે જેટલાં બંધનોને અડચણ નાખવા બની શકે તેટલા બંધનોને અડચણો નાખે છે. તેમ જુદા પડનાર તે બંધનો દફે કરવાને સ્વતંત્રતા બને તેટલી મેળવવા પ્રયાસ કરે જેના પરિણામે બંને તફા વચ્ચે રસાકસી ચાલે છે અને ધર્મ ભેદનો કજીયો વ્યવહારીક બાબતોમાં પણ દાખલ કરે છે ને કુટુંબ વ્યવહાર ને નાત વ્યવહારમાં અડચણ કરતા કાનુનો કરી તે કાનુનો ચુસ્ત પણે અમલમાં મુકે છે ને કડવાસ સમાવવાને બદલે વધે તેવી યોજના થાય છે. અને બને તો ઇનસાફની અદાલતમાં જવાની ફરજ પાડી, પોતાના પગલાં ખરાં છે અને તેમાં કાયદા કાનુનનો બાધ આવતો નથી તેમ એક ઠરાવવા પ્રયાસ ચાલે છે અને બીજા સ્વરૂપે નાતિ વિગ્રહને અંગે ઉપજાવતા સ્વાલો કોર્ટમાં નિરાકરણ ન કરાવી શકે તે કરાવવા મથન કરે છે. વાદગ્રસ્ત કજીયો ધણી ધણીયાણી વચ્ચેનો છે. છતાં તેમને હથીયાર બનાવી ખોજા કોમના બે હરિફ જથ્થા પોત પોતાના બંધારણ સાથે સબંધ ધરાવતા ને તે મજબુત કરે તેવા સ્વાલોનું તે કામને ઉદ્દેશી નિરાકરણ કરાવવા બહાર પડયા છે. ને ચીરકામ એક યા બીજા જથ્થાની હાલની અને ભવિષ્યની

પ્રજાને અસર કરે તેવા ગંભીર સવાલો આગળ ધરી તે પર ફેંસલો માગે છે. પ્રતિવાદી પક્ષ, ખોજા કોમનો ધર્મ શું છે? તેઓ મુળ કોણ હતા? ને હીંદુ ધર્મ કે બીજા ધર્મમાંથી બદલ્યા, ખોજા થયા ત્યારથી તેઓ શું ધર્મ માનતા હતા ને જે સ્વરૂપે પોતે ધર્મ માને છે તેજ સ્વરૂપમાં ને તેટલાજ તત્વમાં તેજ કોમના બીજા અંગભુતો જે વાદી પક્ષ મસીદીયા નામે ઓળખાય છે તે ન માને તો જુદી રીતની તેમની માન્યતાને પરિણામે તેઓ ધર્મભ્રષ્ટ થયા ગણાય કે કેમ? અને તેમ ગણાતું હોય તો ધર્મની માન્યતા ફેરવનાર સામાને પડેલાથી જે કુટુંબીક હક હોય છે કે સામાજીક હક હોય છે તેમાં નુકશાન કરતા અસર થાય છે કે કેમ તેની સફાઇ કરાવવા માગે છે. એટલે કે ધર્મની માન્યતાની સ્વતંત્રતા ઉપર બીજા શબ્દોમાં અંકુશ પડે અને જે ભવિષ્યની પ્રજાને પણ અસર કરે તેવા સવાલોનું નીરાકરણ કરાવવા ઇચ્છા ધરાવે છે ત્યારે વાદી પક્ષ ધર્મની માન્યતાના ફેરફારથી કુટુંબીક કે સામાજીક હક ઉપર અસર થતી નથ તેમ નક્કી કરવા માગે છે. તે સાથે ધર્મની માન્યતા એકજ હતી તે વખતે જે સબંધ બંધાયો હતો તે સબંધ બાંધનાર જોડામાં પાછળથી ધર્મની માન્યતામાં ફેરફાર પડે તો ખુશી હોય યા ન હોય તોપણ બંનેએ એકી સાથે જીવન ગાળવું અને પોતાની માન્યતા સાથે સબંધ ધરાવતા સામાજીક વ્યવહાર જતા કરી, સ્ત્રીએ ધણીના વ્યવહારમાં પડવું જોઇએ એમ ઠરાવવા માગે છે. એટલે કે લગ્નનો વ્યવહાર જે આ પક્ષકારો વચ્ચે એક કાયદેસર કરાર છે. તે કરવામાં આવ્યો ત્યારે જે સંસારીક ને સામાજીક વ્યવહારો બીજા સાથે પોતે કરી શકશે એવી માન્યતા હતી તેમાં ધણીના વર્તનને પરિણામે તેની સાથે રહેવાથી પોતાથી તે ન થઇ શકે તેમ હોય તો તે કરી શકવા માટે લગ્ન વખતે જે સ્થિતિ ધણી ધરાવતો હતો તેવી સામાજીક સ્થિતિમાં ધણીને દાખલ થવાની ફરજ સ્ત્રી તેને તાબે થવામાં પાડી શકતી નથી એમ ઠરાવવા માગે છે. આવા કીસ્સામાં જ્યાં ઘણાજ ગંભીર સવાલોનો, જેની અસર એક અમુક ભાગમાં નહીં, પણ ઘણે દુર રહેતી પ્રજાને પણ થાય તેવી છે. તેનો નિરણય કરવાનું કામ હાથમાં લેતાં, તેમ કરવાની કોર્ટની ફરજ છે એમ કાયદેસર રીતે જણાય નહીં ત્યાં સુધી તેમ કરવું ઉચિત ગણાય નહીં તે સ્વતઃ સીદ્ધ છે. તેમાં વળી કોર્ટનું કામ કલહ શાંત કરવાનું છે. જે સાંસારિક સ્થિતિ રાજીખુશીથી વહોરી હોય અને જે નભી જતી હોય તે કાયમ રાખવાનું છે. તેમાં તેમ પરિણામ આવવાને બદલે ખળભળાટ વધે, વિગ્રહ વધારે થાય એવું પરિણામ આવતું હોય તો ખાસ ફરજને અભાવે તેવા કામની ફોડ કરવાનું વહોરી લેવું ન જોઇએ. સામાજીક કલહમાં શરૂઆતમાં લાપણી તીવ્ર હોવાથી ન ઇચ્છવા જેવા કામો બને છે. પણ કાળ જતાં જોશ નરમ પડતાં, ભેદ ભુલાઇ જતાં સામાજીક વ્યવહાર અગાઉની જેમ કોમોમાં ચાલે છે. અને કુદરત કુદરતનું કામ કરતાં એકજ લોહીની કોથ હોવાથી ધર્મની માન્યતા ફેરવાળી હોય તોપણ સંસારીક ને સામાજીક વ્યવહાર સુરલીત રીતે ચાલે છે. પણ જો જે વખતે કડવાસ હોય અને તે વખતે પક્ષકારો કોર્ટમાં ચડે ને કોર્ટ ખાસ કાયદેસર ફરજને અભાવે તેનો નિકાલ કરવામાં પડે તો જે ફાટ છે તેમાં વધારે અંતરાય પડતાં પાછી એક થવામાં ઘણાજ વરસોનો વિલંબ

થાય છે ને અનિષ્ટ કામો જે બીજી રીતે ન બનત તે બનવા અવકાશ રહે છે. આવા સંજોગો આ કીસ્સામાં હોવાથી કોર્ટને પોતાથી આ કામ ચલાવવાને હકુમત છે કે કેમ તે સવાલ જોવાની ફરજ પડી હતી. આ સ્થળે આટલુંજ લખવાની જરૂર છે કે આ કેસ અમારી પહેલાંના મે૦ મુનસફ સાહેબના વખતમાં દાખલ થયો હતો. તેમ મોટે ભાગે પુરાવો પણ તેમના પાસે લેવાયો હતો. અમારે ચાલતે કામે કામ કરવાનું આવ્યું હતું. અને મુદ્દાને અનુસરી બાકીનો પુરાવો અમે લીધો હતો. કેસ પુરો થતાં રજુઆત સાંભળવામાં આવી હતી. બંને પક્ષ તો કોર્ટ આગળ લડયા ત્યાં સુધી ઠેઠ સુધી હકુમત સબંધે કાંઇ બોલ્યા નહોતા. કોર્ટને ફેસલો લખવાનો હતો ને તે માટે કાગળો વાંચવાનું શરૂ કર્યું હતું અને તાજેતરમાં ઓરત કબજે લેવાના બીજા બે કેસો હકુમત વીગેરેના કારણે કોરટે કાઢી નાખ્યા હતા એટલે તે વાત ધ્યાનમાં આવતાં કોર્ટને હકુમત શી રીતે છે તે સબંધે દાવા અરજી વાંચતી વખતે અમે લક્ષ પુર્વક જોયું હતું અને દાવા અરજી ને જવાબ વીગેરે જોતાં હકુમત છે કે કેમ તે શંકા થતાં તે સબંધે બંને પક્ષના વકીલોને સાંભળવામાં આવ્યા હતા. ને તેમની રજુઆત લીધા પછી, વધારે તે બાબત તપાસ કરવાની જરૂર જણાતાં, વિશેષ પુરાવો કોરટે લીધો હતો અને મુદ્દાનો ઉમેરો કરવામાં આવ્યો હતો. ત્યારે પ્રથમ જોવાનું એ છે કે આ દાવો સાંભળવા આ અદાલતને હકુમત છે કે કેમ ? હકુમત નથી એમ ઉપરમાં લખવામાં આવેલ છે તેના કારણો નીચે મુજબ છે. કોર્ટની હકુમત સબંધે સ્થાનીક દીવાની ધારાની કલમ ૧૦-૧૧ છે. આ કીસ્સાને કલમ ૧૧ મી લાગુ છે. તે કલમજ (ગ) રકમ તો લાગુ નથી તે ઉઘાડું છે. ત્યારે રકમ (ક) અને (ખ) લાગુ છે કે કેમ તે જોવાનું છે. દાવાનું કારણ આ અદાલતની હકુમતમાં તો ઉત્પન થયું નથી તે દાવા અરજી વાંચતાં સ્પષ્ટ છે. અહીં પ્રતિવાદીયણ હતી ને તેને પોતાને કબજે થવાની માગણી કરવામાં આવી હતી અને તેણે ના પાડી હતી એવું વાદીનું કહેવું નથી એટલે ૧૧ મી કલમની (ક) રકમ લાગુ નથી. મી૦ ચીનાઇ તે કલમની રકમ (ખ) ઉપર દલીલ વખતે આધાર રાખતાં હતા. પ્રતિવાદીયણ ખરેખર ને આપખુશીથી રહે છે ને કમાઇને વાસ્તે જાતે કામકાજ કરે છે તેથી કોર્ટને હકુમત છે એમ તેમનું કહેવું હતું. ત્યારે જોવાનું એ છે કે ખરેખર અને આપખુશીથી પ્રતિવાદીયણની અહીં રહેણાક છે અને તે કમાઇને વાસ્તે ફરીયાદની શરૂઆત વખતે જાતે કામ કરતી હતી કે કેમ ? પ્રતિવાદીયણની રહેણાક અહીં શા કારણે થઈ છે તે સબંધે વાદી પોતાની દાવા અરજી આંક ૧ માં નીચે પ્રમાણે લખે છે. " સદરહુ હુકમનામું બજાવવાનો પ્રસંગ આવ્યો એટલામાં નં. ૧ ની પ્રતિવાદીયણ ત્યાંની (કલ્યાણપુર કોર્ટની) હકુમત છોડી ભાગી જઈ અહીં આવતી રહી છે અને નં. ૨ ના પ્રતિવાદીના ઘરમાં છે જેથી આંહીં દાવો કરવા જરૂર પડી છે. " દાવા અરજીમાં જાતે કામકાજ કરે છે તેથી દાવો કર્યો છે એમ કારણ બતાવવામાં આવેલ નથી. વળી તે ખુશીથી રહે છે એમ તેમાંથી નીકળતું નથી. હુકમનામું કલ્યાણપુર કોર્ટનું ન બજવા દેવા માટે તે આવી હતી. એટલે કલ્યાણપુર કોર્ટના હુકમનામાની દહેશતે તે આવી હતી. એટલે ખરેખરની ને ખુશીની રહેણાક

માટે તે આવી નહોતી તે ઉઘાડું છે દાવા. અરજીમાં તેવું છે. એટલુંજ નહી આંક ૧૭ ની ફાઈલમાં તા. ૧૨-૧૨-૧૩ ની અવલ જપ્તી માટે તેણે અરજ કરી હતી તેમાં તેવીજ હકીકત જાહેર કરી હતી ને એફીડેવીટ પણ તેવી કરી હતી. આ અવલ જપ્તીના પ્રકરણમાં અવલ જપ્તીનો હુકમ કાયમ ન થાય તેટલા માટે પ્રતિવાદીયણ તરફથી પોતે ગુજરાન અર્થે અહીં આવી છે એવો બચાવ કરવામાં આવ્યો હતો, પણ તેવો બચાવ સાચો નહીં માની મે૰ માજી મુનસફ સાહેબે કલ્યાણપુર કોર્ટમાંથી ન જેમ નાશી આવી એમ ઠરાવી અવલ જપ્તીનો હુકમ કાયમ કરેલ છે એટલે સ્વતંત્ર પુરાવાથી એમ બતાવવામાં ન આવે ત્યાં સુધી પ્રતિવાદીયણ ફક્ત કહે તે ઉપરથી તે ગુજરાત માટે અહીં આવી છે એમ માની લેવાય નહીં. તેટલા કારણે પ્રતિવાદીયણ કહે છે તે હકીકત વજુદવાળી છે કે કેમ તે માટે કોર્ટે આ. ૧૩૭ ના સાહેદ હબીબ કાસમની જુબાની લીધી હતી. તેમાં તે સ્પષ્ટ લખાવે છે કે પ્રતિવાદીયણ પોતાની નોકર નથી ખેરાત તરીકે રાખી હતી. હું પગાર આપતો નથી. ઘરમાં બેઠી હોય તો સાધારણ કામકાજ કરે. પોતાને ત્યાં પાણી ભરનાર પગારદાર નોકર છે. ઘરમાં નળ છે ને ધોબી પણ નોકર છે, આ ઉપરથી એ બોધ થાય છે કે પ્રતિવાદીયણ એ સાહેદની નોકર નહોતી. ખેરાત તરીકે તે પાળતા હતા. હવે તે સાહેદ કહે છે તે હકીકત ખોટી માનવા કારણ નથી. સાહેદ સારા ગૃહસ્થ છે. તેમને ત્યાં વહીવટના ચોપડા છે તે રજુ કરાવી; જો પ્રતિવાદીયણ પગારદાર નોકર હત તો તે હકીકત ખોટી પડાવી શકાત. જે નથી થયેલ; તે તેઓ હકીકત ખરી કહે છે એમ સુચવે છે. એટલે કમાઈને વાસ્તે જાતે કામ કાજ તે અહીં કરે છે એમ તે ઉપરથી નીકલતું નથી તેમ તે હકીકત બીજી રીતે સાબેત નથી. ત્યારે હવે ખરેખર ને ખુશીથી રહેણાક છે કે કેમ તે તપાસવાનું રહે છે તે ભાગીને આવી હતી તેના પોતાના મકાન નથી. હુકમનામું ન બજવા દેવાનો હેતુ હતો તેવી રહેણાકને કલમ ૧૧ માં મગવામાં આવેલ છે તેવી રહેણાક કહેવાય નહીં, આ સંબંધે ૧૪ મુંબઈ ઇ. લો. રી. ૪૫૧ ના પાનાનો કેસ છે તે જોતાં પ્રતિવાદીયણની ખરેખર ને ખુશીની રહેણાક હતી તેમ ગણી શકાય નહીં એટલે ૧૧ મી કલમની બ રકમ ઉપર મી૰ ચીનાઈ આધાર રાખે છે તેનો તેમને લાભ મળી શકતો નથી ને દાવાનું કારણ આ કોર્ટની હકુમતમાં ઉત્પન્ન થયું નથી એટલે આ કોર્ટને આ દાવો સાંભળવા હકુમત નથી એમ ૫ મા મુદ્દાનો અમારો નિર્ણય થાય છે.

૫.ચમા મુદના પરિણામે ૧-૨-૩ મુદ્દાનો નિર્ણય કરવાની જરૂર રહેતી નથી,

ચોથો મુદ્દે દાદ અપાવવા સંબંધેનો છે હકુમતના કારણે વાદીનો દાવો નીકળી જવા યોગ્ય છે. પ્રતિવાદીની હકુમત સબંધે કેઇસુધી તકરાર નહોતી અને દાવામાં જરૂર કરતાં વધારે તકરાર ઉઠાવી કામનું લંબાણ પણ તેણે કરેલ છે. એટલે આ કામના પક્ષકારોએ પોતપોતાનો ખર્ચ ભોગવવો એમ ઠરાવવુ મુનાસબ જણાય છે સબબ કોર્ટનો હુકમ કે—

ઠરાવ.

વાદીનો દાવો ખર્ચ શીવે કાઢી નાંખવામાં આવે છે. પ્રતિવાદીનો ખર્ચ તેને પોતાને શીર છે એમ ઠરાવવામાં આવે છે. તા. ૩૦-૧-૧૭

(સહી) છે. લાલ દુલભજી
જુ દિ. મુનસફ

બતાવી પ્રતિવાદીયણના વકીલ
પરમાનંદ ડોસા નીર્મલ સહી
દ. પોતે તા. ૧-૨-૧૭
C. Chi noy
1-2-17

ઠરાવ

સદરહુ ઠરાવ ઉપર ઉતરોતર નામદાર હજુર અદાલત હજુર અપીલ થતાં આ દાવો સાંભળવા આ અદાલતને હકુમત છે એમ ઠરાવ થઇ કેસ રીમાન્ડ થઇ આવતાં બાકીના મુદા સબંધે નિર્ણય આપી કેસનો નિકાલ કરવાનું પ્રાપ્ત થયેલ છે. કેસ રીમાન્ડ થઇ અવ્યા બાદ તે મુદા સંબંધે ફરી સુનાવણી લેવામાં આવી હતી. આ કામમાં હવે પહેલા ચાર મુદ્દાનો નિર્ણય આપવાનો રહે છે. પંચમો મુદો હકુમત સબધનો છે તેનો નિર્ણય વાદીના લાભમાં થઇ ગયો છે એટલે તે સંબંધે હવે કાંઈ લખવાનું રહેતું નથી બાકીના ચાર મુદ્દાનો અમારો નિર્ણય નીચે મુજબ છે.

નિર્ણય.

૧ નકારમાં. ૨ નકારમાં ૩ નકારમાં
૪ વાદીના લાભમાં હુકમનામું દેવું જોઇએ.

કારણો.

પાંચમા મુદાનો નિર્ણય લખતાં આ કેસનો જન્મ કવી રીતે થયો છે અને વાદી પ્રતિવાદીયણ વચ્ચેના ઝગડા કરતાં ખોજા કોમના બે તડા વચ્ચેનો આ કજીયો છે વીગેરે વીવેચન કરવામાં આવેલ છે એટલે તે વાત ફરી વખત દોરવવી બીન જરૂરતું છે પહેલો મુદો વાદી સાથે પ્રતિવાદીયણના કાયદેસર છુટાછેડા થયાની સાબેતી સબધેનો છે. છુટાછેડા કરવાનો અધિકાર કોર્ટને છે. કોઇ પણ કોમ કે નાતને નથી અગર જે શખ્સને જે કાયદો લાગુ થતો હોય તે કાયદો તે શખ્સને સતા આપતો હોય તો તેને છે એટલે કે મુસલમાની શરેહ પ્રમાણે ધણીને તલાક આપવા છુટ છે તો તે તલાક ધણી આપી શકે છે પણ તે શીવાય જમાતને કે જમાતના કોઇ તડને છુટાછેડા આપવા અધિકાર નથી. ધણી ધણીયાણી વચ્ચેનો સબંધ એક બીજાની સંમતીથી તુટતો હોય તે જુદી વાત છે. પણ કોઇ નાતને ધણી ધણીયાણીની બંન્નેની મરજી સીવાય છુટા છેડા આપવા સતા નથી. ધણી ધણીયાણીનો સબંધ એક સામાજીક સબંધ છે. સામાજીક સબંધ જાળવી રાખવો તે સતા રાજ્યની છે. તે સબંધમાં નાતને કાંઇ સતા નથી; તેમ પોતે અમુક ધર્મ પાળે છે. એટલે તેમને તે સતા છે એમ પણ કોઇથી કહી શકાય એમ નથી. જો તવા કારણે નાતના માણસો ઉપર નાતનો કાબુ છે; એમ મનાવવામાં આવે તો તે નાતના અમુક શખ્સ ચોરી કરે અને નાત તે દરગુજર કરે તો રાજ્ય સતા તે ચોરને સજા ન કરી શકે એમ બની શકેજ નહીં. એટલે કે વ્યહવારીક બાબતમાં ધર્મનું કારણ નાતને નાતના માણસોના વ્યહવાર પર કાબુ આપી શકતો નથી એ ઉઘાડું છે. ત્યારે નાતને આવી સત્તા નથી તો પછી પોરબંદરની કાંઉન્સીલે છુટા છેડા આપ્યા હોય તો તે તેમનું કૃત્ય વગર અધિકારનું હોવાથી વાદીને અસર કરતા નથી તે દેખીતું છે એટલે કાઉન્સીલે છુટાછેડા દીધા હોય તો તેથી કાયદેસર છુટાછેડા થયાનું સાબેત નથી. ધણીએ તો આ દાવો કર્યો છે તેજ બતાવે છે કે છુટાછેડા કર્યા નથી એટલે પ્રતિવાદીના કાયદેસર છુટાછેડા થયાનું સાબેત નહી હોવાથી પહેલો મુદો પ્રતિવાદીયણ વીરૂદ્ધ ચુકવવામાં આવે છે.

બીજો મુદ્દો વાદી ખાનાઈમટી મસીતીયો થવાથી ધર્મ ભ્રષ્ટ થયો ગણાય કે કેમ તે સંબંધનો છે આ મુદ્દાનો નિર્ણય કરવામાં ખાનાઇ અને મસીતીયો એટલે શું તે શબ્દોનો અર્થ સ્પષ્ટ કરવાની જરૂર છે. તેમજ ધર્મ એટલે શું અને તેમાંથી કેવી હકીકતમાં માણુસ ધર્મ ભ્રષ્ટ થયો તે નકી કરવાની જરૂર છે. ખાનાઇ, મસીતીયો અને ધર્મ ભ્રષ્ટનો અર્થ શું. તે સબંધે વીવેચન કરવા હરેલ પ્રથમ ધર્મ શબ્દનો અર્થ કરવાનું યોગ્ય જણાય છે એટલે ધર્મ શબ્દમાં એવી એવી બબતોનો સમાવેશ થાય છે કે તેની એક વ્યાખ્યા કરવી તે મુશ્કેલ કામ છે. ધર્મ એટલે શું તે સૌ તે શબ્દના ઉચ્ચાર સાથે સમજી શકે છે; તોપણ સહેજ રૂપ બતાવવાથી આ કામનો હેતુ સરશે. દુનીયાનું અસ્તીત્વ તે પેદા કરનાર કોઈ છે કે કેમ ? તેના તરફ મનુષ્યએ શી રીતે વર્તવું જોઇએ તેની ભક્તિ કેવી કરવી જોઇએ તેનાં તરફ કેવો ભાવ રાખવો જોઇએ વીગેરે બતાવે તે ધર્મનું સ્વરૂપ નોખા નોખા દેશમાં અને નોખી નોખી જાતોમાં જુદું જુદું છે અને તેથી જે જે ધર્મ પ્રવર્તકોએ જુદા જુદા ધર્મ બોધ રૂપે આગળ ધર્યા છે. તેને ઉદેશીને તે બો ને માનનારાના ધર્મના નામ તે પ્રમાણે પડયા છે. વેદને અનુસરી ધર્મ ચાલ્યો તેને હીંદુ ધર્મ નામ મળ્યું. બૌધે ચલાવેલ ધર્મનું બોધ, ક્રાઇસ્ટે ચલાવેલનું નામ ક્રીશ્ચીયન, હઝરત મોહંમદ પેગમ્બર સાહેબે ચલાવેલ ધર્મનું નામ મુસલમાન ધર્મ એમ નામ પડયા છે. આવા મહાનને ઇશ્વરી પુરૂષે ચલાવેલ ધર્મનું તેના ચલાવનાર પરથી નામ પડયું. પણ તેમણે સ્થાપિત કરેલા વીચારોને સીદ્ધાંતોની સમજ તે ધર્મના અનુયાયીઓએ જુદી જુદી રીતે પાછળથી માની, તેને લઇને તે તે ધર્મમાં પંથ ચલ્યા છે અને પંથના પણ ઉપપંથ થયા છે. એટલે ધર્મ શબ્દનો વિચાર કરતાં તે શબ્દનો પંથ એવો અર્થ કરવાનો નથી જે તે પંથ જે તે ધર્મના પેટા ભાગ છે; પણ પંથવાળાનો ધર્મ તો મુલ પ્રવર્તકે ચલાવેલ ધર્મ છે. દાખલા તરીકે હીંદુ ધર્મમાં વૈશ્નવ પંથ, સ્વામી પંથ, શૈવીપંથ છે, તેથી કરીને વૈશ્નવપંથી હીંદુ ધર્મથી અલગ ધર્મવાળો છે એમ ગણવાનું નથી એક વૈશ્નવનો પંથ વૈશ્નવી પંથ છે પણ તેનો ધર્મ હીંદુ ધર્મ છે. તેવી રીતે મુસલમાન ધર્મમાં પણ પંથને ઉપપંથો છે. મુસલમાની ધર્મમા પણ મુખ્ય પંથો સીયાહ ને સુનીના છે અને સીયાહ ને સુન્ની પંથમાં પણ પેટા પંથો છે. આ પંથોવાળાની ધર્મની માન્યતા હેરફેર છે પણ તે હેરફેરવાળી માન્યતા તેમની મુસલમાની ધર્મની છે. નહી કે અન્ય ધર્મની; એટલે કે ખ્રીસ્તી કે હીંદુ કે કોઇ બીજા ધર્મની. ઉપર મુજબ ધર્મ પંથને ઉપપંથોનો ભેદ સમજાવ્યા પછી ધર્મભ્રષ્ટ એટલે શું તે જોવાનું છે જે ધર્મમ માણસ જન્મથી કે પછીની પોતાની માન્યતાથી હોય, તે ધર્મ તજી દઇ અન્ય ધર્મમાં ભલે તે માણસનો જે પોતાનો ધર્મ હતો તેમથી ધર્મ ભ્રષ્ટ થયો એમ ગણાય. એટલે કે હીંદુ ધર્મ તજી દઇ મુસલમાની ધર્મ અંગીકાર કરે અગર બોધ ધર્મ તજી ખ્રીસ્તી ધર્મ અંગીકાર કરે. અગર મુસલમાની ધર્મ તજી દઈ જૈન ધર્મ અંગીકાર કરે તો તે માણસ ધર્મ ભ્રષ્ટ થયો ગણાય પરંતુ ધર્મના પંથ તથા પેટા પંથોના માણસ તે પંથ કે પેટા પંથની માન્યતા તજી તેજ ધર્મના બીજા પંથ કે પેટા પંથની માન્યતા ગ્રહણ કરે તો, તેથી તે ધર્મ ભ્રષ્ટ થતો નથી હીંદુ ધર્મમાં વૈશ્નવ, શૈવી અને સ્વામી વીગેરે

પંથો છે. તેમાં વૈષ્ણવ પંથી મટી કોઇ શખ્સ સ્વામી પંથી થાય તો તે ધર્મ ભ્રષ્ટ થયો ગણાય નહી તેનો મુખ્ય ધર્મ તો હીંદુનોજ છે અને તે ધર્મમાંજ તે સ્વામીપંથી થઇ રહેતો હોવાથી ધર્મ હીંદુનો તેણે તજી દીધો છે એમ કહેવાય નહીં, એટલે કે તે શખસનો ધર્મ હીંદુનોજ છે તેવી રીતે મુસલમાની ધર્મમાં સુન્ની શીયાહ મુખ્ય પંથો છે ને તેના પણ પેટા પંથો છે તેમ સુન્ની મટી શીયાહ થવાથી કે તેના પંથોનો એક પંથ છોડી બીજો પંથ ગ્રહણ કરવાથી તે માણસ મુસલમાન મટી જતો નથી અને મુસલમાની ધર્મનોજ તે અનુયાયી છે. એટલે ધર્મથી તે ભ્રષ્ટ થતો નથી એટલે ધર્મ ભ્રષ્ટ શબ્દનો અર્થ મુખ્ય ધર્મ તજી અન્ય ધર્મ અંગીકાર કરે તે છે અને પંથ તજી બીજો પંથ તેજ ધર્મનો ધારણ કરે તો, તે ધર્મ ભ્રષ્ટ થયો છે એમ ગણાતું નથી. આ રીતે ધર્મ ભ્રષ્ટ શબ્દ સમજ્યા પછી ખાનાઈ અને મસીતીયા એટલે શું તે સમજવાનું છે તે શબ્દોના ચર્ચામાં ઉત્પન્ન કરેલ આ સંજ્ઞા કઈ કોમના શખ્સોને લગાડવામાં આવે છે અને તે કોમ જે નામે ઓલખાય છે તે નામ શું બોધ કરે છે તે તપાસવાનું છે. ખાનાઈ અને મસીતીયો તે શબ્દો ખોજા કોમના અંગમુતોને લાગે છે. ખોજા કોમમાં બે તડા છે. એક તડો મસીતીયા અને બીજો તડો ખાનાઈ નામે ઓળખાય છે. આ તડા ધર્મના સ્વરૂપની માન્યતાના ફેરફારને લઇને છે તે લખવું બીન જરૂરી છે; કારણ કે તે હકીકત મશહુર છે અને તે બાબત પક્ષકારોમાં પણ વાંધો નથી. હવે ખોજા કોમ છે એ એક ધાર્મિક સંસ્થા છે અને ખોજા નામથી એક ધાર્મિક કોમનું સુચન થાય છે કે કેમ ? તે જોવાનું છે પ્રતિ-

વાદી તરફથી ૧૨ મુંબઇ હાઇકોર્ટ રીપોર્ટ પાના ૩૨૩ ના કેસનો આધાર પકડી એમ બતાવવા માગ્યું છે કે તે ધાર્મિક સંસ્થા છે. તે કેસ અમે વાંચી જોયો છે તે સાથે ૧૨ મુંબઇ હાઇકોર્ટ રી. પા. ૨૯૪ નો કેસ અમે જોયો છે તે ઉપરથી એટલું નીકળે છે કે ખોજા લોકો પ્રથમ હીંદુ હતા અને તેમને હીંદુ ધર્મમાંથી ફેરવી ઇસ્માઇલી ઇમામના દાઇ અગર ધર્મગુરૂઓએ મુસલમાની ધર્મના શીયાહ પંથના પેટા પંથ ઇમામી ઇસમાઇલી નામના ઉપપંથમાં ભેલવ્યા હતા. આવી રીતે હીંદુ ધર્મ તજી દેનાર અને મુસલમાની ધર્મના પેટા પંથમાં ભલનાર શખ્સોને ખોજા એવું નામ મળ્યું; પણ તેથી તેમણે મુસલમાની ધર્મમાંથી અન્ય કોઈ ધર્મ ગ્રહણ કર્યો છે એવું સુચવનારૂં નામ તે નથી, ખોજા શબ્દ. જેન કે બૌધ શબ્દની જેમ ધર્મના સંસ્થા સુચવતો નથી વળી ઇમામી ઇસમાઇલી પંથમાં મોમના વીગેરે બીજી કોમો પણ છે તો તેઓ કંઇ ખોજાના નામે ઓલખાતા નથી એટલે ખોજા શબ્દ છે એ ધર્મ વાચક શબ્દ નથી; પણ તે શબ્દ જે હીંદુઓને ઇસમાઇલી ઇમામના દાઇઓએ વટલાવ્યા હતા તે શખ્સો અને તેના વંશજોને ખોજા શબ્દ લાગુ પડે છે એટલે તે શબ્દ એક કોમ વાચક વ્યવહારૂ શબ્દ છે હવે આ કોમનો શખ્સ મુલથી ઠરાવેલ ધર્મની માન્યતા મુલવાળી મુકી બીજા સ્વરૂપના ધર્મની માન્યતા સ્વીકારે તો તે શખ્સ ખોજો મટી ગયો છે એમ કહેવાય નહીં પણ જન્મથી તે ખોજો છે તેજ છે પણ ધર્મની માન્યતાના કારણે તે મસીતીયો કે ખાનાઇ છે. ખોજાનો ધર્મ મુસલમાની ધર્મથી અલગ ધર્મ નથી તે લખવું ખાસ અગત્યનું નથી તો પણ આ કોમમાં તેઓ મુસલમાન નથી

પણ કોઇ અન્ય મુખ્ય ધર્મની કોમ છે એમ બતાવવા પ્રતિવાદી પક્ષથી પ્રયાસ થયો છે તે જોતાં તે સબંધે સહેજ વીવેચન કરવું જરૂરનું છે. ખોજા લોકોના બાપદાદાને કેવી રીતે હીંદુ ધર્મમાંથી વટાલ્યા હતા તે ઉપર જણાવેલ કેસોમાં બતાવવામાં આવેલ છે. આ મુસલમાની ઇસ્માઇલી ઇમામના દાઇઓ "તકીયા" નામની યુકતીનો ઉપયોગ કરી અન્ય ધર્મના અનુયાયીઓને પોતાના ધર્મમાં ફોસલાવી લેતા હતા. તેઓ બીજાને પોતાના ધર્મમાં બદલાવવા બદલનાર ધર્મના તત્વનું મુખ્ય ભાગ અંગીકાર કરી તે સાથે પોતાના ધર્મના સીદ્ધાંત ખરાં કરી દલીલ કરતા હતા અને તેમ ભોળવી તેમને પોતાના પંથમાં લાવતા હતા અને આવી રીતે આવનાર માણસ પોતાના પંથમાંથી બહાર ન જાય એટલે અન્ય ધર્મની બાબત રજુ રાખી મુસલમાની ધર્મની બાબત ભેળવી લોકો ખરી રીતે સમજણા થઇ પંથની વાત ગ્રહણ કરે ત્યાં સુધી તેમને તેમ બોધ કરતા હતા. એટલે કે મુસલમાની ધર્મના પંથમાં ભલનાર માણસ–ખરૂં તે ધર્મનું રહસ્ય સમજવા લાયક બને ત્યાં સુધી અન્ય ધર્મની સેલભેલ ચાલવા દેતા. તેથી કરી આવનાર માણસ મુસલમાની ધર્મમાં ભલતા નથી. પણ નવો ધર્મ ગ્રહણ કર્યો છે. એમ કરી શકાય નહીં. મી૦ મુનશીને પણ એમ તો કહેવું પડયું હતું કે ખોજા લોકો બીજ રૂપે મુસલમાન છે. બીજ રૂપે મુસલમાન હોય તો ફલ, ઝાડ કે મનુષ્ય તરીકે બહાર તે બી આવે ત્યારે જાત કાંઇ બદલાઇ જાતી નથી. એટલે કે તેઓ મુસલમાન મટી જતા નથી. એટલે ખોજા લોકો મુસલમાન કોમોમાંની એક કોમથી અન્ય કોમના છે એમ બતાવવાનો પ્રતિવાદીનો પ્રયાસ અફળ છે. પેરી૦ ઓ૦ કે૦ પાન ૧૧૦ નો કેસ જોતાં પણ ખોજાનો ધર્મ મુસલમાની છે એમ તેમાં માનવામાં આવેલ છે. એટલે ખોજા લોકોનો ધર્મ મુસલમાની ધર્મથી અલગ ધર્મ નથી. પણ તે ધર્મનો એક ભાગ છે. અને ખોજા શબ્દ તે માન્યતામાં ભળેલા હિંદુઓને તેના વંશજની કોમ વાચક છે, ઉપર જણાવ્યા પ્રમાણે ખોજા શબ્દનો અર્થ સમજ્યા બાદ ખાનાઇ અને મસીદીયા એટલે શું તે જાણવાનું છે. નામદાર આગાખાનને પ્રભુ માની તેમના બોધ પ્રમાણે ઇસ્માયલી ધર્મ માનનારા ખોજાઓ ખાનાઈ કહેવાય છે. નામદાર આગાખાનને પીર માની ખાનાઇની માન્યતામાં જે અન્ય ધર્મના પદ છે તે દુર કરી મુસલમાની ધર્મ ખરા સ્વરૂપમાં સમજી તે પ્રમાણે વર્તન કરનારા ખોજો તે મસીદીયા કહેવાય છે. આ લોકોની ધર્મની માન્યતામાં શું શું ફેરફાર છે તે સબંધે જો કે પ્રતિવાદીએ પુષ્કળ પુરાવો લેવરાવ્યો છે. પણ તે તદ્દન નકામો છે, અને તેની અગત્યતા ફકત ધર્મની માન્યતા જુદી જુદી છે તે બતાવવા પુરતી છે. અને તે તેનો દોર રજુ કર્યા શિવાય પણ આ રીતના અને આ કારણે તેમાં તફા છે તે ઉપરથી પણ જોવાય શકાય છે. ઉપર પ્રમાણે મસીતીયા અને ખાનાઇ શબ્દનો અર્થ થાય છે. પરંતુ મસીતીયો ખોજો અને ખાનાઇ ખોજો તે બંનેનો ધર્મ મુસલમાની છે. મુસલમાની ધર્મના એક ઉપપંથના તે ઉપાસક છે. અગાઉ લખ્યા મુજબ તકીયાની રીતથી આ લોકોના પુર્વજોને ઇસ્માઇલી દાઇએ મુસલમાની ધર્મમાં લીધા હતા. અને તકીયાની રીત પ્રમાણે તેઓના અસલ ધર્મને ગોણ પક્ષમાં રાખી તે ઉપરથી પોતાનો ધર્મ તેમના મન પર ઠસાવી બદલાવવાના હતા. તેમ કરી બદલાયલા શખ્સોની

શરૂની માન્યતા વીરૂદ્ધ મુસલમાની ધર્મ પ્રમાણેની હોય નહિ, પણ તેમાં અન્ય ધર્મનું અસર હોય તે કાળ ક્રમે અને બુદ્ધિ અને જ્ઞાનના વિકાસે દુર થાય તે સ્વભાવિક છે. અને મુસલમાની ધર્મના ખરા સ્વરૂપ પ્રમાણે આ લોકોમાંના આગળ વધેલા લોકો અનુકરણ કરી ધર્મની માન્યતા સુધારે અને વહેમ અને બુદ્ધિ પરના દોષ દુર કરે તો તેઓ ખોજા મટી જાતા નથી કે પોતાના બાપદાદાનો ધર્મ તજી દેતા નથી. પણ મુસલમાની ધર્મ જેમાં તેઓ મુલથી છે તે ધર્મ સારા સ્વરૂપમાં સમજતાં શીખી તેજ ધર્મમાં કાયમ રહ્યા છે. એમ અમારો અભિપ્રાય થાય છે. વૈશ્નવ પંથ વાળામાંના કેટલાક તેમના ગુરૂ વલ્લભાચાર્યના વંશજને પ્રભુ રૂપે માને છે. પણ કેટલાક પ્રભુ નહિ માની એક ગુરૂ ગણી લાયકાત મુજબ તેમને માન આપે અને વૈશ્નવ ધર્મ પાલે તો તે કારણે તેઓ વૈશ્નવ મટી ગયા છે એમ કહેવાય નહિ. તેવી રીતે મસીતીયો થવાથી મુસલમાન તે માણસ મટી જતો નથી. અને તેનું છે. ખાનાઇ મટી મસીતીયો થવાથી તે માણસ ધર્મભ્રષ્ટ થતો નથી તે દેખીતું છે. ખાનાઇ ખોજામાં અન્ય ધર્મની માન્યતાવાળા ખોજા છે છતાં તેઓ ધર્મ ભ્રષ્ટ ગણાઈ કોમ બહાર મનાતા નથી. તો પછી મુસલમાની ધર્મમાં રહી મુસલમાન ધર્મ ખરો શું છે તે જાણી તે પ્રમાણે વર્તન કરનાર ખોજા ધર્મ ભ્રષ્ટ થયા નથી તે લખવા ખાસ જરૂરજ નથી અને ઉપરની ચર્ચાને પરિણામે બીજો મુદ્દો પ્રતિવાદીના ગેરલાભમાં ચુકવવામાં આવે છે.

ત્રીજો મુદ્દો ધર્મ ભ્રષ્ટ થયો એમ ગણાય તેમ સાબીત થાય તો પક્ષકારો વચ્ચેના લગ્ન સબંધને તેથી કાંઈ અસર થાય તેમ છે કે કેમ અને ન થાય તો શું ? તે સંબંધેનો છે. ઉપર લખી ગયા મુજબ વાદી ધર્મ ભ્રષ્ટ થએલ નથી. એટલે પક્ષકારો વચ્ચેના લગ્નને કાંઈ ધર્મના ઉપચારોની માન્યતાના ફેરફારે કાંઈ અસર થતી નથી તે સ્પષ્ટ છે. તોપણ આ કામમાં તે સબંધે જે દલીલ કરવામાં આવી હતી. તેને ઉદ્દેશી સહેજ આ મુદ્દાની એવી દલીલ છે કે ખાનાઇ મટી મસીતીયો વાદી થવાથી તેના ગામની જમાતે તેને જમાત બહાર કર્યો છે. અને તે કારણે ખાનાઇ થઇ જમાતમાં ન આવે ત્યાં સુધી બાયડીનો કબજો માગી શકે નહિ. વળી લગ્નના પરિણામે થતી સ્થાતમાં મુસલમાની શરેહ પ્રમાણે નકી કરવાનું નથી. પણ ખોજાઓના પોતાના જ્ઞાતિના રીવાજ મુજબ નકી કરવું જોઈએ. પ્રથમ લગ્ન સબંધમાં કયો કાયદો લાગુ તે સબંધે જોવાનું છે. જ્યારે રિવાજથી લાગુ પડતો કાયદો બાજુએ રાખી નવો કાયદો લાગુ પાડવો હોય તો તે એવો રીવાજ હોવો જોઇએ કે, કાયદાની સરતે કબુલ રાખી શકાય. કાયદેસર રિવાજ કયો ગણાય તે સંબંધે વિવેચન કરવા જરૂર નથી. અહીંઆ તો અમુક કારણે મુસલમાની શરેહ પણ નહીં ખાસ કાયદો પોતાને લાગુ છે એવું એકે, દાખલો બતાવી પ્રતિવાદી પક્ષ તે હકીકત સાબેત કરી શકેલ નથી. રિવાજ લાંબા વખતથી અભંગ સર્વ માન્ય રીતે ચાલતો આવેલ છે. તે બતાવેલ નથી, તે વાત ખરી છે પણ પ્રતિવાદીની તેવી દલીલ હતી કે ખોજા કોમમાં તલાક જમાતને પુછ્યા શિવાય આપી શકાતી નથી. તે બતાવે છે કે શરેહ લાગુ નથી. દરેક મુસલમાની કોમમાં જ્યાં જ્યાં જમાતો છે. ત્યાં વેવિશાલ તલાક દીધા વીગેરે સબંધે જમાતના નિયમો છે. ને તેને અનુસરી તે તરફના માણસ ચાલે છે. પણ તેથી કરી મુસલમાની શરેહ છોડી દીધો તે કહેવું વધારે

પડતું છે. ધણીને સ્ત્રીને તલાક આપવાની મરજી થઈ હોયતો તેણે જમાતને આવી જાહેર કર્યું તો તેથી ધણીની ઇચ્છાથી તેણે તલાક આપી છે. એમ નહિ પણ જમાતથી અપાઇ છે એમ ગણવું તે બરાબર નથી. ધણીની ઇચ્છા નહોત તો શું જમાત લગ્ન સંબંધ રદ કરી શકત? એટલે આ દલીલ કરેલ નકામી છે. અને આ દલીલ આવી બાબતમાં શું કાયદો છે તે ઇ કોર્ટોના ચુકાદાથી નક્કી થએલ છે છતાં કરવામાં આવેલ છે તેને આ ધારે ખાસ ધ્યાનમાં લીધા શિવાય થએલ છે. એમ માનવા કારણ મળે છે (મુંબઇ હાઇ કોર્ટ રિપોર્ટ કાઉન્ટ કેસ પાન ૯૫ નો જોશું તો નક્કી થાય છે કે લગ્ન સંબંધેમાં ખોજાઓને મુસલમાની શરેહ લાગુ પડે છે. ૧૨ મુંબઇ હાઇકોર્ટ રિપોર્ટ પાન ૨૯૪ ના હીરબાઇ વીભોરબાઇના કેસમાં પાન ૩૨૦ નીચે પ્રમાણે ટીકા છે તે ઉપરથી પણ જણાશે કે લગ્ન બાબતમાં ખોજાઓનો ખાસ કાયદો નથી. પણ મુસલમાની શરેહ તેમને લાગુ છે. In matters matri nonial it is not demied that the Khojas are regulated by the muhammadan law on that Fooling was the decicion in Pirbhai's case (8 Bom H. C. Cr. cases 95) which eofar as me know haes never few questioned ++x+ "

ઉપલી ટીકા ઉપરથી જણાશે કે મુસલમાની શરેહ લગ્ન સબંધમાં ખોજાઓને લાગુ છે, અને રિવાજ લાગુ નથી અને અમારે કહેવું જોઇએ કે રિવાજની બાબત કાયદેસર કેસમાં ઉભા રહી ફાવવા જગ્યા નહોય ત્યારે રજુ થાય છે. તેવી રીતે આ કામમાં રજુ થયાનો બોધ થાય છે. મુસલમાની ધર્મના ફરમાન પ્રમાણે ધર્મભ્રષ્ટ થાય નહીં ત્યાં સુધી ધણીનો હક બાયડી પરથી જતો નથી. ધર્મ ભ્રષ્ટ વાદી થએલ નથી. એટલે તેની બાયડી પરનો તેનો હક કાયમ છે. ખાનાઇ ખોજાના નિયમો તેને લાગુ પડી શકાતા નથી. કયો કાયદો લાગુ છે તે નક્કી કર્યા પછી પ્રતિવાદીની ન્યાતિ બહારની દલીલ જોવાની રહે છે. ન્યાત બહાર એટલે જે જ્ઞાતિનો જે શખ્સ અંગભુત હોય તેને તેની જ્ઞાતિ પોતાની પંક્તિ બહાર કાઢે તેનું નામ ન્યાત બહાર છે. વાદી ખોજા જ્ઞાતિમાં છે તે જ્ઞાતિમાં બે તડ઼ા છે. તેમાંથી એક તફાથી નીકળી વાદી બીજા તડ઼ામાં ભળ્યો હોય તો તે જમાત બહાર ગણાય નહિં. તે ખોજા જ્ઞાતિમાં તો છે, તે ખોજા જ્ઞાતિના ખાનાઇ તડ઼ામાંથી નીકળી મસીદીયા તડ઼ામાં ભળ્યો છે તો તેમ કરવાથી તે ખોજાની જ્ઞાતિ બહાર ગયો નથી અને જયારે તે જ્ઞાતિ બહાર ગયો નથી તો પછી તડ઼ા ફેરને લઇને તેની સ્ત્રી તેને કબજે થવાની ના પાડી શક્તિ નથી. ૨૭ અલ્લા. પા૦ ૯૬ નો કેસ જોતાં તેમાં સ્પષ્ટ લખેલ છે કે— " 1t is not defernce that the plaintiff is out caste nor ought a decreebe made conditioned on the plaintiff being ristored to the caste " તે ધ્યાનમાં લેતાં સ્ત્રી જ્ઞાતી બહારનો બચાવ કરી શકતીજ નથી. પ્રતિવાદી તરફથી ૩૧ મુંબઈ ૩૬૬ નો કેસ બતાવી એવી દલીલ કરવામાં આવી છે કે વાદી ખાનાઇ પક્ષમાં પાછો આવે તો તેની સ્ત્રીએ તેને કબજે થવું એવો હુકમ કરવો જોઇએ. આ કેસને ઉદેશી થએલ આંહીના કોર્ટના બીજા ફેસલા પણ તેમણે બતાવ્યા છે પણ આ કેસોમાં આખી જ્ઞાતિ બહાર કર્યાનો

સવાલ હતો અને ઉપર જણાવ્યા પ્રમાણે વાદી આખી જ્ઞાતિ બહાર થએલ નથી એટલે આ કેસો લાગુ નથી. તે સામે જ્યારે ૩૧ મુંબઇ અને ૨૭ અલ્હાબાદના ઠરાવોમાં મત ભેદ છે ત્યારે ખરો કાયદો શું છે તે જોવાનું પણ રહે છે. ૩૧ મુંબઇમાં પક્ષકારો મુસલમાન છે અને મુસલમાન વચ્ચેનો લગ્નનો સમ્બંધ કરારની રૂએનો છે અને કરાર વખતે પક્ષકાર એકજ જ્ઞાતિમાં હતા તેજ જ્ઞાતિમાં રહેશે એવી માન્યતાએ કરાર થએલ તેથી શરતીય દાદ આપવાનું યોગ્ય ધારવામાં આવ્યું હતું. આ ઉપરથી એમ જણાય છે કે ગર્ભિત રીતે કરાર હતો એવું અનુમાન લઇ નિર્ણય કર્યો છે. આવું અનુમાન એકજ જ્ઞાતિ હોય અને તે જ્ઞાતિમાં ભેદ નહોય તેને ઉદ્દેશીને કરવામાં આવેલ છે તો તે વાસ્તવીક હશે. પણ જ્યાં જ્ઞાતિમાં બે તડ છે. જ્યાં બંને તડમાં અરસ પરસ વ્યવહાર છે, જ્યાં એક બીજામાં દીકરા અને દીકરી પરણે છે ત્યાં લગ્ન વખતે જે તડમાં હતા તેજ તડમાં પક્ષકારોએ રહેવું એવો ગર્ભિત કરાર હતો તેમ માની લેવાય નહિ. ત્યાંતો ઉલટું સામું અનુમાન કરવું જોઇએ અને જો તેજ તડમાં રહેવાની શરતની આપેક્ષા હતી તો તે સ્પષ્ટ કરાવી લેવી જોઈએ અને તેના અભાવે તેવું અનુમાન થઇ શકે નહિ તે દેખીતું છે. એટલે ૩૧ મુંબઇના ઠરાવનું રહસ્ય ધ્યાનમાં લેતાં સ્ત્રી આ કામમાં ધણીને ખાનાઇ પક્ષમાં પાછો લાવવાની ફરજ પાડી શકતી નથી. બંને પક્ષમાં આપસ આપસમાં વ્યવહાર આવો છે. તે સંબંધે પુષ્કળ પુરાવા કામમાં છે એટલે તેનું વિવેચન કરવાની જરૂર નથી. પરિણામે જ્ઞાતિ બહારની પ્રતિવાદીની દલીલ નકામી છે. ઉપરની ચર્ચાને પરિણામે ત્રીજો મુદ્દો વાદીના લાભમાં ચુકે છે.

હવે છેવટનો મુદ્દો પક્ષકારોને દાદ અપાવવા સબંધેનો છે ઉપરના મુદ્દાના પરિણામે વાદીને નીચે મુજબ દાદ અપાવવી જોઇએ સબબ કોર્ટનો હુકમ કે:—

ઠરાવ.

વાદીને કબજે પ્રતિવાદીયણે થઇ તેના લગ્નના હક પુરા કરવા દેવા તથા વાદીના દાવાનો ખર્ચ પ્રતિવાદીએ આપવો અને પોતાનો ખર્ચ પ્રતિવાદીએ પોતે ભોગવવો એવો ઠરાવ કરવામાં આવે છે. તા. ૨૯–૬–૧૮

Sd C. M. Chinoy } (સહી) છોટાલાલ દુર્લભજી
તા. ૨૯–૬–૧૮ જુ. મુનસફ

બતાવી, પ્રતિવાદીયણના વકીલ
પરમાણંદ ડોસા નીર્મલ
તા. ૧–૭–૧૮

ખરી નકલ
(ઇંગ્લીશમાં સહી)
દી. શી. જુ.

નકલ કરનાર
(સહી) ઉમર ઇસ્માઈલ

અસલ પરથી નકલ મુકાબલ કરનાર
કા. (સહી) ઉમંદલાલ તા. ૧૧–૯–૧૮

માગી તા. ૨૦–૮–૧૮, ઉતારી તા. ૭–૯–૧૮, મેળવી તા. ૧૧–૯–૧૮, સહી થઇ તા. ૧૧–૯–૧૮, આપી તા. ૧૧–૯–૧૮

ખર્ચ લખાઇ ૨–૮–૬, મુકાબલ ૦–૧૩–૬, સ્ટાંપ ૦–૮–૦, દરખાસ્ત ૦–૧–૦ કુલ ૩–૧૫–૦

(ઇંગ્લીશમાં સહી)
દી. શી. જુનાગઢ

આ નુરબાઇના કેસના પુરાવા માટે જુદી જુદી કોર્ટોમાંથી ખોજા કેસોની ખરી નકલો લેવામાં આવી, જે ફાઇલ કરાવવામાં નિષ્ફળ જવાયું, તે નકલો.

તળાજા ખોજા કેસની નકલો.

(૧)

અગણિ તળાજાના ન્યાયાધીશ સાહેબની કોર્ટમાં.

વાદી—ખોજા છગન ભાણજી, ઉમર વર્ષ ૧૮ જાતે ખોજા, કસબ વેપાર, રહેનાર કસબે તળાજા.

વિરૂદ્ધ

પ્રતિવાદી—બાઇ સંતોક, તે વાદીની ઓરત ઉમર વરસ ૧૭ તથા ખોજા શીદી કલ્યાણ ઉમર વર્ષ ૪૦ જાતે ખોજા, કસબ વેપાર, રહેનાર કસબે તળાજા.

દાવો, ઓરત કબજે લેવાનો.

હું વાદીની નમ્રતાથી અરજ એ છે જે—

૧ સદરહુ સંતોક મારી કાયદેસર રીતે પરણેતર ઓરત છે તેણી મારે ઘરે હતી. ગયા શીયાળામાં સંસાર રીત પ્રમાણે સંતોકને નંબર ૨ નો પ્રતિવાદી, (તેનો બાપ) મારે ઘરેથી આણું વળાવી, તેડી જવાથી સંતોક ગયેલી છે. ત્યાં ગયા પછી સદરહુ સંતોકને તેના બાપ નંબર ૨ ના પ્રતિવાદીની બદ સલાહથી ખરાબ ઇરાદો થયો; જેથી તે મારે ઘરે આવી નહિ અને પ્રતિવાદી સીદીએ રોકી રાખી. તેને તેડવા માટે હું તથા મારો બાપ એકથી વધારે વાર ગયા તથા કહ્યું, કહેવરાવ્યું; છતાં એ સંતોકને સીદીકે મોકલી નહિ તેમ તે પણ મારે તાબે થઇ નહી. એ સંતોક તેને પીયેર સીદી સાથે ગઇ; ત્યારે મારો નીચે લખેલો માલ લઇ ગએલ છે.

૮—૦—૦ ઠોળીયાં ૨ કરાવવા માટે
રૂ. ૮) આઠ રોકડા
૮—૦—૦ ઓઢણી ૧ રેશમી પીળી
૧૨—૦—૦ હાથમાં પહેરવાની હયેરી
રૂપાની પોકી લાખ ભરેલી
૩૦—૮—૦ કુલ

એ રીતેનાં દાગીના રોકડ તથા કપડાં પણ મારાં તેઓ લઇ ગએલ છે. સદરહુ સંતોકને બીજે ઘરઘાવી દેવાનો સીદીનો વીચાર છે અને સંતોક પણ બીજે ઘરઘાવું કરવા તૈયાર થએલી છે તેથી પ્રતિવાદી સીદી તેણીને મોકલતો નથી અને સંતોક પણ મારે સ્વાધીન થતી નથી. સીદી સંતોકનું લખણું કરી દેવા માટે ચોવટ કરાવે છે.

૨ આ દાવાનું કારણ આ કોર્ટની હકુમતમાં છેવટ પ્રતિવાદી સંતોકને મારે તાબે થવા, ગયા અસાડમાં કહ્યું તથા તેના બાપ નંબર ૨ ના પ્રતિવાદીને મારે કબજે કરવા જણાવ્યું, છતાં સંતોકે તાબે થવા ના કહી અને શીદીકે પણ કબજે નહીં સોંપતાં મોકલીશ એમ કહ્યું, તેથી તથ વારની તો યાદી નથી; પણ એ અસાડ માસમાં ઉત્પન થયું.

૩ માટે બાયડી કબજામાં લેવા સારૂ રૂ. ૫-૦-૦ ની આ અરજી ઉપર ટીકીટ ચોડી, આ દાવો કરી દાદ માગું છું કે, મારી સદરહુ ઓરત સંતોકને મારે કબજે સોંપાવી આ દાવાનું તમામ ખર્ચ પ્રતિવાદીની જાત મીલકત થી અપાવશો સં. ૧૯૫૭ ના બીજા શ્રાવણ શુદ ૯ વાર શુકર તા. ૨૩-૮-૧૯૦૧

૧ ખોજા છગન ભાણજીની સહી
૧ વા. વ. પરભુદાસ માવજી

હું વાદી ઇકરાર કરૂં છું કે ઉપર લખેલી હકીકત મારા જાણવા પ્રમાણે સાચી છે. તા. સદર

૧ ખોજા છગન ભાણજીની સહી

વાદીએ દાવાનું રાજીનામું આપ્યાથી, અરજી માંડી વાળી ફાઈલથી દુર કરી. તા. ૮-૨-૧૯૦૨

(સહી) મણીલાલ મનસુખરામ
ન્યાયાધિશ

મુ. કરીમ દાઉદ નુરાની

(૨)

નંબર ૨૫૭ સં. ૧૯૫૭

મગણે તળાજાની ડી. ન્યાયા. સા. ની કોર્ટમાં.

વાદી—ખોજા છગન ભાણજી રહેનાર તળાજા

વિરૂદ્ધ

પ્રતિ.—બાઇ સંતોક તે વાદીની ઓરત તથા ખોજા શીદી કલ્યાણ રહેનાર તળાજા

દાવો, ઓરત કબજે લેવા બાબત.

અમો પ્રતિવાદીઓ આ જવાબ આપું છું કે, તેના કારણો નીચે પ્રમાણે.

૧ હું પ્રતિવાદણ સગીર ઉમરની છતાં, મને લાયક ઉમરની લેખેલી છે તો મારો વાલી નીમ્યા સીવાય વાદી દાવો લાવી શકતો નથી.

૨ દાવા અરજીમાં રૂ. ૩૦-૮-૦ નો માલ લઇ ગયાનું લખેલું છે; તેનો યોગ્ય સ્ટાંપ ભરેલો નથી, તેથી દાવા અરજી કાયદા વિરૂદ્ધ છે.

૩ અમો સીદીએ સંતોકનું વેશવાળ કર્યું તે વખતે વાદીનો બાપ ભાણજી "દસોંદી" ધર્મ પાળતો; તે ધર્મ પ્રમાણે ચાલવું અને અમો પણ "દસોંદી" ધર્મ પાળનારા હોવાથી, અમો દસોંદી ધર્મની નાત ભેળી થઇ વેશવાળ કરી, સંતોકને પરણાવેલી છે.

૪ અમારી દસોંદી ધર્મની નાતના રીવાજ મુજબ આ વેશવાળ અને વીવાહ થતી વખતે, નાત વચ્ચે કરાર થએલો છે કે, વાદીનો બાપ તથા વાદી, જ્યાં સુધી દસોંદી ધર્મ પાળી વરતે, ત્યાં સુધી સંતોકે વાદીના ઘરમાં રહેવું અને આ વાદી વીગેરે દસોંદી ધર્મ મસીદીયા ધર્મમાં જાયતો, સંતોકનું પરણેતર રદ ગણવું એવો કરાર હોવાથી વાદી દાવો લાવવા હકદાર નથી.

૫ વાદી તથા તેનો બાપ હાલમાં આશરે ૧-૧॥ વર્ષથી "દસોંદી ધર્મ" છોડી "મસીદીયા" ધર્મમાં ભળી, ધર્મ ભ્રષ્ટ થએલો છે; કેમકે અસલ ધર્મ મુકી મસીદીયામાં જવાથી, હું નં. ૧ ની પ્રતિવાદીયણનો ચાલતો ધર્મ પળાય નહી, તેથી હું નાતના રિવાજ અને ધારા વિરૂદ્ધ કબજે થઇ શકતી નથી.

૬ હું નં. ૧ ની પ્રતિવાદણ મારે સાસરે હતી ખરી; પણ ગઇ સાલમાં વાદી તથા તેનો બાપ દીવાળુ કાઢી ચાલ્યા જવાથી, તેમને ખોરાકી દેવાની શકિત નહિ હોવાને લીધે, મને કાઢી મુકેલી છે. જેથી મારે પીયેર જઇ રહેલી છું અને હું મારે પીયેર કાઢી મુકવાથી ગયા બાદ તેઓ મસીદીયા ધર્મમાં ભ્રષ્ટ થએલા છે.

૭ દસોંદી ધર્મ, હું સંતોકે મારી હયાતિ સુધી પાળવાની મેં પ્રતિગ્ના કરેલી છે અને દસોંદી ધર્મમાં હિંદુના ધર્મ પ્રમાણે દારૂ, પર માટી, તમાકુ, વીગેરે ખરાબ ચીજનો ત્યાગ થએલો છે. અને ધર્મગુરૂ ધારેલા છે અને મસીદીયા ધર્મવાળાને તમામ પરમાટી વીગેરે ચીજો ખપે છે અને તેને ધર્મગુરૂ છેજ નહિ. તેથી નુગરા ગણાય છે માટે કરાર તોડી તથા ધર્મ છોડી હું જઇ શકતી નથી.

૮ મારો ધણી કેવળ બેભાન જેવો કાંઇ ધંધો રોજગાર કરી શકે તેવો બુદ્ધિવાળો નથી અને વખતે મારા ધર્મની અંદર આવવા કબુલ કરી, મારીભેગો રહે; તો પણ તે પોતાનું તેમજ મારૂં ગુજરાન કરી શકે તેવી તેની શક્તિ નથી; કેમકે તેનો બાપ ધંધો રોજગાર કરી ખવરાવે છે, વળી મેં કરેલી સુચના પ્રમાણે તે વરત્યો પણ નથી.

૯ વાદીની સગી ફઇ અમારા "દસોંદી" ધર્મમાં હતી. તેનો ધણી હયાત છતાં આ વાદીના બાપે મસીદીયા ધર્મમાં કળીયે આપેલી છે. વાદીની બે માશી જે કે દસોંદી ધર્મમાં આપેલી, તે ધણીયો હયાત છતાં, હાલમાં પોતાના ધર્મ પાળનારા મસીદીયાને આપી દીધેલી છે તે સીવાય નાતમાં ઘણા દાખલા તેવા બનેલા છે; તેથી નાત વિરૂદ્ધ કામ કરવાથી અમોને નાતનો તીરસ્કાર થાય; તેથી અમારા ધારા પ્રમાણે વાદી હવે મને કબજે માગવા હકદાર નથી.

૧૦ અમારા દસોંદી ધર્મ વિરૂદ્ધ, વાદી વીગેરે વર્તવાથી આગા સાહેબના ફરમાન પ્રમાણે છેડા છુટકો થઇ ગએલો છે; તેથી વાદી કબજે લેવાની દાદ કે ખર્ચ માગી શકતો નથી.

ઉપરના કારણો ધ્યાનમાં લઇ વાદીનો જુઠો દાવો, રદ કરી અમારૂં ખર્ચ વાદી પાંસેથી અપાવશો. તા. ૧-૧૦-૧૯૦૧

૧ બાઈ સંતોક તે સીદી કલ્યાણની
દીકરી તથા ખોજા શીદી કલ્યાણ
ની સહી દ. ખોજા સીદી કલ્યાણ

૧ પ્રતિ. વ. દેવજી હીરાચંદ

અમો વાદીઓ ઇકરાર કરીએ છીએ કે, ઉપરની હકીકત અમારા જાણવા પ્રમાણે સાચી છે. તા સદર

૧ બાઈ સંતોક તે સીદી કલ્યાણની
દીકરી તથા ખોજા શીદી કલ્યાણ
ની સહી દ. ખોજા શીદી કલ્યાણ

મુ. કરીમ દાઉદ નુરાની.

---

(૬)

નંબર ૨૫૭ સં. ૧૯૫૭

પ્રગણે તળાજાના મેo ન્યાયાધીશ
સાહેબની કોર્ટમાં.

વાદી—ખોજા છગન બાબુજી રહેનાર તલાજા

વિરૂદ્ધ

પ્રતિ.—બાઇ સંતોક તે હું વાદીની ઓરત તથા
ખોજા સીદી કલ્યાણ રે. તળાજા

દાવો, ઓરત કબજે લેવા બાબત

આ કામમાં અમો પક્ષકારો નીચે લખ્યા પંચના હાથથી ફેસલો લેવા ખુશી છઇએ, તે પંચના નામ.

૧ ખોજા નુરમામદ મેઘજી રે. તળાજા, ૧ ખોજા બાબુલા વાલજી રે. તગાજા, ૧ ખોજા હીરજી જેઠા રે. તળાજા, ૧ ખોજા કાનજી રામજી રે. તળાજા.

એ રીતે ઉપર લખ્યા પંચો અમારા મોઢાની હકીકત સાંભળીને તથા કામના કાગળો તપાસી, જે ઠરાવ કરશે તે અમારે કબુલ મંજુર છે તે ઉપર અમારે નારાજ થવું નહિ તેમ વાંધો તકરાર બતાવવું નહિ અને એ ઠરાવ આખરનો ગણી અપીલ કરવી નહી. તા. ૨૩–૧૧–૧૯૦૦

ખોજા છગન ભાણજીની સહી દ. પોતાના
ખોજા સીદી કલ્યાણની સહી દ. પોતાના
બાઈ સંતોક સીદીની સહી દ. સીદી કલ્યાણ

પ્રતિ. વ. દેવજી હીરાચંદની સહી
વા. વ. પ્રભુદાસ માવજી
મુ. કરીમ દાઉદ નુરાની સહી

(૪)

અગણે તળાજા ન્યાયાધીશ કોર્ટમાં
દીવાની કેસ નંબર ૨૫૭ સં. ૧૯૫૭

વાદી—ખોજા છગન ભાણજી રે. તળાજા
વિરૂદ્ધ
પ્રતિ.—બાઇ સંતોક તે હું વાદીની ઓરત તથા
ખોજા સીદી કલ્યાણ રે. તળાજા

ઓરત કબજે લેવા બાબત.

મોજે તળાજા મધ્યે
૧ ખોજા નુરમામદ મેઘજી
૧ ખોજા બાબુલ વાલજી
૧ ખોજા હીરજી જેઠા
૧ ખોજા કાનજી રામજી

ને માલુમ થાય જે, સદરહુ વાદી પ્રતિવાદીની ફરીયાદમાં પોતાની દરમ્યાનની તકરારી બાબતો તમારી લવાદી અને નીવેડા ઉપર સોંપવાને કબુલત થયા છે માટે તે પ્રમાણે આ લેખ ઉપરથી પક્ષકારોની દરમ્યાનની સદરહુ સઘળી તકરારો બાબતનો નીર્ણય કરવાને તમને પંચ નીમ્યા છે તથા સો પોતાનો ખર્ચ ક્યા પક્ષકારે આપવો એનો નીર્ણય કરવાનો તા. ૧૦-૧૨-૧૯૦૧ ના રોજ અથવા આ કોર્ટ બીજો જે દીવસ ઠરાવે, તે દિવસે કહે તે અગાઉ તમારો લખેલો નીવેડો આ કોર્ટને તમારે આપવો. સાક્ષીની જુબાની લેવાની અથવા જે દસ્તાવેજ જોવાની તમારી મરજી હોય તે સાક્ષી અથવા દસ્તાવેજ હાજર કરવા સારૂ સમન તમે માગશો, એટલે આ કોર્ટ કાઢશે, તે સાક્ષીને સોગન આપવા પ્રતિજ્ઞા આપવાને તમને અખત્યાર આપવામાં આવે છે.

આજ તા. ૨૩–૧૧–૧૯૦૧ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીકો કરી આપી.

(સહી) મણીલાલ મનસુખરાય
ન્યા.

૧ ખોજા હીરજી જેઠાની સહી દ. પોતાના
કારતક વદી ૧૦ વાર ગુરૂ
૧ ખોજા નુરમામદ મેઘજીની સહી
કારતક વદી ૧૦
૧ ખોજા બાબુલ વાલજીની સહી
દ. પોતે કારતક વદી ૧૦ વાર ગુરૂ

રીપોર્ટ

સદરહુ નોટીસમાં લખેલ આસામીઓ પૈકી કાનજી ભાવનગર ગએલ મળ્યો નહિ. બાકીના મળવાથી અસલ નોટીસ કાનજીની નકલ સહીત રજુ કરૂં છું. તા. ૧૦–૧૨–૧૯૦૧

પ્રાગજી દુલભજીની સહી
દ. પોતાના

જે માલુમ થાય જે આ કામની મુદત તા ૧૦-૧૨-૧૯૦૧ ની ઠરાવી છે માટે તે મુદતે દીવસના ૧૧ કલાકે હાજર થવું. તા. ૧૦-૧૨-૧૯૦૧

૧ ખોજા નુરમાહમદ મેઘજીની સહી
દ. પોતાના. માગસર સુદી ૭ બુધવાર
દીવસના ૨ વાગતે

૧ ખોજા બાબુલ વાલજીની સહી દ. પોતે
માગસર સુદ ૭ બુધવાર

૧ ખોજા હીરજી જેઠાની સહી દ. પોતાના
માગસર સુદી ૭ બુધે દીવસના ત્રણ વાગે

રીપોર્ટ.

સદરહુ નોટીસ ધારાસર બજાવી રજુ કરૂં છું. તા. ૧૮-૧૨-૧૯૦૧

પ્રાગજી દુર્લભજીની સહી દ. પોતાના
મુ કરીમ દાઉદ નુરાની

---

(૫)

નંબર ૨૫૭ સં. ૧૯૫૮

પ્રગણે તળાજાના ન્યાયાધીશ સા૦ ની કોર્ટમાં.

વાદી—ખોજા છગન ભાણજી રહેનાર તળાજા

વિરૂદ્ધ

પ્રતિ—બાઈ સંતોક, તે વાદીની ઓરત તથા ખોજા શીદી કલ્યાણ રહેનાર કસબે મજકુરના

દાવો, ઓરત કબજે લેવાનો.

હું વાદીની અરજ એ છે જે સદરહુ કામમાં અમો પક્ષકારોએ નાત મેળે સમાધાન કરી, મને રૂ. ૧૨૦ અંકે એકસો વીશ અપાવ્યા છે તેથી એ મારી ઓરત સંતોક ઉપર મારો ધણીપણાનો હવે હક રહ્યો નથી. હું પણ તેના ઉપરથી મારો ધણીપણાનો હક સદરહુ રૂપૈયા લીધાથી, રાજીખુશીથી છોડી દઉં છું. માટે આ મારૂં રાજીનામું મંજુર કરી દાવા અરજી ફાઇલથી દુર કરશો. તા. ૮-૨-૧૯૦૨

ખોજા છગન ભાણજીની સહી
દા પોતે

અરજ મંજુર. તા. ૮-૨-૧૯૦૨

(સહી) મણીલાલ મનસુખરામ
ન્યા.

મુ. કરીમ દાઉદ નુરાની

અમરેલી ખોજા કેસની નકલ

ફો. કી. વિ. નંબર $\frac{3}{13\text{-}14}$

શ્રીમંત સરકાર ગાયકવાડ વીગેરે અમરેલી પ્રાંત ફો. ન્યાયાધીશી.

વિવાદી—ખોજા નાનજી દાદુ, જાતે ખોજા, અટકે ખબર નથી. ઉમર વરસ ૬૦, ધંધો નોકરી, રહેવાશી આફ્રીકા બીસમાર્કબર્ગ હાલ આફ્રીકા જર્મન

પ્રતિવિવાદી—બાઇ ફાતમા વલીમામદ, જાતે ખોજા, અટકે રોમાણી, ઉમર વરસ ૨૧ ધંધો ઘરકામ, રહેવાશી અમરેલી.

તકરાર.

ફારગતી આપવાનો ઠરાવ રદ થવા બાબત.

હું વિવાદી વિવાદ કરૂં છું કે,

અમરેલી દામનગર ફો. ન્યા. વર્ગ ૧ એમણે ફો. કો. મુ. નં. ૨/૧૩-૧૪ ના કામમાં ફારગતી આપવાનો ઠરાવ તા. ૨૫-૧૦-૧૩ ના રોજ કરેલ છે તેથી નારાજ થઇ નીચેના કારણસર હાલનો વિવાદ કરૂં છું.

૧ અવલ કોર્ટનો ઠરાવ કાયદાના ધોરણથી વીરૂધ છે.

૨ હું અવલ કોર્ટની હકુમતમાં રહેતો નથી તેથી કાયદા પ્રમાણે અવલ કોર્ટને હાલની અરજ સાંભળવાનો કોઇ જાતનો અધીકાર નથી અને થએલ ઠરાવ હકુમત વિનાનો હોઇ કાયદા વિરૂદ્ધ છે.

૩ હું આફ્રીકામાં રહું છું અને ત્યાં ટપાલ પોહોચતાં બહુ વખત લાગે છે અને તેથી મારા ઉપર સમનસ બજીને પાછો આવવા જેટલી મુદત નાખ્યા વિના તેમજ સમન બજયાનું જાણ્યા વિના કામ ચલાવવામાં કાયદા વિરૂદ્ધ થએલ છે. ન્યુસ પેપરમાં પણ જે જાહેર ખબર આપેલ છે તે ટુંક મુદતની અને તેની મને ખબર પડેલ નથી તેમજ મારા ઉપર સમન્સ બજયાનો દાખલો આવતાં પહેલાં કામ ચલાવવા કાયદા વીરૂદ્ધ થએલ છે અને સમન્સ બજી કોર્ટમાં નીમેલી તારીખે હાજર થઈ શકું તેવી રીતની તારીખ પણ નાખેલ નથી.

૪ અરજદારે અરજમાં જણાવેલ હકીકત તદન ખોટી છે અને ફારગતી આપવા કશુ કારણ નથી.

૫ અરજદારના સાહેદો તદન ખોટી હકીકત કહે છે અને તે ઉપર ભરૂસો રાખવા ગેર થએલ છે.

૬ કામમાં રજુ થયેલ પુરાવાનો યોગ્ય વીચાર થયેલ નથી.

૭ આફ્રીકામાં કાગળ મળવા કેટલો વખત લાગે છે તે બાબતનું સોગનનામું આ સાથે રજુ રાખેલ છે.

ઉપરના કારણોથી તેમજ સુનાવણી વખતની હકીકત ધ્યાનમાં લઇ અવલ કોર્ટનો ઠરાવ રદ કરી આ વિવાદ મજુર કરશો. તારીખ ૨૪-૧૧-૧૩

(સહી) **નીમચંદ જેરામ**

આ અરજ ફોજદારી ક્રીરકોલ વિવાદ નોંધવહીમાં નોંધવી અને સુનાવણી માટે તા. નીમી રીતસર સુચના પત્ર કાઢવા તથા અવલ કામ મંગાવવાની તજવીજ કરવી. તા. ૨૪-૧૧-૧૩.

(ઇ. સ.) **દામુભાઈ ડાહ્યાભાઇ મહેતા**

અ. પ્રા. ન્યા.

ઠરાવ.

આ કામની હકીકત એવી છે કે પ્રતીવાદી મુળ અરજદારણ અમરેલીની રહેનાર બાઇ

હકીકત

ફાતમાએ વિવાદી મુળ સામાવાળો ખોજા નાનજી દાદુ જે હાલ આફ્રીકામાં છે ને તેની સાથે અરજદારણનો નીકા ૭-૮ વર્ષ ઉપર અમરેલીમાં થયો હતો તેનાથી છેડા છુટકો મળવા અમરેલી દામનગર ફોજદારી ન્યાયાધીશી વર્ગ ૧ રૂબરૂ અરજ કરી. અરજી ઉપરથી સામાવાળો કચ્છ તાબેના નાગલપુર ગામનો રહીસ હોવાનું જણાય છે. રા. રા. ચતુરભાઇ નાથાભાઇ પટેલે એક તરફી કામ ચલાવી અરજ મંજુર કરી તે ઠરાવ ઉપર સામાવાળાનો હાલનો વિવાદ છે.

તકરાર સાંભળી

૨ કામના કાગળ વાંચ્યા તથા ઉભય પક્ષના વકીલોની તકરાર સાંભળી લીધી.

નીર્ણય કરવાના પ્રશ્ન.

નીર્ણય કરવાના પ્રશ્ન હાલના કામમાં એ છે કે વિવાદીને આવ્હાન પત્ર રીતસર બજ્યા વગર અગર તેને હાજર થઈ જવાબ આપવાનો અવકાશ આપ્યા વગર કામ ચલાવવામાં ગેરવાજબી થયું છે કે કેમ ? હાલની અરજ અમરેલી દામનગર ફોજદારી ન્યાયધીશને સાંભળવા હકુમત છે કે નહી.

નિર્ણય.

૪ મારો નીર્ણય બેઉ પ્રશ્ન સબંધે વિવાદીના લાભમાં થાય છે.

નીર્ણયનાં કારણ

વિવાદી કચ્છ સ્ટેટના નાગલપુર ગામનો રહીશ છતાં હાલ આફ્રીકામાં છે એ વીશે વાદ નથી. અવલ ન્યાયાધીશીમાં તા. ૪-૮-૧૩ ના રોજ અરજ દાખલ થઇ અને તારીખ ૪-૧૦-૧૩ ની નીમવામાં આવી. આટલી મુદતમાં આફ્રીકામાં આવ્હાન પત્ર બજી આવી શકે તેમ નોહતું તેમજ બજીને પણ આવ્યું નહી, જેથી નં. ૩ ની અરજ પ્રતીવિવાદણ તરફે કરવામાં આવી અને દી. કા. ચ. ની રીતના નિબંધની કલમ ૧૦૦ પ્રમાણે કામ ચલાવવા પરવાનગી મળવા અગર જાહેર છાપ માં સુચનાપત્ર છપાવવા માગણી કરવામાં અવી. તે પૈકી છેલી માગણી મંજુર કરી નં. ૮ નું જાહેરનામું તા. ૨૫-૧૦-૧૩ ને રોજ હાજર થવાનું તાં. ૧૨-૧૦-૧૩ ના ગુજરાતી પેપરમાં પ્રસીદ્ધ કરવામાં આવ્યું ને તે દહાડે કામ ચલાવી નીકાલ કરવામાં આવ્યો. રા. નીમચંદની વાજબી તકરાર છે કે દી. કા. ચ. ની રીતનો નીબંધ છેડા છુટકા સબંધી કામ ફોજદારી ન્યાયાધીશીથી ચલાવે ત્યારે લાગુ પાડી શકાય નહીં વળી જાહેર છાપામાં જાહેર ખબર છાપવાનો ક. ૧૦૦ પ્રમાણે પણ અખીકાર નથી અને હોય તો પણ મુંબઇમાં તા. ૧૨-૧૦-૧૩ ને રોજ છપાએલી જાહેર ખબર તા. ૨૫-૧૦-૧૩ ને રોજ વિવાદી અમરેલીમાં હાજર થાય એવી રીતે પહોંચવાનો સંભવ નોકતો. ફોજદારી ન્યાયાધીશ આવું કામ ચલાવે ત્યારે દિ. કા. ચ ના રીતનો નીબંધ લાગુ નથી ને તે લાગુ હોય એમ ઘડીભર માનીએ તોપણ એ સબંધમાં દેશાઇ કૃત ક્રીમીનલ ડાઇજેસ્ટ વો. ૨ કોલમ ૨૦૪૩ ઉપરના અનુક્રમ નંબર ૪ પાના 4 L. B. R. 195 ને આધારે બતાવ્યું છે કે. " A mere abvertisement in a newspaper of a petition for dissolution is not sufficient to bring the fact of the petition home to the respondents is in the absence of proof that endeavours were made to serve the respondent personally. ફોજદારી ન્યાયાધીશીને અન વસ્ત્ર સંબંધે, છેડા છુટકા સબંધે, નાત્રા સંબંધે જે હકુમત આપવામાં આવી છે તેથી તે સબંધમાં દિવાની ન્યાયાધીશીની હકુમતને બાધ આવતો નથી અને તેથી ફોજદારી કામ ચલાવવાની રીતના નિબંધ મુજબ કામ ચલાવવું જોઇએ. બ્રીટીશ રાજ્યના ક્રી. પ્રો. કો. ક. ૪૪૮ અન વસ્ત્ર સબંધે તે નીચે સ્ટાકસ કૃત ટીકાવાળીમાં લખ્યું છે કે, Aproceeding under this section is a criminal case within the meaning of section 528 infia 25 B. 179, 28 C. 709 તેમજ N. Y. C. Pro. Code ક. ૯૧૪-૯૨૬ treats the subjects as a special proceeding of a Criminal nature. એવું સ્ટોકસ એંગ્લો ક્રીમીનલ કોડઝ વો. ૨ પૃ. ૨૯ ઉપર ઉપોદ્ઘાતમાં દર્શાવેલું છે. આ રીતે આ રાજ્યના ફોજદારી કાયદામાં ફોજદારી ન્યાયાધીશીઓને ઉપલી બાબતો વિષે જે હકુમત આપવામાં આવી છે તે સબંધે ફોજદારી કામ ચલાવવાની રીતનો નિબંધ લાગુ પાડવો જોઇએ ને તે ધોરણે વિવાદીની હાજરીમાં કામ ચલાવવું જોઇએ. અન વસ્ત્ર સબંધી કામ એકતરફી ચલાવવું ગેરકાયદે ઠરાવવામાં આવ્યું છે. ofj 10I સોહોની કૃત

ક્રી પ્રો. કો. પૃ. ૧૦૦૭ ટીકા ૧૩ . આ રીતે જોતાં અવલ ન્યાયાધીશીએ વિવાદીને આવ્હાન પત્ર પહોંચ્યે અને તે હાજર થઇ જવાબ આપી શકે તેવી તક આપ્યા શીવાય એકતરફી કામ ચલાવવું તે ગેરકાયદે છે ને તેથી અવલ ઠરાવ રદ થવાને પાત્ર છે.

૬ બીજો પ્રશ્ન હકુમત સબંધી છે. ઉપર બતાવ્યા મુજબ જ્યારે

બીજા પ્રશ્નના ની છેડા છુટકા સબંધી અન **ર્ણયના કારણ.** વસ્ત્ર સબંધી કામ ફોજદારી ન્યાયાધીશી ચલાવે ત્યારે ફોજદારી સ્વરૂપનું હોવાથી અને સામા વાળો અવલ ન્યાયાધીશી હકુમતમાં રહેતો ન હોવાથી હાલનું કામ ચલાવવા અવલ ન્યાયાધીશીને હકુમત નથી એવો મારો ઠરાવ થાય છે. અન વસ્ત્ર સબંધી કામ ફોજદારી રાહે ચલાવવામાં આવે ત્યારે પણ આજ ધોરણ લાગુ પાડવામાં આવ્યું છે તેવે પ્રસંગે ધણી રહેતો હોય તે સ્થળે અનવસ્ત્રની અરજ થઇ શકે. સ્ત્રીને ન્યાયાધીશી પસંદ કરવાનો હક્ક નથી. સોહોનીકૃત ક્રી. પ્રો. કો. પૃ. ૧૦૦૫ ટીકા ૫ મી છેડો છુટકો આપવા સબંધી જે સરક્યુલર થએલો છે તેનો તથા ઠરાવ અંક ૮૭ નો ઉદેશ પણ આવોજ જણાય છે. પરરાજ્યમાં રહેનાર ધણી પાસેથી છેડો છુટકો મેળવવાની અરજ આ રાજ્યના ફોજદારી ન્યાયાધીશને ચલાવવાનો અધીકાર આપવાનો હેતુ તે ઉપરથી જણાતો નથી. આવા કામમાં ફોજદારી કાયદા મુજબ તપાસણી અરજ પણ થઇ શકે છે, ફોજદારી ન્યાયાધીશીને પોતાની હકુમતની સ્થાનીક સ્થળ સીમામાં રહેતા પક્ષકારો ઉપરજ હકુમત છે પોતાની હકુમત બહારના શખસ ઉપર સાધારણ રીતે તેની હકુમત નથી. રા. ચત્રભુજની તકરાર છે કે હાલના કામને દીવાની સ્વરૂપનું ગણી. દિ. કા. ચ. ની રીતનો નીબંધ લાગુ પડવો જોઇએ તે હું માન્ય કરી શકતો નથી આ રાજ્યમાં છેડા છુટકા સબંધમાં સ્ત્રીને બે ઇલાજ આપેલા છે તે પૈકી દીવાની ન્યાયાધીશીમાં સ્ત્રી છેડા છુટકો મળવા અરજ કરે ત્યારે દીવાની કા. ચ. ની રીતનો નિબંધ કઈ ન્યાયાધીશીમાં ફરીયાદ કરવી તે સબંધે લાગુ પડે પણ ફોજદારી ન્યાયાધીશીમાં તેવી અરજ થાય ત્યારે ફો. કા. ચ. ની રીતનો નિબંધ લાગુ થઇ શકે આ પ્રમાણે મારો અભીપ્રાય હોવાથી અને વિવાદી અમરેલી દામનગર ફોજદારી ન્યાયાધીશીની હકુમતમાં કે આ રાજ્યની હદમાં રહેતો ન હોવાથી અવલ નીયાયાધીશીને આ કામ ચલાવવા હકુમત નથી અને તેથી હાલની અરજ રદ થવી જોઇએ એમ ઠરાવુંછું.

૭ દરસાવેલા કારણોને લીધે વિવાદીનો

હુકમ. વિવાદ બાહાલ કરી અવલ ઠરાવ હું રદ કરૂં છું અને પ્રતીવાદીની અરજ પણ રદ કરૂં છું. તા. ૨૪ ડીસેમ્બર સને ૧૯૧૩

(દ. સહી) **દામુભાઇ ડાહ્યાભાઇ મહેતા**
અમરેલી પ્રાંત ફોજદારી ન્યાયાધીશી

ઠરાવ ખુલી ન્યાયાધીશીમાં વાંચી સંભળાવ્યો છે. તા. ૨૪-૧૨-૧૩

(દ. સ.) **દા. ડા. મહેતા**
અ. પ્રા. ફો. ન્યા.

અસલબર નકલ રૂ. લેનાર
રૂ. ધા. મહેતા
કા.

ખરી નકલ
દામોદર રૂપશી
ન્યા. અમલદાર

realpatidar.com

ખોજા કેસનાં પુસ્તકો

આગાખાન કેસનો ફેસલો—

મુંબઈના સુન્ની બારભાયા ખોજાઓએ આગા હસનઅલી તથા તેમની જમાતના આગેવાનોપર મુંબઇ હાઇકોર્ટમાં ઇ. સ. ૧૮૬૬ માં જે મોટો કેસ ચાલેલો તેનો સર જોસફ આર્નોલ્ડે આપેલો ફેસલો. કીમત આઠ આના

રહેમતુલ્લા ઈસ્માઈલ ત્રીજોરીવાળાનો કેસ

મુંબઈની આગાખાની જમાતવાળા રહેમતુલા ઈસમાઈલ તીજોરીવાળા ઉપર ત્યાંની ઇસમાઇલીઆ કાઉન્સીલની અરજી ઉપરથી પોલિસે માંડેલા કેસનો પહેલેથી તે છેલ્લે સુધીનો હેવાલ ત્રણ ભાગમાં કી. નવ આના

નુરે હીદાયત—

જામનગરની ઇસમાઇલી ખોજી કાનબાઈ તે જેઠા ધનજીની દીકરીએ પોતાના ઇસનાઅશરી ધણી ઇસમાલ જસા ઉપર માંડેલા કેસનો હજુર કોર્ટે આપેલો ફેસલો બીજી અનેક કોમી બાબતો સહિત કી. પાંચ રૂપીઆ.

નુરબાઈનો કેસ—

રાણાવાવના ખોજા કાસમ કાનજી ઇસનાઅશરી જમાતમાં દાખલ થતાં ઇસમાઇલીઆ કાઉન્સીલોએ તેની ઓરત નુરબાઇના કાસમે ધર્મ બદલ્યો માટે છુટા છેડા કરી આપ્યા તે માટે કાસમે જુનાગઢની દીવાની અદાલતમાં કેસ માંડી તેણીને કબજે લેવા હુકમ મેળવ્યો તેની સઘળી સાક્ષીઓ સાથેની વિગત. ખોજાની ઇસલામ વિરૂદ્ધની સાક્ષીઓ વકીલોના ભાષણો વીગેરે કુલ્લે ચાર ભાગમાં. કી. દોઢ રૂપીઓ.

ખોજા સર્વ સંગ્રહ—

ખોજા કોમને લગતી સઘળી શાહરસ્મો ક્રીયા વીગેરે સાથે અમરેલીના કાજી કેસનો ખોજા જમાત ઉપરનો ફેસલો, તથા જંગબાર સમાચારના અધિપતિ ફાજલ જાનમાહમદ માસ્તર ઉપર જંગબારની ઇસમાઇલીઆ કાઉન્સીલે માંડેલા કેસનો જડજ મ્યુરિસને આપેલો લંબાણ ફેસલો. કીમત રૂ. ૧) પો. ચાર આના

લખો—" નુરે હીદાયત " ઓફીસ. અમરેલી–કાઠીયાવાડ.

નુરે હિદાયત

" નુરે હીદાયત " નામનું માસિક ચોપાન્યું આજ ત્રણ વર્ષ થયા ઘણી આબો તાબ સાથે દર અંગ્રેજી મહિનાની પેહલી તારીખે બહાર પડે છે જેમાં ઇસલામની ખરી ખુબીઓ બતાવી બેદીનીની સખ્ત ઝાટકણી કાઢવામાં આવે છે ઉપરાંત સાંસારિક કેળવણી વારેના ઉમદા લેખો આપી કોમને આમળ વધારવાને ઉશકેરવામાં આવે છે ખોજાઓ તથા મોમિન કોમની દીની તથા દુન્યવી સુધારવા માટે ખાસ ધ્યાન આપવામાં આવે છે રોયલ આઠ પેજી ચાર ફાર્મનું છતાં લવાજમ માત્ર રૂ. ૧॥ પોસ્ટેજ સાથે, શ્રીમંતો પાસેથી રૂ. ૫) પહેલા તથા બીજા વર્ષની પાકી બાઇન્ડીંગની ફાઇલોના દરેકના રૂ. ૫) પોસ્ટેજ ચાર ચાર આના.

એ. લીજી ધનજી કામા.

એડીટર નુરે હીદાયત અમરેલી—કાઠીયાવાડ.

